ISSN 2454-7697


RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

## વિશેષાંક : 'ગુરુદૃષ્ટિએ ગ્રંથ-ભાવન'

YEAR : 6 • ISSUE : 1 • APRIL 2018 • PAGES 124 • PRICE 30/-

ગુજરાતી-અંગ્રેજી વર્ષ - ૬ (કુલ વર્ષ ૬૬) અંક-૧ • એપ્રિલ ૨૦૧૮ • પાનાં - ૧૨૪ • કિંમત રૂા. ૩૦/-



## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | તંત્રી સ્થાનેથી | ડૉ. સેજલ શાહ | ૩ |
| ૨. | આ અંકના વિદ્વાન સંપાદકો | ડૉ. સેજલ શાહ | ૬ |
| ૩. | સંપાદકીય | હર્ષવદન ત્રિવેદી | ૮ |
| ૪. | સહ સંપાદન યાત્રા | ડૉ પાર્વતીબેન ખીરાણી | ૧૦ |
| ૫. | ગ્રંથગૌરવ | ડૉ પાર્વતીબેન ખીરાણી | ૧૧ |
| ૬. | શાસ્ત્રાભ્યાસની સાચી રીત | લેખક વૈરાગ્યરતિવિજયજી મહારાજ સાહેબ | ૧૩ |
| ૭. | શાસ્ત્રપાઠ શુદ્ધિ અંગે શ્રમણ-સંઘનું કર્તવ્ય :૧ | લેખક વૈરાગ્યરતિવિજયજી મહારાજ સાહેબ | ૧૫ |
| ૮. | શાસ્ત્ર-પાઠ શુદ્ધિ અંગે શ્રમણ-સંઘનું કર્તવ્ય : ૨ | લેખક વૈરાગ્યરતિવિજયજી મહારાજ સાહેબ | ૧૭ |
| ૯. | स्थानांग सूत्र : एक परिचय | साध्वी निर्वाणश्री | ૧૯ |
| ૧૦. | ભગવતી સૂત્રમાં સ્યાદ્‌વાદ શૈલી - એક વિશ્લેષણ | મુનિશ્રી જિનાંશચંદ્રજી સ્વામી | ૨૧ |
| ૧૧. | स्तौमि भद्रंकरं गुरुम् | પંન્યાસ વજ્રસેનવિજય અને આચાર્ય હેમપ્રભસૂરિજી<br>શબ્દાંકન : ભારતીબેન દીપકભાઈ મહેતા | ૨૮ |
| ૧૨. | શ્રી ઉવવાઈ સૂત્ર | શ્રી સુવાસિનીજી મહારાજ સાહેબ | ૩૧ |
| ૧૩. | પ્રજ્ઞાપનાસૂત્ર એક પરિચય | મુનિશ્રી જિનાંશચંદ્રજી સ્વામી | ૩૫ |
| ૧૪. | શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનો ૩૬ અધ્યયનનો સંક્ષિપ્ત પરિચય | સાધ્વી મહિમાકુમારીજી | ૪૧ |
| ૧૫. | આગમ મંદિરે શોભતું શિખર : શ્રીમદ્ નંદિસૂત્ર | આચાર્ય અજિતશેખરસૂરિ મહારાજ | ૪૯ |
| ૧૬. | આગમ ચૂડામણી શ્રી અનુયોગ દ્વાર સૂત્ર | ડૉ. સાધ્વી આરતી | ૫૧ |
| ૧૭. | અનેકાંત જયપતાકા અને તેની સ્વોપજ્ઞવૃત્તિ | મુનિશ્રી અજિતચંદ્ર સાગરજી મ.સા. | ૫૯ |
| ૧૮. | યોગદ્રષ્ટિ સમુચ્ચય - સટીક : ધ્યાનાર્હ સંશોધન - સંપાદન | મુનિશ્રી ત્રૈલોક્યમંડનવિજયજી | ૬૨ |
| ૧૯. | શાન્તિનું રસગાન અને રસપાન (શાન્તસુધારસ - સંપુટ સંદર્ભે) | આચાર્યશ્રી વિજયશીલચંદ્રસૂરિ | ૬૬ |
| ૨૦. | ન્યાયાચાર્ય ન્યાયવિશારદ મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયવાચક વિરચિત સ્વોપત્ર વૃત્તિયુત શ્રી 'પ્રતિમાશતક' મહાગ્રંથ | આચાર્ય શ્રી વિજય અજિતશેખરસૂરીશ્વરજી | ૭૦ |
| ૨૧. | તત્ત્વાર્થ સૂત્ર - અભિનવ ટીકા :- મુનિ દીપરત્ન સાગરજી | પ.પૂ. આગમચંદ્રજી મુનિ | ૭૫ |
| ૨૨. | જ્ઞાનસારનું વિહંગાવલોકન | મુનિશ્રી જિનાંશચંદ્રજી સ્વામી | ૮૧ |
| ૨૩. | તત્ત્વાર્થસૂત્ર એટલે 'અર્હત્પ્રવચન સંગ્રહ' | ડૉ. સાધ્વી સોનલબાઈ મહાસતીજી | ૮૫ |
| ૨૪. | જ્ઞાન - દર્શન - મીમાંસા | પ્રવર્તક મુનિશ્રી મૃગેન્દ્ર વિજય મ. | ૮૭ |
| ૨૫. | અધ્યાત્મ રસ ઝરતી - દેવચંદ્ર ચોવીશી | પંન્યાસ ડૉ. અરૂણવિજય મહારાજ | ૮૯ |
| ૨૬. | વાર્તા ''શાસ્ત્રવાર્તાસમુચ્ચય''ની | પૂ. આ. વિ. રાજહંસસૂરિજી | ૯૯ |
| ૨૭. | હેમચન્દ્રસૂરિનું ધાતુપારાયણમ્ | મુનીચંદ્ર મહારાજ સાહેબ | ૧૦૬ |
| ૨૮. | વ્યાકરણના અધ્યયનની પરિપાટી વિકસિત કરવાના પ્રયાસ | મુનિશ્રી ત્રૈલોક્યમંડન વિજય | ૧૦૭ |
| ૨૯. | ભુતાન પ્રવાસના સંસ્મરણો : ૭ | કિશોરસિંહ સોલંકી | ૧૧૨ |
| ૩૦ | સલાહશિખામણ ઉપદેશ | રમણ સોની | ૧૧૩ |
| ૩૧. | ઉપનિષદમાં મહાસંહિતાવિદ્યા | ડૉ. નરેશ વેદ | ૧૧૫ |
| ૩૨. | ભાવ-પ્રતિભાવ | | ૧૧૭ |
| ૩૩. | JAINISM THROUGH AGES | Dr. Kamini Gogri | ૧૧૮ |
| ૩૪. | જો હોય મારો અંતિમ પત્ર તો... | આચાર્ય વિજયશીલચન્દ્રસૂરિ | ૧૨૪ |

# પ્રબુદ્ધ જીવન

(પ્રારંભ સન ૧૯૨૯ થી)

વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-

વિક્રમ સંવત ૨૦૭૪ • વીર સંવત ૨૫૪૪ • ચૈત્ર વદ -૧૫

**એપ્રિલ ૨૦૧૮ : 'ગુરુદૃષ્ટિએ ગ્રંથ-ભાવન'**

**આ વિશેષ અંકના વિદ્વાન સંપાદકો : શ્રી હર્ષવદન ત્રિવેદી અને ડૉ. પાર્વતી નેણશી વિજપાર ખીરાણી**

**માનદ્ તંત્રી : ડૉ. સેજલ શાહ**


## તંત્રી સ્થાનેથી...

મનુષ્યના જીવનનું અંતિમ લક્ષ્ય શું છે, મોક્ષ!

મોક્ષ/નિર્વાણ, એ શું છે? પ્રાપ્તિનો અંતિમ તબક્કો કયો? મુક્તિ!

પોતાના જડ આગ્રહોથી મુક્તિ, ગમા-અણગમાથી મુક્તિ, અભાવના સ્વભાવને દુર કરવો, સમજણના માર્ગે વિહરવું, સ્થિરતા મેળવવી, જ્ઞાનનું તીવ્ર મનન કેળવી, જાતને વધુને વધુ સંકેલવી. એક તરફ ધાર્મિક/અધ્યાત્મિક/સાહિત્યિક જ્ઞાન સમૃદ્ધિથી આંતર સમૃદ્ધિ કેળવવી અને બીજી તરફ જ્ઞાનએ જ મુક્તિનું સાધન બને એ પણ જોવું.

સમ્યક-દર્શન, સમ્યક-જ્ઞાન અને સમ્યક-ચરિત્રનો માર્ગ જે રસ્તે સ્પષ્ટ બને છે તે માર્ગને ઓળખો, સમજવો અને ત્યાં સ્થિર થવું. સતત મનન-ચિંતન કરવું પણ એનો આધાર શાસ્ત્ર હોય, ત્યારે વ્યાખ્યાતીત કરવું સરળ બને છે. જે મનુષ્યને આંતરિક શક્તિ અને સહજતા આપે છે. જૈન સાહિત્ય/શાસ્ત્રના અખૂટ ભંડારો આજે ઉકેલવાની, મનુષ્ય સુધી પહોંચાડવાની, એના પરના આવરણો દુર કરી એના કેન્દ્રમાં સ્થિર થવાની આવશ્યકતા છે. શાસ્ત્ર મોટેભાગે સહજ નથી હોતા કારણ ભાષા અને સંકુલતાને કારણે એ સામાન્ય પ્રજાને નથી સમજાતા. જ્યારે બીજી તરફ આજે યુવાનોને એમાં રસ નથી રહ્યો. એક તરફ જૈન ધર્મ માત્ર બાહ્ય આડંબરમાં પોતાનો ચહેરો સ્થાપિત કરી રહ્યો છે ત્યારે આ ગ્રંથો દ્વારા તેના તત્વ/સાહિત્યના ઊંડાણને પ્રજા સુધી પહોચાડવું છે. આ ગ્રંથો માત્ર ધર્મના છે એમ કહી અવગણી પણ ન શકાય અને પરંતુ એમાં જે મૂળ તત્વ છે તે તત્વને આચાર્યોએ ઉજાગર કરી આપ્યું છે. તેને સમજવાના માર્ગનું આ પહેલું પગથિયું છે.


આ અંકના સૌજન્યદાતા

**શ્રીમતિ ઈન્દિરા ટી. પટેલ**

(વાંકાનેર) તથા તેમના

કુટુંબીજનો તરફથી

**સ્વ. શ્રી ત્રિલોકચંદ્ર ડી. પટેલના**

સ્મરણાર્થે


પોથિયો માત્ર પઢીને પંડિત નથી થવાતું પરંતુ પોથીઓને સમજવાથી, પામવાથી વીતરાગનો માર્ગ સ્પષ્ટ બને છે. આજે પરિસ્થિતિ અધૂરા ઘડા સમાન છે, છલકાય છે વધુ અને પાત્રમાં ઓછું છે. જ્યારે પૂરું ભરાયેલું હોય ત્યારે શાંત, સ્થિર હોય, જૈન આચાર્યોએ આ ગ્રંથોને સમજીને, જાણ્યા છે પણ પ્રજાની તરસની ઓછપને કારણે તેઓ મૌન રહે છે. તેમનો સંયમિત સ્વભાવ મર્મને સમજે છે. તેથી જ વિચાર્યું કે તપસ્વી-ભગવંત પાસે જ આ શાસ્ત્રોના મર્મને સમજીએ. આટલું સમૃદ્ધ સાહિત્ય સહુ સુધી પહોંચાડવાનો એક નમ્ર પ્રયત્ન કરીએ.

'જૈન ધર્મ' ગ્રંથ પર આધારિત ધર્મ નથી, તીર્થંકરે સ્વયં કોઈ ગ્રંથની રચના નહોતી કરી પરંતુ એમના શબ્દોને ગણધરો, પ્રમુખ શિષ્યોએ શબ્દસ્થ કર્યા, જે મૂળ પ્રાકૃત અને માગધી ભાષામાં હતાં. આ ઉપરાંત ૧૪ પુર્વોનો પણ ઉલ્લેખ મળે છે. જૈન ધર્મ ગ્રંથમાં સૌથી જૂનામાં જુનો ગ્રંથ આગમને મનાય છે અને એનું વર્ગીકરણ ચારભાગમાં કરાયું છે, પ્રથમાનુયોગ, કરનાનુયોગ, ચરર્નાનુયોગ, દ્રવ્યાનુયોગ.

ચાર મૂળસુત્રમાં ઉત્તરાધ્યન, આવશ્યક, દશવૈકાલિક અને પીંડનિર્યુક્તિના નામ છે. જ્યારે સ્વતંત્ર ગ્રંથમાં અનુયોગ દ્વાર


• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬

• ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોશી • શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બેન્ક A/c. No. 0039201 000 20260, બેન્ક ઓફ ઇન્ડિયા IFSC:BKID0000039

• Website : www.mumbai-jainyuvaksangh.com email : shrimjys@gmail.com Web Editor : Hitesh Mayani-9820347990

અને નન્દી દ્વાર છે. આ ઉપરાંત પુરાણોમાં ૬૩ શલાકા પુરુષોનું વર્ણન આવે છે. ભગવાનના નિર્વાણ પછી ત્રણ પાટ સુધી કૈવલ્ય જ્ઞાની ભગવંતો હતાં. પછી શ્રુત કેવળી અને ત્યાર પછી દેવર્ધીગણી સુધીનું જ્ઞાન હતું. પરંતુ એ ગ્રંથો ઉપલબ્ધ નથી.

ગ્રંથોમાં જૈન તત્વની મૂળ વિચારણા જોવા મળે છે. અહીં લેખોમાં આચાર્યોઓએ આની સમજુતી આપી છે.

એક વિશાલ સમુદ્રમાંથી મરજીવો મોતી કાઢવાનો સતત પ્રયત્ન કરે ત્યારે દરેક વખતે સફળ થાય તેવું જરૂરી નથી એમ ૨૨ મહિના પછી આ સફળતા મળે છે. અનેકોનેક ગ્રંથોને અભ્યાસુ સામે મૂકી આપવાની ઈચ્છામાંથી કેટલાક મહત્વના ગ્રંથો મૂકી શકાયા તે પણ ઘણું!

નિયમસાર, રયણસાર, પંચાસ્તિકાય, સમયસાર જેવા અનેક ગ્રંથોને સમજવાનું રહે, તત્વાર્થસૂત્ર દ્વારા જૈન દર્શનની બારી ખોલવાનું ગમે, દર્શન અને ન્યાયશાસ્ત્રમાં સમન્તભદ્ર અને સિદ્ધ સેનની રચના ઉલ્લેખનીય છે. આપ્તમીમાંસામાં સ્યાદવાદનું સુંદર વિવેચન કરવામાં આવ્યું છે. પુરાણ સાહિત્યમાં મહાપુરાણ, હરિવંશપુરાણ, પદ્મપુરાણ વગેરે ગ્રંથો છે. જૈન પુરાણોમાં ૬૩ શલાકા પુરુષોનું ચરિત્ર છે. એ જ રીતે જૈન ધર્મનું કથાસાહિત્ય પણ ખૂબ જ વિશાળ છે. આચાર્ય હરિષેણનો કથાકોશ બહુજ પ્રાચીન છે. ચમ્પુકાવ્ય અને ગદ્યગ્રંથોની સંખ્યા વિશેષ છે. દાર્શનિક સ્તવન અને નીતિપૂર્ણ કાવ્ય પણ છે. આ ઉપરાંત જ્યોતિષ, આયુર્વેદ, વ્યાકરણ, કોશ, છંદ, અલંકાર, ગણિત, રાજનીતિ વગેરે વિષયો પર પણ ગ્રંથો મળે છે. વ્યાકરણમાં પૂજ્યપાદ દેવનંદીનું જૈનેન્દ્ર વ્યાકરણ શાકરાયનનું વ્યાકરણ પણ છે. ધનંજય નામમાલા અને વિશ્વલોચન કોશ, અલંકાર ચિંતામણી, મહાવીર ગણિતસાર, નીતિવાક્યમૃત વગેરે જેવા અનેક ગ્રંથો આજે આપણી પાસે ઉપલબ્ધ હોવા છતાં માહિતીના અભાવે ગ્રંથાલયના ઘોડા પર છે, જેનો અનુવાદ કરવાની અને પ્રજાના વર્ગ પાસે મૂકવાની આવશ્યકતા છે.

તમિલભાષા સાહિત્યનો પ્રભાવ જૈન સાહિત્ય પર પડ્યો છે. 'કુલર' અને 'નાલદિયાર' એ જૈન આચાર્યની કૃતિઓ છે. આવી અનેક કૃતિઓ પર ટીકાકાર્ય કરી આચાર્યોએ પ્રજા માટે સમજાવ્યું છે. જૈન પરંપરામાં આ ટીકાકાર્યનું આગવું મહત્વ છે. તેને કારણે અનુવાદ અને સમજૂતીનું કાર્ય થયું અને પ્રજા માટે એ સાહિત્ય ઉપલબ્ધ પણ થયું છે. આ કાર્ય અનેક સંશોધકો, અભ્યાસુઓને ઉપયોગી બનશે. ધર્મના ગ્રંથો, શાસ્ત્રોનો ઉઘાડ આપે આ જરૂરી છે, એમાં માત્ર અભિભૂત થઈને રાગ-પ્રેમનો ભાવ ના ચાલે. એની તાર્કિકતા ઉઘાડવી આવશ્યક છે. જેને કારણે પ્રજાનો રસ અને ગ્રંથની ઉપયોગીતા સિદ્ધ થાય છે. માત્ર ગ્રંથોના નામની સુચિ બનાવવા બેસીએ ત્યારે જ ખ્યાલ આવે કે પરંપરાની કેટલી બધી વસ્તુ આપણે ચૂકી ગયા છીએ. જે મોક્ષ/નિર્વાણ માર્ગ સાથે જ્ઞાનનું આગવું મહત્વ અને સમજની સ્થિરતા પણ એટલી જ આવશ્યક છે, જીવનના વ્યવહારને લગતી બધી જ બાબતોનો આમાં સમાવેશ થયેલો જ છે. ધર્મની વ્યાપક વિચારણા અહીં જોવા મળે છે. આજે આ ગ્રંથોનો પરિચય આચાર્યોની કલમે પ્રાપ્ત થયો છે, ભવિષ્યમાં અભ્યાસુઓની કલમે પણ આવો એક વિશેષાંક કરવાની ભાવના છે, જેમાં બીજા કેટલાક ગ્રંથોનું આચમન રજુ કરીશું.

આપણે એ વાત સમજી લેવી જોઈએ કે જૈન ધર્મ ગ્રંથોને ધાર્મિક-વ્યવહારતા વાડામાં ન પૂરવા જોઈએ. એમાં અનેક વિષયોનો ઉઘાડ રહેલો હોય છે. આજે આપણે ઉદાર અભિગમ કેળવીને એને સમજવાના ઉપક્રમ રચીએ તો જુદું જ ચિત્ર સર્જાય.

જૈન આચાર્યોને પોતાના જીવનનો મોટો ભાગ સર્વજનહિતકારક સાહિત્યની રચનામાં વ્યતીત કર્યો છે. જૈન ધર્મ એવા અનેક પ્રકાંડ આચાર્યો થઈ ગયા જેઓ પ્રબળ તાર્કિક, કવિ, દાર્શનિક અને વૈયાકારક હતાં. એમને દર્શન, ન્યાય, વ્યાકરણ, કાવ્ય, નાટક, શિલ્પ, મંત્ર, તંત્ર, વાસ્તુ. જ્યોતિષવિદ્યા, વગેરે પર લેખન-મનન કર્યું છે. આમાનું ઘણું સાહિત્ય સલામત નથી રહ્યું તો કેટલુંક હસ્તપ્રતોમાં જળવાયું છે, પરંતુ ભાષાને કારણે પણ સામાન્ય પ્રજા સુધી નથી પહોચ્યું. આપણે જાણીએ છીએ કે ભગવાન મહાવીરના ગણધર ગૌતમ સ્વામી હતાં. એમનું મૂળ નામ ઈન્દ્રભૂતિ હતું, વેદ-વેદાંતમાં પારંગત હતાં. પ્રભુના ઉપદેશમાંથી દ્વાવદશાંગની રચના થઈ જેમાં ૧૨ અંગ અને ૧૪ પૂર્વ છે, જેને શ્રુત કેવળી કહેવાય છે. પ્રત્યક્ષ જ્ઞાનીમાં કેવળી અને પરોક્ષજ્ઞાનીમાં શ્રુતકેવળીનું મહત્વ છે. કેવળીજ્ઞાની સમસ્ત જગતને જાણે છે, જ્યારે શ્રુત કેવળી શાસ્ત્રના પ્રત્યેક વિષયોને જાણે છે. આચાર્યોએ જનમાનસને સમજાય એ ભાષામાં પ્રજા સમક્ષ મૂકી આપે છે. આત્મા પરના અંધકારને દુર કરવા માટે જ્ઞાનના પ્રકાશથી શુદ્ધ કરી અનંત મોક્ષ/નિર્વાણ પ્રાપ્ત થાય છે. સંસારિક અવસ્થામાં પણ શ્રુતની સમજ વ્યવહારને સ્થિર અને સમતોલપૂર્ણ બનાવે છે. પોતાના અસ્તિત્વની સમજ અને કર્મની ગતિ સમજવી પ્રત્યેક મનુષ્ય માત્ર માટે આવશ્યક છે. જેમ જેમ ઊંડાણ વધે તેમ તેમ સ્પષ્ટતા વધે અને ગતિ સુધરે. અંતઃ કરણને સમજવાની આ રીતિ છે.

સમ્યગજ્ઞાનની જ્યોતિ સહુના મનમાં પ્રજ્વલિત થાય એ જ અપેક્ષા છે.

सरस्वति! नमस्तुभ्यं, वरदे! कामरूपिणि।
विद्यारंभं करिष्यामि, सिद्धिर्भवतु मे सदा।।

❑ **સેજલ શાહ**
sejalshah702@gmail.com

**આ અંકનું સૌજન્ય રૂપિયા ૮૦.૦૦**

વિજય રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

તાઃ ૦૩-૦૪-૨૦૧૮

**સ્નેહી શ્રી ડૉ. સેજલબેન,**

નમસ્કાર.

આપના દ્વારા પ્રેષિત પત્રની સાથે '**પ્રબુદ્ધ જીવન**', સામયિકના અંકની પ્રાપ્તિ થઇ, ધન્યવાદ.

શરીર અને મનનું સંતુલન એટલે યોગ. ધ્યાન અને યોગ એ પ્રાચીન ભારતની વિશ્વને એક બહુમૂલ્ય ભેટ છે. યોગ થકી માનસિક શાંતિની અનુભૂતિ સંભવ બને. પૌરાણિક કાળથી ઋષિઓએ વિકસાવેલી યોગક્રિયાઓ એ સમગ્ર વિશ્વને પ્રભાવિત કર્યું છે.

તન અને મન વચ્ચે સમન્વય સાધીને સદાબહાર સ્વાસ્થ્ય અર્પતી આ યોગ પ્રણાલીને પ્રચલિત કરવામાં '**જૈન ધર્મ અને અન્ય પરંપરાઓમાં યોગ**' વિશેષાંકનું પ્રકાશન આવકાર્ય પ્રયાસ છે. યોગ વિશેની સૂક્ષ્માતિસૂક્ષ્મ માહિતીસભર અંક સમગ્ર વાચકગણને ખૂબ જ ઉપયોગી પૂરવાર થશે એવી શુભકામના સહ અભિનંદન પાઠવું છું.

આપનો,

**(વિજય રૂપાણી)**

To,
**Dr. Sejalben Shah**, *Editor*,
Prabuddha Jivan, Magazine,
Rasadhara Co-op Hsg. Soc. Ltd.,
385, Sardar V. P. Road, Mumbai-400 004.
Email: shrimjys@gmail.com

# શ્રી હર્ષવદન ત્રિવેદી અને ડૉ. પાર્વતી નેણશી વિજપાર ખીરાણી

**અંક વિશેષ :**

આજે પ્રબુદ્ધ જીવન પોતાને ખરા અર્થમાં બડભાગી સમજે છે. પૂર્વજોએ જે જ્ઞાનયજ્ઞ કરવા ધારેલો તે દિશામાં બહુ મોટું પગથિયું ભરાઈ રહ્યું હોય એવું લાગે છે. મધ્યકાલીન પૂર્વેનો સાહિત્યનો એક મોટો ખંડ જૈન સાહિત્ય પર આધારિત રહ્યો છે, જૈનોની પાઠશાળા પરમ્પરા અને જ્ઞાનસંવર્ધક રીતિને કારણે સાહિત્ય જળવાઈ રહ્યું. આ સાહિત્ય સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશ ભાષામાં છે. એમાં અદ્‌ભુત કથા રસ, લાલિત્ય અને ચમત્કારનું તત્વ રહ્યું છે. જૈનશાસ્ત્ર-સાહિત્યના અનેક લેખો કાળના ખંડમાં ખોવાઈ રહ્યાં છે ત્યારે એને ફરી પ્રકાશમાં લાવવાની ઈચ્છા છે, પરંતુ માત્ર એને રી-પ્રિન્ટ કરીને કાર્ય આગળ નહીં વધે પરંતુ તેને સહુ સમક્ષ આજની ભાષામાં મૂકી આપવા અને સહુ વાંચે-સમજે એવું આયોજન કરવાની ઈચ્છાના એક ભાગ રૂપે આ અંક.

આપણે જાણીએ જ છીએ કે જૈન આચાર્યો-મહારાજસાહેબોએ જૈન શાસ્ત્રપરંપરાના વિકાસ અને ભાવવિસ્ફોરણમાં અનન્ય પ્રદાન કર્યું છે. તેઓ શાસ્ત્રાભ્યાસમાં વર્ષોથી સંલગ્ન છે. તેમની જ્ઞાન અને સાધનાનો લાભ જૈન તેમજ જૈનેતર તપસ્વી વર્ગ, વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપકોને મળે એ માટે પ્રબુદ્ધ જીવન સામયિકનો એક વિશેષાંક કરવાનું આયોજન કર્યું. આ વિશેષાંકમાં જૈન જ્ઞાનપરંપરાના કેટલાક શિખરગ્રંથો વિશે આજના સાધુ-સાધ્વી પાસે લખાણો કરાવી પ્રકાશિત કરવાની યોજના હતી. એકવાર હર્ષભાઈ સાથે વાત કરતાં એમને અમુક ગ્રંથોનો ઉલ્લેખ કર્યો, જેમના વિષે તેમને લખ્યું હતું. ત્યારે એમ થયું કે આવો એક વિશેષાંક હર્ષભાઈ પાસે જ કરાવવો જોઈએ. તેમની શાસ્ત્ર સૂઝનો અને તેમના અભ્યાસનો લાભ મળે તો એક જુદાં દૃષ્ટિકોણથી અંક વધુ અભ્યાસી બને. તેમને તરત જ પ્રસ્તાવનો સ્વીકાર કર્યો અને શરૂઆતમાં અનેક લેખો મેળવવાનું કાર્ય આરમ્ભ કર્યું અને પછી આ વિશાળ સમુદ્રને ઉલેચવામાં અમારા હાથ ટુંકા પડી રહ્યાં હતાં અને યાદ આવ્યા પાર્વતીબેન ખીરાણી. પ્રબુદ્ધ જીવનના પ્રત્યેક કાર્ય માટે મારો સધિયારો એટલે પાર્વતીબેન, અમારા આયોજનને સાકાર કરવા તેમને પણ જવાબદારી ઉપાડી લીધી. સાધુ-ભગવંતનો વિહાર અને ગ્રંથો મેળવી શકવાની અડચણોને કારણે આ અંકનું કાર્ય ૧૭ થી ૧૮ મહિના જેટલું લંબાઈ ગયું. કદાચ ભાગ્ય જ કોઈ અંક હશે જેના માટે આટલા લાંબા સમય પટ પર કાર્ય થયું હોય. પરંતુ આ અંકમાં માત્ર સાધુ-સાધ્વીના જ લેખ લેવાનો આગ્રહ એટલા માટે રાખ્યો કારણ એ અભ્યાસુ પરંપરા પાસેથી આપણે ઘણું શીખવાનું બાકી છે અને એ દ્વારા અભ્યાસની એક ઉચિત પરંપરાથી પણ પરિચિત થવાય. ૪૦-૫૦ જેટલા નિમંત્રણ મોકલાવ્યા હતાં, જેમાંથી પ્રમાણમાં ઓછાં પ્રત્યુત્તર મળ્યાં. આ અંકનું વિશેષ મહત્વએ રીતે પણ છે કે અહીં જૈન પરંપરાના સાધુ-સાધ્વીના અભ્યાસનો લાભ પ્રાપ્ત થયો છે, આજે અનેક વ્યવહારિક મુશ્કેલીઓની વચ્ચે તેમને કરેલાં અભ્યાસનું મૂલ્ય અદકકેંરુ વધી જાય છે. પ્રબુદ્ધ જીવનના ઈતિહાસમાં પ્રથમવાર પસંદ કરેલા ગ્રંથોનો અભ્યાસ આચાર્યે દ્વારા રજૂ થવા જઈ રહ્યો છે. આ અંક અનેક સંધોધકો અને અભ્યાસુઓને ઉપયોગી બનશે. આજે જે ગ્રંથોના નામથી પણ કેટલાંક લોકો અજાણ્યાં છે, તેમને ગ્રંથ પરિચય અને એ દિશામાં અભ્યાસની ઈચ્છા થશે. આવા પડકાર ભર્યા કાર્યમાં માત્ર સમય નહીં પરંતુ આર્થિક પ્રશ્નો નડતાં હોય જ છે. ફેબ્રુઆરીનો વિશેષ અંક 'યોગ' ત્યાર બાદ બહુ વખતથી જે મુલતવી રહ્યો હતો. તેવો આ 'ગુરુ ભગવંતનો અંક' અને આવતા મહિને આવનાર સ્થાપત્યનો વિશેષ અંક. આ બધું એ રીતે ગોઠવાતું ગયું જાણે કોઈ સંકેત હોય અને પાછળ કેલવાનું કે અંતર કરવાનું શક્ય ન બન્યું. ઉપરાઉપરી ખર્ચને કારણે સંઘને આર્થિક ભારનો પ્રશ્ન તો નડવાનો જ પરંતુ મેં કારોબારીના વડીલ સભ્યોને સાંત્વના આપી છે કે 'બધુ થઈ રહેશે' જે શક્તિ આ કરાવી રહી છે, તે જ શક્તિ પાર પાડશે. મને શ્રદ્ધા છે. 'પ્રબુદ્ધ જીવન'નાં વાચકોનાં અને જૈન સમાજ પર.

શ્રુતજ્ઞાનનું કાર્ય ન અટકે અને વધુને વધુ આપી શકાય, વધુને વધુ અભ્યાસુઓ સમૃદ્ધ થાય, એથી વધુ શું જોઈએ? આ બધા જ અંકો ગ્રંથાલયની માત્ર શોભા નહી વધારે પરંતુ આવનારા સમયમાં અત્યંત ઉપયોગી નીવડશે, મહત્વનો સંદર્ભ સ્તોત્ર બનશે.

પ્રબુદ્ધ વાચકો, પૃષ્ઠની મર્યાદાને કારણે આ અંકમાં નિયમિત લેખો પૈકી બધા જ લેખો લેવાનું શક્ય નહીં બને, એ માટે દરગુજર કરશો, પરંતુ આવા ઐતિહાસિક ગ્રંથો માટે તમારા સહુનો સહકાર, પ્રોત્સાહન અને આશીર્વાદ જ શક્ય બનાવે છે. આર્થિક સધ્ધરતા આવા કાર્ય માટે અતિ આવશ્યક અને પ્રબુદ્ધ જીવનના આ તબક્કે આપ સહુનો સહકાર છે અમને મળશે, તો આ જ્ઞાનયજ્ઞને સંપન્ન કરવાનું સરળ બનશે.

**આ અંકના વિદ્વાન સંપાદકો**

**આ વિશેષ અંકના સંપાદકોનો પરિચય : શ્રી હર્ષવદનભાઈ ત્રિવેદી**

શ્રી હર્ષવદનભાઈ ત્રિવેદી અભ્યાસુ અને ખુબ જ ઊંડી નિસબત સાથે સંશોધનનું મહત્વનું કાર્ય કરે છે, ભાષાવિજ્ઞાનના ઊંડા

અભ્યાસી અને ગુજરાતી વિવેચક તરીકે જાણીતાં છે. તેમના અભ્યાસુ લેખો, તેમના વિશાળ અને પ્રખર જ્ઞાનનો પરિચય આપે છે. તેમના કેટલાક મહત્વનાં પુસ્તકોના સંપાદનોમાં 'ભાષાવિમર્શ લેખસંચય', 'આધુનિક પાશ્ચાત્ય સાહિત્યવિચાર' (હેમન્ત દવે સાથે), अमरकोश, विस्तृत भूमिका साथे સંપાદન. અને તેમના આગામી પ્રકાશનોમાં 'ભાષાવિજ્ઞાન અને ગુજરાતી ભાષા', 'શૈલી અને શૈલીવિજ્ઞાન'-હેમન્ત દવે સાથે અને ઉપરાંત દિલ્હી પરિમલ પબ્લિકેશનથી હર્ષવદનભાઈના બે સંપાદનો આવશે- वैयाकरणसिद्धान्त कौमुदी, सर्वप्रथम हिन्दी व्याख्या, पं. ज्वालाप्रसाद मिश्रा, विस्तृत भूमिका नी साथे संपादित नवी आवृत्ति, रुपावतार, धर्मकीर्ति, विस्तृत भूमिका नी साथे पुनर्मुद्रण. આજે ગુજરાતી સાહિત્યના અનેક પ્રતિષ્ઠિત સામયિકોમાં તેમના સંશોધનાત્મક લેખો નિયમિતરૂપે પ્રગટ થાય છે. અનેક અધ્યાપકો અને વિદ્યાર્થીઓને, તેઓ નવા ક્ષેત્રે કાર્ય કરવા માટે માર્ગદર્શન આપે છે. અનેક જૈન આચાર્યો સાથે તેઓ સંપર્કમાં છે અને જૈન શાસ્ત્રના મહત્વના પુસ્તકો વિષે તેઓ સતત લખતાં હોય છે. તેમની મૂળ સંશોધનપ્રીતિ અને સંસ્કૃતભાષાના જ્ઞાનને કારણે તેમની પાસેથી અનેક અભ્યાસુ લેખો પ્રાપ્ત થયા છે.

હાલ શ્રી હર્ષવદનભાઈ ત્રિવેદી લંડનથી નીકળતા 'ગરવી ગુજરાત' વર્તમાનપત્રના ભારત ખાતેના નિવાસી તંત્રી છે. ૧૯૮૪માં અંગ્રેજી સાહિત્ય સાથે એમ એ. વડોદરામાં ભાષાવિજ્ઞાનનો અભ્યાસ અને ડો. વસંતકુમાર ભટ્ટ પાસે સંસ્કૃત વ્યાકરણનું અનૌપચારિક શિક્ષણ મેળવ્યું છે. ૧૯૯૪ થી ૨૦૦૦ની સાલ સુધી ફ્રેન્ચ ભાષા પેરિસની આંતરરાષ્ટ્રીય સંસ્થા આલિયોંસ ફ્રોન્સેઝના અમદાવાદ એકમમાંથી ભણ્યા છે. તેમને ૨૦૦૦-૨૦૦૪ સુધી લંડનમાં કાર્ય કર્યું અને પછી ભારત-અમદાવાદ ખાતે સ્થાઈ થયા છે. ઉપરાંત 'ગ્રંથનિર્માણ બોર્ડ' સાથે પણ તેઓ જોડાયેલા છે.

**આ વિશેષ અંકના બીજા સંપાદક : ડૉ. પાર્વતી નેણશી વિજપાર ખીરાણી**

જૈન ધર્મના ઊંડા અભ્યાસી પાર્વતીબેન ખીરાણીએ બી.એ. અને એમ. એ વિશ્વભારતી લાડનું-રાજસ્થાનમાંથી કર્યા બાદ 'જીવવિચાર રાસ એક અધ્યયન' એ વિષય કવિ ઋષભદાસની ૧૭મી સદીની હસ્તપ્રત ઉકેલી'ને મુંબઈ યુનિવર્સીટીમાંથી પીએચ.ડી.ની ડીગ્રી પ્રાપ્ત કરી છે.

**નામ :** ડૉ. પાર્વતી નેણશી

**ગામ :** લાકડીઆ કચ્છ-વાગડ, હાલ : માટુંગા, મુંબઈ

**અભ્યાસ :** શાળાકીય અભ્યાસ જૂની મેટ્રિક-S.S.C. (મહારાષ્ટ્ર રાજ્યમાંથી)

B.A. / M.A. in Jainology જૈન વિશ્વભારતી સંસ્થાન લાડનૂ રાજસ્થાનમાંથી Ph.D.- 'જીવ વિચાર રાસ એક અધ્યયન' એ વિષય પર શ્રાવક કવિ ઋષભદાસની ૧૭મી સદીની હસ્તપ્રત ઉકેલીને મુંબઈ યુનવર્સિટીમાં આર્ટસ વિભાગમાં ગુજરાતી સાહિત્યમાં મહાનિબંધ લખીને ૨૦૦૯માં Ph.D. ની ડિગ્રી પ્રાપ્ત કરી.

સંસ્કૃત-ભારતીય વિદ્યા ભવનમાંથી કોવિદ સુધીની પરીક્ષાઓ પ્રથમ શ્રેણીમાં પાસ કરી ઇ. સ. ૨૦૧૧ની સાલમાં S.N.D.T. યુનિવર્સિટીમાંથી સંસ્કૃતમાં M.A. કર્યું.

**ધાર્મિક અભ્યાસ :** અખિલ ભારતીય સ્થા. કૉન્ફરન્સ દ્વારા માન્ય **શ્રી તિલોકરત્ન સ્થા. જૈન ધાર્મિક શિક્ષણ બોર્ડની** જૈન સિદ્ધાન્ત વિશારદથી જૈન સિદ્ધાન્ત આચર્ય સુધીની પરીક્ષાઓ આપી એમાં **જૈન સિદ્ધાન્ત પ્રભાકર** અને **શાસ્ત્રીમાં બૉર્ડમાં પ્રથમ નંબર** અને જૈન સિદ્ધાન્ત આચાર્યમાં દ્વિતીય નંબરે ઉત્તીર્ણ વાગડ સમાજમાંથી **પ્રથમ જૈનસિદ્ધાન્ત આચાર્ય** થઈ શ્રી રાજેમતી માહિલા મંડળ માટુંગાની ૨૫ શ્રેણી તેમ જ બૃહદ્ મુંબઈ સ્થા. મહાસંઘની ૧૬ શ્રેણી બધી પ્રાયઃ પ્રથમ નંબર મેળવીને પાસ કરી.

**પ્રવૃત્તિ : જ્ઞાનદાનની-જૈનદર્શનનું જ્ઞાન, સાધુ-સાધ્વી, દીક્ષાર્થીઓ, મહિલા મંડળ**માં આપવાનું. શ્રી રાજેમતી મહિલા મંડળમાં શિક્ષિકા તથા ઉપ પ્રમુખ ક.વિ.ઓ. સ્થા. જૈન મહાજન ઉપક્રમે ચિંચપોકલીમાં ચાલતા જૈનોલોજીના વર્ગમાં શ્રેષ્ઠ ડિપ્લોમા કોર્સમાં ભણાવવાનું બૃ. મું. સ્થા. જૈન મહાસંઘ સંચાલિત માતુશ્રી મણીબેન નેણશીભાઈ છાડવા ધાર્મિક શિક્ષણ બૉર્ડમાં ૧૫ વર્ષ સુધી કારોબારી સભ્ય અને સ.ળ.વી ઉપપ્રમુખ તરીકે કાર્યરત શ્રી મહાવીર જૈન વિદ્યાલય આયોજિત જૈન સાહિત્ય સમારોહ તથા અર્હમ્ સ્પિરિચ્યુઅલ સેન્ટર દ્વારા આયોજિત જ્ઞાનસત્રમાં વિષયાનુરૂપ સંશોધનપત્ર પ્રસ્તુત કર્યા. **'વાગડ પથિક'**માસિકમાં 'શ્રુત સંપદા' કોલમ, શબ્દવ્યુહ, 'વાગડ સંદેશ' માસિકમાં જ્ઞાનગંગા અને સોનોગ્રાફી કોલમ, **'નવલ પ્રકાશ'** માસિકમાં તત્ત્વ વિચાર કોલમના લેખિકા, ૧૬મી, ૧૭મી સદીની હસ્તપ્રત ઉકેલવાના કાર્યમાં પ્રવૃત્ત, વિવિધ સ્પર્ધાઓમાં જજ તરીકે, વિવિધ સંસ્થાઓમાં વક્તા તરીકે, ધાર્મિક સ્પર્ધાઓનું સંચાલન અને કોમ્પેરિંગ પણ કર્યું છે. વિવિધ સ્પર્ધાઓ (નિબંધ, વાર્તાલેખન, વક્તવ્ય, ક્વીઝ, કાવ્ય, શબ્દાનુસંધાન વગેરે)માં ભાગ લઈને ઈનામ પ્રાપ્ત કર્યા છે. સંવાદલેખન અને દિગ્દર્શન પણ કર્યું છે.

❑ **સેજલ શાહ**

# સંપાદકીય

નજીકના ભવિષ્યમાં યોજાનારી ગુજરાત સંશોધન પરિષદના આયોજન સાથે સંકળાયેલો હોવાથી પરિષદમાં વિદ્વાનો સમક્ષ મારે પણ એક સંશોધનપત્ર રજૂ કરવું એવું નક્કી થયું. આ માટે મને કોશ, વ્યાકરણ અને ન્યાયદર્શનના ક્ષેત્રે આધુનિક જૈન આચાર્યોનું પ્રદાન એવો વિષય સૂઝ્યો અને મેં તેની પર કામ કરવાનું ચાલું કર્યું. આ માટે મેં વીસમી અને એકવીસમી સદીના જૈન આચાર્યોના ગ્રંથો એકઠાં કરવાની કામગીરી ચાલુ કરી તો મને ખ્યાલ આવ્યો કે ગુજરાત અને ગુજરાત બહાર સતત વિહારમાં રહેતા જૈન મહારાજ સાહેબોએ વિવિધ શાસ્ત્રોના સ્વાધ્યાય અને ગુજરાતી ભાષામાં તેમને સમજાવતાં ગ્રંથોનું જે આલેખન કર્યું છે તે મોટી મોટી યુનિવર્સિટીઓના મોટા મોટા પ્રોફેસરોની કામગીરીને પણ ટક્કર મારે તેવું છે.

માત્ર વ્યાકરણ, કોશ અને ન્યાયશાસ્ત્રના ક્ષેત્રના જ થોડાક દાખલા આપીશ તો પણ ગુરૂ ભગવંતોએ જે કામગીરી કરી છે તે અભિભૂત થઇ જવાય તેવી છે તેનો ખ્યાલ આવશે. ન્યાય એટલે કે સંસ્કૃત તર્કશાસ્ત્રની વાત કરીએ તો નવ્ય ન્યાય એટલે ન્યાયદર્શનના વિકાસની પરાકાષ્ઠા. આજના સિમ્બોલિક લોજીક કે બુલિયન એલજીબ્રા સાથે તેની સરખામણી થાય છે. એટલે ઘણો અઘરો વિષય ગણાય. આખા ભારતમાં આ વિષયના જેટલાં નિષ્ણાતો છે એમાં યુનિવર્સિટીઓના પ્રોફેસરોની સંખ્યા એટલી બધી નથી જેટલી જૈન આચાર્યોની છે. (બ્રાહ્મણ પરંપરાના સંન્યાસીઓ પણ નવ્ય ન્યાય શીખે છે.) તર્કસંગ્રહ એ ન્યાયદર્શનની બાળપોથી ગણાય. ન્યાયસિદ્ધાન્તમુક્તાવલિ એ થોડું એડવાન્સ ગણાય. સંસ્કૃત તર્કશાસ્ત્રના નવ્ય ન્યાયનું એ પ્રવેશદ્વાર ગણાય. ભારતની અનેક યુનિવર્સિટીઓમાં તે ભણાવવામાં આવે છે. તેમ છતાંય હિન્દીમાં તેની ત્રણેક અનુવાદ વ્યાખ્યાઓ મળે છે. જ્યારે ગુજરાતીમાં આપણી વિદ્યાપીઠો તર્કસંગ્રહથી આગળ જતી નથી. તેમ છતાંય ઓછામાં ઓછી ત્રણ ગુજરાતી અનુવાદ-વ્યાખ્યાઓ મારા જોવામાં આવી છે. એક, અભયશેખરવિજયજી, બે, ચંદ્રશેખરવિજયજી અને ત્રણ, ચંદ્રગુપ્ત મ.સા.

નવ્યન્યાયભાષાપ્રદીપ એ નવ્યન્યાયનો પાયાનો ગ્રંથ છે. તેનો પ્રો. ઉજ્જવલા ઝાનો અંગ્રેજી અનુવાદ જ ઉપલબ્ધ છે. હિન્દીમાં તેનો અનુવાદ છેક હમણાં સુધી થયો ન હતો. હવે જે હિન્દી અનુવાદ પ્રગટ થયો છે તેના કર્તા પણ એક જૈન આચાર્ય જ છે. જગતચંદ્ર મ.સા. એ હજી થોડા વખત પહેલાં જ નવ્યન્યાયભાષા પ્રદીપનો હિન્દી અનુવાદ પ્રકાશિત કર્યો છે. એવી જ રીતે હેમચંદ્રાચાર્યના સિદ્ધહેમ શબ્દાનુશાસન પર પણ મહારાજ સાહેબોએ ઉત્તમ કામગીરી કરી છે. ચંદ્રગુપ્ત મ.સા. ઉપરાંત સાધ્વી દર્શનકલાશ્રી તેમજ સાધ્વી મયૂરકળાશ્રીના હિન્દી-ગુજરાતી વ્યાખ્યા અનુવાદો પ્રગટ થયા છે. આચાર્ય શીલચંદ્રસૂરિની પ્રેરણાથી તેમના શિષ્યોએ સિદ્ધહેમના ઉદાહરણોનો એક કોશ તૈયાર કર્યો છે. આ તો વળી બહુ મહત્વનું કામ કહેવાય. પાણિનિના વ્યાકરણનો આવો કોશ થયો છે પણ તેને તૈયાર કરવામાં ભારત અને ફ્રાન્સના વિદ્વાનો ભેગાં મળ્યા હતા અને બંને દેશોની સરકારે તેમને મોટી ગ્રાન્ટ આપી હતી. જ્યારે આપણા આચાર્યોએ સંયમમાર્ગનું ચુસ્ત પાલન કરતાં સતત વિહારમાં રહીને ટાંચા સાધનો વડે આ કામ કર્યું છે. તેની આપણે જેટલી પ્રશંસા કરીએ તે ઓછી ગણાય. આ ઉપરાંત આચાર્યશ્રી શીલચંદ્રસૂરિ અને એમના શિષ્યોએ હેમશબ્દાનુશાસન પરની ઢુંઢિકા નામની એક સરળ અને ઉપયોગી સંસ્કૃત વ્યાખ્યાનું પણ ભારે પરિશ્રમપૂર્વક સંપાદન કર્યું છે. કોશની વાત કરીએ તો અભિધાનચિંતામણીનો એક ઉત્તમ ગુજરાતી અનુવાદ આચાર્યવર વિજયકસ્તુરસૂરિએ કર્યો છે જે આજે પણ અજોડ ગણાય છે. એવી જ રીતે અભિધાનચિંતામણિનામમાલા પરની વ્યુત્પત્તિરત્નાકર નામની વિશાળકાય સંસ્કૃત ટીકાનું સંપાદન શ્રીચંદ્ર મ.સા. એ કર્યું છે અને શ્રી રાંદેર રોડ જૈનસંઘે તે પ્રકાશિત કર્યું છે. આ ઘણું મહત્વનું કાર્ય છે.

આના પરથી આપણા મહારાજ સાહેબો ટાંચા સાધનો વડે સરસ્વતીની જે ઉપાસના કરી રહ્યા છે અને આપણી શાસ્ત્રપરંપરાને જે રીતે સમૃદ્ધ કરી રહ્યા છે તેનો આછો પાતળો અણસાર આવશે. ભારતમાં હાલ શિક્ષણની જે પરિસ્થિતિ છે તે જોતાં કહી શકાય કે આધુનિક યુગમાં શાસ્ત્રોને જીવંત રાખવાનું કામ સંસારીઓએ  નહિ પણ સાધુઓએ જ કર્યું છે.

મહારાજ સાહેબો અને સાધ્વીજી મહારાજો સંયમમાર્ગના આચારોનું ચુસ્ત પાલન કરતાં કરતાં શાસ્ત્રોના સ્વાધ્યાયનું કાર્ય પણ ચાલુ રાખે છે. અધ્યયન અને અધ્યાપન બંને કાર્યો તેમનાં ચાલુ હોય છે. આ ઉપરાંત, ઘણાં વિદ્યાવ્યાસંગી તપસ્વીઓ તો સંશોધનકાર્યમાં પણ ઓતપ્રોત હોય છે. જેમકે, પૂણેનું શ્રુતભવન કે આચાર્ય શીલચંદ્રસૂરિ અને તેમની શિષ્ય સમુદાય વગેરે કેટલાય આચાર્યો અને તેમના સમુદાયોએ હવે રાષ્ટ્રીય કક્ષાની હરતી ફરતી રિસર્ચ ઇન્સ્ટીટ્યુટ કે યુનિવર્સિટી જેવું ગજું કાઢ્યું છે. આ બધાંની કામગીરી વિશે વાત કરવા બેસીએ તો એક મોટું પુસ્તક થાય. એટલે અહીં મે માત્ર અછડતો જ ઉલ્લેખ કર્યો છે.

યુનિવર્સિટીઓ કે શાળા-કોલેજોમાં અધ્યયન-અધ્યાપન કરતાં ઘણાંખરાં અધ્યાપકો માટે અધ્યાપન એ આજીવિકાનું સાધન હોય છે જ્યારે તપસ્વીઓ અધ્યયન-અધ્યાપનમાં પ્રવૃત થાય છે ત્યારે તેને એક સાધના ગણીને તેને તપપૂત બનાવી દેતાં હોય છે.

આનાં કેટલાક સુફળ પણ પ્રાપ્ત થતાં હોય છે.

દાખલા તરીકે, રામકૃષ્ણ ભાંડારકરની સંસ્કૃત માર્ગોપદેશિકા બે ભાગમાં બહાર પડી છે. તેની અંગ્રેજી, હિન્દી, ગુજરાતી સહિત અનેક ભાષાઓમાં આવૃત્તિઓ બહાર પડી છે. અત્યાર સુધીમાં હજારો લોકો તેના દ્વારા સંસ્કૃત શીખ્યા છે. જૈન સાધુ-સાધ્વીઓમાં પણ તે બે બુક તરીકે જાણીતી છે. બીજે બધે તો તેનાં પુનર્મુદ્રણો થયા કરે છે પણ શ્રીકુલચંદ્રસૂરિ મહારાજ સાહેબે તેની સામગ્રી અને તેની સાજસજ્જામાં કેટલાંક સુંદર ફેરફાર કરીને આકર્ષક બનાવી દીધી છે. અન્યત્રથી પ્રકાશિત આ બે બુકોની આવૃત્તિઓ સાથે કલિકુંડવાળી આ આવૃત્તિને સરખાવતા બંને વચ્ચેનો ફરક અને મારી દલીલ તરત ધ્યાનમાં આવશે.

જૈન આચાર્યોના વિદ્યાકીય પ્રદાન અંગેની મારી સંશોધન કામગીરીમાં મેં એક મોટી મુશ્કેલી એ અનુભવી કે જૈનોના વિવિધ સમુદાયો વચ્ચે સંકલનનો સદંતર અભાવ છે. એક આચાર્ય જે કામ કરતા હોય તેની જાણ ઘણી વાર બીજા સમુદાયને પણ હોતી નથી. આવા સંજોગોમાં અજૈન અભ્યાસીઓની સ્થિતિ કલ્પવી અઘરી નથી. હવે ઇન્ટરનેટ પર જૈન ઇ લાયબ્રેરી થઇ છે તેનાથી પરિસ્થિતિ થોડી સુધરી છે. તેમ છતાંય મને એવો વિચાર આવે છે કે અમદાવાદ કે મુંબઈ જેવા શહેરમાં વિશાળ જગામાં જૈન પુસ્તકભંડાર ખુલે અને એમાં દેશભરના તમામ જૈન આચાર્યોનાં પુસ્તકો એક જ છત નીચેથી મળી રહે તો કેવું સારું? જો આવું થશે તો આપણા ગુરૂભગવંતો જે કઠોર પરિશ્રમ કરીને ગ્રંથોની રચના કરે છે તે તેના લક્ષ્ય વાચકો સુધી સરળતાથી પહોંચશે અને જૈનેતર વિદ્વાનો પણ તેમની કામગીરી તથા વિદ્વતાથી વાકેફ થશે.

આમ મહારાજ સાહેબોની આ અને આ સિવાયની કામગીરી જોઇને મને વિચાર આવ્યો કે આ બધાં ગુરૂભગવંતો આટલો શાસ્ત્રસ્વાધ્યાય કરે છે અને બીજું કે એમનાં પુસ્તકો જોઈને તેમણે સંબંધિત વિષયનું આરપાર આકલન કર્યું છે એ પણ દેખાઈ આવે છે. તેઓ વિષય સારી રીતે સમજીને સમજાવી પણ શકે છે તેનો અર્થ એ થયો કે તેમની પાસે અભ્યાસની એક પદ્ધતિ છે. અધ્યયન અસરકારક રીતે કેવી રીતે કરવું એ તેઓ જાણે છે. એ પણ હકીકત છે કે શાસ્ત્રોના સ્વાધ્યાય માટે સખત પરિશ્રમ ઉપરાંત તેને યથાતથ સ્વરૂપમાં સમજવા માટેની સૂઝ પણ હોવી જરૂરી છે. આપણા ઘણાં મહારાજ સાહેબો પાસે અત્યંત દુર્બોધ અને અઘરા શાસ્ત્રોને સહજ બનાવવાની સૂઝ છે જે તેમણે અનુભવે મેળવી હશે. મને થયું કે નવા અભ્યાસીઓ તેમજ સાધુ-સાધ્વીજીઓને આ આચાર્યોના જ્ઞાનનો લાભ મળે તો કેવું? આથી જૈન પરંપરાના કેટલાક શિખરગ્રંથો વિશે લખવા ગુરૂભગવંતોને વિનંતી કરવી એવું સૂચન મેં પ્રબુદ્ધ જીવનના તંત્રી ડો. સેજલ શાહને કર્યું. ડો. સેજલ શાહને મારું સૂચન ગમી ગયું અને આ અંકના આયોજનમાં મારી સહાયની ઇચ્છા કરી. મને પણ આ વિદ્યાકીય કાર્યમાં રસ હોવાથી આ અંકના આયોજનમાં મદદરૂપ થવા મેં સ્વીકાર્યું. કામ શરૂ કર્યા પછી તેની વિકટતાનો અમને બંનેને ખ્યાલ આવ્યો. સતત વિહાર કરતા મહારાજ સાહેબોનો સંપર્ક સાધવો ઘણો અઘરો હોય છે. વળી ફોન પર વાત કરવી થોડી અઘરી હોવાથી પત્રના આધારે કામ ચલાવવાનું થોડું અગવડભર્યુ બન્યું. એમાં સેજલબેનને જૈન પરંપરાના અભ્યાસી તથા પ્રબુદ્ધ જીવનની પ્રવૃત્તિમાં સહભાગી થનારા ડૉ. પાર્વતીબેન સાંભળ્યા. મારો તેમની સાથે અંગત પરિચય નહી પણ ભૂતકાળમાં પ્રબુદ્ધ જીવનના વિશેષકોમાં તેમની ભૂમિકા વિષે મેં જાણ્યું હતું. તેમણે આ વિદ્યાયજ્ઞમાં જોડાવાનું સહજભાવે સ્વીકાર્યું એટલે એક વિદુષીની સહાય મળવાથી મને આનંદ થયો.

મારે અહીં એ સ્પષ્ટતા કરવાની કે અમે અમારી કલ્પના અનુસાર બધાં જ વિદ્યાવ્યાસંગી મહારાજ સાહેબોનો સંપર્ક સાધી શક્યા નથી. ઘણાં મહારાજ સાહેબો અન્ય વ્યસ્તતાના કારણે પણ લેખ આપી શક્યા નથી. તેમ છતાંય અમે અઢાર જેટલાં લેખો આ અંક માટે ભેગાં કરી શક્યા છીએ તેનો અમને આનંદ છે. આ માટે અમે પૂ. મહારાજ સાહેબોનો આભાર માનીએ છીએ. આમાં અમારી અનવધાનતાના કારણે કે અમારી અણસમજના કારણે કોઈ ભૂલ રહી ગઈ હોય કે થઈ ગઈ હોય તો તેની અમે ક્ષમા વાંછીએ છીએ.

આવા વિદ્યાકાર્યમાં સહભાગી બનવાની અમને તક આપવા માટે પ્રબુદ્ધ જીવનના સંચાલકો તેમજ તેના તંત્રી ડૉ. સેજલ શાહના પણ અમે આભારી છીએ.

**નોંધ :** સ્વાધ્યાયમાં જુદાં જુદાં શાસ્ત્રોને સમજવા માટે મહારાજ સાહેબોએ જે પ્રયાસો કર્યા, અધ્યયની રીતો અજમાવી કે પ્રયોગો કર્યા. શાસ્ત્રગ્રંથને સમજવાના પ્રયાસોમાં જે તકલીફો પડી હોય અને પોતે તેનો જે રસ્તો કાઢ્યો હોય વગેરેની અનુભવકતા કે કેફિયત ગુરૂભગવંતો વિસ્તારથી લખશે તો તેનાથી નવ-અભ્યાસીઓને ઘણું માર્ગદર્શન મળશે. આ ઉપરાંત, સંબંધિત ગ્રંથ કે શાસ્ત્રને સમજવા માટે કેવા પ્રકારની શારીરિક-માનસિક-બૌદ્ધિક તૈયારી હોવી જોઈએ તેનું માર્ગદર્શન પણ તેઓ આપે તો તે લાંબા ગાળે ઘણું ઉપયોગી નીવડશે.

❑ **હર્ષવદન ત્રિવેદી**

# સહ સંપાદન યાત્રા

આ અંકના મુખ્ય સંપાદક શ્રી હર્ષવર્ધન ત્રિવેદીને જૈન જ્ઞાન પરંપરાના કેટલાક શિખરગ્રંથોને પ્રકાશમાં લાવવાનો વિચાર સ્ફૂર્યો. એ ગ્રંથોમાં શું વિષય રહેલો છે એનો વાચકોને ખ્યાલ આવે એ માટે એમણે જ્ઞાનયજ્ઞ આરંભ્યો. આ અંકમાં માત્ર ગુરુ ભગવંતો દ્વારા જ આલેખન થાય એવા ભાવ સાથે ગુરુ ભગવંતોનો સંપર્ક પણ કર્યો. પરંતુ ગુરુભગવંતોની કેટલીક મર્યાદાઓને કારણે આ કાર્યમાં વિલંબ થયો અને એ કાર્યમાં સાથ આપવા માટે પ્રબુદ્ધજીવનના તંત્રી શ્રીનો મને ફોન આવ્યો. એમના સ્નેહભર્યા આગ્રહને હું વશ થઈ ગઈ.

મેં આ યજ્ઞમાં સાથ આપવા ઉત્સાહભેર અનેક આચાર્ય ભગવંત સૂરિ ભગવંત, સાધુ ભગવંત, સાધ્વી ભગવંતોનો સંપર્ક કર્યો. એમનો સંપર્ક માત્ર ચાતુર્માસ દરમિયાન જ થઈ શકે પછી વિહારમાં હોવાથી સંપર્ક કરવો મુશ્કેલ થઈ જાય. ચાતુર્માસ દરમિયાન એમના વિશિષ્ટ અનુષ્ઠાનો ચાલતા હોય. વ્યાખ્યાન, શિબિર, તપ વગેરે એટલે લગભગ ઘણાં બધાએ વિશેષ વિશેષ ગ્રંથોના અભ્યાસ અને લેખન માટે અસમર્થતા બતાવી. કેટલાક તરફથી લખવાનું આશ્વાસન મળ્યું પણ લેખ આજ સુધી પ્રાપ્ત થયા નથી. નાસીપાસ થયા વગર એમની પાસે જઈને ઘણીવાર મેં માંગણી કરી પણ પરિણામ શૂન્ય એની સામે કેટલાક સાધુ-સાધ્વી ભગવંતોએ વિના વિલંબે એમના લેખ આપી દીધા છે એમની સહાય ઋણી રહીશ. કેટલાકની લેખો આવવાની આશા રાખીને બેઠી હતી પણ ઘણો સમય વ્યતીત થઈ ગયો હોવાને કારણે તંત્રીશ્રીના આદેશ મુજબ હવે અંક પ્રગટ થવા જઈ રહ્યો છે ત્યારે એ આશા પર પૂર્ણવિરામ મૂકીને મને અને હર્ષવર્ધનભાઈને મળેલા ૧૮ જેટલા લેખ દ્વારા આ અંક આપના કરકમળમાં મૂકી રહ્યા છીએ. આ અંક વાંચીને અન્ય ગુરુ ગુરુણી ભગવંતોને પ્રેરણા મળે અને કાંઈક લેખો તૈયાર કરી આપશે તો જૈનદર્શનની પ્રભાવના થશે.

આમાં વિશેષ પુરુષાર્થ તો હર્ષવર્ધનભાઈનો જ છે. એમણે મારા પર વિશ્વાસ મૂકી મને સહસંપાદક તરીકે સ્વીકૃતી આપી. હર્ષવર્ધનભાઈ સાથે મારે કોઈ પરિચય ન હોવા છતાં એમણે જે સહૃદયતા, ઉદારતા બતાવી છે તે સરાહનીય છે. એમની સાથે આ સંપાદનકાર્ય કરવામાં મને ઘણી જ સુગમતા રહી છે. ખૂબ જ સહજતાથી, સરળતાથી એમને મને માર્ગદર્શન આપ્યું છે. એ માટે એમનો આભાર માનીને છટકવા માંગતી નથી પણ સદાય એમની ઋણી રહીશ .

આ સંપાદનયાત્રાને કારણે ઘણાં ગુરુ ભગનવંતોના દર્શન, વ્યાખ્યાન વાણી, જ્ઞાન વગેરેનો લાભ મળ્યો એ મારા માટે જમા પાસુ છે. એમના જ્ઞાનાભ્યાસને ખૂબ ખૂબ વંદન. પણ એમના અભ્યાસનો લાભ આવા અંક દ્વારા દેશ-વિદેશમાં સુજ્ઞજનોને પ્રાપ્ત થાય તો સોનામાં સુગંધ ભળે. જેથી વધુ ને વધુ ગુરુ ભગવંતો આવા યજ્ઞમાં જોડાય એ જ અભ્યર્થના.

અંતમાં આ અંકમાં જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ લખાયું હોય, કોઈ નું મન દુભાયું હોય. ગુરુ ભગવંતો સાથે અવિનય, અવિવેક કે આશાતના થઈ હોય. તો અંતઃકરણપૂર્વક ક્ષમા યાચના. જેમણે જેમણે લેખ આપ્યા છે એમનો અંતઃકરણપૂર્વક ખૂબ ખૂબ આભાર.

❑ **ડૉ. પાર્વતીબેન ખીરાણી**


**પ્રબુદ્ધ જીવનનો આગામી**

**મે ૧૮ વિશેષાંક**

**'મંદિરોના શિલ્પ સ્થાપત્ય'**

**રહેશે.**

**સંપાદક : શ્રી કનુ સૂચક**

આપની આગોતરી નકલ ઓફિસમાં નોંધાવશો.

**ફોન નંબર : ૦૨૨-૨૩૮૨૦૨૯૮**

**મો : ૯૧૩૭૭૨૭૧૦૯**



**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**

**પ્રબુદ્ધ જીવન**

**સ્થળાંતર થયેલ ઑફીસ :**

926, પારેખ માર્કેટ,
39, જે. એસ. એસ. રોડ,
કેનેડી બ્રિજ,
ઑપરે હાઉસ,
મુંબઈ-૪૦૦ ૦૦૪.
મોબઈલ : 9137727109.
પત્ર વ્યવહાર ઉપરોક્ત ઑફીસ પર જ કરવો.

# ગ્રંથગૌરવ

## ડૉ પાર્વતી નેણશી ખીરાણી

જૈન સાહિત્યનું ભારતીય સાહિત્યમાં એક વિશિષ્ટ ગૌરવપૂર્ણ સ્થાન છે. તે સ્થૂળ અક્ષરદેહથી જ વિશાળ અને વ્યાપક નથી પરંતુ જ્ઞાન-વિજ્ઞાન-ધર્મ-દર્શન-અધ્યાત્મ અને અનુભૂતિનો અક્ષય સાહિત્યએ ખજાનો છે. જૈન સાહિત્યે ભારતીય સાહિત્યને આધ્યાત્મિક ગરિમા તથા દિવ્ય-ભવ્ય જ્ઞાનની તેજસ્વિતા પ્રદાન કરી છે.

જૈન સંતોના સાત્ત્વિક, તાત્ત્વિક, માર્મિક, સાહજિક અને શ્રેષ્ઠ સાહિત્ય સર્જનોએ સમર્થ સાહિત્યકારોને પણ પ્રભાવિત કર્યા છે. એના સંબંધમાં જૈન તત્ત્વજ્ઞાન અને સાહિત્યના સાક્ષરવર્ય શ્રી અગરચંદ નાહટાનું કથન છે કે : ''જૈન મુનિઓનું જીવન ખૂબ જ સંયમિત હોય છે. ભિક્ષાના ભોજન દ્વારા તેઓ પોતાની ક્ષુધાનિવૃત્તિ કરીને પ્રાયઃ સંપૂર્ણ સમય સ્વાધ્યાય, ધર્મપ્રચાર, ગ્રંથલેખન તેમજ સાહિત્ય નિર્માણ આદિ ધાર્મિક અને સત્કાર્યોમાં લાગેલા હોય છે. એટલે એમનું સાહિત્ય અધિક મળે છે. પ્રાચીન રાજસ્થાની સાહિત્ય તો જૈન કવિઓની જ એક દેન છે. ૧૩ મી સદીથી એમની રચનાઓનો પ્રારંભ થાય છે અને અવિછિન્નરૂપથી પ્રત્યેક શતાબ્દીના પ્રત્યેક ચરણમાં રચાયેલી એમની નાની-મોટી રચનાઓ આજે પણ પ્રાપ્ત છે.'' આ કથન સિદ્ધ કરે છે કે જૈન સાહિત્ય ભારતીય સાહિત્યનું અવિભાજ્ય અંગ છે. જૈન સાહિત્ય ગંગા નદી જેવું વિશાળ અને ગહન છે.

જૈન સાહિત્યના મુખ્યત્વે બે ભેદ પાડી શકાય (૧) આગમ સાહિત્ય અને (૨) આગમેતર સાહિત્ય.

(૧) આગમ સાહિત્ય - જૈન પરંપરાના પ્રાચીનતમ ગ્રંથને સામાન્ય રીતે આગમ કહેવાય છે. જૈન દ્રષ્ટિએ જેઓએ રાગદ્વેષને જીતી લીધા છે તે જિન તીર્થંકર અને સર્વજ્ઞ છે તેઓનું તત્ત્વચિંતન, ઉપદેશ અને વિમલવાણી આગમ છે. જેનાથી પદાર્થનું (દ્રવ્યનું) સંપૂર્ણ યથાર્થજ્ઞાન પ્રાપ્ત થાય છે. તથા અધ્યાત્મજ્ઞાનનો પવિત્ર અને અક્ષયસ્ત્રોત છે.

એના મુખ્ય બે ભેદ છે. અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય.

(૧) અંગપ્રવિષ્ટમાં ગણધર રચિત ૧૨ અંગસૂત્રનો સમાવેશ થાય છે.

(૨) અંગબાહ્યમાં અંગપ્રવિષ્ટને આધારે અન્ય બહુશ્રુત શ્રમણો દ્વારા રચિત તદનુસારી શ્રુતજ્ઞાન અંગબાહ્ય આગમ કહેવાય છે. ગણધરો કેવળ દ્વાદશાંગી (૧૨ અંગ)ની રચના કરે છે. પરંતુ કાલાંતરે આવશ્યકતા અનુસાર અંગબાહ્યની રચના સ્થવિરો કરે છે. ૧૦ પૂર્વથી ૧૪ પૂર્વના જ્ઞાતા હોય એવા સ્થવિરોની અવિરોધી રચનાને આગમ તરીકે માન્ય ગણાય છે. તેઓ સૂત્ર અને અર્થદ્રષ્ટિથી અંગ સાહિત્યના પૂર્ણજ્ઞાતા હોય છે. તેથી તેઓની રચના અવિરોધી હોય છે. એમાં ઉપાંગસૂત્રો, મૂળસૂત્રો, છેદસૂત્રો, પ્રકીર્ણક, વ્યાખ્યાસાહિત્ય આદિનો સમાવેશ થાય છે.

(૨) આગમેતર સાહિત્ય - આગમ સિવાયના સાહિત્યને આગમેતર સાહિત્ય કહેવાય છે.

આગમ સાહિત્યના ભાવ, રહસ્ય સમજવાના જ્યારે કઠિન પડવા લાગ્યા, વાંચવાનો સમય ઓછો પડવા લાગ્યો, પરંપરામાં ભૂલાવા લાગ્યા, ભણવા ભણાવવાનો પુરૂષાર્થ ઓછો થતો ગયો ત્યારે સામાન્ય મનુષ્યને એ આગમનું જ્ઞાન પીરસવા માટે એમાંનો જ એક કે અધિક વિષય લઈ એના પર અનેક પ્રકારના સાહિત્યો રચાયા જેવા કે -

તાત્વિક - તત્ત્વાર્થ સૂત્ર, કર્મગ્રંથ, કમ્મપયડી, પંચાસ્તિકાય, સમયસાર, નિયમસાર, તત્ત્વાનુશાસન, બૃહત્સંગ્રહણી, બૃહત્ક્ષેત્રસમાસ વગેરે.

દાર્શનિક - પ્રમાણનયતત્ત્વાલોક, સપ્તભંગીતરંગિણી, સ્યાદ્વાદ મંજરી, નયચક્ર, સન્મતિ તર્ક, સમાધિશતક વગેરે.

યોગિક - યોગસાર, યોગસૂત્ર, યોગદ્રષ્ટિ સમુચ્ચય, યોગશતક, સમાધિતંત્ર, મનોનુશાસન વગેરે.

પુરાણ ચરિત્ર - ૨૪ તીર્થંકરોનું ચરિત્ર, સુરસુંદરી ચરિત્ર, પઉિમચરિત્ર, જંબુચરિત્ર, આદિપુરાણ, મહાપુરાણ વગેરે.

કાવ્યના વિવિધ પ્રકારો - કાવ્ય કથા, ગદ્ય કાવ્ય, ચંપૂ કાવ્ય, શંસા વગેરે દ્રશ્યકાવ્ય અર્થાત્ નાટક - પૌરાણિક નાટક નલવિલાસ, રઘુવિલાસ વગેરે. ઐતિહાસિક નાટક - ચંદ્રલેખ, વિજય પ્રકરણ વગેરે, પ્રતિકાત્મક નાટક મોહરાજ પરાજય, જ્ઞાનસૂર્યોદય વગેરે, કાલ્પનિક નાટક કૌમુદી, મલ્લિકામકરંદ, કૌમૂદી મિત્રાનંદ વગેરે.

પ્રકરણ - જીવવિચાર, નવતત્ત્વ પ્રકરણ વગેરે.

બાલાવબોધ - નવતત્ત્વ, આગમોના બાલાવબોધ વગેરે.

આ ઉપરાંત પાર વગરના કાવ્યપ્રકારો છંદ, સ્તવન, રાસ, ફાગુ બારમાસ વિવહલો વગેરે.

આમ આ સાહિત્યની સૂચિ અત્યંત વિશાળ છે. દરેક પ્રકારની જુદી જુદી યોગ્યતાવાળા આત્માઓ જુદા જુદા પ્રકારનો અભ્યાસ કરી શકે તે માટેનું વિપુલ સાહિત્ય પૂર્વના મહાત્માઓએ રચ્યું છે.

શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે ૧ કરોડ ગ્રંથનું લેખન કરાવ્યું હતું. તેમાં પૂ. હરિભદ્રસૂરીશ્વરજીએ ૧૪૪૪ પ્રાયશ્ચિતરૂપે સ્વહસ્તે લખેલા ગ્રંથો ઉમેર્યા. બીજા અનેકોના પણ ગ્રંથો ઉમેરાઈને જૈન સાહિત્ય સમૃદ્ધ બનતું ચાલ્યું. પણ મુસ્લિમ બાદશાહોના સમયમાં ૬/૬ મહિના સુધી સૈન્યના રસોડામાં ઈંધણ તરીકે ધર્મગ્રંથો બાળવામાં આવ્યા. જેને કારણે માંડ અંદાજિત ૧૫ હજાર ગ્રંથો બચ્યા.

જે બચ્યા એના આધારે પણ સાહિત્યની સર્જન પ્રક્રિયા ચાલુ જ રહી છે. જેને કારણે જૈન સાહિત્ય આજે પણ વિશાળ શ્રેણીમાં મળે છે.

કેટલુંક સાહિત્ય અન્ય ક્ષેત્રોમાં પણ પહોંચી ગયું છે. જેમકે અમેરિકાની યુનિવર્સિટીની એક લાયબ્રેરીમાં ૧ લાખ જૈન હસ્તલિખિત ગ્રંથો છે એવુ જાણવા મળ્યું છે પણ એની ગુપ્તતા એટલી બધી રાખવામાં આવે છે કે મોટા ભાગના કોઈને આની ગંધ ન આવવા પામે એવી સાવચેતી રખાય છે. જર્મનની યુનિવર્સિટીમાં ૩૬૦૦ હસ્તલિખિત ગ્રંથો છે. બ્રિટીશ રાજ દરમ્યાન ખંભાતથી એક આખી માલગાડી ભરીને હસ્તલિખિત ગ્રંથો અંગ્રેજોએ પરદેશ મોકલાવી દીધા. આમ આપણું ગ્રંથ સાહિત્ય વિશાળ પ્રમાણમાં ક્યાંક ને ક્યાંક સચવાયેલું છે.

આ બધું સાહિત્ય હસ્તપ્રત, તામ્રપત્ર, ભોજપત્ર, તાડપત્ર, શિલાપટ્ટ વગેરેમાં સચવાયેલું છે. વર્તમાને મુદ્રિત એટલે છાપેલા પુસ્તક રૂપે આ સાહિત્ય પ્રાપ્ત થાય તો વળી માઈક્રોફિલ્મ, ડિજિટલ કોપી કે કંપ્યુટરાઈઝ પેન ડ્રાઈવ, સીડી આદિમાં પણ ગ્રંથો પ્રાપ્ત થાય છે. જો કે આ બધામાં રહેલા ગ્રંથો કરતા હસ્તપ્રતરૂપે રહેલા ગ્રંથો વધારે ટકે છે. કહેવાય છે કે હસ્તપ્રતો સૈકાઓમાં જીવે છે જ્યારે છપાયેલા ગ્રંથો દસકાઓમાં. છાપેલું પુસ્તક ઝડપથી તૈયાર થાય છે. પણ કાગળમાં કેમિકલ શાહી વગેરેને કારણે ૧૦૦ વર્ષમાં પુસ્તક ખલાસ થઈ જાય છે. જ્યારે તાડપત્ર પર લખાયેલા ગ્રંથોનું આયુષ્ય હજારો વર્ષનું છે. તેથી 'શ્રુતગંગા' પ્રોજેક્ટ દ્વારા પુનઃ લહિયાઓની ટીમ તેમ જ હસ્તલેખનનું કાર્ય ચાલી રહ્યું છે. જે આપણા ગ્રંથપ્રેમને અર્થાત્ જ્ઞાનની રૂચિને ઉજાગર કરે છે.

આ ઉપરાંત આપણી પાસે અનેક જ્ઞાનભંડારોમાં લાખો ગ્રંથો સચવાઈને પડ્યા છે. એમાંથી કેટલુંક પ્રકાશિત થયું છે પણ કેટલુંક અપ્રકાશિત જ છે. અહીં મને અનુસંધાન અંક-૧૮માં મહાન ચિંતક કુમારપાળભાઈ દેસાઈનો સ્વર્ગસ્થ શ્રી હરિવલ્લભ ભાયાણીને શ્રદ્ધાંજલિરૂપે લખાયેલો લેખ હતો એનું સ્મરણ થાય છે. જે અક્ષરશઃ નીચે મુજબ હતો.

'સમગ્ર દેશમાં ગુજરાત વિશેષ સમૃદ્ધ છે એના હસ્તપ્રતોમાં સચવાયેલા વિપુલ જ્ઞાનરાશિથી, સમસ્ત દેશમાં ગુજરાત સૌથી રંક છે એણે કરેલા વિપુલ સાહિત્યસમૃદ્ધિની ઉપેક્ષાથી!! આપણા હસ્તપ્રત ભંડારોમાં પડેલી હજારો હસ્તપ્રતો અભ્યાસી સંશોધકોની રાહ જોઈને બેઠી છે. આવી હસ્તપ્રતો જ્ઞાનભંડારની દીવાલોમાંથી બહાર આવે અને ગુજરાતનો જ્ઞાનપ્રકાશ ગ્રંથરૂપે પ્રગટ થાય તે માટે આજીવન ચિંતા સેવનાર શ્રી હરિવલ્લભ ભાયાણીની વિદાયથી ગુજરાતમાં કોઈ રીતે ન પૂરાય એવો શૂન્યાવકાશ સર્જાયો છે.' - કુમારપાળ દેસાઈ (અનુસંધાન અંક-૧૮ પૃ.૨૦૬)

એ હસ્તપ્રતો ઉકેલવી બધા માટે શક્ય નથી પણ જે પ્રકાશિત થયેલું છે એની પણ હાલે ગંજબની ઉપેક્ષા થઈ રહી હોય એવું નથી લાગતું? કદાચ એને માટે આજની પરિસ્થિતિ પણ ભાગ ભજવતી હશે. આજનું શિક્ષણ, મોબાઈલ ફોનમાં સતત ગુંથાયેલા રહેવું, ફેસબુક, વોટ્સએપ વગેરે પરિબળો ગ્રંથ વાંચનમાં અવરોધરૂપ બને છે. ક્યાંક સાધુ-સાધ્વી પણ પોતાની ફરજ ચૂકી જતા હોય છે. જ્ઞાનવર્ધક અનુષ્ઠાનો કરાવવાવાળા કેટલા? અરે! કેટલાક સાધુ-સાધ્વી પણ મોબાઈલ, ફેસબુક વોટ્સએપની ચુંગાલમાં ફસાઈને પોતાનો અમુલ્ય સમય વેડફી દે છે. કેટલાકને તો આપણા ઘણાં બધા ગ્રંથોના નામ પણ ખબર નથી હોતા. આ નામથી અને ગ્રંથથી લોકો પરિચિત થાય એવા ભાવથી પ્રેરાઈને હર્ષવદનભાઈ આ અંકનું સંપાદન કરવા પ્રવૃત્ત થયા હશે. જેના ફળ સ્વરૂપે શ્રુતસાગરના કેટલાક મોતી પ્રાપ્ત થયા છે જેનું આ અંકમાં આકલન કર્યું છે. પરંતુ હજી કેટલાય ગ્રંથોનું આકલન થઈ શકે એમ છે. એની અહી અછડતી રજૂઆત કરૂં છું.

આગમ ગ્રંથો તો પ્રસિદ્ધ જ છે. માટે એમના નામથી પણ ઘણાં પરિચિત હશે જ. એવી જ રીતે એના વ્યાખ્યા સાહિત્ય નિર્યુક્તિ, ભાષ્ય ચૂર્ણિ અને ટીકા જાણીતા છે. દાર્શનિક સાહિત્યના કેટલાક નામ પ્રખ્યાત છે પરંતુ પ્રાયઃ કરીને વિદ્વતજનોમાં વધારે પ્રસિદ્ધ છે. એમાંના કેટલાકનું ગ્રંથિભેદન થાય તો સામાન્ય વર્ગને જાણકારી મળી શકે જેવા કે આચાર્ય સિદ્ધસેન દિવાકર રચિત સન્મતિ પ્રકરણ, દ્વાત્રિંશદ-દ્વાત્રિશિકા, ન્યાયવતાર વગેરે ઉપર કોઈ ગુરુભગવંતો આલેખન કરે તો ઘણાં રહસ્યો સ્પષ્ટ થઈ જાય. સન્મતિતક પ્રકરણસૂત્રમાં નયવાદ પર સુંદર પ્રકાશ પાથરવામાં આવ્યો છે. અન્ય દર્શન પણ કયા નયનો વિષય બની શકે એની પણ છણાવટ કરી છે. કેવળજ્ઞાન-કેવળદર્શનમાં ક્રમવાદ, યુગપદ્વાદ અને અભેદવાદ ત્રણેમાંથી કયો વાદ ઘટી શકે એની ચર્ચા છે. ન્યાયવતારમાં પ્રમાણનું વર્ણન છે.

આચાર્ય પૂજ્યપાદ આઠ પ્રસિદ્ધ વ્યાકરણશાસ્ત્રીઓમાંથી એક છે. એમણે જૈનેન્દ્ર વ્યાકરણ, તત્ત્વાર્થસૂત્રની સર્વ પ્રથમ ટીકા સર્વાર્થસિદ્ધિ રચી છે. જેમાં સાખ્ય, બૌદ્ધ આદિના મંતવ્યોની પણ ચર્ચા કરી છે. એ ઉપરાંત સમાધિ શતક, ઈષ્ટોપદેશ આદિનો પરિચય પણ કરવો જરૂરી છે. જૈન શ્વે. મૂ. પૂજકના આચાર્ય શ્રી મલ્લવાદી રચિત દ્વાદશાર નયચક્ર એક મહત્ત્વપૂર્ણ ગ્રંથ સિંહગણિ ક્ષમાશ્રમણની ટીકાસહ ઉપલબ્ધ છે. એમાં રહેતા રહસ્યો ખોલવા જરૂરી છે. શ્વેતાંબર મુનિ પ.પૂ. જંબૂવિજયજીએ સટીક નયચક્રની પારાયણ કરીને એનો પરિચય આનંદપ્રકાશ (વર્ષ-૪૭, અંક ૭) માં પ્રગટ કર્યો છે.

જિનભદ્રગણી ક્ષમાશ્રમણ - એક ખૂબ જ સમર્થ વિદ્વાન હતા. એમની રચનાઓમાં વિશેષાવશ્યક ભાષ્ય સુપ્રસિદ્ધ મહત્ત્વપૂર્ણ ગ્રંથ છે. આગમિક ચર્ચાઓથી ભરપૂર તો છે જ પણ એમાં જ્ઞાનવિષયક ચર્ચાઓ છે જેનું જૈનદર્શનમાં એક મહત્ત્વપૂર્ણ સ્થાન છે. આગમસંમત તર્ક સહિત વિવરણ કરવામાં આવ્યું છે. એમની રચેલી

બૃહત્સંગ્રહિણી, બૃહત્ક્ષેત્રસમાસ આદિની આલોચના કરવામાં આવે તો ઘણી પ્રભાવના થઈ શકે.

દિગંબરમતમાં મહાન પ્રભાવક આચાર્ય કુંદકુદાચાર્ય થઈ ગયા. એમના ગ્રંથ દિગંબરમતના આગમ ગ્રંથોની સમાન જ માનવામાં આવે છે. એમના પંચાસ્તિકાય - પ્રવચનસાર અને સમયસાર નાટકત્રયીના નામથી પ્રસિદ્ધ છે. તેમજ પ્રાભૃતત્રયના નામથી પણ ઓળખાય છે. પંચાસ્તિકાયમાં પાંચ અસ્તિકાયનું વર્ણન છે એમાં દ્રવ્યના લક્ષણ, ભેદ, સપ્તભંગી, ગુણ અને પર્યાય વગેરેનું વર્ણન છે. પ્રવચનસારમાં ત્રણ અધિકાર છે - જ્ઞાનાધિકાર, જ્ઞેયાધિકાર અને ચારિત્રાધિકાર. સમયસારમાં આત્માનો સાર અર્થાત્ શુદ્ધાવસ્થાનું વર્ણન છે.

દિગંબરમતમાં ભટ્ટાકલંક નામના આચાર્ય થઈ ગયા. જે ન્યાય જગતના આકાશમાં દેદીપ્યમાન નક્ષત્ર સમાન હતા. એમને જૈન ન્યાયના સર્જક માનવામાં આવતા હતા. એમના નામના આધારે શ્લેષાત્મક ભાષામાં જૈન ન્યાયને આકલંક ન્યાય પણ કહેવામાં આવે છે. એમણે લઘીયસ્ત્રય, સિદ્ધિવિનિશ્ચય, ન્યાયવિનિશ્ચય, પ્રમાણસંગ્રહ, તત્ત્વાર્થવાર્તિક વગેરે ગ્રંથો રચીને ન્યાય જગતમાં ડંકો વગાડી દીધો હતો. દિગંબર મતના વિદ્યાનંદજીએ પ્રમાણપરીક્ષા, તત્ત્વાર્થશ્લોકવાર્તિક જેવા ગ્રંથો રચીને દાર્શનિક જગતમાં પગરણ કર્યા હતા.

શ્વેતાંબર મુનિ દેવસૂરિનું પ્રમાણનયતત્ત્વાલોક ન્યાય જગતમાં પ્રવેશવાની બાળપોથી સમાન છે. એના પર ગુરૂભગવંતોએ અવશ્ય લેખ લખવો જોઈએ. આચાર્ય હેમચંદ્રાચાર્યનો પ્રમાણ મીમાંસા પણ એવો જ ગ્રંથ છે. એમના તો વ્યાકરણ, અલંકાર, કોશ, દર્શન, યોગ વગેરે પર ગ્રંથો ઉપલબ્ધ છે જેનું અવગાહન કરવા જેવું છે. નવ્ય ન્યાય શૈલીના ઉદ્ઘાટક, યશોવિજયજી મહારાજની જૈન તર્કભાષા, જ્ઞાનબિંદુ, શાસ્ત્રવાર્તા સમુચ્ચયને કેમ ભૂલી શકાય? આમ લખવા બેસું તો લાંબી યાદી થઈ જાય.

આ ઉપરાંત ચરિત્ર સાહિત્ય પઉમચરિત્ર, સુરસુંદરી ચરિત્ર, જંબૂચરિત્ર, રયણચૂડરાય ચરિત્ર, પાસનાહચરિત્ર, મહાવીર ચરિત્ર વગેરે ચરિત્ર કથાનક પર પણ પ્રકાશ પાડી શકાય.

આ રીતે વિચારતા ઘણાં ગ્રંથો એવા છે જેના નામ લોકજીભે ચડ્યા નથી. એના પર સંશોધન કરવામાં આવે તો ઘણાં બધા રહસ્યો ઉજાગર થઈ શકે. આ અંક તો પાસેરામાં પહેલી પૂણી જેવો છે. આ ગ્રંથમાંથી પ્રેરણા મેળવી ગુરુ ભગવંતો આ દિશામાં પગરણ માંડશે, તો શાસનની શ્રેષ્ઠ સેવા થઈ ગણાશે.

❑❑❑

મો. ૯૮૨૧૦૫૦૫૨૭

સૌપ્રથમ ત્રણ લેખો 'શ્રુત સાગરના તીરે' લેખક વૈરાગ્યરતિવિજયજી મહારાજ સાહેબના પુસ્તકમાંથી લેવામાં આવ્યા છે, જેમાં અભ્યાસની રીતિ અને પ્રશ્નો અંગે વિગતે ચર્ચા કરવામાં આવી છે.

# ૧. શાસ્ત્રાભ્યાસની સાચી રીત

શ્રી શ્રેયાંસકુમારે આદિનાથ પ્રભુને પ્રથમવાર જોયા અને તેમને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. આ ઘટનાને કલિકાલસર્વજ્ઞશ્રીએ પ્રેરક ઉપમા આપી પ્રસ્તુત કરી છે. તેમણે લખ્યું છે કે 'धीरिव ग्रन्थदर्शनात्' જેમ ગ્રંથનું દર્શન કરવાથી બુદ્ધિ મળે તેમ પ્રભુના દર્શનથી જાતિસ્મરણ જ્ઞાન થયું. શ્રેયાંસકુમારે ભગવાનના દર્શન દ્વારા પોતાની સુષુપ્ત સ્મૃતિને ઢંઢોળવાનો પ્રયાસ કર્યો, ઊહાપોહ કર્યો. ગ્રંથના દર્શનથી આપણી સુષુપ્ત સ્મૃતિને જાગૃત કરવાની પ્રેરણા મળે છે. વિચારશક્તિ સતેજ બને છે. તેના દ્વારા બુદ્ધિ મળે છે. બુદ્ધિ એટલે નવા વિષયનું જ્ઞાન, શાસ્ત્ર ભગવાન જેવું છે. તેના દર્શનથી બુદ્ધિ પ્રાપ્ત થાય છે.

શાસ્ત્રોનો ભવ્ય વારસો આપણને મળ્યો છે. એક વિષયના અનેક શાસ્ત્રો અને અનેક વિષયવાળું એક શાસ્ત્ર આપણને સહેલાઈથી મળે છે. શાસ્ત્રકારો શાસ્ત્ર શા માટે બનાવે છે? વાંચનારને બોધ થાય એ માટે અને પરંપરાએ મોક્ષ મળે એ માટે. દરેક શાસ્ત્રકાર શાસ્ત્રરચનાનો હેતુ પ્રથમથી જ સ્પષ્ટ કરી દે છે. જેથી વાચક આ ગ્રંથ વાંચવો કે નહીં? તે આસાનીથી નક્કી કરી શકે. શાસ્ત્રકાર એમ ધારતા હોય છે કે વાચક પોતાના ચોક્કસ પ્રયોજન માટે ગ્રંથ વાંચે છે. તેને બોધ મેળવવો છે. તે એક વિષયનો અભ્યાસ કરવા ચાહે છે.

વાંચવું અને અભ્યાસ કરવો એ બે બાબતમાં ફરક છે. રસોઈને જોવી અને ખાવી એ બે વચ્ચે જેટલો ફરક હોય તેટલો ફરક આમાં છે. વ્યક્તિ પાસે લક્ષ્ય હોય તે જરૂરી નથી. અભ્યાસુ કે વિદ્યાર્થી વ્યક્તિ સ્પષ્ટ લક્ષ્ય ધરાવતી હોય છે. શાસ્ત્રકાર જવાબદારી ઉઠાવે છે - બોધની અને વાંચનાર વ્યક્તિ પણ જવાબદાર છે એમ માને છે. અભ્યાસુ વૃત્તિથી થાય તો બોધમાં પરિણમે. વાંચન દ્વારા વિચારોનું ઘડતર થાય છે.

શાસ્ત્ર બે વાત શીખવે છે. શું વિચારવું? અને કેવી રીતે વિચારવું? શાસ્ત્ર બુદ્ધિને કસે છે. કસાયેલી બુદ્ધિ સૂક્ષ્મ બને છે. બોધ સૂક્ષ્મ બુદ્ધિનો પુત્ર છે. આપણે કેટલાં શાસ્ત્ર વાંચીએ છીએ, એ અગત્યનું છે, તે કરતા વધુ અગત્યનું એ છે કે, આપણે શાસ્ત્ર કેવી રીતે વાંચીએ છીએ. શાસ્ત્ર વાંચનના ખરા હેતુને સાર્થક કરવા માટે અસરકારક રીતે વાંચન કરવું જોઈએ. આપણે ત્યાં સ્વાધ્યાય કરવાની પરિપાટીમાં પાંચ પગથિયા છે. વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા, ધર્મકથા, લલિતવિસ્તરા અને ષોડષક

નામના શાસ્ત્રમાં આઠ પગથિયાં દર્શાવ્યા છે. અદ્વેષ, જિજ્ઞાસા, સાંભળવાની ઈચ્છા, શ્રવણ, બોધ (સમજણ), વિચારણા, સ્વીકાર અને આચરણ.

મૂળ મુદ્દો એ છે કે, વાંચન એટલે અભ્યાસ પદ્ધતિસર થવો જોઈએ. જે અભ્યાસ કે જે વાંચન આપણી વિચારશક્તિને નવી દિશા કે ઉંચાઈ આપે તે અસરકારક કહેવાય. અભ્યાસને અસરકારક બનાવવા અને વિચારોને સમીક્ષાત્મકરૂપે વ્યવસ્થિત બનાવવા માટે એક મનોવૈજ્ઞાનિક પદ્ધતિ વિકસિત થઈ છે. આ પદ્ધતિમાં પાંચ પગથિયા છે.

પહેલું છે પૂર્વતૈયારી, પદ્ધતિસરના અભ્યાસને પ્રવાસ સાથે સરખાવી શકાય. પ્રવાસની શરૂઆત લક્ષ્ય નક્કી કરવા દ્વારા થાય છે. ઘરની બહાર નીકળતા પહેલા ક્યાં જવું છે એ નક્કી હોય છે. અભ્યાસ માટે સર્વ પ્રથમ લક્ષ્ય સ્પષ્ટ હોવું જરૂરી છે. અભ્યાસ દ્વારા તમે શું પામવા માંગો છો એ બાબત એકદમ સ્પષ્ટ હોવી જોઈએ. જે ગ્રંથ હાથમાં લો છો તે તેમને તમારા લક્ષ્ય સુધી પહોંચાડવામાં મદદરૂપ થશે કે નહીં? તેનો વિચાર પહેલા કરવો જોઈએ. કેવળ વાંચવા ખાતર વાંચવાથી ખાસ ફાયદો થતો નથી. ગ્રંથનું જે પ્રકરણ તમારા લક્ષ્ય માટે ઉપયોગી છે તેની પર લક્ષ્ય કેન્દ્રિત થવું જોઈએ.

બીજું પગથિયું છે આયોજન. પ્રવાસના બીજા તબક્કામાં સાધનની શોધ આવે છે અને જરૂરતનો સામાન આવે છે. લક્ષ્ય સુધી પહોંચવા માટેનો રસ્તો જાણવો જરૂરી છે. લક્ષ્ય જેટલું મહત્ત્વનું છે તેટલું મહત્ત્વનો છે માર્ગ-નિર્ણય. સરળ, સહેલો અને સુવિધાભર્યો માર્ગ વધુ અનુકૂળ રહે છે એ વળી ટૂંકો હોય તો શ્રેષ્ઠ. અભ્યાસ કરતા પહેલા લક્ષ્યને પામવા માટે કયા ગ્રંથો, કયા વિષયો, કઈ વ્યક્તિઓ મદદરૂપ થશે તે વિચારી લેવું જોઈએ. તમારા લક્ષ્ય સુધી પહોંચવામાં મદદરૂપ થઈ શકે તેવો માનસિક નકશો તૈયાર કરવો જરૂરી ગણાય. આ નકશામાં અધ્યાપક, પંડિતજી, પુસ્તકો, જ્ઞાનભંડાર, સાધનગ્રંથો શબ્દકોશ વગેરે બધું જ આવી જાય.

પ્રવાસનો ત્રીજો તબક્કો છે ચાલવું. આગળ વધવું. અભ્યાસનું હાર્દ વાંચન છે. ગ્રંથ હાથમાં લો અને વાંચો. એક દ્રષ્ટિએ બીજો તબક્કો સરળ લાગે, કેમકે તમારું લક્ષ્ય સ્પષ્ટ છે. ત્યાં સુધી પહોંચવાના સાધન હાથવગાં કે મગજવગાં છે. તમે ક્યાં જઈ રહ્યા છો અને ત્યાં કેવી રીતે પહોંચશો એ સારી રીતે જાણો છો. હવે તમારે તમારી જાણકારીને અમલમાં મૂકવાની છે. તે અઘરૂં છે. તમારે ગ્રંથને જાગૃતપણે વાંચવાનો છે. તેમાં કહેલા વિષય ઉપર વિચારવા માટે અંતરની પ્રેરણાને જાગૃત રાખવાની છે. માત્ર મુખ્ય મુદ્દાઓ જાણી લેવાથી કામ નહીં બને. નાની નાની આનુષંગિક વાતોને પણ ધ્યાનમાં લેવાની છે. ખાસ કરીને અભ્યાસગ્રંથોમાં આ બાબત ખ્યાલમાં રાખવાની. વાર્તાઓ વાંચવાની હોય. અભ્યાસગ્રંથો વાંચવાના હોય અને વિચારવાના હોય. ગ્રંથમાં લખેલા અક્ષર પર નજર ફરે તે અભ્યાસ નથી. શબ્દો વાંચવાના, ચાટવાના, ચાવી જવાના અને છેલ્લે વાગોળવાના. દરેક વાતને પૂર્ણ રીતે સમજવાની કોશિશ કરવી. દરેક કથનનો મર્મ વિચારવાનો.

પહેલા તો ગ્રંથના દરેક પ્રકરણની રૂપરેખા જાણી લેવાની. દરેક પ્રકરણના મુખ્ય વિષયોની વિગત મેળવી લેવાની. તેમાં આપવામાં આવેલા ચિત્રો, કોષ્ટકો વગેરેની ઉપલક માહિતી લઈ લેવી. પછી એક એક પ્રકરણને ક્રમશઃ વાંચતા જવું.

વાંચતી વખતે ચાર બાબતોનું ધ્યાન રાખો. દરેક શબ્દને દરેક વાક્યને કાળજીપૂર્વક વાંચો. દરેક શબ્દને મહત્ત્વ આપો. રસપૂર્વક વાંચો, નિષ્ણાત માનીને વાંચશો તો મરમ નહીં પકડાય, વિચારપૂર્વક વાંચો, વાંચતી વખતે જે પ્રશ્ન ઉઠે તેના જવાબ મેળવવાની કોશિશ કરો. ન સમજાય તો વારંવાર વાંચો. કોશ ગ્રંથ અને સંદર્ભ ગ્રંથોનો છૂટથી ઉપયોગ કરો. જે વાંચી રહ્યા છો તે વિષયનું સતત મૂલ્યાંકન કરો. વિષય સ્પષ્ટ છે કે ગૂંચવાડાવાળો તે નક્કી કરો. સંભવિત ધારણાઓ ઉપર કે વિરોધાભાસ ઉપર વિચાર કરો. વિષય દ્વારા સાબિત થતી ધારણાઓને તમારી બુદ્ધિની એરણ પર ચકાસો. તમારી બુદ્ધિને વિષયની એરણ પર ચકાસો. તમે જે વાંચ્યું છે એ બાબતના પ્રશ્નો સ્વયં તૈયાર કરો. મોટેથી બોલીને જાતને એ પ્રશ્નો પૂછો. જાતે જ તેના જવાબ આપો. સ્વયં પ્રશ્નપત્ર તૈયાર કરી લેખિત પરીક્ષા આપો. (અધ્યયન પરીક્ષાલક્ષી હોય તે ખોટું નથી, ડીગ્રીલક્ષી કે માર્કસલક્ષી હોય તે ખોટું છે.) આનાથી મૂલ્યાંકન દૃઢ થશે. ગ્રંથનો જેટલો ભાગ વાંચી ગયા હો તેનું પુનરાવર્તન કરો. તે વિષય બીજાને ભણાવશો તો આપોઆપ સ્પષ્ટ થશે. કોઈ સહપાઠીને મોઢે સંભળાવી દો. તમને ઉઠેલા પ્રશ્નો તમને મળેલા જવાબ એ બધું જ મોટે મોટેથી બોલીને સંભળાવો.

વાંચન પછી મુખપાઠ ખૂબ અગત્યનો છે, કેમકે વાંચેલું ભૂલી જવાય છે. ગોખેલું યાદ રહે છે. સાધુ-સાધ્વીજી ભગવંતો રાત્રે સૂત્રનો સ્વાધ્યાય કરતા હોય છે તેની સાથે પદાર્થોનો સ્વાધ્યાય પણ કરે તો વધુ લાભ થાય. એક ગાથા અને તેનો અર્થ એ રીતે સ્વાધ્યાય પણ લાભકારી બને. આજે વાંચેલા પદાર્થો રાત્રે મોઢે બોલી જવાના. વાંચેલું લાંબો સમય ભૂલાય નહીં તે માટે ગ્રંથના મૂળ મૂળ પદાર્થોની નોટ બનાવવી. નોટ બનાવવાનો સૌથી મોટો ફાયદો એ છે કે બહુ ઓછા સમયમાં ગ્રંથનું પુનરાવર્તન થઈ શકે છે.

પ્રવાસનો ચોથો તબક્કો છે તમે કેટલું આગળ વધ્યા છો, તે જોતા રહેવું. જે ગ્રંથનો સ્વાધ્યાય થઈ રહ્યો છે. તેમાં તમને કેટલું યાદ રહ્યું ? તમારી વિષયની જાણકારીમાં કેટલો ઉમેરો થયો ? તમે કેટલા નિષ્ણાત બન્યા ? આ રીતે જાતનું મૂલ્યાંકન કરતા રહો. એ ગ્રંથ વિશે સહાધ્યાયીઓ સાથે મુક્તચર્ચા થઈ શકે. પરીક્ષા કે પ્રશ્નપત્ર આ માટેનું શ્રેષ્ઠ માધ્યમ છે. જે વાંચો તેની પરીક્ષા આપો. મૂલ્યાંકન પ્રગતિ માટે અતિ આવશ્યક છે. બનારસમાં પરંપરાગત

રીતે ન્યાય ભણાવાતો. ત્યાં ભણવાની વાદપદ્ધતિ પ્રચલિત હતી. વિદ્યાર્થી વિષય તૈયાર કરે તે ઉપર વાદ રચાય. પૂર્વપક્ષ-ઉત્તરપક્ષ રચાય. ખંડન-મંડન થાય. આ પદ્ધતિ સઘન અને નક્કર અભ્યાસ માટે અનિવાર્ય છે. વાદ પદ્ધતિ દ્વારા વૈચારિક વિકાસ સતત જીવંત રહે છે. કમ સે કમ પૂ. સાધુ સાધ્વીજીઓ આ પદ્ધતિથી એકાદ આગમ કે એકાદ ગ્રંથ તૈયાર કરે તો શ્રુત જીવંત બની મહોરી ઉઠે.

પુનર્વિચાર, પ્રવાસનો છેલ્લો તબકકો ગણી શકાય. સ્વયં રસ્તો શોધવાની ક્ષમતા કેળવવી પ્રવાસનું અંતિમ ફળ છે. તો સ્વયં પદાર્થનિર્ણય કરવાની ક્ષમતા કેળવવી અભ્યાસનું અંતિમ ફળ છે. તમે જે વાંચ્યું છે તેની પર ફરી વિચાર કરો. વાંચન દ્વારા ધારણાઓ બંધાય છે. આ ધારણાઓ સાચી છે કે ખોટી? પૂરી છે કે અધૂરી? તેની ફરીવાર ચકાસણી કરો. તેની તટસ્થ સમીક્ષા કરો. તેની પર ફરી સવાલ ઉઠાવો. ધારણાઓને પડકારવાની, તમે જ્યારે અભ્યાસ કરતા હતા ત્યારે તમારી દ્રષ્ટિ ખીલી છે. આ દ્રષ્ટિ દ્વારા તમારા જ્ઞાનને ફરી એરણ પર ચઢાવવાનું છે. ત્યારપછી જે બોધ થશે તે નક્કર હશે. તમારો બોધ બીજા વિષયોમાં કેવી રીતે મદદરૂપ થાય છે? તે જોવાનું. તમને અનેક વિષયોનું જ્ઞાન છે તેમાં એક વિષયનો ઉમેરો થયો. આ વિષયને ઉમેરી બધા જ વિષયો પર દ્રષ્ટિપાત કરશો તો તમારી નજર સમક્ષ એક નવું અને વિશાળ ચિત્ર ઊભું થશે.

સંસ્કૃતમાં એક ઉક્તિ પ્રચલિત છે. 'एकस्तपो द्विरध्यायी' તપ એકલાએ કરવું, અધ્યયન બે જણે સાથે મળીને કરવું. તેનાથી વધુ લાભ થાય છે. દરેક સંઘમાં અધ્યયન માટે એક ગ્રુપ ઊભું થાય અને પરિણામલક્ષી અધ્યયન થાય તો બે પાંચ વરસમાં સંઘની કાયાપલટ થઈ જાય. મુંબઈ વાલકેશ્વર તીનબત્તીમાં નિયંત્રિત રીતે શાસ્ત્રનું વાંચન કરતો પરિવાર છે. અમેરિકામાં ૧૨-૧૫ વ્યક્તિઓ દર અઠવાડિયે એક દિવસ શાસ્ત્ર વાંચવા એકત્રિત થાય છે. છેલ્લા ત્રીસ વરસથી આ પ્રવૃત્તિ નિયમિત ચાલે છે. આગમોમાં વર્ણવ્યા છે, તેવા 'लद्धट्ठा, गहियट्ठा, पुच्छियट्ठा અને अभिगहियट्ठा।' શ્રાવકો તૈયાર કરવા શ્રમણસંઘે મગજ અને કમર બંને કસીને મહેનત કરવી જોઈએ એવું નથી લાગતું?

❑❑❑

## ૨. શાસ્ત્રપાઠ શુદ્ધિ અંગે શ્રમણ-સંઘનું કર્તવ્ય :૧

**પં**દરસોથી વધુ વર્ષો પહેલાં દેવર્ધિગણિ ક્ષમાશ્રમણની નિશ્રામાં શાસ્ત્રો પુસ્તકારૂઢ થયાં. ત્યારથી શાસ્ત્રોનું કાગળ ઉપર અવતરણ થયું. પહેલાં શાસ્ત્રો તાડપત્ર ઉપર લખાતાં પછી કાગળ ઉપર લખાતાં થયાં. (આ સંદર્ભમાં પૂ. આ. શ્રી પ્રદ્યુમ્નસૂરિજી મહારાજે ''આભના ટકા'' નામના પુસ્તકમાં એક ઐતિહાસિક અને ચમત્કારિક કહી શકાય તેવો પ્રસંગ નોંધ્યો છે. વલભી પાસેના પછેગામમાં સાધુ ભગવંતો વડના ઝાડ નીચે બેસી શાસ્ત્રોનું લેખન કરી રહ્યા હતા. વિશાળ વટવૃક્ષની છાયામાં તાડપત્રનાં હસ્તલિખિત પાનાં સૂકાઈ રહ્યાં હતાં. અચાનક જ દૂરથી વંટોળીયો આવતો દેખાયો. આંખ, હાથ અને કમર તોડી નાંખે તેવી મહેનતથી લખાયેલાં આ પવિત્ર પાનાં પળવારમાં ઊડી જશે એટલું જ નહીં, પણ નાશ પામી જશે, એવી પૂર્વકલ્પનાથી સાધુ ભગવંતો ડરી ગયા. પરંતુ તેમના આશ્ચર્યની વચ્ચે વંટોળીયો દિશા ફેરવીને જતો રહ્યો. શ્રુતના રક્ષાકાર્યમાં ભગવતી શ્રુતદેવતા પણ સહાય કરે છે. સાંભળવા મુજબ શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણની નિશ્રામાં બે કરોડ પાનાં જેટલું લખાણ થયું. શ્રમણસંઘની સ્મૃતિમાં ઉપલબ્ધ બધું જ સાહિત્ય કાગળ પર અવતર્યું. લખવાની પરંપરા ચાલુ થઈ તેથી નવાં શાસ્ત્રોની રચના કરવાની પ્રવૃત્તિને પણ વેગ મળ્યો. નવા ગ્રંથો રચાયા, પૂર્વના ગ્રંથો પર ટીકાઓ બની, શાસ્ત્રોના એકાદ ભાગને વિસ્તારથી પ્રસ્તુત કરતા પ્રકરણો રચાયા. બદલાતી જતી ભાષા સાથે અનુવાદ થયા, પદાર્થ ગર્ભિત સ્તવનો, સજ્ઝાયો રચાયા. લેખનપ્રવૃત્તિ શ્રમણચર્યાનો એક ભાગ બની ગઈ.

પૂ. આચાર્યદેવાદિ મુનિવરો જ્યારે પ્રવચન કરે છે, ત્યારે કોઈ શાસ્ત્રનો આધાર લે છે. એકાદ શ્લોકનો અર્થ સમજાવે છે. તે માટે શાસ્ત્રી પ્રત નજર સામે રાખે છે. હાલ આ પ્રત છાપેલી હોય છે. આ શાસ્ત્રપ્રતનું લખાણ ભૂલભરેલું હોય તો શું થાય? અર્થનો અનર્થ થાય. તે ન થાય એ માટે શુદ્ધ વાંચવા-લખવાનો આગ્રહ રખાતો હોય છે. શુદ્ધ પ્રત એટલે લખાણની દૃષ્ટિએ શુદ્ધ. કોઈપણ છાપેલી પ્રત (શાસ્ત્ર) હાથેથી લખેલી પ્રતના આધારે છપાય છે. હાથેથી લખેલી પ્રતને હસ્તપ્રત કહેવાય છે. શાસ્ત્રો પુસ્તકારૂઢ થયાં તે પછી એક શાસ્ત્રની ઘણી નકલો થવા પામી.

શાસ્ત્રકાર નવો ગ્રંથ રચે તેની પહેલી નકલ જાતે જ ઉતારે. બીજા કોઈ પાસે નકલ કરાવે તો જાતે તપાસી જરૂર લે. ગ્રંથની પહેલી નકલને પ્રથમાદર્શ કહેવાય. શાસ્ત્રકારે સ્વયં લખી કે તપાસી હોવાથી પહેલી નકલ - પ્રથમાદર્શ શુદ્ધ હોય તે સહજ છે. બીજા દ્વારા તેની નકલ થાય ત્યારે તેમાં અશુદ્ધિઓનો પ્રવેશ થવાની સંભાવના વધી જાય. એક જ પ્રતની જુદા જુદા સમયગાળામાં અનેક નકલો લખાય અને લખનાર વ્યક્તિ અક્ષર ઉકેલવામાં નિષ્ણાત ન હોય, હોય તો પણ કોઈ અક્ષર કે શબ્દ બરાબર ન ઉકેલી શકે, તો મૂળ શબ્દ જ બદલાઈ જાય. દા.ત. સ્નિગ્ધ આહાર પિત્તનો નાશ કરે છે. અક્ષર ઠીક રીતે ન વંચાવાને કારણે पित्तघ्नं ની જગ્યાએ पितृघ्न એ પાઠ અસ્તિત્વમાં આવ્યો. નાનકડા ફેરફારથી અર્થનો મહાઅનર્થ થઈ ગયો. स्निग्धं पितृघ्नं નો અર્થ એવો થાય કે, સ્નિગ્ધ આહાર પિતાનો નાશ કરે છે. એક બીજું ઉદાહરણ ત્યાગ શબ્દનો અર્થ

કરવામાં આવ્યો બાંધવ, ધન વગેરેને છોડવા . બાંધવધન આ શબ્દની જગ્યાએ ભૂલથી વધબંધન એવું લખાઈ ગયું. તેનો અર્થ થયો વધબંધન છોડવા તે અપરિગ્રહ છે. ત્યાગ શબ્દનો આ અર્થ નથી. એકસરખા અક્ષરોને કારણે અર્થમાં મોટો ફેરફાર થઈ ગયો. પહેલાંનાં તીર્થંકરોએ બનાવેલું શ્રુત, આ વાત કહેવા શબ્દો વપરાયા प्राकृतनजिनप्रणीत છાપતી વખતે તે ખોટી રીતે ઉકેલાયા, છપાયું प्राकृतजनप्रणीत તેનો અર્થ થાય સાધારણ માણસે બનાવેલું શ્રુત. કેટલો મોટો અનર્થ!

પહેલી વાર અશુદ્ધ પાઠ એક પ્રતમાં લખાય તેના આધારે લખાયેલી તમામ પ્રતોમાં તે અશુદ્ધ પાઠ ઉતરી આવે. તેના આધારે શાસ્ત્ર છપાય તેમાં પણ તે અશુદ્ધિ કાયમ રહે.

શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ પહેલાના યુગમાં શ્રુત કંઠસ્થ રહેતું. પછીના સમયમાં શ્રુત ગ્રંથસ્થ બન્યું. આજથી બસો વરસ પહેલાં મુદ્રણયુગની શરૂઆત થઈ. શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણથી લઈને આજ સુધીનાં પંદરસો વરસમાં અસંખ્ય હસ્તપ્રતો લખાઈ. આ તમામ હસ્તપ્રતોમાં જે અશુદ્ધિઓ રહી ગઈ છે તેનું પરિમાર્જન નથી થયું. છાપેલી પ્રતોમાં પણ એ અશુદ્ધિઓ કાયમ રહી છે જેને કારણે શાસ્ત્રોના પરમાર્થને સમજવામાં પારાવાર મુશ્કેલી પડે છે. વ્યક્તિગત સ્તરે વિદ્વાન સંશોધકોએ શાસ્ત્રોના શુદ્ધ અને પ્રામાણિક સંસ્કરણો પ્રકાશિત કર્યા છે પરંતુ આ માટે સાર્વત્રિક કે સામુહિક પ્રયાસ થયા હોય તેવું જાણમાં નથી. એથી આ અંગે થોડો વિચાર કરવો પ્રસ્તુત ગણાશે.

શાસ્ત્રો પુસ્તકારૂઢ થયાં ત્યારે શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ સમક્ષ એક જ સૂત્રની અલગ અલગ વાંચનાનો પ્રશ્ન આવ્યો હશે તે સમયે જેને જે શાસ્ત્ર યાદ હતા તે રજૂ કર્યા હશે. એક જ સૂત્ર કે એક જ ગાથા ઘણી વ્યક્તિએ યાદ રાખી હોય ત્યારે થોડા શાબ્દિક ફેરફાર થઈ ગયા હોય. એક જ સૂત્ર કે એક જ ગાથાના બે અલગ અલગ પાઠ નજર સામે આવ્યા હશે. આ સ્થિતિમાં સાચો બંધબેસતો અને અર્થસંગત પાઠ નક્કી કરવાનું કપરું અને જવાબદારીભર્યું કામ શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણે કર્યું.

શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણે કેવળ શાસ્ત્રોના ઉતારા નથી કરાવ્યા તેમણે એક હજાર વરસમાં પ્રવેશી ગયેલી અશુદ્ધિઓનું પરિમાર્જન કરી પ્રામાણિક વાંચના આપી.

શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ પછીના પંદરસો વરસના લેખનયુગમાં પણ ઘણી અશુદ્ધિઓ પ્રવેશી. મુદ્રણયુગ શરૂ થયો ત્યારે આ અશુદ્ધિઓનું પરિમાર્જન કરવાની જરૂર ઊભી થઈ. લેખનયુગમાં અશુદ્ધિઓનું ક્ષેત્ર સીમિત હતું. જે પ્રત અશુદ્ધ લખાઈ તેમાં એકમાં અશુદ્ધિ આવતી. મુદ્રણયુગમાં તે અશુદ્ધિ એક હજાર પ્રત સુધી પહોંચી ગઈ. સાથે એ હકીકત પણ સ્વીકારવી જ પડશે કે લેખનયુગમાં અશુદ્ધિઓનું પરિમાર્જન કરવાનો અવકાશ બહુ જ ઓછો હતો. કોઈ અધિકારી વ્યક્તિ વાંચે અને ભૂલ સુધારે તો પણ એકાદ પ્રત શુદ્ધ થાય, બાકીની પ્રતો તો એમ જ રહી જાય. અહીં મુદ્રણની તરફદારી કરવાનો ઈરાદો નથી. હકીકત તરફ ધ્યાન દોરવાનો આશય છે. શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણે કેવળ વાંચનાના ઉતારા કરાવ્યા હોત તો અનવસ્થા સરજાત. તેમણે તેમ થવા દીધું નહીં. લેખનયુગની શરૂઆતમાં શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણે પાઠશુદ્ધિ અને માન્ય વાંચના તૈયાર કરી. તેમ મુદ્રણયુગની શરૂઆતમાં પણ થવું જોઈતું હતું. તે ન થઈ શક્યું. તેથી અશુદ્ધિઓની અનવસ્થા વ્યાપક બની.

મુદ્રણયુગની શરૂઆત આશરે બસો વરસથી થઈ. આ સમયે શ્રી સંઘ વાંચના તૈયાર કરી શકે એ સ્થિતિમાં ન હતો. મધ્યકાળમાં ચારસો વરસ મુસ્લિમો અને પોણાબસો વરસ અંગ્રેજોના શાસનકાળમાં બધા જ જ્ઞાનભંડારો અસ્તવ્યસ્ત થઈ ગયા હતા. (દેશનું વિભાજન થયું ત્યારે પાકિસ્તાનમાં એક જ્ઞાનભંડાર રહી ગયો હતો. પચાસ વરસ પછી તે ભારત પાછો આવ્યો. આજે દિલ્હીની ભોગીલાલ લહેરચંદ ઈન્સ્ટિટયૂટમાં છે.) કોઈ જ્ઞાનભંડારનું સૂચિપત્ર વ્યવસ્થિત ન હતું. કયા ભંડારમાં કઈ પ્રત છે તે પણ જાણી શકાતું નહીં. પ્રતો ચોરાઈ જવાની ઘટના બનતી તેથી સંચાલકો પ્રત આપતા નહીં. વાહનવ્યવસ્થા હતી નહીં. મહારાજ સાહેબોની સંખ્યા અતિઅલ્પ હતી. યુવાશ્રમણો નહીવત્ હતા. સંપાદન અને સંશોધન ક્ષેત્રે પ્રગતિ થઈ ન હતી. સંપર્કના સાધનો ન હતા તેથી અરસપરસ વિચારોનું આદાનપ્રદાન થઈ શકતું નહીં. શ્રાવકવર્ગ પણ સંપન્ન કહી શકાય નહીં. સમગ્રતયા જૈનસંઘનો સંઘર્ષકાળ હતો. આ સ્થિતિમાં શ્રમણ સંઘ એકત્રિત થાય, બધાં શાસ્ત્રોની બધી જ પ્રતો એકઠી થાય, તેનો સર્વગ્રાહી અભ્યાસ થાય, સર્વમાન્ય વાચના તૈયાર થાય, તેનો સાર્વત્રિક પ્રચાર થાય એ અશક્યપ્રાય હતું.

ધીમે ધીમે સારો અને અનુકૂળ કાળ આવ્યો. મુદ્રણક્ષેત્રે ક્રાંતિ આવી. લેખનયુગના વળતા પાણી થયા. શાસ્ત્રો છપાયાં પણ લેખનયુગમાં પ્રવેશેલી અશુદ્ધિઓની સમસ્યા હલ ન થઈ. થોડા વિદ્વત્પુરુષોએ ઉપલબ્ધ અલ્પ સામગ્રીના આધારે શુદ્ધ સંપાદનો આપ્યા. આ સંપાદનો જ આજે માન્ય અને આદરણીય ગણાય છે. તેમણે જ સુરક્ષા, સૂચિકરણ જેવી પાયાની બાબતો માટે પારાવાર મહેનત કરી.

ગઈકાલની અપેક્ષાએ જૈનસંઘની આજ બહુ જ ઉજળી છે. વિદ્વાન સાધુઓની સંખ્યા સારી છે. યુવા શ્રમણોની શક્તિ પણ આ તરફ રુચિ ધરાવે છે. વિશેષરૂપે શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયમાં પ્રાચીન હસ્તપ્રતોના આધારે સંશોધન અને સંપાદનના કાર્યો થઈ રહ્યાં છે. જ્ઞાનભંડારો પણ વ્યવસ્થિત છે. ઘણી જહેમતથી જ્ઞાનભંડારોના સૂચિપત્ર તૈયાર થયા છે. જર્મનીની બર્લિન યુનિવર્સિટીમાં કે લંડનની બ્રિટીશ લાયબ્રેરીમાં રહેલી જૈન હસ્તપ્રતોના સૂચિપત્ર આજે આસાનીથી મળે છે. શ્રાવકસંઘ પણ

સંપન્ન અને આ બાબતમાં જાગૃત બન્યો છે. પ્રતો સહેલાઈથી મળી શકે છે. વિચાર-વિનિમય સરળતાથી થઈ શકે છે. બધી રીતે સમય અનુકૂળ છે. અંધકારયુગ પસાર થઈ ગયો છે.

આજે શ્રી સંઘ પાસે ભવિષ્યની પેઢી માટે શાસ્ત્રોના મૂળ અર્થ સુધી પહોંચવાનો રસ્તો તૈયાર કરવાની તક છે. શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણના સમયમાં જે રીતે વર્તમાનમાં ઉપલબ્ધ તમામ શાસ્ત્રોની શુદ્ધ અને પ્રામાણિક વાચના તૈયાર કરવી જોઈએ. તે આ શાસનરક્ષાનું મહાન કામ છે. જો આ કામ થશે તો ભવિષ્યમાં આવનાર ઘણા અનર્થો આપાતોથી તત્કાલીન સંઘ બચી જશે. સંદેહો અને ગેરસમજો ઉભી થવાને અવકાશ નહી રહે. આ શકવર્તી કાર્યથી વિક્રમની ૨૧મી સદી ઈતિહાસમાં અમર સ્થાન પામશે. આ વાત લખવી સહેલી છે. પણ અમલમાં લાવવી અઘરી છે. તે વાત સાચી, પરંતુ આશયની સચ્ચાઈ, આયોજનમાં દીર્ઘદ્રષ્ટિ અને અમલમાં દ્રઢ નિષ્ઠા હોય તો કોઈ કામ અશક્ય નથી. આ સ્વપ્ન સાકાર કઈ રીતે થઈ શકે તે વિષે આવતા લેખમાં વિચારીશું.

❑❑❑

# ૩. શાસ્ત્ર-પાઠ શુદ્ધિ અંગે શ્રમણ-સંઘનું કર્તવ્ય : ૨

કોઈપણ વિરાટ યોજનાને સાકાર કરવા ત્રણ બાબતો જરૂરી છે. એક, પૂર્વતૈયારી, બે, આયોજન. ત્રણ, આકલન. પૂર્વતૈયારી પહેલું ચરણ છે. તેમાં સર્વપ્રથમ નિર્ધારિત યોજનાની રૂપરેખા તૈયાર કરવામાં આવે. યોજના માટે કઇ સામગ્રી જોઈશે, કેટલા પ્રમાણમાં જોઈશે, આ સામગ્રી ક્યાંથી મળી શકશે, આ કાર્ય કરવા કેટલું માનવબળ જોઈશે, કેવા પ્રકારનું જોઈશે, આ યોજના સાકાર કરવા માટે કેટલું ધન જોઈશે, કેવા પ્રકારની બૌદ્ધિક સંપદા જોઈશે, કાર્ય કેવી રીતે કરવું છે, કેટલા સમયમાં કરવું છે. વગેરે તમામ બાબતોની ઝીણી ઝીણી વિગતો એકત્રિત કરવામાં આવે. તૈયાર થયેલી રૂપરેખા મુજબ સાધનસામગ્રી માનવસંપદા, બૌદ્ધિક સંપદા અને ધનસંપદા એકત્રિત કરવી, એ પણ પૂર્વતૈયારીનો જ એક ભાગ છે. આયોજન બીજું ચરણ છે - યોજનાને કાર્યાન્વિત કરવા માટે કામ કરવાની પદ્ધતિ નક્કી કરી તે મુજબ કામ કરવું. આકલન, ત્રીજું ચરણ છે. નિર્ધારિત સમયમાં નિર્ધારિત કામ થાય છે કે નહીં તે તપાસતા રહેવું. આગામી લક્ષ્યો નક્કી કરવા.

પ્રસ્તુત યોજનાનું લક્ષ્ય છે- વર્તમાનમાં ઉપલબ્ધ તમામ શાસ્ત્રોની શુદ્ધ અને પ્રામણિક વાચના તૈયાર કરી ભવિષ્યની પેઢી સુધી પહોંચાડવી. આ એકલદોકલ વ્યક્તિનું કાર્ય નથી. સંઘનું કાર્ય છે. તેની મુખ્ય જવાબદારી શ્રમણસંઘની. તેમાં વિશેષતઃ સૂરિભગવંતોની છે, કેમકે શાસ્ત્રો સૂરિભગવંતોની સંપદા છે. વર્તમાનમાં વિચરતા તમામ સૂરિભગવંતો આ કાર્યની અગત્યતા સમજીને સંઘને પ્રેરિત કરે. તેઓ સ્વયં શાસ્ત્રોની સંપદાને સાચવવાની જવાબદારી લેવા આગળ આવે. ભૂતકાળમાં જ્યારે પ્રતિમા અને પ્રત ઉપર આક્રમણ થયાં ત્યારે આચાર્ય ભગવંતોએ સ્વયં ખભા ઉપર પ્રતોના કોથળા ઊપાડી શ્રુતને સુરક્ષિત રાખ્યું છે. આજે તેવું કષ્ટ ઉઠાવવાનું નથી. બસ પૂર્વ સૂરિઓએ કરેલી મહેનતને વ્યર્થ જતી બચાવવાની છે. તેમણે આપણા સુધી શ્રુત પહોંચાડીને પોતની જવાબદારી નિભાવી, આપણે આવનારી પેઢીને તે વારસો વ્યવસ્થિત સ્વરૂપમાં પહોંચાડવાનો છે.

આ લક્ષ્યને નજર સામે રાખીને ચતુર્વિધ સંઘ મચી પડે તો ત્રીસ વરસમાં આ યોજના સાકાર થઈ શકે છે. ત્રીસ વરસ બહુ લાંબો સમય લાગે, પણ અઢાર હજાર ચારસો ત્રેસઠ વરસ સામે સાવ ટૂંકો ગણાય. ત્રીસ વરસની આપણી મહેનત અને અઢાર હજાર ચારસો ત્રેસઠ વરસ સલામત. ભવિષ્યના સમયમાં બુદ્ધિશક્તિનો હ્રાસ થશે, શાસ્ત્રો નાશ પામતા રહેશે પરંતુ જે શાસ્ત્રો રહેશે તે શુદ્ધ સ્વરૂપમાં રહેશે. આ નાનોસૂનો લાભ નથી. જો આ કામ નહીં થાય તો શાસ્ત્રો વધુ અશુદ્ધ અને વિકૃત બની જશે તેના દ્વારા જે નુકસાન થશે તેના જવાબદાર આપણે હોઈશું.

પ્રસ્તુત યોજનાને સાકાર કરવા શું શું થઈ શકે તેનો વિચાર કરીએ. સર્વપ્રથમ આ કાર્યનું નેતૃત્વ કરી શકે તેવા સૂરિભગવંતોની સમિતિ બને. શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયમાં હાલ અઢારસો પચાસ સાધુ ભગવંતો છે. તેમાંથી પ્રાચીન લિપિને ઉકેલી શકે તેવા મુનિ ભગવંતોને આ કાર્ય માટે નિયુક્ત કરવા જોઈએ. શક્તિસંપન્ન મુનિવરોને પ્રાચીન લિપિની તાલીમ આપી તૈયાર કરવા જોઈએ. મુનિ ભગવંતો દરેક પ્રાકૃત ભાષાનો, સંસ્કૃત વ્યાકરણનો અને મધ્યકાલીન ગુજરાતી ભાષાનો બોધ ધરાવતા હોવા જોઈએ. પ્રાચીન લિપિના પરિચય અને તાલીમ કેવળ પંદર દિવસમાં પ્રાપ્ત કરી શકાય છે. આવા ત્રણસો મુનિ ભગવંતો જોઈએ. (એટલે કે લગભગ વીસ ટકા અહીં માત્ર સાધુ ભગવંતોની જ ગણતરી કરી છે. સડસઠસો પચાસ સાધ્વીજી ભગવંતોની ગણતરી કરી નથી.) તેમના નાના નાના ગ્રુપ બને. એક એક ગ્રુપને એક એક શાસ્ત્રના પાઠભેદ નોંધવાની જવાબદારી સોંપવામાં આવે. મુનિ ભગવંતોની દૈનંદિન સાધના અને વિહારચર્યા તેમજ વ્રતમર્યાદા જોતાં આ યોજનાનો ભાર કેવળ મુનિભગવંતોના ખભે નાંખી શકાય નહિ. તે માટે ગૃહસ્થોને પણ તૈયાર કરવા રહ્યા.આગમ સિવાયના શાસ્ત્રોના પાઠભેદની નોંધ તેઓ કરે. આમ પણ પંદર હજાર શાસ્ત્રોના દસ કરોડ પાનાનાં સંશોધન માટે ત્રણસો મુનિ ભગવંતો ઓછા પડે. ઉપર કહી તેટલી યોગ્યતા ધરાવતા પાંચસો પંડિતો આ કામ માટે રોકવા જોઈએ. હસ્તપ્રતોની જાળવણી માટે સરકારી સ્તરે જાગૃતિ આવી છે તેથી આ ક્ષેત્રમાં તૈયાર થયેલા પંડિતોની ઉપલબ્ધિ અશક્ય નથી.

ભારતમાં અને વિદેશમાં જ્યાં જ્યાં પ્રાચીન હસ્તપ્રતો છે તેના

સૂચિપત્રો એકત્રિત થાય. જૈન જ્ઞાનભંડાર સિવાય બીજા કેટલાય સંગ્રહો છે જેમાં જૈન હસ્તપ્રતો છે, તેમાંના મોટા ભાગની તો આપણને ખબર જ નથી. સંપાદનકર્તા વિદ્વાન પૂજ્યો પણ ગણ્યાગાંઠ્યા જૈન જ્ઞાનભંડારો સિવાય હસ્તપ્રતોની તપાસ કરતા નથી. નેશનલ મેન્યુસ્ક્રીપ્ટ મિશનના આંકડા મુજબ અત્યારે વિશ્વમાં એક કરોડ જેટલી હસ્તપ્રતો છે. તેમાંથી પચાસ લાખ હસ્તપ્રતો વિશે અધિકૃત માહિતી મળી શકે છે. જૈન જ્ઞાનભંડારોમાં દસ લાખ જેટલી હસ્તપ્રતો છે. ભારત સરકાર હસ્તક પચાસ જેટલા મુખ્ય કેન્દ્રો છે જ્યાં હસ્તપ્રતો છે. આ કેન્દ્રો પૂરા ભારતમાં ફેલાયેલા છે. આ દરેક સ્થળે પૂરી તપાસ કરીને એક એક શાસ્ત્રની જેટલી હસ્તપ્રતો છે તે મેળવી દરેક ગ્રુપને આપવામાં આવે. આ માટેની મહેનત શ્રાવકો કરે. મુનિવરો વિહારમાં હોય તે દરમિયાન પણ તેમનો ગ્રુપ સાથે સંપર્ક રહે અને તેમને જરૂરી સંશોધન સામગ્રી મળી રહે તેવો પ્રબંધ શ્રાવકો દ્વારા થાય. પંડિતો એક જ જગ્યાએ રહીને કામ કરી શકે તેવી વ્યવસ્થા ગોઠવાય. વલભીમાં આવી વ્યવસ્થા હતી તેથી જ વલભી વિદ્યાપીઠ આંતરરાષ્ટ્રીય સ્તરે વિખ્યાત હતી. એ જમાનામાં વલભીમાં ત્રણ હજાર બૌદ્ધ સાધુઓ રહેતા હતા. વલભી પૂર્ણપણે જૈન વિદ્યાપીઠ હતી.

જૈન જ્ઞાનભંડારોમાં જે દસ લાખ જેટલી હસ્તપ્રતો છે તેમાં બધાં આપણા શાસ્ત્રો નથી બીજાં ધર્મના શાસ્ત્રો પણ છે. આપણા શાસ્ત્રો સિત્તેર ટકા ગણીએ તો સાત લાખ થાય. ગુજરાતી સ્તવન-સજ્ઝાયની બાલાવબોધની પ્રતો પણ ન ગણીએ. તો ચાર લાખ પ્રતો જોવાની રહે. એક પ્રતના અંદાજે બસો પાના ગણીએ, તો ચાર લાખ પ્રતના આઠ કરોડ પાનાં થાય. ત્રીસ વરસમાં ત્રણસો મુનિભગવંતો અને પાંચસો પંડિતોએ આઠ કરોડ પાનાં તપાસવાના હોય તો એક વરસમાં એક જણને ભાગે ત્રણ હજાર ત્રણસો તેત્રીસ પાના તપાસવાના આવે. રોજના સરેરાશ નવ કે દસ પાનાં તપાસવાના થાય. આ લક્ષ્યાંક અઘરો કે અશક્ય નથી.

એક સર્વેક્ષણ પ્રમાણે બધું મળીને પંદર હજાર શાસ્ત્રો ઉપલબ્ધ છે. એક વરસમાં પાંચસો શાસ્ત્રોની વાચના તૈયાર થાય. અહીં દર્શાવેલા તમામ આંકડા અંદાજિત છે. કાર્ય કરવા માટે નિષ્ણાતો દ્વારા ચોક્કસ આંકડા સાથેના પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરાવવો પડે. સમગ્રપણે આ યોજનાની પૂર્વતૈયારી માટે ત્રણ વરસ લાગે. એટલે વિ.સં. ૨૦૭૦ માં કામ ચાલુ થાય અને વિ.સં. ૨૧૦૦ માં પૂર્ણ થાય. વિક્રમની બાવીસમી સદીનો સૂર્યોદય આ ઐતિહાસિક કાર્યનો સાક્ષી બને. આ તો એક સપનું છે. કેટલાંક સપનાં જોતા રહેવાનો પણ અલગ આનંદ હોય છે.

એકી સાથે એકદમ પંદર હજાર શાસ્ત્રોનું શુદ્ધિકરણ અઘરું લાગતું હોય તો શરૂઆતમાં સો કે દોઢસો મુખ્ય મુખ્ય શાસ્ત્રો પસંદ કરી તેનું શુદ્ધિકરણ કરવાનું લક્ષ્ય બનાવવું. આગમો, પ્રકરણ ગ્રંથો, તત્ત્વાર્થ સૂત્ર, સૈદ્ધાંતિક ગ્રંથોનું ચયન કરી તેમનું શુદ્ધિકરણ કરી શકાય. તેનો આડ-ફાયદો એ પણ થશે કે આપણી પાસે કેટલા ગ્રંથો ઉપલબ્ધ છે? તેમની કેટલી હસ્તપ્રતો છે? તેમના કેટલા મુદ્રણો થયા છે? તેની પણ માહિતી મળી શકશે. આ રીતે જે શાસ્ત્રો તૈયાર થાય, તેની સૂરિ ભગવંતોની સમિતિ સંશોધનાત્મક સમીક્ષા કરે. સમીક્ષિત વાચનાને આખરી સ્વરૂપ અપાય. આમ વાચના તૈયાર થતી રહે. સમીક્ષિત વાચના તૈયાર કરતી વખતે પાઠભેદ અંગે બે સૂરિ ભગવંતો વચ્ચે દ્રષ્ટિભેદ થવાની સંભાવના નકારી ન શકાય. તેનું નિરાકરણ કરવાના માર્ગ પણ વિચારી લેવાય. આ વિષયના નિષ્ણાત પંડિતોની મંદદ લઈ શકાય. અથવા તરીકે તે પાઠને સમાવી શકાય. કંઈ જ ન થાય તો છેલ્લે મતભેદના સ્થાનોનો ઉકેલ ભવિષ્ય માટે અનામત રાખવામાં આવે.

સંશોધન અને સંપાદન ક્ષેત્રે અધિકારી ગણાતા વિદ્વાન મુનિભગવંતો કે ગૃહસ્થો દ્વારા થયેલાં પ્રકાશનો બહુધા શુદ્ધ વાચના ધરાવે છે. તે વાચનાને વ્યક્તિગતરૂપે દરેક જણ પ્રમાણભૂત ગણે છે પણ તેને સંઘની પૂર્ણ અને સત્તાવર સંમતિ મળી નથી. સકલ સંઘવતી સૂરિ ભગવંતોની સમિતિ તેને પ્રમાણિત કરે. જરૂર જણાય તો તેની પુનઃસમીક્ષા કરી શકાય.

આ સમયગાળામાં થયેલા આટલા સૂરિ ભગવંતોએ આટલા શાસ્ત્રોની સમીક્ષિત વાચના આટલી હસ્તપ્રતો જોઈને પોતાના ક્ષયોપશમાનુસાર પ્રમાણિક કરી છે. આગામી પરંપરામાં ગીતાર્થ તેમજ પ્રજ્ઞાવંત સૂરિ ભગવંતોને આ સિવાયની હસ્તપ્રતો મળે અથવા તેમના વિશિષ્ટ ક્ષયોપશમાનુસાર સાચો પાઠ ગ્રાહ્ય જણાય, તો તેઓ તત્કાલીન ગીથાર્થ સૂરિ ભગવંતોની સંમતિ મેળવી શુદ્ધિ કરી શકે છે. આ પ્રકારનું નિવેદન કરી શકાય.

સવાલ થઈ શકે કે, વાંચવામાં સરસ દેખાતી આ યોજના વ્યવહારમાં ઉતરી શકે ખરી? શું આટલા બધા શાસ્ત્રોના પાઠભેદ નોંધવા સંભવિત છે - જવાબ છે હા, વાલ્મિકીનું રામાયણ અને વ્યાસના મહાભારતની સંશોધિત આવૃત્તિ પ્રગટ થઈ. તેમાં સાતસોથી આઠસો પ્રતોનો આધાર લેવામાં આવ્યો છે. દરેક પ્રતના ઝીણા પાઠભેદ નોંધવામાં આવ્યા છે. આ કામ બ્રાહ્મણ પંડિતોએ કર્યું છે. પોતાની આજીવિકા ચલાવવી, સંબંધો સાચવવા, પારિવારિક જવાબદારી નિભાવવી જેવા જીવનાવશ્યક કામ કરવા ઉપરાંત તેમણે આ ભગીરથ કાર્ય કર્યું છે. આજથી પચાસ વરસ પહેલા આ કામ કરવા માટે સાધનો પણ સીમિત હતા. મુદ્રણકાર્ય કઠિન હતું. છતાં આ કાર્ય થઈ શક્યું, તો આજે કેમ ન થઈ શકે?

❑❑❑

શ્રુતસાગર તીરે પુસ્તક-લેખક-વૈરાગ્યરતિવિજયજી મ.સામાંથી સાભાર, પ્રકાશક શ્રુતભવન, પુણે.

# स्थानांग सूत्र : एक परिचय

साध्वी निर्वाणश्री

जैन आगम साहित्य में अंग साहित्य का अपना विशिष्ट स्थान है। स्थानांग (ठाणं) सूत्र तृतीय अंग है। विषय प्रतिपादन की द्रष्टि से इसका स्थान महत्त्वपूर्ण है। इसमें लगभग १२०० विषयों का विस्तार लाखों तक चला जाता है। इस ग्रंथ की समग्र विषय वस्तु दस स्थानों (अध्यनों)में विभक्त है। संख्या क्रम के आधार पर एक-एक विषय को वर्गीकृत किया गया है। यथा एक स्थान में एक-एक विषयों की सूची है। दूसरे स्थान में दो-दो विषयों का समाहार है। इसी प्रकार दस तक की संख्या के क्रम से विषयों का संकलन है। बौद्धपिटक 'अंगुत्तर निकाय' एवं इसकी प्रतिपादन शैली में काफी साम्य है।

इस आगम की रचना का मुख्य उद्देश्य संख्या के अनुपात से एक द्रव्य को अनेक विकल्पों से विश्लेषित करना है। यथा प्रत्येक शरीर की द्रष्टि से जीव एक है। संसारी और मुक्त इस अपेक्षा से उसके दो भेद हैं। अथवा ज्ञान चेतना एवं दर्शन चेतना की द्रष्टि से वह द्विगुणात्मक है। कर्म चेतना, कर्मफल चेतना एवं ज्ञान चेतना की द्रष्टि से वह त्रिगुणात्मक है। अथवा उत्पाद, व्यय, ध्रौव्य युक्त होने से वह त्रिगुणात्मक है। गति चतुष्ट्य के कारण वह चार प्रकार का है। उदय, उपशम, क्षय, क्षयोपशम एवं पारिणामिक भाव की अपेक्षा वह पंच गुणात्मक है। वह छहों दिशाओं में गमन करता है। अतः षड्विकल्पात्मक है। उसे सप्तरंगी से विश्लेषित करने पर वह सात प्रकार का है। आठ कर्मों से युक्त होने से उसके आठ विकल्प किए गए है। पांच स्थावर एवं तीन विकलेन्द्रिय तथा पंचेन्द्रिय में उत्पत्ति धर्मा होने के कारण वह नवधा है। द्विविध वनस्पति काय तथा सभी कायों में उत्पतिधर्मा होने के कारण उसके दस प्रकार हैं। प्रत्येक अध्ययन का संक्षिप्त विवरण इस प्रकार है -

प्रथम स्थान - एक की संख्या के आधार संग्रह नय की द्रष्टि से वस्तु तत्त्व का निरुपण किया गया है। इस अध्ययन का मुख्य प्रतिपाद्य तत्त्ववाद (द्रव्यानुयोग) है। कुछ सूत्र आछार (चरणकरणानुयोग) से संबंधित हैं। भगवान महावीर अकेले परिनिर्वाण को प्राप्त हुए, इस ऐतिहासिक तथ्य की सूचना प्रस्तुत अध्ययन से प्राप्त होती है। कालचक्र और ज्योतिषचक्र से संबंधित सूत्र भी इसमें उपलब्ध हैं।

द्वितीय स्थान - प्रस्तुत अध्ययन में दो की संख्या से संबध्द विषयों का प्रतिपादन है। जिन दर्शन द्वैतवादी दर्शन है। वह चेतन और अचेतन दोनों को मूल तत्त्व के रुप में स्वीकार करता है। इसमें द्वैत के साथ अद्वैत की सापेक्ष संगति को स्वीकार किया गया है। जागतिक और चैतसिक समस्याओं के संदर्भ में भगवान महावीर का मौलिक चिंतन प्रस्तुत अध्ययन में प्राप्त होता है। उनका अभिमत है - हिंसा और परिग्रह की वास्तविकता को नहीं जानता वह न धर्म सुन सकता है न बोधि को प्राप्त कर सकता है और न ही सत्य का साक्षात्कार कर सकता है। हिंसा और परिग्रह का त्याग करने पर ही व्यक्ति सही अर्थ में धर्म को सुनता है, बोधि प्राप्त करता है और सत्य का अनुभव करता है। दार्शनिक द्रष्टि से भी इस अध्ययन का मूल्य है। इसमें प्रमाण जो स्वरुप प्रतिपादित हुआ है, वह नंदी सूत्र की अपेक्षा अधिक प्राचीन प्रतीत होता है। प्रत्यक्ष के दो प्रकार निर्दिष्ट हैं - केवलज्ञान प्रत्यक्ष और नो केवलज्ञान प्रत्यक्ष। यह अध्ययन चार उद्देशकों में विभक्त है।

तृतीय स्थान - चार उद्देशकों में वर्गीकृत इस अध्ययन में तीन की संख्या से नाना विषयो का संकलन किया गया है। तात्त्विक विषयों केर साथ साहित्यिक एवं मनोवैज्ञानिक विषयों का समावेश ग्रंथकार की बहुश्रुतता को अभिव्यक्त करता है। मनुष्य के तीन प्रकार - सुमनस्क, दुर्मनस्क और तटस्थ नाना मनोभूमिकाओं के संसूचक हैं। यह मनोभूमिका नाना प्रवृत्तियों के साथ देखी जा सकती है। यथा - सात्त्विक, हित और मित भोजन करनेवाले खाने के बाद सुख का अनुभव करते हें। अहितकर और मात्राधिक भोजन करनेवाले भोजन के बाद दुःख का अनुभव करते हैं। अहितकर और मात्राधिक भोजन करनेवाले भोजन के बाद दुःख का अनुभव करते हैं। साधक भोजन के बाद सुख-दुःख का अनुभव नहीं करतो, अपितु वह तटस्थ बने रहते हैं। कुछ प्राकृतिक विषयों का संकलन भी प्रस्तुत अध्ययन में किया गया है। अतिवृष्टि और अल्पवृष्टि के हेतु परिगणित हैं। व्यवसाय के आलापक में लौकिक, वैदिक और सामयिक तीनों व्यवसायों का निरुपण है। वैदिक व्यवसाय के अंतर्गत तीन वेद- ऋग्वेद, यजुर्वेद और सामवेद का उल्लेख हे। अथर्ववेद इन तीनों से उद्घृत है। इस प्रकार अनेक सूचनाएं भी इस अध्ययन में वर्णित हैं।

चतुर्थ स्थान - चार की संख्या से संबंध्द चार उद्देशकों में विभक्त प्रस्तुत अध्ययन में अनेक विषयों की चतुर्भंगियां हैं। अनेक व्यावहारिक वस्तुओं के आधार पर मनुष्य की सूक्ष्म मनोदशा का विश्लेषण किया गया है। कुछ वृक्ष मूल में सीधे रहते हैं, परंतु ऊपर जाकर वे टेढ़े बन जाते हैं और कुछ सीधे ही ऊपर बढ़ जाते हैं। कुछ वृक्ष मूल में भी सीधे नहीं होते और ऊपर जाकर भी सीधे नहीं रहते हैं। व्यक्तियों का स्वभाव भी इसी प्रकार होता हैं। कुछ व्यक्ति ह्रदय से सरल होते हुए भी व्यवहार में कुटिलता करते हैं। कुछ मन में सरलता न होने पर भी परिस्थितिवश उसका दिखावा करते हैं। कुछ व्यक्ति अंतर में कुटिल होते है और व्यवहार में भी कुटिलता दिखाते हैं। भगवान महावीर सत्य के महान साधक थे। प्रस्तुत अध्ययन में उनकी सत्य - संधित्सा के निदर्शन इस रुप में प्राप्त हैं -

★ कुछ पुरुष वस्त्र का त्याग कर देते हैं, पर धर्म का त्याग नहीं करते।
★ कुछ पुरुष धर्म का त्याग कर देते हैं, पर वेश का त्याग नहीं करते।
★ कुछ पुरुष धर्म का त्याग कर देते हैं और वेश का भी त्याग कर

देते हैं।

★ कुछ पुरुष न धर्म का त्याग करते हैं और न वेश का त्याग करते हैं।

सैध्दांतिक विषयों के साथ व्यावहारिक विषयों का विश्लेषण भी प्रस्तुत अध्ययन में किया गया है। वह इस प्रकार है -

★ कुछ पुरुष आम्रप्रलंब कोरक की तरह होते हैं जो सेवा करनेवाले का उचित समय में उचित उपकार करते हैं।

★ कुछ पुरुष तालप्रलंब कोरक की तरह होते हैं जो दीर्धकाल से सेवा करनेवाले का अत्यंत कठिनाई से उचित उपकार करते हैं।

★ कुछ पुरुष वल्लीप्रलंब कोरक की तरह सेवा करनेवाले का शीघ्रता से उपकार कर देते हैं।

★ कुछ पुरुष मेषविषाण कोरक की तरह होते हैं जो केवल मधुरवाणी से प्रसन्न रखना चाहते हैं, पर उपकार नहीं करते हैं।

पंचम स्थान - प्रस्तुत अध्ययन में पांच की संख्या से संबध्द विषयों का संकलन है। तात्त्विक विषयों के साथ-साथ ज्योतिष, भूगोल, योग आदि की सरस शैली में प्रस्तुति की गई है। शुध्दि के पांच स्थानों का जिक्र करते हुए कहा गया - मिट्टी शुध्दि का साधन है। इससे बर्तन आदि साफ किए जाते हैं। पानी से वस्त्र, पात्र आदि की सफाई की जाती है। अग्नि सोना, चांदी आदि को शुध्द करने का साधन है। मंत्र वायुमंडल को शुध्द बनाता है। ब्रह्मचर्य से आत्मा की शुध्दि होती है।

मन की दो अवस्थाएं हैं - स्थिर और चंचल। जल जब स्थिर और शांत होता है तब उसमें वस्तु का प्रतिबिम्ब स्पष्ट देखा जा सकता है। वात, पित्त और कफ के सम (शांत) रहने से शरीर स्वस्थ रहता है। मन की स्थिरता से ही अतीन्द्रिय ज्ञान उपलब्ध होता है। चंचलता उपलब्धि में बाधक है। अभूतपूर्व द्रश्यों को देखने से मन क्षुब्ध हो जाता है अथवा कुतूहलक से मर जाता है तो उपलब्ध अवधिज्ञान भी वापस चला जता है। यदि मन शांत रहा है तो अवधिज्ञान टिका रहता है।

प्रस्तुत अध्ययन में आचार, दर्शन आदि के साथ गणित, इतिहास और परंपरा के विषयों का भी समावेश किया गया है।

बळस्थान - छह की संख्या से संबध्द विषयों का संकलन प्रस्तुत अध्ययन में किया गया है। जैन दर्शन यथार्थवादी दर्शन है। इन्द्रियों से होनेवाली सुखानुभूति यथार्थ है। इंद्रिय सुख सुख नहीं, दु:ख है। यह ऐकांतिक द्रष्टिकोण है। संतुलित द्रष्टि है कि इन्द्रियों से सुख भी मिलता है और दु:ख की अनुभूति भी होती है। इन्द्रिय सुख भले आध्यात्मिक सुख की तुलना में नगण्य हो, पर वह यथार्थ से परे नहीं है। प्रस्तुत अध्ययन में सुख और दु:ख के छह-छह स्थान बतलाए गए हैं।

आत्मवान ज्ञान के आलोक में अपने जीवन पथ को प्रशस्त करता है। विनीत और अनाग्रही हो जीवन को सरल बनाता है। अनात्मवान ज्ञान से अपने आपको मारी भारी बनाता है। विवाद और आग्रह का आश्रय ले अपने अहं को अधिक बढ़ाता है। आत्मवान तपः साधना से आत्मा को उज्ज्वल बनाता है। अनात्मवान उसी तप लब्धि (योगज शक्ति) को प्राप्त कर दुरुपयोग करता है। आत्मवान लाभ होने पर प्रसन्न नहीं होता और अनात्मवान लाभ होने पर सफलता का व्याख्यान करता है। आत्मवान पूजा और सत्कार पा उससे प्रेरणा लेता है। अनात्मवान पूजा और सत्कार से अपने अहं को पोषण करता है।

सप्तम स्थान - प्रस्तुत अध्ययन में सात संख्या से संबध्द विषयों का समाकलन किया गया है। साधना व्यक्तिगत होती है पर जैन शासन में उसे सामुदायिक रुप दिया गया है। जैन तीर्थंकरों ने साधु संघ की व्यवस्था दी। संघ में अनेक गण होते हैं। साधक गण में रहते हुए उसकी व्यवस्था का पालन निष्ठापूर्वक करता है। पर अपेक्षा होने पर गण परिवर्तन के लिए भी स्वतंत्र होता है। प्रस्तुत अध्ययन में गण परिवर्तन के सात हेतुओं का उल्लेख किया गया है। विषयों के वैविध्य के कारण इस अध्ययन में भय एवं दंड के प्रकारों का भी शासकीय पध्दति अथवा दंडविधि की ओर संकेत करती है। दंडनीति के विकास से यह तथ्य उजागर होता है कि व्यक्ति का आत्मानुशासन जितना विकसित होता है दंड व्यवस्था उतनी ही अकिंचित्‌कर होती है और आत्मानुशासन जितना कम है, दंड व्यवस्था का प्रयोग उतना ही अधिक होता है। मनुष्य के व्यक्तित्व को निखारने में काव्य और संगीत का भी विशेष योगदान रहा है। स्वर मंडल का विशद विवेचन इस द्रष्टि से मननीय है। प्रस्तुत अध्ययन में स्वर मंडल का विस्तृत वर्णन है।

अष्टम स्थान - आठ की संख्या से संबध्द इस अध्ययन में कर्मशास्त्र, लोकस्थिति, जीव विज्ञान, आयुर्वेद, ज्योतिष, भूगोल, इतिहास आदि विभिन्न विषयों के संबंध में विश्लेषण किया गया है। मानवीय स्वभाव की दुर्बलता का एक हेतु है माया। जब व्यक्ति माया का समाचरण कर उसे अपना चातुर्य मान लेता है तो स्थिति और भी जटिल हो जाती है। जिसके मन में पाप के प्रति ग्लानि होती है, धर्म के प्रति आस्था होती है, कर्म सिध्दांत में विश्वास होता है वह माया कर प्रसन्न नहीं होता। माया शल्य की तरह चुभन पैदा करती है। व्यवहार में भी उसका फल अच्छा नहीं होता है। परस्पर का संबंध टूट जाता है। अहं वस्तु से नहीं, भावना से जागता है। अहं का दूसरा नाम है मद। प्रस्तुत अध्ययन में आठ मद स्थानों का विवेचन है। उच्च जाति और नीच जाति का विभाजन मद का हेतु है। कुल का भी मद होता है। बल का मद होने पर व्यक्ति सोचता है - मैं कितना शक्तिशाली हूँ। इसी प्रकार रुप, तप, ज्ञान और ऐश्वर्य का मद मनुष्य को भटकाता है। माया और मद दोनों मानसिक विकार हैं। माया की चिकित्सा ऋजुता और मद की चिकित्सा मृदुता के द्वारा संभव है। जैन धर्म में अनेकांत का प्रयोग केवल तत्त्ववाद के क्षेत्र में ही नहीं, आचार और व्यवस्था के क्षेत्र में भी किया गया है। साधक को एकाकी साधना की स्वीकृति तब ही दी जा सकती है जब वह विशिष्ट योग्यता संपन्न हो। योग्यता के आठ मानक बतलाए गए हैं - श्रध्दा, सत्य, मेघा, बहुश्रुतत्व, शक्ति, अकलहत्व, धृति, वीर्य संपन्नता।

नवम स्थान - प्रस्तुत अध्ययन ऐतिहासिक द्रष्टि से महत्त्वपूर्ण है।

इसमें भगवान महावीर के जीवन के अनेक पहलुओं को उजागर किया गया है। गण व्यवस्था के साथ उन व्यक्तियों का नामोल्लेख किया गया, जिन्होंने भगवान महावीर के तीर्थ में तीर्थंकर नामगोत्रकर्म का उपार्जन किया। ते इस प्रकार हैं - श्रेणिक, सुपार्श्व, उदायी, चोहिल अनगार, दृढायु, श्रावक शंख, श्रावक शतक, श्राविका सुलसा, श्राविका रेवती। भगवान महावीर के प्रमुख श्रावक सम्राट श्रेणिक के भव-भवांतरों का निरुपण भी इस अध्याय में किया गया है।

रोगोत्पत्ति के नौ कारणों का इसमें उल्लेख किया गया है। आठ कारण शारीरिक रोगों की उत्पत्ति के हेतु है। इन्द्रियार्थ विकोपन मनोरोगों का मूल है। इन्द्रियार्थ - विकोपन अथवा कामविकार से दस दोष - स्त्री के प्रति अभिलाषा, उन्माद, अकर्मण्यता, प्रलाप, मृत्यु आदि संभव हैं। ब्रह्मचर्य व्रत की परिपालन के लिए नौ उपायों का जिक्र किया गया है। श्रमणकोसतत श्रमशील एवं कष्ट सहिष्णु होना चाहिए। ज्योतिष के संबंध में चंद्रमा के साथ नक्षत्रों की स्थिति तथा शुक्र ग्रहण का उल्लेख किया गया है।

दशम स्थान - एक सौ अठहत्तर सूत्रवाले इस अध्ययन में विषयों की विविधता है। द्रव्य शस्त्र में अग्नि, विष, नमक, स्नेह, क्षार तथा अम्लता आदि हैं तथा भाव शस्त्र के रुप में मन की दुष्प्रवृत्ति, वचन की दुष्प्रवृत्ति, काया की दुष्प्रवृत्ति एवं आसक्ति है। भारतीय संस्कृति में दान की परंपरा अति प्राचीन है। प्रस्तुत सूत्र में दस दान का विवेचन किया गया है। जैन परंपरा में आहार, भय आदि दस संज्ञाएं हैं। संज्ञा के दो अर्थ हैं - संवेगात्मक ज्ञान या स्मृति तथा मनोविज्ञान। इनमें से आठ संज्ञाएं संवेगात्मक है और लोक तथा ओघ दो संज्ञाएं ज्ञानात्मक है। दस प्रकार के धर्मों के साथ दस आश्चर्यों का विवेचन प्रस्तुत अध्ययन में किया गया है। इनमें से चार आश्चर्य (१,२,४,६) भगवान महावीर के समय में हुए तथा शेष अन्य तीर्थंकरों के समय में हुए। शब्दविज्ञान के संबंध में अनेक महत्त्वपूर्ण सूचनाएं प्रस्तुत अध्ययन में प्राप्त होती हैं।

प्रस्तुत सूत्र का वैशिष्ट्य है कि इसमें भगवान महावीर के समकालीन एवं उत्तरकालीन विभिन्न परंपराओं के प्रसंग व तथ्य संकलित हैं। विचारों की विविधता एवं स्वतंत्रता का इतिहास नया नहीं है। भगवान महावीर के समय जमालि ने वैचारिक भिन्नता प्रदर्शित की। उत्तरकालीन परंपरा में कुछ व्यक्ति भिन्नता प्रकट करनेवाले हुए। ऐसे सात व्यक्तियों - निन्हवों का उल्लेख है - जमालि, तिष्यगुप्त, आषाढ, अश्विमित्र, गंग, रोहगुप्त, गोष्ठामाहिल।

स्थानांग सूत्र का वैशिष्ट्य इससे प्रतिध्वनित है कि श्रुतस्थविर 'ठाण समवायधरे' - स्थानांग और समवायांग का धारक होता है। व्यवहार सूत्र में बतलाया गया कि आचार्य, उपाध्याय और गणावच्छेदक का पद उसे ही दिया जा सकता है जो स्थानांग, समवायांग का ज्ञाता हो।

इस ग्रंथ परिचय को जानने का एक ही उद्देश्य है कि हेय, ज्ञेय और उपादेय की त्रिपथगा में अभिस्नात हो बंधनमुक्ति के लक्ष्य की ओर निरंतर बढ़ते रहें। हमारी यात्रा क्षय, उपशम और क्षयोपशम भाव की ओर सतत प्रवर्धमान हो। ❑❑❑

# ભગવતી સૂત્રમાં સ્યાદ્‌વાદ શૈલી - એક વિશ્લેષણ

**મુનિશ્રી જિનાંશચંદ્રજી સ્વામી**

*લીંબડી અજરામર સંપ્રદાયના આચાર્ય શ્રી પ્રકાશચંદ્રજી સ્વામીના શિષ્ય છે. ''જ્ઞાનસાર'' પર Ph.D. કરવા માટે સંશોધન કાર્ય ચાલુ છે.*

ભારતમાં ધર્મ અને દર્શન સહોદર બંધુની જેમ સાથે સાથે રહે છે. જ્યારે પશ્ચિમમાં એ બન્ને અપરિચિત મિત્રની જેમ બે અલગ દિશાના રાહી છે.

જૈન દર્શન વિશ્વનું એક વૈજ્ઞાનિક દર્શન છે. જૈન દર્શને જીવ અને જગતના સંબંધમાં આત્મા અને પરમાત્માના વિષય પર પ્રાણીવિદ્યા, કર્મવિદ્યા અને તર્કવિદ્યાના ક્ષેત્રમાં ગંભીર ચિંતન કર્યું છે અને અનેક નવી ઉપલબ્ધિઓ પ્રાપ્ત કરી છે.

જૈન દર્શન સંબંધી જે સાહિત્ય આજ ઉપલબ્ધ છે એ મુખ્ય રૂપથી ૫ ભાગોમાં વિભક્ત કરી શકાય છે.

૧. આગમ યુગ ૨. અનેકાન્ત સ્થાપના યુગ ૩. પ્રમાણ શાસ્ત્ર વ્યવસ્થા યુગ ૪. નવીન ન્યાય યુગ ૫. આધુનિક યુગ

આગમ યુગની કાલ મર્યાદા મહાવીરના પરિનિર્વાણ અર્થાત વિ.સ. ૪૭૦થી પ્રારંભ થઈને પ્રાયઃ એક હજાર વર્ષ સુધી જાય છે.

**અનેકાન્ત સ્થાપના યુગ :-** ભારતીય દર્શનિક ક્ષેત્રમાં બૌદ્ધદર્શનના પ્રકાણ્ડ પંડિત નાગાર્જુને એક ખુબ મોટી હલચલ પૈદા કરી હતી અને દર્શનિકોમાં અભિનવ ચેતના જાગૃત કરી હતી. નાગાર્જુને જ્યારે આ ક્ષેત્રમાં પ્રવેશ કર્યો અને પોતાની તર્કશક્તિનો પ્રયોગ કર્યો ત્યારથી દર્શનિક વાદ-વિવાદો એવં તત્ત્વચર્ચાને નૂતન પરિવર્તન આપવામાં આવ્યું. પહેલા શ્રદ્ધાની પ્રમુખતા હતી અને હવે શ્રદ્ધાના સ્થાને તર્કની પ્રમુખતા થઈ ગઈ છે. નાગાર્જુને દર્શનિક ક્ષેત્રમાં એક ક્રાંતિકારી પરિવર્તન કર્યું. જૈન દર્શનમાં સિદ્ધસેન દિવાકર અને સમન્તભદ્ર જેવા મહાન તાર્કિક અને દર્શનિક થયા. જૈન દર્શનના મહાન તેજસ્વી અને વર્ચસ્વી આચાર્યોએ શ્રમણ ભગવાન મહાવીરના સમયથી શ્રુત-સાહિત્યમાં જે અનેકાન્તવાદના બીજ વીખરાયેલા હતા તેને અનેકાન્તવાદના રૂપોમાં સ્થિર કરી નિશ્ચિત રૂપ આપ્યું છે. અનેકાન્ત યુગમાં આચાર્ય

સિદ્ધસેન દિવાકર, આચાર્ય સમન્તભદ્ર, આચાર્ય મલ્લવાદી, આચાર્ય સિંહગણી અને પાત્રકેશરી આ ૫ જૈન દર્શનિક આચાર્ય થયા છે. આ યુગમાં જૈનાચાર્યો સમક્ષ ૩ કાર્ય હતા. (૧) પોતાના દર્શનિક ક્ષેત્રો પરિકૃત એવં પરિમાર્જિત કરતાની સાથે તર્ક પ્રધાન બનવું. (૨) બૌદ્ધ આચાર્યોની શંકાઓનું નિરાકરણ કરવું. (૩) વૈદિક પરંપરા તરફથી જે પ્રશ્નો થાય તેના તર્કસંગત ઉત્તર દેવા. જૈન દર્શન સાહિત્યના ઈતિહાસમાં આ ''સ્વર્ણિમ યુગ''ના નામથી વિશ્રુત છે. જૈન પરંપરાના દર્શનિક આચાર્યોએ વિચાર્યું શુન્યવાદ, વિજ્ઞાનવાદ, અદ્વૈતવાદ એવં માયાવાદના જૈન પરંપરાના 'અનેકાન્તવાદ' એવં 'સ્યાદ્‌વાદ' ઉભા થઈ શકે છે અને એના જ આધાર પર આપણે પ્રતિવાદિયોના પ્રતિવાદ કરી પોતાની રક્ષા કરી શકીએ છીએ. આના જ આધાર પર આને અનેકાન્ત સ્થાપના યુગ અથવા અનેકાન્તવાદી યુગ કહેવામાં આવ્યું છે.

**ભગવાન મહાવીરનું સ્વપ્ન :-** ભગવાન મહાવીરને છદ્મસ્થ અવસ્થામાં શુલપાણી યક્ષના ઉપદ્રવ થયા પછી અલ્પ નિદ્રા આવી ગઈ હતી. તે વખતે તેમણે દશ સ્વપ્ન જોયા હતા. એ સ્વપ્નોના ફલમાં બતાવવામાં આવ્યું કે ભગવાન મહાવીર ચિત્ર-વિચિત્ર સિદ્ધાન્ત (સ્વ-પર સિદ્ધાન્ત)ને બતાવવાવાળું દ્વાદશાંગનો ઉપદેશ કરશે. સ્વપ્નમાં જોયેલા પુસ્કોકિલની પાંખોને ચિત્ર-વિચિત્ર કહેવા અને આગમોને વિચિત્ર વિશેષણ દેવાનું એજ અભિપ્રાય જ્ઞાન થાય છે કે એમનો ઉપદેશ એકરંગી નહીં પણ અનેકરંગી હતો, અનેકાન્તવાદી હતો. ભગવાન મહાવીરને જ્યારે કોઈ પ્રશ્ન કરતા ત્યારે તેનો જવાબ અનેકાન્તવાદ દ્રષ્ટિથી દેતા હતા.

સુયગડાંગ સૂત્રમાં ભગવાનને પ્રશ્ન પુછવામાં આવ્યો - ''ભગવાન! ભિક્ષુને કેવી ભાષાનો પ્રયોગ કરવો જોઈએ?'' ઉત્તરમાં ભગવાન કહે છે - ''વિભજ્યવાદનો પ્રયોગ કરવો જોઈએ.'' વસ્તુતઃ કોઈપણ પ્રશ્નોના ઉત્તર દેવા માટે અનેકાન્તવાદ પદ્ધતિ 'વિભજ્યવાદ' છે. જ્યારે અનેકાન્તાત્મક વસ્તુના કોઈ એક ધર્મનો ઉલ્લેખ અભીષ્ટ હોય ત્યારે અન્ય ધર્માના સંરક્ષણ માટે 'સ્યાત્' શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે તો એ કથન સ્યાદ્‌વાદ કહેવાય છે. સ્યાદ્‌વાદ અનેકાન્તવાદ ભગવાન મહાવીરની મૌલિક એવં નૂતન ઉદભાવના છે.

**સ્યાદ્‌વાદનો પ્રયોજન :-** વિશ્વમાં જેટલા પણ ધર્મ છે એ બધાના બે પક્ષ હોય છે - આચાર અને વિચાર. જૈન દર્શને વિચાર એવું જીવન સંબંધી પોતાની વ્યવસ્થાઓના વિકાસથી ક્યારે પણ કોઈપણ પ્રકારની સંકુચિત અથવા એકાંતવાદી દ્રષ્ટિકોણ નથી અપનાવ્યો. એજ કારણથી જૈન દર્શન દ્વારા તત્ત્વ નિરૂપણ માટે સ્યાદ્‌વાદ સિદ્ધાન્ત જેવી નિર્દોષ પ્રણાલીનું સ્વીકાર કરવામાં આવ્યું. જૈન દર્શન દ્વારા સ્યાદ્‌વાદ સિદ્ધાંતને સ્વીકાર કરવાનો એક અન્ય કારણ પરંતુ સાથે આધારભુત કારણ એ છે કે વસ્તુનું પૂર્ણ રૂપમાં ત્રિકાલ - અનાધિત યથાર્થજ્ઞાન ફક્ત સર્વજ્ઞ પ્રભુને હોય છે. એવું પૂર્ણ જ્ઞાન સાધારણ સંસારીને નથી હોતું. સાધારણ માનવની જાણવાની શક્તિ સીમિત છે અને વિશ્વમાં પદાર્થ અનંત છે, એની અનંત અનંત પર્યાયો છે, અસંખ્યાત અવસ્થાઓ છે. પછી એક સામાન્ય મનુષ્ય પદાર્થની અનંત પર્યાયોને એક સાથે એક સમયે કેવી રીતે જાણી શકે ? પરંતુ સર્વજ્ઞ - સર્વદર્શિયોને સંપૂર્ણ પદાર્થોનું અને એના અનંત પર્યાયોનું જ્ઞાન હોય છે.

સ્યાદ્‌વાદ સિદ્ધાન્તને માનવા માટે ઉચ્ચ દ્રષ્ટિકોણની સાથે-સાથે સર્વથી પ્રમુખ કારણ અહિંસાની ભાવનાને સબળ બનાવવી એવં એનું વ્યાપક વિસ્તાર કરવું છે. સંઘર્ષનો મૂળ આગ્રહ છે. એકાન્તદ્રષ્ટિમાં આગ્રહનો સ્વર મુખ્ય હોય છે. તિરસ્કાર હોય છે. આપણી પોતાની દ્રષ્ટિ અથવા વિચારોને પૂર્ણ સત્ય માનીને એના પર આગ્રહ રાખવું તે સામ્યદ્રષ્ટિ અને સમન્વયવૃત્તિ માટે ઘાતક છે. બીજાની દ્રષ્ટિનો પણ એટલો જ આદર હોવો જોઈએ જેટલો આપણને પોતાના દ્રષ્ટિકોણ માટે હોય છે.

**સ્યાદ્‌વાદની પરિભાષા :-** 'સ્યાદ્‌વાદ' - 'સ્યાત્' અને 'વાદ' આ બન્ને શબ્દોથી નિષ્પન્ન યોગિક રૂપ છે. 'સ્યાત્' શબ્દ એક અપેક્ષાથી અપેક્ષાવિશેષ અથવા કદાચ અર્થનો દ્યોતક છે અને 'વાદ' શબ્દનો અર્થ છે કથન કરવું. અર્થાત્ અપેક્ષા વિશેષથી પદાર્થમાં વિદ્યમાન અન્ય અપેક્ષાઓનું નિરાકરણ ન કરતાની સાથે વસ્તુ સ્વરૂપનું કથન કરવું. એનું તાત્પર્ય એ છે કે સ્યાદ્‌વાદ એ સિદ્ધાન્ત છે જે અપેક્ષાને લઈને ચાલે છે અને અલગ અલગ વિચારોનું એકીકરણ કરે છે. એટલા માટે જ સ્યાદ્‌વાદને સાપેક્ષ સિદ્ધાન્ત પણ કહેવામાં આવે છે.

**સ્યાદ્‌વાદની આ પરિભાષાને વિશેષ સ્પષ્ટ કરીને આચાર્ય અમૃતચન્દ્રસૂરિ કહે છે :-** જેવી રીતે ગ્વાલિન દહી - મંથન કરતી વખતે મંથાનીની રસ્સીના બે છેડાઓમાંથી (એક છેડો) એક હાથની રસ્સીને પોતાની તરફ ખેંચે છે ત્યારે બીજા હાથની રસ્સીને મંથાની તરફ લઈ જાય છે અને જ્યારે મંથાની તરફ પહોંચેલ રસ્સીને પોતાની તરફ ખેંચે છે તો પહેલા હાથની રસ્સી મંથાની તરફ જવા માટે ઢીલી છોડી દે છે. આવી રીતે કરવાથી માખણ પ્રાપ્ત કરવામાં આવે છે. આવી જ રીતે અનેકાન્ત પદ્ધતિ પણ ક્યારે વસ્તુ કે ધર્મને મુખ્યાતા દે છે. અને ક્યારેક બીજા ધર્મને મુખ્યાતા દઈને વસ્તુ, તત્ત્વના યથાર્થનો અવરોધ કરાવે છે. સ્યાદ્‌વાદનો અર્થ છે વિભિન્ન દ્રષ્ટિકોણના પક્ષપાત રહિત થઈને તટસ્થ બુદ્ધિ અને દ્રષ્ટિથી સમન્વય કરવું.

**સ્યાદ્‌વાદ અને અનેકાન્તવાદ :-** વસ્તુમાં વિદ્યમાન અનંત ધર્મોમાંથી વ્યક્તિ પોતાના ઈચ્છિત ધર્મનો સમય અનુસાર કથન કરે છે. વસ્તુમાં અનંત અથવા અનેક ધર્મોના વિદ્યમાન હોવાના કારણે જ એ અનંત ધર્માત્મક અથવા અનેકાન્તાત્મક કહેવામાં આવે

છે. અને અનેકાન્તાત્મક વસ્તુનું કથન કરવા માટે 'સ્યાત્' શબ્દનો પ્રયોગ થાય છે.

'સ્યાત્' શબ્દનો અર્થ છે - કદાચિત કોઈ એક દ્રષ્ટિથી કોઈ એક અપેક્ષાથી વસ્તુ એ પ્રકારે પણ કહી શકાય છે અને બીજી દ્રષ્ટિથી વસ્તુનું કથન બીજા પ્રકારથી થઈ શકે છે. સ્યાત્ શબ્દના પ્રયોગથી આપણા વચન સ્યાદ્વાદ કહેવાય છે, એટલે સ્યાત્ પૂર્વક જે વાદ-કથન છે તે સ્યાદ્વાદ છે. એટલે એમ કહેવાય છે કે અનેકાન્તાત્મક અર્થનો કથન સ્યાદ્વાદ છે. સ્યાદ્વાદને અનેકાન્ત કહેવાનું કારણ એ છે કે સ્યાદ્વાદ જે વસ્તુનું કથન કરે છે તે અનેકાન્તાત્મક અને અનેકાન્તાત્મક અર્થનો કથન સ્યાદ્વાદ છે. સ્યાત્ એ અવ્યય છે જે અનેકાન્તનો ઘાતક છે. શાબ્દિક ભેદ હોવા છતાં પણ ભાવાત્મક દ્રષ્ટિથી સ્યાદ્વાદ અને અનેકાન્તવાદ બન્ને એક જ છે. સ્યાદ્વાદમાં 'સ્યાત્' શબ્દની પ્રધાનતા છે અને અનેકાન્તવાદમાં અનેકાન્ત અર્થની મુખ્યતા છે. સ્યાત શબ્દ અનેકાન્તનો ઘાતક છે અને અનેકાન્તને અભિવ્યક્ત કરવા માટે સ્યાત શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે.

**સ્યાદ્વાદની આચાર દ્રષ્ટિ :-** તાત્વિક ચિંતન કથનની જેમ વ્યવહારિક ક્ષેત્રમાં પણ સ્યાદ્વાદ અનેકાન્તવાદનું આશ્રય ગ્રહણ કરવું જ કલ્યાણકારી છે. કારણકે એકાન્ત આગ્રહ સંકલિષ્ટ મનોદશાનું પરિણામ છે. એનાથી કર્મબંધ થાય છે જ્યારે અનેકાન્ત દ્રષ્ટિમાં આગ્રહ કે સંક્લેશ નથી. એટલે એ અહિંસા છે. અહિંસાથી કર્મબંધ નથી થાતું માટે સાધકે એનો પ્રયોગ કરવો જોઈએ. એકાન્ત દ્રષ્ટિથી વ્યવહાર નથી ચાલતો માટે એનો સ્વીકાર કરવો અનાચાર છે. પરંતુ અનેકાન્તવાદ દ્રષ્ટિથી વ્યવહારનો લોપ નથી થતો એ કારણથી એનો સ્વીકાર કરવો એ આચાર છે. અહિંસા અને સંક્લેશનો જન્મજાત વિરોધ છે. એટલા માટે અહિંસાને પલ્લવિત કરવા માટે સ્યાદ્વાદાત્મક દ્રષ્ટિ પરમ આવશ્યક છે.

**સ્યાદ્વાદ શબ્દનો આગમમોમાં અસ્તિત્વ :-** સામાન્ય રીતે આગમોમાં 'સ્યાત્' પદાંક્તિ ઉલ્લેખોના યંત્ર-તંત્ર દર્શન થાય છે. વસ્તુતઃ અનેકાન્ત આત્મક્તા અનેકાન્ત શબ્દથી પણ અભિવ્યક્ત થાય છે અને સ્યાદ્વાદથી પણ થાય છે. આમ જોવા જઈએ તો સ્યાદ્વાદ શબ્દનો અર્થ આગમ કાલીન હોવામાં અધિક પ્રાચીન જણાય છે. કારણકે આગમોમાં સ્યાત્ શબ્દનો પ્રયોગ અધિકતાથી કરવામાં આવ્યો છે.

**ભગવતી સૂત્ર તો અધિકતર સ્યાદ્વાદ સિદ્ધાન્તનો આકારજ છે.** ભગવતી સૂત્રમાં 'સ્યાત્' શબ્દાંકિત વાક્યો દ્વારા વસ્તુ અને એના નામનો સમન્વય કરવામાં આવ્યો છે. જૈન આગમોમાં સર્વાધિક મહત્ત્વ પ્રાપ્ત વિશાલકાય આગમનું નામ છે 'શ્રી ભગવતી સૂત્ર'. પ્રસિદ્ધ છે કે, આ ભગવતી સૂત્રમાં જૈન તત્ત્વવિદ્યાથી સંબંધિત વિવિધ વિષયો ઉપરના ૩૬ હજાર પ્રશ્નોના ભગવાન મહાવીર દ્વારા પ્રદત્ત યુક્તિપૂર્ણ સમાધાન છે. જ્ઞાન-વિજ્ઞાનની અનેક શાખાઓનું વર્ણન આ આગમમાં ઉપલબ્ધ છે.

ભગવાન મહાવીરે જે શાશ્વત સત્ય સિદ્ધાંતોનું પ્રતિપાદન કર્યું એ આજના વૈજ્ઞાનિક યુગમાં સર્વાધિક પ્રાસંગિક છે. માનવામાં આવે છે કે વિશ્વવિદ્યાની એવી કોઈપણ શાખા નહીં હોય જેનો પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ રૂપમાં ચર્ચા આ આગમમાં નહીં હોય. દર્શન આધ્યાત્મ વિદ્યા પુદ્ગલ અને પરમાણુ સિદ્ધાન્ત આદિ સેંકડો મહત્ત્વપૂર્ણ વિષયોનો વર્ણન તથા એમની અનેકાન્ત શૈલીમાં સમાધાન આ આગમના અનુશીલનથી પ્રાપ્ત થઈ જાય છે. જેવી રીતે કોઈપણ વસ્તુને સર્વાંગ દ્રષ્ટિથી સમજવા માટે અનેકાન્ત દ્રષ્ટિ અને એનું સમ્યક્ સ્વરૂપ કથન કરવા માટે નયનિક્ષેપની સાપેક્ષિક સ્યાદ્વાદ પ્રણાલી.

ધર્મ-અધર્મ, જીવ-અજીવ, પુદ્ગલ-પરમાણુ, લેશ્યા, તપ વિધાન, ગતિ-સહાયક, દ્રવ્ય, ધર્માસ્તિકાય, કાલચક્ર-પરિવર્તનનું વર્ણન, કર્મ સિદ્ધાંત, વનસ્પતિમાં જીવ, પર્યાવરણ, મનોવર્ગણાનું સ્વરૂપ, વિભિન્ન જીવ યોનિઓ આદિ વિષયોમાં થઈ રહેલ જીવ-વિજ્ઞાનનું ભૌતિક- વિજ્ઞાન સંબંધી અધુનાતન અનુસંધાન આ બધાની સત્યતા સિદ્ધ કરે છે.

આ આગમમાં વિષયનું પ્રતિપાદન સર્વત્ર અનેકાન્ત દ્રષ્ટિથી થાય છે. ઉદાહરણ સ્વરૂપ - આ સૂત્રમાં તત્ત્વવિદ્યાનો પ્રારંભ 'चलमाणे चलिए' આ સૂત્ર પદથી થયો છે. અર્થાત્ જે ચલિત થઈ ચૂક્યું છે તે ચાલી ગયું એમ માની શકાય છે. આચાર્ય અભયદેવસૂરિએ ટીકામાં આ પદની નિશ્ચયનય અને વ્યવહારનયની દ્રષ્ટિથી વ્યાખ્યા કરી છે. એમનું કહેવું છે કે વ્યવહારનય અનુસાર ચલિતને જ ચલિત કહી શકાય છે. અને નિશ્ચયનય અનુસાર 'चलमान' ને પણ ચલિત કહી શકાય છે.

**વિષય-વસ્તુની વિવિધતા :-** ભગવતી સૂત્રમાં વિષયોની વિવિધતા છે. જ્ઞાન-રત્નાકર શબ્દથી અગર કોઈ શાસ્ત્રને સંબોધિત કરી શકાય છે તો આજ એક મહાન શાસ્ત્રરાજ છે. કહેવામાં આવે છે કે 'વેદ' સમસ્ત જ્ઞાન-વિજ્ઞાનનો મૂળ છે. એવી જ રીતે ભગવતી સૂત્ર પણ સમસ્ત તત્ત્વવિદ્યાનો આધાર ગ્રંથ છે. એમાં ભૂગોળ-ખગોળ, ઈહલોક-પરલોક, સ્વર્ગ-નરક, પ્રાણિશાસ્ત્ર, રસાયનશાસ્ત્ર, ગર્ભશાસ્ત્ર, સ્વપ્નશાસ્ત્ર, ભુગર્ભશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર, મનોવિજ્ઞાન, અધ્યાત્મવિજ્ઞાન આદિ કોઈપણ વિષય બાકી રહેતા નથી.

**વિલક્ષણ વિવેચન - શૈલી :-** ભગવતી સૂત્રની રચના પ્રશ્નોત્તરની શૈલીમાં થઈ છે. પ્રશ્નકર્તામાં મુખ્ય છે - શ્રમણ ભગવાન મહાવીરના પ્રધાન શિષ્ય ગણધર ઈન્દ્રભુતિ ગૌતમ સ્વામી. એમના પછી માકન્દિપુત્ર, રોહ અણગાર ગણધર અગ્નિભુતિ, વાયુભુતિ આદિ ક્યારે ક્યારે સ્કન્દક આદિ કોઈ પરિવ્રાજક, તાપસ એવં પાર્શ્વપત્ય

અણગાર આદિ પણ પ્રશ્નકર્તાના રૂપમાં ઉપસ્થિત થાય છે. ક્યારેક અન્ય ધર્મતીર્થાવલમ્બી પણ વાદ-વિવાદ કરવા માટે અથવા શંકાના સમાધાનાર્થે આવી પહોંચ્યા છે. ક્યારેક તત્કાલીન શ્રમણોપાસક અથવા જયંતી આદિ જેવા શ્રમણોપાસિકાઓ પણ પ્રશ્ન પૂછીને સમાધાન મેળવે છે. પ્રસ્તુત આગમમાં અનેક પ્રકરણ, કથા, શૈલીમાં લખાયેલ છે. જીવન પ્રસંગો ઘટનાઓ અને રૂપકોના માધ્યમથી કઠિન વિષયોને સરસ કરીને પ્રસ્તુત કરવામાં આવ્યું છે. ભગવાન મહાવીરને જ્યારે ક્યાંયે પણ કઠિન વિષયને ઉદાહરણ દઈને સમજાવવાની આવશ્યકતા લાગી ત્યાં તેમણે દૈનિક જીવનધારાથી કોઈ ઉદાહરણ લઈને ઉત્તર આપ્યા છે. કોઈપણ પ્રશ્નના ઉત્તર દેવાની સાથે સાથે એ હેતુનો નિર્દેશ પણ કરતા હતા. જ્યાં એક જ પ્રશ્નના એકથી અધિક ઉત્તર - પ્રત્યુત્તર હોય ત્યાં તે પ્રશ્નકર્તાની દ્રષ્ટિ અને ભાવનાને ધ્યાનમાં રાખીને તદ્દનરૂપ સમાધાન કરતા હતા. જેવી રીતે - રોહક અણગારના પ્રશ્નના ઉત્તરમાં સ્વયં પ્રતિપ્રશ્ન કરીને ભગવાને પ્રત્યુત્તર આપ્યો હતો.

**ભગવાન મહાવીરના પ્રશ્નોત્તર :-** (ભગવતી સૂત્ર) આગમોમાં વિભાજ્યવાદના નામથી સ્યાદ્‌વાદનું કથન જોવામાં આવે છે. સૂયગડાંગમાં ભિક્ષુ-સાધુ, મુનિ માટે વિભાજ્યવાદમયી ભાષાને પ્રયોગનો નિર્દેશ કરવામાં આવ્યો છે. વિભાજ્યવાદનો અર્થ છે સમ્યક્ પ્રકારથી અર્થોને વિભક્ત કરીને પોતાના વિચાર વ્યક્ત કરવા. ભગવાન મહાવીરે વિભાજ્યવાદનો ઉપયોગ કેવી રીતે કર્યો અને જટિલતમ માનવામાં આવે તેવા પ્રશ્નોના અપેક્ષાભેદથી કઈ રીતે સમાધાન કર્યા આદિનો રૂપ વિભિન્ન આગમો તથા વિશેષ રૂપથી 'ભગવતી સૂત્ર'માં આગળ પ્રશ્નોત્તરોથી સ્પષ્ટ થઈ જાય છે.

ભગવતી સૂત્રમાં અનેક પ્રશ્નોત્તર છે, જેમાં ભગવાન મહાવીરની વિભાજ્યવાદી (સ્યાદ્‌વાદી) શૈલીના દર્શન થાય છે. પરંતુ એમાંથી અહીંયા એક પ્રશ્નોતરોને પ્રસ્તુત કર્યું છે. કોઈ સમયે ગણધર ગૌતમ પ્રત્યાખ્યાનના સુપ્રત્યાખ્યાન અને દુપ્રત્યાખ્યાન હોવા પર પોતાની જિજ્ઞાસા વ્યક્ત કરી તે આ પ્રકારે છે - ગૌતમ - કોઈ અગર એવું કહે કે હું સર્વપ્રાણ, સર્વભૂત, સર્વજીવ, સર્વસત્વની હિંસાના પ્રત્યાખ્યાન કરું છું તો શું તેનું તે પ્રત્યાખ્યાન - સુપ્રત્યાખ્યાન કે દુપ્રત્યાખ્યાન છે?

ભગવાન મહાવીર - સ્યાત્ સુપ્રત્યાખ્યાન છે અને સ્યાત્ દુપ્રત્યાખ્યાન છે. (सिय सुपच्चक्खायं भवई, सिय दुपच्चक्खायं भवई।)

ગૌતમ - ભંતે આનું શું કારણ છે?

ભગવાન મહાવીર – જેને આ ભાન નથી કે આ જીવ છે અને આ અજીવ છે, આ ત્રસ છે અને આ સ્થાવર છે, એના એવા પ્રત્યાખ્યાન દુપ્રત્યાખ્યાન છે. તે મૃષાવાદી છે. પરંતુ જે જાણે છે કે આ જીવ છે, આ અજીવ છે, આ ત્રસ છે - આ સ્થાવર છે તો એના તે પ્રત્યાખ્યાન સુપ્રત્યાખ્યાન છે. એ સ્યાદવાદી છે.

ભગવતી સૂત્ર - ૭/૨/૨૭૦.

જયંતી શ્રમણોપાસિકા અને ભગવાનના પ્રશ્નોત્તર :-

જયંતી - ભંતે! જીવો સુતા સારા કે જાગતા?

ભગવાન મહાવીર - જયંતી! કેટલાક જીવોનું સુવું સારૂં છે અને કેટલાકનું જાગવું સારૂં છે.

જયંતી - આનું શું કારણ છે?

ભગવાન મહાવીર - જે જીવ અધર્મી છે યાવત અધાર્મિક વૃત્તિવાળા છે તે સુતા રહે છે તેજ સારૂં છે કારણકે જ્યારે એ જીવ સુતો રહે છે ત્યારે અનેક જીવોને પીડા નહીં આપે અને આ પ્રકારે સ્વ, પર અને ઉભયને અધાર્મિક ક્રિયામાં ન લગાવે એટલે એમનું સુવું સારૂં છે. પરંતુ જે જીવ ધાર્મિક છે, ધાર્મિક વૃત્તિવાળા છે એમનું જાગવું સારૂં છે. કારણકે એ અનેક જીવોને સુખ દે છે અને સ્વ, પર તથા ઉભયને ધાર્મિક અનુષ્ઠાનમાં જોડે છે, એટલે એમનું જાગવું સારૂં છે.

જયંતી - ભંતે! બળવાન થાવું સારૂં કે દુર્બળ થાવું સારૂં?

ભગવાન મહાવીર - જયંતી કોઈ જીવોનું બળવાન થાવું સારૂં છે અને કોઈનું દુર્બળ થાવું.

જયંતી - આનું શું કારણ છે?

ભગવાન મહાવીર - જે જીવ અધાર્મિક છે, યાવત અધાર્મિક વૃત્તિવાળા છે તેમનું દુર્બલ થવું સારૂં છે કારણકે બળવાન થશે તો અનેક જીવોને દુઃખ આપશે. પરંતુ જો ધાર્મિક છે યાવત ધાર્મિકવૃત્તિવાળા છે તો તેમનું સબળ થાવું સારૂં છે કારણ તે સબળ હોવાથી અધિક જીવોને દુઃખ પહોચાડશે.

ભગવતી સૂત્ર - ૧૨/૨/૪૪૩

હજી પણ કેટલાય ઉદાહરણ દઈ શકાય છે જેમાં ભગવાન મહાવીરે વિભાજ્યવાદ શૈલી દ્વારા પ્રશ્નોના પ્રત્યુત્તર આપ્યા છે. ભગવાન મહાવીરના વિભાજ્યવાદને મુળાધાર પણ વિભાગ કરીને ઉત્તર દે છે. જે ઉપરના ઉદાહરણોથી સ્પષ્ટ થઈ શકે છે. ઉપર જે ઉદાહરણ આપવામાં આવ્યા છે તેમાં બે વિરોધી વાતોને એક સામાન્યમાં સ્વીકાર કરીને એજ એકને વિભક્ત કરીને બન્ને વિભાગોમાં વિરોધી ધર્મોને સગત બતાવા એટલો અર્થ વિભાજ્યવાદનો ફલિત થાય છે. આજ કારણે એમના વિભાજ્યવાદનો અર્થ અનેકાન્તવાદ અથવા સ્યાદ્‌વાદ થયો. આગળ વધીને એમનું દર્શન અનેકાન્તવાદના નામથી પ્રસિદ્ધ થઈ ગયું.

ભગવાન મહાવીરનો એક પ્રિય શિષ્ય આર્ય રોહ હતો. એણે એક દિવસ ભગવાનને પ્રશ્ન પૂછ્યો - પહેલા લોક થયો અને પછી અલોક થયો? અથવા પહેલા અલોક થયો અને પછી લોક થયો? ભગવાને સમાધાન આપ્યું - રોહ! લોક અને અલોક આ બન્ને પહેલાથી જ છે અને પછી પણ રહેવાના જ છે. અનાદિ કાળથી છે અને અનંત કાળ સુધી રહેશે. બન્ને શાશ્વતભાવ છે. અનાનુપૂર્વી છે.

**લોકની નિત્યાનિત્યતા અને સાન્તાતન્તતા :-** ભગવાન મહાવીરનું આ સ્પષ્ટીકરણ 'ભગવતી સૂત્ર'માં સ્કન્દક પરિવ્રાજકના અધિકારમાં ઉપલબ્ધ છે. એ અધિકારથી અને અન્ય અધિકારોથી એ સુવિદિત છે કે ભગવાને પોતાના અનુયાયિઓને લોકના સંબંધમાં થવાવાળા એ પ્રશ્નોના વિષયમાં પોતાના સ્પષ્ટ મંતવ્ય આપી દીધા હતા જે અપૂર્વ હતા. અતએવ એમના અનુયાયી અન્ય તીર્થંકરો પાસે એજ વિષય પર પ્રશ્ન ચર્ચા કરીને એમને ચૂપ કરી દેતા હતા. આ વિષયમાં ભગવાન મહાવીરના શબ્દો લોક દ્રવ્યની અપેક્ષાએ સાન્ત છે કારણકે એ સંખ્યામાં એક છે પરંતુ ભાવ અર્થાત્ પર્યાયોની અપેક્ષાએ લોક અનન્ત છે. કારણકે લોકમાં દ્રવ્યના પર્યાયો અનંત છે. કાળની દ્રષ્ટિથી લોક અનંત છે અર્થાત્ શાશ્વત છે કારણકે એવો કોઈ કાળ નથી જેમાં લોકનો અસ્તિત્વ ન હોય પરંતુ ક્ષેત્રની દ્રષ્ટિથી લોક સાન્ત છે કારણકે સર્વ ક્ષેત્રમાંથી અલ્પ ભાગમાં જ લોક છે અન્યત્ર નથી.

ભગવતી - ૨/૧/૯૦

આ ઉદાહરણમાં મુખ્યત સાન્ત અને અનંત શબ્દોને લઈને અનેકાન્તવાદની સ્થાપના કરવામાં આવી છે. ભગવાન બુદ્ધે લોકની સાન્તતા અને અનંતતા બન્નેને અવ્યાકૃત કોટીમાં રાખ્યા છે. ત્યારે ભગવાન મહાવીરે લોકને સાન્ત અને અનંત અપેક્ષા ભેદથી બતાવ્યા છે.

**જીવની સાન્તતા - અનંતતા :** સ્કંદક પરિવ્રાજકનો મનોગત પ્રશ્ન જીવની સાન્તતા - અનંતતાના વિષયમાં હતો. એનું નિરાકરણ ભગવાન મહાવીરે આ શબ્દોમાં કર્યું હતું :- એક જીવ વ્યક્તિ, દ્રવ્યથી સાન્ત ક્ષેત્રથી સાન્ત, કાળથી અનંત અને ભાવથી અનંત છે.

આ પ્રકારે જીવ સાન્ત પણ છે અને અનંત પણ છે. એજ ભગવાન મહાવીરનું મન્તવ્ય છે. આ કાળની દ્રષ્ટિએ અને પર્યાયોની અપેક્ષાએ એનો કોઈ અન્ત નથી. પરંતુ તે દ્રવ્યની અપેક્ષાએ અને ક્ષેત્રની અપેક્ષા સાન્ત છે.

આત્મદ્રવ્ય અને એનું ક્ષેત્ર પણ મર્યાદિત છે. આ વાતનો સ્વીકાર કરીને એમણે એને સાન્ત કહેતાની સાથે કાળની દ્રષ્ટિથી અનંત પણ કહ્યું છે. અને એક બીજી દ્રષ્ટિથી પણ એમણે એને અનંત કહ્યું છે - જીવના જ્ઞાન પર્યાયોનો કોઈ અન્ત નથી. એના દર્શન અને ચારિત્ર પર્યાયોનો પણ કોઈ અન્ત નથી કારણકે પ્રત્યેક ક્ષણમાં આ પર્યાયોના નવા નવા આર્વિભાવ થાય છે. અને પુર્વ પર્યાય નષ્ટ થતા રહે છે. આ ભાવ પર્યાયદ્રષ્ટિથી પણ જીવ અનંત છે.

લોક શાશ્વતતા - અશાશ્વતતા :- હવે લોકની શાશ્વતતા - અશાશ્વતતાના વિષયમાં જ્યાં ભગવાન બુદ્ધે અવ્યાકૃત કહ્યું ત્યાં ભગવાન મહાવીરની અનેકાન્તવાદી માન્યતા શું છે તે તેમના શબ્દોમાં :-

જમાલી પોતાની જાતને અર્હન સમજતો હતો જ્યારે લોકની શાશ્વતતા-અશાશ્વતતાના વિષયમાં ગૌતમ ગણધરે એમને પ્રશ્ન પૂછ્યો ત્યારે એ જવાબ ન આપી શક્યો. એના પર ભગવાન મહાવીરે સમાધાન એ કહીને કર્યો કે એ તો એક સામાન્ય પ્રશ્ન છે. એનો જવાબ તો મારા છદ્મસ્થ શિષ્યો પણ દઈ શકે છે.

જમાલી, લોક શાશ્વત છે અને અશાશ્વત પણ છે. ત્રિકાલમાં એવો એક પણ સમય નથી જ્યાં લોક કોઈ ન કોઈ રૂપમાં ન હોય. અતએવ એ શાશ્વત છે. પણ એ અશાશ્વત પણ છે. કારણકે લોક હંમેશા એક રૂપ તો રહેતો નથી. એમાં અવસર્પિણી અને ઉત્સર્પિણીના કારણે અવનતિ અને ઉન્નતિ ઔર ઉત્સર્પિણી પણ જોવામાં આવે છે. એક રૂપમાં સર્વથા શાશ્વતમાં પરિવર્તન નથી થતું એટલે એને અશાશ્વત પણ માનવામાં આવે છે.

લોક શું છે ? :- ૫ અસ્તિકાય જ લોક છે - ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય.

ભગવતી - ૧૩/૪/૪૮૧

જીવ શરીરનો ભેદાભેદ :- જીવ અને શરીરના ભેદ છે કે અભેદ આ પ્રશ્નને પણ ભગવાન બુદ્ધે અવ્યાકૃત કોટીમાં રાખ્યો છે. આ વિષયમાં ભગવાન મહાવીરના મન્તવ્યને નીચેના શબ્દો દ્વારા જાણી શકાય છે.

ભગવાન મહાવીરે ગૌતમના પ્રશ્નોના ઉત્તરમાં આત્માને શરીરથી અભિન્ન પણ કહ્યું છે અને ભિન્ન પણ કહ્યું છે. આવું કહેવા પર હજી બે પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે જો શરીર આત્માથી અભિન્ન છે તો આત્માની જેમ શરીર પણ અરૂપી હોવું જોઈએ અને અચેતન પણ. આ પ્રશ્નોના ઉત્તર પણ સ્પષ્ટ રૂપથી દેવામાં આવ્યા છે કે કાય અર્થાત્ શરીર રૂપી પણ છે અને અરૂપી પણ છે અને શરીર સચેતન પણ છે અને અચેતન પણ છે.

જ્યારે શરીરને આત્માથી અલગ માનવામાં આવે ત્યારે એ રૂપી અને અચેતન છે, અને જ્યારે શરીરને આત્માથી અભિન્ન માનવામાં આવે ત્યારે શરીર અરૂપી છે અને સચેતન છે.

ભગવાન મહાવીરે જીવની અપેક્ષાભેદથી શાશ્વત અને અશાશ્વત છે.

ભગવતી સૂત્ર શતક - ૭ ઉપેદશક - ૨

સ્પષ્ટ છે કે દ્રવ્યાર્થિક અર્થાત્ દ્રવ્યની અપેક્ષાથી જીવ નિત્ય છે અને અર્થાત્ પર્યાયની દ્રષ્ટિથી જીવ અનિત્ય છે. આ મંતવ્ય ભગવાન મહાવીરનું છે. આમ શાશ્વતવાદ અને ઉચ્છેદવાદ બન્ને સમયને પ્રયત્ન છે. ચેતન-જીવ દ્રવ્યનો વિચ્છેદ ક્યારે નથી થતો. આ દ્રષ્ટિથી જીવને નિત્ય માનીને શાશ્વતવાદને પ્રશ્રય આપ્યું છે અને જીવની નાનામાં નાની અવસ્થાએ રૂપથી વિભિન્ન થતી દેખાય છે, એની અપેક્ષાએ ઉચ્છેદવાદને દેવામાં આવ્યું છે. તેઓ આ વાતને સ્પષ્ટ રૂપથી સ્વીકારે છે કે આ અવસ્થા અસ્થિર છે એટલે એનું પરિવર્તન થાય

છે, પરંતુ ચેતન દ્રવ્ય શાશ્વતસ્થિર છે.

જમાલી સાથે થયેલ પ્રશ્નોત્તરોમાં ભગવાને જીવની શાશ્વતતાના મંતવ્યનું જે સ્પષ્ટીકરણ કર્યું છે એનાથી નિત્યતાથી એમનું શું મતલબ છે અને અનિત્યતાથી શું મતલબ છે :- જીવની શાશ્વતતા અને અશાશ્વતતા.

ત્રણ કાળમાં એવો કોઈ સમય નથી જ્યારે જીવ ન હોય એટલે જીવને શાશ્વત એવં નિત્ય કહેવામાં આવ્યું છે પરંતુ જીવ નારકી મટીને તિર્યંચ થાય છે અને તિર્યંચ મટીને મનુષ્ય થાય છે આ પ્રકારે જીવ ક્રમશઃ અલગ અલગ અવસ્થાઓને પ્રાપ્ત કરે છે. એટલે કે અવસ્થાઓની અપેક્ષાથી જીવ અનિત્ય અશાશ્વત અને અનિત્ય છે. અર્થાત્ અવસ્થાઓ ભલે લુપ્ત થતી રહે છે. એટલા માટે જીવ શાશ્વત અને અશાશ્વત છે.

કર્મનો કર્તા કોણ? :- ભગવાન મહાવીરને પ્રશ્ન કરવામાં આવ્યો કે કર્મનો કર્તા સ્વયં છે, અન્ય છે કે ઉભય છે? આના જવાબમાં ભગવાન મહાવીરે કહ્યું કે કર્મનો કર્તા આત્મા સ્વયં છે પણ અને નથી પણ. અને ન સ્વપરોભય.

ભગવતી સૂત્ર શતક - ૧ ઉદેશક - ૬ ગાથા - ૫૨

જેમણે કર્મ કર્યું છે એજ એનો ભોક્તા છે આ માનવામાં એકાન્તિક શાશ્વતવાદની આપત્તિ ભગવાન મહાવીરના મતમાં નથી આવતી. કારણકે જે અવસ્થામાં કર્યું હતું. તેનાથી બીજી અવસ્થામાં કર્મનો ફલ ભોગવવામાં આવે છે. એકાન્તિક ઉચ્છેદવાદની આપત્તિ એટલે નથી આવતી કે ભેદ હોવા છતાં પણ જીવ દ્રવ્ય બન્ને અવસ્થાઓમાં એક જ હાજર છે.

ભગવતી સૂત્રમાં પાર્શ્વ-શિષ્યો અને મહાવીર શિષ્યોમાં એક વિવાદ બતાવવામાં આવ્યો છે. પાર્શ્વ-શિષ્યોનું કહેવું હતું કે આપણા પ્રતિપક્ષી સામાયિક અને અર્થ નથી જાણતા ત્યારે પ્રતિ-પક્ષી શ્રમણોએ એમને સમજાવ્યું કે - 'आया णे अज्जो सामाइण आया णे सज्जो सामाइयस्स अट्ठे।' ભગવતી - ૧/૯/૯૭.

અર્થાત્ આત્મા જ સામાયિક છે અને આત્મા જ સામાયિકનો અર્થ છે. આ વાક્ય દ્વારા એ ફલિત થાય છે કે ભગવાન મહાવીરે દ્રવ્ય અને પર્યાયના અભેદનું સમર્થન કર્યું હતું. પરંતુ એમનું અભેદ સમર્થન આપેક્ષિક છે. અર્થાત્ દ્રવ્યદ્રષ્ટિની પ્રધાનતાથી દ્રવ્ય અને પર્યાયમાં અભેદ છે. અસ્થિર પર્યાયના નાશ થવા પર પણ દ્રવ્ય પર્યાય સ્થિર રહે છે. યદિ દ્રવ્ય અને પર્યાયનો એકાન્તિક અભેદ હોય તો એ પર્યાયના નાશ સાથે તદાભિન્ન દ્રવ્યનો પણ નાશ પ્રતિપાદન કરે છે. આવી રીતે બીજા પ્રસંગમાં પર્યાય દ્રષ્ટિની પ્રધાનતાથી દ્રવ્ય અને પર્યાયના ભેદનો સમર્થન અને પ્રથમ પ્રસંગમાં દ્રવ્ય દ્રષ્ટિની પ્રધાનતાથી દ્રવ્ય અને પર્યાયના અભેદનો સમર્થન. આ પ્રકારે અનેકાન્તવાદની પ્રતિષ્ઠા આ વિષયમાં પણ કરી છે. એવું જ માનવું જોઈએ.

જીવ અને અજીવની એકાનેકતા :- એક જ વસ્તુમાં એકત અને અનેકતાનો સમન્વય પણ ભગવાન મહાવીરના ઉપદેશથી ફલિત થાય છે. સોમિલ બ્રાહ્મણે એકતા-અનેકતાનો પ્રશ્ન કર્યો હતો. એનો પ્રત્યુત્તર ભગવાન મહાવીરે આપ્યો. આ વિષય પર એમની અનેકાન્તવાદિતા સ્પષ્ટ થાય છે :-

અર્થાત્ ,સોમિલ! દ્રવ્ય દ્રષ્ટિથી હું એક છું. જ્ઞાન અને દર્શન રૂપથી બે પર્યાયોના પ્રાધાન્યથી હું બે છું. ક્યારેક ન્યૂનાધિક ન થવાવાળા પ્રદેશોની દ્રષ્ટિથી હું અક્ષય છું, અવ્યય છું એવં અવસ્થિત છું. ત્રણ કાળમાં બદલતા રહેવાવાળા ઉપયોગ સ્વભાવની દ્રષ્ટિથી હું અનેક છું.

આવી રીતે અજીવ દ્રવ્યોમાં પણ એકત-અનેકતાના અનેકાન્તને ભગવાને સ્વીકાર કર્યો છે.

સોમિલના યાત્રાદિ વિષયક પ્રશ્નો :- હે ભગવાન, આપને યાત્રા છે કે નહીં? યાપનીય છે કે નહીં? આપનામાં અવ્યાબાધ છે કે નહીં? આપને પ્રાસુક વિહાર છે કે નહીં? ઉત્તર :- હા સોમિલ, મારી યાત્રા પણ છે, યાપનીય પણ છે, અવ્યાબાધ પણ છે અને પ્રાસુક વિહાર પણ છે.

પ્રશ્ન :- હે ભગવાન! આપની યાત્રા કેવી છે? ઉત્તર :- હે સોમિલ! તપ નિયમ સંયમ સ્વાધ્યાય, ધ્યાન અને આવશ્યક આદિ યોગોમાં યતનાયુક્ત પ્રવૃત્તિ છે તે મારી યાત્રા છે.

સરસવની ભક્ષ્યાભક્ષ્યતા :- હે ભગવાન! આપને માટે સરસવ ભક્ષ્ય છે કે અભક્ષ્ય? ઉત્તર :- હે સોમિલ! સરસવ અમારા મતમાં ભક્ષ્ય પણ છે અને અભક્ષ્ય પણ છે. પ્રશ્ન :- હે ભગવાન! તેનું શું કારણ છે કે સરસવ તમારે માટે ભક્ષ્ય પણ છે અને અભક્ષ્ય પણ છે? ઉત્તર :- હે સોમિલ! તમારા બ્રાહ્મણ મતના શાસ્ત્રોમાં બે પ્રકારના સરસવ રહ્યા છે. યથા-મિત્ર સરસવ (સમાન વયવાળા મિત્ર) અને ધાન્ય સરસવ. તેમાં જે મિત્ર સરસવ છે તેના ત્રણ પ્રકાર છે. યથા - એક સાથે જન્મેલા, એક સાથે મોટા થયેલા અને એક સાથે ધૂળમાં રમેલા. આ ત્રણે પ્રકારના સરસવ શ્રમણ નિર્ગ્રંથો માટે અભક્ષ્ય છે. તેમાં જે ધાન્ય સરસવ છે તેના બે પ્રકાર છે યથા - શસ્ત્ર પરિણત - અગ્નિ આદિ શાસ્ત્રથી નિર્જીવ બનેલા અને અશસ્ત્ર પરિણત - અગ્નિ આદિ શસ્ત્ર નિર્જીવ નહીં બનેલા તેમાંથી અશસ્ત્ર પરિણત સરસવ છે તે શ્રમણ નિર્ગ્રંથોને માટે અભક્ષ્ય છે અને જે શસ્ત્ર પરિણત છે તેના બે પ્રકાર છે યથા - એષણીય (નિર્દોષ) અને અનેષણીય (સદોષ) તેમાં અનેષણીય તો શ્રમણ નિર્ગ્રંથો માટે અભક્ષ્ય છ. તેથી હે સોમિલ! એમ કહ્યું છે કે સરસવ ભક્ષ્ય પણ છે અને અભક્ષ્ય પણ છે.

અડદની ભક્ષ્યાભક્ષ્યતા :- હે ભગવાન! માસા (અડદ) આપના માટે (આપના મતમાં) ભક્ષ્ય કે અભક્ષ્ય?

ઉત્તર :- હે સોમિલ! અમારા મતમાં માસા ભક્ષ્ય પણ છે અને અભક્ષ્ય પણ છે.

પ્રશ્ન :- હે ભગવાન! તેનું શું કારણ છે કે માસા ભક્ષ્ય પણ

છે અને અભક્ષ્ય પણ છે. ઉત્તર :- હે સોમિલ! તમારા બ્રાહ્મણમતના શાસ્ત્રોમાં બે પ્રકારના માસા કહ્યા છે - દ્રવ્યમાસા અને કાલમાસા. તેમાં જે કાલમાસા છે તે શ્રવણથી લઈને અષાઢ માસ પર્યંત બાર માસ છે. યથા - શ્રાવણ, ભાદરવો, આસો, કારતક, માગસર, પોષ, મહા, ફાગણ, ચૈત્ર, વૈશાખ, જેઠ અને અષાઢ. તે શ્રમણ નિર્ગ્રંથોને અભક્ષ્ય છે. તેમાં જે દ્રવ્યમાસા છે તેના બે પ્રકાર છે. યથા ધાન્યમાસા અને અર્થમાસા. અર્થમાસા (સોના ચાંદી તોળવાના માસા)ના બે પ્રકાર છે યથા-સ્વર્ણમાસા અને રૌપ્યમાસા. તે શ્રમણ નિર્ગ્રંથોને માટે અભક્ષ્ય છે. ધાન્યમાસા (અડદ)ના બે પ્રકાર છે. યથા-શસ્ત્ર પરિણત અને અશસ્ત્રપરિણત. ઈત્યાદિ માસાનું કથન ધાન્ય સરસવ પ્રમાણે કહેવું જોઈએ યાવત હે સોમિલ! માસા ભક્ષ્ય પણ છે અને અભક્ષ્ય પણ છે.

કુલત્થાની ભક્ષ્યાભક્ષ્યતા :- હે ભગવાન! આપના માટે કુલત્થા ભક્ષ્ય છે કે અભક્ષ્ય? ઉત્તર :- હે સોમિલ! અમારા મતમાં કુલત્થા ભક્ષ્ય પણ છે. અભક્ષ્ય પણ છે. તમારા બ્રાહ્મણ મતના શાસ્ત્રોમાં 'કુલત્થા'ના બે પ્રકાર છે. યથા - સ્ત્રીકુલત્થા અને ધાન્યકુલત્થા (કળથી) તેમાં જે સ્ત્રીકુલત્થા છે, તેના ત્રણ પ્રકાર છે, યથા કુલકન્યા, કુલવધૂ અને કુલમાતા, તે શ્રમણ નિર્ગ્રંથને માટે અભક્ષ્ય છે. તેમાંથી જે ધાન્યકુલત્થા છે તેના વિષયમાં સરસવની સમાન સમજવું જોઈએ. તેથી હે સોમિલ! કુલત્થા ભક્ષ્ય પણ છે અને અભક્ષ્ય પણ છે.

આત્માતત્ત્વ સંબંધી તાત્ત્વિક પુચ્છા :- હે ભગવાન! શું આપ એક છો, બે છો, અક્ષય છો, અવ્યય છો, અવસ્થિત છો, કે ભૂતકાલ અને ભવિષ્યકાલના અનેક પરિણામોને યોગ્ય છો? ઉત્તર :- હે સોમિલ! હું એક પણ છું યાવત્ ભૂતકાલ અને ભવિષ્યકાલના અનેક પરિણામોને યોગ્ય પણ છું.

પ્રશ્ન :- હે ભગવાન! તમે શા માટે કહો છો કે હું એક પણ છું યાવત ભૂતકાલ અને ભવિષ્યકાલના અનેક પરિણામોને યોગ્ય પણ છું? ઉત્તર :- હે સોમિલ! દ્રવ્ય રૂપથી હું એક પણ છું. જ્ઞાન અને દર્શનના ભેદથી હું બે પણ છું. આત્મપ્રદેશથી હું અક્ષય છું, અવ્યય છું અને અવસ્થિત પણ છું. ઉપયોગની અપેક્ષાએ હું અનેક ભૂત વર્તમાન અને ભાવિ પરિણામોને યોગ્ય છું. તેથી હે સોમિલ! પૂર્વાકૃત પ્રકારે કહ્યું છે.

નિષ્કર્ષ :- આ પ્રકારે આપણે જોઈએ છીએ કે જૈનાગમોમાં અસ્તિ, નાસ્તિ, નિત્યાનિત્ય, ભેદાભેદ, અનેકાનેક તથા સાન્ત-અનંત આ વિરોધી ધર્મ યુગલોનો અનેકાન્તવાદના આશ્રયથી એક જ વસ્તુમાં બતાવવામાં આવ્યું છે. ભગવાને આ નાના વાદોમાં અનેકાન્તવાદની જે પ્રતિષ્ઠા કરી છે એનો જ આશ્રય કર્યા પછીના દાર્શનિકોએ તાર્કિક રીતે દર્શનાન્તરોના ખંડનપૂર્વક આજ વાદોના સમર્થન કર્યા છે. દાર્શનિક ચર્ચાના વિકાસ સાથે સાથે જેવી જેવી પ્રશ્નોની વિવિધતા વધતી ગઈ તેમ તેમ અનેકાન્તવાદના ક્ષેત્ર પણ વિસ્તૃત થતા ગયા. પરંતુ અનેકાન્તવાદને મૂળ પ્રશ્નોમાં કોઈ અંતર નથી પડયા. જો કે આગમોમાં દ્રવ્ય અને પર્યાયના તથા જીવ અને શરીરના ભેદાભેદનો અનેકાન્તવાદ છે તો દાર્શનિક વિકાસના યુગમાં સામાન્ય અને વિશેષ, દ્રવ્ય અને ગુણ, દ્રવ્ય અને કર્મ, દ્રવ્ય અને જાતિ ઈત્યાદિ અનેક વિષયોમાં ભેદાભેદની ચર્ચા અને સમર્થન થયું છે.

આવી રીતે નિત્યાનિત્ય, એકાનેક, આસ્તિ-નાસ્તિ, સાન્ત-અનંત આ ધર્મ યુગલોનો પણ સમન્વય ક્ષેત્ર પણ કે લોય વિસ્તૃત અને વિકાસ કેમ ન થયો હોય તો પણ ઉક્ત ધર્મયુગલોને લઈને આગમમાં ચર્ચા થઈ છે. તેજ મૂળાધાર છે અને એના ઉપર જ આગળના બધા જ અનેકાન્તવાદના મહાવૃક્ષ પ્રતિષ્ઠિત છે અને નિશ્ચયપૂર્વક સ્વીકારવું જોઈએ. ❑❑❑

## દબાણ કરવું એટલે અહંકારનો એટેક!

મનનો ધર્મ જુદો, બુદ્ધિનો ધર્મ અલગ, ચિત્તનો ધર્મ પૅમ્ફ્લેટ બતાવવાનો, અહંકારનો ધર્મ સર્વોપરી રહેવાનો પણ વ્યવહારમાં.

આત્માનો ધર્મ સર્વવ્યાપી-ઉત્કૃષ્ટ

પ્રત્યેક ધર્મનું કાર્ય જુદું જુદું, સર્વ ધર્મ પોતપોતાની સરહદમાં, સીમામાં રહે, એને દાદાશ્રી 'જ્ઞાન' કહે છે.

તો 'અજ્ઞાન' કોને કહેવું? અજ્ઞાન વિશે વિશિષ્ટ વ્યાખ્યા આપી છે : ''એકના ધર્મ ઉપર 'આપણે' દબાણ કરીએ એટલે થયું અજ્ઞાન!''

મનનો ધર્મ, બુદ્ધિનો ધર્મ, ચિત્તનો ધર્મ, અહંકારનો ધર્મ પરસ્પર, એકના ખાતામાં બીજો ડખોડખલ ના કરે અથવા સાદી ભાષામાં બીજાનો ટેલિફોન 'આપણે' ના લેતાં જેનો હોય એને સોંપીએ એમ સૌ ધર્મ, પોતપોતાની લક્ષ્મણરેખામાં સ્વતંત્ર રહે, એનું નામ જ્ઞાન, પણ કોઈ એકના (મન, બુદ્ધિ, ચિત્ત વગેરેના) ધર્મ ઉપર દબાણ-પ્રેશર કરીએ, એનું નામ અજ્ઞાન!

જાણવાની જિજ્ઞાસા તો રહે જ... આત્માનો સ્વાભાવિક ધર્મ શો? તો એનો ખુલાસો ૧૨૪૭ના સૂત્રમાં છે : ''આત્માનો સ્વભાવ શો? બધાના ધર્મને જોવું, ''કોણ કયો કયો ધર્મ ને કેવી રીતે બજાવી રહ્યું છે' એને જોવું, એનું નામ આત્માનો ધર્મ!''

દબાણ કરવું એટલે ઍન્ક્રોચમૅન્ટ કરવું, પ્રેશર લાવવું-જે મુખ્યત્વે અહંકારનો ઍટેક છે! જ્યારે આત્માનો ધર્મ તો સર્વ ફેકલ્ટીને પોતાના કર્તવ્યમાં રહેવા દઈ-માત્ર જોવું અને જાણવું જ છે.

**'અક્રમ વિજ્ઞાન' માંથી સાભાર**

# स्तौमि भद्रंकरं गुरुम्।

## પંન્યાસ વજ્રસેનવિજય અને આચાર્ય હેમપ્રભસૂરિજી

सत्यमधुर वक्तारं, हन्तारं मोहवैरिणम्।
निस्पृहं बोधदातारं, स्तौमि भद्रंकरं गुरुम्।।
प्रशान्तं ज्ञानदातारं, योगनिष्ठ महायतिम्।
आत्मध्याने सदामग्नं, स्तौमि भद्रंकरं गुरुम्।।

વિક્રમ સંવત ૧૯૫૯ માગશર શુકલા તૃતીયા દિને પાટણમાં અધ્યાત્મયોગના એક એવા સાધકાત્માનો પ્રાદુર્ભાવ થયો, જે 'નવકારવાળા મહારાજ', 'મૈત્રીના મહાસાધક' અને 'વાત્સલ્યવારિધિ' તરીકે સદૈવ ઓળખાયા. એ યુગપુરુષ એટલે સુનામધન્ય પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ ઉર્ફે 'પૂજ્ય પંન્યાસજી મહારાજ.' જે રીતે 'પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ' એટલે સત્તરમી સદીના ન્યાયાચાર્ય પરમ પૂજ્યશ્રી યશોવિજયજી મહારાજ, તે જ રીતિએ વીસમી સદીની વિરલ વિભૂતિ એટલે પૂજ્ય પંન્યાસજી મહારાજ!

આજથી પ્રાયઃ ૧૧૫ વર્ષ પૂર્વે પાટણના જૈન શ્રેષ્ઠીવર્યશ્રી હાલાભાઈ મગનભાઈના કુળને દીપાવવા માતા ચુનીબાઈની કુક્ષિએ જન્મ્યાં ભગવાનદાસ કે ભગુ, જેઓ પોતાના ચાર અન્ય ભાઇઓ તથા એક બહેન સંગે બાળપણથી જ દિનભક્તિ તથા જીવમૈત્રીના સંસ્કારો પામેલ. માત્ર ૩ વર્ષની બાલી વયે બાળસહજ રમતો રમવાને બદલે ફોફલિયા વાડાની બાજુની શેરીમાં આવેલ જિનાલયના ત્રીજે માળે જઈ, ભગવાન સાથે વાતો કરતાં જોવા મળેલ આ ભગુભાઈ એક વર્ષની ઊંમરથી જ પ્રભુપૂજા તથા પાઠશાળામાં ભણવા માટે જતા જઈ ગયેલ.

પાટણ સંઘના અગ્રણી તથા ત્યાંની પાંજરાપોળમાં ૫૦ વર્ષ સુધી અનવરત સેવા આપનાર પિતાજી ધંધાર્થે જ્યારે પાટણથી પારસી ગલી-ઝવેરી બજાર, મુંબઈ સ્થાનાંતરિત થયા, ત્યારે ભગુભાઈની ઉંમર હતી ફક્ત ૯ વર્ષ. ગણિત, વિજ્ઞાન, અંગ્રેજીમાં તેજસ્વી એવા તેઓ ૧૨ વર્ષના થયા ત્યાં તો પંચપ્રતિક્રમણ, યોગશાસ્ત્રના પાંચ પ્રકાશ, વીતરાગ સ્તોત્ર, ૩ ચોવીસીઓ, ૩૫૦ ગાથાઓના સ્તવનો આદિ કંઠસ્થ કરવા માંડેલું.

નાની વયે જ માત–પિતાનું છત્ર ગુમાવતા સોળમાં વર્ષે એરંડાની દલાલીના કાર્યમાં પલોટાવું પડ્યું. સત્ય અને પ્રામાણિકતાના ગુણો અખંડ જાળવતા ગૃહસ્થજીવન સ્વીકાર્યું, કિન્તુ વૈરાગ્યભાવનાના બીજને તો અંકુરા ફૂટતા જ રહ્યા. વર્ષો સુધી પૂજ્ય આ. વિજયદાનસૂરિજીના શિષ્ય પૂજ્ય રામવિજયજી મહારાજના પ્રવચનોના સંપૂટ 'જૈન પ્રવચન' સાપ્તાહિકના સર્જક, સંપાદક, અવતરણકાર અને વિતરક બની રહ્યાં. 'નવપદ આરાધક સમાજ'ની સ્થાપના કરી, તેના પાયાના પથ્થર બની 'નવકારનો જપ અને આયંબીલનો તપ' સૂત્રના પ્રણેતા બન્યા.

મુંબઈની ગોડીજી પાઠશાળામાં નિત્ય અધ્યયન-અધ્યાપન કરાવતાં, તેમાંથી પ્રેરણા પામી ૫૦ થી ૬૦ મુમુક્ષુઓ દીક્ષિત બન્યા. સંવત્ ૧૯૮૩માં પુત્રનો જન્મ થયો, એ પછીના જ વર્ષે તેમણે આજીવન બ્રહ્મચર્ય વ્રત સ્વીકાર્યું, ત્યારે ઉંમર હતી ફક્ત ૨૪ વર્ષ. તેઓની દુબળી આજાનબાહુ સહિતની સુકોમળ કાયામાં રહેલા સામુદ્રિક લક્ષણોને નિરખીને પૂજ્ય આચાર્ય શ્રી વિજયધનસૂરિજી મહારાજે એકદા કહેલું કેઃ 'આ આત્મા તો જૈનશાસનનો મહાન સ્તંભ અને સૌનો પ્રિયપાત્ર બનવાનો છે.' સંવત્ ૧૯૮૭ના કાર્તિક વદ છઠ્ઠના રોજ ભાયખલા, મુંબઈમાં તેઓ એ જ આચાર્યશ્રીના વરદ્ હસ્તે સંયમ વેશ પામવા બડભાગી બન્યા. શિક્ષાદાતા સિદ્ધાંત મહોદધિ ઉપાધ્યાયશ્રી પ્રેમવિજયજી મહારાજ તથા ધર્મદાતા ગુરુવરશ્રી પંન્યાસ રામવિજયજી ગણિવર્યની નિશ્રામાં નૂતન દીક્ષિત મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી સર્વવિરતિ ધારણ કરી, ષડ્દર્શન તથા યોગવિષયક ગ્રંથોના અભ્યાસ-ચિંતનમાં લાગી ગયા. જ્ઞાનપિપાસા થોડી છીપાતાં, એના ફળસ્વરૂપે વધારો થતો ગયો તેઓની આત્માભિમુખતાનો! અનુપ્રેક્ષા એવં સ્વાધ્યાયના પરિપાક રૂપે આયંબિલના તપ સાથે તેઓએ મનનભરપૂર અનેક વિષયો ઉપર પુસ્તકોનું લેખન કર્યું, જેમાં મંત્રાધિરાજ શ્રી નવકાર મહામંત્ર, જૈનમાર્ગની પીછાણ, પ્રતિમાપૂજન, તત્ત્વ, દોહન, આસ્તિકતાનો આદર્શ, પ્રતિક્રમણની પવિત્રતા, નવપદજી, આત્મઉત્થાનનો પાયો, ધર્મચિંતન, નાસ્તિક મતનું નિરસન આદિ મુખ્ય વિષયો રહ્યાં.

શાંત મુખમુદ્રા, ગૌરવર્ણ, આકર્ષક ઊંચાઈ, વિશાલ ભાલ, સૌમ્ય-સંયમિત સ્મિત, સંયમના તેજથી ઉભરાતી આંખો તથા જરૂરત પૂરતી જ મૈત્રીપૂર્ણ વાણી એ તેમનો પરિચય હતો જ, પરંતુ તેમના ચિંતનના ચમકારા ઝીલીને સમૃદ્ધ થયેલી કૃતિઓએ તે પરિચયનો પરિઘ વિસ્તારી આપ્યો.

સ્વપરોપકારને સાધતા-સાધતા એમની વિચારશૈલી એવં જીવનશૈલી થકી જે પરોપકાર પણ સધાયો, તેનું તો મૂલ્યાંકન કરવું જ મુશ્કેલ છે. ઉપધાન, પ્રતિષ્ઠા, તપના ઉદ્યાપનો, સંઘ ભક્તિ ઉપરાંત તેઓએ કરાવેલ શ્રી નમસ્કાર મહામંત્રની ૨૦ દિવસના ખીરના એકાસણા સહિતના એક લાખના જાપના અનુષ્ઠાનોથી રાજસ્થાન, મારવાડ, ગુજરાત, કર્ણાટક, મહારાષ્ટ્ર, કચ્છ, હાલાર આદિ પ્રદેશોમાં અપ્રતિમ ધર્મજાગૃતિ આવી.

સંવત્ ૨૦૦૭માં મહા સુદ બારસના દિને પાલીતાણામાં એમને 'પંન્યાસ પદવી'થી વિભૂષિત કરાયા, અને વર્ષો પછી 'આચાર્ય પદવી' સ્વીકારવાની-ગુર્વાજ્ઞાને શિરોધાર્ય કરવાની ક્ષણ આવી., ત્યારે એમણે નમ્રતા-નિઃસ્પૃહતાથી જણાવ્યું કે: 'પૂજ્યોની કૃપાથી પ્રાપ્ત એવા મુનિપદ તથા ગણિ-પંન્યાસ પદ જ એટલા મહાન છે કે એના પરિપાલન દ્વારા સ્વ-પરના જીવનને કૃતાર્થ બનાવવા હું સતત પ્રયત્નશીલ બની રહું, એવા આશીર્વાદ આપ મારા ઉપર વરસાવતા રહો.

પદ અને પ્રસિદ્ધિથી દૂર રહેવાના વિરલ ગુણયોગે એમની સાધનાયાત્રા સંગે સિદ્ધિઓ પણ વધતી રહી. મોટે ભાગે નાના-નાના ગામડાંઓમાં જ ચાતુર્માસ કરવાની તેઓની ભાવના વિશે પ્રશ્ન પૂછાતાં તેઓ જણાવતાં કે: 'અમારી મુનિઓની આગવી સંયમ-સાધનામાં વિક્ષેપ ન પડવા દેવો હોય તો આ ગ્રામ્યપ્રદેશોમાં થતું વિચરણ જ સુયોગ્ય છે.' તેઓની સંયમનિષ્ટા, પ્રભુપ્રીતિ અને સાધુના આચારોની દૃઢતાએ અનેક ભાવિજીવોને તેઓ તરફ આકર્ષ્યા. ૨૦ શિષ્યો અને ૮૫ પ્રશિષ્યો ઉપરાંત અગ્રણ્ય શ્રાવક પરિવારો તેઓના ધ્યાન-યોગ, કર્મ, ભક્તિ, જ્ઞાનયોગ તથા મૈત્ર્યાદિ ચાર અને અનિત્યાદિ બાર ભાવનાઓમાં ભીંજાતા રહ્યા. 'પરસ્પૃહા મહાદુઃખમ્ નિ;સ્પૃહત્વમ્ મહાસુખમ્' સૂત્રને અપનાવનાર 'પૂજ્ય પંન્યાસજી મહારાજ' સૌના અત્યંત આદરપાત્ર બનતા રહ્યા. 'न च धर्मो दयापर:' એ શુભ ભાવથી પરિપ્લાવિત થયેલ તેમણે મૈત્રીભાવનો ડંકો વગાડ્યો.

દરેક ગચ્છ, સમુદાય, સકળ શ્રી જૈન સંઘોમાં તેઓ 'અજાતશત્રુ અણગાર' ઓળખાયા. તેઓનો નિષ્પક્ષ મત સૌનો મત બન્યો. તેઓની ગુણગરિમાને કારણે તેઓ દરેકને સ્વીકાર્ય બન્યા. પરમાત્મા પરત્વેનો તેઓનો અવિહડ ભક્તિભાવ અને શીલસૌરભની વાતો પ્રસરતાં અનેક દાનેશ્વરી, રાજેશ્વરી, તપ, ત્યાગ, સંયમસાધનામાં રત શ્રાવકો તેઓ સાથ સાધના કરવા જોડાયા.

દીક્ષા પછીના ૪૯ વર્ષોમાં તેઓનો એક દિનચર્યાક્રમ અવિરતપણે ચાલ્યો અને તે ડાયરીલેખનનો ક્રમ!

નિત્ય પ્રભાતે જિનાલયજી જુહારી, પ્રભુજી સમક્ષ ધ્યાનમાં બેસીને તેઓ જ્યારે ઉપાશ્રયે પરત ફરે, ત્યારે પાટ ઉપર તેઓની રોજનીશી-કલમ તૈયાર જ હોય! પરમાત્મા સમીપ રહીને તેઓને જે જે આંતર પ્રેરણા થઈ હોય, અનુપ્રેક્ષાઓ સ્ફૂરી હોય અને મોક્ષમાર્ગસહાયક થવારૂપ જે જે મંથન, મનન, ચિંતનો ઉદ્‌ભવ્યાં હોય, તે રોજેરોજ ડાયરીઓમાં આલેખી જ લેવાની તેમની સુટેવ.

અંગત આત્મચિંતનની એ નોંધપોથીઓ એટલી બધી વધતી ગઈ કે કોઈ શ્રાવકને ત્યાં સો-સો ડાયરીઓ સાચવવા માટે મૂકાતી ગઈ. જ્યાં સુધી પોતે સંપૂર્ણ સંથારાવશ ન થયા ત્યાં સુધી રોજ કમ સે કમ ૬ કલાક જેટલું તો વાંચન તેઓ કરતાં જ, તેમાં શાસ્ત્રીય ગ્રંથો-અંગ્રેજી પુસ્તકો અને અન્ય દર્શનીઓના પુસ્તકો પણ હોય! તેઓની અપૂર્વ સમ્યક્ દૃષ્ટિના કારણે્ તેઓશ્રીને બધી જ વાંચનસામગ્રીમાંથી આધ્યાત્મિક ભાવો જ પકડાય અને જે પદાર્થો ગમી જાય તેની પણ નોંધ એ ડાયરીઓમાં ઉમેરાતી જાય!

તેમાં કોઈ બાબત જૈન દર્શનની માન્યતાનુસારે ના પણ હોય, તે છતાં યે તે અધ્યાત્મમાર્ગમાં કે વિચારશુદ્ધિ માટે ઉપકારક હોય-તો એ પણ પોતાના આત્મચિંતન માટે ડાયરીમાં અવતરણ કરી જ લેતા. આમ પ્રભુજી સમીપ રહીને ઉપજેલા ભાવો ઉપરાંત આવા સુંદર અવતરણોથી પણ રોજનીશીઓ ભરાતી જતી. આમ ૨-૩ મહિનાની એક એવી રીતે ૨૦૦ થી પણ વધુ ડાયરીઓ પૂજ્ય પંન્યાસજી મહારાજના સ્વહસ્તે લખાઈ.

સકળ જીવરાશિ પ્રત્યે નીતરતા સ્નેહ પરિણામ અને દુઃખોને-કર્મોને સામે ચાલીને સ્વીકાર કરવાની નિર્ભય વૃત્તિને કારણે તેઓની સાધુતા ખીલતી ગઈ. નિંદા કે નકાર તેઓની વાણીમાં ક્યારેય પ્રવેશ્યા જ નહીં. વૈયાવચ્ચ, ક્ષમાભાવ અને તત્ત્વવિચારણા સહિતના ધ્યાનયોગથી ભાવિત આત્માને પણ કર્મોદયથી સંવત્ ૨૦૩૪ થી સંવત્ ૨૦૩૬ (ઈ. સ. ૧૯૭૮ થી ૧૯૮૦) દરમ્યાન શારીરિક માંદગી ઉદયમાં આવી.

પૂજ્ય પંન્યાસજી મહારાજ વધુ ને વધુ સાવધાન બનતા ગયા. વૈશાખ માસના શુકલ પછીના અંતિમ દિવસોમાં શ્વાસની તકલીફ વધી, પણ અંગૂઠો સતત આંગળીઓ ઉપર ફરતો. મુખ નવકાર રટતું, હૈયું આત્મભાવ ઘૂંટતું અને સમગ્ર અસ્તિત્વ અપૂર્વ કોટિની દિવ્ય આરાધનામાં અપ્રમત્તભાવે હતું રમમાણ!

અજવાળી ચૌદસના જાગૃતિપૂર્વકના-સમાધિદશામાં તેમના દ્વારા થયું પક્ખી પ્રતિક્રમણ-જેમાં કાઉસગ્ગ બધા જ સ્વસ્થતાપૂર્વક પારતા ગયા. તેઓ અને પ્રાંતે સકલ શ્રીસંઘને કર્યાં મિચ્છામી દુક્કડં. એ પછી પાટ ઉપર બેઠાં-બેઠાં જ પોતાના સહવર્તી શ્રમણોને કહ્યું કે: 'હવે આ છેલ્લો સમય છે.' જે સજાગતા, સ્વસ્થતા, સાવધાનિતા સંગે તેઓએ પોતાની જ નાડીને મંદ પડતાં જોઈ અને નવકારની ૬૮ વર્ણમાતૃકાઓમાં ભળતા ગયા. તે જોઈ સૌનું બહુમાન ત્રિગુણીત થયું. રાત્રીના આઠ ને દસ મિનિટના ટકોરે એકાએક પૂજ્ય પંન્યાસજી મહારાજની વાત્સલ્ય વરસાવતી, પરમતેજનો પ્રકાશ પાથરતી, આરાધનાનું અમૃત વહાવતી બંને આંખો ખૂલી ગઈ ને મૈત્રીના મહાસાધક દેહથી દિગંત થયા!

તેઓના કાળધર્મ પામ્યા પછી અનેક ભક્તો-આરાધકોના જીવનમાં શૂન્યાવકાશ ઉભો થઈ ગયો.

પાટણમાં તેઓનું ગુરુમંદિર બંધાવવાના નિર્ણયને મક્કમ કરવા ત્યાં સુધી કહ્યું કે: 'આજથી ૧૦૦ વર્ષ પછી મહોપાધ્યાય, અંતિમ શ્રુતપારગામી શ્રી યશોવિજયજી મહારાજની જેમ જ અમર

નામના પામનાર અધ્યાત્મયોગી શ્રી પંન્યાસજી મહારાજનું સુયોગ્ય ગુરુમંદિર બનાવવું એ આપણું પરમ કર્તવ્ય છે.'

પાટણ ઉપરાંત પાલીતાણામાં કસ્તુરધામ, હાલારતીર્થ આરાધના ધામમાં પણ પોતાના ગુરુમહારાજ પ્રત્યેના અખૂટ ગુરુઋણ ચુકવવાના અનુપમ અવસર તરીકે શ્રી સી. કે. મહેતાએ ગુરુવર્યની સોહામણી મૂર્તિની સ્થાપના કરાવી. પૂજ્ય પંન્યાસજી મહારાજના આત્મોન્નતિ કરવાના માર્ગ સમા ચિંતનોથી ભરપૂર ડાયરીઓ, તેમના કાળધર્મના ૩૬ વર્ષ સુધી જાણે રત્નસંદુકમાં અકબંધ સચવાયેલી રહી. પરંતુ આજથી બે-અઢી વર્ષ પૂર્વે સમુદાયસ્થિત શ્રમણભગવંતોએ તેનું વાંચન આરંભ્યું અને અરસપરસ વિશ્લેષણ કરવાનું કાર્ય કરતા સૌના મનમાં ઉપજ્યું કે તત્ત્વજિજ્ઞાસુઓ માટે પૂજ્ય સાહેબજીનો આ અક્ષર દેહ અમૃત સમાન બની રહે તેમ છે.

જ્ઞાનસુધારસની આ અમૃતધારાથી ભરેલા કામકુંભ જાણે આપણી સમક્ષ મૂકાયો હોય એવા આત્મસુખધામ સમા આ હસ્તાક્ષરોનો એક એક અક્ષર લાગ્યો. સૌને જાણે મંત્રાક્ષર!

તેને ગ્રંથ સ્વરૂપે ૩૦ જેટલા વોલ્યુમની શ્રેણીરૂપ સંપુટો ક્રમશઃ પ્રગટ કરવાનો વિચાર મૂકાયો-ફરીથી અમારા ગુરુમહારાજના પરમ શ્રાવકરત્ન સી. કે. મહેતા સમક્ષ, જેઓ 'સાધ્યવ્યાધિકલ્પ' સમા આ હસ્તાક્ષરોનું પ્રકાશન કરવાના આ બૃહદ્‌કાર્ય માટે પોતાનો વિશાળ અર્થભંડાર મોકળા મને ખૂલ્લો મૂકી દેવા તત્પર બન્યા- અને તેમાંથી હવે સર્જન થવા માંડ્યું છેઃ **'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'** ગ્રંથશ્રેણીનું!

જેમના જેમના હસ્તકમળમાં આ ગ્રંથો પહોંચે, તેઓને પૂજ્ય પંન્યાસજી મહારાજના તત્ત્વજ્ઞાનનું હાર્દ એવં ભાવ સુઘડ અને સુવ્યવસ્થિત રીતે પ્રત્યક્ષ થાય, તેવી અનુપમ કાર્યશૈલી અપનાવી છે. ૩૦ કાર્યકર્તાઓ જૂથ સંગે પૂજ્યભાવથી સાહેબજીના હસ્તાક્ષરોમાં જ છેલ્લા ૧૫, ૧૬ મહિનાથી એકધારૂં કાર્ય કરી, બધા ગુરુભક્તિમાં ભીંજાઈ રહ્યા છે.

પૂજ્ય પંન્યાસજી ભગવંતનું જીવનચરિત્ર 'પારસમણિ' સાથે સૌને હવે પ્રતીત થાય છે કે 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'ના હસ્તાક્ષરોમાં અકબંધ જે વૈચારિક વિરાસત છે, તે જાણે આત્મદ્રવ્યનો ઝગમગતો પુંજ છે! આ તત્ત્વોનું મનન કરતાં થાય છે કે પૂજ્ય સાહેબજીનો આત્મા પુદ્‌ગલભાવથી પર અને આત્મરમણતામાં કેવો તો મગ્ન હશે કે જેથી તેમનું દરેક ચિંતન રાગ-દ્વેષની પરિણતિ તૂટે, પુદ્‌ગલ પ્રત્યેની આસક્તિ છૂટે, જીવો પ્રત્યેનો દ્વેષભાવ હળવો થાય અને સ્નેહભાવમાં પરિણમે તેવું જ હોય છે!

આત્માને ત્વરિત જાગૃતિમાં લાવી દે તેવા ભાવોને અત્યંત સરળ સ્વરૂપે વ્યક્ત કરીને પૂજ્ય સાહેબજીએ સર્વ ભવિજનો ઉપર અનહદ ઉપકાર કરેલ છે. વર્તમાન ગીતાર્થ પૂજ્યશ્રીઓ તેઓના હસ્તાક્ષરોમાં રહેલું ચિંતન વાંચી જણાવે છે કે :-

- આ ગ્રંથો તો પૂજ્યપાદ હરિભદ્રસૂરિજી મહારાજાના ગ્રંથોની જેમ ભવિષ્યમાં જગતને આત્મગમ્ય દિશા દર્શાવનાર ધ્રુવતારક સમા બની રહેશે.
- સ્વયં મહાવીરપ્રભુના હસ્તાક્ષરો તમારા હાથમાં આવે અને જેટલો આનંદ થાય, એટલો જ આનંદ આ ગ્રંથોમાંથી ઉપજે છે.
- આ ગ્રંથોને જો શ્રમણજીવનના પાઠ્યપુસ્તકરૂપ ગણીએ, તો બેડો પાર છે!
- આ અક્ષયપાત્ર મળતાં આંખોને ઉત્સવ, મનને મહોત્સવ અને દિલને દિવાળી થઈ જાય છે!
- આટલા વર્ષે આ અત્તરની બાટલી ખૂલી ખરી...

શ્રાવકરત્ન સી. કે. મહેતાની અનુભૂતિ અનુસાર શણગારેલા હાથીની સોનાની અંબાડી ઉપર શ્રુતવારસાના આ રત્નજડિત ખજાનાને મૂકીને રથયાત્રા પ્રયોજવાનું અને ૭૧ પેઢી તરી જાય તેવા આ કાર્યના મહાલાભની અનુમોદના કરવાનું થાય છે મન! 'પારસમણિ' સમા આ ગુરુમહારાજના હસ્તાક્ષરોનું તેજ સૈકાઓ સુધી સૌને અજવાસિત કરતું રહે તેવી અભ્યર્થના સહ,

❑❑❑

નાદુરસ્ત તબિયત છતાં ગુરુભક્તિ પ્રત્યેના અપારભાવને કારણે તાત્કાલિક આ લેખ તૈયાર કરી આપવા બદલ ગુરુભગવંત અને ભારતીબેન મહેતાના અમે ખૂબ આભારી છીએ.

**શબ્દાંકન : ભારતીબેન દીપકભાઈ મહેતા**

મનનો ધર્મ,
બુદ્ધિનો ધર્મ,
ચિત્તનો ધર્મ,
અહંકારનો ધર્મ,
આ બધા ધર્મો
અને
આત્માના ધર્મ
બધા પોતપોતાના ધર્મમાં આવી જાય,
એનું નામ
'જ્ઞાન'
અને એકના ધર્મ ઉપર 'આપણે' દબાણ કરીએ એટલે થયું
અજ્ઞાન!
(આપ્તસૂત્ર : ૧૨૪૬) - દાદા ભગવાન

# શ્રી ઉવવાઈ સૂત્ર

**મ.સ. શ્રી સુવાસિનીજી**

*લીંબડી અજરામર સંપ્રદાયના પ.પૂ. રશ્મિનાબાઈ મહાસતીજીના સુશિષ્યા, જ્ઞાનાભ્યાસના જિજ્ઞાસુ, સતત સ્વાધ્યાય ચિંતન-મનન કરનાર, શાસન પ્રભાવક.*

તીર્થંકરના અર્થરૂપ ઉપદેશના આધારે ગણધર ભગવંતો દ્વારા રચિત આગમો અંગસૂત્રો કહેવાય છે. વીર નિર્વાણ પછી એક હજાર વર્ષે આચાર્ય શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમા શ્રમણે આગમો લિપિબદ્ધ કરાવ્યા ત્યારે બાર અંગસૂત્રો ઉપરાંત અનેક આગમગ્રંથો લિપિબદ્ધ થયા હતા.

વીર સંવત ચૌદમી - પંદરમી શતાબ્દીમાં આચાર્યોએ ઉપલબ્ધ આગમગ્રંથોનું અન્ય પ્રકારે વિભાજન કર્યું. તેમાં અંગબાહ્ય સૂત્રોમાંથી કેટલાક સૂત્રોને ઉપાંગસૂત્રો રૂપે સ્વીકાર્યા.

ઉપાંગસૂત્રોની સંખ્યા બાર છે. એમાં ઔપપાતિક સૂત્રને પ્રથમ સ્થાન મળ્યું છે. ઔપપાતિક સૂત્ર (ઉવવાઈ સૂત્ર)ની પોતાની કેટલીક વિશેષતાઓને કારણે પ્રથમ ઉપાંગસૂત્રરૂપે પ્રસિદ્ધ થયું છે.

**ઔપપાતિકસૂત્ર - નામકરણ :-** उपपतनं उपपातो देव - नरक जन्मसिद्धिगमनं च। દેવ અને નૈરયિકોના જન્મને ઉપપાત કહે છે. ઔપપાતિક સૂત્રમાં મુખ્ય રીતે દેવ અને નરકમાં ઉત્પન્ન થવા યોગ્ય ભિન્ન-ભિન્ન પ્રકારના જીવોનું વિસ્તૃત વર્ણન છે તેથી આગમનું ઔપપાતિક સૂત્ર તે નામ સાર્થક છે.

**વિષય વસ્તુ :-** આ આગમના કોઈ અધ્યયન કે ઉદ્દેશકરૂપ વિભાગ નથી પરંતુ વિષયવસ્તુની અપેક્ષાએ તેના બે વિભાગ છે. (૧) સમવસરણ (૨) ઉપપાત

**(૧) સમવસરણ :-** પ્રથમ વિભાગમાં ચંપાનગરી, પૂર્ણભદ્ર ચૈત્ય, વનખંડ, પૃથ્વીશિલા પટક, કોણિક રાજા, ધારિણી રાણી, ભગવાન મહાવીર સ્વામીનું દેહસ્વરૂપ અને ગુણસ્વરૂપ, ભગવાનના અંતેવાસી અણગારો, બાર પ્રકારના તપના ભેદ, ભગવાનના દર્શન માટે ચારે જાતિના દેવોનું આગમન, સમવસરણમાં વિશાળ પરિષદમધ્યે ભગવાને આપેલા ધર્મોપદેશનું વિસ્તૃત વર્ણન છે. શ્રી ઔપપાતિક સૂત્રમાં દરેક વર્ણનો અત્યંત વિસ્તારપૂર્વક છે. તેથી જ તેનો અતિદેશ वण्णओ जहा उववाइए આ શબ્દો ભગવતી સૂત્ર આદિ અનેક આગમોમાં જોવા મળે છે.

**(૨) ઉપપાત :-** બીજા વિભાગમાં ગૌતમ ગણધરની જિજ્ઞાસા અનુસાર ભગવાને ભિન્ન ભિન્ન પ્રકારના જીવોના ઉપપાતનું વર્ણન કર્યું છે. ઉપપાત વર્ણન જ પ્રસ્તુત આગમનું હાર્દ છે. આ વર્ણન જ્ઞાનવર્ધક છે તેમજ વૈદિક અને શ્રમણ પરંપરાના અનેક પરિવ્રાજકો, તાપસો અને શ્રમણો તથા તેમની આચારસંહિતાનું વર્ણન છે. તે ઉપરાંત અંબડ પરિવ્રાજક અને તેના ૭૦૦ શિષ્યોના કથાનકથી આ આગમ વાચકો માટે રોચક બની ગયું છે.

### પ્રથમ વિભાગ – સમવસરણ

ભગવાન મહાવીર સ્વામી વિચરતા હતા તે સમયમાં ચંપાનગરીના કોણિકરાજા ભગવાન મહાવીર સ્વામીના અનન્ય ભક્ત હતા. પ્રતિદિન ભગવાનના વિહારના સમાચાર મેળવવા માટે તેમણે અનેક સંદેશ વાહકની નિમણૂક કરી હતી. તે સંદેશવાહક દ્વારા ભગવાનના સમાચાર જાણીને કોણિક રાજા તે દિશામાં સાત-આઠ કદમ ચાલી પરમાત્માને ભાવપૂર્વક વંદન કરતા હતા.

ભગવાન જ્યારે ચંપાનગરીના પૂર્ણભદ્ર ચૈત્યમાં પધાર્યા ત્યારે રાજાએ સંદેશવાહકને એક લાખ આઠ સોનામહોરો આપી સત્કાર કર્યો. જેમ ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક જાતિના દેવ-દેવીઓ પોતાની દિવ્યઋદ્ધિ સહિત ભગવાનના દર્શન કરવા માટે આવ્યા, તે જ રીતે કોણિક રાજા પોતાની પટ્ટરાણી ધારિણીદેવી, પરિવારજનો સહિત સંપૂર્ણ રાજસી ઠાઠ-માઠથી ભગવાનના દર્શન કરવા ગયા.

★ **ચંપાનગરી :-** જ્યાં કોઈ પણ જાતનો રાજ્ય કર લેવાતો ન હોય તેને નગરી કહેવાય. ચંપાનગરી પણ એવી જ નગરી હતી. કિલ્લો ચારે બાજુથી સુરક્ષિત હતો. અવર જવર માટે ચારે દિશામાં ચાર દરવાજા હતા. પ્રજાજનોની સર્વ પ્રકારની જરૂરિયાતો સહજતાથી પ્રાપ્ત થતી હતી. ધન-ધાન્ય, ઘી-દૂધ વગેરેની પ્રચુરતા હતી. દરેક વ્યક્તિ પોતાની યોગ્યતા પ્રમાણે આજીવિકા પ્રાપ્ત કરી શકે તે માટે વિવિધ વ્યાપારો હતા. પ્રજાજનોના આનંદ-પ્રમોદ માટે ઉદ્યાનો, પ્રેક્ષાગૃહો વગેરે સ્થાનો હતા. વિશાળ સૈન્ય નગરની સુરક્ષા કરતું હતું.

★ **પૂર્ણભદ્ર ચૈત્ય :-** દરેક નગરીની બહાર ઈશાન ખૂણામાં ચૈત્ય-યક્ષાયતન યુક્ત ઉદ્યાન હોય છે. ચંપાનગરની બહાર પૂર્ણભદ્ર યક્ષનું ચૈત્ય-મંદિર હતું. તેમાં સ્થાપિત યક્ષ પ્રતિમા લોકો માટે વંદનીય - પૂજનીય હતી. લોકો ભક્તિભાવથી યક્ષની સેવા પૂજા કરી લૌકિક ઈષ્ટફળની સિદ્ધિ કરતા હતા.

★ **વનખંડ :-** ચૈત્યની ચારેબાજુ વિશાળ વનખંડ હોય છે. તેમાં વિવિધ પ્રકારના ઘટાદાર વૃક્ષો હોય છે. ત્યાંની ફળદ્રુપ જમીન, પર્યાપ્ત પાણી અને અનુકૂળ વાતાવરણના કારણે વૃક્ષો હંમેશા લીલાછમ રહે છે. આ વનખંડ સુગંધી વૃક્ષોની સુગંધથી સર્વ લોકોને આનંદિત કરતું હતું.

★ **પૃથ્વી શિલા પટ્ટક :-** અશોક વૃક્ષની નીચે તેના થડથી થોડે દૂર એક સિંહાસન જેવી વિશાલ શિલા હતી. તે પૃથ્વીમય હોવાથી પૃથ્વીશિલા પટ્ટકના નામે પ્રસિદ્ધ હતી. તે કાળી, અષ્ટકોણીય, ક્રાંતિમાન અને મનોહર હતી.

★ **કોણિક રાજા :-** ચંપાનગરના કોણિક રાજા મહાહિમવાન પર્વતો જેવા શ્રેષ્ઠ, પુરુષોની સર્વ કળામાં નિપુણ, ઉત્તમ ઐશ્વર્યશાળી હોવાથી મનુષ્યોમાં ઈંદ્રતુલ્ય હતા, પ્રજાનું રક્ષણ અને પોષણ સારી રીતે કરતા હોવાથી પિતાતુલ્ય હતા. પ્રજાજનોનો સર્વાંગી વિકાસ થાય અને રાજ્યમાં શાંતિ જળવાઈ રહે તે માટે સતત પ્રયત્નશીલ હતા. ન્યાયપ્રિય અને ધર્મસભર તેમનું વર્તન હતું.

★ **ધારિણી રાણી :-** કોણિક રાજાની પટ્ટરાણી ધારિણીદેવી સ્ત્રીના ઉત્તમ લક્ષણોથી યુક્ત હતી. તેની વાણી મીઠી, મધુરી અને કર્ણપ્રિય હતી. તે ચતુર અને વ્યવહારકુશળ હતી. શીલસંપન્ન અને ગુણસંપન્ન હતી. કોણિક રાજામાં અનુરક્ત અને અનુકૂળ હતી. રાજાને સદા પ્રસન્ન રાખતી હતી.

★ **ભગવાન મહાવીર સ્વામી અને તેમનો શિષ્ય પરિવાર :-** ભગવાન મહાવીર સ્વામીની ઉંચાઈ ૭ હાથ, વજ્રઋષભનારાચ સંઘયણ, સમચતુરસ્ત્ર સંઠાણ, સુવર્ણ વર્ણ, ૧૦૦૮ ઉત્તમ લક્ષણોના ધારક, સ્વયંસંબુધ્ધ, ચાર ઘાતીકર્મ ક્ષય કરી કેવલજ્ઞાન - કેવલદર્શન પ્રાપ્ત કરી, સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા રૂપ ચતુર્વિધ સંઘની સ્થાપના કરનાર, શ્રુત અને ચારિત્ર ધર્મનો પ્રારંભ કરનારા, સિધ્ધપદ પ્રાપ્ત કરવાની ભાવનાવાળા, ૧૪૦૦૦ સાધુઓ અને ૩૬૦૦૦ સાધ્વીના પરિવાર સાથે ચંપાનગરીના પૂર્ણભદ્ર ચૈત્યમાં વનપાલકની આજ્ઞા લઈ અશોક વૃક્ષ નીચે પૃથ્વી શિલાપટ્ટક પર બિરાજમાન થયા.

★ **શિષ્ય પરિવાર :-** ભગવાન મહાવીરનો શિષ્ય પરિવાર પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિથી યુક્ત હતા. તે અણગારો રત્નાવલી, કનકાવલી, એકાવલી, આદિ વિવિધ તપના કરનારા હતા. તપના પ્રભાવે કેટલાક અણગારો ખેલોષધિલબ્ધિ, જલૌષધિલબ્ધિ, આમષૌધિલબ્ધિના ધારક હતા. ભિક્ષુની બાર પ્રતિમાને વહન કરનારા, કેટલાક બે-ત્રણ-ચાર જ્ઞાનના તથા કેટલાક માત્ર એક કેવળજ્ઞાનના ધારક હતા. ભગવાનના અણગારો કષાય વિજેતા, પરિષહ વિજેતા, નિદ્રા વિજેતા, ઈન્દ્રિય વિજેતાના ધારક હતા. ક્ષમાદિ દસ યતિધર્મના પાલક હતા. ૧૨ પ્રકારના તપ એમાં છ બાહ્ય અને છ આભ્યંતર તપનું પાલન કરતા હતા.

★ **છ પ્રકારના બાહ્ય તપ :-** (૧) અનશન : ત્રણ કે ચાર પ્રકારના આહારનો ત્યાગ કરવો. (૨) ઉણોદરી : દ્રવ્ય ઉણોદરી તે ભૂખથી ઓછું ખાવું તે, ભાવ ઉણોદરી તે વિષય - કષાય ઓછા કરવા તે. (૩) ભિક્ષાચરી : સંયમી જીવનોપયોગી આહાર, વસ્ત્ર, પાત્ર, ઔષધ વગેરેની યાચના અભિગ્રહપૂર્વક કરવી તે. (૪) રસપરિત્યાગ : ઘી, તેલ, દૂધ, દહીં, ગોળ, સાકર આદિ વિગયયુક્ત આહારનો રસાસ્વાદનો ત્યાગ કરવો. (૫) કાયક્લેશ : દેહદમન કરવું, વિવિધ આસનો, આતાપના આદિ કષ્ટમય અનુષ્ઠાન કરવા તે. (૬) પ્રતિસંલીનતા : પાંચે ઈન્દ્રિયોને પોતપોતાના વિષયોમાં જતી રોકવી.

★ છ પ્રકારના આભ્યંતર તપ :- (૧) પ્રાયશ્ચિત : પ્રાયશ્ચિત એટલે ગુરુ સમક્ષ પોતાના દોષો પ્રગટ કરી, તેની શુદ્ધિ માટે તપ આદિનો સ્વીકાર કરવો. (૨) વિનય : વિનય એટલે વડીલોની સેવા ભક્તિ કરવી, તેમનો સત્કાર કરવો, સન્માન જાળવવું, ચારિત્ર સંપન્ન વ્યક્તિનો આદર કરવો. (૩) વૈયાવચ્ચ : વૈયાવચ્ચ એટલે સેવા. વડીલો, તપસ્વી, બીમાર, આચાર્ય ઉપાધ્યાય, નવદીક્ષિત, સાધર્મિકોની પ્રસન્ન ચિત્તે સેવા કરવી. (૪) સ્વાધ્યાય :- સ્વાધ્યાય એટલે આત્માને હિતકારી વાંચન, અધ્યયન કરવું, શીખેલા જ્ઞાનનું પુનરાવર્તન કરવું, શાસ્ત્રોનું અધ્યયન કરવું. (૫) ધ્યાન : ધ્યાન એટલે એક વસ્તુના ચિંતનમાં ચિત્તને સ્થિર કરવું, ચિત્તનો નિરોધ, ચિત્તની એકાગ્રતા.( ૬) વ્યુત્સર્ગ : શરીર તથા શરીરના મમત્વનો ત્યાગ કરી એકાકી સાધના કરવી. ક્રોધાદિ કષાયનો ત્યાગ કરવો. આઠ કર્મના બંધને રોકવો તે.

★ ભગવાન મહાવીર સ્વામીની દેશના : ભગવાન મહાવીર ગ્રામનુગ્રામ વિચરણ કરતા ચંપાનગરીના પૂર્ણભદ્ર ઉદ્યાનમાં પધાર્યા ત્યારે ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી, વૈમાનિક દેવ અને દેવીઓ પ્રભુના દર્શનાર્થે આવ્યા. વનપાલકે કોણિક રાજાને ભગવાન મહાવીર સ્વામીના પદાર્પણની વધામણી આપી ત્યારે કોણિક રાજાએ અત્યંત હર્ષિત બની મુગટ સિવાયના સર્વ અલંકારો વનપાલકને આપ્યા અને સિંહાસન ઉપરથી ઉભા થઈને પરોક્ષ રૂપે પ્રભુને વંદન-નમસ્કાર કર્યા. ત્યારબાદ ચતુરંગિણી સેના સાથે પ્રભુના દર્શનાર્થે નીકળ્યા. પ્રભુને દૂરથી જોતાં જ રાજા ઉપરથી ઉતરી પગપાળા ચાલતા પાંચ અભિગમ - શ્રાવકના શિષ્ટાચારનું પાલન કરતા ગયા. ભગવાનની સમીપે બેઠા.

ભગવાને વિશાળ પરિષદની મધ્યમાં શ્રુત અને ચારિત્ર ધર્મનો ઉપદેશ આપ્યો. તે ઉપરાંત આગાર ધર્મ અને અણગાર ધર્મનું સ્વરૂપ સમજાવતાં શ્રાવકોના બાર વ્રત અને સાધુના પાંચ મહાવ્રતનો ઉપદેશ આપ્યો. ભગવાનની દેશના સાંભળી કેટલાક ભવ્ય જીવોએ શ્રમણધર્મ, કેટલાકે શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો. કોણિકરાજા અને ધારિણીદેવીએ પણ નિર્ગ્રંથ પ્રવચન પ્રતિ શ્રદ્ધાને દૃઢ કરી અહોભાવ પ્રગટ કર્યો. તત્પશ્ચાત પ્રભુને ત્રણ વંદન કરી દેવો-માનવો સ્વસ્થાને ગયા.

## બીજો વિભાગ : ઉપપાત

ગૌતમ ગણધરની જિજ્ઞાસાથી પૂછાયેલા પ્રશ્નોનું સમાધાન કરતા ભગવાને વિવિધ પ્રકારના જીવોની ઉત્પત્તિનું નિરૂપણ કર્યું છે.

જે જીવો સમ્યગ્દર્શન સહિત આરાધનાપૂર્વક મૃત્યુ પામે તે જીવો પછીના જન્મોમાં પણ જૈન ધર્મ પામી આરાધનાની યોગ્યતા પ્રાપ્ત કરે છે. અને જે જીવોને અકામ નિર્જરા કે અજ્ઞાન તપથી દેવલોકની પ્રાપ્તિ થઈ હોય તે જીવો પછીના ભવમાં આરાધનાને યોગ્ય વાતાવરણ પ્રાપ્ત કરતા નથી. જે જીવો જીવન દરમ્યાન લાગેલા દોષોની અંત સમયે આલોચના કે પ્રાયશ્ચિત ગ્રહણ કર્યા વિના મૃત્યુ પામે છે તે વિરાધક છે. તેને ભવાંતરમાં સાધનાને યોગ્ય સામગ્રી મળતી નથી.

(૧) ત્રસ જીવોની ક્રૂરતાપૂર્વક હિંસા કરનારા જીવોનો નરકમાં ઉપપાત થાય છે.

(૨) અનિચ્છાએ કષ્ટ સહન કરી અકામ નિર્જરા કરનારા વિરાધક વ્યંતર દેવમાં ઉત્પન્ન (ઉપપાત) થાય છે.

(૩) સાંસારિક સંબંધોનો ત્યાગ કરી, વિવિધ પ્રકારના વ્રત-નિયમ ધારણ કરનારા યત્ર, ફળાહાર, વારંવાર સ્નાન કરનારા, વાનપ્રસ્થ સંન્યાસીઓ વિરાધકભાવે જ્યોતિષીદેવ રૂપે ઉત્પન્ન થાય છે.

(૪) શાક્યાદિ શ્રમણો જે વિદૂષક, ભાટવૃત્તિથી હસાવવાની ક્રિયા કરનારા વિરાધક શ્રમણો કાંદર્પિક પ્રકારના વૈમાનિક દેવ થાય છે.

(૫) ચાર વેદના જ્ઞાતા, શૌચધર્મ - દેહશુદ્ધિમાં ધર્મ માનનારા, ભગવા વર્ણના વસ્ત્રધારી, તેવા પરિવ્રાજકો પાંચમા બ્રહ્મલોક નામના વૈમાનિક જાતિના દેવરૂપે વિરાધકભાવે ઉત્પન્ન થાય છે.

(૬) ગુરુ વગેરેનો અપયશ કરનારા, ખોટા દોષ પ્રગટ કરનારા, ગુરુ પ્રત્યનીક શ્રમણો વિરાધકભાવે ત્રીજા કિલ્વિષીક વૈમાનિક દેવ રૂપે ઉત્પન્ન થાય છે.

(૭) આજીવિક (ગૌશાલક)ના શ્રમણો, મંત્ર-તંત્રનો પ્રયોગ કરનારા શ્રમણો વિરાધકભાવે બારમા અચ્યુત દેવલોકમાં ઉત્પન્ન થાય છે.

(૮) જાતિસ્મરણજ્ઞાનથી વ્રતોનું પાલન કરનારા, પશુ વગેરે તિર્યંચો આરાધકભાવે વૈમાનિકદેવોમાં આઠમા સહસ્ત્રાર દેવલોકમાં ઉત્પન્ન થાય છે.

(૯) તીર્થંકર પરમાત્માના કોઈપણ એક વિષયનો નિષેધ કરી, વિપરીત પ્રરૂપણા કરનારા નિહ્નવો વિરાધકભાવે નવમાં દેવલોક સુધી ઉત્પન્ન થાય છે.

(૧૦) બાર વ્રતધારી શ્રાવકો આરાધકભાવે વૈમાનિક દેવોમાં બારમાં દેવલોક સુધી ઉત્પન્ન થાય છે.

(૧૧) મહાવ્રતધારી શ્રમણો આરાધકભાવે મોક્ષમાં અથવા સર્વાર્થસિદ્ધ મહાવિમાનમાં ઉત્પન્ન થાય છે.

(૧૨) અપ્રમત્ત (પ્રમાદ રહિત) શ્રમણો મોક્ષ ગતિને પ્રાપ્ત કરે છે.

★ **અંબડ પરિવ્રાજક :-** ભગવાન મહાવીર સ્વામીના સમયમાં અંબડ નામના પરિવ્રાજક હતા. તેઓ ભગવાનના સમાગમમાં આવ્યા અને પરિવ્રાજકપણામાં રહીને શ્રાવકવ્રતોનો સ્વીકાર કર્યો. જૈન ધર્મ પ્રતિ દૃઢ શ્રદ્ધાવાન હતા. તેમને વૈક્રિય લબ્ધિ અને અવધિજ્ઞાન પ્રાપ્ત થયા હતા. તેઓ ચમત્કાર બતાવવા પોતાના ૧૦૦ રૂપ બનાવી એક સાથે ૧૦૦ ઘરોમાં આહાર અને નિહાર કરતા હતા. અંત સમયે એક મહિનાનું અનશન કરી આરાધકભાવે બ્રહ્મલોક નામના પાંચમાં વૈમાનિક દેવલોકમાં ઉત્પન્ન થયા છે અને મહાવિદેહ ક્ષેત્રમાંથી સિદ્ધગતિને પ્રાપ્ત કરશે.

★ **અંબડ પરિવ્રાજકના ૭૦૦ શિષ્યો :-** ૭૦૦ શિષ્યોએ પણ શ્રાવકવ્રતનો સ્વીકાર કર્યો હતો. એકવાર નિર્જન અટવીમાં જલના દાતા કોઈ ન મળ્યા તૃષાતુર હતા છતાં અદત્તાદાન વ્રતને દૃઢતાપૂર્વક ટકાવી રાખવા ગંગાનદીના કિનારે અનશન કરી આરાધકભાવે દેહનો ત્યાગ કર્યો પણ અદત્તપાણી ગ્રહણ ન કર્યું અને પાંચમાં બ્રહ્મલોક નામના વૈમાનિક દેવલોકમાં ઉત્પન્ન થયા.

★ **કેવળ સમુદ્ઘાત :-** કેવળી ભગવાનના આયુષ્યની સ્થિતિ અલ્પ અને વેદનીય, નામ, ગોત્ર કર્મની સ્થિતિ દીર્ઘ હોય તો તેઓ આઠ સમયની કેવલ સમુદ્ઘાત કરી ચારે કર્મોની સ્થિતિને સમ કરે છે. આ સમયે આખા લોકમાં ફેલાયેલા આત્મપ્રદેશો દ્વારા કર્મની નિર્જરા થાય છે. અંતિમ અંતમુહુર્તમાં યોગનિરોધ કરી અયોગી અવસ્થાને પ્રાપ્ત કરી અશરીરી બની એક સમયમાત્રમાં લોકાગ્રે સિધ્ધક્ષેત્રમાં સ્થિત થાય છે.

★ **સિધ્ધક્ષેત્ર :-** ઉર્ધ્વલોકમાં સર્વાર્થસિધ્ધ મહાવિમાનની ધ્વજાથી ૧૨ યોજન ઉપર સિધ્ધશીલા છે. તે ૪૫ લાખ યોજન પહોળી, મધ્યમાં આઠ યોજન પહોળી અને ઘટતાં ઘટતાં માખીની પાંખ કરતાં વધુ પાતળી છે. તે સિધ્ધશીલાથી એક યોજન ઉપર લોકાંત છે. તે અંતિમ યોજનના ચાર ગાઉમાંથી અંતિમ છઠ્ઠા ભાગમાં ૩૩૩ ધનુષ્ય અને ૩૨ અંગુલ પ્રમાણ સિધ્ધક્ષેત્ર છે. ત્યાં અનંત સિધ્ધ ભગવંતો બિરાજે છે.

★ **સિધ્ધ ભગવાન :-** અશરીરી, નિરંજન, નિરાકાર, અમૂર્ત હોય છે. અંતિમ શરીરથી ત્રીજો ભાગ ન્યૂન સિધ્ધોની અવગાહના હોય છે. સિધ્ધ ભગવાન પોતાના સંપૂર્ણ શુદ્ધ સ્વરૂપમાં અનંતકાલ સુધી સ્થિર રહે છે.

## ઔપપાતિક સૂત્રનું અવલોકન

જૈન દર્શનમાં વસ્તુનું સ્વરૂપ સમજાવવા માટે વિશેષ પદ્ધતિ અપનાવાય છે અને એ છે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ. એ ચારેનું નિરૂપણ આ ઔપપાતિક સૂત્રમાં જોવા મળે છે. જેમકે... (૧) દ્રવ્યથી આત્મદ્રવ્ય - મૌક્ષ - સમુદ્ઘાત આદિ રૂપે જીવ-અજીવ રૂપ નિત્યાનિત્ય દ્રવ્યનું વર્ણન છે.

(૨) ક્ષેત્રથી ચંપાનગરી, સિદ્ધક્ષેત્ર આદિ ક્ષેત્રનું વર્ણન છે.

(૩) કાળથી तेणं कालेणं तेणं समणां વર્તમાન અવસર્પિણી કાલના ચોથા આરામાં જે સમયે ભગવાન મહાવીર હતા ત્યારનો

કાળ બતાવ્યો છે.

(૪) ભાવથી કર્મના ભોગવટાથી ઉદવભાવ, કેવલજ્ઞાન - દર્શથી ક્ષાયકભાવનું નિરૂપણ છે.

દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ દ્વારા આત્માનું સ્વરૂપ જાણ્યા પછી કર્મથી મુક્ત થવાનું મન થાય તો એ માટે ધર્માચરણ જરૂરી છે. દાન-શીલ-તપ-ભાવ એ ચાર પાયા (સ્તંભ) સ્વરૂપ ગૃહસ્થધર્મના છે.

૧) દાન - કોણીક રાજા સંદેશવાહકને પ્રીતિદાન આપે છે.

૨) શીલ ૧૨ વ્રતની દેશનામાં ચોથાવ્રતમાં શીલધર્મ છે.

૩) તપ ૧૨ તપનું ભેદ-પ્રભેદ સહિત વર્ણન છે.

૪) ભાવ અંતરસ્પર્શી ધર્મભાવ છે. એનું સમ્યક્ નિરુપણ છે.
આ ચાર પ્રકારના ધર્મથી સમ્યક્ જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપની પ્રાપ્તિ થાય છે. મોક્ષમાર્ગના ચાર પગથિયાં આ સૂત્રમાં છે.

૧) જ્ઞાન ભગવાન મહાવીરના શ્રમણો નિરતિચાર જ્ઞાનની આરાધના કરવાવાળા જ્ઞાનરૂપ બળ સંપન્ન હતા. કેવલજ્ઞાન દર્શનનું વર્ણન છે.

૨) દર્શન (શ્રદ્ધા) કોણિકની પ્રભુ પ્રત્યેની શ્રદ્ધાનું વર્ણન છે.

૩) ચારિત્ર શ્રમણોની દિનચર્યા-શ્રાવકોની દિનચર્યાનું વર્ણન છે.

૪) તપ ઉર્ધ્વજીવનના ચરમ પગથિયાનું ભેદ-પ્રભેદ સહિત વર્ણન છે.

આ પગથિયાં ચડીએ તો જ મોક્ષગતિરૂપ ઉર્ધ્વજીવન પ્રાપ્ત થાય છે.

**ઉપસંહાર :**

આજનો માનવી ભૌતિક સુખો માટે સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી નહિ બલ્કે મધરાત સુધી યંત્રવત્ દોડી રહ્યો છે. સમય-શાંતિ-નિરાંત જેવા શબ્દોએ તો એના જીવનના શબ્દ કોષમાંથી ક્યારની વિદાય લઈ લીધી છે. એવા સમયે ભૌતિકમાંથી આધ્યાત્મિકતા તરફ આત્મરમણ કરાવે એવા રત્નોની ખાણ સમાન આગમોની ઓળખાણ કરાવવાની જરૂર છે.

અલ્પજ્ઞાન અને અલ્પઆયુના કારણે બધા આગમોમાં ડૂબકી મારવી એ તૂટેલી નાવથી સાગર ખેડવા જેવું છે.

નિગોદથી નિર્વાણ તરફ નિમ્નતરથી ઉચ્ચતર મંઝીલે પ્રયાણ કરાવનાર, વામનમાંથી વિરાટ બનાવનાર ઔપપાતિક સૂત્ર જ પ્રમાણ બનવા લાયક લાગે છે. કારણકે આ નાના સૂત્રમાં વિરાટતા સમાણી છે. એમાંની કેટલીક કણિકાઓ નીચે પ્રમાણે છે.

૧) વર્તમાન યુગને અનુસરીને વિદ્વાનોને, નવા અભ્યાસીઓને અલ્પ સમયમાં કાંઈક આપી શકાય એ દૃષ્ટિએ પ્રયાસ કરવામાં આવ્યો છે.

૨) નગરી, ઉદ્યાન, ચૈત્ય આદિની વર્ણનાત્મક રચનાઓ કોષ સમાન છે.

૩) રાજ્ય વ્યવસ્થા-સમાજ વ્યવસ્થાનું ઉત્કૃષ્ટ નિરુપણ થયું છે.

૪) રાજાની ભક્તિ, લોકોની ધાર્મિકતાનું વર્ણન છે. યથા રાજા તથા પ્રજા.

૫) ભગવાન મહાવીરનું દેહવર્ણન અને ગુણવર્ણન.

૬) શ્રમણોની દિનચર્યા- જીવનચર્યા, તપ સાધના, લબ્ધિઓનું વર્ણન છે.

૭) આગાર ધર્મ અને અણગાર ધર્મનું નિરુપણ.

૮) તપાચાર રૂપ મોક્ષનું અંતિમ પગથિયું, ઉર્ધ્વજીવનની પગદંડી, કળિયુગનું કલ્પવૃક્ષ, સ્વસ્થ જીવનની ચાવી એટલે તપ એનું સુંદર નિરુપણ.

૯) ચાર પ્રકારના દેવોની ઋદ્ધિ, દ્યુતિ, કાંતિ, ધ્વજચિન્હ આદિનું વર્ણન.

૧૦) સમવસરણ, પર્ષદાનું વર્ણન, અતિશયોનો ઉલ્લેખ, શ્રાવકોના અભિગમ.

૧૧) અન્ય દાર્શનિકોના દર્શનનું સાંગોપાંગ વર્ણન, આચાર સંહિતાનું વર્ણન.

૧૨) અંબડ પરિવ્રાજક અને એમના ૭૦૦ શિષ્યોનું કથાનક.

૧૩) ભિન્ન ભિન્ન પ્રકારના જીવોના ઉપપાત (ઉત્પન્ન)નું વર્ણન.

૧૪) કેવલ સમુદ્દઘાતનું વર્ણન.

૧૫) સિધ્ધોનું સ્વરૂપ, સિદ્ધશિલા, સિદ્ધક્ષેત્રનું વર્ણન, આત્મિક સુખનું વર્ણન.

૧૬) સાહિત્યના બધા પાસાં ભાવપક્ષ, કલાપક્ષ બંનેનો સુભગ સુમેળ.

આમ સોળે કળાએ સંપન્ન એવું આ ઔપપાતિક સૂત્ર અધ્યાત્મ રત્નોનો ખજાનો છે.

રોગી-નિરોગી, ભોગી-ત્યાગી, મંદ કે તીવ્ર બુદ્ધિમાન કોઈપણ સાધક આ સૂત્રમાં દર્શાવેલ ઉપાયનો ઉપયોગ કરશે તો એના માટે ઉર્ધ્વજીવનની પગદંડી બનશે. જીવનની જડીબુટ્ટી બનશે. સંજીવની બનશે, અને ભવસાગર તરવા માટે નાવ બનશે.

❑❑❑

## National Treasure

ભારત સરકારે ઉત્તરાધ્યયન સૂત્રને નેશનલ ટ્રેઝર (રાષ્ટ્રિય સંપત્તિ - રાષ્ટ્રિય ખજાનો) તરીકે જાહેર કરેલ છે. નેશનલ ટ્રેઝર તરીકે કુલ ૪૦ હસ્તપ્રતો જાહેર થઈ છે એમાંથી બે તો ગુજરાતની છે. બંને જૈન ધર્મની છે. (૧) ઉત્તરાધ્યયન સૂત્ર અને (૨) શાંતિનાથ ચરિત્ર. જે જૈનો માટે ગૌરવની વાત છે.

આ સૂત્ર ઉપર નિયુક્તિ, ભાષ્ય, ચૂર્ણી તથા સંસ્કૃત ભાષામાં અનેક ટીકાઓ લખાઈ છે. જે એની લોકપ્રિયતાનું જ્વલંત ઉદાહરણ છે.

**- સંપાદિકા**

# પ્રજ્ઞાપનાસૂત્ર એક પરિચય

**મુનિ શ્રી જિનાંશ**

*લીંબડી અજરામર સંપ્રદાયના આચાર્ય શ્રી પ્રકાશચંદ્રજી સ્વામીના શિષ્ય છે. ''જ્ઞાનસાર'' પર Ph.D. કરવા માટે સંશોધન કાર્ય ચાલુ છે.*

### આગમ ગ્રંથ ગુંજન

**આ** સંસાર અનાદિકાળથી છે અને અનંતકાળ સુધી રહેવાનો છે. જૈન ધર્મ પણ અનાદિ કાળથી છે અને અનંતકાળ સુધી રહેવાનો છે. દરેક તીર્થંકર કેવલજ્ઞાન-કેવલદર્શનની પ્રાપ્તિ થયા બાદ જ ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે. તેમની પ્રથમ દેશનામાં તેમના ઉત્તરાધિકારી તરીકે ગણધરો થાય છે. શ્રમણ ભગવાન મહાવીરે ભવ્ય જીવોના ઉદ્‌બોધનાર્થે અર્થાગમની પ્રરૂપણા કરી. ગણધરોએ પોતાની વિશિષ્ટ બુધ્ધિપ્રતિભાથી અર્થાગમને ગૂંથીને સૂત્રાગમનું સ્વરૂપ આપ્યું. 'अत्थं भासइ अरहा, सुत्तं गुंथंति गणहरा निउणा।।' આ શાસ્ત્ર વાક્ય છે તેમજ વીસસ્થાનક પૂજામાં શ્રી વિજયલક્ષ્મી-સૂરિશ્વરજી મહારાજ લખે છે કે

*ગણધર પ્રત્યેક બુદ્ધે ગૂંથ્યુ, શ્રુતકેવળી દશપૂર્વીજી,*
*અર્થથી અરિહંતજીએ પ્રકાશ્યું, સૂત્રથી ગણધર રચિયુંજી.*

★ **ભગવાન મહાવીર પૂર્વેનું સાહિત્ય :** જૈન સાહિત્યનું પ્રાચીનતમ રૂપ ચૌદપૂર્વરૂપ માનવામાં આવે છે. પૂર્વોની રચનાનો કાળ નિશ્ચિત રૂપથી બતાવી શકાતો નથી. ભગવતી સૂત્રમાં જ્યાં ભગવાનની પરંપરાના સાધુઓનું વર્ણન આવે છે ત્યાં તેઓએ ૧૧ અંગ અને ૧૨ અંગનો અભ્યાસ કરેલ એવો ઉલ્લેખ જોવા મળે છે. અને તેમનાથી પૂર્વવર્તી પરંપરાના સાધુઓનું વર્ણન પણ આવે છે. જ્યાં તેમના દ્વારા ૧૧ અંગ તથા પૂર્વોના અભ્યાસનો નિર્દેશ કરવામાં આવે છે.

★ **પૂર્વોનો પરિચય :** મહાવીર સ્વામીના મોક્ષગમન પછી આગમ-સાહિત્યનું બે ભાગમાં વિભાજન થયું. (૧) અંગ પ્રવિષ્ટ અને (૨) અનંગ પ્રવિષ્ટ. અંગ આગમમાં ૧૨ મું અંગ દૃષ્ટિવાદ છે. તેના વિવિધ અધ્યાયોમાં ૧૪ પૂર્વનો સમાવેશ થઈ જાય છે. આ રીતે ૧૧ અંગ સાહિત્યની ઉત્પત્તિનું સ્થાન પૂર્વો જ છે. અને ૧૨ અંગમાં બધા જ પૂર્વોનો સમાવેશ થઈ ગયેલ છે. ૧૪ પૂર્વોના જ્ઞાતાને શ્રુતકેવલી કહેવામાં આવે છે.

★ **પૂર્વોનો વિચ્છેદ :** કાલક્રમે બારમું અંગ દૃષ્ટિવાદનો વિચ્છેદ થયો. ગણધરોના મોક્ષગમન બાદ ચૌદપૂર્વોનું જ્ઞાન ધરાવતા મુનિવરોએ જે કાંઈપણ લખ્યું હતું તે આગમોમાં સમ્મિલિત કરવામાં આવ્યું તેના પછી સંપૂર્ણ ૧૦ પૂર્વોનું જ્ઞાન ધરાવતા મુનિવરોએ જે લખ્યું તે બધાનો સમાવેશ આગમોમાં કરવામાં આવ્યો છે.૧૦ પૂર્વોનું જ્ઞાન સમ્યક્ દૃષ્ટિ આત્માને જ થાય છે તેથી તેમના દ્વારા જે સાહિત્યની રચના થઈ તે આગમની શૃંખલામાં સ્થાન પામ્યું. તીર્થંકરની બે પેઢી સુધી જ દૃષ્ટિવાદ રહે છે. ત્યારબાદ તે વિચ્છેદ થઈ જાય છે. અને ૧૨ માં અંગ સૂત્રમાં જે ૧૪ પૂર્વનું જ્ઞાન છે તે ઉત્કૃષ્ટ અસંખ્ય પાટ સુધી ચાલે છે.

★ **આગમની વાંચનાઓ :** ભગવાન મહાવીરના પરિનિર્વાણ પછી આગમ સંકલનાર્થે પાંચ વાંચનાઓ થઈ છે જેની સમજણ આ પ્રમાણે છે.

**(૧) પ્રથમ વાંચના :** વીર નિર્વાણની દ્વિતીય શતાબ્દી પછી દુષ્કાળ પડ્યો. આગમ જ્ઞાન પણ ખપ્પરમાં હોમાઈ ગયું. સમય જતાં દુષ્કાળ પૂર્ણ થયો. દુષ્કાળ પૂર્ણ થતાં વિશિષ્ટ જ્ઞાની આચાર્યો પાટલીપુત્રમાં એકત્રિત થયા. ૧૧ અંગનું વ્યવસ્થિત સંકલન કરવામાં આવ્યું. બારમાં દૃષ્ટિવાદના એકમાત્ર જ્ઞાતા ભદ્રબાહુ સ્વામી તે સમયે નેપાલમાં માહાપ્રાણ-ધ્યાનની સાધના કરી રહ્યા હતા. શ્રી સંઘની વિનંતીથી બારમા અંગની વાંચના કરાવવાની સ્વીકૃતિ મળી. સ્થૂલિભદ્રજીને દસ પૂર્વ સુધીની અર્થસહિતની વાંચના આપવામાં આવી. અગિયારમાં પૂર્વની વાંચના ચાલી રહી હતી ત્યારે સ્થૂલિભદ્રજીએ કુતૂહલવૃત્તિથી વિશિષ્ટ લબ્ધિ દ્વારા સિંહનું રૂપ બનાવ્યું . ભદ્રબાહુ સ્વામીને એમ લાગ્યું કે હવે અર્થસહિતની વાંચના આપવી એ જિનશાસનની અવહેલના, આશાતના કરવા બરાબર છે. કારણકે આવું જ્ઞાન પચાવવાની ક્ષમતા હવે નાશ પામી છે તેથી ભદ્રબાહુ સ્વામીએ મૂળસૂત્રોની વાંચના આપી, અર્થોની નહિ. શાબ્દિક દૃષ્ટિથી સ્થૂલિભદ્ર ચૌદપૂર્વી થયા પરંતુ અર્થની દૃષ્ટિએ દસ પૂર્વી જ રહ્યાં.

**(૨) દ્વિતીય વાંચના :** આગમ સંકલનનો દ્વિતીય પ્રયાસ ઈ.સ. પૂર્વ દ્વિતીય શતાબ્દીના મધ્યમાં થયો. સમ્રાટ ખારવેલ જૈન ધર્મના પરમ ઉપાસક હતા. તેમના સુપ્રસિદ્ધ 'હાથીગુફા' અભિલેખથી એ સિદ્ધ થઈ ચૂક્યું છે કે તેઓએ ઓરિસ્સાના 'કુમારીપર્વત' પર જૈન મુનિઓનો એક સંઘ બોલાવ્યો અને મૌર્યકાળમાં જે અંગોનું જ્ઞાન વિસ્મૃત થઈ ગયું હતું તેનો પુનરુદ્ધાર કરવામાં આવ્યો.

**(૩) તૃતીય વાંચના :** આગમોને સંકલિત કરવાનો ત્રીજો પ્રયાસ વીર નિર્વાણ ૮૨૯ થી ૮૪૦ના મધ્યમાં થયો. ૧૨ વર્ષનો ભયંકર દુષ્કાળ પડ્યો. ધીમે ધીમે શ્રુતજ્ઞાન લુપ્ત થવા લાગ્યું. અંગ અને ઉપાંગની અર્થ સહિતની વાંચનાનો બહુ મોટો ભાગ તેમાં નષ્ટ થઈ ગયો. સમયાંતરે દુષ્કાળની સમાપ્તિ થવા પર શ્રમણ સંઘ મથુરામાં સ્કન્દિલાચાર્યના નેતૃત્વમાં એકત્ર થયા. આ વાંચના

મથુરામાં સંપન્ન થવાના કારણે 'માથુરી વાંચના' રૂપે પ્રસિદ્ધ થઈ તેને 'સ્કન્દિલીવાચના' તરીકે પણ સ્વીકૃતી પ્રાપ્ત થઈ.

**(૪) ચતુર્થ વાંચના :-** જે સમયે ઉત્તર, પૂર્વ અને મધ્ય ભારતમાં વિચરણ કરતા શ્રમણોનું સંમેલન મથુરામાં થયું હતું. તે જ સમયે દક્ષિણ અને પશ્ચિમમાં વિચરણ કરવાવાળા શ્રમણોની એક વાંચના (વીર નિર્વાણ સં. ૮૨૭-૮૪૦) વલ્લભી (સૌરાષ્ટ્ર)માં આચાર્ય નાગાર્જુનની નિશ્રામાં થઈ. આ વાંચના 'વલ્લભી વાંચના' અથવા 'નાર્ગાજુનીય વાંચના' રૂપે પ્રસિદ્ધ છે.

**(૫) પંચમ વાંચના :-** વીર નિર્વાણની દસમી શતાબ્દી (૯૮૦-૯૯૩) (ઈ.સ. ૪૫૪-૪૬૬)માં દેવર્ધિગણિ ક્ષમાશ્રમણના નેતૃત્વ હેઠળ પુનઃ શ્રમણસંઘ વલ્લભીમાં એકત્ર થયું. દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ ૧૧ અંગ અને ૧ પૂર્વથી અધિક શ્રુતના જ્ઞાતા હતા. તેઓએ પોતાના જ્ઞાનને પોતાની પ્રખર પ્રતિભા વડે સંકલિત કરી પુસ્તકમાં ઉતાર્યું. પહેલા જે માથુરી અને વલ્લભી વાચનાઓ થયેલી તે બંને વાંચનાઓનો સમન્વય કરી તેમાં એકરૂપતા લાવવાનો પ્રયાસ કર્યો. આ વાચના વલ્લભીમાં થવાના કારણે 'વલ્લભી વાચના' તરીકે પ્રસિદ્ધ થઈ. ત્યારબાદ આગમોની આવી કોઈ વાચનાઓ થઈ નહીં. વીર નિર્વાણની દસમી શતાબ્દી પછી પૂર્વજ્ઞાનની પરંપરા વિચ્છિન્ન થઈ ગઈ. ભગવાન મહાવીરના પરિનિર્વાણની ૯ મી શતાબ્દીના અંતમાં આગમોની લેખન પરંપરા ચાલી. પરંતુ આગમોને લિપિબદ્ધ કરવાનો સંકેત દેવર્ધિગણિ ક્ષમાશ્રમણના સમયમાં મળે છે.

જૈન આગમોનું પ્રાચીનતમ વર્ગીકરણ સમવાયાંગમાં મળે છે. (૧) ત્યાં આગમ સાહિત્યનું પૂર્વ અને અંગના રૂપે વિભાજન કરેલ છે. (૨) આગમોનું બીજું વર્ગીકરણ દેવર્ધિગણિ ક્ષમાશ્રમણના સમયનું છે.

અંગ પ્રવિષ્ટ અને અંગ બાહ્ય.

- અંગ પ્રવિષ્ટ :- જે ગણધર કૃત સૂત્રાગમ રૂપે પ્રસિદ્ધ છે.
- અંગ બાહ્ય :- જે સ્થવિર કૃત હોય છે.

સ્થાનકવાસી અને તેરાપંથી પરંપરા ૩૨ આગમને જ પ્રમાણભૂત માને છે. શ્વેતાંબર મૂર્તિપૂજક મૂળ આગમો સાથે નિર્યુક્તિને પ્રમાણ માની કુલ ૪૫ આગમને માને છે. દિગમ્બરની માન્યતા એ છે કે આગમ વિચ્છેદ પામ્યા છે.

★ **આગમના પર્યાયવાચી શબ્દો :-** જૈન શાસ્ત્રોને 'શ્રુત', 'સૂત્ર' કે 'આગમ' તરીકે ઓળખવામાં આવે છે. પરંતુ વ્યવહારમાં આગમ શબ્દનો વધુ પ્રયોગ કરવામાં આવે છે. અતીતકાલમાં શ્રુત શબ્દ પ્રયોગ બહોળા પ્રમાણમાં થતો હતો. શ્રુત કેવલી, શ્રુત સ્થવિર આદિ અનેક જગ્યાએ પ્રયુક્ત થયો છે. સુત્ર, ગ્રંથ, સિદ્ધાંત, પ્રવચન, આજ્ઞા, શ્રુતજ્ઞાન, નિર્ગ્રંથ પ્રવચન, આપ્તવચન, જિનવચન, ગણિપિટક ઉપદેશ, શાસ્ત્ર, આગમ, આમ્નાય પ્રજ્ઞાપન એતિહય - આ બધા આગમના જ પર્યાય વાચી શબ્દ છે.

(૧) આગમ :- 'આ' ઉપસર્ગ 'ગમ' ધાતુથી બનેલો આ શબ્દ છે. 'આ' ઉપસર્ગનો અર્થ સમન્તાત અર્થાત્ પૂર્ણ છે. અને 'ગમ' ધાતુનો અર્થ ગતિ-પ્રાપ્તિ છે.

- જેનાથી વસ્તુ તત્ત્વનું પરિપૂર્ણ જ્ઞાન થાય તે.
- આ - આત્મા તરફ ગમ-ગમન કરાવે છે. જે દ્રષ્ટિને અંતર્મુખી બનાવે, આત્મદ્રષ્ટિને ખોલે તે આગમ-આત્મજ્ઞાનનું ભાન કરાવે તે.
- આ - ચારે બાજુ, ગમ-ગમન-જેના દ્વારા સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ગ્રાહી જ્ઞાન છે તેને આગમ કહેવાય છે.
- આ - આપ્ત પુરુષના વચન, ગ - ગણધર ભગવંતો દ્વારા ગ્રંથેલ વાંચના, મ - મહર્ષિ પુરુષ, આચાર્ય ભગવંત.

(૨) સૂત્ર :- તીર્થંકરોના શ્રીમુખે અર્થભૂત દેશના પ્રવાહિત થાય છે. અને તેમના મુખ્ય શિષ્ય ગણધરો સૂત્રની રચના કરે છે.

(૩) સિધ્ધાંત :- ત્રૈકાલિક સિધ્ધ વચનોને સિધ્ધાંત કહેવાય છે.

(૪) શ્રુતજ્ઞાન :- ગુરૂની પાસે શિષ્ય કંઠોપકંઠ સાંભળીને સ્મૃતિમાં રાખે છે.

(૫) નિર્ગ્રંથ પ્રવચન :- નિર્ + ગ્રંથ = વીતરાગી પુરુષ વડે પ્રરૂપાયેલું પ્રકષ્ટ = જે મોક્ષમાર્ગનું નિરૂપણ કરાવે એવા વચનોને નિર્ગ્રંથ પ્રવચન કહે છે.

(૬) આપ્ત પ્રવચન :- જિન, તીર્થંકર, સર્વજ્ઞ ભગવંતો આપ્ત છે અને તેમના દ્વારા પ્રતિપાદિત તત્ત્વોને, સિધ્ધાંતોને આપ્ત વચન કહેવાય છે.

(૭) જિન વચન :- જિન ભાવિત અર્થાત્ તીર્થંકરોના ઉપદેશ અને આદેશોને જિનવચન કહેવાય છે.

(૮) ગણિપિટક :- ગણિ-આચાર્ય, પિટક-પેટી. આચાર્યો દ્વારા સુરક્ષિત આચારના વિધિ-નિષેધ નિયમો જે પેટીમાં સચવાયેલા છે તે ગણિપિટક છે.

(૯) ઉપદેશ :- ઉપ-નજીક, દેશ-આત્મા. આત્માની સમીપ આત્મામાં સ્થિત કરાવે એવી કથનશૈલીને ઉપદેશ કહેવાય છે.

(૧૦) શાસ્ત્ર :- જેનાથી ભાવ પરિણામ શિક્ષિત થાય તે શાસ્ત્ર છે.

★ આગમોનું છેલ્લું વર્ગીકરણ વિ.સં. ૧૩૩૪માં રચાયેલ 'પ્રભાવક-ચારિત્ર'માં સર્વપ્રથમ જોવા મળે છે. જે નીચે પ્રમાણે છે.

(૧) અંગ (૨) ઉપાંગ (૨) મૂળ (૪) છેદ. આ વર્ગીકરણનો ઉપાધ્યાય સમયસુંદરગણીએ પોતાના સમાચારી શતક પત્ર ૭૬માં ઉલ્લેખ કરેલ છે. અને પછી આજ લગીના આચાર્યોએ તેને માન્ય રાખેલ છે. આ વર્ગીકરણમાં દરેક અંગનું એકેક ઉપાંગ છે. અંગસૂત્રોમાં ઘણો જ ગૂઢાર્થ રહેલો છે તેથી તેના સંપૂર્ણ ભાવ સમજવા ખૂબ મુશ્કેલ લાગતા હતા તેથી તેના ભાવ વધારે સ્પષ્ટ

સમજાવવા ઉપાંગોની રચના કરવામાં આવી તેમ ઔપપાતિક ટીકામાં આ પ્રમાણે કહ્યું છે. - 'અંગાર્થં સ્પતૃબોધવિધાયકાનાં ઉપાંગાની'.

પુરુષના શરીરમાં જે રીતે ૧૨ અંગ હોય છે. તેવી રીતે શ્રુતપુરુષના પણ ૧૨ અંગ છે. (આચારાંગાદિ) શ્રુતપુરુષના પ્રત્યેક અંગ સાથે એક-એક ઉપાંગની કલ્પના કરવામાં આવી છે. કારણકે અંગોમાં કહેવાયેલા અર્થોનો સ્પષ્ટ બોધ ઉપાંગસૂત્ર કરાવે છે. પ્રત્યેક અંગ સાથે ઉપાંગનું આ રીતે વર્ગીકરણ કરવામાં આવ્યું છે.

| | અંગ | ઉપાંગ |
|---|---|---|
| ૧) | આચારાંગ | ઉવવાઈ |
| ૨) | સૂયગડાંગ | રાયપ્પએણીય |
| ૩) | ઠાણાંગ | જીવાજીવાભિગમ |
| ૪) | સમવાયાંગ | પન્નવણા |
| ૫) | ભગવતી | જંબુદ્વીપપન્નતિ |
| ૬) | જ્ઞાતધર્મકથા | ચંદ્રપન્નતિ |
| ૭) | ઉપાસકદશાંગ | સૂર્યપન્નતિ |
| ૮) | અંતગડદશાંગ | નિરયાવલિકા |
| ૯) | અનુત્તરોવવાઈ | કપ્પિયા |
| ૧૦) | પ્રશ્નવ્યાકરણ | પુફિયા |
| ૧૧) | વિપાક | પુફચુલિયા |
| ૧૨) | દ્રષ્ટિવાદ (વિચ્છેદ) | વહિનદશા |

## પ્રજ્ઞાપના સૂત્ર

★ **નામકરણ :-** 'પણ્ણવણા' અથવા 'પ્રજ્ઞાપના' જૈનાગમનો ચતુર્થ ઉપાંગ છે. પ્રસ્તુત આગમના સંકલયિતા (રચયિતા) શ્યામાચાર્યએ આનું નામ 'અધ્યયન' રાખ્યું છે. જે સામાન્ય છે અને વિશેષ નામ પ્રજ્ઞાપના છે. પ્રજ્ઞાપના - प्रज्ञापना - पुरुर्षरुपेण ज्ञापना प्ररुपणा इति प्रज्ञापना અર્થાત્ વિવિધ ભેદ - પ્રભેદ દ્વારા જીવ અને અજીવ દ્રવ્યનું કથન કરવું, તેને પ્રજ્ઞાપના કહે છે. આ આગમના પ્રત્યેક પદના અંતમાં पण्णवणाए भगवईए આ પાઠ મળે છે. પ્રસ્તુત આગમનું નામ 'પ્રજ્ઞાપનાધ્યયન' પૂર્ણ નામ માનવામાં આવે છે.

★ **પ્રજ્ઞાપના શબ્દનો ઉલ્લેખ :-** ભગવાન મહાવીર દ્વારા પ્રરૂપિત દેશનાઓનું વાસ્તવિક નામ 'પન્નવેતિ', પરૂવેતિ આદિ ક્રિયાઓના આધારે 'પન્નવણા' અથવા 'પ્રરૂપણા' છે. આવી દેશનાઓના આધારે આ આગમનું નામ પ્રજ્ઞાપના રાખ્યું છે. એવું જ્ઞાત થાય છે. આ જ આગમમાં તથા અન્ય અંગશાસ્ત્રોમાં તથા સંવાદોમાં 'पण्णते, पण्णंत, पण्णता' આદિ શબ્દોના ઘણી જગ્યાએ ઉપયોગ કરવામાં આવ્યો છે. ભગવતી સૂત્રમાં આર્યસ્કન્ધકના પ્રશ્નનોના જવાબ આપતા સ્વયં ભગવાન મહાવીરે કહ્યું છે - 'एवं खलु मए खंघया।' આ પરથી ભગવાન મહાવીરના ઉપદેશો માટે 'પ્રજ્ઞાપના' શબ્દનો પ્રયોગ સ્પષ્ટ થાય છે.

★ **પ્રજ્ઞાપનાની મહત્તા અને વિશેષતા :-** સંપૂર્ણ જૈનાગમ સાહિત્યમાં જે સ્થાન પાંચમું અંગ ભગવતીને મળ્યું છે તેવુંજ ઉપાંગ શાસ્ત્રોમાં પ્રજ્ઞાપનાનું મહત્ત્વ છે. પરંતુ ભગવતી સૂત્રમાં અત્ર-તત્ર-૧,૨,૫,૬,૧૧,૧૫,૧૭,૨૪,૨૬ અને ૨૭ માં પદમાં પ્રસ્તુત વિષયની પૂર્તિ કરવા માટેની સૂચના આપી છે. આ જ પ્રજ્ઞાપનાની વિશેષતા છે.

★ **પ્રજ્ઞાપનાનો અર્થ :-** સ્વયં શાસ્ત્રકાર તેનો અર્થ સમજાવે છે. જીવ અને અજીવના સંબંધમાં જે પ્રરૂપણા છે તે પ્રજ્ઞાપના છે. આચાર્ય મલયગિરીના મતે 'પ્રજ્ઞાપના' શબ્દના પ્રારંભમાં જે 'પ્ર' ઉપસર્ગ છે તે ભગવાન મહાવીરના ઉપદેશની વિશેષતા બતાવે છે 'प्रज्ञापयति अने प्ररुपयति' આ ક્રિયાઓ પરથી સ્પષ્ટ થાય છે કે ભગવાનનો ઉપદેશ એ જ પ્રજ્ઞાપના છે. પ્રસ્તુત આગમના ભાષા પદમાં 'पण्णवणी' એક ભાષાનો પ્રકાર બતાવ્યો છે. તેના વિષયમાં આચાર્ય મલયગિરી કહે છે, 'જે વસ્તુ જે પ્રમાણે છે તે જ પ્રમાણે જેનું કથન જે ભાષા દ્વારા કરવામાં આવે છે તે ભાષા 'प्रज्ञापनी' છે.' પ્રજ્ઞાપનાનો આ સામાન્ય અર્થ છે.

★ **પ્રજ્ઞાપનાનો આધાર :-** આચાર્ય મલયગિરીએ આ આગમને સમવાયાંગ સૂત્રના ઉપાંગ તરીકે દર્શાવ્યું છે. કારણકે સમવાયાંગમાં જીવ, અજીવ આદિ તત્ત્વોનું મુખ્યત્વે નિરૂપણ છે અને પ્રજ્ઞાપનામાં પણ જીવ, અજીવ અને તત્ત્વ સંબંધી વર્ણન છે. શ્યામાચાર્યએ પન્નવણાને દ્રષ્ટિવાદનું નિષ્કર્ષ બતાવ્યું છે. દ્રષ્ટિવાદ આજે ઉપલબ્ધ નથી પરંતુ પ્રજ્ઞાપનામાં વર્ણિત વિષયવસ્તુનું દ્રષ્ટિવાદ જ્ઞાન પ્રવાદ, આત્મ પ્રવાદ અને કર્મ પ્રવાદ સાથે મેળ ખાય છે.

★ **વિષય વસ્તુની ગહનતા અને દુરુહતા :-** પ્રજ્ઞાપના સૂત્રની વિષયબદ્ધ કરવામાં અને તેને છત્રીસ પદોમાં વિભક્ત કરવામાં શ્રી શ્યામાચાર્ય એ ખૂબ જ કુશળતાનો પરિચય આવ્યો છે. તથા અમુક વિષય વસ્તુ એટલી જટિલ છે કે પ્રરૂપણા એટલી ગૂઢ છે કે વાચક જો જરા પણ અસાવધાની દાખવે તો વિષય વસ્તુના સત્ય - તથ્યથી ઘણો દૂર થઈ જશે. અને વસ્તુ તત્ત્વને પકડી નહીં શકે.

★ **રચનાશૈલી :-** પ્રસ્તુત સંપૂર્ણ ઉપાંગશાસ્ત્રની રચના પ્રશ્નોત્તર શૈલીમાં છે. પ્રારંભથી ૮૧ માં સૂત્ર સુધી પ્રશ્નકર્તા અને ઉત્તરદાતાનો કોઈ પરિચય નથી મળતો. ત્યારબાદ ગણધર ગૌતમ અને ભગવાન મહાવીરના પ્રશ્નોત્તરરૂપે વર્ણન છે. ક્યાંક-ક્યાંક વચ્ચે-વચ્ચે સામાન્ય પ્રશ્નોત્તર છે. સંપૂર્ણ આગમનો શ્લોક પ્રમાણ ૭૮૮૭ છે. તેમાં પ્રક્ષિપ્ત ગાથાઓને છોડીને ૨૩૨ કુલ ગાથા અને બાકીના ગદ્ય છે. આ આગમમાં જે સંગ્રહોની ગાથાઓ છે તેના રચનાકાર વિષે કહેવું કઠિન છે.

★ **વિષય વિભાગ :-** આચાર્ય મલયગિરીએ ગાથા ૨ માં પ્રજ્ઞાપનામાં આવેલા વિષય વિભાગનો સંબંધ જીવાજીવાદિ સાત તત્ત્વોના નિરૂપણ સહિત આ પ્રમાણે પ્રયોજિત કર્યો છે.

૧-૨ જીવ-અજીવ  પદ ૧,૩,૫,૧૦ અને ૧૩ = ૫ પદ

| | | |
|---|---|---|
| ૩ આશ્રવ | પદ ૧૬,૨૨ | = ૨ પદ |
| ૪ બંધ | પદ ૨૩ | = ૧ પદ |
| ૫,૬,૭ સંવર, નિર્જરા ને મોક્ષ | પદ ૩૬ | = ૧ પદ |

શેષ પદોમાં ક્યાંક - ક્યાંક કોઈક ને કોઈક તત્ત્વનું નિરૂપણ છે.

★ **પ્રજ્ઞાપનાનું ભગવતી વિશેષણ :-** પાંચમું અંગ વ્યાખ્યા પ્રજ્ઞપ્તિને જેમ 'ભગવતી' વિશેષણ આપવામાં આવ્યું છે તેમ પ્રજ્ઞાપનાને પણ 'ભગવતી' વિશેષણ આપ્યું છે. આ વિશેષણ પ્રજ્ઞાપનાની વિશેષતાનું સૂચક છે. ભગવતીમાં પ્રજ્ઞાપના સૂત્રના ૧,૨,૫,૬,૧૧,૧૫,૧૭,૨૪,૨૫,૨૬,૨૭ પદોમાં વિષય પૂર્તિ કરવાની સૂચના છે વિશેષતા એ છે કે પ્રજ્ઞાપના ઉપાંગ હોવા છતાં ભગવતીનો ઉલ્લેખ તેમાં નથી.

★ **પ્રજ્ઞાપનાના રચયિતા :-** પ્રજ્ઞાપનાના મૂલમાં ક્યાંય પણ તેના રચયિતાના નામનો ઉલ્લેખ નથી. શરૂઆતમાં મંગલ ગાથા પછી બે ગાથાઓ છે તેની વ્યાખ્યા આચાર્ય હરિભદ્ર અને આચાર્ય મલયગિરી બંનેએ કરી છે. પરંતુ તેઓ તે ગાથાને પ્રક્ષિપ્ત માને છે. તે ગાથાઓમાં સ્પષ્ટ ઉલ્લેખ છે - આ શ્યામાચાર્યની રચના છે. આચાર્ય મલયગિરીએ શ્યામાચાર્ય માટે 'ભગવાન' વિશેષણનો પ્રયોગ કર્યો છે.

★ **પ્રજ્ઞાપના અને ષટ્ખણ્ડાગમ : એક તુલના :-** આગમ પ્રભાકર પુણ્યવિજયજી મ. અને પં. દલસુખ માલવણિયાએ 'पन्नवणासुत्तं' ગ્રંથની પ્રસ્તાવનામાં પ્રજ્ઞાપના અને ષટ્ખંડાગમની વિસ્તૃત તુલના કરી છે. પ્રજ્ઞાપના શ્વેતામ્બર પરંપરાનું આગમ છે .તો ષટ્ખંડાગમ દિગંબર પરંપરાનું આગમ છે. પ્રજ્ઞાપનાના રચયિતા દશપૂર્વધર શ્યામાચાર્ય છે તો ષટ્ખંડાગમના રચયિતા આચાર્ય પુષ્પદંત અને આચાર્ય ભૂતબલિ છે.

★ **પ્રજ્ઞાપના વ્યાખ્યા સાહિત્ય :-** પ્રજ્ઞાપના સૂત્રની આચાર્ય મલયગિરીજી કૃત સંસ્કૃત ટીકા, ટીકાનુવાદ હિન્દી, ગુજરાતીમાં પ્રકાશિત છે. લુધિયાના, સૈલાના, બ્યાવર અને રાજકોટથી આ શાસ્ત્ર વિવેચન સહિત પ્રકાશિત થયું છે. આગમ સારાંશ અને પ્રશ્નોત્તરના પ્રાવધાનમાં આ શાસ્ત્રનું સ્વતંત્ર પુસ્તક હિન્દી અને ગુજરાતી બંને ભાષામાં અલગ-અલગ છપાયેલ છે. આ સૂત્ર પર આધારિત થોકડાના ત્રણ ભાગ બીકાનેરથી પ્રકાશિત થયા છે. સુંદર ચાર્ટ આદિ માટે નવીનતમ થોકડાની નવીન શૈલીની રૂપમાં વિમલકુમારજી નવલખા દ્વારા લેખિત 'જૈન તત્ત્વ સંગ્રહ ભાગ-૨'ના નામથી 'અંબાગુરૂ શોધ સંસ્થાન' ઉદયપુરથી પ્રકાશિત કરવામાં આવેલ છે.

શોધ સંસ્થાન ઉદયપુરથી પ્રકાશિત કરવામાં આવેલ છે.

આ સૂત્રના ૩૬ પદોનો ટૂંકમાં પરિચય આ પ્રમાણે છે :-

**(૧) પ્રજ્ઞાપના પદ :-** પ્રથમ પદમાં જીવ અને અજીવના ભેદ - પ્રભેદ સમજાવીને પ્રજ્ઞાપનાને બે વિભાગમાં વિભાજિત કર્યું છે. પ્રથમ અજીવ પ્રજ્ઞાપના છે. તેમાં રૂપી અને અરૂપી અજીવ અંતર્ગત છ દ્રવ્ય (ધર્માસ્તિકાયાદિ)ના ભેદ-પ્રભેદ સમજાવ્યાં છે. અજીવનો વિષય ઓછો છે. માટે સૂચીકટાદન્યાય મુજબ એને પ્રથમ લીધું છે. દ્વિતીય જીવ પ્રજ્ઞાપના છે. તેમાં જીવના મુખ્ય ભેદ બે (૧) સંસારી અને (૨) સિધ્ધ પાડ્યા છે. સિધ્ધના અને સંસારીના ભેદ - પ્રભેદ સમજાવ્યાં છે. લિંગના ભેદથી પણ જીવોના ભેદ સમજાવ્યાં છે. તદુપરાંત પૃથ્વીકાય, બે સ્થાવરકાય, ત્રણ વિકલેન્દ્રિય તેમજ નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવોના ભેદોનું નિરૂપણ છે.

**(૨) સ્થાન પદ :-** બીજા પદમાં જીવોના નિવાસ સ્થાન સંબંધી ચિંતન પ્રસ્તુત કરવામાં આવ્યું છે. નિવાસ સ્થાનના બે પ્રકાર છે (૧) સ્વસ્થાન (૨) પ્રાસંગિક નિવાસ સ્થાન. તેના અંતર્ગત 'ઉપપાત' અને 'સમુદ્ઘાત' એ બે વિષય સંબંધી વિસ્તૃત ચર્ચા છે. કયો જીવ ક્યાં રહે છે તે જાણવા માટે આ પદનું વિવેચન કરવામાં આવ્યું છે. ટૂંકમાં, એકેન્દ્રિય જીવો સમગ્રલોકમાં વ્યાપ્ત છે. બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિયનું નિવાસ સ્થાન સમગ્રલોકનો અસંખ્યાતમો ભાગ છે. સિધ્ધના જીવો લોકાગ્રે નિવાસ કરે છે. મનુષ્યમાં કેવલી સમુદ્ઘાતની અપેક્ષાએ તેનું નિવાસસ્થાન સમગ્રલોક કહ્યું છે.

**(૩) અલ્પબહુત્વ પદ :-** આ પદના બે નામ પ્રચલિત છે. (૧) બહુવક્તવ્ય (૨) અલ્પબહુત્વ. આ પદમાં દિશા, ગતિ, ઈન્દ્રિય, કાય, યોગાદિથી લઈ મહાદંડક સુધીના ૨૭ દ્વારોના માધ્યમે જીવદ્રવ્ય અને અજીવદ્રવ્યનું વર્ગીકરણ કરી તેના અલ્પબહુત્વનો વિચાર પ્રસ્તૃત કર્યો છે. આ વિસ્તૃત સુચિત જીવોમાં સર્વથી ઓછી સંખ્યા ગર્ભજ મનુષ્યોની છે. અને સૂક્ષ્મ વનસ્પતિના જીવો સર્વાધિક છે. આ રીતે સંસારી જીવોનું ચોક્કસ પ્રમાણ સાથે નિરૂપણ કરવું તે જ આ પદની વિશેષતા છે.

**(૪) સ્થિતિ પદ :-** આ પદમાં સંસારી જીવ જન્મથી મૃત્યુ પર્યંત નરક આદિ પર્યાયોમાં નિરંતર કેટલો કાળ છે, તે કાળ મર્યાદાની વિચારણા છે. સ્થિતિના જઘન્ય અને ઉત્કૃષ્ટ એમ બે ભેદ પાડ્યા છે. આ પદમાં સર્વ પ્રથમ કોઈપણ સ્થાનના જીવોની સમુચ્ચય જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિનું કથન છે, ત્યાર પછી પર્યાપ્તા અને અપર્યાપ્તા અને તે સિવાય તે સ્થાનના જેટલા ભેદ-પ્રભેદ થાય તેની જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિનું કથન છે. ટૂંકમાં દંડકના ક્રમથી જીવોની ઉંમર-સ્થિતિ બતાવી છે.

**(૫) પર્યવ પદ :-** પર્યવ અર્થાત્ પર્યાય. આ પદમાં જીવ પર્યાય અને અજીવ પર્યાયનું વિસ્તૃત વર્ણન છે. જીવ પર્યાયમાં અવગાહના, સ્થિતિ, વર્ણાદિ અને જ્ઞાનાદિ પર્યાયોની છટ્ઠાણવડિયાથી તુલના કરવામાં આવી છે. અજીવ દ્રવ્યના પ્રદેશ, અવગાહના, સ્થિતિ, વર્ણાદિથી તુલના કરવામાં આવી છે. આમ જીવ અને અજીવ દ્રવ્યોની વિવિધતા આ પદમાં છે.

**(૬) વ્યુત્ક્રાંતિ પદ :-** વ્યુત્ક્રાંતિ એટલે ઉત્પત્તિ અને ઉદ્વર્તના. ઉત્પન્ન

થવું અને આયુષ્યનું પૂર્ણ થવું. આ પદમાં જીવોની ઉત્પત્તિ અને મરણના વિરહકાળનું જીવોની ગતાગત અને વિવિધ સ્થાનોમાં ઉત્પન્ન થવા માટે આયુષ્યબંધ, આયુષ્યબંધકાલ વગેરે વિષયોનું સ્પષ્ટીકરણ કરેલ છે.

**(૭)શ્વાસોચ્છવાસ પદ :-** આ પદમાં સમસ્ત સંસારી જીવોના શ્વાસોચ્છવાસના કાલમાનની વિચારણા છે. આ પદમાં ૨૪ દંડક જીવોના એક શ્વાસોચ્છવાસની પ્રક્રિયાનો સમય ત્રણ પ્રકારે બતાવ્યો છે. (૧) નારકીના જીવો દુ:ખ અને વેદનાના કારણે નિરંતર ધમણની જેમ તીવ્રવેગથી શ્વાસોચ્છવાસ લે છે. (૨) દેવો સુખી છે તેથી તેમના શ્વાસોચ્છવાસ મંદ ગતિએ ચાલે છે. (૩) મનુષ્ય અને તિર્યંચો અનેક પ્રકારે શ્વાસોચ્છવાસ લે છે.

**(૮)સંજ્ઞા પદ :-** સામાન્ય રીતે સંજ્ઞા એટલે જીવોની મનોવૃત્તિ અને તેનું પ્રગટીકરણ આ પદમાં આહારાદિ દસ સંજ્ઞાનું વર્ણન છે. નારકીમાં પ્રાયઃ ભય અને ક્રોધ સંજ્ઞા અધિક, તિર્યંચોમાં આહાર અને માયાસંજ્ઞા અધિક, મનુષ્યોમાં મૈથુન અને માન સંજ્ઞા અધિક તેમ જ દેવતાઓમાં પરિગ્રહ અને લોભ સંજ્ઞા અધિક હોય છે.

**(૯)યોનિ પદ :-** કોઈપણ જીવ એક ભવનું આયુષ્ય પૂર્ણ થાય ત્યારે સ્થુલ શરીરને છોડીને તૈજસ અને કાર્મણ શરીર સહિત ઉત્પત્તિ સ્થાનમાં પહોંચે છે તે સ્થાનને યોનિ કહેવામાં આવે છે. આ પદમાં ત્રણ પ્રકારની યોનિમાં સર્વ જીવોનો સમાવેશ થઈ જાય છે. (૧) શીત, ઉષ્ણ અને શીતોષ્ણ (૨) સચિત્ત અચિત્ત અને મિશ્ર (૩) સંવૃત, વિવૃત, સંવૃત - વિવૃત.

**(૧૦) ચરમ પદ :-** આ પદમાં રત્નપ્રભાદિ પૃથ્વી, સિધ્ધશીલા, દેવલોક, સમગ્ર લોક, પરમાણુ પુદ્‌ગલ, સ્કંધ આદિની વિવિધ અપેક્ષાએ ચરમ-અચરમ અને તેના અલ્પબહુત્વની વિચારણા છે. અંતમાં ૨૪ દંડકના જીવોની ગતિ, સ્થિતિ, ભવ, ભાષા, શ્વાસોચ્છવાસ, આહાર, વર્ણ, ભાવ, ગંધ, રસ અને સ્પર્સ આ ૧૧ દ્વારોથી ચરમ-અચરમનું વર્ણન છે.

**(૧૧) ભાષા પદ :-** આ પદમાં ભાષાના (૧) સત્ય (૨) અસત્ય (૩) મિશ્ર અને (૪) વ્યવહાર એમ ચાર પ્રકારો બતાવીને તેના ભેદ-પ્રભેદનું વર્ણન છે. વિચારોને પ્રગટ કરવાનું માધ્યમ ભાષા છે. ભાષાથી જ તીર્થંકરો દ્વારા શાસનની સ્થાપના અને પરંપરા ચાલે છે. ૨૪ દંડકમાંથી ૫ સ્થાવરના જીવોને છોડીને શેષ ૧૯ દંડકના જીવો ભાષક છે. ભાષાનો ઉપયોગ પૂર્વક પ્રયોગ કરનારા અને ઉપયોગ રહિત બોલનારા જીવોમાં આરાધક વિરાધક તથા ૪ પ્રકારના ભાષક જીવોના અલ્પબહુત્વની ચર્ચા કરેલ છે.

**(૧૨) શરીર પદ :-** ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને આદિ પાંચ કાર્મણ આદિ પાંચ પ્રકારના શરીરનું વર્ણન આ પદમાં છે. પ્રથમ ત્રણ શરીર સ્થૂલ છે. બાકીના બે શરીર સૂક્ષ્મ છે. ભવાંતરમાં જીવ છેલ્લા બે શરીર લઈ જાય છે અને ગતિ અનુસાર તેને સ્થૂલ શરીર મળે છે. આમ શરીરની પ્રાપ્તિ થવી અને શરીરનો ત્યાગ થવો આ પરંપરા ચાલે છે. આ જાણી મોક્ષાર્થી સાધક શરીરાસક્તિ છોડીને આત્મભાવમાં રમણતા કરે.

**(૧૩) પરિણામ પદ :-** આ પદમાં જીવ અને અજીવના પરિણામનું વર્ણન છે. પરિણામ શબ્દના બે અર્થ થાય છે. (૧) મૂળ સ્વરૂપને છોડ્યા વિના દ્રવ્યોનું એક અવસ્થામાંથી બીજી અવસ્થામાં પરિવર્તન થવું તે પરિણામ (૨) પૂર્વવર્તી વિદ્યમાન પર્યાયના વિનાશ અને ઉત્તરવર્તી અવધિ અવિદ્યમાન પર્યાયના પ્રાદુર્ભાવને પરિણામ કહે છે. છ એ દ્રવ્યોનું સતત પરિણમન થયા જ કરે છે. એ સમજાવીને તેના ભેદોનું કથન છે.

**(૧૪) કષાય પદ :-** ક્રોધ, માન, માયા અને લોભનું સ્વરૂપ વિવિધ પ્રકારથી બતાવ્યું છે. કષાય સંસાર પરિભ્રમણનું કારણ હોવાથી મોક્ષ પ્રાપ્તિ માટે કષાયનું સ્વરૂપ જાણવું એ છે. કષાયોના ફળ સ્વરૂપે આઠ પ્રકૃતિઓના ચય, ઉપચય, બંધ, ઉદીરણા, વેદના અને નિર્જરા આ છ પ્રકૃતિઓનું કથન કર્યું છે.

**(૧૫) ઈન્દ્રિય પદ :-** ઈન્દ્રિય સંબંધી વર્ણન, દ્રવ્ય અને ભાવના ભેદોથી બે ઉદ્દેશકમાં કરવામાં આવ્યું છે. પ્રથમ ઉદ્દેશકમાં ૨૪ દ્વાર અને દ્વિતીય ઉદ્દેશકમાં ૧૨ દ્વારમાં ઈન્દ્રિય સંબંધી વિવિધ વિષયોનું વર્ણન કર્યું છે. ઈન્દ્રિય મુખ્યત્વે બે પ્રકારે બતાવી છે. (૧) દ્રવ્યેન્દ્રિય (૨) ભાવેન્દ્રિય.

**(૧૬) પ્રયોગ પદ :-** મન, વચન અને કાયાના માધ્યમથી થનારી આત્માની પ્રવૃત્તિને પ્રયોગ કહે છે. અહીં ૧૫ યોગોને જ પ્રયોગ કહીને ૨૪ દંડકમાં વર્ણન કર્યું છે. કર્મના ઉદયે જીવ મનોવર્ગણાને વિચારરૂપે, ભાષા વર્ગણાને વચનરૂપે અને શરીર વર્ગણાને કાયાની ક્રિયારૂપે પરિણમાવે છે. તેનું વિસ્તૃત વર્ણન અહીં છે. ૪ મનના, ૪ વચનના અને ૭ કાયાના એ પંદર યોગ છે.

**(૧૭) લેશ્યા પદ :-** લેશ્યા એ જીવનું એક પરિણામ વિશેષ છે. આ પદના છ ઉદ્દેશકમાં લેશ્યા સંબંધી રોચક વર્ણન છે. લેશ્યાના ભેદો, લેશ્યાવાળા જીવોનું અલ્પબહુત્વ, લેશ્યાનું પરિણમન વગેરે ઘણાં વિષયોનું વર્ણન છે.

**(૧૮) કાયસ્થિતિ પદ :-** આ પદમાં જીવ અને અજીવ પોત પોતાની પર્યાયમાં કેટલો કાળ રહે છે. તેની વિચારણા છે. એક જીવ મરીને વારંવાર તે જ યોનિમાં જન્મ ધારણ કરે તો તે બધા ભવોના આયુષ્યનો અથવા તે પર્યાયની કાલ મર્યાદાનો જે કુલ સરવાળો થાય તે કાલસ્થિતિ છે. જીવદ્વાર, ગતિદ્વાર, ઈન્દ્રિય દ્વારની વિચારણા આ પદમાં છે.

**(૧૯) સમ્યક્ત્વ પદ :-** પ્રસ્તુત પદમાં સમ્યક્દ્રષ્ટિ, મિથ્યાદ્રષ્ટિ અને મિશ્રદ્રષ્ટિ સંબંધી વર્ણન છે. ૨૪ દંડકમાંથી ૫ એકેન્દ્રિયોમાં એક મિથ્યાદ્રષ્ટિ, ત્રણ વિકલેન્દ્રિયમાં સમ્યક્ અને મિથ્યાદોષ એમ બે દ્રષ્ટિ અને શેષ પંચેન્દ્રિયના ૧૬ દંડકમાં ત્રણ દ્રષ્ટિ હોય છે.

**(૨૦) અંતક્રિયા પદ :-** અંતક્રિયા એટલે ભવપરંપરાનો તથા કર્મોનો સર્વથી અંત કરનારી ક્રિયા. એક સમયમાં કોણ કેટલી

સંખ્યામાં સિદ્ધ થાય છે? તથા તીર્થંકર, ચક્રવર્તી પદ, ૧૪ રત્ન, ભવી દ્રવ્ય દેવ આદિની આગત અને ગત તથા અસંજ્ઞી આયુષ્યનું કથન છે.

**(૨૧) અવગાહના સંસ્થાન પદ :-** પાંચ શરીરોનો દંડકના ક્રમથી શરીર ભેદ, સંસ્થાન, શરીરનું માપ, શરીરના પુદ્‌ગલોનું ચયન, એક સાથે વિવિધ શરીરનું કથન, અલ્પબહુત્વ વગેરે સાત દ્વારોથી વિચારણા કરી છે.

**(૨૨) ક્રિયા પદ :-** કષાય અને યોગજન્ય પ્રવૃત્તિને ક્રિયા કહે છે. આ પદમાં કાયિકી આદિ પાંચ અને આરંભિકી આદિ પાંચ ક્રિયાઓનું અનેક પ્રકારથી નિરૂપણ છે.

**(૨૩-૨૭) કર્મ પ્રકૃતિ પદ :-** આ પદમાં વિવિધ દ્વારોના માધ્યમથી કર્મ સિદ્ધાંતની ચર્ચા કરવામાં આવી છે. કર્મબંધ - બંધક પદ, કર્મબંધ - વેદક પદ, કર્મવેદ - વેદક પદ, દ્વારા કર્મોની પ્રકૃતિના બંધ, ઉદય આદિની વિચારણા વિસ્તારથી કરવામાં આવી છે.

**(૨૮) આહાર પદ :-** ૨૪ દંડકમાં આહાર સંબંધી વર્ણન પ્રથમ ઉદ્દેશકમાં અને બીજા ઉદ્દેશકમાં આહારક- અનાહારકનું વર્ણન અનેક દ્વારોથી કર્યું છે. ત્રણ પ્રકારનો આહાર બતાવ્યો છે. (૧) સચેત (૨) અચેત (૩) મિશ્ર. તે ઉપરાંત ઓજઆહાર, લોમાહાર, પ્રક્ષેપાહાર, મનોભક્ષી આહાર આદિનું પણ વર્ણન છે. (૧) વિગ્રહગતિમાં (૨) કેવલી સમુદ્‌ઘાત સમયે (૩) ૧૪ માં અયોગી ગુણસ્થાને (૪) સિધ્ધ અવસ્થામાં આ ચાર અવસ્થામાં જીવ અણાહારક હોય છે.

**(૨૯) ઉપયોગ પદ :-** ઉપયોગ એ જીવનું લક્ષણ છે. સાકાર ઉપયોગના ૪ ભેદ અને અનાકાર ઉપયોગના ૪ ભેદ બતાવી કુલ ૧૨ ઉપયોગનું ૨૪ દંડકના જીવો સંબંધી વર્ણન છે. ઉપયોગમાં જ્ઞાન, અજ્ઞાન અને દર્શનનો સમાવેશ થાય છે.

**(૩૦) પશ્યતા પદ :-** ત્રૈકાલિક બોધને પશ્યતા કહે છે. પશ્યતા જ્ઞાન પરિણામ સ્વરૂપ જ છે. પરંતુ તેમાં ત્રૈકાલિક બોધનું જ ગ્રહણ થાય છે. માત્ર વર્તમાન - કાલીન હોય તો તેનું ગ્રહણ પશ્યતામાં થતું નથી. તેથી ઉપયોગના ૧૨ ભેદ અને પશ્યતાના ૯ ભેદનું વર્ણન કર્યું છે.

**(૩૧) સંજ્ઞી પદ :-** આ પદમાં સંજ્ઞી, અસંજ્ઞી, નોસંજ્ઞી નોઅસંજ્ઞી આ ત્રણ પ્રકારના ૨૪ દંડકના જીવોનું વિભાજન કરવામાં આવ્યું છે. નારકી, ભવનપતિ અને વ્યંતરદેવો સંજ્ઞી અને અસંજ્ઞી બંને પ્રકારે છે. જ્યોતિષી, વૈમાનિક દેવો સંજ્ઞી છે. ૫ સ્થાવર, ૩ વિકલેન્દ્રિય અસંજ્ઞી છે. તિર્યંચ અને મનુષ્યો સંજ્ઞી - અસંજ્ઞી બંને છે. કેવલી ભગવાન અને સિધ્ધ ભગવંતો નોસંજ્ઞી નોઅસંજ્ઞી છે.

**(૩૨) સંયત પદ :-** પ્રસ્તુત પદમાં જીવોમાં સંયત, સંયતાસંયત, અસંયત અને નોસંયત નોઅસંયત - નોસંયતાસંયત આ ૪ પ્રકારનું વર્ણન કર્યું છે.

**(૩૩) અવધિ પદ :-** અવધિ પદમાં ભેદ, વિષય, સંસ્થાન, બાહ્ય - આભ્યંતર અવધિ, દેશાવધિ, ક્ષયવૃદ્ધિ, પ્રતિપાતિ - અપ્રતિપાતિ આ સાત દ્વારથી અવધિજ્ઞાનના ભેદ - પ્રભેદ સંબંધી વિસ્તૃત વર્ણન છે.

**(૩૪) પરિચારણા પદ :-** પરિચારણા શબ્દનો અર્થ મૈથુન, ઈન્દ્રિયોના વિષયોનું સેવન, કામક્રીડા, રતિ અથવા વિષયભોગ આદિ થાય છે. પાંચ પ્રકારની પરિચારણાનું વર્ણન મુખ્યત્વે દેવતાઓને લગતું છે.

**(૩૫) વેદના પદ :-** આ પદમાં સંસારી જીવોને અનુભવમાં આવનારી સાત પ્રકારની વેદનાઓનું પ્રતિપાદન ૨૪ દંડકના માધ્યમે કર્યું છે. (૧) શીત, ઉષ્ણ, શીતોષ્ણ (૨) દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ (૩) શારીરિક, માનસિક અને ઉભય (૪) શાતા, અશાતા, શાતાશાતા (૫) દુઃખા-સુખા, અદુઃખા-અસુખા (૬) આભ્યુપક્રમિકી-ઔપક્રમિકી (૭) નિદા, અનિદા આદિ વેદનાનું વર્ણન છે.

**(૩૬) સમુદ્‌ઘાત પદ :-** વેદના આદિના નિમિત્તે મૂળ શરીરને છોડ્યા વગર આત્મપ્રદેશોનો વિસ્તાર થવો તે સમુદ્‌ઘાત છે. જેના સાત પ્રકાર છે. સાત સમુદ્‌ઘાત અને ચાર કષાય સમુદ્‌ઘાત સંબંધી વિસ્તારથી વર્ણન છે. અંતમાં મોક્ષતત્ત્વનું વર્ણન કરતા કેવલી, કેવલી સમુદ્‌ઘાત અને સિધ્ધોના સ્વરૂપનું નિરૂપણ છે.

આ રીતે પ્રજ્ઞાપનાના ૩૬ પદોમાં વિપુલ દ્રવ્યાનુયોગ સંબંધી સામગ્રીનું સંકલન છે. પ્રજ્ઞાપનામાં સાહિત્ય, ધર્મ, દર્શ, ઈતિહાસ અને ભૂગોળના અનેક મહત્ત્વપૂર્ણ તથ્યોનું ચિંતન છે. આમાં આલંકારિક પ્રયોગ ઓછો હોવા છતાં જૈન પારિભાષિક શબ્દાવલિનો પ્રયોગ વિશેષરૂપે કરવામાં આવ્યો છે. કર્મઆર્ય, શિલ્પઆર્ય, ભાષાચાર્ય આદિ અનેક તથ્યો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

પ્રજ્ઞાપના જૈન તત્ત્વજ્ઞાનનો બૃહત્ કોષ છે. આમાં જૈન સિદ્ધાંતના અનેક મહત્ત્વપૂર્ણ વિષયોનું સંકલન છે. ઉપાંગશાસ્ત્રોમાં સૌથી વિશાળ આ જ ઉપાંગ છે. અંગશાસ્ત્રોમાં જે સ્થાન 'ભગવતી'નું છે તે જ સ્થાન ઉપાંગશાસ્ત્રોમાં 'પન્નવણા'નું છે.

**★ ઊંડાણપૂર્વક અધ્યાપન કરવાની પદ્ધતિ :-**

તીર્થંકર પરમાત્મા લોકહિતાર્થે વિશાળ ગંભીર અર્થસહિત, વાણીના ૩૫ પ્રકારના ઉત્તમ ગુણોથી યુક્ત દેશના ફરમાવે છે જેનું સંકલન ગણધર ભગવંતો પોતાની તીવ્ર યાદશક્તિથી યાદ રાખીને શબ્દ રૂપે, પદ રૂપે, વાક્યરૂપે, મહાવાક્યરૂપે, અલાવારૂપે તેની ગૂંથણી કરે છે અને આ રીતે ભગવાન મહાવીરથી લઈને વિશિષ્ટ ચૌદપૂર્વી મહાત્માઓ સુધી યાદ રાખીને જ્ઞાન મેળવવાની પરંપરા ચાલી. અમુક વર્ષો બાદ આરાનું પરિવર્તનની સાથે કાળના પ્રભાવરૂપે જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ ઓછો થવા લાગ્યો તેથી જ્ઞાન શીખવામાં મર્યાદા આવી ગઈ. તેથી આવું જ્ઞાન નાશ

ન પામે તે માટે કંઠસ્થ પરંપરાનો ઉદય થયો જે આજ સુધી નિરંતર ચાલી રહ્યો છે. તત્ત્વનો ખજાનો જેમાં સચવાયેલો છે તેવું પ્રજ્ઞાપના સૂત્ર એક વિશિષ્ટ કોટિનું આગમ છે..જેના છત્રીસ પદોમાં દ્રવ્યાનુયોગ સંબંધી સામગ્રીનું સંકલન કરવામાં આવ્યું છે. આવું જ્ઞાન સમજવા કોઈ ગીતાર્થ મહાપુરુષનું આલંબન અનિવાર્ય છે. તેથી આ આગમના ગંભીર રહસ્યોને સમજવા માટે મૂર્ધન્ય મનીષિઓએ વ્યાખ્યા સાહિત્યનું નિર્માણ કર્યું.

જો કોઈ જિજ્ઞાસુ વ્યક્તિએ આ આગમનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવો હોય તો વ્યાખ્યા સાહિત્યનું અધ્યયન જરૂરી છે. આચાર્ય હરિભદ્રસૂરિજીએ પ્રજ્ઞાપનાની અવચૂર્ણિનો ઉલ્લેખ કરેલ છે. આચાર્ય મલયગિરીએ પણ પોતાની વૃત્તિમાં અવચૂર્ણિનો ઉલ્લેખ કરેલ છે. જેના રચયિતા આચાર્ય જિનભદ્ર હોવા જોઈએ એવું અનુમાન કરવામાં આવે છે. વર્તમાન સમયમાં સૌ પ્રથમ આચાર્ય હરિભદ્રએ 'પ્રદેશ વ્યાખ્યા' નામની ટીકાની રચના કરી. ત્યાર બાદ બીજી વૃત્તિની રચના નવાંગી ટીકાકાર આચાર્ય અભયદેવે કરી. જે પ્રજ્ઞાપનાની ત્રીજા પદ પર છે. આચાર્ય મલયગિરીજીએ પણ પ્રજ્ઞાપના પર વિસ્તૃત વ્યાખ્યા કરી છે. ત્યારબાદ મુનિ ચન્દ્રસૂરિએ પણ વનસ્પતિના વિષયને લઈને ''વનસ્પતિ સપ્તતિકા'' નામની વ્યાખ્યા લખી. આ રીતે વિવિધ આચાર્યોએ પોતાના વિશાળ જ્ઞાનને વ્યાખ્યાનું સ્વરૂપ આપ્યું જેનું અધ્યયન કરવાથી પ્રજ્ઞાપનાના રહસ્યો જાણી શકાય છે.

આ વ્યાખ્યા સાહિત્યનું અધ્યયન કરવું એ સામાન્ય વ્યક્તિ માટે કંટાળાજનક બની રહે છે કારણકે સંસ્કૃત ભાષામાં રચાયેલું આ વ્યાખ્યા સાહિત્ય ઘણું વિશાળ છે તેથી આ આગમ કંઠસ્થ કરવાની સર્વશ્રેષ્ઠ પદ્ધતિ 'થોકડા' છે. આ થોકડા કંઠસ્થ કરવાથી આ આગમનું જ્ઞાન મેળવી શકાય છે. આ થોકડાઓને આગમશાસ્ત્રોનું નવનીત કહેવામાં આવે છે. જેની ભાષા સરળ, સુંદર શૈલી, તત્ત્વજ્ઞાનની સુંદર છણાવટ અભ્યાસુઓને રુચિકર લાગે છે. લગભગ ૩૬ પદોના વિષયને લઈને થોકડાની રચના કરવામાં આવી છે. જેમાં ભાષા પદ, યોનિ પદ, શ્વાસોચ્છ્વાસ પદ, સ્થિતિ પદ, સંજ્ઞાપદ, શરીરપદ, કષાયપદ, પરિણામપદ, કાયસ્થિતિપદ, આહારપદ, કર્મપ્રકૃતિપદ, ઉપયોગપદ, અવધિપદ, વેદનાપદ, સમુદ્ઘાતપદ, વગેરે જાણીતા અને ઉપયોગી થોકડા વિદ્યમાન છે.

જિજ્ઞાસુઓને સૂચન કરવામાં આવે છે કે થોકડા દ્વારા વિવિધ મૌલિક વિષયોનું આપ જ્ઞાન મેળવી શકશો. આપ સૌ પ્રમાદનો ત્યાગ કરી જ્ઞાન માટે પુરુષાર્થ કરો અને ચરમ લક્ષ્યને પ્રાપ્ત કરો એ જ આશા અને દઢ વિશ્વાસ સાથે અંતરની અભિલાષા છે.

❑❑❑

# શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનો ૩૬ અધ્યયનનો સંક્ષિપ્ત પરિચય


**સાધ્વી મહિમાકુમારીજી**

*લીંબડી અજરામર સંપ્રદાયના આચાર્ય શ્રી ભાવમુનિના શિષ્યા પ.પૂ. રશ્મિનાબાઈ મહાસતીજીના શિષ્યા. આગમશાસ્ત્રોના અભ્યાસી વ્યાખ્યાતા. શિબિરાદિ કરાવનાર.*


**શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર એટલે....**

★ મોક્ષપ્રાપ્તિનો સચોટ અને સરળ ઉપાય...
★ અમૂલ્ય જીવનનું વસિયતનામું...
★ અશાંત જીવનને પ્રશાંત બનાવનાર અણમોલ જડીબુટ્ટી...
★ અપૂર્વ અધ્યાત્મ રસનો પરિપાક....
★ દ્રવ્યાનુયોગાદિ ચારેય અનુયોગનું સંકલન...
★ શ્રુતજ્ઞાનનો અણમોલ નિધિ...
★ સર્વ આગમોનો અર્ક, સર્વ શાસ્ત્રનો સાર....
★ મુક્તિના દ્વાર ખોલવાની માસ્ટર કી...

શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર ભગવાન મહાવીર સ્વામીની અંતિમ દેશના રૂપે સમગ્ર જૈન સમાજમાં શ્રદ્ધાનું સ્થાન ધરાવે છે. પ્રભુએ પાવાપુરીમાં પોતાના નિર્વાણ પૂર્વે સોળ પ્રહર સુધી ૧૮ દેશના રાજા સહિતની બાર પ્રકારની પરિષદમાં અખંડ ઉપદેશની ધારા પ્રવાહિત કરી.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર શ્રમણ ભ. મહાવીર સ્વામીનું પ્રતિનિધિત્વ કરનાર આગમ છે. તેમાં જીવ, અજીવ, કર્મવાદ, ષટ્દ્રવ્ય, નવતત્ત્વ વગેરે વિષયોનો સમાવેશ ચારે અનુયોગના માધ્યમથી થયો છે. આ આગમના વિષયોની પ્રધાનતા અને શ્રેષ્ઠતાના કારણે જ સેંકડો વર્ષોથી શ્રદ્ધાશીલ લોકો પ્રભુના નિર્વાણ કલ્યાણક રૂપ દિવાળીના દિવસે પ્રભુની અંતિમ દેશના રૂપ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનો સ્વાધ્યાય કરે છે. તેમાં ૩૬ અધ્યયનો છે. અને તેમાં અનેક વિવિધ વિષયોનું નિરુપણ છે.

### અધ્યયન -૧ :- વિનયશ્રુત

વિનય એ શ્રમણાચારનો પાયો છે. ધર્મનું મૂળ છે. આભ્યંતર તપ છે. વિનયરૂપી મૂળના સિંચનથી સમ્યક્ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી પુષ્પો ખીલે છે અને અંતે મોક્ષરૂપી ફળ પ્રાપ્ત થાય છે.

પ્રસ્તુત અધ્યયનમાં વિનયની પરિભાષા આપી નથી પરંતુ વિનીત અને અવિનીત શિષ્યના સ્વભાવ, વ્યવહાર, અને તેના

પરિણામોની વિસ્તૃત વિચારણા છે. તેનાથી અવિનયની પરિભાષા સ્પષ્ટ થઈ જાય છે. વ્યક્તિનો બાહ્ય વ્યવહાર તેના અંતરંગ ભાવોનું પ્રતિબિંબ છે. વિનિત શિષ્યના સૂત્રોક્ત વિવિધ વ્યવહાર અને આચરણ પરથી વિનયનો અર્થ આ પ્રમાણે ફલિત થાય છે.

૧) વિનય એટલે ગુરૂની આજ્ઞાનું પાલન કરવું.
૨) ગુરૂના ઈંગિતાકાર -હાવભાવ, ચેષ્ટાઓને યથાર્થ રીતે સમજવા.
૩) ગુરૂની સેવા શુશ્રૂષા કરવી.
૪) સ્વયં પોતાનું આચરણ સદાચાર સંપન્ન રાખવું.
૫) ગુરૂના અનુશાસનનો મનથી સ્વીકાર કરવો. વચનથી 'તહત્તિ' જેવા આદર સૂચક શબ્દોનો પ્રયોગ કરવો. કાયાથી તથાપ્રકારનું આચરણ કરવું.
૬) ગુરૂને અનુકૂળ વ્યવહાર કરવો.
૭) ગુરૂજનોની કઠોર શિક્ષાનો પણ સહર્ષ સ્વીકાર કરવો.
૮) સમાચારિનું પાલન, આહાર ગ્રહણ, ભાષાપ્રયોગ વગેરે પ્રત્યેક ક્રિયા સમિતિપૂર્વક કરવી.
૯) વૈરાગ્ય ભાવે આત્મદમન કરવું.

વિનયનો અર્થ દીનતા, લાચારી કે ગુલામી નથી કેવળ શિષ્ટાચાર કે સમાજવ્યવસ્થા પણ નથી. પરંતુ ગુરૂજનો કે ગુણીજનોના પવિત્ર ગુણો પ્રતિ સહજ પ્રગટ થતો આદરભાવ છે. તેથી જ ગુરૂ-શિષ્યનો આત્મિય સંબંધ બની રહે છે.

સર્વ પ્રકારના વિનયનું આચરણ કરનાર શિષ્ય ગુરૂની પ્રસન્નતાને પામે છે. પ્રસન્ન થયેલા ગુરૂ વિનિત શિષ્યને પોતાની શ્રુતસંપત્તિ ને આચારસંપત્તિ પ્રદાન કરે છે. તેનાથી શિષ્ય આત્મિક લક્ષ્મીને પ્રાપ્ત કરી પોતાન અંતિમ લક્ષને સિદ્ધ કરે છે.

### અધ્યયન – ૨ :– પરિષહ જય

જે આત્મા વિનય સંપન્ન બને છે. એ જ સમતાભાવે પરિષહોને સહન કરી કર્મ ખપાવવામાં સક્ષમ બને છે.

આ અધ્યયનમાં સાધકો માટે સંયમી જીવનમાં આવતા ૨૨ (બાવીસ) પરિષહ વિજયનો સંદેશ છે. સાધકને સંયમ માર્ગથી ચ્યુત કરે તેવી સંયમી જીવનની અનુકૂળતા કે પ્રતિકૂળતાને પરિષહ કહે છે. સંયમ માર્ગથી ચ્યુત થયા વિના સહજ રીતે આવતી અનુકૂળતા કે પ્રતિકુળતા ને કર્મનિર્જરાના લક્ષે સહન કરવી અને તેમાં સમજણપૂર્વક પ્રસન્ન ભાવ કે સમભાવ ધારણ કરવો તે પરિષહ વિજય છે. પરિષહ ૨૨ છે.

(૧) ક્ષુધા પરિષહ : નિર્દોષ આહાર ન મળે ત્યારે ક્ષુધાનો પરિષહ આવે છે.
(૨) તૃષા પરિષહ : એકાંત નિર્જન વનમાં અથવા કોઈપણ પરિસ્થિતિમાં તૃષાની તીવ્ર પીડા છતાં દોષિત પાણી ન લેતાં સમતાભાવે સહન કરવું.
(૩) શીત પરિષહ : અત્યંત ઠંડીથી શરીર ધ્રુજતું હોય છયાં અગ્નિ આદિનો પ્રયોગ ન કરવો.
(૪) ઉષ્ણ પરિષહ : અત્યંત ગરમીમાં ઠંડક કે સ્નાનની ઈચ્છા ન કરવી.
(૫) ડાંસ મચ્છર પરિષહ : પોતાનું લોહી પીનાર, સમાધિભંગ કરનાર મચ્છર વગેરે જંતુ પર દ્વેષ ન કરતાં સમતા રાખવી.
(૬) અચેલ પરિષહ : વસ્ત્ર જીર્ણ થાય, ફાટી જાય, નવા વસ્ત્રની પ્રાપ્તિ ન થાય ત્યારે તે સંબંધી સંકલ્પ-વિકલ્પ ન કરવા.
(૭) અરતિ પરિષહ : કંટાળાજનક વ્યવસ્થામાં ખેદિત થયા વિના મનને સ્વાધ્યાયમાં જોડી પ્રસન્ન ચિત્ત બનવું.
(૮) સ્ત્રી પરિષહ : ધર્મસ્થાન કે ગૃહસ્થના ઘરમાં ગોચરી માટે જતા સ્ત્રી વિકારી ચેષ્ટાઓ કરે. ભોગસંબંધી યાચના કરે ત્યારે દઢતા ધારણ કરી મનને બ્રહ્મચર્યમાં સ્થાપિત કરવું.
(૯) ચર્યા પરિષહ : વિહાર કરતા શરીરને પડતા કષ્ટને સમભાવે સહન કરી અપ્રતિબદ્ધપણે વિહાર કરવો.
(૧૦) નિષધા પરિષહ : સ્મશાન-શૂન્યગૃહ- નિર્જન વનમાં હિંસક પ્રાણી કે અન્ય આપત્તિમાં નિર્ભય બની શાંત ચિત્તે સંયમભાવમાં સ્થિર બનવું.
(૧૧) શય્યા પરિષહ : રહેવા માટે પ્રતિકૂળ સ્થાન પ્રાપ્ત થાય ત્યારે મનને સમભાવમાં સ્થિર રાખવું. એક રાત કે દિવસમાં મારૂં શું બગડવાનું ? એવું વિચારવું.
(૧૨) આક્રોશ પરિષહ : કોઈ ગાળ આપે, અપ્રિયકર શબ્દો બોલે તેની ઉપેક્ષા કરી, સામે આક્રોશ ન કરવો પરંતુ શાંત રહેવું.
(૧૩) વધ પરિષહ : કોઈ મારે પીટે મારણાંતિક પ્રહાર કરે તેના પ્રત્યે દ્વેષ ભાવ ન કરતાં આત્મા અજર-અમર છે એવો વિચાર કરવો.
(૧૪) યાચના પરિષહ : ગૃહસ્થ પાસે યાચના કરવા માટે હાથ લંબાવતા ક્ષોભિત ન થવું કે ગૃહસ્થાશ્રમને યાદ ન કરવો.
(૧૫) અલાભ પરિષહ : યાચના કરવા છતાં આવશ્યક આહાર પાણી કે અન્ય સામગ્રી ન મળતાં આકુળ-વ્યાકુળ ન થવું. ગૃહસ્થ પર ક્રોધ ન કરવો પરંતુ સવળી દૃષ્ટિ કરવી અને તપનો લાભ થયો એવું વિચારવું.
(૧૬) રોગ પરિષહ : અશાતાના ઉદયમાં સદોષ ચિકિત્સાની ઈચ્છા કર્યા વિના રોગને સમતાભાવે સહન કરવો.
(૧૭) તૃણ પરિષહ : અલ્પ કે જીર્ણવસ્ત્રધારી તેમજ અચેલક સાધુને ઘાસ આદિનો કઠોર સ્પર્શ થાય ત્યારે સુંવાળી શય્યાની ઈચ્છા ન કરવી.
(૧૮) જલ-મલ્લ પરિષહ : ગ્રીષ્મ ઋતુમાં શરીર પરસેવાથી મલીન

થાય છતાં સ્નાનની ઈચ્છા ન કરવી.

(૧૯) સત્કાર-પુરસ્કાર પરિષહ : રાજા-મહારાજા વંદન નમસ્કાર સત્કાર-સન્માન કરે ત્યારે અભિમાન ન કરવું. સત્કાર સન્માનની ઈચ્છા ન રાખવી.

(૨૦) પ્રજ્ઞા પરિષહ : જ્ઞાનાવરણીય કર્મના ઉદયે મંદબુદ્ધિ હોય, જ્ઞાન ન ચડતું હોય ત્યારે હતાશ નિરાશ થયા વિના વિશેષ પુરૂષાર્થી બનવું.

(૨૧) અજ્ઞાન પરિષહ : સંયમ તપનું પાલન કરવા છતાં કોઈ લબ્ધિ પ્રાપ્ત ન થાય, વિશિષ્ટ જ્ઞાન ન થાય તો સંયમપાલનને નિરર્થક ન સમજતાં સમભાવથી સાધનાને દૃઢત્તમ બનાવવી.

(૨૨) દર્શન પરિષહ : લબ્ધિ વગેરે પ્રગટ ન થાય ત્યારે શ્રદ્ધાથી પતિત ન થવું. કોઈપણ પરિસ્થિતિમાં શ્રદ્ધાને અચલ રાખવી.

આ બાવીસ પરિષહમાં સ્ત્રી અને સત્કાર-પુરસ્કાર પરિષહ આ બે અનુકૂળ છે બાકીના ૨૦ પ્રતિકૂળ છે. સાધકે કોઈપણ પરિષહમાં શૂરવીર યોદ્ધાની જેમ વીરતાપૂર્વક સહન કરીને પરિષહ વિજેતા થવું તે જ મોક્ષની પ્રાપ્તિની સાધના છે.

## અધ્યયન – ૩ – ચાર દુર્લભ અંગ

આ અધ્યયનમાં મોક્ષપ્રાપ્તિમાં કારણભૂત ચાર અંગની દુર્લભતાનું કથન છે. અનાદિકાળથી ચાર ગતિમાં પરિભ્રમણ કરતાં જીવને કેટકેટલી પુણ્યરાશિ ભેગી થાય ત્યારે મોક્ષસાધનાને યોગ્ય વાતાવરણ વગેરે પ્રાપ્ત થાય છે તેથી તે દુર્લભ છે.

પ્રત્યેક મુમુક્ષુ પ્રાણીએ ૧. મનુષ્ય ભવ ૨. ધર્મશ્રવણ ૩. ધર્મશ્રદ્ધા અને ૪. તપસંયમમાં પરાક્રમ - આ ચાર મોક્ષના દુર્લભ અંગ જાણીને પ્રાપ્ત અવસરમાં આળસ-પ્રમાદ, મોહ પુદ્‌ગલાસક્તિ ને હટાવીને સંયમમાર્ગમાં ઉપસ્થિત થવું જોઈએ.

## અધ્યયન – ૪ : કર્મફળ અને ધર્મપ્રેરણા

આ અધ્યયનમાં જીવનની ક્ષણિકતાનું દર્શન કરાવીને પ્રમાદ ત્યાગનો ઉપદેશ છે.

ક્ષણભર પણ આયુષ્યની વૃદ્ધિ કોઈ કરી શકતું નથી તેથી વૃદ્ધત્વની પ્રતિક્ષા ન કરતાં અવસર પ્રાપ્ત થયે અપ્રમત્ત ભાવથી તપ-સંયમ-વ્રત-નિયમનું આચરણ કરી લેવું જોઈએ.

અનેક પાપ કૃત્યો દ્વારા ભેગું કરેલું ધન મૃત્યુ સમયે નરકમાં જતાં જીવની રક્ષા કરી શકતું નથી.

સ્વજનો માટે ઉપાર્જન કરેલું ધન ફળ ભોગવવા સમયે સ્વજનો પણ ભાગ પડાવતા નથી.

પછી ધર્મ કરશું એમ કહેનાર પહેલાં કે પછી ક્યારેય ધર્મ કરી શકતો નથી.

## અધ્યયન – ૫ : બાલપંડિત મરણ

આ અધ્યયનમાં અકામ મરણ અને સકામમરણનું સ્વરૂપ સ્પષ્ટ કરીને સકામમરણની ઉપાદેયતાનું પ્રતિપાદન છે.

અકામ મરણ : ઈચ્છા વિના થતું મરણ. સર્વ જીવો જીવવા ઈચ્છે છે. મૃત્યુને કોઈ ઈચ્છતું નથી તેમ છતાં આયુષ્ય પૂર્ણ થતાં તે અનિચ્છાએ મૃત્યુને સ્વીકારે છે. તે અકામ મરણ છે.

સકામ મરણ : સમજણ અને સમાધિભાવે સ્વેચ્છાથી સ્વીકારેલું મરણ તે પંડતિ મરણ અથવા સકામ મરણ છે. એકવારના પંડિતમરણથી અનંત જન્મ-મરણની પરંપરા તૂટી જાય છે. પંડિત મરણમાં કોઈપણ પ્રકારનો આઘાત, શોક, ચિંતા કે કલુષિત પરિણામો હોતા નથી. અત્યંત શાંતિ અને સમાધિભાવ તે જ પંડિતમરણનું મુખ્ય અંગ છે. પંડિતમરણે મૃત્યુ પ્રાપ્ત કરનાર સાધક સર્વકર્મનો ક્ષય કરે છે. અથવા ઋદ્ધિ સંપન્ન દેવગતિ પ્રાપ્ત કરે છે.

## અધ્યયન – ૬ : શુલ્લક નિર્ગ્રંથીય

આ અધ્યયનમાં નિર્ગ્રંથને રાગ-દ્વેષ રૂપી ગ્રંથી તોડવા માટે સતત સાવધાન રહેવાનો ઉપદેશ આપ્યો છે.

અજ્ઞાની જીવો દુ:ખોની વૃદ્ધિ કરતા રહે છે, તેથી મુમુક્ષુઓએ જીવાદિ નવ તત્ત્વોને જાણીને સત્યની ગવેષણા કરતાં થકાં બધા પ્રાણીઓ સાથે મૈત્રીનો વ્યવહાર કરવો જોઈએ. અને પરિવારના સભ્યોથી પણ અસંરક્ષણનો ભાવ જાણીને સ્નેહરહિત બને તથા ધન સંપત્તિને ચંચળ સમજી તેનો ત્યાગ કરે.

માત્ર જ્ઞાનથી મુક્તિ માનનારા અને કંઈપણ આચરણ ન કરનારા સ્વેચ્છાએ વચન વીર્યથી મુક્તિની કલ્પના કરી શકે છે પરંતુ તેઓને વાસ્તવિક આત્મોન્નતિની ઉપલબ્ધિ થઈ શકતી નથી.

પાપાચરણ અને આસક્તિથી દુર્ગતિ પ્રાપ્ત કરતાં સમયે તે જ્ઞાન અને વચનવીર્ય તેનું આંશિક પણ રક્ષણ કરી શકતા નથી. તેની દશા બિલ્લી આવે ત્યારે ઉડી જવું એ પ્રમાણે રટણ કરનારા પોપટ સમાન થાય છે. અર્થાત્ પોપટનું કોરૂં રટણ બિલ્લીના ઝપાટામાંથી તેને બચાવી શકતું નથી. તેવી રીતે અજ્ઞાની જીવો જન્મ - મરણના દુ:ખથી છૂટી શકતા નથી.

## અધ્યયન – ૭ : દૃષ્ટાંતયુક્ત ધર્મપ્રેરણા

જે પ્રકારે આ અધ્યયનમાં અનાસક્ત ભાવની મહત્તા ત્રણ દૃષ્ટાંતના માધ્યમથી સમજાવી છે.

જે પ્રકારે બકરો ખાવા-પીવામાં મસ્ત જાણે કે અતિથિઓની પ્રતિક્ષા જ કરે છે એટલે કે યજમાન આવતાં જ તેનું મસ્તક ધડથી જુદું કરી તેના માંસને પકાવીને ખાવામાં આવે છે તે પ્રકારે અધાર્મિક પ્રાણી પોતાના કૃત્યોથી જાણે નરકની જ ચાહના કરે છે. એટલે કે તેઓ અધર્માચરણના કારણે નરકમાં જાય છે.

જેવી રીતે એક કોડી લેવા જતાં મનુષ્ય હજાર સોનામહોરોનેએ

ગુમાવે છે. અપથ્યકારી કેરીને ખાઈ રાજા રાજ્ય સુખ હારી જાય છે તે પ્રકારે તુચ્છ માનવીય ભોગોમાં આસક્ત પ્રાણી દૈવિક સુખ અને મોક્ષ સુખને હારી જાય છે.

ત્રણ પ્રકારના વણિક ૧. લાભ મેળવનારા ૨. મૂળ મૂડીનું રક્ષન કરનારા ૩. મૂળ મૂડીને પણ ગુમાવી દેનારા. તે જ રીતે ધર્મની અપેક્ષાએ સાધક પ્રાણીની ત્રણ અવસ્થા છે. ૧. દેવગતિ કે મોક્ષગતિના લાભને મેળવનારા ૨. મનુષ્ય ભવ રૂપ મૂળ મૂડીને પુનઃ પ્રાપ્ત કરનારા ૩. નરક-તિર્યંચગતિ રૂપ દુર્ગતિને પ્રાપ્ત કરનારા.

બાલજીવ ધર્મને છોડી અધર્મને સ્વીકારી દુર્ગતિ પ્રાપ્ત કરે છે અને ધીર-વીર પુરૂષ અધર્મને છોડી ધર્મને સ્વીકારી સદ્ગતિને પ્રાપ્ત કરે છે.

## અધ્યયન – ૮ : દુર્ગતિથી મુક્તિ

આ અધ્યયનમાં કપિલની કથાના માધ્યમે સંતોષથી લોભ પર વિજય પ્રાપ્ત થાય છે.

અનેક વિદ્યાઓમાં પારગામી કાશ્યપ બ્રાહ્મણ રાજપુરોહિતનું અચાનક મૃત્યુ થયું, ત્યારે તેના પુત્ર કપિલે વેદ વગેરેનો અભ્યાસ ન કરવાથી તેને પુરોહિત પદ મળ્યું નહિ. આ ઘટનાથી તેની માતા દુઃખી થતી હતી. કપિલે માતાના દુઃખનું કારણ જાણી તેના નિવારણ માટે શ્રાવસ્તી નગરીમાં પિતાના મિત્ર બ્રાહ્મણને ત્યાં ભણવા ગયો. તેની જમવાની વ્યવસ્થા ત્યાંના એક વણિક શ્રેષ્ઠીને ત્યાં હતી. કપિલનો અભ્યાસ ચાલુ હતો તે દરમ્યાન તે શેઠની દાસીના અનુરાગમાં ફસાયો, ગૃહસ્થ જીવન વ્યવહાર માટે તેની પાસે આવકનું કોઈ સાધન ન હતું. એકવાર નગરીમાં મહોત્સવ ઉજવાઈ રહ્યો હતો. કપિલ પાસે મહોત્સવમાં જવા યોગ્ય વસ્ત્ર-આભૂષણો વગેરે ન હતાં. તેની ઈચ્છાપૂર્તિ માટે દાસીએ ઉપાય બતાવ્યો કે નગરીના રાજા પ્રાતઃ કાળે સર્વ સર્વ પ્રથમ વધાઈ આપનાર બ્રાહ્મણને બે માસા સોનું આપે છે. કપિલ સર્વ પ્રથમ પહોંચવા માટે મધ્યરાત્રિના નીકળી ગયો. નગર રક્ષકોએ તેને ચોર સમજીને પકડી લીધો અને રાજા સમક્ષ હાજર કર્યો. રાજા સમક્ષ કપિલે સત્ય હકીકત રજૂ કરી. રાજા કપિલની સરળતા અને સ્પષ્ટવાદિતા પર પ્રસન્ન થયા અને કહ્યું તારી જે ઈચ્છા હોય તે માંગી લે. હું તારી ઈચ્છા પૂરી કરીશ. કપિલના અંતરમાં અદમ્ય કામનાઓ હતી. તેથી વિચાર કરવા લાગ્યો કે શું માંગું? તેની ઈચ્છા ક્રમશઃ વધવા લાગી. લાખો, કરોડો સોનામહોરોની ઈચ્છાથી પણ મન શાંત ન થયું. એકાએક ચિંતનની ધારા પરિવર્તિત થઈ. લોભવૃત્તિએ વળાંક લીધો. સંતોષની અનુભૂતિ સહ રાજાની સમક્ષ આવ્યો અને કહ્યું હે રાજન! જે જોઈતું હતું તે મને મળી ગયું છે. આપની પાસેથી લેવાની કોઈ ઈચ્છા નથી. બસ! સંતોષ રૂપી જલ દ્વારા લોભની અગ્નિ શાંત થઈ ગઈ. રાજા પાસેથી નીકળી નિર્ગ્રંથપણાનો સ્વીકાર કર્યો. છ મહિના સુધી સાધનામાં તલ્લીન બનીને કેવળજ્ઞાન-કેવલદર્શન પ્રાપ્ત કર્યું. લોકોને ઉપદેશ આપ્યો કે જ્યાં લાભ છે ત્યાં લોભ છે. લાભથી લોભની વૃદ્ધિ થાય છે.

## અધ્યયન – ૯ : નમિ પ્રવજ્યા

આ અધ્યયનમાં નમિરાજર્ષિની પ્રત્યેક બુદ્ધપણે પ્રવજ્યા ગ્રહણની ઘટનાનું પ્રતિપાદન છે.

માણસની મદનરેખાના પુત્ર નમિકુમાર જ્યારે સંયમ અંગીકાર કરવા ઉત્સુક બન્યા ત્યારે તેના વૈરાગ્યની પરીક્ષા બ્રાહ્મણ રૂપધારી સ્વયં શકેન્દ્રએ કરી હતી. નમિ રાજર્ષિએ ઈન્દ્રને યથાર્થ ઉત્તર આપી સંતુષ્ટ કર્યા.

## અધ્યયન – ૧૦ : દ્રુમ પત્રક (વૈરાગ્યોપદેશ)

આ અધ્યયનમાં ભગવાને ગૌતમ સ્વામીને સંબોધન કરીને સર્વ જીવોને પ્રમાદ ત્યાગનો સંદેશ આપ્યો છે. દ્રુમ પત્રક એટલે પાંદડું. વૃક્ષનાં પીળાં પાંદડાઓ ખરી પડે છે, તેમ માનવની જિંદગી અલ્પ છે. માટે પ્રમાદ કરવા જેવો નથી. સમય ગોયમ! માં પમાયએ એ સૂત્ર દ્વારા સમય માત્રનો પ્રમાદ કરવા જેવો નથી એ બોધ આપ્યો છે.

## અધ્યયન – ૧૧ : બહુશ્રુત મહાત્મ્ય

આ અધ્યયનમાં બહુશ્રુતની મહિમાનું પ્રતિપાદન છે. બહુશ્રુત એટલે આગમના જ્ઞાતા અને આચારનિષ્ઠ સાધક. તેની ત્રણ કક્ષાની અપેક્ષાએ તેના ત્રણ ભેદ છે.

જઘન્ય બહુશ્રુત : અનેક શાસ્ત્રોના અધ્યેતા અને આચારાંગસૂત્ર તથા નિશીથસૂત્ર આ બે સૂત્રને અર્થ સહિત કંઠસ્થ ધારણ કરનારા સાધુ.

મધ્યમ બહુસૂત્ર : પૂર્વોક્ત બે સૂત્ર સહિત સૂયગડાંગ સૂત્ર અને ત્રણ છેદ સૂત્રને અર્થ સહિત કંઠસ્થ ધારણ કરનારા સાધુ.

ઉત્કૃષ્ટ બહુસૂત્ર : ચૌદ પૂર્વના ધારક ઉત્કૃષ્ટ બહુશ્રુત છે.

અભિમાન, ક્રોધ, પ્રમાદ, રોગ, આળસ, આ પાંચ અવગુણ જ્ઞાનપ્રાપ્તિમાં બાધક છે. તે અવિનીત સાધુ જ્ઞાનપ્રાપ્ત કરી શકતા નથી. જ્ઞાનપ્રાપ્તિ માટે સાધક હંમેશા ગુરૂચરણોની ઉપાસના કરીને વિનયભાવપૂર્વક પુરૂષાર્થ કરે.

## અધ્યયન – ૧૨ : હરિકેશી મુનિ

આ અધ્યયનમાં ચાંડાલકુલમાં ઉત્પન્ન થયેલા હરિકેશી મુનિની જીવનની ઘટનાનું વર્ણન છે.

ચાંડાલ કુલમાં જન્મેલા હરિકેશી નામના અણગારના સંયમ - તપોબલથી પ્રભાવિત થઈ યજ્ઞ કરનાર પુરોહિત અધ્યાપક અને બાળક સત્યધર્મ, ભાવયજ્ઞ અને ભાવસ્નાનનું સ્વરૂપ સમજ્યા. યક્ષપણ મુનિની પ્રભાવિત થઈ સમયે સમયે તેમની સેવામાં ઉપસ્થિત થતો હતો. તેના નિમિત્તે ભદ્રા રાજકુમારી અને બ્રાહ્મણો મુનિથી પ્રભાવિત થયા.

યજ્ઞશાળામાં જાતિવાદને આગળ કરી મુનિને ભીક્ષા આપવાનો ઈન્કાર કર્યો, તદુપરાંત મુનિ સાથે અભદ્ર વ્યવહાર પણ કરવામાં આવ્યો. ભદ્રાએ બાળકને ઉપાલંભ આપતા કહ્યું કે તમે આ મુનિની અવહેલના કરો છો તે નખથી પર્વતને ખોદવા સમાન મુર્ખતા કરો છો. ત્યારબાદ યક્ષનો વિકરાળ ઉપદ્રવ થવાથી ભદ્રાએ એના પતિએ મુનિનો અનુનય વિનય કરી યક્ષને શાંત કર્યો. ઉપદ્રવ દૂર થયા બાદ તેઓએ મુનિને આદરપૂર્વક આહાર વહોરાવ્યો. મુનિને ભીક્ષા દેતા યજ્ઞશાળામાં પંચદિવ્ય વૃષ્ટી થઈ. જેથી લોકમાં સ્પષ્ટ પ્રતિતી થઈ કે જાતિની અપેક્ષાએ અધિક મહત્ત્વ તપ-સંયમ અને શીલનું છે. ત્યારબાદ હરિકેશી મુનિએ લોકોને છ કાયના જીવોની હિંસા ન કરવી ન કરાવવી એવો ઉપદેશ આપ્યો.

### અધ્યયન – ૧૩ : ચિત્ત–સંભૂતિ

આ અધ્યયનમાં ચિત્ત અને સંભૂતિ નામના બે ભાઈઓના પાંચ ભવના ભાતૃસંબંધ અને છઠ્ઠા ભવમાં બન્નેના અલગ (૨) સ્થાનમાં જન્મ થવાનું કારણ બન્ને ભાઈઓના સંવાદ દ્વારા સમજાવ્યું છે.

### અધ્યયન – ૧૪ : ભૃગુપુરોહિત

આ અધ્યયનમાં ભૃગુ પુરોહિત, તેની પત્ની તેમના બે પુત્રો ઈક્ષુકારરાજા અને કમળાવતી રાણી આ છ (૬) મોક્ષગામી જીવો એકબીજાના નિમિત્તે વૈરાગ્ય પામી ઉત્કૃષ્ટ સંયમની આરાધના કરી મોક્ષગતિ પામ્યા તેનું ભાવવાહી નિરૂપણ છે.

### અધ્યયન – ૧૫ : સભિક્ષુ

આ અધ્યયનમાં ભિક્ષુના લક્ષણોનું સાંગોપાંગ નિરૂપણ છે.

ભીક્ષા દ્વારા જીવનનિર્વાહ કરે તે દ્રવ્યભિક્ષુ છે. જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનાના લક્ષે કામભોગનો, આશ્રવજન્ય રાગ-દ્વેષાદિ પ્રવૃત્તિઓનો, આળસ અને પ્રમાદનો, સ્વાદિષ્ટ અને સદોષ આહારનો ત્યાગ કરીને સાધુ સમાચારીનું જાગૃતિપૂર્વક પાલન કરે છે તે ભાવભિક્ષુ છે.

### અધ્યયન – ૧૬ : બ્રહ્મચર્ય સમાધિસ્થાન

આ અધ્યયનમાં બ્રહ્મચર્યના દશ સમાધિ સ્થાનોનું નિરૂપણ છે. સાધક જીવનની સમસ્ત સાધના બ્રહ્મચર્યને કેન્દ્રમાં રાખીને જ થાય છે. બ્રહ્મચર્યની સુરક્ષા માટે ઈન્દ્રિય અને મનસંયમ રૂપ દશ નિયમો સમાધિસ્થાન કહેવાય છે.

૧. સાધુ સ્ત્રી, પશુ, પંડગરહિત સ્થાન ભોગવો.
૨. સ્ત્રીઓની વિષયરૂપ વિકથા કરે નહીં.
૩. સ્ત્રી સાથે એક આસને બેસે નહીં.
૪. સ્ત્રીના આંગોપાંગ વિષયબુદ્ધિથી નીરખે નહીં.
૫. ભીંત કે પડદાની આડશથી સ્ત્રીના શબ્દો, હાસ્ય, ગીતાદિ સાંભળે નહીં.
૬. પૂર્વના ભોગનું સ્મરણ કરે નહીં.
૭. ગરિષ્ટ આહાર કરે નહી.
૮. અતિ માત્રામાં આહાર કરે નહીં.
૯. શોભા વિભૂષા કરે નહીં.
૧૦.મનોહર શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શનું સેવન કરે નહીં.

જે સાધુ ઉપરોક્ત દશ સ્થાનનું સેવન કરે તેનું બ્રહ્મચર્ય ખંડિત થાય છે. તે કેવલી પ્રરૂપિત ધર્મથી ભ્રષ્ટ થાય છે.

### અધ્યયન – ૧૭ : પાપી શ્રમણ પરિચય

આ અધ્યયનમાં સાધુપણામાં રહીને પાપ પ્રવૃત્તિનું આચરણ કરનાર પાપ શ્રમણના લક્ષણોનું પ્રતિપાદન છે. જે સાધક સિંહ વૃત્તિથી સંયમનો સ્વીકાર કરીને સિંહવૃત્તિથી પાલન કરે છે તે શ્રેષ્ઠ શ્રમણ છે. જે સંયમ માર્ગનો સ્વીકાર કરીને કાયર બનીને શિથિલાચારનું સેવન કરે તે પાપ શ્રમણ છે.

જે સાધુ આત્મશુદ્ધિના લક્ષને ભૂલીને કેવળ દેહલક્ષી પ્રવૃત્તિ કરે, ખાઈ-પીને સૂતા રહે. સમિતી -ગુપ્તિ કે સમાચારી પાલનમાં પ્રમાદ કરે. ગુરૂની આશાતના કરે, શાસ્ત્ર-સ્વાધ્યાયમાં રૂચી રાખે નહીં. રસાસ્વાદની આસક્તિથી સરસ આહાર માટે ફર્યા કરે. સાધુ જીવનમાં અશોભનિય પ્રવૃત્તિ કરે તે પાપ શ્રમણ છે.

### અધ્યયન – ૧૮ : સંયતિમુનિ

આ અધ્યયનમાં સંયતિ રાજર્ષિના જીવનના એક પ્રસંગનું કથન છે. એક વખત સંયતિ રાજા હરણનો શિકાર કરી રહ્યા હતા. હરણ ભયભીત થઇ દોડી રહ્યું હતું. ઉદ્યાનમાં પ્રશાંત ચિત્ત મુનિને જોઈ હરણ તેના શરણમાં બેસી ગયું. સંયતિ રાજા તે હરણને શોધતાં શોધતાં આવ્યા. મુનિ પાસે મૃગને બેઠેલો જોઈ રાજાને થયું નક્કી આ ઋષિનો મૃગ હશે. હવે તે મને શ્રાપ આપશે તો...? તેઓએ ભયભીત થઈ મુનિ પાસે ક્ષમાની પ્રાર્થના કરી. ત્યારબાદ મુનિનો ઉપદેશ સાંભળી તેઓએ સંયમ ગ્રહણ કર્યો. સંયમ માર્ગમાં વિચરણ કરતાં તેમનો ક્ષત્રિય રાજર્ષિ સાથે સમાગમ થયો. તે ક્ષત્રિય રાજર્ષિએ આત્મીયતા વ્યક્ત કરી અને તેમને ઉદાહરણો દ્વારા તપ-સંયમમાં સદા સ્થિર રહેવાની શિક્ષા પ્રેરણા કરી.

સંક્ષેપમાં તૃપ્તિ ત્યાગમાં છે, આનંદ અનાસક્ત ભાવમાં છે. શાંતિ સમાધિભાવ સાધનામાં છે.

### અધ્યયન – ૧૯ : મૃગાપુત્ર

આ અધ્યયનમાં સુગ્રીવ નગરના રાજા બલભદ્ર અને તેની રાણી મૃગાવતીના પુત્ર મૃગાપુત્રના વૈરાગ્યભાવનું વર્ણન છે.

સંત દર્શનથી મૃગાપુત્રને જાતિ સ્મરણ જ્ઞાન થયું. તેમાં નરકાદિ ભવોને જોઈને વિરક્ત થાય છે. દીક્ષાની અનુમતિ માંગતા માતા-પિતા સાથે થયેલા રોચક સંવાદનું વર્ણન તથા નરકગતિના ભયાનક દુ:ખોનું વર્ણન આ અધ્યયનમાં કરવામાં આવ્યું છે. સંયમની દુષ્કરતા બતાવતાં મહાવ્રતોનું અને અનેક આચારોનું સ્પષ્ટ વર્ણન કરવામાં આવ્યું છે. છેલ્લે મૃગાપુત્ર આજ્ઞા પ્રાપ્ત કરી

સંયમ સ્વીકારી એકલાએ જ વિચરણ કર્યું. સંયમ - તપની ઉત્કૃષ્ટ આરાધના કરી એક માસનું અનશન કરીને સર્વ કર્મોનો ક્ષય કરી મુક્ત થયા.

સારાંશ : ધન દુઃખોની વૃદ્ધિ કરાવનારૂં છે. મમત્વ બંધન મહાભયને પ્રાપ્ત કરાવનારૂં છે. ધર્માચરણ - વ્રત, મહાવ્રત ધારણ કરવાથી અનુત્તર સુખોની પ્રાપ્તિ થાય છે.

## અધ્યયન – ૨૦ : અનાથી મુનિ

આ અધ્યયનમાં અનાથી મુનિના જીવન પ્રસંગના માધ્યમથી અશરણ ભાવનાનું દર્શન કરાવ્યું છે.

એક વખત મહારાજા શ્રેણિક ફરતાં ફરતાં ઉદ્યાનમાં આવ્યા ત્યાં અનાથી મુનિને ધ્યાનસ્થ અવસ્થામાં જોયા. મુનિના રૂપ-યૌવન-વૈરાગ્ય વગેરે જોઈ તેમને આશ્ચર્ય થયું. તે યોગ્ય શિષ્ટાચાર જાળવી વંદન કરી બેઠા અને પૂછ્યું કે આપે દીક્ષા શા માટે લીધી? મુનિએ કહ્યું હું અનાથ હતો...રાજાએ કહ્યું હું તમારો નાથ બનું છું. રાજ્યમાં પધારો ત્યારે મુનિએ અનાથતાનું વર્ણન કર્યું કે મારા માતા-પિતા - ભાઈ-બેન - પત્ની - પરિવાર અને પ્રભૂત ધનભંડાર હતો. છતાં મારી રોગજનિત મહાવેદનાને કોઈ મટાડી શક્યું નહીં. ઉપાયો નિષ્ફળ થતાં મેં દીક્ષા લીધી. આ હકીકત યુક્ત ઉપદેશ સાંભળી શ્રેણીક રાજા બોધ પામ્યા. ધર્માનુરાગી બન્યા.

સારાંશ : પુષ્કળ ધન-પરિવાર છતાં જીવની રોગથી રક્ષા કરી શકાતી નથી. પછી એ રાજા હોય કે રંક બધા અનાથ છે. સંયમ ધર્મ અંગિકાર કરનાર સનાથ છે. ધર્મ તેને દુઃખમાં પણ સુખી રહેવાની પ્રેરણા કરે છે. મૃત્યુ સમયે પણ મહોત્સવ જેવો આનંદ કરાવે છે અને અંતમાં દુર્ગતિમાં જવા દેતો નથી. માટે હું હવે સનાથ થઈ ગયો છું આ પ્રમાણે ધર્મનો સ્વીકાર કરવો તે પ્રથમ સનાથતા છે અને સંયમ ગ્રહણ પછી પ્રામાણિકપણે સંયમ આરાધના કરવી તે બીજી સનાથતા છે.

બન્ને પ્રકારની સનાથતા ધારણ કર્યા પછી જ જીવન સફળ અને આરાધક બને છે.

## અધ્યયન –૨૧ : સમુદ્રપાલ મુનિ

આ અધ્યયનમાં સમુદ્રપાલ નામના શ્રેષ્ઠીપુત્રના જન્મથી મુક્તિ સુધીની ઘટનાનું વર્ણન છે.

ભ. મહાવીર સ્વામીના ઉપાસક પાલિત નામના શ્રાવક પોતાની ગર્ભવતી સ્ત્રી સાથે વ્યાપાર માટે વહાણમાર્ગે જઈ રહ્યા હતા. રસ્તામાં તેની પત્નીએ બાળકને જન્મ આપ્યો તે બાળકનો જન્મ સમુદ્રમાં થયો હોવાથી તેનું નામ સમુદ્રપાલ રાખ્યું. ક્રમશઃ બાળક યુવાન થતાં રૂપિણી નામક કન્યા સાથે તેમના લગ્ન થયા.

એક વખત સમુદ્રપાલ ઝરૂખામાં બેસીને નગરચર્યાને જોતાં રાજમાર્ગ ઉપર અપરાધીને ફાંસીએ લટકાવવા લઈ જતાં જોયો. આ દૃશ્ય જોઈને સમુદ્રપાલ કર્મ અને કર્મફળના ગહન ચિંતનમાં લીન બની ગયો. સુકૃત્યોનું સુફલ દુષ્કૃત્યોનું ખરાબ ફલ જીવે ભોગવવું જ પડે છે. આ ચિંતનના માધ્યમે અંતર વૈરાગ્યવાસિત થયું. માતાપિતાની આજ્ઞા લઈ સંયમ સ્વીકાર્યો.

પંચ મહાવ્રતના પાલન સાથે સરળતા, સહનશીલતા, નિરાભિમાનતા, સમભાવ, અનાસક્તભાવ, મૈત્રીભાવ વગેરે ગુણોની આરાધના કરી સંયમી જીવનને સફલ બનાવ્યું અને સર્વ કર્મનો ક્ષય કરીને સિદ્ધ થયા.

## અધ્યયન – ૨૨ : અરિષ્ટનેમિ

આ અધ્યયનમાં નેમનાથ ભગવાનની સંસારી અવસ્થાનું કથન છે. જેમાં વૈરાગ્યનું જે નિમિત્ત બને છે તેનું વર્ણન આપેલ છે.

શોર્યપુર નગરમાં વસુદેવ અને સમુદ્રવિજય નામના બે ભાઈઓ રાજા હતા. વસુદેવને રોહિણી અને દેવકી નામની બે રાણી હતી. તે થકી બલરામ તથા શ્રીકૃષ્ણ નામના બે પુત્ર હતા. સમુદ્રવિજય રાજાને શીવા નામની રાણી થકી અરિષ્ટનેમિ, રથનેમિ, દ્રઢનેમિ, સત્યનેમિ, વિગેરે પુત્રો હતા. અરિષ્ટ નેમિના લગ્ન ઉગ્રસેન રાજાની રૂપ અને ગુણ સંપન્ન રાજેમતી નામની સુશીલ કન્યા સાથે નિશ્ચિત થયા. શુભ મુહુર્તે જાનનું પ્રસ્થાન થયું. જાન લગ્ન મંડપની નિકટ પહોંચી ત્યાં જ નિર્દોષ પ્રાણીઓનો ચિત્કાર સંભળાવા લાગ્યો.

શુદ્ધ પવિત્ર, ચરમશરીરી પ્રભુ નેમનાથનો આત્મા જાગૃત થયો. અનંત કરૂણા હૃદયમાં વહેવા લાગી. સારથી દ્વારા જાણ્યું કે લગ્નમાં ક્ષત્રિય રાજાઓના ભોજન માટે આ પ્રાણીઓનો વધ થશે. આ સાંભળી તેમનું અંતર વલોવાઈ ગયું. ઘોર હિંસાથી થતાં ભોગ પ્રતિ નિર્વેદ ભાવ જાગૃત થયો. રથને પાછો વાળ્યો. અરિષ્ટ નેમિ સર્વસ્વનો ત્યાગ કરવા કટીબદ્ધ થયા. સ્વજનો રોકી શક્યા નહીં. શુભાશિષ પૂર્વક દીક્ષાની આજ્ઞા આપી. જેમની સાથે લગ્ન થવાના હતા એ પત્ની રાજેમતીએ પણ સંકલ્પ કર્યો નેમનો જે માર્ગ તે જ મારો માર્ગ. પતિના પગલે રાજુલ ચાલી. ભગવાન નેમનાથે દીક્ષા લીધા બાદ કેવલજ્ઞાન થયા બાદ તીર્થ સ્થાપના કરી અને રાજુલે ૭૦૦ સ્ત્રીઓની સાથે દીક્ષા લીધી.

વિહાર કરતાં રસ્તામાં અકાલે મેઘવર્ષા થઈ. બધા સાધ્વીજી છૂટા પડી ગયા. જે ગુફામાં દિયર મુનિ રહનેમિ મુનિ ધ્યાનસ્થ રહ્યા હતા તે જ ગુફામાં રાજેમતી ગયા. ભીનાં વસ્ત્રો દ્વારા શરીર પારદર્શક બનતાં રહનેમિ ચલાયમાન બની ભોગ માટે વિનંતી કરી ત્યારે રાજેમતીએ કહ્યું, 'સેયં તે મરણે ભવે' સદાચારની મર્યાદા ઓળંગી જવી તેના કરતાં મૃત્યુ શ્રેયસ્કર છે. રાજેમતીના તીક્ષ્ણ અંકુશ સમા વચનથી રહનેમિ સંયમમાં સ્થિર બન્યા. અને બન્નેય આઠેય કર્મોનો ક્ષય કરી મોક્ષગામી બન્યા.

## અધ્યયન – ૨૩ : કેશી ગૌતમ

આ અધ્યયનમાં ભગવાન પાર્શ્વનાથ અને ભગવાન મહાવીર સ્વામીની પરંપરાના શ્રી કેશીસ્વામી અને ગૌતમ સ્વામી વચ્ચે થયેલો

તાત્વિક સંવાદ છે.

કેશીસ્વામી અને ગૌતમસ્વામી બન્ને સંતો ગ્રામાનુગ્રામ વિચરતાં બન્ને નગરીમાં પધાર્યા. બન્ને ક્રમશઃ ત્રણ અને ચાર જ્ઞાનના ધારક હતા. બન્ને પરંપરાના સંતોના વ્રત-નિયમમાં તથા વેશમાં ભિન્નતા હોવાથી શિષ્યોની શંકાના સમાધાન માટે પ્રશ્નોત્તર પરિષદ યોજાઈ હતી. જેમાં દેવ-દાનવ-માનવનો મહેરામણ ઉમટ્યો હતો. શંકાનું સમાધાન થતાં દીક્ષામાં મોટા હોવા છતાં કેશી સ્વામીએ પોતાના શિષ્ય સમુદાય સહિત પાંચ મહાવ્રત ધારણ કર્યા અને ભગવાન મહાવીર સ્વામીના શાસનમાં ભળી ગયા. સહુના દિલમાં ધર્મની શ્રદ્ધા પ્રબળ બની.

આ રીતે બન્ને સંતોના મિલનથી અને સંવાદથી શ્રુત અને શીલનો ઉત્કર્ષ થયો અને પ્રયોજનભૂત અનેક વિષયોનો નિર્ણય થયો.

## અધ્યયન – ૨૪ : પ્રવચનમાતા

આ અધ્યયનમાં પાંચ સમિત-ત્રણ ગુપ્તિરૂપ અષ્ટ પ્રવચન માતાનું નિરૂપણ છે.

માતાના ખોળે બાળકની સુરક્ષા થાય તેમ સંયમી સાધકની સુરક્ષા અષ્ટ પ્રવચન માતા એટલે કે પાંચ સમિતિ - ત્રણ ગુપ્તિના ખોળે થાય છે. આ અષ્ટ પ્રવચન માતામાં આખી દ્વાદશાંગીનો સાર સમાઈ જાય છે. તેનું પાલન કરનાર અવશ્ય મોક્ષમાં જાય છે. જ્યારે રાજા મહેલમાં હોય ત્યારે તે મહેલ ઉપર ધજા ફરકતી હોય, પરંતુ તે જ્યારે બહાર ગયા હોય ત્યારે ધજાને ઢાળી દેવામાં આવે છે. તેમ સાધકમાં પાંચ મહાવ્રત છે કે નહિ તેની ખબર સમિતિ અને ગુપ્તિ ઉપરથી પડે છે.

ઉપયોગપૂર્વકની પ્રવૃત્તિ તેનું નામ સમિતિ અને પ્રવૃત્તિથી નિવૃત્ત થઈ જવું તેનું નામ ગુપ્તિ! સમિતિ તે વ્યવહાર છે અને ગુપ્તિ તે નિશ્ચય છે. સાધકનું લક્ષ્ય નિશ્ચયનું છે, પરંતુ વ્યવહારમાં રહેવું પડે ત્યારે તે સમિતિનું પાલન કરે છે.

## અધ્યયન – ૨૫ : જયઘોષ–વિજયઘોષ

આ અધ્યયનમાં જયઘોષ અને વિજયઘોષ નામના બે ભાઈઓના કથાનકના માધ્યમથી શ્રમણ સંસ્કૃતિથી પ્રભાવિત થયેલી બ્રાહ્મણ સંસ્કૃતિનું અને ત્યારપછી શ્રમણ પરંપરાનું વિસ્તૃત વર્ણન છે.

જયઘોષ અને વિજયઘોષ બન્ને સગા ભાઈઓ હતા. જયઘોષ જૈન મુનિ બન્યા અને વિજયઘોષ બ્રાહ્મણ સંસ્કૃતિ પ્રમાણે યજ્ઞ કરી રહ્યા છે. તેને પ્રતિબોધવા માટે જયઘોષ મુનિ જાય છે. અને તેને ભાવયજ્ઞનું સ્વરૂપ સમજાવે છે. ''નવિ મુન્ડીએણ સમણો'' મુંડન કરી લેવા માત્રથી સાધુ બનાતું નથી. ૐકારના જાપથી બ્રાહ્મણ, જંગલના વાસથી મુનિ અને વલ્કલ પહેરી લેવા માત્રથી તાપસ બનાતું નથી.

જેમ માટીથી સોનું શુદ્ધ થાય, રાખથી વાસણ શુદ્ધ થાય તેમ બ્રહ્મચર્યથી બ્રાહ્મણ, જ્ઞાનથી મુનિ અને તપશ્ચર્યાથી તાપસ બનાય છે. આ રીતે વિજયઘોષને સત્ય સમજાવ્યું અને સંયમની દીક્ષા આપી બન્ને સંયમી અણગાર બની મોક્ષમાં પહોંચી ગયા.

## અધ્યયન –૨૬ : સમાચારી

આ અધ્યયનમાં સાધુ જીવનની દિનચર્યારૂપ આચારનું નિરૂપણ છે. સાધુની સમાચારી એટલે દિવસ-રાત્રિની દિનચર્યા! ભગવાને સાધુ માટે ૧૦ પ્રકારની સમાચારી બનાવી છે. જેનું પાલન સાધુ-સાધ્વીજીઓએ કરવાનું છે. તેનું વિશદ વર્ણન આ અધ્યયનમાં બતાવ્યું છે.

## અધ્યયન – ૨૭ : ખલુંકિય

આ અધ્યયનમાં ખલુંક એટલે દુષ્ટ બળદની ઉપમાથી ઉદ્ધત અને અવિનયી શિષ્યોનું વર્ણન છે.

ગુરૂ જ્ઞાની અને શિષ્ય અવિનીત! ગર્ગાચાર્ય મુનિના ૫૦૦ શિષ્યો થયા. પરંતુ તેમના પાપનો ઉદય કે જેટલાને દીક્ષા આપી તે બધા અવિનીત થયા. ગુરૂને કોઈ સમાધિ આપી શકતું નથી. અંતે ૫૦૦ શિષ્યોને છોડી તેઓ એકાંતમાં ચાલ્યા ગયા. સંયમ તપની સાધનામાં લાગી ગયા અને આત્માનું કલ્યાણ કર્યું.

## અધ્યયન – ૨૮ : મોક્ષમાર્ગ

આ અધ્યયનમાં મોક્ષમાર્ગનું વિસ્તૃત વર્ણન છે. પ્રથમ અધ્યયન વિનય અને ક્રમશઃ સોપાન ચડતા સાધક મોક્ષમાર્ગમાં આગળ વધે છે. જ્ઞાન - દર્શન - ચારિત્ર અને તપ એ મોક્ષનો માર્ગ છે. આ અધ્યયનમાં દ્રવ્યાનુયોગનો જ વિષય છે. દ્રવ્યાનુયોગ સમ્યક્દર્શનની શુદ્ધિ કરે છે. नाणेण जाणई भावे। જ્ઞાનથી જાણો, દર્શનથી સ્વીકારો, શ્રદ્ધા કરો, ચારિત્રથી આચરણ કરો અને તપથી કર્મનિર્જરા કરી શુદ્ધ બનો.

## અધ્યયન – ૨૯ : સમ્યક્ પરાક્રમ

આ અધ્યયનમાં સાધનાના પ્રારંભથી પૂર્ણતા સુધીના ૭૩ બોલ અને તેના પરિણામને પ્રગટ કરેલ છે.

વીતરાગતાને પ્રાપ્ત કરવાની માસ્ટર કી સમ્યક્ પરાક્રમના આ ૭૩ બોલમાં બતાવી છે. ૭૩ માંથી ગમે તે બોલથી આરાધના કરો તો અવશ્ય આરાધક બની મોક્ષમાં પહોંચી જશો.

## અધ્યયન – ૩૦ : તપમાર્ગ

આ અધ્યયનમાં સંવર અને કર્મ નિર્જરાના માર્ગભૂત સંયમ અને તપરૂપ સાધનનું પ્રતિપાદન છે.

ટ્રેનમાં પહેલા અને છેલ્લા એ બે ડબ્બાની વિશેષતા છે. પ્રથમ ડબ્બો છે ડ્રાઈવરનો અને છેલ્લો છે ગાર્ડનો! જીંદગીની અંદર તમે સ્વયં તમારા ડ્રાઈવર બનો. સજાગ રહેજો ક્યાંય એક્સીડન્ટ ન થાય તેનું ધ્યાન રાખજો. તેના માટે ગાર્ડ સમાન છે ગુરૂ! એ ગુરૂ

મોક્ષમાર્ગનું ગાઈડન્સ આપ્યા કરે અને તે પ્રમાણે સાધક મોક્ષમાર્ગમાં તપધર્મનું આચરણ કરતો આત્માની શુદ્ધિ અને કર્મની નિર્જરા કરે કરોડો ભવોના સંચિત કર્મ તપ દ્વારા ક્ષય થઈ જાય છે.

### અધ્યયન – ૩૧ : ચરણવિધિ

આ અધ્યયનમાં ચારિત્રની વિધિ બતાવી છે. ચરણવિધિ એટલે ચારિત્રમાં થતી વિવેકપૂર્વકની પ્રવૃત્તિ તે સંયમ. અવિવેકપૂર્વકની પ્રવૃત્તિ તે અંસયમ છે. અસંયમથી નિવૃત્તિ અને સંયમભાવમાં પ્રવૃત્તિ કરવી તે ચારિત્રવિધિ છે. જેમાં ૩૩ બોલ છે એમાંથી અસંયમ, રાગ-દ્વેષ, ૩ દંડ, ૪ કષાય વગેરે છોડવા જેવા છે. બે ધ્યાન - શુભલેશ્યા, ૫ મહાવ્રત વગેરે બોલ આરાધવા યોગ્ય છે. બાકીના બધા બોલ જાણીને છોડવા યોગ્ય છે.

### અધ્યયન – ૩૨ : પ્રમાદસ્થાન

આ અધ્યયનમાં સાધુને સાધના માર્ગથી પતિત કરનારા પ્રમાદ સ્થાનોનું વિસ્તૃત વર્ણન છે. ૧૧૧ ગાથામાં પાંચ ઈન્દ્રીયના વિષયોની સદૃષ્ટાંત ભયંકરતા બતાવી છે. ઈન્દ્રિયના વિષયને જુઓ પણ તેમાં જોઈન્ટ ન થાઓ. મહેનત કરીને સાધક ૧૧ મા ગુણસ્થાન સુધી પહોંચે શિખરને આંબવાની અલ્પ વાર હોય ત્યાં પગ લપસે અને પડે ખીણમાં. તેમ કંચન-કામિનીના ત્યાગી અણગાર બન્યા પછી સત્કાર - સન્માન શાતા -સુખશીલતા વગેરે પ્રમાદ સ્થાનોનું સેવન થઈ જાય તેનું સંસાર પરિભ્રમણ વધી જાય. આ અધ્યયનમાં પ્રમાદ છોડવાનું રેડ સિગ્નલ આપે છે.

### અધ્યયન – ૩૩ : કર્મપ્રકૃતિ

આ અધ્યયનમાં ચાર પ્રકારના કર્મબંધનનું વિવરણ આપેલ છે. કર્મના કારણે જીવ સુખી કે દુઃખી બને છે. કરોડપતિ થોડા સમયમાં રોડપતિ બની જાય છે. કર્મ જ હસાવે છે અને કર્મ જ રડાવે છે. આ કર્મસત્તા ઉપર ધર્મસત્તા વિજયી બની શકે છે. એક મોહનીય કર્મ પર વિજય મેળવો તો બાકીના ૭ કર્મ કમજોર બની જાય છે માટે ધર્મ આરાધનામાં ઉદ્યમવંત બની કર્મથી મુક્ત થવા પ્રયત્નશીલ બનવું.

### અધ્યયન – ૩૪ : લેશ્યા

આ અધ્યયનમાં આત્માના પરિણામરૂપ છ લેશ્યાનું વર્ણન છે. લેશ્યા એટલે આત્માના કર્મજન્ય પરિણામ. લેશ્યાના ૬ પ્રકાર છે. તેમાં પ્રથમ ત્રણ શુભ લેશ્યા છે. છેલ્લી ત્રણ અશુભ લેશ્યા છે. શુભ લેશ્યામાં મૃત્યુ થાય તો સદ્ગતિ અને અશુભમાં થાય તો દુર્ગતિ. માટે પરિણામોને હંમેશ સારા રાખવાનો પ્રયત્ન કરો.

### અધ્યયન – ૩૫ : અણગાર માર્ગ

આ અધ્યયનમાં અણગારો ને અણગાર ધર્મમાં સાવધાન રહેવા માટેનો ઉપદેશ છે.

જૈન સાધુને અણગાર કહેવામાં આવે છે. જે આરંભ અને પરિગ્રહથી મુક્ત હોય છે. નિર્મમ અને નિરાસક્ત હોય છે. અણગાર જ અયોગી બની શકે છે અને તે જ મોક્ષને પામી શકે છે.

### અધ્યયન – ૩૬ : જીવ અજીવ સ્વરૂપ

આ અધ્યયનમાં જીવના ૫૬૩ ભેદ અને અજીવના ૫૬૦ ભેદોનું સ્વરૂપ વિસ્તારથી બતાવવામાં આવેલ છે. જીવ-અજીવના ભેદ-પ્રભેદને જાણીને અજીવ જડ દ્રવ્યથી ચૈતન્ય સ્વરૂપી એક આત્મતત્ત્વની અનુભૂતિ કરવી. તે જ આ અધ્યયનનો ઉદ્દેશ છે. તે જ સમ્યક્દર્શન છે. તેનો સમ્યક્ બોધ પ્રાપ્ત કરવો તે સમ્યક્જ્ઞાન છે.

### ઉત્તરાધ્યયન સૂત્ર ઉપસંહાર

સૂત્રનામ અને વિષય : ઉત્તરાધ્યયન સૂત્ર આગમના વર્તમાન વર્ગીકરણમાં મૂળસૂત્ર રૂપે પ્રખ્યાત છે. ઉત્તર + અધ્યયન એટલે શ્રેષ્ઠ અને પ્રધાન અધ્યયનોનું સંકલન સૂત્ર છે. તેમાં જીવ, અજીવ, પરિષહ, કર્મવાદ, ષટ્દ્રવ્યાદિ, નવતત્ત્વ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, બાલમરણ, પંડિતમરણ, વૈરાગ્ય અને સંસાર તથા ભગવાન પાર્શ્વ અને મહાવીર પરંપરાના અનેક વિષયોનું સુંદર આકલન છે. સ્વાધ્યાય અને આત્મ ચેતનાની જાગૃતિ માટે આ સૂત્રનું અધ્યયન પઠન-ચિંતન-મનન આદરણીય છે.

આ સૂત્રમાં ૧૩ અધ્યયન ધર્મ કથાત્મક છે. જેનો ક્રમ છે. (૭-૮-૯-૧૨-૧૩-૧૪-૧૮-૧૯-૨૦-૨૧-૨૨-૨૫-૨૭) આઠ અધ્યયન ઉપદેશાત્મક છે (૧-૩-૪-૫-૬-૧૦-૨૩-૩૨) આઠ આચારાત્મક છે (૨-૧૧-૧૫-૧૬-૧૭-૨૪-૨૬-૩૫) સાત સૈધ્ધાંતિક છે (૨૮-૨૯-૩૦-૩૧-૩૩-૩૪-૩૬)

શ્રેષ્ઠ અધ્યયનો અને ઉત્તમ ઉપયોગી વિષયોને કારણે આ સૂત્ર સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાઓને વિશેષ રૂચિકર છે. સેંકડો સાધુ-સાધ્વીજીઓ તેને કંઠસ્થ કરી, નિરંતર તેનો સ્વાધ્યાય કરી આત્માનંદની પ્રાપ્તિ કરે છે. આ પ્રમાણે અત્યાધિક લોકપ્રિયતાને કારણે આ સૂત્ર માટે એવી શ્રુતપરંપરા પણ છે કે આ સૂત્ર ભ. મહાવીર સ્વામીએ નિર્વાણ સમયે અંતિમ રાત્રીએ સ્વમુખે ફરમાવ્યું છે. સર્વ જૈન સમાજ સમુદાયોમાં આ સૂત્રનું પ્રચલન છે.

આ સૂત્રનું પરિમાણ ૨૧૦૦ શ્લોકનું માનવામાં આવ્યું છે.

તન-મન ને તાજગી સભર બનાવનાર આધ્યાત્મિક ભાવોમાં વૃદ્ધિ કરાવનાર, વિષયોથી વિરક્ત બનાવનાર, કષાયોથી ઉપશાંત બનાવનાર, મનમાં રહેલા મલીન ભાવોને દૂર કરનાર ઉત્તમોત્તમ ઉત્તરાધ્યયન સૂત્ર એટલે ચરમ તીર્થંકર ભ. મહાવીરની અંતિમ વાણીના અંતિમ ઉદ્ગારોનું ચિંતન-મનન-સ્વાધ્યાય કરવાથી આત્મા કર્મનિર્જરા સહ - આત્મ ઉત્થાન તરફ પ્રગતિ કરે એ સુનિશ્ચિત છે.

❑❑❑

# આગમ મંદિરે શોભતું શિખર : શ્રીમદ્ નંદિસૂત્ર

આચાર્ય અજિતશેખરસૂરિ મહારાજ

નંદિ એટલે મંગળ. નંદિ એટલે આનંદ. જે મહામંગળરૂપ અને આનંદદાયક થાય તે નંદિ છે. નંદિ એટલે સ્વયં આનંદ - સહજ આનંદ. આત્મા પોતે જ તેથી નંદિ છે. પૂર્વાચાર્યો મતિજ્ઞાન આદિ પાંચે જ્ઞાનને નંદિરૂપ માને છે. આત્મા જ્ઞાનમય છે, ઉપયોગ-લક્ષણવાળો છે. આ જ્ઞાન-ઉપયોગ પોતે મંગળમય છે. આનંદરૂપ છે. તેથી જ સિદ્ધ - શુદ્ધ સ્વરૂપી આત્મા જ્ઞાન-આનંદ ભરપૂર છે.

કર્મ અનંદિ છે - નંદિવિરોધી છે, કારણ કે આ કર્મના કારણે જ જ્યાં સુધી કર્મ વળગેલા હોય ત્યાં સુધી જીવ પોતાની આ જ્ઞાન-આનંદમય સિદ્ધ અવસ્થાથી દૂર રહે છે. મોહનીયકર્મથી ભીંસાતો આત્મા ખુદ દુઃખી થાય છે અને બીજાઓના જીવનમાં પણ દુઃખની પરંપરા ઊભી કરવાના કાર્યો કરે છે. તેથી કર્મગ્રસ્ત જીવ પોતાના માટે અને બીજાઓ માટે અમંગળરૂપ બને છે.

તેવી જ જીવની કર્મબંધનથી મુક્તિ તરફની યાત્રાનું બીજું નામ છે - નંદિયાત્રા. શોકથી અશોક તરફનો પ્રવાસ, અમંગળથી સર્વમંગળ થવાનો પ્રયત્ન, અજ્ઞતાથી સર્વજ્ઞતા તરફનો વિકાસ.

જીવનો મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ અને કષાયથી અમિશ્રિત ઉપયોગ - જ્ઞાનબોધ શુદ્ધ છે. આ બોધ વીતરાગદશામાં હોય છે, વળી, તેરમાં ગુણસ્થાનકે વીતરાગતાની સાથે સર્વજ્ઞતા પણ છે. તેથી આ બોધ શુદ્ધની સાથે પૂર્ણ પણ છે. વળી, તે વખતે પ્રત્યેક આત્મપ્રદેશથી પ્રગટતો આનંદધોધ પણ અપૂર્વ-અનુપમ-અનન્ય હોય છે. જીવ જ્યાં સુધી આ અનુભૂતિથી દૂર છે, ત્યાં સુધી એ જેટલો વધુ દૂર છે, એટલો વધુ દુઃખી છે, શોકગ્રસ્ત છે, અશાતામાં છે. તેથી જ કર્મગ્રંથમાં આઠ કર્મો જે ક્રમથી બતાવાયા છે, તે ક્રમમાં જીવના આનંદમય શુદ્ધ સ્વરૂપમાં મુખ્ય કારણ જ્ઞાન હોવાથી ને જીવ શુદ્ધ જ્ઞાનોપયોગમય હોવાથી એ જ્ઞાનને રોકતા જ્ઞાનાવરણ કર્મને પ્રથમ સ્થાન તથા સામાન્ય બોધને રોકતા દર્શનાવરણ કર્મ દ્વિતિયસ્થાન આવ્યા બાદ, આવા જ્ઞાન-દર્શનના અભાવમાં જીવ અશાતા-દુઃખ-પીડા પામે છે, એ હેતુથી તરત જ વેદનીય કર્મને સ્થાન આપ્યું છે.

આમ જીવ માટે જ્ઞાન મહામંગળકારી છે. તેથી જ આ જ્ઞાનસ્વરૂપને વર્ણવતો નંદિસૂત્ર ગ્રંથ મહામંગળકારી મનાયો છે.

આ સૂત્રના રચયિતા પૂજ્ય આચાર્ય દેવવાચક ગણિ છે. વિદ્વાન મુનિ કલ્યાણવિજયજી મહારાજના મતે આ જ દેવર્દ્ધિ ગણિ ક્ષમાક્ષમણ છે, કે જેમની નિશ્રામાં પ્રથમ વખત આગમો પુસ્તકારૂઢ થયા.

પણ વિદ્વાન મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજ સાહેબના મતે આ દ્રષ્યગણિના શિષ્ય દેવવાચક ગણિ છે કે જે દેવર્દ્ધિગણિ ક્ષમાક્ષમણથી ભિન્ન છે. એમના મતે શ્રી નંદિ સૂત્રની રચના વિક્રમ સંવત ૫૨૩ થી પહેલા થઈ છે.

આ નંદિ સૂત્રની મહામંગળકારિતાનો ખ્યાલ એ વાતથી આવે છે કે ૧૪૪૪ ગ્રંથ પ્રણેતા શ્રી સૂરિ પુરંદર પૂ.આ.શ્રી હરિભદ્રસૂરિ મહારાજે પોતાના વિશાળ શ્રુતસર્જનનો આરંભ શ્રી નંદિસૂત્ર પર ટીકા રચનારૂપ પ્રથમ મંગળ કરી કર્યો હતો. આ અંગે કાં'ક સંકેત કરતી એમની પંક્તિ...

अत्र बहु वक्तव्यं, तच्चान्यत्र वक्ष्यामः। मा भूत् प्रथमग्रन्थ एव प्रतिपत्तिगौरव -मित्थलं विस्तरेण। (से किं तं इदियपच्चवक्खं सूत्र સંબંધી ટીકાનો અંશ)

પ્રાચીન શ્રુત ઉદ્ધારક મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજે પણ શ્રી નંદિ સૂત્ર અને શ્રી અનુયોગદ્વાર સૂત્રની પ્રસ્તાવનામાં એવો ઉલ્લેખ કર્યો છે કે જૈન - આગમ - ગ્રંથમાળાના સંપાદનમાં પ્રથમ ક્રમ અંગ આગમોનો આવતો હોવા છતાં શ્રી નંદિ સૂત્ર મહામંગળકારી તરીકે સ્વીકૃત હોવાથી અમે એ ગ્રંથ સૂત્રના સંપાદનથી આ ગ્રંથમાળાનો આરંભ કરીએ છીએ.

જોવાની ખૂબી એ છે કે અમને પીસ્તાલીશ આગમોનો વિભાગવાર ઉલ્લેખ કર્યો છે. એમાં ચૂલિકારૂપ બે સૂત્ર - (૧) નંદિ સૂત્ર (૨) અનુયોગ દ્વાર - આ બે આગમોનો ઉલ્લેખ કર્યો છે ને ચૂલિકારૂપ હોવાથી જ છેલ્લે ઉલ્લેખ છે. આમ ક્રમથી જોતા આ સૂત્રનો નંબર ચુમાલીશમો છે. છતાં સંપાદન સૌથી પ્રથમ.

જે જ્ઞાન મારું ખરું સ્વરૂપ છે. જે ઉપયોગ નિગોદથી નિર્વાણ સુધીના જીવના વિકાસક્રમનો એક સમય પણ જીવથી અલગ નથી હોવાનો - જીવ જ્ઞાન-દર્શન ઉપયોગ વિનાનો એક સમય માટે પણ હોતો નથી. આ જ્ઞાન અંગેની વાત - મારા જ એક અનન્ય સ્વરૂપની છણાવટ જે ગ્રંથમાં વિસ્તારથી થઈ હોય, એ ગ્રંથ મને પ્રિય કેમ ન હોય? જે ગ્રંથની દરેક અક્ષરમાત્રા પણ મંગળમય છે, અરે જે ગ્રંથનું નામ જ નંદિ - આનંદ છે, જે એ સ્વરૂપની યાદ અપાવે છે, એ ગ્રંથ કોને પ્રિય નહીં હોય?

આ ગ્રંથની પ્રથમ બે ગાથા ઘણા પ્રભાવક પ્રવચનકારો વ્યાખ્યાનના આરંભે મંળગરૂપે બોલે છે. (૧) જયઈ જગજીવ જોણી... (૨) જયઈ સુયાણં પભવો...

આ ગ્રંથની ૪ થી ૧૭ એમ ચૌદ ગાથાઓ તો શ્રી સંઘની જુદી જુદી ઉપમાઓ દ્વારા મહત્તા બતાવે છે. એ પણ શ્રી તીર્થંકરોની શ્રેણિ - ચોવીશ તીર્થંકરોની સ્તુતિ અને પ્રભુ વીરના અગિયાર ગણધરોની સ્તુતિથી આ ગ્રંથ મંગલ-કલ્યાણકારી થયો છો. સ્થવિરાવલી પણ આરંભે લીધી છે. એમાં અઠ્ઠાવીસ શ્રુત સ્થવિરોને વંદના કરી છે.

જ્ઞાન ભણાવનાર કેવા હોવા જોઈએ ને શ્રોતા કેવા કેવા હોય છે. એની રોચક વાતથી આરંભ પછી પાંચ જ્ઞાનનો અદ્ભુત વિસ્તાર

આ ગ્રંથમાં છે.

જૈન મતે આંખે જે દેખાય છે, એ વાસ્તવિક રીતે પ્રત્યક્ષ નથી, માત્ર સંવ્યવહારથી જ પ્રત્યક્ષ છે, વાસ્તવિક પ્રત્યક્ષ તો આત્માને સાક્ષાત થતાં અવધિ-મનઃપર્યવજ્ઞાન-કેવળજ્ઞાન જનિત બોધ જ છે બાકી ચક્ષુ વગેરેથી થતું મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન તો પરોક્ષ જ્ઞાન છે.

અવધિજ્ઞાનનો અહીં સરસ વિસ્તાર છે. તો કેવળજ્ઞાનના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી બતાવેલા સ્વરૂપનો આસ્વાદ આ ગ્રંથના માધ્યમે થાય છે.

મતિજ્ઞાનના અઠ્ઠાવીસ ભેદ, ઔત્પાતિકી વગેરે ચાર બુદ્ધિ અને તે સંબંધી ઢગલાબંધ દ્રષ્ટાંતો... ને છેલ્લે આવે શ્રુતજ્ઞાન.

ગુરૂગમથી મળે છે માત્ર શ્રુતજ્ઞાન. બાકીના ચાર પોતાના પવિત્ર પુરૂષાર્થ પર આધારિત છે. પણ પવિત્ર પુરૂષાર્થ માટે પ્રેરક બનતા આગમવચનરૂપ શ્રુતજ્ઞાન મળે છે, ગુરૂવિનયથી.

ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞા અને અનુયોગ. આ ચાર રીતે શ્રુતજ્ઞાનની ક્રમશઃ પ્રાપ્તિ અને અધિકાર પ્રાપ્તિ થાય છે.

શ્રુતજ્ઞાનના વિવિધ ભેદોના નિરૂપણ પછી આચારાંગથી માંડી દ્રષ્ટિવાદ સુધીના બાર અંગનો કાંક વિશેષથી પરિચય પણ આ ગ્રંથમાં થાય છે.

આ દ્વાદશાંગી શાશ્વત છે. અર્થથી એ આદિ અંત વિનાની છે. તે-તે તીર્થંકર દ્વારા ઉપ્પનેઈ વા, વિગમે ઈ વા, ધોવેઈ વા, આ ત્રિપદી પામી ગણધરો સૂત્રરૂપે દ્વાદશાંગીની રચના કરે છે. આમ તે-તે તીર્થંકરના શાસનની અપેક્ષાએ સૂત્રરૂપે દ્વાદશાંગીનો આરંભ પણ છે, ને અંત પણ છે.

આમ જ્ઞાનસંબંધી ઘણી ઘણી રોચક, અદ્દ્ભુત બાબતોથી સમૃદ્ધ આ ગ્રંથ એક વાર પણ જે ભણે, તે આ ગ્રંથનો ચાહક પ્રાયઃ થશે જ.

તે-તે આવશ્યક દસવૈકાલિક સૂત્રથી માંડી થતાં યોગોદ્વહનમાં આરંભે અને અંતે અનુજ્ઞા વખતે સંભળાવાતી નંદિ યોગનંદિ કહેવાય છે. એ જ રીતે એક લઘુ નંદિ - બીજું નામ અનુજ્ઞા નંદિ પણ છે. આચાર્ય શ્રી ચંદ્ર મહારાજે અનુજ્ઞાનંદિની ટીકામાં અનુજ્ઞાના વીસ નામ બતાવ્યા છે, પણ એ નામોનો અર્થ ગુરૂગમથી પ્રાપ્ત થયો નહીં હોવાથી બતાવ્યો નથી.

આ યોગ નંદિ - અનુજ્ઞા નંદિ અપેક્ષાએ બૃહદ્ નંદિના શ્રુતજ્ઞાન વિભાગના અંશરૂપ છે. લગભગ સાતસો ગાથાગ્ર જેટલું પ્રમાણ ધરાવતી બૃહદ્ નંદિ આચાર્ય પદ વખતે સંભળાવાય છે.

શ્રી નંદિ સૂત્ર પર પ્રાકૃતમાં ચૂર્ણિ અને સંસ્કૃતમાં શ્રી હરિભદ્રસૂરિ રચિત વૃત્તિ અને શ્રી મલયગિરિ સૂરિ રચિત વૃત્તિ પ્રાપ્ત થાય છે. તેમજ શ્રી ચન્દ્રીય ટીપ્પણ પણ છે. એમાં પૂર્વીય ચૂર્ણિ અને શ્રી હરિભદ્રસૂરિ રચિત વૃત્તિના પદાર્થોને સમાવી વધુ વિસ્તારથી રચાયેલી શ્રી મલયગિરિ સૂરિ રચિત ટીકા હાલ વધુ વંચાતી જોવા મળે છે.

સમર્થ ટીકા તરીકે નામાંકિત પૂજ્ય મલયગિરિ સૂરિ મહારાજે રચેલી વૃત્તિમાં પ્રથમ ત્રણ ગાથાના વિવેચનમાં વિવિધ દર્શનોના જીવતત્ત્વ, શાબ્દજ્ઞાન, પૌરુષેયતા વગેરે વિષયો અંગે મતો દર્શાવી એ મતોમાં એકાન્તવાદ આદિ મુદ્દાને આગળ કરી રહેલી ખામીઓનો નિર્દેશ કર્યો છે ને જૈનમત - સ્યાદવાદ મતે જ સર્વસિદ્ધિ શક્ય છે એ સ્પષ્ટ કર્યું છે.

આ જ પૂજ્યશ્રીએ સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરિ મહારાજ રચિત શ્રી ધર્મસંગ્રહ ગ્રંથ પર પણ ટીકા રચી છે. એ ગ્રંથમાં જે-જે ચર્ચાઓ વિસ્તારથી છે, એ ચર્ચાઓ આ નંદિ સૂત્રમાં અપેક્ષાએ સંક્ષેપથી લીધી છે.

આ ચર્ચા-વાદના અધ્યયનથી તીર્થંકર પરમાત્મા પ્રત્યે અહોભાવ પેદા થાય છે. એમની સર્વજ્ઞતા પ્રત્યેની શ્રદ્ધા દૃઢ થાય છે. એમના સુવચનો જ જગતને સુખનો સાચો માર્ગ દર્શાવે છે એ વાતે બહુમાનભાવ પેદા થાય છે. અન્ય દર્શનોની સારી લગતી પણ વાતો એકાંતવાદને આગળ કરતી હોવાથી સાવ પોકળ છે. એમ બતાવી એમના પ્રત્યેનું આકર્ષણ રોકે છે. આમ આ ચર્ચાઓ સમ્યક્ત્વની જનની, શુદ્ધિ, વૃદ્ધિ અને દઢતાનું કારણ બને છે.

પરંતુ સામાન્ય ક્ષયોપશમવાળા જિજ્ઞાસુવર્ગને ભાવાર્થ સમજવામાં મુશ્કેલી પડતી જોઈ મેં મારા ક્ષયોપશમ મુજબ એ ત્રણ ગાથામાં આવતી આ ચર્ચાઓનો ગુજરાતી અનુવાદ કર્યો છે કે જેનું સંશોધન મારા પરમોપકારા ગુરૂદેવ શ્રી વિ. અભયશેખરસૂરિ મહારાજે કર્યું છે.

શ્રી નંદિ સૂત્રનું સંપાદન (સટીક) પણ સાથે કર્યું છે. પૂજ્ય પુણ્યવિજયજી મહારાજે પણ નોંધ્યું છે કે આ ગ્રંથની જુની હસ્તલિખિત પ્રતોમાં પ્રચુર પ્રમાણમાં પાઠાંતરો છે. કેટલીક ગાથાઓ ચૂર્ણિકારને મળી છે તો પૂ. હરિભદ્રસૂરિ મહારાજને નથી મળી. કેટલીક ગાથાઓ ચૂર્ણિકારને નથી મળી તે પૂ.આ. હરિભદ્રસૂરિ મહારાજને પોતાની પાસે રહેલી પ્રતમાં જોવા મળી છે. એ સિવાય પણ જેટલા લહિયા એટલા પાઠાંતર!

વર્તમાનમાં પણ સામાન્ય લહિયાઓ પાસે હસ્તલિખિતના કાર્યો ચાલુ છે. સંસ્કૃતિની જાળવણીનો શુભાશય છે. પણ દુઃખની એ વાત છે કે એ લહિયાઓ આવા પવિત્ર આગમોમાં પાઠાંતર - મતાંતર - ભ્રમણાઓ ઊભી કરાવે છે. કારણ કે એમને લખતી વખતે આ હું શું લખું છું... એનું કશું જ્ઞાન નથી. મોટી પ્રતિભાવાળા સાધુઓ પંક્તિનો અર્થ કરતી વખતે માથું ખંજવાળે છે, અજ્ઞ લહિયાઓની કરામતના કારણે.

ને ખરી વાત એ છે કે સો વરસ પછી આજની લખાયેલી હસ્તપ્રત અને આજે જ્ઞાની સાધુ દ્વારા સંપાદિત છપાયેલી પ્રત એમ બે પ્રત સામે હશે ત્યારે શ્રદ્ધાની પ્રધાનતાના કારણે તે વખતના સાધુઓ હસ્તપ્રતના પાઠને સાચો માની છપાયેલી પ્રતના પાઠને મતાંતર

માનશે!

હસ્તપ્રતનું આયુષ્ય વધુ ગણાયું છે. એ માટેના કાગળો - શાહી અલગ-વિશિષ્ટ હોય છે. મને એમ લાગે છે કે અતિ મહત્ત્વના ગ્રંથો જ્ઞાની સાધુ દ્વારા સંપાદિત થઈ વિશિષ્ટ શાહીમાં સેંકડો વરસ ટકતા કાગળો પર છપાવા જોઈએ. બાકી અહીં લહિયાઓ પાસે લખાવવામાં મને તો કશી શ્રુતભક્તિ દેખાતી નથી. મારી પાસે પણ ઘણી વાર આજની લખાયેલી હસ્તપ્રતો આવી છે. એમાં રહેલી અશુદ્ધિઓ સ્પષ્ટ નજર સામે જોવા મળે છે.

પ્રિન્ટીંગમાં પણ શું મુદ્રારાક્ષસ દોષથી અશુદ્ધિ સંભવતી નથી? સંભવે છે. પણ લગભગ પછી નજરે ચઢેલી અશુદ્ધિઓ પરિશિષ્ટમાં અપાતી પણ જોવા મળે છે. વળી, ઉત્તરોતરના સંપાદકોએ અશુદ્ધિઓનું પરિમાર્જન કરી શુદ્ધ પ્રતો મુદ્રિત કરતાં પણ જોવા મળે છે.

પૂર્વકાળે છાપવાની સુવિધા નહોતી, ત્યારે ઘણીવાર તો પ્રાયશ્ચિતરૂપે ગ્રંથ લખવાનો દંડ અપાતો, તે ઘણા જ્ઞાની મુનિ ભગવંતોએ પ્રતો લખી છે એ પ્રતો પ્રમાણમાં ઘણી શુદ્ધ પણ જોવા મળી છે.

વર્તમાનમાં પ્રતોના સંપાદન વખતે એવી જુની બે-ચાર ભંડારોની પ્રતો સામે રાખી પાઠાંતરો જોઈ સ્વકીય પ્રતિભાના બળે સંભવિત સત્ય પાઠનો નિર્ણય કરી એ મુખ્ય પાઠરૂપે રાખી, એ પાઠને લગભગ સમકક્ષ જેવા મતાંતર-પાઠાંતરને ટીપ્પણરૂપે દર્શાવવા જોઈએ. લહિયાઓની ભૂલમાત્રથી જે પાઠાંતરો થયા કે જે જરા પણ સંગત નથી લાગતા, એ પાઠાંતરો તો નોંધવા પણ જોઈએ નહીં, કારણ કે ઘણા પાઠાંતરો માત્ર ભ્રમણા પેદા કરે છે - અલબત્ત, આ મારી માન્યતા છે જે ખોટી હોવી સંભવે છે.

શ્રી નંદિ સૂત્રમાં જેમ પાંચ જ્ઞાનની વિચારણા છે, એમ વિશેષાવશ્યક ભાષ્ય ગ્રંથમાં પણ પાંચ જ્ઞાનની વિસ્તારથી વિચારણા છે. ત્યાં આ વિચારણા ગ્રંથના પ્રારંભ મંગળરૂપે છે. શ્રી વિશેષાવશ્યક ભાષ્યની નિર્યુક્તિની રચના ચૌદ પૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામીએ કરી છે. ભાષ્ય શ્રી જિનભદ્ર ગણિ ક્ષમાક્ષમણ રચિત છે.

બંને ગ્રંથોમાં જ્ઞાન સ્વરૂપ વગેરે વિચારણા એકરૂપ જેવી છે. આમ પાંચ જ્ઞાનમય નંદિનું જૈન શાસનમાં અનન્ય સ્થાન છે. નન્દિ નન્દી આ બંને પ્રમાણભૂત છે.

પૂજ્ય આચાર્ય મલયગિરિ સૂરિએ આ ગ્રંથના આંરભના અવતરણિકારૂપ ટીકા ભાગમાં નંદિ સૂત્રનો અધ્યયનવિશેષરૂપે નિર્દેશ કરી એને નોઆગમથી ભાવનંદિરૂ ઓળખાણ આપી છે. અહીં 'નો' શબ્દનો અર્થ એકદેશ કર્યો છે. પછી ખુલાસો કરતા કહ્યું છે... આ અધ્યયન પ્રારંભિક મંગળરૂપે સમાવિષ્ટ છે. આ નંદિપાઠથી બધા જ વિઘ્નો દૂર થાય છે ને આરંભેલું શ્રેયસ્કર કાર્ય નિર્વિઘ્ન રીતે પરિપૂર્ણ થાય છે. પૂજ્ય શ્રી મલયગિરિ સૂરિ મહારાજે આ ગ્રંથની સમાપ્તિ વખતે અંતિમ મંગળ તરીકે જે શ્લોક લખ્યો છે, એ જ શ્લોકથી આ લેખની સમાપ્તિ કરીએ.

अर्हन्तो मङ्गलं मे स्युः सिध्दाश्च मम मङ्गलम्।
साधवो मङ्गलं सम्यग् जैनो धर्मश्च मङ्गलम्।।

જિનાજ્ઞા વિરૂદ્ધ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્...

**સંદર્ભ નોંધ :** અહી जैन-आगम-ग्रन्थमाला ग्रन्थाङ्क-१ તરીકે શ્રી મહાવીર જૈન વિદ્યાલયે પ્રકાશિત કરેલી (વિક્રમ સંવત ૨૦૨૪) તથા પૂજ્ય પુણ્યવિજયજી મહારાજ, પંડિત દલસુખ માલવણિયા અને પંડિત અમૃતલાલ ભોજક સંપાદિત નંદિસુત્તં ગ્રંથમાં રહેલી પ્રસ્તાવનાના આધારે કેટલીક વાત લખી છે ને

કેટલીક વાત મેં સંપાદિત (અનુવાદિત) શ્રી મલયગિરિ સૂરિકૃત ટીકા સહિતની નંદિ સૂત્રના આધારે લખી છે.

❑❑❑

# આગમ ચૂડામણી શ્રી અનુયોગ દ્વાર સૂત્ર

**ડૉ. સાધ્વી આરતી**

*ગોંડલ સંપ્રદાયના તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. એવં પૂ. મુક્ત - લીલમ - વીર ગુરુણીના શિષ્યા શ્રી આરતીબાઈ મ. ગુરુપ્રાણ આગમ બત્રીસીના સહસંપાદિકા છે. તેઓએ ખરતર ગચ્છના પૂ. દેવચંદ્રજી મ.સા.ના સાહિત્ય ઉપર શોધ પ્રબંધ લખી પીએચ.ડીની ડીગ્રી પ્રાપ્ત કરી છે. તેઓ જૈન વિશ્વકોશના પરામર્શદાતા છે.*

જૈન સાહિત્યમાં આગમનું સ્થાન અદ્દકેરું છે. જૈન સાહિત્યનો પ્રાણ આગમગ્રંથો જ છે કારણકે આગમ સાહિત્ય સર્વજ્ઞ સર્વદર્શી વીતરાગી તીર્થંકર પરમાત્માની અનુભવગોચર વાણીનું સંકલન છે. આગમગ્રંથો ત્રૈકાલિક સત્યનું પૂર્ણતયા બોધ કરાવી શકે છે. તેમ જ આગમની આરાધના દ્વારા સાધક સ્વયં પોતાની ત્રૈકાલિક શુદ્ધ અવસ્થામાં શાશ્વતકાલ પર્યંત સ્થિર થઈ શકે છે. સમગ્ર જૈન સાહિત્ય આગમરૂપ વટવૃક્ષમાંથી નીકળેલી શાખાઓ કે પત્ર - પુષ્પ સમાન છે.

આગમ સાહિત્ય ઘણું જ વ્યાપક અને વિરાટ સ્વરૂપ ધરાવે છે, સમયાનુસાર આચાર્ય ભગવંતોએ તેનું ભિન્ન ભિન્ન રીતે વર્ગીકરણ કર્યું છે.

(૧) પ્રથમ વર્ગીકરણમાં આગમ સાહિત્યને પૂર્વ અને અંગ એવા બે વિભાગમાં વિભાજિત કર્યું છે. (શ્રી સમવાયાંગસૂત્ર)

(૨) બીજા વર્ગીકરણમાં અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય તેવા બે ભેદ કર્યા છે. (શ્રી નંદીસૂત્ર)

(૩) ત્રીજા વર્ગીકરણમાં સંપૂર્ણ આગમ સાહિત્ય અનુયોગમાં વિભક્ત થયેલું છે.

**અનુયોગ એટલે શું ?**

અનુયોગ શબ્દ 'અનુ' ઉપસર્ગ અને 'યોગ' શબ્દના સંયોગથી બન્યો છે. અનુયોગ શબ્દના અર્થને સ્પષ્ટ કરતી વિભિન્ન પરિભાષાઓ પ્રાચીન સાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે.

(૧) अणुयोयणमणुयोगो। અનુયોજનને અનુયોગ કહે છે. અનુયોજન એટલે જોડાવું. એકબીજાને સંયુક્ત કરવું. શબ્દ અને અર્થને સંબંધિત કરવા તે અનુયોગ.

(૨) युज्यते संबध्यते भगवदुक्तार्थेन सहेति इति योगः। જે ભગવદ્ કથનથી સંયોજિત કરે તે અનુયોગ. (ટીકા)

(૩) अणु सूत्रं महानर्थस्ततो महतोर्थस्याणुना सूत्रेण योगो अनुयोगः। (અભિધાન રાજેન્દ્ર કોષ) લઘુસૂત્ર સાથે મહાન અર્થનો યોગ કરવો. અર્થાત્ સૂત્રની સાથે અનુકૂળ, અનુરૂપ અર્થનો સંયોગ તે અનુયોગ છે.

(૪) सूत्रस्यार्थेन सहानुकूलं योजनमनुयोगः।
अथवा अभिधेय व्यापारः सूत्रस्य योगः।।
अनुकूलोऽनरुपो वा योगो अनुयोगः।
यथा घट शब्देन घटस्य प्रतिपादनमिति।। (આવશ્યક નિર્યુક્તિ)

સૂત્ર સાથે અનુકૂળ અર્થની યોજના તે અનુયોગ અથવા સૂત્રનો પોતાના અભિધેયમાં જે વ્યાપાર - યોગ, તે અનુયોગ કહેવાય છે. જેમ ઘટ શબ્દનો ઘટના પ્રતિપાદક અર્થ - પદાર્થ સાથે યોગ થાય તેમ.

સંક્ષેપમાં અનુયોગ એટલે અનુરૂપ અર્થ સાથે સૂત્રનું જોડાણ. અર્થ પ્રગટ કરવાની વિધિ એટલે અનુયોગ.

**અનુયોગના ભેદ - પ્રભેદ :-**

જૈન આગમ સાહિત્યમાં અનુયોગમાં વિવિધ ભેદ - પ્રભેદ કર્યા છે. શ્રી નંદીસૂત્રમાં દ્રષ્ટિવાદ સૂત્રના પાંચ ભેદ કહ્યાં છે. (૧) પરિકર્મ (૨) સૂત્ર (૩) પૂર્વગત (૪) અનુયોગ (૫) ચૂલિકા. આમ દ્રષ્ટિવાદ સૂત્રનો ચોથો ભેદ અનુયોગ કહ્યો છે. તેના બે ભેદ છે. મૂલપ્રથમાનુયોગ અને ગંડિકાનુયોગ.

(૧) **મૂલપ્રથમાનુયોગ :-** તેમાં તીર્થંકરના સમ્યગદર્શનની પ્રાપ્તિથી લઈને તીર્થંકરપદની પ્રાપ્તિ પર્યંતના ભવનું નિરૂપણ, તીર્થંકરના જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન, તીર્થપ્રવર્તન, તેમના ચતુર્વિધ સંઘનું પરિમાણ, અંતે મોક્ષગમન સુધીનું વર્ણન છે.

(૨) **ગંડિકાનુયોગ :-** ગંડિકાનો અર્થ છે સમાન વક્તવ્યથી અર્થાધિકારનું અનુસરણ કરનાર વાક્યપદ્ધતિ અને અનુયોગ એટલે અર્થ પ્રગટ કરવાની વિધિ અથવા વિસ્તૃત વ્યાખ્યાન તે અનુયોગ, આ રીતે ગંડિકાનુયોગમાં એક એક વિષયનું વિસ્તૃત વર્ણન છે. ગંડિકાનુયોગના અનેક પ્રકાર છે (૧) કુલકર ગંડિકાનુયોગ (૨) તીર્થંકર ગંડિકાનુયોગ (૩) ગણધર ગંડિકાનુયોગ વગેરે.

**અનુયોગના ભેદ અન્ય પ્રકારે :-**

અનુયોગ એટલે વ્યાખ્યાપદ્ધતિ. વ્યાખ્યેય વસ્તુના વિષયના આધારે વ્યાખ્યા સાહિત્યમાં અનુયોગના ચાર ભેદ કર્યા છે (૧) ચરણકરણાનુયોગ (૨) ધર્મકથાનુયોગ (૩) ગણિતાનુયોગ (૪) દ્રવ્યાનુયોગ.

(૧) **ચરણકરણાનુયોગ :-** શ્રાવકો અને સાધુઓના ચારિત્રની ઉત્પત્તિ, તેની વૃદ્ધિ, શુદ્ધિના ઉપાયોનું નિરૂપણ, શ્રાવકાચાર અને સાધ્વાચારનું કથન કરવું, તે ચરણકરણાનુયોગ કહેવાય છે.

(૨) **ધર્મકથાનુયોગ :-** અહિંસા, સંયમ, તપરૂપ ધર્મ સંબંધી કથાઓ, અથવા ત્રિષષ્ઠી શ્લાઘનીય પુરુષો તથા અન્યમહાપુરુષોના જીવનના માધ્યમથી ધર્મનું કથન કરવું તે ધર્મકથાનુયોગ છે.

(૩) **ગણિતાનુયોગ :-** ગણિતના માધ્યમથી વિષયને સ્પષ્ટ કરવામાં આવે, તે ગણિતાનુયોગ છે. ક્ષેત્ર, કાળ વગેરેની ગણનાનું વર્ણન આગમોમાં જ્યાં છે, તે ગણિતાનુયોગમાં સમાવિષ્ટ છે.

(૪) **દ્રવ્યાનુયોગ :-** જીવાદિ દ્રવ્યો, નવતત્ત્વાદિ વિષયોના વર્ણનને દ્રવ્યાનુયોગ કહે છે, દ્રવ્યનો દ્રવ્ય સાથે, દ્રવ્યનો પર્યાય સાથેનો યોગ તે દ્રવ્યાનુયોગ છે.

**અનુયોગદ્વાર સૂત્ર પરિચય :-**

- આગમ ગ્રંથોમાં અનુયોગદ્વાર સૂત્રનો સમાવેશ મૂળ આગમમાં થાય છે. અનુયોગદ્વાર સૂત્રની રચના સાડા નવ પૂર્વના ધારક આચાર્ય શ્રી આર્યરક્ષિત સૂરિજીએ કરી છે.

નંદીસૂત્ર અને અનુયોગદ્વાર સૂત્ર આ બંને આગમો ચૂલિકાસૂત્રના નામે પ્રસિદ્ધ છે. કોઈ અધ્યયન કે ગ્રંથોના શેષ રહી ગયેલા વિષયોનું વર્ણન જેમાં કરવામાં આવે તેને ચૂલિકા કહે છે. વર્તમાન યુગમાં તેને પરિશિષ્ટ કહે છે. નંદીસૂત્ર અને અનુયોગદ્વાર સૂત્ર આગમ સાહિત્યના અધ્યયન માટે પરિશિષ્ટનું કામ કરે છે. પાંચ જ્ઞાનરૂપ નંદીસૂત્ર તો મંગલ સ્વરૂપ છે અને અનુયોગદ્વાર સૂત્ર સમગ્ર આગમો અને તેની વ્યાખ્યાઓ સમજવા માટે ચાવી સદ્રુશ છે, આ બંને આગમ એકબીજાના પૂરક છે.

આગમોના વર્ગીકરણમાં શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજમાં આ સૂત્રની ગણના ચૂલિકાસૂત્રમાં થાય છે, જ્યારે સ્થાનકવાસી આચાર્યોએ આ સૂત્રની ગણના ચાર મૂળ આગમમાં કરી છે. આ રીતે આ સૂત્રની મહત્તા બે પ્રકારે થાય છે : (૧) ચૂલિકા એટલે શિખરસ્થ (૨) મૂળ આગમ એટલે મૌલિક અથવા મૂળભૂત શાસ્ત્ર.

બંને પ્રકારના વિભાજન સમય સમયની અપેક્ષાએ છે, આગમવર્ણનની અપેક્ષાએ તો આ આગમ અંગબાહ્ય ઉત્કાલિક સૂત્ર છે.

**અનુયોગદ્વાર સૂત્રની વિષયવસ્તુ :-**

અનુયોગદ્વાર સૂત્ર જૈન વાઙ્મયમાં નિરાળું સ્થાન ધરાવે છે.

જૈન તત્ત્વજ્ઞાન કે જૈનદર્શનનો જે વૈચારિક વિભાગ છે. તેનો આધાર ચાર નિક્ષેપ છે. જૈન તત્ત્વજ્ઞાનના કોઈપણ વિષયને સાંગોપાંગ રીતે સમજવા માટે સાત નય અને ચાર નિક્ષેપની જાણકારી અત્યંત જરૂરી છે. શબ્દના અર્થ, ગૂઢાર્થ અને રહસ્યાર્થને જાણવાની પદ્ધતિ તે જ અનુયોગદ્વારનો વિષય છે.

પ્રસ્તુત આગમમાં દ્રવ્યાનુયોગની પ્રધાનતા છે, શાસ્ત્રકારે મંગલાચરણ રૂપે પાંચ જ્ઞાનનું કથન કરીને ચાર દ્વારના માધ્યમથી અનુયોગ - વિસ્તૃત વ્યાખ્યાની પદ્ધતિને સમજાવી છે.

**પાંચજ્ઞાન :-** જેના દ્વારા વસ્તુનો બોધ થાય તે જ્ઞાન છે. આત્મા સ્વયં જ્ઞાન સ્વરૂપ છે. તેમ છતાં જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમની તીવ્રતા-મંદતાના આધારે જ્ઞાનના પાંચ ભેદ કર્યા છે.

**મતિજ્ઞાન :-** પાંચ ઈન્દ્રિય અને મનની સહાયતાથી યોગ્ય દેશમાં રહેલા પદાર્થને જાણે તે મતિજ્ઞાન કે આભિનિબોધિક જ્ઞાન છે.

**શ્રુતજ્ઞાન :-** મતિજ્ઞાનથી ગ્રહણ કરેલા અર્થની વિશેષ વિચારણા કરવી તે શ્રુતજ્ઞાન છે.

**અવધિજ્ઞાન :-** ઈન્દ્રિય કે મનની સહાયતા વિના સાક્ષાત આત્માથી મર્યાદિત ક્ષેત્રમાં રહેલા રૂપી પદાર્થોનું જ્ઞાન થાય તે અવધિજ્ઞાન છે.

**મનઃપર્યવજ્ઞાન :-** અઢીદ્વીપ ક્ષેત્રમાં રહેલા સંજ્ઞી જીવોના મનની પર્યાયને જાણે તે મનઃપયર્વજ્ઞાન છે.

**કેવળજ્ઞાન :-** ત્રણ લોકના સર્વ દ્રવ્યોની ત્રણે કાલની સર્વ પર્યાયોને એક સમય માત્રમાં જાણે તે કેવળજ્ઞાન છે.

આ પાંચ જ્ઞાનમાં ચાર જ્ઞાન મૂક છે, તેનું આદાન - પ્રદાન થતું નથી. એક માત્ર શ્રુતજ્ઞાનનું જ આદાન - પ્રદાન થાય છે. તેથી શાસ્ત્રકારે શ્રુતજ્ઞાનના ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞા અને અનુયોગનું કથન કર્યું છે. શિષ્યને સૂત્ર અને અર્થની વાંચના આપવી, તે ઉદ્દેશ છે. બે ત્રણ વાર વાંચના આપી સૂત્ર-અર્થ પરિપક્વ કરાવવા તે સમુદ્દેશ છે. વાંચના પ્રાપ્ત શિષ્યને વાંચના આપવાની આજ્ઞા પ્રદાન કરવી તે અનુજ્ઞા છે અને સૂત્ર તથા અર્થને વિસ્તારથી સમજાવવા તે અનુયોગ છે.

શ્રુતજ્ઞાનના બે ભેદ છે, અંગપ્રવિષ્ટ અને અંગબાહ્યશ્રુત. અંગબાહ્યશ્રુતના બે ભેદ છે. કાલિકશ્રુત અને ઉત્કાલિકશ્રુત. ઉત્કાલિકશ્રુતના બે ભેદ છે. આવશ્યક અને આવશ્યક વ્યતિરિક્ત. શ્રુતજ્ઞાનનો વિષય વ્યાપક છે, તેના અનેક ભેદ પ્રભેદ છે. તેમાંથી આવશ્યક શ્રુતનો અનુયોગ, તે પ્રસ્તુત આગમનો વર્ણ્ય વિષય છે.

**આવશ્યક શ્રુત :-**

સાધુ-સાધ્વી, શ્રાવક, શ્રાવિકા - આ ચતુર્વિધ સંઘને આવશ્યક કરવા યોગ્ય અનુષ્ઠાનને આવશ્યક કહે છે.

આવશ્યક શબ્દને ભિન્ન ભિન્ન વ્યાખ્યાઓથી સમજી શકાય છે.

(૧) આત્માને ગુણોથી આવાસિત કરે, તે અનુષ્ઠાન આવશ્યક છે.

(૨) જે આરાધનાથી વેર-ઝેર, રાગ-દ્વેષાદિ વિભાવ રૂપ શત્રુઓ વશ થાય, તે આરાધના આવશ્યક છે.

આવશ્યકશ્રુત એક શ્રુતસ્કંધ રૂપ છે, તેના છ અધ્યયન છે. ચાર નિક્ષેપની દ્રષ્ટિએ તેની વિચારણા કરાય છે. નામ આવશ્યક, સ્થાપના આવશ્યક, દ્રવ્ય આવશ્યક, ભાવ આવશ્યક.

**નામ આવશ્યક :-** કોઈ સજીવ કે અજીવ પદાર્થનું ગુણાદિનું અપેક્ષા રાખ્યા વિના આવશ્યક એવું નામ રાખવું તે નામ આવશ્યક છે.

**સ્થાપના આવશ્યક :-** ભાવ રહિત કોઈ પણ પદાર્થમાં આ આવશ્યક છે, તેવી સ્થાપના કરવી તે સ્થાપના આવશ્યક છે.

**દ્રવ્ય આવશ્યક :-** જે અતીત અને અનાગતભાવનું કારણ છે, તે દ્રવ્ય છે. જે વ્યક્તિએ ભૂતકાલમાં આવશ્યક રૂપ પરિણામનો અનુભવ કરી લીધો છે અથવા ભવિષ્યમાં કરવાના છે, તેવા આવશ્યકના ઉપયોગથી શૂન્ય સાધુના શરીરને દ્રવ્ય આવશ્યક કહે છે.

દ્રવ્ય આવશ્યકના બે ભેદ છે (૧) આગમત : દ્રવ્ય આવશ્યક અને (૨) નો આગમત : દ્રવ્ય આવશ્યક.

**આગમત : દ્રવ્ય આવશ્યક :-** જે વ્યક્તિ આવશ્યકના અર્થને જાણે છે, પરંતુ વર્તમાનમાં તેના ઉપયોગથી રહિત હોય તે આગમત : દ્રવ્ય આવશ્યક છે.

**નો આગમત : દ્રવ્ય આવશ્યક :-** તેના ત્રણ ભેદ છે.

(૧) **જ્ઞશરીરનો આગમત :** દ્રવ્ય આવશ્યક - ભૂતકાળમાં જેણે આવશ્યકના અર્થને જાણ્યો હતો તેવો જ્ઞાતાનું મૃત શરીર જ્ઞશરીરનો આગમત : દ્રવ્ય આવશ્યક છે.

(૨) **ભવ્ય શરીરનો આગમત :** દ્રવ્ય આવશ્યક :- ભવિષ્યમાં આવશ્યકના અર્થને જાણશે તેવા બાળકનું શરીર ભવ્ય શરીરનો આગમત : દ્રવ્ય આવશ્યક છે.

આ બે ભેદમાં ઉપયોગના અભાવની પ્રધાનતા છે.

(૩) **તદ્વ્યતિરિક્તનો આગમત :** દ્રવ્ય આવશ્યક - તેના ત્રણ ભેદ છે, તે ત્રણે ભેદમાં ક્રિયાની પ્રધાનતા છે.

(અ) **લૌકિક :-** સંસારી જીવોની સ્નાન, મંજન આદિ આવશ્યક પ્રવૃત્તિઓ લૌકિક દ્રવ્ય આવશ્યક છે.

(બ) **કુપ્રાવચનિક :-** મિથ્યાત્વીઓના આવશ્યક વિધિ વિધાનો - ધૂપ, દીપ, યજ્ઞ, હોમ - હવન આદિ કુપ્રાવચનિક દ્રવ્ય આવશ્યક છે.

(ક) **લોકોત્તરિક :-** મોક્ષના કારણભૂત સાધના ભાવ રહિત કે ઉપયોગ વિના કરવી તે લોકોત્તરિક દ્રવ્ય આવશ્યક છે.

ભાવ આવશ્યક :- આવશ્યકના જ્ઞાન અને ઉપયોગપૂર્વકની ક્રિયાને ભાવ આવશ્યક કહે છે, તેના પણ બે ભેદ છે. (૧) આગમત : ભાવ આવશ્યક અને (૨) નો આગમત : ભાવ આવશ્યક.

(૧) આવશ્યકના અર્થજ્ઞાન અને ઉપયોગયુક્ત હોય તે

આગમત : ભાવ આવશ્યક છે.

(૨) નો આગમત : ભાવ આવશ્યકના ત્રણ ભેદ છે. લૌકિક, કુપ્રાવચનિક અને લોકોત્તરનો આગમત : ભાવ આવશ્યક.

(અ) લોકમાં ધર્મગ્રંથ રૂપે માન્ય રામાયણ આદિ ગ્રંથોનું ઉપયોગ પૂર્વક વાંચન કરવું તે લૌકિક ભાવ આવશ્યક છે.

(બ) હોમ-હવન આદિ ક્રિયાઓ ભાવપૂર્વક કરવી તે કુપ્રાવચનિક ભાવ આવશ્યક છે.

(ક) મોક્ષ સાધનામાં કારણભૂત આવશ્યક આરાધના જ્ઞાન અને ભાવપૂર્વક કરવી તે લોકોત્તર ભાવ આવશ્યક છે.

આ રીતે ચારે નિક્ષેપ દ્વારા કોઈપણ શબ્દના ચોક્કસ અર્થનો બોધ થાય છે.

**છ આવશ્યકનો અર્થાધિકાર :-**

આવશ્યક સૂત્રના છ અધ્યયન છે, તેના અર્થ આ પ્રમાણે છે.

(૧) સામાયિક :- સર્વ પાપકારી પ્રવૃત્તિનો ત્યાગ કરી સમભાવ રૂપ આત્મભાવમાં સ્થિર થવું તે સામાયિક છે.

(૨) ચતુર્વિંશતિ સ્તવ :- સંપૂર્ણ શુદ્ધદશાને પ્રાપ્ત થયેલા ચોવીસ તીર્થંકરોના ગુણોની સ્તુતિ, ભક્તિ કરવી તે ચતુર્વિંશતિ સ્તવ છે.

(૩) વંદના :- ગુણવાન શ્રમણોને આદર - સન્માનપૂર્વક વંદન કરવા.

પ્રતિક્રમણ :- સંયમ સાધનામાં લાગેલા દોષોનું પ્રાયશ્ચિત કરીને તેનાથી પાછા ફરવું તે પ્રતિક્રમણ છે.

કાયોત્સર્ગ :- પ્રાયશ્ચિતથી શુદ્ધ થયેલા આત્માને વિશેષ શુદ્ધ કરવા માટે કાયાના મમત્ત્વભાવને છોડીને આત્મભાવમાં સ્થિર થવું તે કાયોત્સર્ગ છે.

પચ્ચક્ખાણ :- પ્રાયશ્ચિતના દંડ રૂપે ત્યાગરૂપ ગુણોને ધારણ કરવા તે પચ્ચક્ખાણ છે.

**આવશ્યકના પર્યાયવાચી શબ્દો :-**

આવશ્યક શબ્દના સ્વરૂપને સ્પષ્ટ કરે તેવો. તેના વિવિધ પર્યાયવાચી શબ્દો છે.

(૧) આવશ્યક (૨) અવશ્યકરણીય (૩) ધ્રુવવિનગ્રહ - અનાદિકાલીન સંસારભાવનો નિગ્રહ આવશ્યકની આરાધનાથી થાય છે. તેથી તેને ધ્રુવનિગ્રહ કહે છે. (૪) આત્મવિશુદ્ધિનું કારણ હોવાથી તેને વિશોધિ કહે છે. (૫) તેના છ અધ્યયન હોવાથી અધ્યયનષટ્ક કહે છે. (૬) આવશ્યકની આરાધનાથી જીવ અને કર્મના સંબંધનું અપનયન - પૃથક થતું હોવાથી તે ન્યાય કહેવાય છે. (૭) મોક્ષપ્રાપ્તિની આરાધના રૂપ હોવાથી આરાધના કહેવાય છે. (૮) મોક્ષનો માર્ગ હોવાથી તે માર્ગ કહેવાય.

આ આગમનો વર્ણ્ય વિષય આવશ્યકનો અનુયોગ છે. આવશ્યક સૂત્રના છ અધ્યયનમાં પ્રથમ સામાયિક અધ્યયન છે. તેથી સૂત્રકાર સામાયિકના અનુયોગનું કથન ચાર દ્વારથી કરે છે.

**અનુયોગના ચાર દ્વાર :-** (૧) ઉપક્રમ (૨) નિક્ષેપ (૩) અનુગમ અને (૪) નય. આ ચાર દ્વારથી કોઈપણ વસ્તુની વિસ્તૃત વ્યાખ્યા થઈ શકે છે.

**ઉપક્રમ :-** વસ્તુને નિક્ષેપ યોગ્ય બનાવવી તે ઉપક્રમ છે. અથવા જે વચન દ્વારા વસ્તુ નિક્ષેપ યોગ્ય બને તે ઉપક્રમ છે અથવા શિષ્યના જે વિનયાદિ ગુણોથી વસ્તુ નિક્ષેપ યોગ્ય બને તેને પણ ઉપક્રમ કહે છે.

**નિક્ષેપ :-** વસ્તુને ચોક્કસ અર્થમાં સ્થાપિત કરવી તે નિક્ષેપ છે. એક શબ્દના અનેક અર્થ થાય છે. તેમાંથી પ્રસંગાનુસાર અપ્રસ્તુત અર્થનું નિરાકરણ કરીને પ્રસ્તુત અર્થમાં સ્થાપિત કરવા તે નિક્ષેપ છે. જેમ કે આ પેન મહાવીરને આપો. આ વાક્યમાં મહાવીર શબ્દ ભગવાન મહાવીર માટે નથી, તેમ જ મહાવીરની પ્રતિમાની પણ વાત નથી પરંતુ મહાવીર નામની વ્યક્તિની વાત છે, આ વાક્યમાં 'નામ મહાવીર' ઈષ્ટ છે, તેથી તે પ્રસ્તુત છે. સ્થાપના મહાવીર, દ્રવ્ય મહાવીર અર્થ અપ્રસ્તુત છે. તેનું નિરાકરણ કરી નામ મહાવીર ગ્રહણ કરાય છે. શબ્દના અનેક અર્થમાંથી ચોક્કસ અર્થમાં વસ્તુને સ્થાપિત કરવાનું કાર્ય નિક્ષેપનું છે, નિક્ષેપના ચાર ભેદ છે.

**અનુગમ :-** સૂત્રનો અનુકૂળ અર્થ કરવો અથવા સૂત્રને અનુકૂળ કે યોગ્ય અર્થ સાથે જોડવા તે અનુગમ છે.

**નય :-** પ્રત્યેક વસ્તુ અનંત ધર્માત્મક છે. તે અનંત ધર્મોમાંથી શેષ ધર્મોને ગૌણ કરી મુખ્યરૂપે એક ધર્મને ગ્રહણ કરે તે નય છે.

**અનુયોગ દ્વારના ચાર દ્વાર**

**ઉપક્રમ　નિક્ષેપ　અનુગમ　નય**

(૧) **ઉપક્રમ :-** ઉપક્રમના છ ભેદ છે. નામ ઉપક્રમ, સ્થાપના ઉપક્રમ, દ્રવ્ય ઉપક્રમ, ક્ષેત્ર ઉપક્રમ, કાલ ઉપક્રમ, ભાવ ઉપક્રમ.

નામ અને સ્થાપના ઉપક્રમનું સ્વરૂપ પૂર્વવત જાણવું. ખેતર ખેડીને વાવણી યોગ્ય બનાવવું તે ક્ષેત્ર ઉપક્રમ છે. ઘડી આદિ દ્વારા કાલનું જ્ઞાન પ્રાપ્ત કરવું તે કાલ ઉપક્રમ છે. અન્યના અભિપ્રાયનું જ્ઞાન પ્રાપ્ત કરવું તે ભાવ ઉપક્રમ છે. ઉપક્રમના આ પ્રકાર અન્ય રીતે પણ થાય છે.

(૧) આનુપૂર્વી (૨) નામ (૩) પ્રમાણ (૪) વક્તવ્યતા (૫) અર્થાધિકાર (૬) સમવતાર.

**(૧) આનુપૂર્વી :-** વસ્તુના અનેક ભેદનું કથન ક્રમશઃ કરવું, તે આનુપૂર્વી છે. તેના દશ ભેદ છે. તેમાં (૧) નામ અનુપૂર્વી (૨) સ્થાપના અનુપૂર્વીનું સ્વરૂપ પૂર્વવ્રત જાણવું. (૩) છ દ્રવ્યનું અનુક્રમથી નિરૂપણ કરવું તે દ્રવ્યાનુપૂર્વી. તેમાં અનુક્રમથી કથન કરવું, તે પૂર્વાનુપૂર્વી. વિપરીત ક્રમથી કથન કરવું, તે પશ્ચાનુપૂર્વી અને અક્રમથી કથન કરવું, તે અનાનુપૂર્વી છે.

આ રીતે અધોલોક, મધ્યલોક અને ઊર્ધ્વલોક, આ ક્ષેત્રનું ક્રમથી

કથન કરવું તે ક્ષેત્ર પૂર્વાનુપૂર્વી, વિપરીત ક્રમથી કથન કરવું, તે ક્ષેત્ર પશ્ચાનુપૂર્વી અને અક્રમથી કથન કરવું, તે અનાનુપૂર્વી છે.

સમય, આવલિકા, પ્રાણ, સ્તોક આદિ કાલના એકમોનું ક્રમ, વિપરીત ક્રમ કે અક્રમથી કથન કરવું, તે કાલાનુપૂર્વી છે.

૨૪ તીર્થંકરોના નામ કે કોઈપણ પવિત્ર નામ ક્રમથી, વિપરીત ક્રમથી કે અક્રમથી બોલવા, તે ઉત્કીર્તનાનુપૂર્વી છે.

એક, બે, ત્રણ, ચાર આદિ સંખ્યાનું ક્રમથી, વિપરીત ક્રમથી કે અક્રમથી કથન કરવું, તે ગણનાનુપૂર્વી છે.

તે જ રીતે છ સંસ્થાનું કથન કરવું તે સંસ્થાનાનુપૂર્વી છે.

સાધુનીદશ સામાચારીનું કથન કરવું તે સમાચાર્યાનુપૂર્વી છે.

ઔપશમિક આદિ છ ભાવોનું કથન કરવું તે ભાવાનુપૂર્વી છે. આ રીતે અનુપૂર્વીના દશ ભેદ થાય છે.

**(૨) ઉપક્રમનો બીજો ભેદ નામ :-** જીવ કે અજીવ વસ્તુના વાચક શબ્દને નામ કહે છે. તેના દશ પ્રકાર છે.

એક નામ :- જે એક જ શબ્દથી જગતના સમસ્ત પદાર્થોનું કથન થઈ જાય તે એક નામ છે જેમ કે સત્.

બે નામ :- તેના બે ભેદ છે. એકાક્ષરિક, અનેકાક્ષારિક, ૐ, હ્રીં આદિ શબ્દો એકાક્ષરિક છે, કન્યા, લતા, વીણા વગેરે શબ્દો અનેકાક્ષરિક છે.

અથવા જીવનામ - અજીવનામ તે પ્રમાણે બે ભેદ થાય છે.

ત્રણ નામ :- જેમાં ત્રણ ભેદ કે વિકલ્પ હોય તે ત્રિનામ છે. જેમકે દ્રવ્ય, ગુણ, પર્યાય અથવા સ્ત્રીલિંગ, પુરુષલિંગ, નપુંસકલિંગ.

ચાર નામ :- ચાર ભેદ રૂપ ચાર ગતિ ચારનામ છે.

પાંચ નામ :- પાંચ જાતિ, છ જાતિ - છ ભાવ, સાત નામ સાત સ્વર.

આઠ નામ :- આઠ વિભક્તિ

નવ નામ :- શૃંગારાદિ નવ રસ

દશ નામ :- જેમાં દશ વિકલ્પ હોય તે દશનામ.

**(૩) ઉપક્રમનો ત્રીજો ભેદ પ્રમાણ :-** જેના દ્વારા યથાર્થ જ્ઞાન થાય, તે પ્રમાણ છે. તેના ચાર ભેદ છે - દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ પ્રમાણ.

દ્રવ્ય પ્રમાણ :- દ્રવ્ય વિષયક યથાર્થ જ્ઞાનને દ્રવ્ય પ્રમાણ કહે છે, તેના બે ભેદ છે.

(૧) પ્રદેશનિષ્પન્ન દ્રવ્ય પ્રમાણ :- ધર્માસ્તિકાયના અસંખ્યાતા પ્રદેશ છે અથવા બે, ત્રણ, ચાર આદિ સંખ્યાતા - અસંખ્યાતા અને અનંત પ્રદેશના સંયોગથી દ્વિપ્રદેશી આદિ સ્કંધ બને છે તે પ્રદેશ નિષ્પન્ન દ્રવ્ય પ્રમાણ છે.

(૨) વિભાગનિષ્પન્ન દ્રવ્ય પ્રમાણ :- તેના પાંચ ભેદ છે.

(૧) માન :- તેલ વગેરે પ્રવાહી અથવા ધાન્ય માપવાનું પાત્ર વિશેષ.

(૨) ઉમ્માન :- ત્રાજવાથી તોળાય તે.

(૩) અવમાન :- માપવાના એકમ, ઈંચ, ફૂટ, મીટર, માઈલ વગેરે.

(૪) ગણિમ :- એક, બે, ત્રણ, ડઝન, બે ડઝન, વગેરે ગણી શકાય તે.

(૫) પ્રતિમાન :- જેના દ્વારા સોનુ, ચાંદી વગેરેનું માપ કરાય તે.

ક્ષેત્ર પ્રમાણ :- ક્ષેત્રનો ચોક્કસબોધ કરવો તે ક્ષેત્ર પ્રમાણ છે. તેના બે ભેદ છે.

(૧) પ્રદેશનિષ્પન્ન ક્ષેત્ર પ્રમાણ :- એક, બે આદિ અસંખ્યાત પ્રદેશાવગાઢ ક્ષેત્ર રૂપ પ્રમાણ પ્રદેશનિષ્પન્ન ક્ષેત્ર પ્રમાણે છે.

(૨) વિભાગનિષ્પન્ન ક્ષેત્ર પ્રમાણ :- અંગુલ, વેંત, હાથ, ધનુષ્ય, ગાઉ, યોજન વગેરે વિભાગ દ્વારા ક્ષેત્રનું કથન કરવું તે વિભાગનિષ્પન્ન ક્ષેત્ર પ્રમાણે છે.

(અ) આત્માંગુલ :- વ્યક્તિના પોતપોતાના અંગુલને આત્માંગુલ કહે છે.

(બ) ઉત્સેધાંગુલ :- આઠ જવમધ્યભાગ બરાબર એક ઉત્સેધાંગુલ કહે છે.

(ક) પ્રમાણાંગુલ :- એક હજાર ઉત્સેધાંગુલ બરાબર એક પ્રમાણાંગુલ છે. મનુષ્યકૃત વસ્તુઓ મકાન, દુકાન આદિનું માપ આત્માંગુલથી થાય છે. કર્મકૃત વસ્તુઓ, ચારે ગતિના જીવોની અવગાહના ઉત્સેધાંગુલથી મપાય છે. શાશ્વત વસ્તુઓ દેવલોક, નરક આદિનું માપ પ્રમાણાંગુણથી થાય છે.

| | | | |
|---|---|---|---|
| છ અંગુલ | - ૧ પાદ | ૪ હાથ | - ૧ ધનુષ્ય |
| બે પાદ | - ૧ વેંત | ૨૦૦૦ ધનુષ્ય | - ૧ ગાઉ |
| બે વેંત | - ૧ હાથ | ૪ ગાઉ | - ૧ યોજન થાય છે. |

કાલ પ્રમાણ :- કાલનો ચોક્કસ બોધ થવો, તેને કાલ પ્રમાણ કહે છે. તેના બે ભેદ છે.

(૧) પ્રદેશનિષ્પન્ન કાલ :- એક, બે સમયથી લઈને અસંખ્યાત સમયથી સ્થિતિ પ્રદેશ નિષ્પન્નકાલ છે.

(૨) વિભાગનિષ્પન્ન કાલ :- સમય, આવલિકા આદિ વિભાગનિષ્પન્ન કાલ છે.

| | | | |
|---|---|---|---|
| અસંખ્યાત સમય | = ૧ આવલિકા | ૭૭ લવ | = ૧ મુહૂર્ત |
| સંખ્યાત આવલિકા | = ૧ ઉચ્છ્વાસ | ૩૦ મુહૂર્ત | = ૧ અહોરાત્ર |
| સંખ્યાત આવલિકા | = ૧ નિઃશ્વાસ | ૩૦ અહોરાત્ર | = ૧ માસ |
| ૧ ઉચ્છ્વાસ નિઃશ્વાસ | = ૧ પ્રાણ | ૧૨ માસ | = ૧ વર્ષ |
| ૭ પ્રાણ | = ૧ સ્તોક | ૮૪ લાખ વર્ષ | = ૧ પૂર્વાંગ |
| ૭ સ્તોક | = ૧ લવ | ૮૪ લાખ પૂર્વાંગ | = ૧ પૂર્વ |

આ રીતે ક્રમશઃ :- ૮૪ લાખથી ગુણતા ત્યારપછીની રાશિ ક્રમશઃ પ્રાપ્ત થાય છે, આમ ગણના કરતા ગણનાકાલની અંતિમરાશિ શીર્ષપ્રહેલિકા છે, ત્યારપછીના કાલની ગણના ઉપમા દ્વારા થાય છે, તેને ઉપમાકાળ કહે છે.

ઉપમાકાલ :- તેના બે ભેદ છે. પલ્યોપમ અને સાગરોપમ.

પલ્યોપમ :- જે કાલની ગણના પલ્ય એટલે ખાડાની ઉપમાથી સમજાવી શકાય, તેને પલ્યોપમ કહે છે. તેના ત્રણ પ્રકાર છે. ઉદ્ધાર પલ્યોપમ, અદ્ધાપલ્યોપમ અને ક્ષેત્રપલ્યોપમ. ત્રણે પ્રકારના પલ્યોપમના સૂક્ષ્મ અને વ્યવહાર રૂપ બે - બે ભેદ છે. તેમાંથી વ્યવહાર પલ્યોપમ સૂક્ષ્મને સમજવા માટે જ છે. તેનું અન્ય કોઈ પ્રયોજન નથી.

ઉત્સેધાંગુલથી એક યોજન લાંબો, પહોળો અને ઊંડો એક ખાડો કરીને તેમાં સાત દિવસના બાળકના વાળને ઠાંસી ઠાંસીને ભરવા. તે ખાડામાંથી સમયે સમયે એક એક વાળને કાઢતાં જેટલા સમયમાં તે પલ્ય - ખાડો ખાલી થાય, તેટલા કાલને એક વ્યવહાર ઉદ્ધાર પલ્યોપમ કહે છે.

તે જ વાળના અસંખ્યાત ટૂકડા કરીને ભરવા, ત્યારપછી સમયે સમયે એક એક વાળને કાઢતાં જેટલા સમયમાં તે પલ્ય ખાલી થાય, તેટલા કાલને સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ કહે છે. ૨૫ ક્રોડાક્રોડી સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમના સમય પ્રમાણ દ્વીપ - સમુદ્રો મધ્યલોકમાં છે.

ઉપરોક્ત પલ્યમાંથી સો સો વર્ષે એક એક વાળને કાઢતાં જેટલો સમય વ્યતીત થાય તે કાલને એક વ્યવહાર અદ્ધા પલ્યોપમ અને વાળના અસંખ્ય ખંડ કર્યા પછી સો સો વર્ષે એક એક વાળને કાઢતાં જેટલો સમય વ્યતીત થાય તે કાલને એક સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ કહે છે. ચારે ગતિના જીવોની સ્થિતિ સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમથી મપાય છે.

ઉપરોક્ત પલ્યમાં ભરેલા ભરેલા વાલાગ્રોએ સ્પર્શેલા આકાશ પ્રદેશોમાંથી સમયે સમયે એક એક આકાશ પ્રદેશને બહાર કાઢતાં જેટલો કાલ વ્યતીત થાય, તેને એક વ્યવહારક્ષેત્ર પલ્યોપમ અને અસંખ્ય ખંડોથી સ્પર્શેલા અને નહીં સ્પર્શેલા બંને આકાશ પ્રદેશોમાંથી સમયે સમયે એક એક પ્રદેશને બહાર કાઢતાં જેટલો કાલ વ્યતીત થાય, તેને એક સૂક્ષ્મક્ષેત્ર પલ્યોપમ કહે છે, જીવોના બદ્ધ અને મુક્ત શરીરની ગણના સૂક્ષ્મક્ષેત્ર પલ્યોપમથી જ થાય છે.

દશ ક્રોડાક્રોડી પલ્યોપમનો એક સાગરોપમ થાય છે. સાગરોપમના પણ ત્રણ ભેદ પલ્યોપમની જેમ સમજવા.

ભાવ પ્રમાણ :- જીવ કે અજીવ વસ્તુના પરિણામને ભાવ કહે છે. તે ભાવનો બોધ જેના દ્વારા થાય તે ભાવ પ્રમાણ છે. તેના ત્રણ પ્રકાર છે, ગુણ પ્રમાણ, નય પ્રમાણ અને સંખ્યા પ્રમાણ.

ગુણ પ્રમાણ :- જીવના જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપ ગુણને જીવગુણ પ્રમાણ અને અજીવના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાન રૂપ ગુણને અજીવ ગુણ પ્રમાણ કહે છે.

નય પ્રમાણ :- અનંતધર્માત્મક વસ્તુના અનંતધર્મોમાંથી અન્ય ધર્મને ગૌણ કરીને એક ધર્મની પ્રધાનતાથી કથન કરવું, તે નય છે, નયના બોધને નય પ્રમાણ કહે છે. નયના સાત પ્રકાર છે.

૧) નૈગમનય :- જેને જાણવાની અનેક રીત છે નૈગમનય. તે લોકરૂઢિને, લોક વ્યવહારને, અંશને, સંકલ્પ માત્રને પણ સ્વીકારે છે. જેમ કે બોમ્બે જવા માટે ઘરેથી પગ ઉપાડે ત્યારથી કહે કે હું બોમ્બે જાઉં છું. આ કથન નૈગમનયનું છે.

૨) સંગ્રહનય :- વસ્તુના સામાન્ય ધર્મોને કે સમાનતાને સ્વીકારે તે સંગ્રહનય છે. જેમ કે સર્વ જીવો ચૈતન્યતત્ત્વની અપેક્ષાએ એક સમાન હોવાથી એક છે.

૩) વ્યવહારનય :- સંગ્રહનય દ્વારા સ્વીકૃત પદાર્થોમાં વિધિપૂર્વક ભેદ કરવા તે વ્યવહારનય છે. જેમ કે સર્વ જીવો એક સમાન હોવા છતાં જીવના બે ભેદ છે. સિદ્ધ અને સંસારી. સંગ્રહનય સામાન્યગ્રાહી છે, વ્યવહારનય વિશેષગ્રાહી છે.

૪) ઋજુસૂત્રનય :- વસ્તુની ભૂત - ભવિષ્યની પર્યાયને ગૌણ કરીને વર્તમાન પર્યાયનો સ્વીકાર કરવો તે ઋજુસૂત્રનય છે. જેમ જે આ રાજા સ્વર્ગનું સુખ ભોગવે છે, આ કથનમાં રાજાના ભૂત કે ભવિષ્યના સુખ-દુઃખની વિવક્ષા નથી.

૫) શબ્દનય :- વર્તમાનકાલીન અવસ્થામાં પણ કાલ, કારક, લિંગ આદિ અપેક્ષાએ શબ્દમાં ભેદ કરે તે શબ્દ નય છે. જેમ કે દારા અને કલત્ર બંને શબ્દ સ્ત્રીવાચી છે. પરંતુ દારા શબ્દ સ્ત્રીલિંગી છે. કલત્ર પુલિંગ છે, તેથી શબ્દ નય બંને શબ્દમાં ભેદ માને છે.

૬) સમભિરૂઢનય :- વ્યુત્પતિના આધારે શબ્દના અર્થમાં ભેદ માને તે સમભિરૂઢનય છે. જેમ કે મુનિ અને ભિક્ષુ બંને શબ્દ પુલિંગના છે. પરંતુ બંનેની વ્યુત્પતિમાં ભેદ હોવાથી બંનેના અર્થમાં ભેદ થાય છે. જેમ કે મૌન રાખે તેમુનિ, ભિક્ષાચરીથી જીવન નિર્વાહ ચલાવે તે ભિક્ષુ છે. આ રીતે મુનિ અને ભિક્ષુ શબ્દ ભિન્ન ભિન્ન અર્થના વાચક છે.

૭) એવભૂતનય :- વ્યુત્પતિ અનુસાર અર્થ ઘટિત થાય ત્યારે જ તે વસ્તુ તે શબ્દથી વાચક થાય છે, તે પ્રમાણે સ્વીકારે, તે એવંભૂતનય છે. જેમ કે મૌનમાં સ્થિત હોય ત્યારે જ મુનિ છે, અન્ય સમયે તે મુનિ ગણાતા નથી.

આ રીતે સાતે નયના એક ચોક્કસ દૃષ્ટિકોણ છે.

સંખ્યા પ્રમાણ :- જેના દ્વારા ગણના થાય તેને સંખ્યા કહે છે.

ગણના સંખ્યાના ત્રણ પ્રકાર છે, સંખ્યાતા, અસંખ્યાતા અને અનંત. સંખ્યાતાના ત્રણ ભેદ છે. જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ.

ગણના સંખ્યામાં એકનો સમાવેશ થતો નથી. બે થી ગણનાનો પ્રારંભ થાય છે. બે નો આંક જઘન્ય સંખ્યા છે.

જઘન્ય અને ઉત્કૃષ્ટ સંખ્યાતાની વચ્ચેની બધી જ સંખ્યા મધ્યમ સંખ્યાતા છે. બે થી દસ, સો, હજાર, લાખ, કરોડ, શીર્ષપ્રહેલિકા સુધીની રાશિ સંખ્યાથી કથનીય છે. ત્યાર પછી શાસ્ત્રકારે ઉપમા દ્વારા ઉત્કૃષ્ટ સંખ્યાતાનું સ્વરૂપ સમજાવ્યું છે. શાસ્ત્રોક્ત ચાર પલ્યના સરસવોનો અને દ્વીપ સમુદ્રોમાં નાંખેલા સરસવોના દાણાનો સરવાળો કરીને જે સંખ્યા પ્રાપ્ત થાય તેમાં એક સરસવ અધિક કરતાં જે સંખ્યા આવે તે ઉત્કૃષ્ટ સંખ્યાતા છે.

અસંખ્યાતાના પરિત અસંખ્યાતા, યુક્ત અસંખ્યાતા અને અસંખ્યાતા અસંખ્યાત, આ ત્રણ ભેદ છે અને પ્રત્યેકનો જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ આ ત્રણ-ત્રણ ભેદ કરતાં અસંખ્યાતાના નવ ભેદ થાય છે.

આ જ રીતે અનંતના પણ નવ ભેદ છે, આ રીતે ગણના સંખ્યામાં સંખ્યાતાના ત્રણ ભેદ, અસંખ્યાતાના નવ ભેદ અને અનંતના નવ ભેદ, કુલ ૨૧ ભેદ થાય છે પરંતુ ઉત્કૃષ્ટ અનંતાનંત નામનો નવમો ભેદ શૂન્ય છે. તેથી ગણના સંખ્યા પ્રમાણના ૨૦ ભેદ થાય છે.

ઉપક્રમનો ચોથો ભેદ વક્તવ્યતા :- અધ્યયન આદિ પ્રત્યેક શબ્દના અર્થનું યથાયોગ્ય વિવેચન કરવું તે વક્તવ્યતા છે. તેના ત્રણ ભેદ છે.

(૧) સ્વસિદ્ધાંતનું કથન કરવું તે સ્મસમય વક્તવ્યતા

(૨) અન્ય દાર્શનિકોના સિદ્ધાંતોનું કથન કરવું તે પર સમય વક્તવ્યતા છે.

(૩) સ્વ - પર બંનેના સિદ્ધાંતોનું કથન કરવું તે સ્વ-પર સમય વક્તવ્યતા છે.

ઉપક્રમનો પાંચમો ભેદ અર્થાધિકાર :- જે અધ્યયનનો જે અર્થ હોય તેનું કથન કરવું તે અર્થાધિકાર છે. પ્રસ્તુત આગમનો વર્ણ્ય વિષય આવશ્યક છે, આવશ્યકના છ અધ્યયનનો અર્થાધિકાર આ પ્રમાણે છે.

(૧) સામાયિક :- સાવદ્યયોગવિરતિ - સર્વ પાપ પ્રવૃત્તિથી વિરામ પામવો.

(૨) ચતુર્વિંશતિ સ્તવ - ઉત્કીર્તન :- તીર્થંકરો અને કેવળી ભગવાનની સ્તુતિ કરવી.

(૩) વંદના :- ગુણવત્ પ્રતિપતિ - ગુણીજનોનો આદર - સત્કાર કરવો, તેમના ચરણોમાં વંદન કરવા.

(૪) પ્રતિક્રમણ :- સ્ખલિત નિંદા, વ્રતપાલનમાં થયેલી સ્ખલનાઓની, અતિચારોની નિંદા કરવી, તેનાથી પાછું ફરવું.

(૫) કાયોત્સર્ગ :- વ્રણ ચિકિત્સા - અતિચાર રૂપી વ્રણ - ઘાની ચિકિત્સા કરીને તેની શુદ્ધિ કરવી.

(૬) પ્રત્યાખ્યાન :- ગુણ ધારણા - મૂળ ગુણ અને ઉત્તર ગુણોને અંતરમાં સ્થાપિત કરવા.

આ રીતે છ એ અધ્યયનના ચોક્કસ અર્થ થાય છે.

ઉપક્રમનો છઠ્ઠો ભેદ સમવતાર - સમવતાર એટલે સમાવિષ્ટ થવું. કઈ વસ્તુનો સમાવેશ ક્યાં થાય છે તેનો વિચાર કરવો તેને સમાવતાર કહે છે.

પ્રસ્તુતમાં આવશ્યકનો સમવતાર ક્યાં થાય, તે જોઈએ.

ઉપક્રમના પ્રથમભેદ અનુપૂર્વીના દશભેદમાંથી આવશ્યકનો સમવતાર ઉત્કીર્તનાનુપૂર્વી તથા ગણનાનુપૂર્વીમાં થાય છે. આવશ્યકના છ એ અધ્યયનના નામનું ઉચ્ચારણ કરવું તે ઉત્કીર્તનાનુપૂર્વી છે. છ એ અધ્યયનનું ક્રમથી કથન કરવું તે ગણનાનુપૂર્વીમાં પૂર્વાનુપૂર્વી છે, વિપરીત ક્રમથી કથન કરવું, તે પ્રશ્નાનુપૂર્વી છે. અને અક્રમથી કથન કરવું તે અનાનુપૂર્વી છે.

ઉપક્રમનો બીજા ભેદ નામના દશ પ્રકારમાંથી આવશ્યકનો સમાવેશ છ ભાવ રૂપ છ નામમાં થાય, તેમાં છ ભાવમાંથી આવશ્યકનો સમાવેશ ક્ષયોપશમભાવમાં થાય છે. ત્રીજો ભેદ પ્રમાણના ચાર પ્રકારમાંથી જીવગુણ પ્રમાણ અને તેમાં પણ જ્ઞાન, દર્શન, ચારિત્ર પ્રમાણમાં આવશ્યકનો સમાવેશ થાય, ચોથો ભેદ વક્તવ્યમાં સ્વસમય વક્તવ્યતામાં થાય છે.

આ રીતે આવશ્યકનો સમવતાર વિવિધ રીતે થાય છે.

અનુયોગનું બીજું દ્વાર નિક્ષેપ :- શબ્દના અનેક અર્થમાંથી અપ્રાસંગિક અર્થનું નિરાકરણ કરી પ્રાસંગિક ચોક્કસ અર્થમાં શબ્દને સ્થાપિત કરવો, તે નિક્ષેપ છે. તેના ચાર ભેદ પૂર્વવત જાણવા.

અનુયોગનું બીજું દ્વાર અનુગમ :- અનુગમ એટલે સૂત્રને અનુકૂળ અર્થ કરવો. તેના બે ભેદ છે. સૂત્રાનુગમ અને નિર્યુક્ત્યનુગમ. પદચ્છેદ કરીને સૂત્રનો અર્થ કરવો તે સૂત્રાનુગમ છે. જેમકે શ્રુતજ્ઞાન શબ્દમાં શ્રુત - એટલે સાંભળવું અને જ્ઞાન એટલે બોધ. સાંભળવાથી જે બોધ થાય તે શ્રુતજ્ઞાન છે. આ રીતે દરેક શબ્દના અર્થ કરવા તે સૂત્રાનુગમ છે.

નામ, સ્થાપના આદિ વિવિધ વિભાગો દ્વારા શબ્દની વિસ્તૃત વ્યાખ્યા કરવી તે નિર્યુક્ત્યનુગમ છે. તેના ત્રણ ભેદ છે.

(૧) નિક્ષેપ (૨) ઉપોદ્‌ઘાત અને (૩) સૂત્રસ્પર્શિક નિર્યુક્ત્યનુગમ.

નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ આદિ નિક્ષેપ દ્વારા શબ્દનો ચોક્કસ અર્થ સ્થાપિત કરવો તે નિક્ષેપ નિર્યુક્ત્યનુગમ છે. ઉપોદ્‌ઘાત નિર્યુક્ત્યનુગમના ઉદ્દેશ, નિર્દેશ આદિ અનેક ભેદ છે. તે વિષયને સામાયિકના માધ્યમથી સ્પષ્ટ કર્યો છે.

(૧) ઉદ્દેશ :- સામાન્ય રૂપે કથન કરવું. જેમકે આવશ્યકના છ અધ્યયન છે.

(૨) નિર્દેશ :- નામોલ્લેખ રૂપે કથન કરવું. આવશ્યકના છ અધ્યયનમાં પ્રથમ અધ્યયન સામાયિક છે.

(૩) નિર્ગમ :- વસ્તુના મૂળભૂત સ્ત્રોત કે ઉદ્‌ભવસ્થાનને નિર્ગમ કહે છે. સામાયિકનું ઉદ્‌ગમસ્થાન અર્થની અપેક્ષાએ તીર્થંકર અને સૂત્રની અપેક્ષાએ ગણધરો છે.

(૪) ક્ષેત્ર :- સામાયિકની ઉત્પત્તિ કયા ક્ષેત્રમાં થઈ, તેની વિચારણા કરવી. અઢીદ્વીપના કર્મભૂમિના આર્યક્ષેત્રમાં તીર્થંકરોના સમવસરણમાં સામાયિકની ઉત્પત્તિ થઈ.

(૫) કાલ :- વર્તમાન શાસનની અપેક્ષાએ વૈશાખ વદ - ૧૧ ભગવાન મહાવીરના શાસન સ્થાપના દિને સામાયિકની

સ્થાપના થઈ.

(૬) પુરુષ :- સર્વજ્ઞ પુરુષ પ્રભુ વીરે અર્થ રૂપ અને ગણધરોએ સૂત્રરૂપ સામાયિકનું પ્રતિપાદન કર્યું.

(૭) કારણ :- સામાયિક પ્રતિપાદનનું કારણ સંયમભાવની શુદ્ધિ છે. અથવા જિનનામકર્મના ક્ષય માટે પ્રતિપાદન કર્યું.

(૮) લક્ષણ :- સામાયિકનું લક્ષણ શું?

૧) તત્ત્વની શ્રદ્ધા તે સમ્યક્ત્વ સામાયિક છે.

૨) જીવાદિ તત્ત્વોનું સમ્યગ્જ્ઞાન તે શ્રુત સામાયિક છે.

૩) એક દેશથી પાપપ્રવૃત્તિથી નિવૃત્ત થવું તે દેશવિરતિ સામાયિક છે.

૪) સર્વાંશે પાપપ્રવૃત્તિથી નિવૃત્ત થવું તે સર્વવિરતિ સામાયિક છે.

(૯) કિમ્ :- સામાયિક શું છે? દ્રવ્યાર્થિકનયની દ્રષ્ટિએ આત્મા સ્વયં સામાયિક છે. પર્યાયાર્થિક નયની દ્રષ્ટિએ જીવનો સમભાવ રૂપ ગુણ સામાયિક છે.

(૧૦) કયાં :- સામાયિક ક્યારે અને કયાં હોય છે?

ક્ષેત્રની અપેક્ષાએ ઉર્ધ્વ અને અધોલોકમાં નારકી અને દેવોમાં સમ્યક્ત્વ અને શ્રુત સામાયિક હોય છે. અધોલોકમાં સલીલાવતી વિજયમાં તથા મધ્યલોકમાં મનુષ્યક્ષેત્રના કર્મભૂમિના આર્યક્ષેત્રમાં ચારે પ્રકારની સામાયિક હોય છે.

કાલની અપેક્ષાએ અવસર્પિણીકાલના ત્રીજા, ચોથા, પાંચમાં આરામાં અને ઉત્સર્પિણીકાલના ત્રીજા, ચોથા આરામાં ચારે પ્રકારની સામાયિક હોય છે. શેષ આરામાં સમ્યક્ત્વ અને શ્રુત આ બે પ્રકારની સામાયિક હોય છે.

ગતિની અપેક્ષાએ મનુષ્યગતિમાં ચાર, તિર્યંચગતિમાં ત્રણ, નરક અને દેવગતિમાં બે સામાયિક હોય છે. અભવીજીવોમાં સમ્યક્ત્વ સિવાયની ત્રણ સામાયિક હોય છે.

આ રીતે કોઈપણ શબ્દની વિવિધ પ્રકારે વિચારણા કરીએ શબ્દના અર્થની સ્પષ્ટતા કરવી તે ઉપોદ્‌ઘાત નિર્યુકત્યનુગમ છે.

સૂત્રસ્પર્શિક નિર્યુતવનુગમ :-

યથાર્થ ઉચ્ચારણપૂર્વક પ્રત્યેક સૂત્રનું ભાષણ કરવું, હસ્વ, દીર્ઘ, ઉદાત્ત, અનુદાત્ત આદિ સ્વરના લક્ષપૂર્વક બત્રીસ દોષ રહિત તેનું ઉચ્ચારણ કરવું. શબ્દની ઉચ્ચારણશુદ્ધિ તેના ભાવને સમજવામાં સહાયક બને છે.

સૂ.૧૧ માં અનુગમના નવ ભેદ કહ્યા છે. સૂત્રને અનુરૂપ વ્યાખ્યાન કરવાની વિધિને અનુગમ કહે છે, તેના નવ પ્રકાર છે.

(૧) સત્પદ પ્રરૂપણા :- વિદ્યમાન પદાર્થ વિષયક વિચારણા કરવી. જેમકે સામાયિક તે જીવના સમભાવગુણ રૂપ છે.

(૨) દ્રવ્ય પ્રમાણ :- દ્રવ્યની સંખ્યાનો વિચાર કરવો. સામાયિકની આરાધના કરનારા સંખ્યાતા જીવો કર્મભૂમિના ક્ષેત્રમાં છે.

(૩) ક્ષેત્ર :- દ્રવ્યના આધારભૂત ક્ષેત્રનો વિચાર કરવો. સામાયિકની આરાધના કરનારા જીવો કર્મભૂમિના ક્ષેત્રમાં છે. તે લોકનો અસંખ્યાતમો ભાગ છે.

(૪) સ્પર્શના :- ક્ષેત્ર કરતા કંઈક અધિક તેની સ્પર્શના હોય છે.

(૫) કાળ :- સામાયિકની આરાધના કરનારા જીવોની સ્થિતિ અથવા સામાયિકની કાળમર્યાદાનો વિચાર કરવો.

(૬) અંતર :- વિવક્ષિત પર્યાયના પરિત્યાગ પછી ફરી તે પર્યાયની પ્રાપ્તિ થાય. તેની વચ્ચેનો સમયગાળો તે અંતર કહેવાય છે. એક જીવો એક વાર સામાયિકની આરાધના પૂરી કરી. હવે ફરીવાર તે ક્યારે કરી શકે, તેના અંતરની વિચારણા કરવી.

(૭) ભાગ :- વર્તમાને સામાયિકના આરાધકો સર્વ જીવોના અનંતમાં ભાગે છે, તે પ્રમાણે વિચારણા કરવી.

(૮) ઔદયિક આદિ છ ભાવમાંથી છદ્મસ્થ જીવોની સામાયિક ક્ષાયોપાશમિક ભાવમાં છે અને સર્વજ્ઞ પરમાત્માની અખંડ સમભાવ રૂપ સામાયિક ક્ષાયિકભાવમાં સમાવિષ્ટ થાય છે.

(૯) અલ્પબહુત્વ :- સામાયિકના આરાધકોની સંખ્યાના આધારે તેમાં અલ્પ કે અધિકતાની વિચારણા કરવી, આ નવ દ્વારથી વિચારણા કરતાં કોઈપણ વિષયની વિસ્તૃત વિચારણા થઈ શકે છે.

અનુયોગદ્વારનું ચોથુ દ્વાર નય :- અનંત ધર્માત્મક વસ્તુના અનંત ધર્મોમાંથી અન્ય ધર્મોની ઉપેક્ષાપૂર્વક એકધર્મની પ્રધાનતાથી કથન કરવાની પદ્ધતિને નય કહે છે. તેના સાત ભેદનું સ્વરૂપ પૂર્વવત્ જાણવું. તે ઉપરાંત નયનું અનેક રીતે વિભાજન થાય છે. જ્ઞાનમય - ક્રિયાનય, વ્યવહારનય - નિશ્ચયનય, અર્થનય - શબ્દનય.

જ્ઞાનનય - ક્રિયાનય - જ્ઞાનની પ્રધાનતાને સ્વીકારે તે જ્ઞાનનય - તેમના મતાનુસાર જ્ઞાનથી જ મોક્ષ થાય છે. ક્રિયા ગૌણ છે. ક્રિયાની પ્રધાનતાને સ્વીકારે તે ક્રિયાનય. તેમના મતાનુસાર ક્રિયાની - આચરણશુદ્ધિની મહત્તા છે.

આ બંને નય જો અન્યનું ખંડન કરીને પોતાના અભિપ્રાયને પ્રગટ કરે, તો તે મિથ્યા છે. વાસ્તવમાં ज्ञानक्रियाभ्याम् मोक्षः। જ્ઞાન અને ક્રિયા મોક્ષની સાધના રૂપ રચના બે ચક્ર છે. બંને ચક્રની સહાયતાથી જ રથની ગતિ થાય છે. ક્રિયા વિનાનું જ્ઞાન નિરર્થક છે અને જ્ઞાન વિનાની ક્રિયા નિષ્ફળ છે. બંનેનો સુમેળ જીવને પૂર્ણતા સુધી પહોંચાડે છે.

આ રીતે જોતાં સ્પષ્ટ થાય છે કે નયવાદ અનેકાંત દર્શનનું મૂળભૂત બીજ છે. સંક્ષેપમાં નયવાદની વિચારણા સર્વ સંઘર્ષોનું સમાધાન કરે છે.

આમ અનુયોગના ચાર દ્વાર ઉપક્રમ, નિક્ષેપ, અનુગમ તથા નય, આ ચાર દ્વારના માધ્યમથી કોઈપણ શબ્દનું અર્થ સાથે અનુસંધાન થાય છે.

આવશ્યક સૂત્રના પ્રથમ અધ્યયન સામાયિકના ઉપક્રમથી સામાયિક શબ્દ નિક્ષેપને યોગ્ય બને છે. નિક્ષેપથી સામાયિક શબ્દનો પ્રાસંગિક અર્થ સ્થાપિત થાય છે અનુગમથી સામાયિક શબ્દની વિવિધ પ્રકારે વિચારણા થાય છે અને નય દ્વારા અનેક દ્રષ્ટિકોણથી વ્યવહાર - નિશ્ચયથી, શબ્દ કે અર્થથી તેનું સ્વરૂપ સ્પષ્ટ થાય છે.

કોઈપણ શબ્દના અર્થ સુધી પહોંચવા માટે અનુયોગના ચારે દ્વાર માધ્યમ બને છે. તે દ્વારમાં પ્રવેશ કરીને જ શબ્દના મૂળ સુધી પહોંચી શકાય છે. તેથી જ અનુયોગદ્વાર સૂત્રને સર્વ શાસ્ત્રોને સમજવાની Master Key ની ઉપમા આપી છે.

તીર્થંકરની વાણી અનંત અનંત ભાવોથી ભરેલી છે, આગમગ્રંથોના એક એક સૂત્રના રહસ્યો સૂત્રોક્ત નય - નિક્ષેપ આદિ દ્વારા જ ઉદ્‌ઘાટિત થાય છે. તેથી અનુયોગદ્વાર સૂત્ર ભલે એક આગમનું નામ છે પરંતુ અનુયોગદ્વારની વ્યાખ્યા પદ્ધતિ સર્વ શાસ્ત્રોમાં પથરાયેલી છે. આ શાસ્ત્રનું ઊંડાણથી અવલોકન કરીએ તો પ્રતીત થાય છે કે અનુયોગદ્વાર સૂત્ર દર્શનશાસ્ત્રનો મુકુટમણિ સમાન છે. અનુયોગદ્વાર સૂત્ર આગમગ્રંથોમાં ચૂડામણી સમાન છે.

❑❑❑

# અનેકાંત જયપતાકા અને તેની સ્વોપજ્ઞવૃત્તિ

શિષ્ય શિલ્પી પૂ.આ.શ્રી. નયચંદ્રસાગર સૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન અર્ધસહસ્ત્રાવધાની મહાશતાવધાની મુનિશ્રી અજિતચંદ્ર સાગરજી મ.સા.)

જિન શાસનને મળેલ અનેક મહાન આચાર્ય ભગવંતોમાં ત્રણ આચાર્ય ભગવંતો એવા છે કે જેઓના નામ 'હ' થી શરૂ થાય છે તથા તે ત્રણેય આચાર્ય ભગવંતોએ જિનશાસનને નવી દિશા અને દશા આપી છે. જેમાં આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજ, શ્રી હેમચંદ્રાચાર્યજી મહારાજ તથા શ્રી હીર સૂરીશ્વરજી મહારાજનો સમાવેશ થાય છે.

આચાર્ય શ્રી હરિભદ્રસૂરિશ્વરજી મહારાજે ૧૪૪૪ ગ્રંથો જિનશાસનને ભેટ આપ્યા. અને એ દ્વારા જિન શાસનના શ્રુત વારસાને નવો પ્રાણ આપ્યો. કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજી મહારાજે રાજાઓને પ્રતિબોધ પમાડી જીવદયાનું સૂક્ષ્મ રીતે પરિપાલન કરાવ્યું. (આ ઉપરાંત સાંગોપાંગ વ્યાકરણ - કાવ્ય - સાહિત્ય - ન્યાય સહિત સાડાત્રણ ક્રોડ શ્લોકથી પ્રમાણ શ્રુતજ્ઞાનનું સર્જન કર્યું) અને જગદ્‌ગુરૂ હીરસૂરીશ્વરજી મહારાજે ૨૦૦૦ થી અધિક શ્રમણ-શ્રમણીની ભેટ જિનશાસનને આપી. આમ જોતાં આ ત્રણેય મહાપુરૂષોનું યોગદાન જિન શાસન માટે ઘણું અગત્યનું હોય એ સમજાય છે.

ઉપરોક્ત ત્રણેય સૂરિ ભગવંતોમાં સર્વ પ્રથમ થનાર આચાર્ય શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મ.સા. ભવવિરહના ઉપનામથી તથા સુરિપુરંદરના વિશેષણથી વિભૂષિત હતા. તેઓશ્રીને આવી પડેલ આકસ્મિક શિષ્યવિરહ પણ સર્વવિદિત છે. પરંતુ શિષ્યવિરહને ભવવિરહમાં પરિવર્તિત કરવાની કુનેહ આ આચાર્યશ્રી પાસે હતી. તેઓશ્રીએ ક્ષણિક આવેશના પ્રાયશ્ચિતરૂપે ૧૪૪૪ ગ્રંથોની નવ્ય રચના કરવાનો સંકલ્પ કર્યો. તથા ગ્રંથના અંતે ભવવિરહની યાચના કરી.

તેઓશ્રી દ્વારા નિર્મિત કૃતિઓમાં આગમિક ટીકાઓ ઉપરાંત સમરાઈઅમહાકહા, લલિતવિસ્તરા, યોગદ્રષ્ટિ સમુચ્ચય વિગેરે અનેક અદ્વિતીય ગ્રંથો છે. અને આ જ શૃંખલામાં ગાજતું હજું એક નામ એટલે અનેકાંત જયપતાકા ગ્રંથ.

આ ગ્રંથમાં સૂરિપુરંદરશ્રીએ અનેકાંતવાદની જયપતાકા દિગ્-દિગાંતરમાં પ્રસરે તેવી અનેક મૌલિક બાબતોની રજૂઆત કરી છે. તથા અન્ય દર્શન તરફથી આવતા અનેક આક્ષેપોનો સચોટ પરિહાર પણ કર્યો છે. તેઓશ્રીના સમયમાં જૈનોના મૂળાધાર સમા અનેકાંતવાદનો ઘણો ઉપહાસ થતો હતો. તથા ખોટી રીતે આક્ષેપો પણ થતા હતા. અને તે જોઈને સાંભળીને ઘણાં બુદ્ધિજીવીઓ તેને સત્ય સમજી લેતા હતાં અને તાત્વિક માર્ગથી ચ્યુત થતા હતા. આથી તેઓના રક્ષણ અર્થે અને જિનશાસનના મૂળસમા સ્યાદ્વાદ-અનેકાંતવાદના વાસ્તવિક નિરૂપણ માટે આ અનુપમ કૃતિની રચના થઈ હોય એમ જણાય છે. પરંતુ આજે તો આ કૃતિ પણ પાઠક વર્ગને દુર્ગમ જણાય છે. જો કે આ જ વાત સદીઓ પૂર્વે ગુર્વાવલિ ગ્રંથના ૬૮ મા શ્લોકમાં પૂ.આ.શ્રી મુનિસુંદર સૂરીશ્વરજી મ.સા. પણ જણાવે છે કે

हरिभद्रसूरिरचिता : श्रीमदनेकांत जयपताकाद्या: ।
'ग्रंथनगाविलुधाना-मव्यधुना दुर्गमा येऽत्र'

અર્થાત્ આચાર્યશ્રી હરિભદ્રસૂરિશ્વરજી મ.સા.ના અનેકાંત જયપતાકા વિગેરે ઘણા ગ્રંથો અત્યારે પણ વિદ્વાન વર્ગને અધ્યયન કરવામાં કષ્ટદાયી બન્યાં છે.

આવા અતિકઠિન ગ્રંથને પણ જો સુગમ-સરલ બનાવવો હોય તો તે માટે વિદ્વાનોનો એવો અભિપ્રાય જાણવા મળે છે કે અનેકાંત જયપતાકા ગ્રંથના પઠનપૂર્વે 'પ્રમાણ સમુચ્ચય' ગ્રંથ ઉપર 'પ્રમાણવાર્તિક' વૃત્તિ ઉપલબ્ધ થાય છે. જેની રચના શ્રી ધર્મકીર્તિજીએ કરેલ છે. અને આ પ્રમાણવાર્તિક ઉપર શ્રી મનોરથ નંદીજી કૃત 'મનોરથ નંદીની' સામે સંસ્કૃતવૃત્તિ ઉપલબ્ધ થાય છે. (પ્રમાણ - વાર્તિક ગ્રંથમાં પ્રમાણ સમુચ્ચયના છ અધિકારમાંથી માત્ર ત્રણ અધિકાર ઉપરની જ વૃત્તિ પ્રાપ્ત થાય છે.) આ ગ્રંથનું

અધ્યયન અનેકાંત જયપતાકા ગ્રંથના અધ્યયન માટે પ્રવેશદ્વાર રૂપ બની શકે છે.

આ ઉપરાંત આચાર્યશ્રીએ સ્વયં અન્ય એક કૃતિની રચના કરી છે. જેનું નામ છે 'અનેકાંતવાદ પ્રવેશ' - (આ ગ્રંથ ટીપ્પણક સહિત ઈ.સ. ૧૯૧૯ માં 'હેમચંદ્રાચાર્ય ગ્રંથાવલિ' અંતર્ગત પ્રકાશિત થઈ ગયેલ છે. અને ત્યારબાદ પણ તેની સંશોધિત આવૃત્તિઓ વિદ્વાનોએ પ્રાયઃ પુનઃ સંપાદિત પણ કરેલ છે.) આ ગ્રંથ ૭૨૦ શ્લોક પ્રમાણ છે. વળી તેમાં જે પાંચ અધિકારોનું વર્ણન આવે છે તે જ પાંચેય અધિકારોનું વર્ણન અનેકાંત જયપતાકા ગ્રંથમાં વિસ્તારથી વર્ણવવામાં આવ્યું છે. (તે પાંચ ઉપરાંત 'યોગાચાર મતવાદ' નામે એક અધિકાર સહિત કુલ છ અધિકારનો વિચાર તેમાં છે.) આથી સાહજિક વાત છે કે 'અનેકાંત જયપતાકા ગ્રંથ'ના અભ્યાસ માટે 'અનેકાંત વાદ પ્રવેશ' ગ્રંથ દ્વારરૂપ બની જાય. આમ આ બંનેય કૃતિઓ આ ગ્રંથના અધ્યયન માટે ઉપયોગી બની શકે તેમ છે.

અનેકાંત જયપતાકા ગ્રંથની કેટલીક મહત્ત્વપૂર્ણ વિશેષતાઓ પણ જોવા મળે છે જે નીચે પ્રમાણે છે -

★ આચાર્યશ્રીએ સ્વયં પોતાની તમામ કૃતિના નામ પાડયા નથી. કેટલીક કૃતિના નામ તો તે-તે કૃતિના ટીકાકારે આપ્યા છે. તો કેટલીક કૃતિના નામ તેનો ઉલ્લેખ કરનારા મહર્ષિઓએ આપ્યા છે. જ્યારે પ્રસ્તુત ગ્રંથ માટે એવું નથી. સૂરિ પુરંદરશ્રીએ સ્વયં આ ગ્રંથના દશમા શ્લોકમાં આનો નામોલ્લેખ કર્યો છે.

★ આ ગ્રંથના પ્રારંભમાં દશ પદ્ય (શ્લોક) છે. તથા અંતમાં પણ દશ પદ્ય છે. જ્યારે બાકીનો મધ્યભાગ ગદ્યમય છે. ક્વચિત્ વચ્ચે-વચ્ચે પદ્ય આવે છે. છતાં પ્રાયઃ તે પદ્યો અવતરણ રૂપે જ હોય છે.

★ આચાર્યશ્રીના ઘણાં ગ્રંથોમાં અંતિમ શબ્દ સમાન હોય એવું જોવા મળે છે. જેમકે - પંચાશક પ્રકરણ - ષોડષક પ્રકરણ - અષ્ટક પ્રકરણ વિગેરે અથવા આત્મસિદ્ધિ - પરલોક સિદ્ધિ - સર્વજ્ઞ સિદ્ધિ વિગેરે. (આ બધાં ગ્રંથોમાં અંતિમ શબ્દ સમાન છે.) પરંતુ આ ગ્રંથ એવો નથી. અર્થાત્ આ ગ્રંથના અંતમા પતાકા શબ્દ આવે છે. અને આ સિવાય અન્ય કોઈ ગ્રંથ તેઓએ પતાકા અંતવાળો રચ્યો હોય એવું ઉપલબ્ધ થતું નથી. (અંતિમ શબ્દ સમાન હોય તેવા ગ્રંથોની રચના અનેક વિદ્વાન મહાપુરૂષોએ કરેલ છે. જેમકે પૂ. મહો. યશોવિજયજી મહારાજે પ્રાપ્ત થતાં ઉલ્લેખો મુજબ 'રહસ્ય' અંતવાળા શતાધિક ગ્રંથોની રચના કરેલ.)

★ સૂરિ પુરંદરશ્રીના ઘણા બધા ગ્રંથોના નામ પરિમાણ સૂચક હોય એવું પણ જોવા મળે છે. જેમકે વિંશતિ વિંશિકા પ્રકરણ - (૨૦-૩૦ ગાથાનો ગુચ્છ) અષ્ટક પ્રકરણ (૮-૮ ગાથાનો ગુચ્છ) ઈત્યાદિ પરંતુ આ ગ્રંથનું નામકરણ તેમાં રહેલ વિષયને આધારે અર્થાત્ જૈન શાસનના મહાન અનેકાંતવાદના નિરૂપણને આધારે થયેલ છે. આમ અનેક રીતે આ ગ્રંથ હરિભદ્રસૂરીશ્વરજી મ.સા.ના સાહિત્યમાં પોતાની નવી જ ભાત ઊભી કરે છે.

સૂરિપુરંદરશ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજની અનેકાંતવાદ વિષય ઉપર ચાર રચનાઓ જોવા મળે છે. અનેકાંત જયપતાકા - અનેકાંતવાદ પ્રવેશ - અનેકાંતસિદ્ધિ - સ્યાદ્વાદ કુચોદ્ય પરિહાર. આ તમામ કૃતિઓ તથા તેમાં આવતા આક્ષેપ - પરિહાર જોતાં જરૂર એવું લાગે છે કે તે સમયે અનેકાંતવાદ ઉપર ખૂબ જ પ્રહારો થતા હશે. અન્યથા સમન્વયવાદી પૂ. આચાર્યશ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ દ્વારા આવી ચાર કૃતિની ખંડન-મંડનાત્મક રચના સંભવિત બને ખરી?

ઉપરોક્ત ચાર કૃતિમાંથી અનેકાંત સિદ્ધિ તથા સ્યાદ્વાદકુચોદ્ય પરિહાર આ બે કૃતિઓ હજુ સુધી પ્રાપ્ત થઈ હોય - પ્રકાશિત થઈ હોય એવું જાણવા મળતું નથી. તેમ છતાંય અનેકાંત જયપતાકા ગ્રંથ દ્વારા પણ આપણે અનેકાંતવાદની જયપતાકા દિગ્-દિગાંતરમાં ફરકાવી શકીએ તેમ છીએ.

આ અદ્ભૂત ગ્રંથ તેમાં આવતા ભિન્ન-ભિન્ન પ્રકારના છ અધિકારોમાં વિભક્ત છે. આ ગ્રંથનું નામ સ્વયં ગ્રંથકારશ્રીએ પ્રદર્શિત કર્યા પછી પણ આચાર્યશ્રીએ સ્વયં તે છ અધિકારોના નામ જણાવ્યા નથી. માત્ર પ્રથમ બે અધિકારોના નામ જ તેમની સ્વોપજ્ઞ વૃત્તિમાંથી જાણવા મળે છે. જેમાં પ્રથમ અધિકારનું નામ છે 'સદ્સદ્રૂપ વક્તવ્યતા' તથા બીજા અધિકારનું નામ છે 'નિત્યાનિત્ય વસ્તુ' ત્યારબાદના અધિકારોના નામ પૂ. આ. શ્રી મુનિચંદ્ર સૂરિકૃત ટીપ્પણકમાં જણાવ્યા મુજબ અનુક્રમે આ પ્રમાણે છે - સામાન્ય વિશેષવાદ, અભિલાપ્ય-અનભિલાપ્યવાદ - યોગાચાર મતવાદ તથા મુક્તિવાદ આમ આ ગ્રંથ છ વિભાગોમાં પથરાયો છે. આચાર્યશ્રીની મંગલ કરવાની શૈલી પણ અદ્ભૂત છે. આ અંગે માત્ર પૂ. આચાર્યશ્રી હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજ જ નહીં તેમના સહિત અન્ય પણ કેટલાંક ગ્રંથકર્તાઓમાં આ પ્રકારની વિશેષતા જોવા મળે છે કે તેઓશ્રી પોતાના ગ્રંથના પ્રારંભમાં ઈષ્ટદેવને નમસ્કાર માટે જ એવા વિશેષણો વાપરે છે કે જેથી તેમાં પ્રતિપાદિત થનાર વિષયનું સૂક્ષ્મ રીતે સૂચન થઈ જાય. મારા દ્રષ્ટિપથમાં આવેલ તેઓની કૃતિના પ્રમાણો આ મુજબ છે. પોતાના ઈષ્ટદેવ પ્રભુ મહાવીર દેવને વંદના કરતા તેમના વિશેષણ રૂપે યોગદ્રષ્ટિ સમુચ્ચયમાં 'અયોગ' અને 'યોગિગમ્યં' એવું વિશેષણ વાપર્યું છે. તો યોગબિંદુમાં 'યોગીન્દ્ર વંદિતં' - ષડ્દર્શન સમુચ્ચયમાં 'સદર્શન' તથા સર્વજ્ઞસિદ્ધિમાં 'અખિલાર્થજ્ઞાતાશ્લિષ્ટમૂર્તિ'

વિશેષણ વાપર્યું છે. આ જ રીતે અનેકાંત જયપતાકા ગ્રંથમાં પ્રભુ મહાવીર માટે 'સદ્ભૂતવસ્તુવાદી' વિશેષણ વાપર્યું છે. આમ મંગલાચરણ સમયે જ વિષયનો નિર્દેશ કરી દેવાની શ્રેષ્ઠ શૈલી તેઓના ગ્રંથોમાં જોવા મળે છે.

વિષયની આ રીતે અદ્ભૂત રજૂઆત કરવા ઉપરાંત આચાર્યશ્રીની પ્રયોજનાદિત્રયને પણ રજૂ કરવાની શૈલી ધ્યાનાકર્ષક છે. અનેકાંત જયપતાકામાં જ તેઓશ્રીએ આદિ શબ્દ દ્વારા પ્રયોજન આદિત્રયનો સમન્વય કરી લીધો છે. (પ્રયોજન - અભિધેય અને સંબંધ આ ત્રણેયને પ્રયોજનાદિત્રયથી ઓળખાય છે.) એટલું જ નહીં આ પ્રથા તત્ત્વાર્થ સૂત્રની ટીકામાં તે ઉપરાંત યોગદ્રષ્ટિસમુચ્ચય અને શાસ્ત્રવાર્તા સમુચ્ચયના પ્રથમ-પ્રથમ શ્લોકમાં પણ જોવા મળે છે. વળી આ મત અંગે શ્રીમાન્ વાચસ્પતિજી, શ્રીમાન્ અનંત વીર્યજી, શ્રીમાન્ પ્રભાચંદ્રજી તથા આચાર્ય શ્રી વાદીદેવ સૂરીશ્વરજી પણ સહમત છે.

અનેકાંત જયપતાકા ઉપર આચાર્યશ્રીએ સ્વયં સ્વોપજ્ઞ વૃત્તિ પણ રચી છે. કિંતુ તેનું નામકરણ આચાર્યશ્રીએ સ્વયં કર્યું નથી. આચાર્યશ્રી મુનિચંદ્રસૂરિકૃત ટીપ્પણકમાં તેને 'અનેકાંત જયપતાકોદ્યોત દીપિકા'' એવા નામથી ઓળખવામાં આવી છે. આ વૃત્તિ આઠ હજાર બસો પચાસ શ્લોક પ્રમાણ છે. એમાં પણ ક્વચિત્ - ક્વચિત્ વચ્ચે પદ્યો આવે છે પરંતુ તે પદ્યો પણ પ્રાયઃ અવતરણ રૂપે જ આવે છે. આથી આ વૃત્તિ જોતાં એમ લાગે છે કે મુખ્ય તથા આ વૃત્તિ ગદ્યમાં જ રચાઈ છે. પ્રસ્તુત વૃત્તિ મૂળ ગ્રંથને જ વિસ્તૃત કરે છે. તથા તેમાં આવતા દ્રશ્ય શબ્દો જેવા કે - ડોંગર, દિક્કરિકા, બોદક વિગેરે શબ્દોની વ્યુત્પત્તિ (અર્થ) જણાવે છે.

સ્વોપજ્ઞ વૃત્તિ ઉપરાંત પૂ. આચાર્યશ્રી મુનિચંદ્ર સૂરીશ્વરજી મહારાજે (જેઓ મળતી માહિતી મુજબ પૂજ્ય આચાર્યશ્રી વાદીદેવ સૂરીશ્વરજી મ.સા.ના ગુરૂદેવ હતા.) પણ અનેકાંત જયપતાકા ગ્રંથ અને તેની સ્વોપજ્ઞવૃત્તિ ઉપર સંસ્કૃતમાં બે હજાર શ્લોક પ્રમાણ ટીપ્પણક રચ્યું છે. આ ટીપ્પણક ગ્રંથના દરેક અંશનું સ્પષ્ટીકરણ કરતું નથી. કિંતુ ગ્રંથના તથા સ્વોપજ્ઞ વૃત્તિના મોટાભાગના કઠિન સ્થળો ઉપર પ્રકાશ પાથરે છે.

આ ગ્રંથ કેટલો મહાન છે તથા તેના અધ્યયનની કેટલી ગહેરી અસર વિદ્વાનોના મન ઉપર પડી છે. એ જાણવા માટે કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજી કૃત 'સિદ્ધહેમ શબ્દાનુશાસન' ૨/૨/૮૭ ની બૃહદવૃત્તિમાં આવતું ઉદાહરણ પણ જીવંત પુરાવો છે. અને તે આ પ્રમાણે છે -

साध्वीखल्यनेकांतजयपताकायाः कृतिराचार्य हरिभद्रस्य हरिभद्रणवा।

ઉપરોક્ત પંક્તિ દ્વારા સ્પષ્ટ જણાય છે કે આ ગ્રંથ માટે આચાર્ય શ્રી હેમચંદ્ર સૂરીશ્વરજી ભગવંતને પણ કેટલો પૂજ્યભાવ અને સન્માન છે.

અનેકાંત જયપતાકાગ્રંથ તથા તેની સ્વોપજ્ઞવૃત્તિ આ બંને કૃતિઓ સંસ્કૃત ભાષાના વ્યાકરણને સંપૂર્ણ અનુરૂપ, બને તેટલું સંક્ષેપમાં અને દુર્ગમ હોવા છતાંય અર્થબોધ કરી શકાય તેવી છે. એટલું જ નહીં તેમાં જોવા મળતી આચાર્યશ્રીની વિચારસરણી પણ સ્પષ્ટ અને તર્કબદ્ધ છે. વાચકોની સુગમતા માટે કેટલીક વાર તેઓ હેતુઓની હારમાળા પણ મૂકી દે છે. તો સુગમતાથી અર્થબોધ થાય તે માટે ઉદાહરણો પણ મૂકે છે. તથા દુર્ગમ વાતોને સરલતાથી જાણી શકાય તે માટે જ ભિન્ન-ભિન્ન પ્રકારના ન્યાયોનો પણ નિર્દેશ કર્યો છે.

હજુ આ અંગે એક પ્રશ્ન જરૂર ઉદ્ભવે કે આવા અદ્ભૂત ગ્રંથની રચના કરવાની પ્રેરણા તેઓને ક્યાંથી મળી હશે ? તેઓ અનેકાંતવાદની મૌલિક ચર્ચા કરવા કયા ગ્રંથને જોઈ ઉત્સાહિત થયા હશે ? આ અંગે ગ્રંથકાર શ્રી સ્વયં પોતાની મૂળકૃતિમાં કે સ્વોપજ્ઞવૃત્તિમાં ઉલ્લેખ કરતાં નથી અને ટીપ્પણકારશ્રી પણ ટીપ્પણકમાં ઉલ્લેખ કરતાં નથી. પરંતુ એમ પણ જણાઈ રહ્યું છે કે સુરિપુરંદરશ્રી પૂર્વે પણ અનેક વિદ્વાનોએ આ અંગેની ગ્રંથ રચના કરી તો હશે જ. કારણ કે અનેકાંતવાદ વધારે નહીં તો પણ ભગવાન મહાવીરના સમયથી જરૂર ચર્ચાનો વિષય આવ્યો છે. વર્તમાનમાં આ અંગેનો પ્રાચીન ગણાતો ગ્રંથ સન્મતિ પ્રકરણ છે. જેના ત્રીજા કાંડમાં આ અંગે વિચારણા થઈ છે. (આથી એમ પણ અનુમાન કરી શકાય કે આચાર્યશ્રીને આ ગ્રંથ રચવાની પ્રેરણા કદાચ તે ગ્રંથમાંથી પણ મળી હોય.) આથી આનું મૂળ સન્મતિપ્રકરણ કે તેના જેવો અન્ય કોઈ ગ્રંથ સંભવી શકે છે.

ગ્રંથમાં અંતમાં જણાવેલ પુષ્પિકા મુજબ આ કૃતિ શ્વેતાંબરીય આચાર્ય શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મ.સા.ની છે એમ સ્પષ્ટ જણાય છે. વળી આ જ રીતે આચાર્યશ્રીએ સ્વયં આવશ્યક સૂત્રની લઘુવૃત્તિની પુષ્પિકામાં તથા શાસ્ત્રવાર્તા સમુચ્ચયના ઉપાન્ત્ય શ્લોકમાં પણ પોતાનું નામ જણાવ્યું છે.

આમ આ રીતે જોતાં અનેકાંત જયપતાકા ગ્રંથ સ્વયં મહાન છે. તેના કર્તા પણ મહાન છે. અને તેનું પઠન-પાઠન કરનારા પણ મહાન છે. તથા વિદ્વાનોના મસ્તિષ્કમાં તેની ગહન અસર ઉભી થાય છે. જે જોતા ચોક્કસપણે એમ કહી શકાય કે આ ગ્રંથ જિનશાસનનો અદ્વિતીય ગ્રંથ છે...

**મુખ્ય આધાર :**

- પ્રભાવક ચરિત્ર
- હરિભદ્રસૂરિ ચરિત્ર
- શ્રી હરિભદ્રસૂરિ
- સિદ્ધહૈમ શબ્દાનુશાસન
- ગુર્વાવલિ ઈત્યાદિ

❑❑❑

# યોગદ્રષ્ટિ સમુચ્ચય - સટીક : ધ્યાનાર્હ સંશોધન - સંપાદન

**આ. શ્રી વિજયશીલચંદ્રસૂરિ શિષ્ય મુનિ ત્રૈલોક્યમણ્ડનવિજય**

*જૈન-જૈનેતર વિદ્વદ જગતમાં ખુબજ આદર અને સ્નેહથી લેવાતું નામ એટલે આચાર્યશ્રી વિજયશીલચંદ્રસૂરિ. શ્રી વિજયનેમિસૂરિ સમુદાયના આચાર્યશ્રી વર્તમાન પ્રબુદ્ધ આચાર્યોમાંના એક છે. જૈન શાસ્ત્રો - આગમોના ઊંડા અભ્યાસી છે. સંસ્કૃત - પ્રાકૃત, જુની ગુજરાતી ભાષા પર અસાધારણ પ્રભુત્વ ધરવતા આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ 'અનુસંધાન' નામક સંશોધન - વિવેચનનું સામયિક પ્રગટ થાય છે. બહુઆયામી વ્યક્તિત્વના સ્વામી આચાર્યશ્રી સારા કવિ, ઉત્તમ વક્તા, ઉમદા લેખક-વિવેચક હોવાની સાથોસાથ જૈન શ્રમણ પરંપરાના એક સંનિષ્ઠ સંવાહક છે.*

મહાન યોગાચાર્ય શ્રી હરિભદ્રસૂરિ વિરચિત યોગગ્રંથો, ભારત વર્ષીય પ્રાચીન યોગસમૃદ્ધિનો આપણને સાંપડેલો અમૂલ્ય વારસો છે. યોગવિષયક મૌલિક વિચારણા, નવલી રજૂઆત, વિવિધ યોગપરંપરાઓનો સરસ સમન્વય વગેરે ઉમદા તત્ત્વો તો આ ગ્રંથમાં છે જ, પણ એથી વધીને આ ગ્રંથોનું મુખ્ય જમાપાસું એ છે કે આના પ્રણેતા સ્વયં યોગમાર્ગના નીવડેલ સાધક છે. તેઓની વાણી અનુભવજન્ય છે. અને માટે જ આ વાણી હૃદયસ્પર્શી આપણને હઠાત્ યોગ માટે પ્રેરે તેવી અનુભવાય છે.

યોગદ્રષ્ટિ સમુચ્ચય એ હરિભદ્રસૂરિજીની કાલજયી રચના છે. કદમાં નાનકડી હોવા છતાં, તેમાં રહેલા ઉચ્ચકોટિના ભાવો અને અન્યત્ર અલભ્ય એવા આઠ યોગદ્રષ્ટિની પ્રરૂપણા દ્વારા કરાયેલા આત્મ-કલ્યાણમાર્ગના વિવેચનને લીધે એ યોગમાર્ગના પથિકોને હંમેશા આકર્ષતી રહી છે.

આ ગ્રંથ અંગે પૂજ્ય ગુરુભગવંત શ્રી વિજયશીલચંદ્રસૂરિજી મ. જણાવે છે કે ''ભગવાન હરિભદ્રસૂરિ મહારાજે આ ગ્રંથ અને તેમાં યોગની આઠ દ્રષ્ટિરૂપ ભૂમિકાઓ આપીને આપણા ઉપર મહાન કરૂણા કરી છે. વિવેકી, જિજ્ઞાસુ તથા આત્માર્થી વ્યક્તિ આ ગ્રંથના અધ્યયન પરિશીલન દ્વારા પોતાની આંતરિક ભૂમિકા કે કક્ષાને અવશ્ય પ્રીછી શકે અને એ રીતે પોતાની પ્રગતિનો માર્ગ અથવા ક્રમ અવશ્ય નક્કી કરી શકે.''

''ભગવાન હરિભદ્રાચાર્યની સમદ્રષ્ટિ અને સમન્વયદ્રષ્ટિનો સુરેખ પરિચય આ ગ્રંથ દ્વારા આપણને પ્રાપ્ત થાય છે. નાનો વિદ્યાર્થી અવસ્થામાં હતો ત્યારે પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી વિજયનન્દનસૂરીશ્વરજીના મુખે અનેકવાર આ ગ્રંથના શ્લોકો અને તેમાંથી પ્રગટતો સમન્વય સાંભળવા મળતા. સાંખ્ય, વેદાન્ત, પાતાંજલ, બૌદ્ધ વગેરે દર્શનોના તત્ત્વજ્ઞાન સાથે આ ગ્રંથમાં વર્ણવ્યા અનુસાર, જૈન તત્ત્વજ્ઞાનનો ક્યાં અને કઈ હદે મેળ સધાય છે - સાધી શકાય છે, તેની વિશદ છણાવટ તે ભગવંતના પ્રતિપાદનોમાં થતી સાંભળવા મળતી. તેઓશ્રી આ ગ્રંથના પરમ ચાહક હતા અને તેમના જીવનમાં જોવા મળતો સાતત્યપૂર્ણ અનાગ્રહભાવ તે આ તથા આવા અન્ય હરિભદ્રીય ગ્રંથોના પરિશીલનતા ફળસ્વરૂપ હતો. તે વાત તે વખતે જ સમજાઈ ગયેલી. ફલતઃ નાનપણથી જ આ ગ્રંથ પ્રત્યે એક પ્રકારનો ખાસ અહોભાવ ચિત્તમાં બંધાઈ ગયેલો.''

આ ગ્રંથની સ્વોપજ્ઞ ટીકા સાથેની તાડપત્ર પોથીના આધારે થયેલી સંશોધિત... સંપાદિત વાચના સં. ૨૦૬૬માં પ્રકાશિત થઈ. આમ તો આ પૂર્વે આ ગ્રંથ અનેકવાર પ્રકાશિત થઈ ચૂક્યો છે. એના પર અનેક વિવેચનો પણ લખાયાં છે. છતાં પણ આ ગ્રંથનું ફરી એક વાર પ્રકાશન થયું તે બાબત આશ્ચર્ય ઉપજાવે તે સ્વાભાવિક છે. અને તેથી જ આ લેખમાં આ પ્રકાશનની જરૂરિયાત, આ વાચનામાં અપનાવેયલી સંપાદનપદ્ધતિ, આ પ્રકાશનની ધ્યાનર્હતા વગેરે જણાવવા પ્રયત્ન કરેલ છે.

**આ પ્રકાશનની જરૂરિયાત :-**

વિ.સં. ૨૦૬૫ ના ચાતુર્માસ દરમિયાન પૂજ્ય ગુરુભગવંત આ.શ્રી. શીલચંદ્રસૂરિજી મ. પાસે યોગદ્રષ્ટિ સમુચ્ચયનું અધ્યયન કરવાનું થયું. આ વખતે અમારી પાસે બે મુદ્રિત વાચના હતી. (૧) દિવ્યદર્શન ટ્રસ્ટ દ્વારા હરિભદ્રયોગભારતીમાં પ્રકાશિત (૨) Prof. K. Sauli દ્વારા સંપાદિત અને દેવચંદ્ર - લાલભાઈ - ફન્ડ દ્વારા પ્રકાશિત આ બન્ને વાચના ઓછેવત્તે અંશે સંશોધનાર્હ હતી. ગુરુભગવંતે કેટલુંક સંશોધન બન્ને વાચનાની મેળવણી દ્વારા તો કેટલુંક સ્વયંપ્રજ્ઞાથી કરેલું હતું, પરંતુ હજુ પણ કેટલાંક સ્થળે અર્થસંગતિ નહોતી થતી. પાઠની પ્રામાણિકતા પ્રત્યે સન્દિગ્ધતા રહેલી હતી. આ સંજોગોમાં ગુરુભગવંતને પ્રાચીન પ્રત જોડે મુદ્રિત વાચનાને મેળવી જોવાનું મન થયું અને સદ્ભાગ્યે વિદુષી સાધ્વી શ્રી ચન્દનબાલાશ્રીજીના સહયોગથી યોગદ્રષ્ટિસમુચ્ચય - સટીકની વિ.સં. ૧૧૫૬ માં લખાયેલી તાડપત્ર પ્રતિ (ખંડિત) અને સંભવતઃ ૧૬ મા સૈકાની કાગદપ્રતિ પ્રાપ્ત થઈ.

તાડપત્ર પ્રતિ ઉપલબ્ધ પ્રતિઓમાં સૌથી પ્રાચીન છે. પાટણમાં સોલંકી રાજા કર્ણદેવના શાસનમાં, મહાઅમાત્ય મુંજાલના પાડામાં રહીને લખાઈ છે. આ પ્રત અત્યંત શુદ્ધ વાચના ધરાવે છે.

આ પ્રતો સાથે મુદ્રિત વાચનાને મેળવી જોતાં પૂર્વે કરેલું સંશોધન તો પ્રમાણિત થયું જ, પણ ડગલે ને પગલે નવા શુદ્ધ

પાઠ જડતા ગયા. સાથે ને સાથે ઘણી જગ્યાએ નવો પાઠ ઉમેરવાનો થયો. કેટલાક સામાન્ય ભાષાકીય ફેરફારવાળા પાઠોને ધ્યાનમાં ન લઈએ તો પણ ગ્રંથના ભાવોના સ્પષ્ટીકરણ માટે અનિવાર્ય ગણાય તેવાં શુદ્ધિસ્થાનો ઘણાં હતા. મુદ્રિત અશુદ્ધ કે ખંડિત પાઠને આધારે થયેલું વિવેચનગત્ અર્થઘટન, ગ્રંથકારના કથયિતવ્યથી ઘણું જુદું પડતું જણાયું. આ પછી તો અભ્યાસીઓ સુધી શુદ્ધવાચના પહોંચાડવાનું મન થાય એ તદ્દન સ્વભાવિક હતું. એ ઈચ્છા જ પ્રસ્તુત પ્રકાશનની જનની બની.

વિ.સં. ૨૦૬૬ નું વર્ષ આગમ પ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી મ.ની દીક્ષા શતાબ્દીનું વર્ષ હતું. તેની ઉજવણીના ઉપલક્ષ્યમાં તે મહાપુરુષની રૂચિ અને કાર્યોને અનુરૂપ કશુંક કરવું અને તે રીતે વાસ્તવિક ઉજવણી કરવી એવો અધ્યવસાય ગુરુભગવંતના ચિત્તમાં જાગ્યો. તે અધ્યવસાયનું જ સ-રસ પરિણામ એટલે પ્રસ્તુત સમ્પાદન.

**સમ્પાદન - પદ્ધતિ :-**

આ વાચનાના સમ્પાદનમાં મુખ્યત્વે ત્રણ વસ્તુઓ પર ભાર મૂકવામાં આવ્યો છે. (૧) પાઠ સંશોધન (૨) વ્યવસ્થિત મુદ્રણ (૩) ગ્રંથની ઉપાદેયતામાં વૃદ્ધિ.

પાઠ સંશોધન - પ્રાચીન લિપિના કેટલાક અક્ષરોના તેનાથી તદ્દન જુદા એવા અત્યારના અક્ષરો સાથેના સરખાપણાને લીધે ઘણીવાર ભ્રમપૂર્ણ વાંચન અને તેને પરિણામે ભ્રામક પાઠો સર્જાતા હોય છે. એમાં પણ જ્યારે સર્જાતા ભ્રામક પાઠની સંગતિ કોઈક રીતે કરવી શક્ય હોય ત્યારે તો એમાંથી બચવું મુશ્કેલ બની રહે છે. આનું એક ઉત્તમ ઉદાહરણ શ્લોક-૧૦ ની ટીકામાં જોવા મળ્યું. આમાં ટીકાકારે સમ્યક્ત્વની વ્યાખ્યા કરતાં પ્રશમાદિ સમ્યક્ત્વના લિંગોના વર્ણનનું તત્ત્વાર્થભાષ્યગત વાક્ય ઉદ્ધત કર્યું છે. અને પછી સ્પષ્ટતા કરી છે કે પ્રશમ-સંવેગ-નિર્વેદ એ રીતે સમ્યક્ત્વના લિંગોનું કથન પ્રાધાન્યની અપેક્ષાએ જ છે. લિંગોની પ્રાપ્તિ તો આસ્તિકાય - અનુકંપા - નિર્વેદ એમ પશ્ચાનુપૂર્વીએ થાય છે. આ માટે વાક્ય છે - 'यथाप्रधान्यमयमुपन्यासो लाभश्च पश्चानुपूर्व्या' આમાં 'ला'ને બદલે 'चा' પણ વાંચી શકાય તેમ હોવાથી અને પ્રાચીન 'भ' અને આજના 'रु' વચ્ચે કોઈ જ તફાવત નહીં હોવાથી વાંચવામાં આવ્યું 'चारुश्च पश्चा'. પછી આગળ 'च' હોય તો વિસર્ગનો 'ओ' થવો સંભવિત નહીં હોવાથી પાઠ સુધારવામાં આવ્યો. 'ऽन्यासः चारुश्च पश्चा' આ પાઠને અનુસારે લખાયેલા વિવેચનોમાં આ ક્રમની ચારુતા અને પ્રાધાન્યપેક્ષી ક્રમની અચારુતા પણ પ્રતિપાદિત કરવામાં આવી! સંશોધકોએ 'न्यास आचारश्च पश्चा' એવો પાઠ પણ સૂચવ્યો!! વાત ક્યાંની ક્યાં પહોંચે છે!

ઘણીવાર આપણી આંખ અલ્પપરિચિત શબ્દને સ્થાને સમાનતા ધરાવતો અને વાક્યમાં સંગત થઈ શકતો અતિપરિચિત શબ્દ વાંચી લે છે. અને જો એવું વ્યાપકપણે બને તો મૂળ શબ્દનું સ્થાન એ હદે જોખમાય છે કે કાલક્રમે આવો શબ્દ અહીં હોવો જોઈએ એવી સંભાવના પણ કોઈને નથી લાગતી. જેમકે શ્લોક ૪૭ ની ૩-૪ પંક્તિ - 'चित्रा सतां प्रवृत्तिश्च, साऽशेषा शायते कथम्?' આમાં 'साऽशेषा' ના સ્પષ્ટીકરણ માટે ટીકા છે - 'तदन्यापोहतः' હવે ઉપરોક્ત પંક્તિઓનું વિવેચન કરવાનું થાય ત્યારે 'तदन्यापोहतः' શબ્દને નજરઅંદાજ કરીને અર્થ કરવામાં આવે છે : 'મુનિઓની ચૈતન્યવન્દનાદિ વિવિધ પ્રવૃત્તિઓ સમગ્રપણે કઈ રીતે જાણી શકાય?' આ અર્થમાં બે અસંગતિ છેઃ

(૧) 'अशेष'નો અર્થ 'साकल्येन' થાય નહીં કે 'तदन्यापोहतः',

(૨) તારા જેવી પ્રારંભિક કક્ષાની દ્રષ્ટિમાં સમગ્ર સત્પ્રવૃત્તિના જ્ઞાનનું પ્રયોજન પણ નથી. હવે તાડપત્રીય પાઠ જુઓ - 'सा ध्येषा ज्ञायते कथम्?' આમાં 'हि = एव = तदन्यापोहतः' પણ સંગત્ થઈ જાય છે અને તારાદ્રષ્ટિને ઉચિત તાત્ત્વિક અર્થઘટન પણ તારવી શકાય છે કે - મુનિઓની પ્રવૃત્તિઓ ચૈત્યવન્દનાદિ વિવિધ પ્રકારની હોય છે. માટે एषा = આ પ્રવૃત્તિ = પ્રસ્તુત सा हि - મુનિઓને માન્ય જ હશે, અમાન્ય નહીં હોય, તેવું કઈ રીતે જાણી શકાય? આવી તારાદ્રષ્ટિવાળા જીવની વિચારણા હોય છે. 'ध्येषा' ને બદલે 'शेषा' વાંચવાથી ઊભી થયેલી ભાવિ ગ્રંથકારના આશયથી આપણને કેટલી દૂર લઈ જાય છે.

સંશોધકોની સંશોધનદ્રષ્ટિ પ્રાયઃ ઉપકારક જ બની રહે છે. પણ પ્રાયઃ શબ્દ સૂચવે છે તેમ કોઈકવાર હાનિકારક પણ થાય છે. શ્લોક ૮૨ માં મૂલપાઠ હતો - 'आत्मानं पान्सयन्त्येते' જડ લોકો પાપરૂપી ધૂળથી આત્માને ખરડે છે - એવો એનો ભાવ હતો. હવે હસ્તલિખિતમાં 'ન'નો અનુસ્વાર લખાતો હતો. 'पांसयन्त्येते' આમાં જો કોઈક કારણે અનુસ્વાર ન વંચાય તો 'पासयन्त्येते' વંચાતું હતું. જે સ્વાભાવિક રીતે સંશોધકોને સંશોધન માટે પ્રેરે તેમ હતું. હસ્તપ્રતોમાં સામાન્યતઃ 'श' અને 'स' વચ્ચે અરાજકતા પ્રવર્તતી હતી. તેથી અહીં પણ એમ જ હશે એવું સમજી 'पाशयन्त्ये' એમ સુધારવામાં આવ્યું. 'आत्मानं पाशयन्त्ये' એ વાક્યનો 'આત્માને બંધનગ્રસ્ત બનાવે છે' એમ અર્થ પણ બેસાડી દેવામાં આવ્યો. આ સંશોધને 'पान्सयन्ति' સુધી પહોંચવાની સંભાવનાને પણ નષ્ટ કરી નાંખી. આશ્ચર્યની વાત તો એ છે કે આજે પણ આ પંક્તિનું 'આત્માને પાપરૂપી ધૂળથી જડ લોકો બાંધે છે' એવું ધરાર વિવેચન કરતી વખતે એ પણ નથી વિચારવામાં આવતું કે ધૂળથી બાંધી કઈ રીતે શકાય?

પાઠ નક્કી કરતી વખતે તર્કબદ્ધ વિચારણા અને અન્ય ગ્રંથોના સંદર્ભ પર પણ આધાર રાખવાનો થયો. શ્લોક ૧૭૮ પંક્તિ ૩ 'सात्मीकृतप्रवृत्तिश्च' જોઈએ કે 'सात्मीभूतप्रवृत्तिश्च' એ પ્રશ્ન થયો? 'कृ' અને 'भू' બંને વાંચી શકાય તેમ હોવાથી નક્કી કરવું મુશ્કેલ હતું. હવે આ પંક્તિ 'असङगानुष्ठान' નામના શ્રેષ્ઠતમ યોગને વરેલા યોગીની ધર્મપ્રવૃત્તિ કેવી હોય તે જણાવે છે અને એના સ્પષ્ટીકરણ

માટે ટીકામાં 'चन्दनगन्धन्याय' અપાયો છે. વિચાર એ આવ્યો કે ચંદનમાં ગંધ આત્મસાત્ જ હોય કે એ ગંધને આત્મસાત્ કરે? સ્પષ્ટ છે કે ચંદનમાં ગંધ આત્મીભૂત જ હોય અને તેથી પાઠ પણ 'सात्मीभूतप्रवृत्तिश्च' જોઈએ. ષોડશકમાં પણ 'सात्मीभूत' શબ્દ મળ્યો (૧૦.૭) એથી એને જ સ્વીકાર્યો.

શ્લોક ૧૭૦ અને ૧૭૩ માં ટીકાનો પાઠ મૂળમાં ઘૂસી ગયો હતો તેને કાઢી મૂળ શબ્દો યથાસ્થાને ગોઠવવાનું પણ તાડપત્રના આધારે શક્ય બન્યું. શ્લોક ૮ ની ટીકામાં પ્રાતિમજ્ઞાનને અન્ય દર્શનીઓ પણ નામાન્તરે સ્વીકારે છે એ જણાવતાં એક નામ 'नितीरण' આવ્યું છે. આ 'नितीरण' શબ્દ કયા દર્શનનો છે તે ખ્યાલ નહીં આવવાથી એ અશુદ્ધ હશે એમ સમજી એના 'निरीक्षण, तीरण' સુધારા સૂચવાયા છે. તાડપત્રમાં આ શબ્દ પર 'बौद्धानाम्' એવી ટિપ્પણી મળી અને 'नितीरण' શબ્દ જ સાચો હોવાની પ્રતીતિ થઈ. એથી આનંદ આનંદ થઈ ગયો. આવા આનંદપૂર્ણ અનુભવો તો ઘણા થયા પણ બધાને અહીં વર્ણવવાની જગ્યા નથી. એક વાતની ખાતરી છે કે સંપાદનને માણનારાને પણ એવા જ અનુભવ થયા વગર નહીં રહે.

એક વાતની સ્પષ્ટતા જરૂરી છે કે તાડપત્રાવા ભિન્ન પાઠોને યુક્તતા ચકાસ્યા પછી જ સ્વીકારવામાં આવ્યા છે. જ્યાં મુદ્રિત પાઠ જ વધુ ઉપયુક્ત લાગ્યો ત્યાં મુદ્રિત પાઠને જ ઉપર રાખી તા. પાઠને ટિપ્પણમાં મૂકવામાં આવ્યો છે. જ્યાં મુ.પાઠ પણ તા.પાઠની જે ધ્યાનાર્હ લાગ્યો ત્યાં મુ.પાઠ ટિપ્પણમાં આપ્યો છે. અભ્યાસીઓની સુવિધા માટે તમામ સંશોધિત પાઠોની એક સૂચિ પણ મૂકવામાં આવી છે.

**વ્યવસ્થિત મુદ્રણ** – આમાં વિરામચિન્હ, અવગ્રહ, અવતરણચિન્હ વ.ની યોજના અને ગ્રંથપ્રતીક, અવતરણિકા, ઉદ્ધરણ વ.ના વિભાગનો સમાવેશ થાય છે. આ બધી બાબત સ્વયં ભલે નાની લાગે, પણ એને લીધે અર્થબોધમાં ઘણીવાર મોટો ફરક પડી જાય છે. દા.ત. શ્લોક ૧૫૧ નું અવતરણિકા વાક્ય શ્લોક ૧૫૮ ની ટીકાના અંતિમવાક્ય તરીકે મુદ્રિત થયું છે. આ વાક્યનો ૧૫૮ મા શ્લોક સાથે મેળ ગોઠવવો શક્ય જ નથી. છતાં વર્ષોથી એમ જ છપાતું આવ્યું છે. શ્લોક ૯૮ ટીકામાં 'प्रेक्षावान्' માટે પ્રયોજાયેલા શબ્દ 'यथाऽऽलोचितकारिणां' ની જગ્યાએ 'यथा लोचितकारिणां' એવો મુદ્રિત પાઠ કેટલો જુદો અર્થ દર્શાવે છે.

વિરામચિન્હોની અસ્તવ્યસ્તતા કેટલી મુશ્કેલી સર્જે તેનું એક શ્રેષ્ઠ ઉદાહરણ શ્લોક ૯૪ ની ટીકામાં જોવા મળ્યું. મુદ્રિત પાઠ આવો હતો - 'कोशपानं विना ज्ञायोपायो नाऽस्त्यंत्र = स्वभावव्यतिकरे युक्ति = शुष्कतर्क - युक्त्या। कश्चिदपरो दृष्टान्तोऽप्यस्याऽर्थस्योपोद्वलको विद्यते नवेत्याह - विप्रकृष्टो' આનો અર્થ સમજવામાં બહુ મુશ્કેલી પડી હતી. એક તો પહેલા કોઈ દ્રષ્ટાંત અપાયું જ નથી. તો અપર દ્રષ્ટાંત કેવી રીતે કહેવાય? બીજું મૂળ શ્લોકમાં આવેલો 'यतः' શબ્દ અહીં દ્રષ્ટાંત ફક્ત નિદર્શન માટે નહીં પણ હેતુ તરીકે છે એમ સૂચવતો હતો. જ્યારે ઉપર મુજબ તો એનું અવતરણ ફક્ત નિદર્શન માટે થતું હતું. પ્રશ્નોત્તરની આ રીત પણ અયોગ્ય છે એમ ન્યાયનો સામાન્ય અભ્યાસી પણ કહી શકે તેમ હતું. આ માટે તાડપત્રમાં જોયું તો મૂંઝવણ ઘટવાને બદલે ઓર વધી કારણકે એમાં 'विद्यते एवेत्याह' હતું, જે સૂચવતું હતું કે 'विद्यते नवेत्याह' એ અર્થની અણસમજને લીધે કરવામાં આવેલો સુધારો હતો. હવે તો 'कश्चिदपर' પણ કઈ રીતે જોડવું એ પ્રશ્ન બન્યો. બહુ મથામણ કરી ત્યારે અચાનક ઝબકારો થયો કે પાઠ આમ હોવો જોઈએ. 'कोशपानं विना ज्ञायोपायो नाऽस्त्यंत्र = स्वभावव्यतिकरे युक्तितः = शुष्कतर्क - युक्त्या। कश्चिदपरः। दृष्टान्तोऽप्यस्याऽर्थस्योपोद्वलको विद्यते एवेत्याह विप्रकृष्टो' આમ વિરામચિન્હોની ગોઠવણ બદલવા માત્રથી બધી મૂંઝવણ ટળી જાય છે તે સ્વયં સમજાય તેવું છે. વ્યવસ્થિત મુદ્રણ વિદ્યાર્થીનો અડધો શ્રમ ઓછો કરી નાંખે છે તે જાત અનુભવની વાત છે અને અહીં માટે જ એના પર આટલો ભાર મૂકવામાં આવ્યો છે.

**ગ્રંથની ઉપાદેયતામાં વૃદ્ધિ :-**

યોગદ્રષ્ટિમાં વિષયનિરૂપણ એ રીતે છે કે એકમાંથી બીજા અને બીજામાંથી ત્રીજા વિષયમાં પ્રવેશ થતો રહે. એટલે ઘણીવાર એવું બને કે વિદ્યાર્થીને સમજણ જ ન પડે કે આ વિષયનો મૂળ વિષય સાથે કયો સંબંધ છે? આ મૂંઝવણ ટાળવા વિસ્તૃત વિષયાનુક્રમ મૂકવામાં આવ્યો છે.

અભ્યાસીઓની સુવિધા માટે (૧) મૂલપાઠ (૨) શ્લોકાનુક્રમણિકા (૩) ઉદ્ધતપાઠ સૂચિ (૪) વિશેષનામ સૂચિ (૫) વિશિષ્ટવિષયસૂચિ (૬) દ્રષ્ટાન્તાદિ સૂચિ (૭) વિશિષ્ટશબ્દસૂચિ (૮) પારિભાષિક શબ્દસૂચિ (૯) સંશોધિતપાઠસૂચિ - એવાં નવ પરિશિષ્ટો મૂકવામાં આવ્યા છે. આમાં ૭-૮ પરિશિષ્ટ અંગે થોડુંક કહેવું જરૂરી લાગે છે. શ્રી હરિભદ્રસૂરિજીના વાઙ્મયની ભાષા, શૈલી, વિષય- પસંદગી વગેરે તમામ પાસાં પર બૌદ્ધદર્શનની ઊંડી અસર જણાય છે. તેઓએ લલિતવિસ્તરાદિ ગ્રંથોમાં જે રીતે બૌદ્ધોનો સબળ પ્રતીકાર કર્યો છે તે જોતાં બૌદ્ધ ગ્રંથોનું ગંભીર અધ્યયન તેઓએ કર્યું હશે તે પ્રતીત થાય છે. લાગે છે કે તે દરમિયાન બૌદ્ધદર્શનની યોગસંબંધિત પરિભાષા, વિચારણા અને પ્રરૂપણાથી તેઓ અવશ્ય પ્રભાવિત થયા હશે. અને તેને લીધે તેઓના યોગસાહિત્યમાં એવા કેટલાય પદાર્થો અને શબ્દો જોવા મળે છે કે જે સામાન્યતઃ જૈન દર્શનમાં પ્રચલિત નથી અને બૌદ્ધદર્શનમાં તે પ્રચલિત હોવાનું લાગે છે. જેમકે 'શ્રધ્ધા' માટે પ્રયોજેલો 'अधिमुक्ति' શબ્દ આ ઉપરાંત અન્ય યોગધારાઓના તત્ત્વો - શબ્દો પણ તેઓની પ્રરૂપણામાં સમાયા છે. વળી કેટલાંક તત્ત્વોની જેમ કેટલાક શબ્દો પણ પ્રતિભાનો ઉન્મેષ છે. યોગદષ્ટિ માં પ્રયોજેલા આવા વિશિષ્ટ શબ્દોની ટીકામાં તેઓએ તે શબ્દોના પર્યાયો આપ્યા છે. કેટલાક

પ્રચલિત જૈન શબ્દો અને વિશિષ્ટ શબ્દોની વિશિષ્ટ વ્યાખ્યા પણ આપી છે. આ શબ્દોના આધારે વિવિધ યોગધારાઓના પરસ્પર આદાનપ્રદાન અને સમન્વય વિશે સરસ સંશોધન થઈ શકે તેમ હોવાથી તેવા શબ્દોની સૂચિ બનાવવામાં આવી છે. ૭ મા પરિશિષ્ટમાં વિશિષ્ટ શબ્દ અને તેના પર્યાય શબ્દ મૂકવામાં આવ્યા છે. જ્યારે ૮ મા પરિશિષ્ટમાં જેની વિશિષ્ટ વ્યાખ્યા કરવામાં આવી છે તેવા શબ્દો મૂકવામાં આવ્યા છે, જેમાં મહંદશે જૈન પારિભાષિક શબ્દોની સાથે કેટલાક વિશિષ્ટ શબ્દોનો પણ સમાવેશ થાય છે. અન્ય ગ્રંથોમાં પ્રયોજાયેલા આ શબ્દોનું અર્થઘટન સુગમ બને તે પણ આ સૂચિઓનો આડફાયદો છે.

**આ પ્રકાશનની ધ્યાનાર્હતા :**

આમ તો કોઈ પણ ગ્રંથની સંશોધિત વાચના ધ્યાનાર્હ જ હોય છે પણ આની ધ્યાનાર્હતા માટે એટલું લખવું પડે કે આ ગ્રન્થ મહદ્અંશે વિવેચનોના આધારે જ ભણાય છે- ભણાવાય છે. અને આ ભણનારાઓ કે ભણાવનારાઓ મૂળ ગ્રંથને જોવા-વાંચવા લગભગ ટેવાયેલા નથી હોતા એટલે કે મૂળ ગ્રંથને લગતું ગમે તે કામ કરવામાં આવે. એ લોકોને કશો ફેર નથી પડતો. અને એટલે જ આ સંશોધિત વાચનાને અનુસારે વિવેચનોમાં યથોચિત પરિવર્તન કરવા પ્રેરણા કરવી જરૂરી લાગે છે.

એક વાતની સ્પષ્ટતા કરવાની કે પોતાની સામે અશુદ્ધ પાઠ હોવા છતાં પ્રબુદ્ધ વિવેચકો જે હદે સાચા અર્થઘટન સુધી પહોંચ્યા છે તે નવાઈ પમાડે તેવું છે તેમાં બે મત નહીં. શ્લોક ૭૩ માં 'તથાऽપ્રવૃત્તિબુધ્દ્યાऽપિ' એવો અશુદ્ધ પાઠ અને તેની ખંડિત ટીકાને આધારે થયેલું વિવેચન કેટલું પરિવર્તનીય છે તે સંશોધિત પૂર્ણપાઠને જોયા પછી સ્વતઃ સમજાય તેવું છે. શ્લોક ૩૨ માં 'સર્વત્રૈવ' નો 'દીનાદૌ' અર્થ ભલે સંગત થઈ જતો હોય પણ હરિભદ્રસૂરિજી 'હીનાદૌ' થી જે સૂચવવા માંગે છે તે કેટલું મહત્વપૂર્ણ છે. ટૂંકમાં યોગદષ્ટિસમુચ્ચયના તમામ અભ્યાસીઓએ આ સંપાદન અવશ્ય ધ્યાન પર લેવા જેવું છે.

લેખ માટેના આમંત્રણ પત્રમાં એક વાત તેના અભ્યાસ માટેની પૂર્વ સજ્જતા, અભ્યાસીની પાત્રતા કેવી હોવી જોઈએ અને ગ્રંથગ્રંથિભેદન માટે અભ્યાસીએ શું કરવું - એ અંગે પણ લખવાની હતી. આ સંબંધે ગુરુ ભગવંત શ્રી વિજયશીલચન્દ્રસૂરિજી મહારાજે પ્રસ્તુત સંપાદનની ભૂમિકામાં લખેલા નીચેના શબ્દો પર્યાપ્ત માર્ગદર્શન આપી શકે તેમ છે - 'આત્મસાધક સંત મુનિરાજ શ્રી અમરેન્દ્રવિજયજીને એક પત્રમાં મેં વિજ્ઞપ્તિ કરેલી કે 'યોગદ્રષ્ટિ' વિષે આપ કાંઈક પ્રકાશ પાથરો; આપ યોગસાધક-યોગી છો અને આ વિષય પર કલમ ચલાવવાને અધિકારી છો; આપ લખશો તો અમારા જેવા બાળ જીવોની જિજ્ઞાસા સંતોષાય.' આ માગણીના જવાબમાં મહારાજશ્રીએ લખેલું : 'હું આ વિષય પર લખવા માટેનો અધિકાર હજી પામ્યો નથી.'

આ જવાબ ઉપરથી એટલું વિષય કેટલો ગહન અને ગંભીર છે ! સંસ્કૃત વાંચતા આવડી જાય કે આવા ગ્રંથોનું અધ્યયન - વાંચન કરી લેવાય તેટલા માત્રથી આના પર વિવેચનો - પ્રવચનો કરવા માંડીએ તો તે અનધિકાર ચેષ્ટા જ બની રહે.

મને એ પણ સાંભરે છે કે ધ્યાનવિષયક કોઈ વિવેચન - ગ્રંથ વિષે મેં તેઓશ્રીને જણાવેલ અને તે પુસ્તક તેઓશ્રીને મોકલવા લખેલું ત્યારે તેમણે મને સ્પષ્ટ લખ્યું હતું કે 'અનુભવજ્ઞાન વિનાના કોરા શાબ્દિક વિવેચનમાં મને રસ નહિ પડે; માટે તે ગ્રંથ મોકલવો નહિ.'

યોગ, યોગની ૮ દ્રષ્ટિઓ, યોગદ્રષ્ટિસમુચ્ચય ગ્રંથ - આ બધા રહસ્યમય અને અર્થગંભીર છે, તેનો ખ્યાલ મને આ જવાબો થકી સુપેરે આવેલો છે, એટલે એ બધા વિષયો પરત્વે કશુંક લખવાની, અહીં લેશ પણ તૈયારી કે ઉત્સુકતા નથી.

અંતે, આ પુસ્તકના પ્રતિભાવરૂપે વિદ્વાન મુનિરાજ પૂજ્ય શ્રી ધુરંધર વિજયજી મ.એ લખેલા પત્રનો કેટલોક અંશ ઉદ્ધૃત કરીશ કે જેમાં ઘણું બધું સમાઈ જાય છેઃ યોગદ્રષ્ટિ મળ્યું, સરસ કાર્ય કર્યું... જે વ્યક્તિ ગીતાર્થ નથી, છેદના જ્ઞાનથી પૂરા માર્ગના ઉત્સર્ગ - અપવાદ જાણ્યા નથી. તે આ ગ્રંથોનો ઉપયોગ શ્રોતાઓને હતાશ થઈ જાય તેવા જ વિચાર-પ્રવચન ફેલાવવામાં કરે છે. આ યોગગ્રંથો પૂર્વગતશ્રુતના અંશો છે. આના ઉપર અધિકારી વ્યક્તિ સામે વાચના થઈ શકે. વ્યાખ્યાનમાં તો બાલજીવોની અધિકતા હોવાથી આ ગ્રંથો ના લેવા જોઈએ એવું મારું માનવું છે. અશુદ્ધ ગ્રંથોના આધારે અશુદ્ધ પ્રરૂપણા થાય તેનું માર્જન કોણ કરશે ?

★★★

ગ્રંથ : योगद्रष्टिसमुच्चयः सटीकः

કર્તા : શ્રી હરિભદ્રસૂરિજી

સં. : આ. શ્રી શીલચંદ્રસૂરિજી

પ્ર. : જૈનગ્રંથ પ્રકાશન સમિતિ - ખંભાત ૨૦૬૬

પ્રાપ્તિ : સરસ્વતી પુસ્તક ભંડાર, ૧૧૨, હાથીખાના, રતન પોળ, અમદાવાદ - ૧.

❑❑❑

શ્રી બકુલભાઈ ગાંધીએ ખુબ જ પ્રયત્ન કરી પ્રબુદ્ધ જીવનનો યોગ વિશેષાંક ગુજરાતના મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સુધી પહોંચાડયો અને તેમનો સદ્ભાવ પ્રગટ કરતો પત્ર મળ્યો છે. શ્રી બકુલભાઈનો ખુબ ખુબ આભાર.

તંત્રી

# શાન્તિનું રસગાન અને રસપાન

**(શાન્તસુધારસ - સંપુટ સંદર્ભે) - આચાર્યશ્રી વિજયશીલચંદ્રસૂરિ**

*જૈન-જૈનેતર વિદ્વદ જગતમાં ખુબજ આદર અને સ્નેહથી લેવાતું નામ એટલે આચાર્યશ્રી વિજયશીલચંદ્રસૂરિ. શ્રી વિજયનેમિસૂરિ સમુદાયના આચાર્યશ્રી વર્તમાન પ્રબુદ્ધ આચાર્યોમાંના એક છે. જૈન શાસ્ત્રો - આગમોના ઊંડા અભ્યાસી છે. સંસ્કૃત - પ્રાકૃત, જુની ગુજરાતી ભાષા પર અસાધારણ પ્રભુત્વ ધરાવતા આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ 'અનુસંધાન' નામક સંશોધન - વિવેચનનું સામયિક પ્રગટ થાય છે. બહુઆયામી વ્યક્તિત્વના સ્વામી આચાર્યશ્રી સારા કવિ, ઉત્તમ વક્તા, ઉમદા લેખક-વિવેચક હોવાની સાથોસાથ જૈન શ્રમણ પરંપરાના એક સંનિષ્ઠ સંવાહક છે.*

સાહિત્ય આપણા જીવનનું પ્રતિબિંબ છે.

જીવનનો અર્થ સમજાવે છે તે સાહિત્ય. જીવનને અર્થ આપે તે સાહિત્ય.

જે સાહિત્ય જીવનમાં ઉપયોગી નથી બનતું અને જીવનનો ઉપયોગ નથી શીખવતું તેને સાહિત્ય લેખે સ્વીકારવાની, આપણી - ભારતીય - પ્રણાલિકા ના પાડે છે.

આમ, જીવન સાથે અનુબંધ ધરાવતાં સાહિત્યના - સાહિત્યશાસ્ત્રના મરમીઓએ, જીવનમાં અનુભવમાં આવતી વિવિધ વૃત્તિ - પ્રવૃત્તિઓને આઠ રસોમાં વહેંચી કે ગોઠવી આપી છે. એ ૮ રસના નામ આ પ્રમાણે : શૃંગારરસ, વીરરસ, કરુણરસ, અદ્‌ભૂતરસ, હાસ્યરસ, ભયાનકરસ, બીભત્સરસ અને રૌદ્રરસ.

ભારતીય સાહિત્ય - દ્રષ્ટિનો વ્યાપ આમાં જોવા જેવો છે. અહીં જીવનના ઉલ્લાસને પ્રવર્તાવતા શૃંગારને તો રસનો દરજ્જો આપ્યો જ છે, પણ એની સાથે સાથે જુગુપ્સાને પણ રસ ગણાવી છે અને આક્રન્દને તેમજ ક્રૂરતાને પણ રસ લેખાવાય છે. જીવનને તેની વિશાલતામાં તે પણ સહૃદયતાથી નિહાળવાની આવી દ્રષ્ટિ, કદાચ ક્યાંય નહિ જડે.

જીવનના વિવિધ તબક્કે, મનુષ્યમાત્ર, આ નવેનવ રસોને માણતો હોય છે આને 'રસ' કહેવાય, 'રસાનુભૂતિ' ગણાય, એવું જ્ઞાન કે સમજ ન હોય તેવો માણસ પણ, આ તમામ રસોમાં ઓતપ્રોત થઈને તેને માણે છે, એ નિશ્ચિત છે.

પણ, ગમે તેવો રસિયો, રસિકતાથી છલકાતો માનવી પણ, છેવટે તો થાકે છે. રસ ગમે તેટલો મીઠો હોય, પરંતુ તે કેટલો માણી શકાય? ક્યાં સુધી માણી શકાય? છેવટે તો તેના ઊબકા આવે જ; તેનાથી થાક લાગે જ; તેના પ્રત્યે ધૃણા નહિ તોય અરુચિ તો જાગવાની જ.

થાકવું એટલે નીરસ બનવું. થાકેલા માણસને પછી એકેય રસનું આકર્ષણ ન રહે, મળવા અને ભોગવવા છતાં ભીતરથી એક જાતની ચીતરી જ ચડવા માંડે, ત્યારે ખ્યાલ આવે કે 'હું હવે નીરસ થઈ ગયો છું; મને કશામાં રસ નથી પડતો.' એટલે તેને રસમય પદાર્થો જ નહિ, પોતાનું મૂલ્યવાન જીવન પણ અણગમતું - અળખામણું લાગવા માંડે છે. એ હતાશામાં સરી પડે છે અને જીવનનો અર્થ ખોઈ બેસે છે.

આવી પરિસ્થિતિ, એક યા બીજી રીતે, પ્રત્યેક મનુષ્યના જીવનમાં આવતી જ હોય છે. એવી સ્થિતિમાં, માણસ પડી ભાંગે કે તૂટી પડે ત્યારે તેનો ઉગારો શો? એવું કયું પરિબળ છે કે જે પડી ભાંગેલા કે તૂટી પડતા માણસને જાળવી લે?

આનો જવાબ છે 'શાન્તરસ', 'શાન્ત' નામનો નવમો રસ. બધા રસો ભોગવી ભોગવીને ઉભગેલા ચિત્તનું નિશ્રાન્તિસ્થાન એ શાન્તરસ બની રહે છે.

અલબત્ત, સાહિત્યશાસ્ત્રોમાં રસ તો આઠ જ છે. અને શાન્તરસને ઘણા વિદ્વાનો 'રસ'નો દરજ્જો આપતાં અચકાયા પણ છે. આમ છતાં, કેટલાક શાસ્ત્રકારોએ આઠને બદલે 'શાન્તરસ' સહિત નવ રસો હોવાનું સ્વીકાર્યું છે.

વસ્તુતઃ શાન્તરસ એ, શૃંગારરસની જેમ જ, જીવનની અદમ્ય જરૂરિયાતને કારણે ઉદ્‌ભવતો રસ છે. જીવનના અમુક તબક્કે જેમ શૃંગારરસ માણસની અદમ્ય જરૂરત બને છે તેમ, જીવનના બીજા એક તબક્કે શાન્તરસ પણ તેની અનિવાર્ય આવશ્યકતા બની જાય છે. આ શાન્તરસ, હારેલાનો આધાર, થાકેલાનો વિસામો અને નીરસતાના બીકાળવા અને સુકાળ વાતાવરણમાં શીતલતા મઢ્યા આહ્‌લાદની રસ-સરવાણી બને છે.

જીવનભર આચરેલી મૂર્ખામીઓ, તેના કારણે આવેલી આધિ-વ્યાધિ-ઉપાધિઓ, તે થકી સરજાયેલા હૃદયદાહી સંતાપો અને તેના અંજામમાં સાંપડેલી ઘોર હતાશાઓ; આ બધાંને ઠારે, બધાંયની પ્રગાઢ માઠી અસરોથી ઉગારે એવી સંજીવની ઔષધી એટલે શાન્તરસ.

શાન્તિ પમાડે તે શાન્તરસ. એક રીતે શાન્તિ અને શાન્ત રસ - બન્ને એક જ અનુભૂતિનાં નામો છે. શાન્તિ એ અનુભૂતિનો વિષય છે. તેને ઉત્પન્ન કરી શકાતી નથી, ક્યાંકથી મંગાવી - લાવી - મેળવી શકાતી નથી, કે ખરીદીને લઈ - આવી શકાતી નથી. તેને પામવાનો એક માત્ર ઉપાય છેઃ જીવનના બધા ઉધામા અને મનના સઘળા વલોપાતોનું વિસર્જન કરવું.

નરી આંખે દેખાતા કે ઈન્દ્રિયો વડે અનુભવાતા સંસાર કરતાં મનની કલ્પનાની સૃષ્ટિ અપરંપાર - અપાર વિશાળ છે. બહારના કોલાહલોથી કોઈવાર બચી શકાય, પણ ભીતર અવિરત પ્રવર્તતા ઘોંઘાટને શમાવવાનું સરળ નથી હોતું. લોકચિન્તન અને પુદ્ગલચિન્તનની અનાદિકાળની ટેવ ભીતરના તે ઘોંઘાટને નિરંતર બળતણ પૂરૂં પાડતી હોય છે. તે ટેવથી બચવું હોય તો આત્મચિન્તન તરફ ચિત્તને વાળવું પડે. હવે અસંખ્ય જન્મોની ટેવ કાંઈ બેચાર ઘડીના આત્મચિન્તનથી છૂટી જાય? એવા અશક્ય કામ માટે તો સુદીર્ઘ ચિન્તન કરવું પડે. પાછું એ ચિન્તન પણ રસમય અને રસપ્રદ હોવું જોઈએ, તો જ એમાં ચોંટે.

અનુભવ જ્ઞાનીઓએ આ માટે બાર અને સોળ ધર્મ-ભાવનાઓનો વિકલ્પ આપણને આપ્યો છે. ભાવના એટલે ઘૂંટવાની પ્રક્રિયા. ચિત્તના ખરલમાં, વારંવાર અને નિરંતર, ચિન્તનના ઘુંટા વડે ઘુંટાતી - ઘુંટવાની રસૌષધિ તે આ ભાવનાઓ. આ ભાવનાઓને વર્ણવતી અગણિત રચનાઓ આપણા જ્ઞાનીઓએ રચી છે, જેના આલંબને તેઓ પોતે પણ તર્યા છે, અને અન્ય અનેક પણ ઉગર્યા છે.

પરંતુ એ બધી જ રચનાઓમાં જરાક જુદી ભાત પાડતી, રસછલકતી મીઠીમધુરી એક રચના તે 'શાન્તસુધારસ': ઉપાધ્યાય વિનયવિજયજીની અમર રચના!

બીજી બધી રચનાઓ મોટાભાગે પ્રાકૃતમાં છે, અને પાછી ગાથાબદ્ધ છે - શાસ્ત્રસ્વરૂપ. આ રચના સંસ્કૃતમાં છે, વળી ગેય-ગાઈ શકાય તેવી છે, અને શાસ્ત્રોના અર્ક સમાન પણ. બીજી રચનાઓ શિષ્યગણ / શ્રોતાગણને ઉપદેશરૂપે આલેખાયેલી હોય છે, જ્યારે આ રચના કવિએ પોતાની જાતને ઉપદેશ આપવા માટે સર્જી છે. બીજી રચનાઓમાંથી એક અધિકાર છલકાતો હોય, ત્યારે આ રચનામાંથી એક પ્રતીતિ જન્મે છે - આત્મપ્રતીતિ.

સંસ્કૃતનું થોડું ઘણું જ્ઞાન હોય; સંસ્કૃત ગમતું હોય, તેને માટે તો આ રચના એક મધમીઠા અને મનભાવન પાથેયની ગરજ સારે. અપાર્થિવ પ્રેમના ઉત્કટ ગાયક કવિ જયદેવની અમર કાવ્ય-રચના 'ગીતગોવિંદ'ની સામે-સમાંતરે મૂકી શકાય તેવી, પરંતુ તેનાથી તદ્દન ભિન્ન - સામા છેડાનો વિષય નિરૂપતી આ રચના શાન્તરસના મહાસાગરમાં આપણને ગરક કરી મૂકે તેવી કાળજયી રચના છે.

'ગીતગોવિંદ' શૃંગારરસની અષ્ટપદી છે, તો આ 'શાન્તસુધારસ' શાન્તરસની ષોડશપદી છે. ત્યાં લલિત-કોમલ-કાન્ત-પદાવલી છે, તો અહીં મધુર-બોધક-મુગ્ધ-પદાવલી છે. બન્નેનો આગવો ઠાઠ છે પણ બન્ને વચ્ચે એક સામ્ય બહુ માર્મિક છે. ગીતગોવિન્દ ભલે શૃંગારપ્રધાન ગીતકાવ્ય હોય, પરંતુ તેનાં વર્ણનીય પાત્રો છે રાધા અને શ્રીકૃષ્ણ: અને તેમનું રસ-વર્ણન કરવા દ્વારા વાસ્તવમાં તો કવિ તેમની ઉપાસના એટલે કે ભક્તિ જ કરે છે. એ રીતે જોઈએ તો એ કાવ્ય ભક્તિ-કાવ્ય જ ગણાય અને ભક્તિ તો શાન્તિનો - શાન્તરસનો જ પર્યાય છે, એટલે તત્ત્વત: ગીતગોવિંદ અને શાન્તસુધારસ - બન્ને રચનાઓનો પ્રતિપાદ્ય રસ એક જ ગણાય.

અસ્તુ. આ વિષય અનંત છે અને બહુ મનગમતો છે. પણ આપણે આગળ ચાલીએ. આ ગીતકાવ્યની ૧૬ ગીતિઓમાં, ભાવનાઓનું સ્વરૂપ, તેનો અર્થ-મર્મ, તે કેવી રીતે ભાવવી તેની પ્રક્રિયા કવિએ દર્શાવી છે. અને એ બધું તેઓ ખુદને પોતાને જ ઉદ્દેશીને - સંબોધીને કહે છે એ કારણે તેમની પ્રસ્તુતિ અત્યંત બળકટ, વેધક અને પ્રતીતિકર બની છે.

આ કાવ્યની પ્રતિપાદ્ય ભાવનાઓ વિષે આ સંપુટમાં અનેક રીતે કહેવાયું છે તેથી પિષ્ટપેષણ અહીં કરવું નથી, એટલું જ કહી શકાય કે સંસારની વિષમતાઓથી દાઝેલા અને અટવાયેલા ચિત્ત માટે આ ભાવનાઓ ભાવવા જેવો શાતાદાયી લેખ બીજો કોઈ નથી.

આ કાવ્યના સર્જન કવિ છે મહોપાધ્યાય શ્રીવિનયવિજયજી સત્તરમા-અઢારમાં શતકમાં થયેલા એ સાધુપુરૂષ, બાલ-દીક્ષિત, પરમ વિદ્વાન, મહાવૈરાગી, અનેક મહાન ગ્રંથોના પ્રણેતા. એમણે બનાવેલા ગ્રંથો 'શાસ્ત્ર'નો દરજ્જો પામે એ કક્ષાની ચેતના.

વૈરાગ્યના બે ચિહ્નો : વિદ્વત્તા અને તપસ્યા. એ બન્ને જો અવળાં પડે તો અહંકારના ઉન્માદરૂપે ફૂટી નીકળે. અને એકવાર ચર્મરોગ જેવો એ ઉન્માદ - વ્યાધિ લાગુ પડી જાય પછી તેમાંથી પાછા વળવું - સાજા થવું બહુ કઠિન. વિનયવિજયજી મહારાજે પોતે જ પોતાના માટે ક્યાંક નોંધ્યું છે કે 'અમને આ અહંકારનો રોગ લાગુ પડી ગયો હતો. એમાં ડૂબી જાત, પણ કૃપા ગણો સદ્ગુરુની કે બહુ જ વહેલા સમજણ જાગી ગઈ, અને એ રોગથી સવેળા મુક્તિ મળી ગઈ.'

તો, આવા જાગૃત સાધક એ મહાપુરૂષ પાછા કવિ પણ, એમણે નાના મોટા અનેક કાવ્યો વિવિધ ભાષામાં રચ્યાં છે. જેમાં ભક્તિ અને વૈરાગ્યનો રસ છલોછલ વહે છે. એમનાં એ સઘળાં કાવ્યોમાં શિરમોરસમું કાવ્ય તે આ શાન્તસુધારસ.

જીવન સાધુને પણ હોય છે. સાધુ પણ હોય તો મનુષ્ય જ. એટલે મનુષ્ય-જીવનને કનડતી ભૌતિક અને દુન્યવી સમસ્યાઓ, વિટંબણાઓ તેમજ ગમા-અણગમા સાધુને પણ ન હોય એવું નહિ. સાધુની વશેકાઈ એટલી જ કે એ વેળાસર આ બધાંથી ચેતી જાય છે, પાછો વળી શકે છે, અને તેની લાંબા ગાળાની તેમજ કાયમી માઠી આડઅસરોથી બચી શકે છે, જો ધારે તો.

અને આ રીતે પાછો વળેલો સાધક-સાધુ, જ્યારે મધ્યસ્થભાવે પેલી ભૂતકાલીન વિરમણાઓ તરફ નજર નાખે ત્યારે એના ચિત્તમાં જે અચરજનો અનુભવ થાય છે તે અનુભવનું શબ્દદેહે પ્રાગટ્ય એટલે 'શાન્તસુધારસ'.

આ શાન્તસુધારસનું ગાન અને તેનું શ્રવણ, તેનું ગુંજન અને તેનું રટણ, જીવને શાતા આપે છે. ચિત્તને ઠારે છે. જીવનની પીડાઓને જીરવવાનું બળ બક્ષે છે. જીવનની યથાર્થતાઓ સમજાવે છે. જીવનને અને આપણા સ્વભાવને પણ, શાન્ત, મધુર, સહિષ્ણુ, સહ્ય, સહજ અને ઉદાર બનાવે છે. વિનયવિજયજીએ આપણા જીવન ઉપર વરસાવેલી આ અદ્‌ભૂત અને અસીમ અનુકંપા છે. આપણે તેમાં ન્હાઈએ અને પાવન બનીએ.

✦✦✦

વર્ષોથી સાંભળતો - જોતો - ગણતો આવ્યો છું કે ગીતગોવિંદની અષ્ટપદી આજે પણ ગવાય છે, તેનાં લઘુચિત્રો અને પોથીચિત્રો બને છે, અને તેના ઉત્સવો પણ થાય છે. વળી, તેનાં પુરાતન લઘુચિત્રોના ગ્રંથો જોયા. ઓરિસ્સન સ્ટાઈલમાં કોતરેલાં તાડ-ચિત્રો જોયાં. તેની કેસેટો મેળવી. એટલે ખ્યાલ આવ્યો કે સદીઓ - પુરાણું, જીવનના ઉલ્લાસનું એ ગીતકાવ્ય, પ્રજાની ચેતના સાથે કેવું ઓતપ્રોત હશે!

એ ક્ષણે મારા માનસપટ પર શાન્તસુધારસ ઉપસી આવતું - હંમેશા. મને તીવ્રતાથી થતું કે આવું બધું શાન્તસુધારસ અંગે ક્યારે થશે? ક્યારે અવસર મળે ને આના વિષે આવું કાંઈક આયોજન કરું, એમ થયા કરતું.

મારું સ્વપ્ન હતુંઃ શાન્તસુધારસ ઘેર ઘેર ગવાતું થાય તે મને દેખાતું એમાં. જનસાધારણ લગી આ સંસ્કૃત ગીતકાવ્ય પહોંચાડવું એવો સંકલ્પ મનોમન થતો રહેતો.

મને યાદ આવે છે સંગીતકાર હીરાભાઈ ઠાકુર - બાવીસેક વર્ષ પહેલાં એમની પાસે આનું ગાન કરાવવાની મેં તૈયારી કરેલી. આખો ગ્રંથ ગુજરાતી લિપિમાં અને મોટા અક્ષરોમાં લખીને તેઓને આપેલો; જેના ઢાળ સાથે મળીને બેસાડતો; અને તેમણે અભ્યાસ કર્યા પછી ગાવાની સહમતી પણ દર્શાવેલી. દુર્ભાગ્યે, તેઓ વહેલાં ચાલ્યા ગયા, તે વાત પડતી મૂકાઈ ગઈ.

વર્ષો પછી, તો પણ બારેક વર્ષ તો થયાં, ઈન્દુબેન પંડિતનો સંપર્ક થયો. તેમને આ વાત કરતાં તેમણે તૈયારી દર્શાવી. તો તેમને અને શિરીષ પંડિતને આ કાવ્યગ્રંથના ઉચ્ચારો માટે તૈયાર કર્યા. તેમણે જાહેરમાં તે કાવ્ય ગાયું. પહેલો પ્રયત્ન થકવી દેનારો, બીજો પ્રયત્ન આશાસ્પદ, અને ત્રીજો ઉપક્રમ મહદંશે સફળ. તેમનું ગાન શાસ્ત્રીય ઢબનું હોવા છતાં લોકભોગ્ય કે લોકગમ્ય જરૂર રહ્યું.

પણ મારું લક્ષ્ય હજી સર નહોતું થતું. એ માટે આને - તેને વાત કરતો જ રહ્યો. એવામાં એક કાર્યક્રમમાં ભાઈ અમિત ઠક્કર તથા બહેન દીપ્તિ દેસાઈ મળી ગયાં. બન્ને યુવાન બન્ને સશક્ત ગાયક. ગાનની અનેક વિદ્યાઓ તેમને હસ્તગત. પ્રયોગોના માણસ. મેં તેમને શાન્તસુધારસની વાત કરી, અને મારું સ્વપ્ન પણ સમજાવ્યું.

સમય, નસીબ અને નિયતિ - બધું સાનુકૂળ હશે તે તે બન્નેએ મારી વાતને સ્વીકારી લીધી. એ સાથે જ ચાલુ થઈ - અમારી બેઠકો. સંસ્કૃત વાચનાનું વાંચન, પદો અને વાક્યોના વિભાગ, અક્ષરો તથા જોડાક્ષરોના ઉચ્ચારો, લઘુ-ગુરુના સ્વર ભાર, પરંપરામાં તે તે શ્લોકો અને ઢાળોને ગાવાની પદ્ધતિ અને એવું બધું એ બેઠકોમાં ચર્ચાતું રહ્યું. અમિતની શીખવાની અને ગ્રહણ કરવાની તત્પરતા, સૂત્ર અને હોંશ જોઈને મને નિશ્ચય થયો કે હવે મારું સ્વપ્ન સાકાર થવાનું.

એ બન્ને જણે તહેદિલથી આનું ગાન તૈયાર કર્યું. બહુ મહેનત કરીને તૈયાર કર્યું. વિવિધ શહેરોમાં વારંવાર સંઘ-સભા-સમક્ષ તેનું ગાન પણ તેમણે કરી બતાવ્યું. તેમના ગાનની વિશેષતા માત્ર તેમની ગાયકી નહોતી, પણ ગાનવેળા તેમનામાં અનુભવાતી ભાવુક તન્મયતા હતી. એ ભાવુકતા તેમનાં હૈયાંને તો વલોવતી જ, પણ સભાને પણ મુગ્ધ કરી મૂકતી.

દરેક ગાન પછી અમે ફરી ફરી બેસતાં, અને ઉચ્ચારો વિષે, રાગો વિષે, સ્વરભાર તથા ગતિ વિષે ઊંડાણથી ચર્ચા કરતા અને જરૂરી પરિવર્તનો કરતાં.

એ સઘળી મહેનતનું પરિણામ તે આ, શાન્તસુધારસ-સામગ્રી કે શાન્તસુધારસ-પેક.

✦✦✦

એક દિલદાર મિત્ર હતાઃ દિનકર પારેખ. તેમણે મને પુસ્તકોની દુનિયાનો અદ્‌ભૂત પરિચય અને પ્રવાસ કરાવ્યો. તેઓ નિત્યનવાં પુસ્તકો મેળવે ને મોકલે. એમાં ઓશોનાં હોય તો ઝેનનાં પણ હોય. ઝેનનું Zen Koan Pack નામે એક બોક્સ તેમણે મોકલેલું. એવું જ બીજું બોક્સ ઓશોનું પણ. બન્નેમાં મસ્ત કાર્ડસ (Card set) અને તેનો ઉપયોગ કરવાની સૂચના સાથેનું, તે તે માર્ગનો પરિચય કરાવતું રૂપકડું પુસ્તક હતું. એ બોક્સ હાથમાં આવ્યાં તે ક્ષણે જ મનમાં એક સંકલ્પ થયોઃ ક્યારેક જૈન માર્ગનાં પણ આ પ્રકાશનો હું કરીશ.

બીજરૂપે એ સંકલ્પ ચિત્તમાં ધરબાઈ ગયો. પછી તો આ પ્રકારનાં અનેક પ્રકાશનો ઉપલબ્ધ થતાં ગયાં. છેલ્લે ભાઈ શ્રેણિક દ્વારા કબીર સામગ્રીનું બોક્સ પ્રાપ્ત થયું ત્યારે મેં તેને કહ્યુંઃ શાન્તસુધારસનું આવું બોક્સ કરીએ! એ હોંશીલો યુવા મિત્ર તત્ક્ષણ તે માટે તૈયાર થઈ ગયો. એનું પહેલું અને હવે લાગે છે તે રીતે અધકચરૂં પરિણામ તે ગયા વર્ષે, ઈ.સ. ૨૦૧૫ માં તૈયાર થયેલું શાન્તસુધારસનું વજનદાર આલ્બમ. એમાં અમે મૂળ કાવ્ય-પુસ્તિકા સાથે ઈન્દુબેનની તથા અમિતની - અમે બન્ને સીડી આપી. પેલાં સ્વપ્નાંને સાકાર કરવાની દિશામાં એ અમારૂં પહેલું ડગ હતું. અને એમાં અમે સફળ એ રીતે થયા કે સેંકડો લોકો, સ્ત્રીઓ અને પુરુષો, એ સીડીના સહારે શાન્તસુધારસ ગાતાં થયાં અને યાદ કરતાં થયાં. આનાથી અમારા સહુનો ઉત્સાહ વધ્યો અને આ

વિષયમાં હજુ વધુ સારૂં કશુંક કરવા તરફ અમારા મનને અમે જોડ્યું. તેનું પરિણામ તે આ શાન્તસુધારસ-સંપુટ.

✦✦✦

આ સંપુટમાં મૂકાયેલી સામગ્રીનું વિવરણ આ પ્રમાણે છે.

૧. ગીત-પુસ્તિકા આમાં મૂળ ગીત-કાવ્યની, ગુજરાતી લિપિમાં, પદચ્છેદ કરીને, શક્ય પૂર્ણતઃ શુદ્ધ એવી વાચના આપવામાં આવી છે. અને દરેક કાવ્યના સામા પૃષ્ઠ પર તેનો સરળ અને ટૂંકો ગુજરાતી અનુવાદ આપેલ છે. આ અનુવાદ સ્વ. આ. શ્રી ભદ્રગુપ્ત સુરિજી મહારાજે કરેલો છે. તેમનું ઋણ સ્વીકારીએ છીએ.

૨. કાર્ડના ૩ સેટ, ૧ તથા ૨ માં કાર્ડસની એક તરફ આ કાવ્યગત ૧૬ ભાવનાઓનાં પદ્યોમાંથી ચૂંટી કાઢેલી પંક્તિઓ અને તેનો ભાવાનુવાદ, વાંચના મળશે, તો તેની બીજી બાજુએ તે તે કંડિકાને અનુરૂપ ચિત્રકાર નૈનેશ સરૈયાએ આલેખી આપેલા બહુરંગી ચિત્રો જોવા મળશે. ૧૬-૧૬ કાર્ડના બે સેટમાં મળીને કુલ ૩૨ કંડિકાઓ તથા ૩૨ ચિત્રો છે, જે આ ગ્રંથને માણવામાં સહાયક નીવડશે.

૩. સેટ ૩ માં ૧૬ કાર્ડ છે. તેમાં એક તરફ અનિત્ય આદિ ૧૬ પૈકી એકેક ભાવનાનો પરિચય આલેખાયો છે, અને બીજી તરફ શાન્તરસની અનુભૂતિના પ્રાચીન પદ્યો તેમજ તેના ભાવાનુવાદ મૂકાયા છે.

એક એક ભાવનાનો સ્વાધ્યાય કે શ્રવણ કરતાં જાવ અને તે સાથે ત્રણે સેટમાંના તે તે કાર્ડનું પણ વાંચન કરતા જાવ! શાન્તરસની એક વર્ણાતીત ભાવદશામાં તમે સરી પડશો તેની ખાતરી છે.

૪. સીડી અમિતભાઈ ઠક્કર તથા દીપ્તિબહેન દેસાઈ તેમજ તેમના સહયોગ કલાકારો તથા વાદ્યકારો દ્વારા, સ્ટુડિયો-રેકોર્ડિંગ દ્વારા તૈયાર કરવામાં આવેલી, શાન્તસુધારસ - ગાનની આ સીડી છે. આમાં, ગ્રંથમાં આવતા વિવિધ છંદોબદ્ધ શ્લોકોનું ક્યાંક પરંપરાગત શૈલીનું ગાન છે, તો ક્યાંક શાસ્ત્રીય સંગીતના સ્પર્શથી ચમત્કૃતિ જન્માવતું શ્લોકગાન પણ છે. શક્ય એટલી ઢાળોને દેશી ઢાળમાં ઢાળીને ગાવાનો પ્રયત્ન પણ છે, તો જ્યાં આવશ્યક હોય ત્યાં હળવા પણ પૂર્ણપણે શાસ્ત્રીય રાગોમાં પણ ગાન થયું છે. ઉચ્ચારોની શુદ્ધિનો આગ્રહ એ અમારા આ સર્જનની વિશેષતા હોવાનું કહી શકાય. આ સીડીની મદદથી આ ગીતકાવ્ય હવે કોઈપણ ગાઈ શકશે અને અમને રાગ નથી આવડતા તેવી ફરિયાદને અવકાશ નહિ રહે.

આ ગાનમાં પ્રયોજાયેલા રોગોની તાલિકા આ પ્રમાણે છેઃ

ગીત૧. પ્રભાતિયાનો ઢાળ

૪. યમન કલ્યાણ

૫. આશાવરી

૬. બિલાસ

૭. દેશ

૮. કાલિંગડો

૯. સારંગ

૧૨. બિલાસખાંની તોડી

૧૪. ખમાજ

૧૫. શિવરંજની

૧૬. ભૈરવી

અને ગીત ૨,૩,૧૦,૧૧,૧૩ એટલાં આપણે ત્યાં પરંપરાથી ગવાતાં દેશી ઢાળો.

આ કાવ્યનું ગાન સભામાં થયું ત્યારે, દરેક ભાવના વિષે વિવેચન કરવામાં આવેલું. તે પણ આ સીડીમાં સમાવી લેવામાં આવ્યું છે. તેથી સંસ્કૃત કાવ્ય-ગાનના મર્મ સુધી પહોંચવાનું સરળ બનશે.

૫. આ સંપુટની તેમજ આ કાવ્યની મહત્તા અથવા ગરિમા વર્ણવતાં બે પરિચય પત્રો કે ફોલ્ડરો પણ આ સંપુટમાં સામેલ છે.

આ થઈ અમારા આ સર્જનકર્મની વાત.

આ સર્જનકર્મ અમારા સહુનું સહિયારૂં કર્મ છે; કોઈ એકનું નથી. નૈનેશના ચિત્રો, અમિત અને દીપ્તિનું ગાન, શ્રેણિકની મુદ્રણકલા અને તે માટેની ચીવટભરેલી જહેમત, અને આ બધાય સાથે સહયોગ સાધીને આ સર્જનને વધુ શ્રેષ્ઠ સર્જન બનાવવા માટે મથનાર મુનિ ત્રૈલોક્યમંડન વિજયજીની મહેનત - આ તમામનો સરવાળો એટલે આ સંપુટ.

આ સંપુટના માધ્યમથી આપણા એક મહાન કાવ્યગ્રંથ 'શાન્તસુધારસ'નો પ્રસાર સર્વત્ર થશે, અને એ રીતે જૈન-અજૈન સમાજને કાને જિનમાર્ગનો, પ્રસન્ન વૈરાગ્યવાહક બોધ પહોંચશે, એ કેટલી પ્રસન્નકાર ઘટના હશે!

આ પ્રસન્નતા અને શાન્તિનો આસ્વાદ આપણે માણીએ.

❑❑❑

'પ્રબુદ્ધ જીવન'ને પચ્ચીસ હજારનું અનુદાન આપી કોઈ પણ એક મહિનાનું સૌજન્ય પ્રાપ્ત કરો.
'પ્રબુદ્ધ જીવન' કોર્પસ ફંડમાં ત્રણ લાખનું અનુદાન આપી પંદર વર્ષ સુધી કોઈ પણ એક મહિનાનું સૌજન્ય પ્રાપ્ત કરો.
'પ્રબુદ્ધ જીવન'ના ખાસ અંક માટેના સૌજન્યનું અનુદાન રૂપિયા ચાલીસ હજાર છે.

સ્વજનને શબ્દાંજલિ જ્ઞાનકર્મથી અર્પી જ્ઞાનપુણ્ય પ્રાપ્ત કરો.

# ન્યાયાચાર્ય ન્યાયવિશારદ મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયવાચક વિરચિત સ્વોપજ્ઞ વૃત્તિયુત શ્રી 'પ્રતિમાશતક' મહાગ્રંથ

**આચાર્ય શ્રી વિજય અજિતશેખરસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

**પ્રસ્તાવના**

(૧) 'શ્રી પ્રતિમાશતક ગ્રંથ' એટલે શું ? અને આ ગ્રંથની રચના પાછળ મહોપાધ્યાય યશોવિજયજી મ.સા.નો ઉદ્દેશ શું ?

- ન્યાયવિશારદ - ન્યાયાચાર્ય મહોપાધ્યાય યશોવિજયજી ગણિવરના સમ્યગ્દર્શનને નિર્મળ કરનારા અનેક ગ્રંથોમાંનો એક ગ્રંથ એટલે પ્રતિમાશતક ગ્રંથ!!!
- જિનપ્રતિમા અને જિનપૂજા સંબંધી અનેક વિરોધી મતોનું ખંડન કરતો ગ્રંથ એટલે પ્રતિમાશતક ગ્રંથ!!!
- પરમાત્મતત્ત્વને (પ્રતિમાને) શ્રદ્ધાપૂર્વક સ્વીકારવા દિલને મજબૂર કરતો અને તર્કબદ્ધ દલિલોથી યુક્ત ગ્રંથ એટલે પ્રતિમાશતક ગ્રંથ!!!
- ભક્તિયોગ અને ધ્યાનયોગના પદાર્થોનું સુંદર અર્થઘટન કરતો ગ્રંથ એટલે પ્રતિમાશતક ગ્રંથ!!!
- અનેક આગમશાસ્ત્રોના પાઠો અનેક દ્રષ્ટાંતોથી ભરપૂર ગ્રંથ એટલે પ્રતિમાશતક ગ્રંથ!!!

**અ**નંતકાળથી અનંતા જીવોએ સુખ પ્રાપ્તિ માટે દુઃખથી છૂટવા લગાડેલી દોડ ઓલમ્પિકમાં દોડતા એટલે એથ્લેટ્સની કે રેસકોર્સમાં દોડતા ઘોડાઓની દોડને પણ વામણી કહેવડાવી દે છે અને છતાં સુખના ગોલ્ડ મેડલને બદલે દુઃખના જુતા જ ખાવાના રહે છે. કારણકે એ દોડના કેંદ્રસ્થાને 'અરિહંત' નથી.

પરમાત્માના શરણે ગયા વિના સખત પરિશ્રમ કરવા છતાં હાલત પ્રાયઃ 'આંધળી દળે અને કૂતરો ચાટે' એવી જ હોય છે. તેથી જ કહ્યું છે કે - 'કર હું કષ્ટ જન બહુત હમારે, નામ તિહારો આધારા સાહિબા...'

આપણા દુઃખમય ભયંકર ભૂતકાળ અને હાલના વૈભવી વર્તમાનકાળ વચ્ચે પડેલા આંતરાના કારણ તરીકે જો પરમાત્માની મહેર નજરમાં આવી જાય, એકેન્દ્રિય આદિ અવસ્થામાં જડ સાથે જડતાની હરિફાઈ કરનારા આપણી આ ચેતનવંતી અવસ્થાના મુખ્ય સૂત્રધાર તરીકે જો દેવાધિદેવ દેખાઈ જાય, તો તેમના અગણિત ઉપકારોના અહેસાનમાં ડૂબેલા આપણે તેમના ચરણોના દાસ બની જવા તત્પર બની જઇએ... કલિકાલ સર્વજ્ઞએ કરેલી 'तव प्रेष्योस्मि दासोस्मि सेवकोस्म्यस्मि किक्करः। ओमिति प्रतिपद्यस्व नाथ! नातः परं ब्रुवे।।' પ્રાર્થના હાર્દિક લાગે.

આમ એકબાજુ જિનેશ્વરના ઉપકારને યાદ કરી હૃદયમાં ઉઠતો ભક્તિસાગર વામ વામ મોજા ઉછળીને મર્યાદાને તોડી ચારે બાજુ વહેવા માંગતો હોય અને બીજી બાજુએ પરમકૃપાળુ પોતાના પુનીત દર્શનથી આંખ અને હૃદયને ઠારતાં ન હોય; ત્યારે ભક્ત હૈયાને થતી વેદના શબ્દાતીત બને છે. આંખમાં ધસી આવેલા આંસુના ટીપાં અપૂરતા થઈ પડે છે.

હૃદયના ખૂણે ખૂણામાંથી પોકાર ઉઠે છે 'આજ મારા પ્રભુજી સ્હામું જુઓને...' 'એક વાર મળોને મારા સાહિબા...' અને વિરહાતુર તે ભક્તહૃદય ભગવાનના નામસ્મરણથી કે નામશ્રવણમાત્રથી પણ 'અહો! અહો!'થી ભરાઈ જાય છે. સાક્ષાત ભગવાન ન મળે તો પ્રતિમા કે ચિત્રરૂપે પણ ભગવાન દર્શન આપે તો નાભિમાંથી અવાજ ઉઠે છે - 'અબ તો પાર ભયે હમ સાધો!' કે 'નયણચકોર વિલાસ કરત હૈ દેખત તૂમ મુખ પુનમચંદા' 'દરિસણ દેખત પાર્શ્વજિણંદ કો ભાગ્યદશા અબ જાગી'

અરે! પિતાજીના અગણિત ઉપકારોની યાદ માત્રની રોમાંચિત, કૃતજ્ઞ, વિનીત, સમજુ પુત્ર પિતાના વિરહની વેદનામાં કેવો રોકાતો હોય! અને તે વેદના હળવી કરવા પિતાજીની છબીને ભક્તિથી કેવા ભાવથી પૂજતો હોય, તે માત્ર શબ્દથી સંવેદ્ય નથી; પરંતુ અનુભવગમ્ય જ છે.

જેઓ પ્રતિમાને પરમાત્મા તરીકે તો દૂર રહ્યું, પણ પરમાત્માના પ્રતીક તરીકે પણ ઓળખી શકતા નથી અને પ્રતિમાને રસ્તામાં પડેલા પથ્થરની સમાનકક્ષામાં મુકી દે છે. તથા પ્રભુની ગેરહાજરીમાં પ્રભુની પ્રતિમામાં જ પરમાત્માને નિહાળી પ્રભુકૃપાથી મળેલી સામગ્રીથી ભવ્યપૂજા કરતા, ભક્તગણના ભાવને નહિ જોઈ શકવાની અને હિંસાનો હેતુ, અનુબંધ અને સ્વરૂપ સમજ્યા વિના જ 'હિંસા' 'હિંસા' ની બૂમો પાડે છે... તેઓના ગળા કરતાં તેમના હૃદયની ટ્રીટમેન્ટ વધુ આવશ્યક લાગે છે. દેવગિરિમાં અઢળક ધનના સદ્વ્યયથી બનાવેલા જિનાલયની પ્રતિષ્ઠા વખતે નાચેલા પેથડશાહના હૃદયને સમજવા તેઓની દ્રષ્ટિનું કાર્ડિયોગ્રામ સમર્થ નથી. આવી જ કોઈ ભાવદયા અને ભાવકરૂણાથી પ્રેરાઈને મહોપાધ્યાયજીએ આ ગ્રંથની રચના કરી હશે.

**(૨) શ્રી 'પ્રતિમાશતક' ગ્રંથ પરિચય :-**

'લઘુ હરિભદ્ર' મહોપાધ્યાયજીની કુશાગ્રબુદ્ધિ, કસાયેલી કલમ

અને પરમાત્માની પ્રતિમા અંગેનો પ્રિય વિષય. આ ત્રણના સુમેળ સંગમથી આલેખાયેલો આ ગ્રંથ એક પ્રકરણ માત્ર ન રહેતા માહિતીઓના ખજાનાથી ભરેલો 'એનસાઈક્લોપિડિયા' બની ગયો છે.

જિનપ્રતિમાની પૂજ્યતા સાબિત કરવા રચાયેલો આ ગ્રંથ વાદગ્રંથ છે કે કાવ્યગ્રંથ છે? ન્યાયપ્રધાન છે કે અલંકારપ્રધાન છે? તર્કપ્રધાન છે કે આગમપ્રધાન છે? ભક્તિપ્રધાન છે કે ધ્યાન-યોગપ્રધાન છે? તેનો નિર્ણય સુજ્ઞવાચકવર્ગ પર જ છોડી દઉં છું.

આ ગ્રંથમાં મુખ્ય ચાર વાદસ્થાનો છે.

(૧) પ્રતિમાની પૂજ્યતા

(૨) શું વિધિકારિત પ્રતિમાની જ પૂજ્યતા છે?

(૩) શું દ્રવ્યસ્તવમાં શુભાશુભમિશ્રતા છે? અને

(૪) દ્રવ્યસ્તવ પુણ્યરૂપ છે કે પાપરૂપ છે?

આ પ્રતિમાશતક ગ્રંથમાં ૧૦૪ શ્લોકો છે, તેમાં :-

(૧) જિનપ્રતિમાનું ઉત્થાપન કરનાર અને મુક્તિમાર્ગનો બોધ કરનાર લુંપાકમતનું ખંડન - ૬૯ શ્લોકોથી કરેલું છે.

(૨) ઉપા. ધર્મસાગરજી મ.ના મતનું ખંડન - ૮ શ્લોકોથી કરેલું છે.

(૩) બે શ્લોક દ્વારા સર્વજ્ઞની પૂજા સ્તુતિ કરી છે.

(૪) ૧૨ શ્લોક દ્વારા ભગવાનની દ્રવ્યપૂજા નિષેધક પાર્શ્વચન્દ્રમતનું નિરાકરણ કરેલું છે.

(૫) પાંચ શ્લોક દ્વારા જિનચૈત્યપૂજાદિ - પુણ્યકર્મવાદીના મતનું ખંડન કરેલું છે.

(૬) શેષ એક શ્લોક ગ્રંથકારની પ્રશસ્તિરૂપ છે.

ભુખ્યાને જેમ સામે પીરસેલા બત્રીશ પકવાનના થાળમાંથી કઈ વાનગીને પ્રથમ ન્યાય આપવો? તે અંગે મુંઝવણ થાય, તેમ આ ગ્રંથના કયા કયા અંશને વિશારદ મહોપાધ્યાયજીએ તર્કરૂપી ભોજનમાં તૈયાર કરેલી કેટલીક વાનગીઓ અહીં રજૂ કરું છું :-

(૧) બીજા કાવ્યમાં - 'नामादित्रयमेव भावभगवत्ताद्रूप्यधीकारणं शास्त्रात् स्वानुभवाच्च शुद्धहृदयैर्मुहुः इष्टं दृष्टं च।।' કહીને અનેકવિધ છણાવટો દ્વારા જિનશાસ્ત્રમાન્ય ચારે નિક્ષેપાનં તુલ્યતા સિદ્ધ કરી છે અને સ્થાપના નિક્ષેપારૂપ જિનબંબની વંદનીયતા ઘોષિત કરી છે અને તે માટે અનેક આગમગ્રંથોના સાક્ષી પાઠો આ રીતે મૂક્યા છે :-

★ નામ નિક્ષેપાની આરાધ્યતા : 'महाफलं खलु तहारुवाणं अरहंताणं भगवंताणं नामगोत्तरसवि सवणयाए' इत्यादिना भगवत्पादौ (૨/૧/૧૦)

★ સ્થાપના નિક્ષેપની આરાધ્યતા : 'थयथुइमंगलेणं भंते! जीवे सिं जणई? थयथुइमंगलेणं नाणदंसणचरित्त लोहिलाभं जणइ...' अत्र स्तवः - स्तवनं, स्तुतिः - स्तुतित्रयप्रसिद्धं, तत्र द्वितीयस्तुतिः स्थापनार्हतः पुरतः क्रियते... (उत्तरा.२९ १६) इति वचनेनैव सिद्धा।

(૨) છઠ્ઠા કાવ્યમાં :- 'प्रज्ञप्तौ किं चारणैर्निर्मिता प्रतिमानर्तिन विदिता?' કહી મહોપાધ્યાયજીએ અનેક શાસ્ત્રપાઠો દ્વારા શિષ્ટગણાતા ચારણમુનિઓ અને સમ્યગ્ દ્રષ્ટિ દેવો પણ જિનપ્રતિમાને નમવાનું ચૂક્યા નથી તે સિદ્ધ કર્યું છે અને આ સંબંધમાં રાજપ્રશ્નીય ઉપાંગમાં દર્શાવેલ સૂર્યાભદેવ દ્વારા થયેલ પ્રતિમા પૂજનનો અધિકાર સવિસ્તાર આપેલ છે.

(૩) ૨૩ માં કાવ્યમાં સાધુઓને જિનપૂજા - સત્કાર આદિરૂપ દ્રવ્યસ્તવ અનુમોદનીય છે તે સિદ્ધ કર્યું છે.

(૪) ૨૯ અને ૩૦ માં કાવ્યમાં :- કાષ્ઠ અને કટુ ઔષધની તુલનાથી ગૃહસ્થોને દ્રવ્યસ્તવ શ્રદ્ધેયરૂપે પ્રમાણભૂત કર્યા છે.

(૫) વળી, ૩૦ માં શ્લોકના સ્વરૂપસાવદ્ય જિનપૂજા પણ અનારંભિકી ક્રિયા છે અને સ્વરૂપનિરવદ્ય ચારિત્રની પ્રાપ્તિ કરાવનાર છે. તે સિદ્ધ કરતા કહે છે - 'असदारम्भनिवृत्तिफलत्वं च द्रव्यस्तवस्य चारित्रमोहक्षयोपशमजननद्वारा फलतः शुभयोगरुपतया स्वरुपतश्च। अत् एव अनारम्भिकी क्रिया'...

(૬) ૩૧ માં કાવ્યમાં જિનપૂજા વગેરે દ્વારા બીજા અનેક વિશિષ્ટ લાભો દર્શાવ્યા છે. 'वैतृष्णयादपरिग्रहस्य दृढता...'

૧) ધનની તૃષ્ણા વિલય પામે છે. તેથી અપરિગ્રહવ્રત દઢ બને છે.

૨) ધન દેવાથી ધર્મની ઉન્નતિ થાય છે.

૩) સદ્ધર્મના ઉદ્યમથી મલિન આરંભના અનુબંધનો છેદ થાય છે તથા

૪) ચૈત્યના નમન અર્થે આવેલા સાધુઓના ઉપદેશ વચનના શ્રવણથી કર્ણયુગલ અમૃતમગ્ન બને છે અને

૫) પરમાત્માના વદનકમળના પ્રિયદર્શનથી નયનયુગલ સુધારસમાં મગ્ન બને છે

૬) ધ્યાન-દૃશ્ય અને દ્રષ્ટાની સમાપત્તિરૂપ પરમસમાધિ પ્રગટ થાય છે

૭) મૈત્ર્યાદિ ભાવોની પ્રાપ્તિ અને ક્રોધાદિથી બચાવ થાય છે.

(૭) ૩૪ માં કાવ્યમાં - 'सन्तन्त्रोक्तदशत्रिकादिकविधौ सूत्रार्थमुद्रा - क्रियायोगेषु प्रणिधानतो व्रतभृतामयं भावयज्ञो हि स्यात्।' કહી ભાવયજ્ઞરૂપે દ્રવ્યસ્તવની સિદ્ધિ કરી છે.

(૮) પંચાવનમાં કાવ્યમાં - 'अपवादमाकलयतामस्माकं तु दोषोऽपि दोषान्तरच्छेदी तुच्छफलेच्छया विरहितश्च उत्सर्गरक्षाकृते प्रवर्तते' જિનપૂજામાં થતી હિંસા એ અપવાદરૂપ છે પણ અનાચારરૂપ નથી. કારણકે જિનપૂજા દ્વારા બીજા અનેક દોષોનો ઉચ્છેદ થાય છે, આમ કહેવા દ્વારા જિનપૂજા એ સદારંભરૂપ છે તે સિદ્ધ કર્યું છે.

(૯) ૬૦ માં કાવ્યમાં - આરંભ (હિંસા)વાળા ગૃહસ્થને સ્વરૂપસાવદ્ય સ્નાનાદિ ગુણકારી શી રીતે બને ? એ શંકાના નિવારણ માટે પૂજ્ય મહોપાધ્યાયજીએ કૂપદષ્ટાંતનું વિસ્તૃત વર્ણન કરી - પૂજ્ય અભયદેવસૂરિ મ.ના મતનું, અન્યમતનું વિવરણ કરી, પોતાનો અભિપ્રાય પણ વ્યક્ત કર્યો છે. જેમાં એમની મૌલિક પ્રતિભાની ઓજસ્વિતા પ્રગટ થાય છે.

કૂપદષ્ટાંતનું તાત્પર્ય :- જેમ કૂવો ખોદવામાં પરિશ્રમ, તૃષ્ણાવૃદ્ધિ, કાદવથી ખરડાવાનું વગેરે ઘણા દોષો છે, છતાં પાણીની પ્રાપ્તિ થયા બાદ તે બધા દોષો દૂર થાય છે તથા સ્વ અને પર ઉપર ઉપકાર થાય છે તેમ સ્નાન વગેરે પણ આરંભાદિ દોષો દૂર કરી શુભ અધ્યવસાય પ્રગટાવવા દ્વારા અશુભકર્મોની વિશિષ્ટ નિર્જરા અને પુણ્યબંધમાં કારણ બને છે... આમ પૂજ્ય મહોપાધ્યાયજી એ કૂપદષ્ટાંત બતાવવા દ્વારા દ્રવ્યસ્તવના ગુણગાન ગાયા છે.

(૧૦) ૬૨ મા કાવ્યમાં જિનપૂજા અનર્થદંડરૂપે તો છોડો, અર્થદંડરૂપે પણ સિદ્ધ થતી નથી તેની ચર્ચા કરી છે.

(૧૧) આ ગ્રંથમાં સહજાનંદી ઉપાધ્યાયજીએ પરમાત્માનું ધ્યાન ધરવા અને સમાપત્તિ (વીતરાગની તુલ્યતાનું સંવેદન)નું પાન કરવા જિનપ્રતિમાના આલંબનને ખૂબ મહત્ત્વ આપ્યું છે. આ ગ્રંથમાં ઠેર-ઠેર ધ્યાન, સમાપત્તિ, સમાધિ, લય આદિ પામવાના ઉપાયો દર્શાવાયા છે. આવો ! આપણે માત્ર બે પંક્તિનો પરમાર્શ કરી સંતોષ પામીએ - 'शास्त्र इव नामादित्रये हृदयस्थिते सति भगवान् पुर इव परिस्फुरति, हृदयमिवानुप्रविशति, मधुरालापमिवानुवदति, सर्वांगिणमिवाऽनुभवति, तन्मयीभावमिवापद्यते। तेन च सर्वकल्याणसिद्धिः।।' (કાવ્ય-૨ ની ટીકામાં) તેનો માત્ર શબ્દાર્થ - 'શાસ્ત્રની જેમ ભગવાનના નામ, સ્થાપના અને દ્રવ્ય આ ત્રણ હૃદયમાં સ્થિર થાય, તો ભગવાન જાણે કે સામે સાક્ષાત પરિસ્ફૂરાયમાણ થાય છે, જાણે કે હૃદયમાં પ્રવેશતા હોય તેમ ભાસે છે. જાણે કે મધુર આલાપનો અનુવાદ કરતા ન હોય તેવો અનુભવ થાય છે. જાણે કે દેહના કણકણમાં અને આત્માના પ્રદેશે પ્રદેશમાં ફેલાઈ ન ગયા હોય તેવી સંવેદના થાય છે અને જાણે કે તન્મય થઈ ગયા ન હોય તેવો આભાસ થાય છે અને આવી સંવેદનાથી જ બધા પ્રકારના કલ્યાણની સિદ્ધિ થાય છે.' ધ્યાન અને યોગરસિક મહાનુભાવોને પરમ આલ્હાદ પમાડતી આવી પંક્તિઓ આ ગ્રંથને ધ્યાન/યોગપ્રધાન ગણાવવા સમર્થ છે.

(૧૨) કાવ્ય :- આ ગ્રંથરત્ન અંગે કેટલીક વાતો કરી, ઘણી કરી શકાય... પણ પ્રસ્તાવના વિસ્તારભયાત્ અલં વિસ્તરણ... છતાં ગ્રંથના મહત્ત્વના અંગભૂત કાવ્યરચના અંગે થોડીક વાતો કરી લઈએ... જિનપ્રતિમાના ગુણગાન કરતાં આ ગ્રંથમાં પ્રાયઃ શાર્દુલવિક્રીડિત છંદમાં રચેલા મૂળ કાવ્યો ૧૦૪ છે અને સંસ્કૃત ભાષામાં છે. શ્રેષ્ઠ કાવ્ય માટે આવશ્યક પદલાલિત્ય - અલંકારો - પ્રાસ - અર્થગંભીરતા વગેરે ભૂષણોથી મનોરમ્ય બનેલા આ કાવ્યો પરમાત્મા - જિનબિંબની ભક્તિ, બહુમાનયુક્ત સ્તુતિઓ રૂપ છે. આ કાવ્યો માત્ર પઠનીય કે શ્રવણીય જ ન રહેતા સ્મરણીય, મનનીય અને દયાતવ્ય પણ બની ગયા છે. એવા કાવ્યપુષ્પ ગુચ્છના એક નમક્ત પુષ્પનું સૌંદર્ય સેમ્પલ તરીકે રજુ કરું છું -

૯૯ મું કાવ્ય -

'त्वद्बिम्बे विधृते हृदि स्फुरति न प्रागेव रुपान्तरं,
त्वद्रूपे तु ततः स्मृते भुवि भवेनो रुपमात्र प्रथा।
तस्मात्त्वन्मदभेदबुद्ध्युदयतो नो युष्यदस्मत्पदो -
ल्लेरवः किञ्चिदगोचरं तु लसति ज्योतिः परं चिन्मयम्।।९९।।'

માત્ર શબ્દાર્થ :- તારા બિંબને હૃદયમાં વિશેષતઃ ધારણ કરવાથી પ્રથમતઃ જ અન્ય કોઈ રૂપ સ્ફુરાયમાણ થતું નથી. અને તે પછી, તારા રૂપનું ધ્યાન ધર્યા બાદ તો પૃથ્વી પર કોઈ રૂપની પ્રસિદ્ધિ રહેતી જ નથી. તેથી તારા રૂપના ધ્યાનથી તારી અને મારી વચ્ચે અભેદભાવની બુદ્ધિ ઉદ્ભવે છે. ત્યારબાદ તો 'તું' 'હું' ઈત્યાદિ શબ્દોનો ઉલ્લેખ પણ રહેતો નથી, માત્ર અગોચર, અવર્ણનીય પરમબ્રહ્મ સ્વરૂપ ચિન્મય જ્યોતિ જ ઝબુક્યા કરે છે.

ગ્રંથકારે ટીકામાં પણ ઠેરઠેર અગત્યની ચર્ચા બાદ જાણે કે હૃદયની ઉર્મિને આકાર આપતા ન હોય, તેમ પદ્યોની રચના કરી છે, જે પણ મનનીય છે.

➢ અન્યરચના - પૂ. મહોપાધ્યાય મ.ના આ પ્રતિમાશતક ગ્રંથ પર પૌર્ણિમગચ્છીય શ્રીમદ્ ભાવપ્રભસૂરિ મહારાજે લઘુવૃત્તિની રચના કરી છે.

આ ઉપરાંત આ ગ્રંથ પૂર્વ મહાપુરુષોના હૃદયંગમ દૃષ્ટાંતોના કારણે રોચક બન્યો છે. ખાસ ચમરેન્દ્રનો ઉત્પાત, સૂર્યાભદેવકૃત પૂજા, કેશીગણધરનો પ્રદેશી રાજાને ઉપદેશ અને દ્રૌપદીનું કથાનક આંખ ખેંચે તેવા દૃષ્ટાંતો છે. મહાનિશીથ ગ્રંથમાંથી ઉદ્ધૃત કરેલા સાવદ્યાચાર્ય અને વજ્ર આર્યના દૃષ્ટાંત દરેક વ્યક્તિએ વારંવાર વાંચવા / વિચારવા અને યથાયોગ્ય વર્તનમાં લાવવા યોગ્ય છે.

આગમજ્ઞ ઉપાધ્યાયજીએ આ ગ્રંથમાં ડગલે ને પગલે લાંબા

લાંબા આગમપાઠો આપવામાં જરાય કચાશ રાખી નથી. લગભગ એંસી જેટલા અન્યગ્રંથોના ચારસોથી વધુ સાક્ષી પાઠોથી આ ગ્રંથ સમૃદ્ધ બન્યો છે...

**(૩) પૂજ્ય ગ્રંથકારશ્રીનો પરિચય :-**

ગુજરાતના નાનકડા કનોડ ગામને પોતાના જન્મથી પાવન કરનારા અને ઈતિહાસમાં અમરતા બક્ષનારા પૂજ્ય ઉપાધ્યાયજી મ.ના રત્નકુક્ષિમાતા 'સૌભાગ્યદેવી' હતા. જૈન વણિક શ્રેષ્ઠી 'નારાયણ' પિતાના આ પનોતા 'જસવંતકુમાર' પુત્રે પોતાના સહોદર 'પદ્મસિંહ'ની સાથે જગદ્‌ગુરુ હીરસૂરિ મ.ની પાટપરંપરામાં આવેલા શ્રી નયવિજય મ. પાસે સંવત ૧૯૮૮ માં પારમેશ્વરી પ્રવજ્યા અંગીકાર કરી. શૈશવકાળમાં જ શ્રવણમાત્રથી ભક્તામરને અણિશુદ્ધ કંઠસ્થ કરવાની શક્તિના સ્વામી શ્રી યશોવિજયજી મહારાજની મેધાશક્તિનો પ્રકાશ આસપાસ ફેલાવા માંડ્યો. તેમની બુદ્ધિ પ્રતિભાથી અંજાયેલા ઉદારદિલ શ્રેષ્ઠી ધનજીશૂરાએ વિશિષ્ટ અભ્યાસ અર્થે કાશીમાં ભણવા અંગેની સર્વ આર્થિક જવાબદારી ઉપાડી લીધી. ત્રણ વર્ષ કાશીમાં અને ચાર વર્ષ આગ્રામાં કરેલા અભ્યાસથી પ્રગટેલી પ્રતિભાનો પરચો કાશીમાં જ બતાવી પંડિત મૂર્ધન્યો પાસેથી 'ન્યાયવિશારદ' અને 'ન્યાયાચાર્ય'નું બિરૂદ પ્રાપ્ત કર્યું. પવિત્રગંગાને કાંઠે 'ઐં' કારના જાપથી સરસ્વતીની કૃપાને પામેલા યશોવિજયજી મહારાજે 'ઐન્દ્ર' પદથી અંકિત ગ્રંથોના સર્જનમાં સેંચુરી લગાવી. સ્વોપજ્ઞવૃત્તિસહિત / રહિત અનેક ગ્રંથો સર્જનારા આ પૂજ્યશ્રીએ અન્યકર્તુક ગ્રંથો પર વૃત્તિ - અવચૂરીઓ પણ રચી છે. સંસ્કૃતભાષાને સમૃદ્ધ કરનારા મહાત્માએ સ્તવન, સજ્ઝાય, ઢાળ, ટબા વગેરે રચનાઓથી ગુર્જરગિરાને, ગુણવંતી બનાવી છે. તર્ક કર્કશ પંક્તિઓથી વિદ્વાન ગણાતાઓને આકાશ તરફ મીટ માંડતા કરવાની કળાના ધણી આ પરમપુરુષે તળપદાં ગુર્જર શૈલીમાં રચેલા સ્તવનો અભણ ગણાતો ભક્તજન ભગવાન આગળ ભાવપૂર્વક લલકારે, ત્યારે તેઓશ્રીના સાહિત્યના ક્ષેત્ર માટે આ આકાશ પણ વામણું ભાસે.

પૂજ્યશ્રી યશોવિજયજી મ.ની આવા પ્રકારની જબરજસ્ત અદ્‌ભુત ગ્રંથરચના - સ્મરણશક્તિ - ધારણાશક્તિ - કવિત્વશક્તિ અને તાર્કિકશક્તિ આદિ જોઈને ભૂતકાળનો અને વર્તમાનકાળનો જૈન સમાજ તેમને (૧) લઘુહરિભદ્રસૂરિ (૨) દ્વિતીય હેમચંદ્ર (૩) તાર્કિકશિરોમણિ (૪) યોગવિશારદ (૫) વાદિમતભંજક (૬) સત્યગવેષક (૭) પ્રખર નૈયાયિક (૮) શુદ્ધ આચાર-ક્રિયાપાલક આદિ અનેક ઉપનામોથી બિરદાવે છે.

સંઘના આગ્રહથી અને પૂ. દેવસૂરિ મહારાજની આજ્ઞાથી ૧૭૧૮ માં ઉપાધ્યાય પદવીથી અલંકૃત થયેલા મહાપુરુષે ૧૭૪૩માં ડભોઈ મુકામે અનશનપૂર્વક છેલ્લો શ્વાસ મૂક્યો. આજે પણ શ્રદ્ધાળુવર્ગ તેમના સમાધિ સ્થળે ભક્તિભાવથી ઝૂકે છે અને જાણે કે તેમની મૂક સાક્ષીમાં સરસ્વતી માતાને રીઝવવાનો સફળ પ્રયત્ન આદરે છે.

**(૪) અધિકારી :-**

મંદદશા - મૂઢદશા - મિથ્યાત્વદશાને દૂર કરનારા ચિંતામણી તુલ્ય આ મહાન ગ્રંથરત્નને ભણવો હશે - વાંચવો હશે - માણવો હશે - આત્મસાત કરવો હશે તો એની પૂર્વભૂમિકા તૈયાર હોવી જોઈએ.

- ૧) અદશ્ય પરમાત્મતત્ત્વ પર શ્રદ્ધા
  ૨) પરમાત્મતત્ત્વનું સાચુ સ્વરૂપ જાણવાની જિજ્ઞાસા
  ૩) વિવિધ દર્શનો અને મતોની તુલનાત્મક પરીક્ષા કરવાની સૂક્ષ્મદૃષ્ટિ - સમીક્ષા
  ૪) 'જિનપડિમા - જિનસારિખી' એ પંક્તિનું રહસ્યાર્થ જાણવાની અભિપ્સા
- જેની પાસે (૧) માદયરસ્યવૃત્તિ (૨) પરીક્ષકવૃત્તિ અને (૩) સમન્વયવૃત્તિ છે, તે આ ચિંતામણી તુલ્ય મહાગ્રંથને સારી રીતે જાણી શકશે.
- આ મહાગ્રંથના પદાર્થો અને પરમાર્થોને આંગોપાંગ આત્મસાત કરવા (૧) ધારદાર બુદ્ધિ (૨) ધારણાશક્તિ (૩) ધીરજ (૪) ધગશ અને (૫) ધવલચિત્ત પણ આવશ્યક છે.

**(૫) આ ગ્રંથ પર ભાવનાનુવાદની આવશ્યકતા :-**

'પ્રતિમાશતક' ગ્રંથ પ્રતિમાને અરિહંતતત્ત્વ સાથે સીધા સંપર્કનું પવિત્રતમ - શ્રેષ્ઠતમ સાધન તરીકે સિદ્ધ કરે છે. અને આપણને માત્ર ૩૨૫ વર્ષ પૂર્વે યશદેહ થયેલાં અણમોલ વિશ્વરત્ન ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ સાથે સીધો વિચાર-વિમર્શ કરાવે છે.

ન્યાયવિશારદની તર્કકર્કશબુદ્ધિ પ્રેરિત કલમે લીલારૂપે સર્જાયેલા અનેક ગ્રંથો આજે તીવ્રમેધાશક્તિ સંપન્ન વ્યક્તિ માટે પણ પડકારરૂપ બને છે. નવ્ય ન્યાયથી નવા ઓપ અપાયેલા પ્રાચીન સંદર્ભોનો રહસ્યાર્થ પામવો લોઢાના ચણા ચાવવા જેવો કઠીન લાગે છે. તેથી જ તેઓશ્રીના ગ્રંથોનું આગમતુલ્ય પ્રામાણ્ય હોવા છતાં પઠન/પાઠનમાં ખૂબ મર્યાદિત રહ્યાં છે. મુખ્યતયા આ કારણથી તેઓશ્રીના અનેક ઉપલબ્ધ અને મુદ્રિતગ્રંથોનું પુનમુદ્રણ લાંબાકાળ સુધી ન થયું હોય, એમ લાગે છે.

આવા અનેક ગ્રંથરત્નોના પુનઃમુદ્રણની તાતી જરૂરિયાત છે. તો સાથે-સાથે ગ્રંથોના અધ્યયન અને અધ્યાપનનું ક્ષેત્ર વિસ્તરે એ પણ અતિ આવશ્યક છે. તે દ્રષ્ટિબિંદુને નજરમાં રાખીને ભાવાનુવાદકારશ્રીએ આ 'પ્રતિમાશતક' ગ્રંથનું પુનઃમુદ્રણ તથા ભાવાનુવાદ કર્યો છે.

**(૬) આ ગ્રંથના ગુજરાતી ભાવાનુવાદકાર પૂજ્યશ્રીનો પરિચય :-**

વિદ્વદ્વર્ય, સરળ સ્વભાવી, પ્રવચન પ્રભાવક પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી મદ્વિજય અજિતશેખર સૂરીશ્વરજી મ.સા.એ આ 'પ્રતિમાશતક' ગ્રંથનું સંપાદન તથા ભાવાનુવાદ કર્યો છે.

તેઓશ્રી જન્મજાત વિશિષ્ટ પ્રજ્ઞા અને પ્રતિભાના સ્વામી છે.

- ➢ બી.કોમ. પછી સી.એ. માટેનો વ્યવહારિક અભ્યાસ
- ➢ ગુરુ સમર્પિતભાવ સાથે ગુરુ નિશ્રામાં જૈન-જૈનેતર ન્યાયગ્રંથોનો તલસ્પર્શી અભ્યાસ
- ➢ આગમ અને પ્રકરણ ગ્રંથોમાં મેળવેલી માસ્ટરી
- ➢ યોગગ્રંથોના ચિંતનથી સતત અનુપ્રેક્ષામય બની ગયેલી જ્ઞાનપરિણતિ
- ➢ દરેક પદાર્થ શબ્દનો ઊંડાણભર્યો સ્પષ્ટબોધ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી અન્વેષણ કરવાની વૃત્તિ
- ➢ આ બધાના સંમિશ્રણથી તેઓશ્રી દરેક શાસ્ત્રગ્રંથોના સૂક્ષ્મતત્ત્વચિંતક દરેક જિનવચનના ઐદંપર્યાર્થ સુધી જનારા, અદ્‌ભુત પ્રતિભોન્મેષના સ્વામી, અત્યંત કઠીન પદાર્થને પણ અત્યંત સરળતાથી પીરસવાની કળાના કસબી તરીકે પ્રસિદ્ધ છે.

તેઓશ્રીએ આ પ્રતિમાશતક ગ્રંથ ઉપરાંત ધર્મસંગ્રહણિ સ્યાદ્વાદ મંજરી, નંદીસૂત્ર, શ્રાદ્ધધર્મવિધિપ્રકરણ આદિ ગ્રંથોના સંપાદન અને ભાવાનુવાદ કર્યા છે, તો સાથે-સાથે ગુજરાતી અને હિન્દી શ્રુત સાહિત્યમાં એંસી જેટલા પુસ્તકો સ્વહસ્તે લખી લોકોના ઘર ઘર અને ઘટ ઘટ સુધી પરમાત્માના વચનો પહોંચાડ્યા છે.

તેઓશ્રી અદ્‌ભુત કવિત્વશક્તિ પણ ધરાવે છે. આજ દિન પર્યંત લગભગ એંશી જેટલા સ્તવન અને ત્રણસો જેટલી સ્તુતિઓની પણ રચના કરી છે.

(૭) ભાવાનુવાદકારશ્રીએ 'પ્રતિમાશતક' ગ્રંથ પર કરેલા ગુજરાતી ભાવાનુવાદની વિશેષતા :-

- ★ પૂજ્યશ્રીએ દરેક સંસ્કૃતશ્લોકરૂપ ગાથાનો દંડાન્વય કરીને પાઠક અને વાચકને શ્લોક ખોલવામાં સહાયક ભૂમિકા ભજવી છે.
- ★ પૂજ્યશ્રીએ પહેલા કાવ્યાર્થરૂપે શ્લોકનો સરળ અર્થ કર્યો છે અને પછી ટીકાનો રસાળ - રોચક - અલંકારિક - લાલિત્યપૂર્ણ ભાષામાં ભાવાનુવાદ કર્યો છે.
- ★ અલગ-અલગ વિષયના વિભાગ કરવા પૂર્વક - દરેક નવા વિષયના ભાવાનુવાદ પૂર્વે તે વિષયનું હેડીંગ / ટાયટલ બોલ્ડ અક્ષરમાં લખી, વાચકને પદાર્થનો સ્પષ્ટબોધ થાય અને વાંચનમાં સુગમતા રહે તેનો સક્રિય પ્રયાસ આદર્યો છે.
- ★ પૂજ્યશ્રીની એક જોરદાર વિશેષતા એ રહી છે કે - દરેક પદાર્થ માત્ર સામાન્ય અર્થરૂપે - સળંગ ટીકાર્થરૂપે ન લખતાં, સ્થળે સ્થળે કાં શંકા-સમાધાન રૂપે, કાં પૂર્વપક્ષ - ઉત્તરપક્ષ રૂપે, કાં પ્રશ્ન-ઉત્તર રૂપે લખી વાચકને મહોપાધ્યાય યશોવિજયજી મ.ના ક્લિષ્ટ મદાર્થો પણ શીરાની જેમ ગળે ઊતરી જાય એવી સ્પષ્ટતાપૂર્વક રસાળશૈલીમાં લખ્યા છે.
- ★ ટીકામાં આવતા આગમગ્રંથોના નામ, ટીકાકાર નામ, વિવિધમતોના નામ, દૃષ્ટાંત નાયકના નામ બોલ્ડ અક્ષરોમાં લખ્યા છે. જેથી પહેલી જ નજરે જોતાં સમગ્ર વૃતાંત્ત લગભગ ખ્યાલમાં આવી જાય તેમ છે.
- ★ ટીકામાં આવેલ મહત્ત્વપૂર્ણ સુવર્ણ સુવાક્ય સમાન પદાર્થોને બોલ્ડ અક્ષરમાં આવરી લીધા છે.
- ★ સ્થળે સ્થળે ટીકાના જે અર્થો થોડા ક્લિષ્ટ લાગે તો કૌંસમાં એકદમ સરળ ભાષામાં વિવિધ લાલિત્યપૂર્ણ દૃષ્ટાંતો સાથે તેના અર્થ લખી - આખા ગ્રંથની ઉપાદેયતામાં અત્યંત વધારો કર્યો છે.
- ★ આ પ્રસ્તુત સંપાદનમાં પૂજ્યશ્રીએ છેલ્લે કેટલાક મહત્ત્વપૂર્ણ પરિશિષ્ટોનો સમાવેશ કર્યો છે. પ્રથમ પરિશિષ્ટમાં મૂલગાથાઓનો અકારાદિ ક્રમ, બીજા પરિશિષ્ટમાં સ્તવપરિજ્ઞા અધ્યયનની ગાથાઓનો અકારાદિ ક્રમ, ત્રીજા પરિશિષ્ટમાં સાક્ષીપાઠોનો અકારાદિ ક્રમ, ચોથામાં આ ગ્રંથમાં આવેલા અન્યગ્રંથોનો અકારાદિક્રમ, પાંચમામાં અન્યગ્રંથકારોનો અકારાદિ ક્રમ, છઠ્ઠામાં અલંકાર નિર્દેશ અને સાતમામાં ગ્રંથમાં ઉપયોગ કરાયેલા 'ન્યાયો'નો અકારાદિક્રમ આપ્યો છે.

(૮) આ 'પ્રતિમાશતક' ગ્રંથના અધ્યયન અને અધ્યાપનથી થતા લાભ :-

પૂજ્યશ્રીનું 'શ્રી પ્રતિમાશતક' મહાગ્રંથ પરનો આ ભાવાનુવાદ

- ★ નાસ્તિકવૃત્તિના ભોગ બનેલાને આસ્તિકતા પ્રગટાવશે...
- ★ મૂર્તિપૂજાના વિરોધીના હૃદયમાં મૂર્તિપૂજાનું અનન્યસ્થાન પ્રાપ્ત કરાવશે...
- ★ જિનપ્રતિમાની પૂજા અવસરે અલૌકિક ભાવો જગાડશે.
- ★ સમ્યગ્દર્શન નિર્મલ કરશે...
- ★ ભક્તિમાર્ગે અને ધ્યાનમાર્ગે આગળ વધવા અમૂલુ માર્ગદર્શન પૂરું પાડશે...
- ★ માત્ર ભાવસ્તવની રુચિવાળાને અવશ્ય દ્રવ્યસ્તવની પણ રુચિ ઉભી કરાવશે...
- ★ તત્ત્વજિજ્ઞાસુને તત્ત્વામૃત ભોજનથી પરમતૃપ્તિ કરાવશે...
- ★ શુષ્ક અધ્યાત્મવાદીને આર્દ્ર ભક્તિયોગી પણ બનાવશે...
- ★ સર્વત્ર જિનવચનને જ આગળ કરવાની ભાવના બધામાં પ્રદીપ્ત કરશે...

❑❑❑

# તત્ત્વાર્થ સૂત્ર - અભિનવ ટીકા : મુનિ દીપરત્ન સાગરજી


પ.પૂ. આગમચંદ્રજી મુનિ

*આચાર્ય શ્રી પ્રકાશચંદ્રજી સ્વામીના શિષ્ય મુનિશ્રી પ.પૂ. આગમચંદ્રજી લીંબડી અજરામર સંપ્રદાયના છે. અનેક આગમોના અભ્યાસી વ્યાખ્યાતા છે. યુવા શિબિરોના સફળ સંચાલક છે.*


વંશ બે પ્રકારના હોય છે. જન્મવંશ અને વિદ્યાવંશ. જ્યારે કોઈના જન્મના ઈતિહાસ પર વિચાર કરવામાં આવે ત્યારે લોહીથી સંબંધ તેના પિતાજી, દાદાજી, પર દાદાજી, પુત્ર, પૌત્ર, પ્રપૌત્ર આદિ પરંપરાને ધ્યાનમાં રાખવામાં આવે છે. જ્યારે કોઈની વિદ્યા (શાસ્ત્ર)ના ઈતિહાસને જાણવું હોય ત્યારે તેના શાસ્ત્ર-રચયિતાની સાથે વિદ્યાથી સંબંધ ગુરુ, પ્રગુરુ તથા શિષ્ય, પ્રશિષ્ય આદિ ગુરુ, શિષ્ય પરંપરાનો વિચાર કરવો આવશ્યક હોય છે.

'તત્ત્વાર્થ' ભારતીય દાર્શનિક વિદ્યાની જૈનશાખાનું એક શાસ્ત્ર છે. અતઃ આનો ઈતિહાસ વિદ્યાવંશની પરંપરામાં આવે છે.

તત્ત્વાર્થ તેના રચયિતાએ જે વિદ્યાનો સમાવેશ કર્યો છે અને તેથી તેમણે ગુરુ પરંપરાથી પ્રાપ્ત કર્યું છે અને તેને વિશેષ ઉપયોગી બનાવવા માટેના ઉદ્દેશ્યથી પોતાની દ્રષ્ટિ અનુસાર અમુક રૂપમાં વ્યવસ્થિત કર્યું છે.

તત્ત્વાર્થ સૂત્રના કર્તા 'શ્રી ઉમાસ્વાતિ' છે. તત્ત્વાર્થાધિગમ શાસ્ત્રના પ્રણેતા જૈનોના બધા સંપ્રદાયોમાં પ્રારંભથી જ સમાન રૂપથી માન્ય છે. દિગંબર તેમને પોતાની શાખાના અને શ્વેતાંબર પોતાની શાખાના માનતા આવ્યા છે. દિગંબર પરંપરામાં આ 'ઉમાસ્વામી' અને 'ઉમાસ્વાતિ' નામોથી પ્રસિદ્ધ છે. શ્વેતાંબર પરંપરામાં માત્ર 'ઉમાસ્વાતિ' નામથી જ પ્રસિદ્ધ છે.

'ઉમાસ્વાતિજી'નો પરિચય :- 'જેમના દીક્ષા ગુરુ અગિયાર અંગના ધારક 'ઘોષનંદી'શ્રમણ હતા અને પ્રગુરુ વાચક મુખ્ય 'શિવશ્રી' શ્રમણ હતા; વાચના (વિદ્યા ગ્રહણ)ની દ્રષ્ટિથી જેમના 'મૂલ' નામક વાચકાચાર્ય અને પ્રગુરુ મહાવાચક 'મુન્ડપાદ' હતા, જે ગોત્રથી 'કૌભીષણી' હતા, જે 'સ્વાતિ' પિતા અને 'વાત્સી' માતાના પુત્ર હતા. જેમનો જન્મ 'ન્યગ્રૌધિકા' ગામમાં થયો હતો. ને ઉમાસ્વાતિ વાચકના ગુરુ-પરંપરાથી મેળવેલ શ્રેષ્ઠ અરિહંત ઉપદેશને સારી રીતે ધારણ કરીને તથા તુચ્છ શાસ્ત્રો દ્વારા દુઃખીત લોકને જોઈને પ્રાણીઓની અનુકંપાથી પ્રેરિત થઈને આ 'તત્ત્વાર્થાધિગમ' નામના શ્રેષ્ઠ શાસ્ત્રની 'કુસુમપુર' નામના મહાનગરમાં રચના કરી. જે આ તત્ત્વાર્થ શાસ્ત્રને જાણશે અને તેના કથન અનુસાર આચરણ કરશે તે અવ્યાબાધ સુખ નામના પરમાર્થ મોક્ષને શીઘ્ર પ્રાપ્ત કરશે.

સૂત્રકારે મહર્ષિ પૂ. શ્રી ઉમાસ્વાતિજીએ સંપૂર્ણ ગ્રંથમાં તત્ત્વાર્થ સૂત્ર સ્વરૂપે જે ગુંથણી કરી છે તે માટે તે સૂત્રને 'તત્ત્વાર્થાધિગમ' સૂત્ર કહ્યું છે. જૈન સમાજમાં આ શાસ્ત્ર અત્યંત પ્રસિદ્ધ છે.

આ શાસ્ત્રની એક વિશેષતા એ છે કે જૈન આગમોમાં સંસ્કૃત ભાષામાં સર્વ પ્રથમ આ શાસ્ત્ર રચાયું છે. આ શાસ્ત્ર ઉપરથી પૂજ્યપાદ સ્વામી, અકલંક સ્વામી અને શ્રી વિદ્યાનંદી સ્વામી જેવા સમર્થ આચાર્ય દેવોએ વિસ્તૃત ટીકાની રચના કરી છે. મુનિ શ્રી દીપરત્ન સાગરજી મ.સા. પણ આ સૂત્ર પર વિસ્તૃત અભિનવ ટીકા રચી છે. શ્રી સર્વાર્થસિદ્ધ, રાજવાર્તિક, શ્લોકવાર્તિક, અર્થપ્રકાશિકા આદિ ગ્રંથો આ શાસ્ત્ર ઉપરની જ ટીકાઓ છે. બાળકથી માંડીને મહાપંડિતો સર્વેને આ શાસ્ત્ર ઉપયોગી છે. આ શાસ્ત્રની રચના ઘણી જ આકર્ષક છે. ઘણા અલ્પ શબ્દોમાં દરેક સૂત્રની રચના છે અને તે સૂત્રો સહેલાઈથી યાદ રાખી શકાય તેવા છે. ઘણા જૈનો તત્ત્વાર્થ સૂત્રના સૂત્રો કંઠસ્થ કરે છે. જૈન પાઠશાળાઓના પાઠ્ય-પુસ્તકોમાં આ ગ્રંથ એક મુખ્ય છે.

વાચક શ્રી ઉમાસ્વાતિજી મ.સા.ની યોગ્યતા - ઈતિહાસ તો આ જ કહે છે કે જૈનાચાર્યોમાં વાચક શ્રી ઉમાસ્વાતિજી મ.સા. પ્રથમ સંસ્કૃત લેખક છે. તેમના ગ્રંથોની પ્રસન્ન, સંક્ષિપ્ત અને શુદ્ધ શૈલી જ સંસ્કૃત ભાષા પર તેમના પ્રભુત્વની સાક્ષી છે. જૈન આગમમાં પ્રસિદ્ધ જ્ઞાન, જ્ઞેય, આચાર, ભૂગોળ, ખગોળ આદિથી સંબંધ બધી વાતોનો સંક્ષેપમાં જે સંગ્રહ તેમણે 'તત્ત્વાર્થાધિગમ - સૂત્ર'માં કર્યો છે તે તેમના 'વાચક' વંશમાં હોવાનું અને વાચક પદની યથાર્થતાનું પ્રમાણ છે.

તેમના તત્ત્વાર્થ - ભાષ્યની પ્રારંભિક કારિકાઓ તથા બીજી પદ્ય કૃતિઓથી સ્પષ્ટ છે કે તેઓ ગદ્યની જેમ પ્રાંજલ લેખક હતા. તત્ત્વાર્થ ભાષ્ય (૧-૫, ૨-૧૫)માં ઉદધૃત વ્યાકરણના સૂત્ર તેમના પાણિનીય વ્યાકરણ વિષયક અધ્યયનના પરિચાયક છે. તેમના સભાષ્ય સૂત્રોના સૂક્ષ્મ અવલોકનથી જૈન આગમ સંબંધી તેમના સર્વગ્રાહી અધ્યયનથી અતિરિક્ત વૈશેષિક, ન્યાય, યોગ અને બૌદ્ધ આદિ દાર્શનિક સાહિત્યના અધ્યયનની પ્રાપ્તિ થાય છે.

'તત્ત્વાર્થાધિગમ સૂત્ર' અગિયાર અંગ વિષયક શ્રુતજ્ઞાનની તો પ્રતીતિ કરાવે જ છે. તેથી તેમની આગવી યોગ્યતાના વિષયમાં તો શંકા નથી જ. તેમણે વિરાસતમાં પ્રાપ્ત અરિહંત શ્રુતના બધા પદાર્થોનો સંગ્રહ તત્ત્વાર્થ સૂત્રમાં કર્યો છે; એક પણ મહત્ત્વપૂર્ણ વાત તેમણે કથન કર્યા વગર છોડી જ નથી. આ જ કારણથી આચાર્ય હેમચંદ્રસૂરિજી પણ સંગ્રહકારના રૂપમાં વાચક ઉમાસ્વાતિજીનું સ્થાન સર્વોત્કૃષ્ટ બતાવે છે. આ જ યોગ્યતાના કારણે તેમના તત્ત્વાર્થની વ્યાખ્યા કરવાને માટે શ્વેતાંબર અને દિગંબર આચાર્યો

પ્રેરિત થયા છે.

તત્ત્વાર્થ સૂત્રના વ્યાખ્યાકારો :- તત્ત્વાર્થ સૂત્રના વ્યાખ્યાકારો શ્વેતાંબર અને દિગંબર બંને ફિરકાઓમાં થયા છે, પરંતુ આ બંનેમાં અંતર એ છે કે - શ્વેતાંબર પરંપરામાં સભાષ્ય તત્ત્વાર્થની વ્યાખ્યાઓની પ્રધાનતા છે અને દિગંબર પરંપરામાં મૂળ સૂત્રોની જ વ્યાખ્યાઓ થઈ છે. બંને ફિરકાઓના આ વ્યાખ્યાકારોમાં કેટલાક એવા વિશિષ્ટ વિદ્વાન છે જેમના સ્થાન ભારતીય દાર્શનિકોમાં પણ આવી શકે છે. કેટલાક વિશિષ્ટ વ્યાખ્યાકારોના નામ :-

(૧) વાચક ઉમાસ્વાતિજી મ.સા. - તત્ત્વાર્થ સૂત્ર પર ભાષ્યરૂપમાં વ્યાખ્યા લખવાવાળા સ્વયં સૂત્રકાર ઉમાસ્વાતિજી મ.સા. જ છે.

(૨) આચાર્ય ગન્ધહસ્તી (૩) આચાર્ય સિદ્ધસેન - તત્ત્વાર્થ ભાષ્ય પર આ બંને શ્વેતાંબર આચાર્યોની બે પૂર્ણ વૃત્તિ છે. એક મોટી અને બીજી નાની છે. મોટી વૃત્તિના રચયિતા આચાર્ય સિદ્ધસેન છે.

(૪) આચાર્ય હરિભદ્ર - તત્ત્વાર્થ ભાષ્યની લઘુવૃત્તિના લેખક આચાર્ય હરિભદ્ર છે.

(૫) આચાર્ય યશોભદ્ર તથા તેમના શિષ્ય હરિભદ્રે સાડા પાંચ અધ્યાયોની વૃત્તિ લખી છે. એના પછી તત્ત્વાર્થ ભાષ્યના શેષ ભાગની વૃત્તિની રચના બે વ્યક્તિઓ દ્વારા થઈ છે. એમાંથી એક આચાર્ય યશોભદ્ર અને બીજા તેમના શિષ્ય છે. જેમનું નામ ખબર નથી.

(૬) આચાર્ય મલયગિરિ - એમની તત્ત્વાર્થ ભાષ્યની વ્યાખ્યા ઉપલબ્ધ નથી.

(૭) મુનિ ચિરંતન - એમણે તત્ત્વાર્થ પર સાધારણ ટિપ્પણી લખી છે.

(૮) વાચક યશોવિજયજી - તેમના દ્વારા લખાયેલ તત્ત્વાર્થ ભાષ્યની વૃત્તિનો અપૂર્ણ પ્રથમ અધ્યયન જ મળે છે.

(૯) ગુણિ યશોવિજયજી (૧૦) પૂજ્યપાદ સ્વામી (૧૧) ભટ્ટ અકલંક સ્વામી (૧૨) વિદ્યાંનદજી (૧૩) શ્રુત સાગરજી (૧૪) વિબુધ સેનજી (૧૫) યોગિન્દ્ર દેવજી (૧૬) લક્ષ્મી દેવજી (૧૭) યોગદેવજી (૧૮) અભયનંદી સૂરિ અને મુનિ દીપરત્નસાગરજી આદિ મહાપુરુષોએ સવિસ્તૃત ટીકાઓની રચના કરી છે.

તત્ત્વાર્થ સૂત્ર :- તત્ત્વાર્થ સૂત્રનો બાહ્ય તથા આભ્યંતર પરિચય પ્રાપ્ત કરવા માટે મૂળ ગ્રંથના આધાર પર નીચે લખેલી ચાર વાતો પર વિચાર કરાયો છે - (૧) પ્રેરક સામગ્રી (૨) રચનાનો ઉદ્દેશ્ય (૩) રચના શૈલી અને (૪) વિષય વર્ણન.

(૧) પ્રેરક સામગ્રી :- ગ્રંથકારને જે સામગ્રીએ 'તત્ત્વાર્થ સૂત્ર' લખવાની પ્રેરણા આપી તે મુખ્ય ભાગોમાં વિભાજીત કરાય છે -

(અ) આગમ જ્ઞાનના ઉત્તરાધિકાર - આગમ જ્ઞાનનો પૂર્વ પરંપરાથી ચાલ્યો આવતો ઉત્તરાધિકાર 'વાચક ઉમાસ્વાતિજી'ને સમુચિત રૂપમાં મળ્યો હતો, તેથી સંપૂર્ણ આગમિક વિષયોનું જ્ઞાન તેમને સ્પષ્ટ તથા વ્યવસ્થિત રૂપમાં હતું.

(બ) સંસ્કૃત ભાષા - કાશી, મગધ, બિહાર પ્રદેશોમાં રહેવાના કારણે વાચક ઉમાસ્વાતિજીએ તે સમયની પ્રધાન ભાષા સંસ્કૃતનો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો હતો. સંસ્કૃત ભાષાના વૈદિક દર્શન સાહિત્ય અને બૌદ્ધ દર્શન સાહિત્યને જાણવાનો તેમને અવસર મળ્યો અને પોતાના જ્ઞાનભંડારને ખૂબ જ સમૃદ્ધ કર્યું.

(ક) દર્શનાન્તરોનો પ્રભાવ - સંસ્કૃત ભાષા દ્વારા વૈદિક અને બૌદ્ધ સાહિત્યમાં પ્રવેશ કરવાના કારણે તે બધાનો તેમના પર ખૂબ પ્રભાવ પડ્યો અને તેથી જ તેમને સૂત્રશૈકી તથા સંસ્કૃત ભાષામાં ગ્રંથ લખવાની પ્રેરણા મળી.

(૨) રચનાનો ઉદ્દેશ્ય :- કોઈપણ ભારતીય શાસ્ત્રકાર જ્યારે સ્વીકૃત વિષય પર શાસ્ત્ર રચના કરે છે તો અંતિમ ઉદ્દેશ્યના રૂપમાં મોક્ષને જ રાખે છે. બધા મુખ્ય-મુખ્ય વિષયોના પ્રારંભમાં તે-તે વિદ્યાના અંતિમ ફળના રૂપમાં મોક્ષને જ જૈન પરિભાષામાં દર્શન - જ્ઞાન - ચારિત્રને રત્નત્રયી કહેલ છે. વળી અન્ય સ્થાને 'જ્ઞાન ક્રિયાભ્યામ્ મોક્ષ માર્ગઃ' પણ કહ્યું છે. તેનું કારણ એ છે કે દર્શન - જ્ઞાન જ્યારે સમ્યગ્ હોય છે ત્યારે તેની ઉત્પત્તિ સ્વામિત્વ વગેરેમાં વિપુલ સમાનતા હોવાથી એક જેવા ગણી દર્શન અને જ્ઞાનને માત્ર જ્ઞાન શબ્દથી અભિવ્યક્ત કર્યા છે. જ્યારે ક્રિયા અને ચારિત્રને પર્યાયવાચી જેવા ગણેલ છે.

સૂત્રકાર વાચક રત્નત્રયને આધારભૂત ગણી મોક્ષમાર્ગને જણાવે છે. ચારિત્રની ઈમારતનો આધાર સમ્યગ્દર્શન - જ્ઞાન ઉપર હોવાથી સૂત્રકારે પ્રથમ દર્શન - જ્ઞાન દ્વયીને જ સ્પર્શ્યા છે. તેની વિશદ અને યોગ્ય સમજ પ્રાપ્ત થયા પછી ચારિત્રની વાત પછીના અધ્યાયોમાં કરી છે. આથી પ્રથમ સૂત્ર - સમગ્ર શાસ્ત્રની આધારશીલા છે.

ભવ્ય જીવોને સત્ય માર્ગથી વાકેફ કરવા જીવનના સારભૂત એવા 'મોક્ષ માર્ગ'નું આ સૂત્ર નિર્દેશ કરે છે.

સૂત્ર - सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्ष मार्गः।।

સમ્યક્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર આ ત્રણે મળીને મોક્ષનો માર્ગ છે. અર્થાત્ મોક્ષની પ્રાપ્તિનો ઉપાય છે. આ સૂત્ર શાશ્વત સુખ માટે શ્રદ્ધાળુ બનવા, સાચું જ્ઞાન પ્રાપ્ત કરવા અને પ્રશસ્ત ક્રિયાનું આચરણ કરવાનું જણાવે છે.

સમ્યગ્દર્શનનું લક્ષણ બતાવે છે.

સૂત્ર - तत्त्वार्थश्रध्दानां सम्यग्दर्शनम्।।

તત્ત્વરૂપ (જીવ-અજીવ આદિ) પદાર્થોની શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહે છે. તત્ત્વાર્થ શ્રદ્ધાન્ એવા સમ્યગ્દર્શનના લક્ષણમાં તત્ત્વ, અર્થ અને શ્રદ્ધાન્ ત્રણ શબ્દોને સૂત્રકારે વણી લીધા છે.

તત્ત્વ શબ્દમાં - 'તત્' શબ્દ છે તે સર્વનામ છે તેને ભાવ અર્થમાં

'ત્વ' પ્રત્યય લાગેલો છે. એટલે કે સર્વાદિ ગણમાં રહેલો તત્ શબ્દ + તધ્દિત નો ભાવ પ્રત્યય ત્વ લાગી તત્ત્વ બન્યું છે. જે ભાવ સામાન્યવાચી શબ્દ થાય તેથી પ્રત્યેક સ્વરૂપ તત્ત્વ વડે કહી શકાય છે.

જે 'તત્ત્વાર્થ' શબ્દ બન્યો તેના અર્થને સ્પષ્ટ કરતા જણાવે છે કે તત્ત્વાર્થ એટલે કે જે પદાર્થ જે રૂપમાં રહેલો છે તે પદાર્થને તે રૂપથી જ ગ્રહણ કરવો. વસ્તુનું યથાર્થથી ગ્રહણ થવું.

જન્મ-જરા-મૃત્યુ આદિ અનંત દુ:ખમય સંસારથી વિરમવા માટે આવી તત્ત્વાર્થ શ્રદ્ધા અર્થાત્ પદાર્થોની રૂચિ કેળવવી જરૂરી છે તેમ આ સૂત્ર નિર્દેશ કરે છે.

**- પ્રથમ અધ્યાયમાં જ્ઞાન સંબંધી મુખ્ય વાતો આ પ્રકારે છે -**

(૧) નય અને પ્રમાણ રૂપથી જ્ઞાનનું વિભાજન કરેલ છે. (૨) મતિ આદિ આગમ પ્રસિદ્ધ પાંચ જ્ઞાન અને તેના પ્રત્યક્ષ અને પરોક્ષ બે પ્રમાણોમાં વિભાજન કરેલ છે. (૩) મતિજ્ઞાનની ઉત્પત્તિના સાધન, તેના ભેદ-પ્રભેદ અને તેની ઉત્પત્તિના ક્રમ સૂચક પ્રકાર છે. (૪) જૈન પરંપરામાં પ્રમાણ કહેવાયેલ આગમ-શાસ્ત્રનું શ્રુતજ્ઞાનના રૂપમાં વર્ણન છે. (૫) અવધિ આદિ ત્રણ જ્ઞાન પ્રત્યક્ષ અને તેના ભેદ-પ્રભેદ તથા પારસ્પરિક અંતર બતાવેલ છે. (૬) પાંચે જ્ઞાનના તારતમ્ય બતાવતાં તેના વિષય-નિર્દેષ અને તેની એક સાથ શક્યતા. (૭) કોઈક જ્ઞાન ભ્રમાત્મક પણ હોઈ શકે છે. તથા જ્ઞાનની યથાર્થતા અને અયથાર્થતાના કારણ. (૮) નયના ભેદ અને પ્રભેદ.

- નિષ્કર્ષ - તત્ત્વાર્થ સૂત્ર એટલે તત્ત્વના અર્થનું સૂત્ર.
સમ્યગ્દર્શન એ તત્ત્વનું દર્શન છે.
સમ્યગ્જ્ઞાનથી અર્થની સમજણ છે.
સમ્યગ્ચારિત્રથી મોક્ષની પ્રાપ્તિ છે.

તત્ત્વાર્થ સૂત્ર એટલે સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્ર! તત્ત્વાર્થસૂત્ર એટલે મોક્ષમાર્ગ! સારાય તત્ત્વાર્થ સૂત્રનો સાર તેના પ્રથમ અધ્યાયના પ્રથમ સૂત્ર- सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्ष मार्गः।। માં છે.

**(૨)દ્વિતીય અધ્યાય :-** તત્ત્વાર્થાધિગમ સૂત્રના પ્રથમ અધ્યાયમાં જીવાદિ સાત તત્ત્વોની શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહ્યું છે. આ સાતે તત્ત્વોની સમ્યક્ જાણકારી માટે સૂત્રકાર મહર્ષિએ દ્વિતીય આદિ અધ્યાયમાં જીવાદિ તત્ત્વોનો બોધ કરાવેલ છે.

દ્વિતીય અધ્યાયમાં ૫૨ સૂત્ર છે. આ અધ્યાયમાં જીવનું સ્વરૂપ, જીવનું લક્ષણ, જીવના ભેદ, ઈન્દ્રિય, જીવની ગતિ, શરીર, જન્મ વગેરે કારણોની જીવ તત્ત્વની માહિતી પ્રાપ્ત થાય છે.

આ અધ્યાયમાં જીવ તત્ત્વનું નિરૂપણ છે. તેમા પ્રથમ જ જીવના ઔપશમિક આદિ પાંચ ભાવો વર્ણવ્યા છે. પછી જીવનું પ્રસિદ્ધ લક્ષણ 'ઉપયોગ' જણાવીને તેના ભેદ કહ્યા છે. જીવના બે ભેદ સંસારી અને મુક્ત બતાવ્યા છે. તેમાં સંસારી જીવોના ભેદ સંજ્ઞી - અસંજ્ઞી તથા ત્રસ - સ્થાવર કહ્યા અને ત્રસ બેઈન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના ભેદ બતાવ્યા; પાંચ ઈન્દ્રિયોના દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય એવા બે પ્રકાર કહ્યા છે અને વિષય જણાવ્યા છે. એકેન્દ્રિય આદિ જીવોને કેટલી ઈન્દ્રિયો હોય તેનું નિરૂપણ કર્યું છે. વળી સંજ્ઞી જીવોનું તથા જીવ પરભવગમન કરે છે. તે ગમનનું સ્વરૂપ કહ્યું છે. પછી જન્મના ભેદ, યોનિના ભેદ, તથા ગર્ભજ દેવ, નારકી અને સંમૂર્ચ્છિ જીવો કેવી રીતે ઉપજે તેનો નિર્ણય કહ્યો છે. પાંચ શરીરના નામ કહી તેની સ્થૂલતા અને સૂક્ષ્મતાનું સ્વરૂપ કહ્યું અને તે કેમ ઉપજે તેનું નિરૂપણ કર્યું છે. કયા જીવને કયો વેદ હોય છે તે કહ્યું છે. ઉદય-મરણ અને ઉદીરણા-મરણનો નિયમ બતાવ્યો છે.

આ રીતે કોઈપણ અધ્યાય કે કોઈપણ સૂત્ર થકી પ્રગટ થતો તાત્પર્યાર્થ તો મોક્ષની આધારશીલા જ બનવાનો એ રીતે આ અધ્યાયમાં જીવ તત્ત્વ, જીવ તત્ત્વની શ્રદ્ધા, તદ્વિષયક જ્ઞાન વગેરે એક સુંદર બાબત ફલીત કરે છે.

જ્યાં સુધી જીવને પર વસ્તુનો સંયોગ છે ત્યાં સુધી જ શરીર - ઈન્દ્રિય - ગતિ - ભવો - ભાવો - જન્મના ભેદ આદિ પ્રસંગો ઉદ્ભવે છે. જ્યારે સમ્યગ્દર્શન પામી મોક્ષમાર્ગે ગતિ કરતાં વીતરાગતા પ્રાપ્ત થશે. ત્યારે તે જીવ આપોઆપ જ આ બધાથી મુક્ત થવાનો અને મોક્ષને પ્રાપ્ત કરવાનો છે.

નિષ્કર્ષ :- આ અધ્યાયમાં કહેલા પાંચ ભાવો અને તેમના બીજા દ્રવ્યોની સાથેના નિમિત્ત નૈમિતિક સંબંધનું જ્ઞાન કરીને, બીજા બધા ઉપરથી લક્ષ હટાવીને પરમ પારિણામિક ભાવ તરફ પોતાની પર્યાય વાળતાં સમ્યગ્દર્શન થાય છે. પછી તેનું બળ વધતાં સમ્યક્ચારિત્ર થાય છે. તે જ ધર્મમાર્ગ - મોક્ષમાર્ગ છે.

**(૩)તૃતિય અધ્યાય :-** આ અધ્યાયમાં કુલ ૧૮ સૂત્ર છે. બહુ ઓછી સંખ્યાના સૂત્રોમાં વિપુલ માહિતી સંગ્રહીત કરાયેલ છે. મુખ્યત્વે નરક અને તિર્ચ્છાલોક બે જ વિષયો પર સૂત્રકારે સૂત્રરચના પર કેન્દ્રીકરણ કરેલું છે.

જીવનો ઔદવિકભાવ તે જ સંસાર છે. અજ્ઞાનદશામાં ઔદયિકભાવ હોય ત્યારે જીવને શુભ અને અશુભ ભાવો હોય છે. શુભભાવનું ફળ 'દેવપણું' અને 'મનુષ્યપણું' છે અને અશુભ ભાવની તીવ્રતાનું ફળ 'નારકીપણું' છે. શુભાશુભ ભાવના મિશ્રપણાનું ફળ 'તિર્યંચપણું' છે. જીવ અનાદિથી અજ્ઞાની છે તેથી અશુદ્ધ ભાવોના કારણે તેનું ભ્રમણ થયા કરે છે. તે ભ્રમણ કેવું હોય તે આ અધ્યાયમાં અને ચોથા અધ્યાયમાં બતાવ્યું છે. તે ભ્રમણમાં (ભવોમાં) શરીર સાથે તેમજ ક્ષેત્ર સાથે જીવો કેવા પ્રકારનો સંયોગ હોય છે. તે અહીં બતાવવામાં આવેલ છે.

માંસ, દારૂ વગેરે ભક્ષયનો ભાવ, ભયંકર, જૂઠું, ચોરી, કુશીલ તથા લોભ વગેરેના તીવ્ર અશુભ ભાવને કારણે જીવ નરકગતિ પામે છે. તેનું આ અધ્યાયમાં પ્રથમ વર્ણન કર્યું છે. પછી મનુષ્ય તથા તિર્યંચના ક્ષેત્રોનું વર્ણન કર્યું છે.

જૈન ભૌગોલિક શાસ્ત્ર અનુસાર પૃથ્વીની નીચે સાત પૃથ્વી છે. જે ક્રમશઃ પહેલીથી બીજી, લેશ્યા, પરિણામ અને વેદનાથી અશુભ છે. નારકીનું શરીર અશુભ હોય છે. શારિરીક, પ્રાકૃતિક અને ત્રણ નરક સુધી પરમાધામી દેવો દ્વારા પોતાના અશુભ કર્મફળ ભોગવે છે. તેમની શારિરીક ઉપાધિ દીર્ઘ સમયની હોય છે. ત્યારપછી દ્વીપ, સમુદ્ર, પર્વત, ક્ષેત્ર આદિ દ્વારા મધ્યલોકનું ભૌગોલિક વર્ણન તથા તેમાં રહેવાવાળા મનુષ્ય, પશુ, પક્ષી આદિનું જીવનકાળ બતાવ્યું છે.

આ બધા સાથે એક મહત્ત્વની વાત તો સ્મરણસ્થ રાખવી જ પડશે કે અહીં નરક આદિ જે વર્ણન છે. તે ચતુર્ગતિના ભાગરૂપ જ છે.

શાસ્ત્રકારનું મુખ્ય ધ્યેય ફક્ત માહિતી પૂરી પાડવી તે નથી પણ આવી ચતુર્ગતિરૂપ સંસાર જાણી જીવ તેમાં મુગ્ધ ન બનતાં તેમાંથી કેમ બહાર નીકળે છે. તે માટે જ મુખ્ય ધ્યેયરૂપ મોક્ષ તત્ત્વની સાધના પ્રથમ અધ્યાયમાં પ્રથમ સૂત્રમાં બતાવી છે. તે માર્ગે ચાલવા માટે આ બધી કેડીઓ છે.

નિષ્કર્ષ :- આ અધ્યાયના અધ્યયન થકી પણ છેલ્લો નરક-તિર્યંચ-મનુષ્ય ત્રણે ગતિ છોડવા યોગ્ય છે તે વાત જ વિચારણીય છે.

**(૪) ચતુર્થ અધ્યાય :-** આ અધ્યાયમાં ૫૩ સૂત્રો છે. દેવગતિ વિષયક અધિકારની છણાવટ સાથે જીવ અધિકાર પણ અહીં સમાપ્ત થાય છે. એ રીતે સાત તત્ત્વ વિષયક પ્રથમ જીવ તત્ત્વનું અધ્યયન પણ આ અધ્યાયની સમાપ્તિ સાથે પૂર્ણતા પામે છે.

અધોલોક અને તિર્ચ્છાલોકનો વિષય કહેવાઈ ગયા પછી મુખ્ય વિષય વસ્તુ ઉર્ધ્વલોક સંબંધી જ બાકી રહે છે. પરંતુ દેવો ત્રણે લોકમાં વિદ્યમાન હોવાથી આ અધ્યાયનો વિષય વસ્તુ પણ ત્રણે લોકની સ્પર્શના કરાવે છે.

આ અધ્યાયમાં દેવોના પ્રકાર, લેશ્યા, ભેદો, ઈન્દ્રોની સંખ્યા, દેવોના કામ સુખ, ભવનવાસીના ભેદ, વ્યંતરના ભેદ, જ્યોતિષ્કના ભેદ અને વિશેષતા, વૈમાનિકના ભેદ તથા તેની વિશેષતા, કલ્પના સ્થાન, લોકાન્તિકનું સ્થાન અને તેના ભેદો, અનુત્તરના દેવોની ભવ ગણના, ભવનવાસી દેવોનું આયુષ્ય, વ્યંતર દેવોનું આયુષ્ય, જ્યોતિષ્ક દેવોનું આયુષ્ય, વૈમાનિક દેવોનું આયુષ્ય, નારકીનું આયુષ્ય આ બધું આ અધ્યાયમાં બતાવ્યું છે. આ અધ્યાયમાં દેવગતિના ઠોસ સત્યોને અનાવૃત કરેલા છે. જે જૂદા-જૂદા ચાર પ્રકારના દેવોના વર્ણન થકી આપણે જાણવાનું છે.

વર્તમાન વિજ્ઞાનના અનુસાર આજ શાસ્ત્રીય ભૂગોળ-ખગોળથી ઘણા મતભેદ છે. અમારું કર્તવ્ય છે કે શાસ્ત્રીય આ વાતોને પ્રત્યક્ષ આગમ આદિ પ્રમાણો દ્વારા સર્વમાન્ય પ્રમાણિત કરવાનો પ્રયાસ કરીએ.

નિષ્કર્ષ :- ગ્રંથકાર મહર્ષિનું મુખ્ય ધ્યેય વિષયક માહિતીથી આપણને અવગત કરવાનું નથી પણ જીવ તે ગતિના મોહમાં મુંઝાય નહિ અને પંચમગતિરૂપ મોક્ષના ધ્યેયને વળગી રહે તે જોવાનું છે.

**(૫) પંચમ અધ્યાય :-** આ અધ્યાયમાં ૪૪ સૂત્રો છે. જેમાં મુખ્ય વિષય 'અજીવ-પ્રરૂપણા' છે - આ પૂર્વે ચાર અધ્યાયોમાં જીવ વિષયક પ્રરૂપણા કરાઈ છે.

તત્ત્વાર્થ સૂત્રનો પાંચમો અધ્યાય મધ્યાહ્નના સૂર્ય જેવો છે. આમાં જૈન દર્શનનો અતીવ સૂક્ષ્મ દ્રવ્યાનુયોગનું તાત્ત્વિક વિવેચન છે. વિશ્વ શું છે? કયા પદાર્થોનો સંયોગ છે? તેની ઉત્પત્તિ, સ્થિતિ અને તેનો વિકાસ આ બધા વિષયોનું ગૂઢ વિવેચન છે. જીવ અને અજીવ સ્થાનાંતર કરે છે. આલંબન વિના કેવી રીતે ગતિ થઈ શકે છે? ભારતીય કોઈપણ ધાર્મિક અને દાર્શનિક ગ્રંથોમાં તેનો વિચાર પ્રાપ્ત નથી થતો. જૈન આગમ-ગ્રંથોની આ દેન છે. જીવ અને ચેતનની ગતિ અને સ્થિતિના આલંબનરૂપમાં ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય છે. આ બંને દ્રવ્યો અખંડ છે. લોકાકાશ સુધી જ તેમની મર્યાદા છે. ધર્મ, અધર્મ અને આકાશ સ્વયં કોઈ ક્રિયા નથી થતી. આત્માના અસંખ્યાત પ્રદેશ છે. તે દીપકની જેમ સંકોચ અને વિસ્તાર સ્વભાવવાળા છે. પરસ્પર ઉપકારક છે.

પુદ્‌ગલ દ્રવ્યના બે ભેદ છે. અણું અને સ્કંધ. અત્યંત સૂક્ષ્મ અવિભાજ્ય અંશ પરમાણુ છે. સંખ્યાત, અસંખ્યાત અને અનંત પરમાણુઓના પિંડને સ્કંધ કહે છે. તેની ઉત્પત્તિના પ્રકાર, પદાર્થ અને નિત્યના લક્ષણ, પરિણામનું સ્વરૂપ આદિ વિષયોનું આ અધ્યાયમાં સૂક્ષ્મ વિવેચન છે.

આ અધ્યાયમાં सत्द्रव्यलक्षणम्, उत्पादव्ययध्रौव्ययुक्तं सत्, गुणपर्यायवत् द्रव्यम्, अर्पितानर्पितसिध्देः અને तद्भावःपरिणामः। આ પાંચ સૂત્રો વસ્તુ સ્વરૂપના પાયારૂપ છે - વિશ્વધર્મના પાયારૂપ છે.

આમ છ દ્રવ્યનું સ્વરૂપ અનેક પ્રકારે વર્ણવ્યું છે. આ છ દ્રવ્યોમાં સમયે-સમયે પરિણમન થાય છે. તેને 'પર્યાય' કહેવાય છે. ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ ચાર દ્રવ્યોના પર્યાય તો સદાય શુદ્ધ રહે છે. બાકીના જીવ અને પુદ્‌ગલ આ બે દ્રવ્યોમાં શુદ્ધ પર્યાય હોય છે અથવા અશુદ્ધ પર્યાય પણ હોઈ શકે છે.

નિષ્કર્ષ :- આ અધ્યાય સિદ્ધ કરે છે કે સર્વજ્ઞ સિવાય બીજું કોઈ જીવ અને અજીવનું સત્ય સ્વરૂપ કહી શકે નહીં. આ જે છ દ્રવ્યનું સ્વરૂપ છે તે અદ્વિતીય છે. તેનાથી વિરૂદ્ધ માન્યતા જગતના કોઈપણ જીવોની હોય તો તે અસત્ય છે.

**(૬) ષષ્ઠમ્ અધ્યાય :-** આ અધ્યાયમાં ૨૬ સૂત્રો છે. જેમાં મુખ્ય પ્રતિપાદ્ય વિષય આશ્રવનું સ્વરૂપ, ભેદ, જુદી-જુદી કર્મ પ્રકૃતિના આશ્રવનું કારણ વગેરે છે. આમાં પુણ્ય-પાપની વિચારણા પણ થયેલી છે. આશ્રવ તત્ત્વની વિચારણા થકી પ્રત્યેક કર્મોનો આશ્રવ કઈ રીતે થઈ શકે તેની પણ વિશદ્ સમજ આ અધ્યાયમાં પ્રાપ્ત થાય છે.

જીવનું શુદ્ધ સ્વરૂપ મુક્ત અવસ્થામાં જ છે, છતાં પણ સંસાર

અવસ્થામાં યોગના સંબંધથી જીવ કર્મને ગ્રહણ કરે છે અને ચારે ગતિમાં પરિભ્રમણ કરે છે. આ આશ્રવ છે. આશ્રવના મુખ્ય બે પ્રકાર છે, શુભ આશ્રવ અને અશુભ આશ્રવ. આશ્રવ સંક્ષેપમાં પાંચ પ્રકારના છે. વિસ્તારથી ૪૨ ભેદ છે. આનાથી આઠ કર્મોનો બંધ થાય છે. આ કર્મ-બંધમાં કયા કયા કારણ છે. તેનું આ અધ્યાયમાં વર્ણન છે.

શુભ યોગ પુણ્ય કર્મના આશ્રવનું અને અશુભયોગ પાપ કર્મના આશ્રવનું કારણ હોય છે. કષાય સહિત જીવોને સામ્પ્રાયિક આશ્રવ અને કષાય રહિત જીવોને ઈરિયા પથિક આશ્રવ હોય છે. સામ્પ્રારાયિક આશ્રવના પંચ અવ્રત, ચાર કષાય, પાંચ ઈન્દ્રિય અને ૨૫ ક્રિયાઓ બધા મળીને ૩૯ ભેદ છે. પછી તીવ્ર ભાવ, મન્દ ભાવ, જ્ઞાત ભાવ, અજ્ઞાત ભાવ, વીર્ય અને અધિકરણના ભેદથી કર્મબંધમાં વિશેષતા છે. અને આઠેય કર્મબંધના કારણો આ અધ્યાયમાં દર્શાવ્યા છે.

નિષ્કર્ષ :- સાંસારિક અવસ્થાના પ્રેરક એવા આશ્રવ તત્ત્વ થકી જીવ સંસારમાં ભમે છે તે કેમ અટકે છે? તથા આ અધ્યાય થકી જીવને જે કર્મનો ધોધ આત્મા તરફ આવે છે તેનું જ્ઞાન થવાથી મોક્ષ પ્રાપ્તિ પ્રયાણ કરવા ઈચ્છતા જીવને તેના માર્ગમાં આવતા વિઘ્નોનો પૂર્ણ પરિચય પ્રાપ્ત થાય છે.

**(૭) સપ્તમ અધ્યાય :-** આ અધ્યાયના ૩૪ સૂત્રો છે. આ અધ્યાયમાં મુખ્યત્વે વ્રત-તપની ભાવના અને વ્રતના અતિચાર એ જ વિષય ક્ષેત્ર છે. આશ્રવને જણાવતા અધ્યાય છઠ્ઠામાં સૂત્ર-તેરમાં વ્રતી શબ્દ આવે છે. આ વ્રતી શબ્દ મૂળ વ્રત શબ્દ ઉપરથી બનેલો છે. તેથી વ્રત અને વ્રતીની વ્યાખ્યા વ્રત અતિચાર આદિ સમગ્ર- ચર્ચાનો મુખ્યસાર વ્રત વિષયક વિસ્તૃત માહિતી પ્રદાન માટે જણાય છે.

જીવાદિ સાત તત્ત્વોના સંબંધમાં કહીએ તો અધ્યાયનું વર્ણન આશ્રવ તત્ત્વ સાથે સંબંધ ધરાવે છે. એમ કહી શકાય કેમકે વ્રતના અતિચારો આશ્રવરૂપે છે જેનું વર્ણન આ અધ્યાયમાં વિસ્તારથી છે.

વળી અતિચાર સમજવા માટે વ્રતોનું જ્ઞાન હોવું એ નિતાંત આવશ્યક છે. માટે આરંભમાં વ્રત સંબંધી ઉલ્લેખો પણ કરાયા છે. સૂત્રમાં વ્રતની વ્યાખ્યા આપી છે. તેમાં જણાવ્યું છે કે - જે જીવ મિથ્યાત્વ, માયા અને નિદાન આ ત્રણ શલ્ય રહિત હોય તે જ વ્રતી હોઈ શકે છે.

વ્રતી થવા માટે સમ્યગ્દર્શન અને વ્રત બંને હોવા જોઈએ. મહર્ષિ પ્રથમ સૂત્રમાં વ્રતની વ્યાખ્યા કરે છે. ત્રીજા સૂત્રમાં વ્રતની પાંચ-પાંચ ભાવનાને જણાવે છે સૂત આઠથી સોળમાં પ્રત્યેક વ્રતના સ્વરૂપની સ્પષ્ટતા કરી સૂત્ર અઢારથી બત્રીસમાં વ્રત અતિચાર બતાવે છે. પરોક્ષ રીતે આશ્રવ જ છે.

નિષ્કર્ષ :- આશ્રવ અથવા વ્રત સંબંધી દુષણોને યોગ્ય અભ્યાસ, જીવને આશ્રવથી દૂર થઈ નિરતિચાર વ્રત પાલનથી મોક્ષમાર્ગ ગમન કરાવવામાં સહાયક થાય છે.

**(૮) અષ્ટમ્ અધ્યાય :-** આ અધ્યાયમાં ૨૬ સૂત્રો છે. આઠમા અધ્યાયનો પ્રતિપાદ્ય વિષય બંધ તત્ત્વ છે. સ્વોપજ્ઞ ભાષ્યમાં પણ સૂત્રકાર મહર્ષિ આ જ વાત કહે છે કે उक्तं आश्रवः बंधं वक्ष्याम्ः। ૨૬ સૂત્રોમાં કહેવાયેલા એવા આ અધ્યાયમાં પ્રકૃતિ - સ્થિતિ - રસ અને પ્રદેશ આ ચારે ભેદે બંધના સ્વરૂપનું કથન કરવામાં આવ્યું છે.

આશ્રવ તત્ત્વ થકી કર્મને આવવામાં કારણભૂત તત્ત્વો તથા આશ્રવના ભેદ-પ્રભેદના વર્ણનની સાથે-સાથે જ્ઞાનાવરણીય આદિ કર્મબંધના હેતુભૂત આશ્રવો જણાવતી વખતે પરોક્ષ રીતે તે-તે કર્મબંધના હેતુઓ કહેવાયા હતા. જ્યારે આ સૂત્રમાં બંધ સામાન્યના ચાર હેતુઓ જણાવી કર્મની પ્રકૃતિ આદિ ચારે વસ્તુને વર્ણવે છે. એમ કહી શકાય કે કર્મપ્રકૃતિનું કથન આ અધ્યાયમાં છે. તેના બંધના હેતુઓ છઠ્ઠા અધ્યાયમાં કહ્યા છે. વળી તે કર્મ બંધાયા પછીની સ્થિતિનું વર્ણન આ અધ્યાયમાં છે.

આ અધ્યાયમાં મુખ્ય રીતે બંધના હેતુઓ, બંધના સ્વરૂપ, બંધના ચાર ભેદો, પ્રકૃતિબંધના આઠ ભેદો, જ્ઞાનાવરણીય આદિ આઠે પ્રકૃતિના પેટા ભેદો, જ્ઞાનાવરણીય આદિ આઠેનો સ્થિતિબંધ, અનુભાગબંધ, નિર્જરા કઈ રીતે થાય? કર્મબંધ કયા કર્મથી કઈ રીતે થાય તેનું વિશિષ્ટ સ્વરૂપ અને પુણ્ય પ્રકૃતિ આ બધું આ અધ્યાયમાં દર્શાવ્યું છે.

નિષ્કર્ષ :- કર્મબંધ એ જ સમગ્ર સંસારનું બીજ છે. તેમાંથી સંસારરૂપી વટવૃક્ષ થાય છે. તેનો છેદ કરવો તે મોક્ષ છે. અર્થાત્ મોક્ષની પ્રાપ્તિ માટે તેના બાધક તત્ત્વરૂપ એવા આ કર્મબંધને સમજવું અને પછી ત્યાગ કરવો એજ આવશ્યક છે.

**(૯) નવમ્ અધ્યાય :-** આ અધ્યાયમાં ૪૯ સૂત્રો છે. આ અધ્યાયનો પ્રતિપાદ્ય વિષય છે 'સંવર તત્ત્વ' અલબત્ત નિર્જરા તત્ત્વ વિશે પણ સુંદરતમ વ્યાખ્યાને આવરી લેવાઈ છે.

પ્રથમ અધ્યાય - પ્રથમ સૂત્રથી 'મોક્ષમાર્ગ'નું નિરૂપણ કરે છે. તે માર્ગે ચાલી મોક્ષની પ્રાપ્તિમાં સંવર અને નિર્જરા આ બે મુખ્ય તત્ત્વોની ઉપાસના થકી જીવ મોક્ષને પામનારો બને છે. આ સંવર તત્વ થકી આવતા કર્મોને અટકાવી શકે છે અને નિર્જરા તત્વ સંચિત કર્મોના ક્ષય માટેનું મુખ્ય પરિબળ છે.

શુભ અને અશુભ કર્મને રોકવારૂપ 'દ્રવ્ય સંવર' તથા શુભાશુભ કર્મને રોકવામાં કારણરૂપ જીવનો જે અધ્યવસાય તે 'ભાવ સંવર' આવા બંને પ્રકારના સંવરને કઈરીતે આદરવા તેનું વિશેષ સ્વરૂપ શું છે? તેના ભેદ-પ્રભેદો આદિ સર્વેની ચર્ચા અહીં આવરી લેવાઈ છે.

આ અધ્યાયમાં સંવરની વ્યાખ્યા, સંવરના ઉપાયો, તપ-નિર્જરા તથા ગુપ્તિનું સ્વરૂપ તથા ભેદ, સમિતિનું સ્વરૂપ તથા પાંચ ભેદ, ધર્મનું સ્વરૂપ તથા દસ ભેદ, અનુપ્રેક્ષા સ્વરૂપ તથા

બાર ભેદ, પરિષહનું સ્વરૂપ તથા બાવીસ ભેદ, ચારિત્ર સ્વરૂપ તથા પાંચ ભેદ, તપના બાહ્ય તથા આભ્યંતર ભેદ, પ્રાયશ્ચિતના નવ ભેદ, વિનયના ચાર ભેદ, વૈયાવચ્ચના દસ ભેદ, સ્વાધ્યાયના પાંચ ભેદ, વ્યુત્સર્ગના બે ભેદ, ધ્યાનનું સ્વરૂપ તથા ચાર ભેદ, નિર્જરાને આશ્રીને આત્મવિકાસ ક્રમ અને નિગ્રંથના ભેદ તથા વિશેષ વિચારણા આ અધ્યાયમાં દર્શાવી છે.

અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવને સત્ય સંવર અને નિર્જરા તત્ત્વ ક્યારેય પ્રગટ્યા નથી. તેથી તેને આ સંસારરૂપ વિકારી ભાવો ઉભા રહ્યા છે. અને સમયે-સમયે અનંત દુઃખ પામે છે તેનું મૂળ કારણ મિથ્યાત્વ જ છે. ધર્મની શરૂઆત સંવરથી થાય છે. અને સમ્યગ્દર્શન જ પ્રથમ સંવર છે. તેથી ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે. સંવરનો અર્થ જીવના વિકારી ભાવોને અટકાવવા તે છે.

નિષ્કર્ષ :- મુમુક્ષુ જીવોએ ઉપરની બાબતોનો યથાર્થ વિચાર કરીને સંવર-નિર્જરા તત્ત્વનું સ્વરૂપ સમજવું જોઈએ. જે જીવો આ તત્ત્વો ઉપર શ્રદ્ધા કરે છે, જાણે છે તે પોતાના ચૈતન્યરૂપ સ્વભાવ ભાવ તરફ વળીને સમ્યગ્દર્શન પ્રગટ કરે છે. અને સંસાર ચક્રને તોડીને અલ્પકાળમાં મોક્ષને પ્રાપ્ત કરે છે.

(૧૦) દસમ અધ્યાય :- આ અધ્યાયમાં સાત સૂત્રો છે. તત્ત્વાર્થ સૂત્રનો આ અંતિમ અધ્યાય છે. અંતિમ લક્ષ્યવાચી તત્ત્વને જગાવવા માટે સૂત્રકાર મહર્ષિએ સાત સૂત્રોની સુંદર ગુંથણી આ અધ્યાયમાં કરી છે.

કુલ દસ અધ્યાયમાં કથન કરાયેલા તત્ત્વાર્થ સૂત્રમાંના પ્રથમ ચાર અધ્યાય થકી 'જીવ તત્ત્વ'ની પ્રરૂપણા કરાઈ છે. પછી પાંચમા અધ્યાયમાં 'અજીવ તત્ત્વ'નું નિરૂપણ કરાયું છે. છઠ્ઠા અને સાતમા અધ્યાયમાં 'આશ્રવ તત્ત્વ' સમજાવાયું છે. આઠમા અધ્યાયમાં 'બંધ તત્ત્વ' વિષયક ગુંથણી કરી. 'સંવર તત્ત્વ'ને પ્રધાનપણે પ્રગટ કરવા પૂર્વક 'નિર્જરા તત્ત્વ' વિષયક વાતને વણી લેતો એવો નવમો અધ્યાય સૂત્રકાર મહર્ષિ દ્વારા આકાર પામ્યો છે.

હવે છેલ્લું 'મોક્ષ તત્ત્વ' અને દસમો - છેલ્લો અધ્યાય પ્રસ્તુત છે.

આ રીતે દસમા અધ્યાયનો મુખ્ય પ્રતિપાદ્ય વિષય 'મોક્ષ તત્ત્વ' છે. જેમાં પ્રથમ બે સૂત્ર થકી કેવળજ્ઞાન (કેવળદર્શન)ની ઉત્પત્તિ દર્શાવી છે. ત્રીજા અને ચોથા સૂત્રથી મોક્ષની પ્રાપ્તિનું સ્વરૂપ જણાવેલ છે. મોક્ષ થતાં જીવની ગતિ ક્યાં થાય તે પાંચમાં સૂત્રમાં જણાવી, આ ગતિ કઈ રીતે થાય તેનું સ્વરૂપ છઠ્ઠા સૂત્ર દ્વારા દર્શાવાયું છે.

સૌથી છેલ્લે સાતમું સૂત્ર સિદ્ધિના વિવિધ અનુયોગ વડે વિચારણા કરવા સંબંધે છે. આ રીતે આ મોક્ષ વિષયક અધ્યાયમાં કેવળજ્ઞાન - મોક્ષ - ગતિ - સિદ્ધિ સંબંધી વિચારણા આ ચાર વસ્તુનો સુંદર સમન્વય કરાયો છે.

નિષ્કર્ષ :- પરમ ઉપાસ્ય તત્ત્વને પામવાનો માર્ગ જાણ્યો, તત્સંબંધી સમ્યગ્જ્ઞાનથી વિદિત થયા બાદ તે તત્ત્વની વિચારણા થકી સૂત્રકાર મહર્ષિએ શીવમંદિરના દ્વારે લાવીને મૂકી દીધા છે. હવે તત્ત્વ પ્રાપ્તિ પુરુષાર્થ એ જ આ અધ્યાયની ફલશ્રુતિ છે.

**-: ૧૦ અધ્યાય સમાપ્ત :-**

ઉપસંહાર :- સંક્ષેપથી જોતાં આ શાસ્ત્રમાં સમ્યગ્દર્શન - સમ્યગ્જ્ઞાન - સમ્યક્ચારિત્ર - રૂપ મોક્ષમાર્ગ, પ્રમાણ - નય-નિક્ષેપ, જીવ - અજીવ આદિ સાત તત્ત્વો, ઉર્ધ્વ - અધો - મધ્ય એ ત્રણ લોક, ચાર ગતિ, છ દ્રવ્યો અને દ્રવ્ય - ગુણ - પર્યાય આ બધાનું સ્વરૂપ આવી જાય છે. આ રીતે આ શાસ્ત્રમાં તત્ત્વજ્ઞાનનો ભંડાર ઘણી ખુબીથી ભરી દીધો છે.

આજનો યુગ સૂત્રોનો નહિ સારનો છે. આ જ શ્રવણ અને ચિંતન, વાચના, પૃચ્છના, અનુપ્રેક્ષાની કલા ઓછી થઈ રહી છે. સૂત્રોની સંક્ષેપની મહાકળા ભૂલીને કોઈપણ પ્રજા વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનમાં પ્રગતિ નથી કરી શકતી. વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનના મહાશિખર પર ચડવા માટે કઠિન પરિશ્રમ કરવો પડશે.

તેથી જ જૈન દર્શનના અભ્યાસ માટે જીવનમાં માત્ર એક જ ગ્રંથ આત્મસાત્ કરવાની ઈચ્છા હોય તેમણે 'તત્ત્વાર્થાધિગમ સૂત્ર'નું અધ્યયન કરવું જોઈએ. આ એક જ ગ્રંથનું અધ્યયન સમ્યગ્ રીતે થાય માટે જીવ તત્ત્વના કથીરમાંથી સિદ્ધાંતનો પારસ પ્રગટ કરવાની પ્રક્રિયા પૂર્ણરૂપથી આમાં બતાવાઈ છે. તત્ત્વાર્થ સૂત્ર પર જેટલો વિચાર કરાય તેટલો ઓછો છે.

તત્ત્વાર્થ સૂત્રમાં અર્વાચીન વિજ્ઞાનને સન્માર્ગ પર લઈ જવામાં સહાયક અનેક વિચારબીજ ભરેલા છે. શેષ અનુપ્રેક્ષા (ચિંતન) કરવાવાળા આરાધકને વિજ્ઞાનની પહોંચથી દૂર સૂક્ષ્મ વિચાર - અંશ સહજતઃ પ્રગટ થશે.

તત્ત્વાર્થ સૂત્ર એક અસામાન્ય ગ્રંથ છે. જેમ પદાર્થોનું દર્શન દર્પણમાં થાય છે. એમ જ સત્યનું દર્શન આ તત્ત્વાર્થ સૂત્રરૂપી દર્પણમાં થાય છે. આ દર્પણમાં જોવાની દ્રષ્ટિ અભ્યાસથી પ્રગટ થાય છે. એવો દૃઢ અભ્યાસ, દૃઢ વૈરાગ્ય વગર પ્રગટ થતો નથી.

તત્ત્વાર્થ સૂત્રમાં વિશ્વ અને શરીરનો સ્વભાવ, તેનો સંબંધ, તેની વ્યવસ્થા આ બધાનું સુંદર નિરૂપણ કરેલ છે.

તત્ત્વાર્થ સૂત્રનું શ્રવણ, વાંચન, મનન, ધર્મની સત્યભૂખને પ્રગટ કરવા માટે અદ્વિતીય રસાયણ છે.

આમ, મુનિ દીપરત્ન સાગરજીએ પણ તત્ત્વાર્થસૂત્રની અભિનવ ટીકામાં ખૂબ જ સવિસ્તૃત વર્ણન કરીને સમાજ ઉપર મહાઉપકાર કરેલ છે.

મુમુક્ષુઓ માટે ઉત્તમ સાધના યોગ્ય આત્માને પરમાત્માપદ તરફ લઈ જનાર એવું આ વાચક શ્રી ઉમાસ્વાતિજી કૃત અને મુનિ શ્રી દીપરત્નસાગરજી - અભિનવ ટીકાની રચના કરાયેલા શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર એ અમૂલ્ય શાસ્ત્ર છે.

શોર્ટ એન્ડ સ્વીટ ચૌદ પૂર્વના સાર સમાન - ગાગરમાં સાગર

સમાન - પરથી સ્વ તરફ લઈ જનાર - પરમાત્મા સાથે મિલન કરાવનાર એવું આ અમૂલ્ય સૂત્ર છે.

મુનિશ્રી દીપરત્ન સાગરજીએ આબાલ-વૃદ્ધ સર્વે સમજી શકે એવી સરલ અને સાદી ભાષામાં વિસ્તારથી ટીકા કરેલ છે. જે સર્વે મુમુક્ષુઓ - સાધકો માટે વાંચન - સ્વાધ્યાય - કંઠસ્થ કરી પ્રેક્ટીકલ સાધના માટે ઉત્તમ છે અને સાધકોએ પ્રથમથી જ અંત સુધી સવિસ્તારથી આ ગ્રંથને વાંચન - સ્વાધ્યાય - કંઠસ્થ કરીને પ્રેક્ટીકલ જીવનમાં - આચરણમાં લાવવા જેવો છે.

એટલું ચોક્કસ કહી શકું છું કે આ ગ્રંથને આત્મલક્ષે સમજણપૂર્વક વાંચન - સ્વાધ્યાય - કંઠસ્થ અને આચરણમાં લાવવાથી અવશ્ય આત્માનું ઉત્થાન થઈ શકશે. તો સર્વે ભાવિના ભગવાન! દેવાનુંપ્રિયો! આવા શ્રેષ્ઠ ગ્રંથના સહારે સમ્યગ્‌પુરુષાર્થ કરો એ જ શુભભાવના.

❑❑❑

# જ્ઞાનસારનું વિહંગાવલોકન

## મુનિશ્રી જિનાંશચંદ્રજી સ્વામી

*લીંબડી અજરામર સંપ્રદાયના આચાર્ય શ્રી પ્રકાશચંદ્રજી સ્વામીના શિષ્ય છે. ''જ્ઞાનસાર'' પર Ph.D. કરવા માટે સંશોધન કાર્ય ચાલુ છે.*

### જૈનદર્શન : વિકાસની પૃષ્ઠભૂમિ...

ભારતીય તત્ત્વજ્ઞાનમાં જુદા જુદા દર્શનોના વિચારપ્રવાહો સદીઓથી ચાલ્યા આવે છે. ભારતીય તત્ત્વજ્ઞાન અને પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાન વચ્ચેનો એક ભેદ એ છે કે ભારતમાં જુદા જુદા દર્શનોની પરંપરા સદીઓ પહેલાં સ્થપાઈ હોવા છતાં યુગે યુગે તે દર્શનની પરંપરા વિકાસ પામી છે; જ્યારે પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનમાં ભારતીય તત્ત્વજ્ઞાનની જેમ કોઈ વિચાર પરંપરા સદીઓ સુધી લંબાઈ હોય તેમ જણાતું નથી.

ભારતીય તત્ત્વજ્ઞાનમાં ન્યાય, વૈશેષિક, સાંખ્ય, યોગ, પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા કે વેદાંત - આ છ દર્શનો ઉપરાંત બૌદ્ધ, જૈન અને કંઈક અંશે ચાર્વાક - આ બધી દર્શન પરંપરાઓના સ્થાપકો સદીઓ પહેલાં થઈ ગયા અને તે દરેકના વિદ્વાન અનુયાયીઓએ યુગે યુગે જે તે દર્શનના વિચારપ્રવાહોને વિકસાવવાની તથા ખંડન મંડનની પ્રક્રિયા દરમ્યાન પોતાના દર્શનને ટકાવી રાખવાની જે મહેનત કરી છે તે ખાસ નોંધપાત્ર છે. આ મહેનતના પરિપાકરૂપે આપણને વિશેષ કરીને સંસ્કૃત ભાષામાં અને જે તે પ્રદેશની અદ્યતન પ્રાદેશિક ભાષાઓમાં પણ ખૂબ બહોળા પ્રમાણમાં દાર્શનિક સાહિત્ય પ્રાપ્ત થાય છે.

જેમ જેમ ભારતીય દર્શનશાસ્ત્રોનો વિકાસ થતો ગયો તેમ તેમ દરેક દર્શનમાં પોતાના સિદ્ધાંતોના સ્થાપન માટે અને અન્ય દર્શનોના સિદ્ધાંતોના નિરસન માટે દલીલો થવા માંડી. સમયાંતરે આવી દલીલોમાં સૂક્ષ્મતા પણ આવવા માંડી. કાળાંતરે જૈન દર્શનમાં પણ ખંડન મંડનની પ્રક્રિયાથી જે દાર્શનિક સાહિત્ય રચાતું ગયું તેમાં ઊંડાણ આવતું ગયું. ઈ.સ.ની ચોથી - પાંચમી સદી આસપાસ શરૂ થયેલ આ યુગને 'તર્ક શાસ્ત્રના યુગ' તરીકે ઓળખાવી શકાય. તેનો સમય છેક ઈ.સ.ની પંદરમી - સત્તરમી સદી સુધી લંબાયેલ જોઈ શકાય છે.

વિશાળ વ્યાપ ધરાવતા આ તર્ક શાસ્ત્રના યુગમાં શ્વેતાંબર અને દિગંબર એ જૈન ધર્મના બન્ને સંપ્રદાયમાં થઈ ગયેલ વિદ્વાનોએ જૈન દર્શનને અન્ય ભારતીય દર્શન શાસ્ત્રો જેવા કે સાંખ્ય, બૌદ્ધ, ન્યાય, વૈશેષિક, મીમાંસા વગેરે સામે ટકાવી રાખવાનું કાર્ય કર્યું છે. શ્વેતાંબરોમાં સૌ પ્રથમ સિદ્ધસેન દિવાકર, મલ્લવાદી, જિનભદ્ર ગણિ વગેરેનું પ્રદાન નોંધપાત્ર છે. ત્યારબાદ થયેલા દિગંબર વિદ્વાનોમાં કુંદકુંદાચાર્ય તથા સમંતભદ્રના નામો ઉલ્લેખનીય છે. છેલ્લે શ્વેતાંબર વિદ્વાનો હરિભદ્રસૂરિ, અભયદેવસૂરિ, વાદિદેવસૂરિ, હેમચંદ્રચાર્ય અને યશોવિજયજીના નામો નોંધપાત્ર છે.

### જૈન તર્કશાસ્ત્ર અને ઉપાધ્યાય યશોવિજયજી :-

અહીં જે ગ્રંથનું સ્વરૂપ સમજવાનું છે તે 'જ્ઞાનસાર' કૃતિના રચયિતા ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ આ તર્કશાસ્ત્ર યુગના છેલ્લા તેજસ્વી સિતારા થઈ ગયા. તેઓનો સમય ઈ.સ. ની સત્તરમી અને અઢારમી સદીનો છે. ઈ.સ.ની અગિયારમી સદી આસપાસ મિથિલાના શ્રી ગંગેશ ઉપાધ્યયે સૌ પ્રથમ નવ્યન્યાયનું વ્યવસ્થિત સ્થાપન કર્યું. તે પછી તો પ્રત્યેક દર્શનમાં પોતપોતાની વિચારણા આ નવ્યન્યાયની શૈલીમાં રજૂ થવા લાગી. માત્ર જૈન દર્શન અને બૌદ્ધ દર્શનમાં સત્તરમી - અઢારમી સદી સુધી પણ તેનો ઉપયોગ થયેલો જોઈ શકાતો ન હતો. આ સંજોગોમાં ઉપાધ્યાય યશોવિજયજીએ નવ્યન્યાયનો વિશદ અભ્યાસ તો કર્યો જ; સાથે સાથે જૈન દર્શનના વિવિધ વિષયોને આવરી લેતા અનેક ગ્રંથોને આ નવ્યન્યાયની શૈલીમાં રજૂ કરવાનો એવો સમર્થ પ્રયત્ન એકલે હાથે જ કર્યો કે જૈન દર્શનમાં અત્યાર સુધી નવ્યન્યાયનો ઉપયોગ ન થવાની ખોટ ભરપાઈ થઈ ગઈ. માટે તેઓશ્રીને 'જૈન તર્કના ગંગેશોપાધ્યાય' તરીકે ઓળખવામાં આવે છે.

### ઉપાધ્યાય શ્રી યશોવિજયજીની જીવન મિતાક્ષરી :-

| | | | |
|---|---|---|---|
| જન્મ નામ | : જસવંત | જન્મ સ્થળ | : કનોડા (ઉત્તર-ગુજરાત) |
| માતા | : સોભાગદે | જન્મ વર્ષ | : વિ.સં. ૧૬૭૫ લગભગ |
| પિતા | : નારાયણ | દીક્ષા વર્ષ | : વિ.સ. ૧૬૮૮ |

ભાઈ : પદ્મસિંહ દીક્ષા સ્થળ : અણહિતપુર પાટણ
ગુરુદેવ : નયવિજયજી નૂતન નામ : શ્રી યશોવિજયજી
ઉપાધ્યાય પદવી : વિ.સં. ૧૭૧૮
કાળધર્મ : વિ.સં. ૧૭૪૩, ડભોઈ

અભ્યાસ : કાશીમાં ત્રણ વર્ષ સુધી ષડ્દર્શનનો અભ્યાસ, આગ્રામાં ત્રણ વર્ષ સુધી ન્યાય અને તર્કશાસ્ત્રનો અભ્યાસ, નવ્યન્યાય, દીક્ષા પછી ૧૧ વર્ષ સુધી સંસ્કૃત - પ્રાકૃત વ્યાકરણ, છંદ, અલંકાર, કોશ વિજયદેવસૂરિની નિશ્રામાં આગમોના યોગોદ્વહન વગેરે...

વિવિધ ઉપનામો : ગણિ, કવિ, બુધ, વાચક, ન્યાયવિશારદ, તાર્કિક, ન્યાયાચાર્ય લઘુ હરિભદ્ર, દ્વિતીય હેમચંદ્રાચાર્ય, સ્મારક શ્રુતકેવલી, કુર્ચાલી શારદ, ઉપાધ્યાયજી, દુર્દમ્યવાદી, અક્ષોભ પંડિત, જૈન તર્કના ગંગેશ ઉપાધ્યાય, જૈન શાસનના શંકરાચાર્ય વગેરે...

મહાપ્રભાવશાળી વિદ્યા મંત્ર : ।। ऐं नमः ।।

**જ્ઞાનસારનો પરિચય :-**

વિશ્વ વંદનીય પ્રભુ મહાવીરના ધર્મશાસનમાં છેલ્લા ૨૫૦૦ વર્ષના ઈતિહાસમાં જિનશાસનના ગગનને જ્ઞાનાલોકથી પ્રકાશિત અને પ્રભાવિત કરનારા અને પ્રભાવક શ્રુતધર મહાન આચાર્યો થઈ ગયા અને થતાં રહ્યાં છે. એમાં પોતાની અસાધરણ પ્રતિભા, વિશિષ્ટ શાસન પ્રભાવના અને વિપુલ સાહિત્યના સર્જનમાં આગળ તરી આવતા પૂ. ભદ્રબાહુ સ્વામી, પૂ. સિધ્ધસેન દિવાકર, પૂ. હરિભદ્રસૂરિ, શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય જેવા સમર્થ પુરુષોની પંક્તિમાં જેમનું શુભ નામ આદરપૂર્વક લેવાય છે તેવા સ્વ-પરદર્શન નિષ્ણાંત, પ્રકાંડ વિદ્વાન, વિસ્તૃત-સચોટ-સંદેહમુક્ત સાહિત્યના સમર્થન સર્જન સર્વનયમય વાણી વહાવનારા ન્યાયાચાર્ય, ન્યાયવિશારદ, મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજીનું અદકેરું સ્થાન છે.

સાહિત્ય બે પ્રકારના હોય છે. પ્રથમ પ્રકારનું સાહિત્ય એવું હોય કે જેને વાંચવાથી જીવની વૃત્તિઓ ઉત્તેજિત થાય અને બીજા પ્રકારનું સાહિત્ય એવું હોય કે જેને વાંચવાથી, શ્રવણ કરવાથી, ચિંતન-મનન કરવાથી જીવની વૃત્તિઓ ઉપશમે છે. પરંતુ અનાદિકાળના કુસંસ્કારોથી વાસિત આ જીવને પ્રથમ પ્રકારના સાહિત્યમાં ઘણો રસ પડે છે. એક તબક્કે આવું સાહિત્ય વાંચતા સુખની અનુભૂતિ થાય છે પરંતુ પરિણામ સ્વરૂપ જીવને લાંબે ગાળે સંક્લિષ્ટતા, ઉદાસીનતા, અતૃપ્તિ સાથે મૈત્રી કરાર કરવાનું મન થાય છે અને તે દુઃખી બનીને સંસારચક્રમાં રખડ્યા કરે છે. આ જીવોની કરૂણ પરિસ્થિતિ જોઈને જ્ઞાની ભગવંતોને કરૂણા ઉત્પન્ન થાય છે. જીવ કરૂણાપાત્ર બને છે.

આમ આ સમગ્ર સંસારની બિહામણી ભયંકર પરિસ્થિતિ જોઈને યશોવિજયજીએ વિવિધ સાહિત્યની રચના કરી છે. તેમાં પણ સમગ્ર સાહિત્ય - સાધનાના શિખર ઉપર કળશરૂપે શોભે તેવી અદ્ભુત, અધ્યયનીય, મુનિસ્વરૂપનું સચોટ માર્ગદર્શન આપનાર 'માસ્ટર કી' સમાન 'જ્ઞાનસાર' ગ્રંથની ભેટ ધરી છે. ગ્રંથનું નામ ટૂંકું ને ટચ છે પરંતુ તેનો અર્થ ઘણો વિશાળ, વિસ્તૃત, ઊંડાણપૂર્વકનો છે. આ ગ્રંથમાં ઉપાધ્યાયજી એક કુશળ વૈદની ભૂમિકા ભજવે છે. જે રીતે કોઈ વૈદ પાસે રોગી આવે તો તેનું સચોટ નિદાન કરી આપે અને રોગને શાંત કરવા માટે યોગ્ય ઉપચાર પણ બતાવે. તેવી જ રીતે ઉપાધ્યાયજી ભવરોગથી પીડાતા જીવને યોગ્ય નિદાન તેમજ ઉપચાર પણ બતાવે છે. તેમનું આ નિદાન દરેક જીવ માટે એકસરખું છે. ભવરોગ ઉત્પન્ન થવાનું કારણ મોહ છે અને આ મોહરૂપી પીડાને ડામવા 'જ્ઞાનસાર' રૂપી કડવી પરંતુ અસરકારક દવા આપે છે.

**બાહ્ય પરિચય :-**

બાહ્ય સ્વરૂપની દ્રષ્ટિએ વિચાર કરીએ તો 'જ્ઞાનસાર' અષ્ટક એ નામ સૂચવે છે તે પ્રમાણે 'અષ્ટક' પ્રકારનો ગ્રંથ છે. શ્લોકોની સંખ્યાને આધારે અમુક રચનાસ્વરૂપો ઓળખાવવાની પરંપરા ભારતીય સાહિત્યમાં જૂની છે. દા.ત. 'શતક'માં એકસો શ્લોકો, 'પંચાશક'માં પચાસ શ્લોકો, તેમ 'બત્રીસી', 'વિંશિકા', 'ખોડશક', 'અષ્ટક' વગેરે રચના સ્વરૂપો શ્લોકની સંખ્યાને આધારે ઓળખી શકાય છે. ભારતમાં જૈન તેમજ અજૈન બંને પરંપરાઓના સાહિત્યમાં 'અષ્ટક'નું ખેડાણ થયેલું જોઈ શકાય છે. દા.ત. મધુરાષ્ટક, નર્મદાષ્ટક, સરસ્વતી અષ્ટક, ગણેશાષ્ટક, હરિભદ્રીય અષ્ટક વગેરે.

યશોવિજયજીએ રચેલ 'જ્ઞાનસાર'ની વિશેષતા એ છે કે તેમાં જુદા જુદા વિષયોને લગતાં બત્રીસ અષ્ટકો છે. આ દરેક અષ્ટકની ભાષા સંસ્કૃત, અનુષ્ટુપ છંદ રૂપે રજૂ થયા છે. આ પ્રત્યેક સંસ્કૃત શ્લોકોનો અર્થ સામાન્ય માણસ પણ સમજી શકે તે માટે તેનો 'ટબો' કે 'બાલાવબોધ' પણ તેમણે પોતે જ ગુજરાતી ભાષામાં રચ્યો છે. ૩૨ વિષયોના આઠ-આઠ શ્લોક એમ બધા મળીને કુલ ૨૫૬ શ્લોક અને પ્રશસ્તિના ૨૦ શ્લોક એમ ૨૭૬ શ્લોક પ્રમાણ આ ગ્રંથ નિશ્ચય અને વ્યવહાર, જ્ઞાન અને ક્રિયાની સંધિરૂપ છે. એક આખા વિષયને ફક્ત આઠ જ શ્લોકમાં વણી લેવો એ તેમની બહુમુખી પ્રતિભા દર્શાવે છે. આ કૃતિ સિધ્ધપુર નગરના વિ.સં. ૧૭૧૧ની સાલના ચોમાસા દરમ્યાન 'જ્ઞાનસાર'ની રચના થઈ હોવાની શક્યતા અત્યારે સ્વીકાર્ય છે અને દિવાળીના દિવસે પૂર્ણ થયેલ છે.

પાછળ સાર શબ્દ સાથે તેવી કેટલીક કૃતિઓ આપણને મળે છે. દા.ત. યોગસાર, ઉપદેશસાર, સમયસાર વગેરે. 'જ્ઞાનસાર' એ કૃતિના નામ પરથી લાગે છે કે કદાચ તે જ્ઞાનમીમાંસાને લગતો ગ્રંથ હશે પરંતુ તેવું નથી. જ્ઞાન શબ્દના બે અર્થ અહીં અપેક્ષિત છેઃ એક તો - ઉચ્ચ તત્ત્વનો સાક્ષાત્કાર કરાવી શકે તેવા જ્ઞાનને લગતી ચર્ચા અને બીજો અર્થ - પૂર્ણ જ્ઞાન પોતે જ, કે જે ઉચ્ચ તત્ત્વના સાક્ષાત્કાર સ્વરૂપ છે, ચારિત્ર-સ્વરૂપ છે. જેમ હિન્દુ ધર્મમાં શ્રીમદ્ ગીતાનું એક વિશિષ્ટ અચલ સ્થાન છે તેવી રીથે જૈન ધર્મમાં જ્ઞાનસારનું સ્થાન અચલ છે. બન્નેમાં મોહનાશના ઉપાયોની વાત

કરવામાં આવી છે. તેથી કેટલાય વિદ્વાનોએ આ જ્ઞાનસારને 'જૈન ધર્મની ગીતા'નું ઉપનામ આપ્યું છે.

આ ગ્રંથમાં જૈન દર્શનના મૂળભૂત સિદ્ધાંતોને અન્તર્નિવિષ્ટ કરીને વેદાન્ત અને ગીતામાં પ્રયોજાયેલા સચ્ચિદાનંદ, પૂર્ણાનંદ, ચિન્માત્ર, વિશ્રાન્તિ, પરબ્રહ્મ, ધર્મસંન્યાસ, નિર્વિકલ્પત્યાગ, નિર્ગુણબ્રહ્મ, અસંગક્રિયા વગેરે પારિભાષિક શબ્દોનો પ્રયોગ કરીને ઉપાધ્યાયજીએ પોતાની સમન્વય દ્રષ્ટિનો પરિચય આપણને કરાવ્યો છે. આ ગ્રંથ દીક્ષાર્થી માટે માર્ગદર્શનરૂપ છે, દીવાદાંડીરૂપ છે, પડતાને સન્માર્ગે લાવે છે, ભોગીઓ તેમજ યોગીઓ માટે યોગ્ય દિશાસૂચક છે. આ કૃતિના ૩૨ અષ્ટકોના નામોનો ઉલ્લેખ આ પ્રમાણે છેઃ

(૧) પૂર્ણ (૨) મગ્ન (૩) સ્થિરતા (૪) મોહત્યાગ (૫) જ્ઞાન (૬) શમ (૭) ઈન્દ્રિય-જય (૮) ત્યાગ (૯) ક્રિયા (૧૦) તૃપ્તિ (૧૧) નિર્લેપ (૧૨) નિઃસ્પૃહ (૧૩) મૌન (૧૪) વિદ્યા (૧૫) વિવેક (૧૬) માધ્યસ્થ (૧૭) નિર્ભય (૧૮) અનાત્મપ્રશંસા (૧૯) તત્ત્વદ્રષ્ટિ (૨૦) સર્વસમૃદ્ધિ (૨૧) કર્મવિપાક ચિંતન (૨૨) ભવોદ્વેગ (૨૩) લોકસંજ્ઞા ત્યાગ (૨૪) શાસ્ત્ર દ્રષ્ટિ (૨૫) પરિગ્રહ (૨૬) અનુભવ (૨૭) યોગ (૨૮) નિયાગ (૨૯) પૂજા (૩૦) ધ્યાન (૩૧) તપ (૩૨) સર્વનયાશ્રય.

જ્ઞાનસારના બત્રીસ અષ્ટકોમાં પહેલું અષ્ટક છે - પૂર્ણતા અષ્ટક. આ પ્રથમ અષ્ટકમાં માનવજીવનના ધ્યેય તરીકે, સાધનામાર્ગના લક્ષ્યબિંદુ તરીકે કે પછી યાત્રા માર્ગના શિખર તરીકે પૂર્ણતાની વાત રજૂ કરીને બાકીના અષ્ટકો તે ધ્યેયને પ્રાપ્ત કરવાના સોપાનરૂપે સાધન રૂપે વર્ણવેલ છે. જો તેમણે સાધના માર્ગે આગળ વધવું હોય તો તેમનામાં સ્થિરતા, મગ્નતા, વિદ્યા, વિવેક ગુણો હોવા જરૂરી છે.

- પૂર્ણતાષ્ટકમાં પૂર્ણતાનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં જણાવ્યું છે કે ઉછીના ધનથી ક્યારેય પૂર્ણતા પ્રાપ્ત થઈ શકે નહિ. પૂર્ણાત્માજ્ઞાની પુરુષની જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપ પૂર્ણતા સ્વયં પ્રકાશિત રત્નની જેમ સ્વભાવસિદ્ધ છે.
- 'જ્ઞાનથી જ હું પૂર્ણ છું' એવા બોધવાળા સાધક આત્મા અંતુર્મુખી થઈ પોતે જે કાંઈ કરે છે, તેમાં સંપૂર્ણ મગ્ન થઈ જાય છે તે વાત બતાવવા માટે પૂર્ણતાષ્ટક પછી મગ્નતાષ્ટક બતાવેલ છે.
- સાધક આવી મગ્નતા ધારણ કરે ત્યારે તે અનેકાગ્ર અને ચંચળ ન હોય, પણ સ્થિર જ હોય. અસ્થિર વ્યક્તિ પોતાના લક્ષ્યમાં એકાગ્ર બની શકે નહિ તે વાત સ્થિરતાષ્ટકમાં જણાવી છે.
- આત્મભાવમાં સ્થિર થયેલા સાધકને 'હું' અને 'મારું' આ મોહમંત્ર પરેશાન કરતાં નથી. અર્થાત્ તેઓ મોહનો ત્યાગ કરે છે તેથી 'સ્થિરતાષ્ટક' પછી મોહત્યાગાષ્ક કહેલ છે.
- વ્યક્તિની મોહદશાનું કારણ તેનું અજ્ઞાન છે. જો આ અજ્ઞાન દૂર કરીને જ્ઞાનપ્રાપ્તિ કરવામાં આવે તો સાધક પોતાના સાધનામાર્ગમાં જરૂર આગળ વધી શકે છે તે વાત જ્ઞાનાષ્ટકમાં જણાવી છે.
- સાચો જ્ઞાનવાન પુરુષ જીવનમાં હરહંમેશ સમભાવ જ ધરાવે છે. બીજા અનેક ગુણો હોય પણ સમતા ન હોય તો બધા ગુણો એકડા વગરના મીંડા જેવા બની જાય છે તે વાત શમાષ્ટકમાં જણાવી છે.
- સમતા મેળવવા માટે ઈન્દ્રિયો પર કાબૂ મેળવવો જરૂરી છે. જેમ સમુદ્રમાં ગમે તેટલી નદીઓ ઠલવાય તો પણ સમુદ્ર પુરાતો નથી તેમ ઈન્દ્રિય પોતે ગમે તેટલો ઉપભોગ કરે તો પણ તે સંતોષાતી નથી તે વાત ઈન્દ્રિયજ્યાષ્ટકમાં જણાવી છે.
- ઈન્દ્રિયો પર વિજય મેળવનાર સાધક અંતુર્મુખ હોય છે તેથી તે બાહ્ય ઉપાધિઓનો ત્યાગ કરતો જાય છે તે વાત ત્યાગાષ્ટકમાં જણાવી છે.
- બધું જ ત્યજ્વાની વાત કરીએ તો સાધકે કાંઈ નહીં કરવાનું ? ના, તેમ નથી. સાધક માટે ફક્ત જ્ઞાન પર્યાપ્ત નથી પરંતુ જ્ઞાનને અનુરૂપ ક્રિયા કરવી જરૂરી છે તે વાત 'ક્રિયાષ્ટક'માં જણાવી છે.
- અંતુર્મુખી સાધક જરૂરી ક્રિયાઓ કરીને ધ્યેયની નજીક પહોંચવાનો સતત પ્રયત્ન કરે ત્યારે સાધકને સાચી આંતરિક તૃપ્તિ થાય છે. તે વાત તૃપ્તિ-અષ્ટકમાં જણાવી છે.
- આવશ્યક ક્રિયાઓ કરીને સંસારમાં જીવવા છતાં કર્મમળથી લેપાતો નથી, જળકમળવત્ જીવન જીવે છે તે વાત નિર્લેપાષ્ટકમાં જણાવી છે.
- આવી નિર્લેપતા ધરાવનારને જીવનમાં ભૌતિક પૌદ્ગલિક બાબતો અંગે કોઈપણ જાતની સ્પૃહા હોતી નથી એ વાત ઉપાધ્યાયજી નિઃસ્પૃહાષ્ટકમાં જણાવે છે.
- આ નિઃસ્પૃહાની પરાકાષ્ઠાએ વાણીની પણ સ્પૃહા રહેતી નથી, એટલે તે મૌન બનીને જ્ઞાન-ધ્યાન સાધનામાં જ મસ્ત રહે છે એ વાત મૌનાષ્ટકમાં જણાવી છે.
- મૌનભાવમાં રહેલ સાધક વિદ્યાસંપન્ન હોય છે. પોતાની શક્તિઓના બિનજરૂરી વ્યયને રોકી સાધક વિદ્યાને આત્મસાત્ કરે છે તે વાત વિદ્યાષ્ટકમાં જણાવી છે.
- શરીર અને આત્મા જુદા છે એવું ભેદજ્ઞાન કે વિવેકજ્ઞાન સાધક માટે જરૂરી છે તે વાત વિવેકાષ્ટકમાં જણાવાઈ છે.
- વિવેક સંપન્ન સાધક સર્વત્ર મધ્યસ્થભાવવાળા હોય છે. સાધક સ્વસિદ્ધાંતનો સ્વીકાર અને પરસિદ્ધાંતનો ત્યાગ રાગ કે દ્વેષ વગર કરે છે તે વાત માધ્યસ્થાષ્ટકમાં સમજાવી છે.
- આત્મગુણોમાં રમણતા કરતાં સાધકને કોઈપણ બાબતનો ભય રહેતો નથી. કદાચ સાંસારિક સુખ ભયમુક્ત હોય પરંતુ જ્ઞાનનું સુખ તો ભયરહિત જ હોય છે તે વાત નિર્ભયાષ્ટકમાં જણાવી છે.

➢ અનાત્મશંસાષ્ટકમાં કહેવાયું છે કે, 'જો તું ગુણોથી પૂર્ણ નથી તો આત્મપ્રશંસાથી કાંઈ અર્થ નહિ સરે અને જો તું ગુણોથી પૂર્ણ છે તો આત્મપ્રશંસાની કોઈ જરૂર નથી.'

➢ જેનામાં વિવેક હોય, મધ્યસ્થતા હોય, સમ્યક્દ્રષ્ટિથી મેળવેલ વિદ્યા હોય તે સાધકની દ્રષ્ટિ તત્ત્વની તરફેણમાં હોય છે તે વાત તત્ત્વદ્રષ્ટિઅષ્ટકમાં જણાવી છે.

➢ આ રીતે દરેક બાબતને તત્ત્વથી જોનાર વ્યક્તિ તેના બાહ્ય સ્વરૂપને બદલે આંતરિક સ્વરૂપને જાણે છે અને તેથી જ તે સર્વ સમૃદ્ધિવાન બને છે તે વાત સર્વ સમૃદ્ધિ અષ્ટકમાં જણાવી છે.

➢ સાચો સાધક સુખમાં છકી જતો નથી કે દુઃખમાં દીન થઈને બેસી રહેતો નથી. કર્મવિપાકને સમભાવપૂર્વક સહન કરે છે. તે વાત કર્મવિપાકચિંતન અષ્ટકમાં કરી છે.

➢ સંસારમાં જીવનાર સાધકને માટે સંસાર અનેક રીતે સમુદ્ર જેવો દુષ્કર છે તે વાત ભવોદ્વેગાષ્ટકમાં કરી છે.

➢ ભવથી ઉદ્વિગ્ન થયેલા સાધકો લોક સંજ્ઞાથી પ્રવૃત્તિ કરતા નથી, પરંતુ સર્વજ્ઞના વચનાનુસાર પ્રવૃત્તિ કરનારા હોય છે તે વાત લોકસંજ્ઞા - ત્યાગાષ્ટકમાં જણાવી છે.

➢ સાધક પોતે જે આચરણ કરે છે તેને શાસ્ત્રનો આધાર પણ હોય છે. શાસ્ત્રને સાધકના ચક્ષુ કહેવામાં આવે છે. તે વાત શાસ્ત્રાષ્ટકમાં રજૂ થઈ છે.

➢ સાધકને બાહ્ય કે આંતરિક પરિગ્રહમાત્ર સાધના માર્ગમાં આડખીલીરૂપ છે. જે વ્યક્તિ પરિગ્રહનો સાચો ત્યાગ કરે તેને કોઈપણ જાતની લાલસા રહેતી નથી તે વાત પરિગ્રહાષ્ટકમાં જણાવી છે.

➢ રાગ-દ્વેષથી રહિત શુદ્ધ આત્મસ્વરૂપ શાસ્ત્રો અને તેની યુક્તિથી જાણી ન શકાય, તે માટે તો માત્ર અનુભવ જ કામમાં આવે તે વાત અનુભવાષ્ટકમાં કરી છે.

➢ અનુભવવાળા મુનિઓ યોગમાર્ગમાં સુદૃઢ પ્રવૃત્ત હોય છે. 'મોક્ષની સાથે આત્માને જોડનારો બધો આચાર તે યોગ.' તે વાત યોગાષ્ટકમાં જણાવી છે.

➢ ગૃહસ્થ માટે વીતરાગની પૂજા વગેરે ક્રિયા બ્રહ્મયજ્ઞ બની શકે, જ્યારે યોગી માટે તો જ્ઞાન એ જ બ્રહ્મયજ્ઞ છે તે વાત નિયાગાષ્ટકમાં કરવામાં આવી છે.

➢ નિયાગને કરનારા સાધકોને ભાવપૂજાની ભૂમિ હોય છે, ધ્યાનની ભૂમિ હોય છે અને તપની ભૂમિ હોય છે તેથી સાધકની પરમાત્માની સાથે અભેદ ઉપાસનારૂપ ભાવપૂજાની વાત પૂજાષ્ટકમાં કરી છે.

➢ ધ્યાતા, ધ્યાન અને ધ્યેયની એકતા તે 'સમાપત્તિ' કે 'સમાધિ' કહેવાય છે. સાધક જીવનની સર્વોચ્ચ અવસ્થા ધ્યાનાવસ્થા છે. તે વાત ધ્યાનાષ્ટકમાં કરી છે.

➢ 'કર્મને તપાવે તે તપ' તેવી તપની વ્યાખ્યા કરીને તેના બાહ્ય તપ અને આભ્યંતર તપ એવા બે પ્રકારોને તપાષ્ટકમાં રજૂ કર્યા છે.

➢ નિશ્ચયનય અને વ્યવહારનય અથવા જ્ઞાનનય અને ક્રિયાનય આ બેમાંથી કોઈ એકને સ્વીકારવાને બદલે બંને નયો પોતપોતાના સ્થાને સાચા છે એમ સ્વીકારનાર જ્ઞાની સાધકોનો સર્વોત્કર્ષ થાય જ છે. તે વાત અંતિમ સર્વનયાશ્રયાષ્ટકમાં સમજાવી છે.

આમાં જ્ઞાનનો સાર શુષ્ક ચિંતનરૂપે નહીં પરંતુ કવિસુલભ કલ્પનાઓ, વિચારો, કાવ્યાલંકારો, લૌકિક દ્રષ્ટાંતો યોજીને રસિક સંગીતમયરૂપે રજૂ થયો છે. જેમ લાખેણી ગાયના દૂધમાં એટલી તાકાત હોય કે ચક્રવર્તી જ પચાવી શકે તેમ અનંત ભાવોને પૂજ્યશ્રીએ માત્ર બત્રીસ વિભાગમાં આઠ-આઠના અષ્ટક વડે ગૂંથણી કરી છે. એક આખા વિષયને ફક્ત આઠ જ શ્લોકમાં વણી લેવો એ તેમની બહુર્મુખી પ્રતિભા દર્શાવે છે.

જ્ઞાની ભગવંતો આ ગ્રંથ બે વખત વાંચવાની ભલામણ કરે છે. એક તો શરૂઆતમાં મોક્ષમાર્ગ યોગ્ય જાણકારી, માહિતી મળી શકે છે. ત્યારબાદ ઘણાં શાસ્ત્રોનું વાંચન, શ્રવણ, મનન કર્યા બાદ પાછું બીજી વખત જ્ઞાનસાર વાંચવાનું કહે છે. બીજીવાર વાંચ્યા પછી એવો અનુભવ થશે કે આટલા વર્ષોમાં આટલા બધાં શાસ્ત્રો વાંચ્યા તે જ વાત જ્ઞાનસારમાં જણાય છે તેથી આ એક મહાન ગ્રંથ છે.

આમ, નિશ્ચય અને વ્યવહાર, વાસ્તવિકતા અને આદર્શ, દ્રવ્ય અને ભાવ, જ્ઞાન અને ક્રિયા જેવા સામસામા છેડાના ભાવોનો સમન્વય જ્ઞાનસારમાં જોવા મળે છે. આવા સમન્વય દ્વારા એક સંવાદી જીવનમાર્ગનું આલેખન અહીંયા પ્રતીત થાય છે. જ્ઞાનસારના શ્લોકો વાંચતા ખ્યાલ આવે છે કે તેમાં ઉપનિષદની જેમ સીધી જ અનુભૂતિની વાણી છે. અહીં ઉપાધ્યાયજી મહારાજને પોતાને પણ 'પરમાનંદ'ની અનુભૂતિ થઈ જ હશે તેવું તેમના શ્લોકો પરથી પ્રતીત થાય છે. અહીંયા સાધક માટે તેઓ જે માર્ગનું આલેખન કરે છે તેમાં સાધકને માત્ર પાંચ બાહ્ય ઈન્દ્રિયો અને છઠ્ઠા મનની કક્ષાની પ્રાપ્તિઓ સુધી લઈ જઈને સંતોષ નથી માનતા. સાધકને માટે તેઓ આત્મિક આનંદની અનુભૂતિ સુધી, પૂર્ણાનંદની પ્રાપ્તિ સુધી પહોંચવાનું લક્ષ્ય રજૂ કરે છે.

સંદર્ભ સૂચિ :-

(૧) 'ઉપાધ્યાય યશોવિજય સ્વાધ્યાય ગ્રંથ' - પ્રદ્યુમ્ન વિજયજી, જયંત કોઠારી, કાંતિભાઈ બી. શાહ

(૨) 'જ્ઞાનસારનું તત્ત્વદર્શન' - ડૉ. માલતીબેન શાહ

(૩) 'શાંતિ સૌરભ - શ્રુતાંજલિ વિશેષાંક' - શ્રી પદ્યુમ્ન વિજયજી, શ્રી યશોવિજયજી ગણિ.

❑❑❑

# તત્ત્વાર્થસૂત્ર એટલે 'અર્હત્પ્રવચન સંગ્રહ'

**ડૉ. સાધ્વી સોનલબાઈ મહાસતીજી**

*ગોંડલ સંપ્રદાયના શાસનચંદ્રીકા ગુરુણી શ્રી બા.બ્ર.પ.પૂ. હીરાબાઈ મહાસતીજીના શિષ્યા છે. જૈન સિદ્ધાન્ત આચાર્ય, M.A., Ph.D., S.N.D.T. યુનિવર્સિટી મુંબઈમાંથી વિરવિજયકૃત ધમ્મિલકુમાર રાસમાંથી શ્રાવકધર્મ અને સાધુધર્મના સિદ્ધાંતો એ વિષય પર શોધનિબંધ પ્રસ્તુત કરી. Ph.D. થયા છે. વ્યાખ્યાતા શિબિરો કરાવે છે.*

'તત્ત્વ' એટલે સાર, નિચોડ. જેમ દૂધનો સાર માખણ તેમ લોકનું વલોવણ કરીને ઉમાસ્વાતીજીએ મંથન કરી તત્ત્વાર્થસૂત્ર આપ્યું છે.

તત્ત્વ એટલે,

(૧) જેનાથી દુર્ધ્યાન ન થાય તે

(૨) જેનાથી શાંતિ - સમાધિની પ્રાપ્તિ થાય તે તત્ત્વ

(૩) જેનાથી ગુણો પ્રગટ થાય તે તત્ત્વ

(૪) જેનાથી અંતરના દોષો દૂર થાય તે તત્ત્વ

(૫) જેનાથી અનુકૂળતા ને પ્રતિકૂળતામાં સ્થિરતા આવે તે તત્ત્વ

(૬) જેનાથી બધા માટે આત્મીય ભાવ જાગે તે તત્ત્વ

(૭) જીવ પ્રત્યેની મૈત્રી અને જડ પ્રત્યેની અનાસક્તિ તત્ત્વ.

ઉમાસ્વાતિજી રચિત તત્ત્વાર્થસૂત્રની વિશેષતા :-

કોઈપણ ગ્રંથકાર જ્યારે કોઈ ગ્રંથની રચના કરે ત્યારે મંગલથી પ્રારંભ થાય.

મંગલ કોને કહેવાય?

मं - मथ्नाति विघ्नम् : વિઘ્નોનો નાશ કરે તે મંગલ.

ग - गमयति सुरवम् : અનેક સુખ સામગ્રી લાવી આપે તે મંગલ.

ल - लालयति सुखम् : લાલનપાલન કરે તે મંગલ.

દુઃખનો નાશ, સુખની પ્રાપ્તિ અને સુખનું સ્થિરીકરણ આ ત્રણેયની સિદ્ધિ મંગલથી જ થાય છે.

ગ્રંથના પ્રારંભમાં આદિ મંગલ, મધ્ય મંગલ અને અંતિમ મંગલ આવી પ્રણાલિકા આપણે ત્યાં ચાલે છે. હજારો - લાખો ગ્રંથોની રચનામાં મંગલથી જ શરૂઆતમાં નમસ્કાર મહામંત્ર. તીર્થંકર પરમાત્મા અને ગુરુને સ્મરણ કરી લખવામાં આવે છે. પણ તત્ત્વાર્થસૂત્રનું પહેલું જ પદ सम्यग्दर्शन - ज्ञान - चारित्राणि मोक्षमार्ग :

અનંતા જીવોનું લક્ષ, ધ્યેય, સાધના, goal, હેતુ, મોક્ષ.

મોક્ષને જ મંગલ માન્યું આરાધનાની ફલશ્રુતિ મોક્ષ.

सम्यग् એટલે કરવા જેવું.

વિચાર - વર્તન - વ્યવહારથી બીજાના આત્માને દુઃખ, પીડા ન થાય. તમારા નવા કર્મબંધ ન બંધાય ને તમારા નિમિત્તથી બીજાના પણ કર્મબંધ ન બંધાય એવા પ્રકારની ક્રિયા એ સમ્યગ્.

સમ્યગ્દર્શન એટલે શ્રદ્ધા - તીર્થંકરની શ્રદ્ધા, અરિહંતની શ્રદ્ધા, સિદ્ધની શ્રદ્ધા, કેવળની શ્રદ્ધા, શ્રાવકની શ્રદ્ધા આ બધાની શ્રદ્ધામાં ક્યારે ફેર ન હોય. બધાની શ્રદ્ધા સરખી જ હોય.

પરમાત્મા, પરમાત્માએ બતાવેલ ધર્મ અને સિદ્ધાંત એ જ સત્ય છે તે સમ્યગ્દર્શન.

દેવ, ગુરુ અને ધર્મ પ્રત્યેની શ્રદ્ધા - સમ્યગ્દર્શન.

દેવ મારા અરિહંત અને સિદ્ધ તે કેવા? ઈચ્છા વિનાના.

ગુરુ મારા આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ-સાધ્વી તે કેવા? મૂર્છા વિનાના.

ધર્મ કેવો? કેવળીએ પ્રરૂપેલો.

ભગવાન, પરમાત્મા, તીર્થંકરની સંપૂર્ણ આજ્ઞા એના પર શ્રદ્ધા.

બે કારણ આપણને સમ્યગ્ શ્રદ્ધા થવા દેતી નથી.

(૧) દ્રષ્ટિ દોષ :- એટલે વિકારી દ્રષ્ટિ જીવ જ્યાં પણ જાય ત્યાં માત્ર રાગ લઈને જ આવે. જેમકે ટીવી, નેટ, વાઈફાઈ, વોટ્સએપમાં પિક્ચર જુઓ અને રાગ થાય. રસ્તામાં કોઈ રૂપવાનને જોઈને રાગ ઉત્પન્ન થાય.

(૨) દોષ દ્રષ્ટિ :- જીવ જ્યાં જોઈ ત્યાં દોષ જ લઈ આવે. આ દ્વેષનો પ્રકાર છે. સારામાં સારી વસ્તુમાં અછત, અભાવ. જે વસ્તુ મળી છે તેનો આનંદ નહીં. નથી મળ્યું તેનું દુઃખ.

મિથ્યાત્વની ગ્રંથિભેદ કરવા અને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરવા ત્રણ પ્રકારની ક્રિયા.

(૧) પ્રદેશ મિથ્યાત્વ :- અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ, મિથ્યાત્વ મોહનીય, સમ્યક્ મોહનીય, મિશ્ર મોહનીય.

સાતે કર્મપ્રકૃતિનો ક્ષય, ઉપશમ, ક્ષયોપશમ.

(૨) પ્રવૃત્તિ મિથ્યાત્વ :- દેવ, ગુરુ, ધર્મ પ્રત્યેની શ્રદ્ધા.

(૩) પરિણતી મિથ્યાત્વ :- આત્માના સ્વભાવ તરફનું લક્ષ.

તત્ત્વાર્થ સૂત્રનું બીજું નામ સમ્યગ્દ્રષ્ટિ.

સમ્યગ્દ્રષ્ટિ એટલે તત્ત્વદ્રષ્ટિ.

જ્ઞાનની આંખોથી જે જોવાય તેને કહેવાય તત્ત્વદ્રષ્ટિ.

સમ્યગ્જ્ઞાન :- જ્ઞાન એટલે જેનાથી પદાર્થને વિશેષ રૂપે જાણવું તે જીવનો ઉપયોગ. જીવનું લક્ષણ. જીવનો મહાપણાનો ગુણ તે જ્ઞાન.

સમ્યગ્ચારિત્ર :- યોગ (મન, વચન, કાયા) અને કષાય (ક્રોધ, માન, માયા, લોભ)

યોગ અને કષાયોની નિવૃત્તિ થવાથી જે સ્વરૂપમાં રમણતા થાય તે સમ્યગ્ચારિત્ર.

नादंसणिस्स नाणं, नाणेण विणान हुन्ति चरणगुणा
अगुणिस्स नत्थि मोपस्यो, नत्थि अमोपरवस्स निप्पाणं.
(ઉત્ત.સૂત્ર અ.૨૮ ગા.૩૦)

સમ્યક્દર્શન વિના સમ્યક્જ્ઞાનની પ્રાપ્તિ નથી. જ્ઞાન વિના ચારિત્રના ગુણો પ્રગટ થતા નથી. ચારિત્રના ગુણની પ્રાપ્તિ વિના કર્મબંધથી છૂટકારો નથી. કર્મનો નાશ થયા વિના મોક્ષની પ્રાપ્તિ થતી નથી. કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબે તેમજ પૂર્વના મહાપુરુષોએ આ ગ્રંથને અર્હંતપ્રવચન સંગ્રહ તરીકે પણ કહ્યો છે. તેના ૧૦ અધ્યયન છે તેના કુલ ૩૪૪ પદ છે. એમાં નવતત્ત્વનું વિસ્તૃત વર્ણન છે. આપણે ત્રીજા અધ્યયન વિશે જાણીએ.

अलोए पडिहया सिद्धा, लोयग्गेय पइहिया
(ઉત્ત. સૂત્ર ૩૬ અ)

અલોક લાગતાં સિદ્ધ ભગવાન રોકાયેલા છે. લોકના અગ્રભાગમાં જઈને સિદ્ધ ભગવાન સ્થિરરૂપ રહેલા છે. સામાન્ય રીતે પ્રશ્ન થાય 'લોક' શું છે?

લોક શબ્દ 'લુક' ધાતુથી બનેલો છે. English માં પણ Look એટલે જોવું. સામાન્ય જીવ (છદ્મસ્થ) પોતાની આંખેથી જોઈ શકે તેને 'લોક' કહેવાય. જે નથી જોઈ શકતા તેને 'આલોક' કહેવાય.

'લોક'ના ત્રણ ભાગ કરવામાં આવ્યા છે. (૧) અધોલોક (નીચે) (૨) તિર્છાલોક (મધ્ય-વચમાં) (૩) ઉર્ધ્વલોક (ઉપર)

અધોલોક (નારકી)માં કયા જીવો ઉત્પન્ન થાય?

ઠાણાંગસૂત્રમાં ૪ કારણ બતાવે છે. (૧) મહાઆરંભ (૨) મહાપરિગ્રહ (૩) પંચેન્દ્રિયનો વધ (૪) કુણિમ આહાર.

तिव्वं तसे पाणिणो थावरे य जे हिंसति आयसुहं
पडुचा जे लुसए होई अदत्तहारी, ण सिपरवति
सेयवियस्स किं चि पगाब्भि पाणे बहुणं तिपाती
आणिव्वुडे धातमुवेति बाले णिहोणिसं
गच्छति अंतकाले, अहोसिरं कट्टु उवेइ दुग्गं।
(સૂયગંડાગ સૂત્ર પહેલા શ્રુત સ્કંધ પાંચમું અધ્યયન)

(૧) જે પ્રાણી પોતાના સુખને માટે એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચોરેન્દ્રિય, પંચેન્દ્રિયની નિર્દયતાના ભાવથી હિંસા કરે છે,
(૨) ચોરી કરી બીજાને લૂંટી બીજાને દુઃખી કરે છે,
(૩) વ્રત - પચ્ચક્ખાણ કરતો નથી. પાપનું સેવન કરે છે, પાપને પુણ્યકારી બતાવે છે,
(૪) કષાયનું સેવન કરે છે, તે જીવ

નીચું માથું કરીને અંધકારમય મહાભયંકર નરક સ્થાનમાં જાય છે. મહાદુઃખ પામે છે.

જેમ મનુષ્ય માતાના ગર્ભમાં ઉત્પન્ન થાય છે તેમ નરકના જીવોને ઉપજવાનું સ્થાન 'કુંભી' કહેવાય છે.

'કુંભી' ઉપરથી જે સાંકડી (નાની) અને નીચેથી પહોળી (મોટી) નરકના જીવો કુંભીમાં નીચે માથું અને ઉપર પગ કરીને પડે છે તે કુંભીઓ ચાર પ્રકારની છે.

(૧) ઊંટના ગળા જેવી વાંકી. Twisted like a camel's neck.
(૨) ઘી-તેલ વગેરેના ઘડા જેવી ઉપરથી પહોળી અને નીચેથી સાંકડી. Broad from up and narrow from down like a oil and ghee pot.
(૩) ડબ્બા જેવી ઉપરથી નીચે સુધી એક જ સરખી. Like a box from up and same down.
(૪) અફીણના ડોડવા જેવી પેટ પહોળું અને માથું સાંકડું. Afin like fat (broad) stomach and narrow (slim) like head.

અંદર ચારેબાજુ તીક્ષ્ણ ધારવાળી. આમાંથી કોઈપણ એક કુંભીમાં પડ્યા પછી નારકીના જીવોનું શરીર ફૂલાય છે. જેથી કુંભીમાં ફસાઈને તીક્ષ્ણ ધાર વાગવાથી અતિ દુઃખી થઈ પોકાર કરે છે. ત્યારે પરમાધામી દેવો તેને ચીપીયાથી ખેંચી કાઢે છે. ત્યારે તેના શરીરના કટકા કટકા થઈ જાય છે. ત્યારે તેને દુઃખ થાય છે.

નરકની રચના :- પ્રત્યેક નરક નીચે જુદા જુદા ગોળાર્ધ (અર્ધવલયકાર) છે. પહેલું ગોળાર્ધ ઘનોદધિ (જામેલું પાણી) બીજું ગોળાર્ધ ઘનપાત (જામેલી હવા) તેની નીચે તનુવાત છે. તેની નીચે અસંખ્યાત યોજન આકાશ છે. જેમ પારા ઉપર પથ્થર અને હવામાં વાયુ રહે છે. તેમ ઉપરના ૪ ગોળાર્ધના આધારે ૭ નરક રહેલી છે.

(૧) રત્નપ્રભા :- કાળા રંગના ભયંકર રત્નોથી વ્યાપત છે.
(૨) શર્કરાપ્રભા :- ભાલા અને બરછીથી પણ વધારે તીક્ષ્ણ કાંકરાઓથી ભરપૂર છે.
(૩) વાલુકાપ્રભા :- ભાંડભુજાની રેતી કરતાં પણ વધારે ઉષ્ણ રેતીથી ભરપૂર છે.
(૪) પંકપ્રભા :- માંસ, લોહી, પરુ વગેરેના કીચડથી ભરપૂર છે.
(૫) ધૂમપ્રભા :- રાઈ-મરચાના ધૂમાડાથી પણ વધારે તીખા ધૂમાડાથી વ્યાપત છે.
(૬) તમઃપ્રભા :- ઘોર અંધકારથી વ્યાપત છે.
(૭) તમસ્તમાપ્રભા :- મહાન ઘોર અંધકારથી વ્યાપત છે.

આમ પહેલી નરકથી બીજી, ત્રીજી ... સાતમી નરક અશુભ, અશુભતર, અશુભતમ રચના છે. આ નરકોની સ્થિતિ, લેશ્યા, પરિણામ, દેહ, વેદના અને વિક્રિયા પણ ઉત્તરોત્તર અશુભ છે.

નારકીમાં ત્રણ પ્રકારની વેદના માનવામાં આવે છે. જેમાં (૧) ક્ષેત્રસ્વભાવજન્ય (૨) પરસ્પરજન વેદના (૩) અધર્મજન્ય વેદના (પરમાધામી દેવ વેદના).

(૧) ક્ષેત્રસ્વભાવજન્ય :- નારકીમાં ૧૦ પ્રકારની ક્ષેત્રવેદના જન્મતાની સાથે હોય છે. (૧) અનંતક્ષુધા (૨) અનંતતૃષા (૩) અનંત શીત (૪) અનંત તાપ (૫) અનંત મહાજ્વર (૬) અનંત ખુજલી (૭) અનંત રોગ (૮) અનંત અનાશ્રય (૯) અનંત શોક (૧૦) અનંત ભય.

ક્ષેત્રસ્વભાવજન્ય અને પરસ્પરજન વેદના સાતે નરકોમાં હોય છે. અધર્મજન્ય વેદના પ્રથમ ત્રણ નરકોમાં પરમાધામિક દેવો દ્વારા આપવામાં આવે છે. સાતે નરકના જીવો વેદના પ્રતિક્ષણ અનુભવી રહ્યા છે. આંખનું મટકું મારીએ એટલો વખત પણ આરામ નથી.

ચારે ગતિ નારકી, તિર્યંચ, મનુષ્ય, દેવમાં ભગવાને મનુષ્યભવની દુર્લભતા બતાવી છે.

મનુષ્યભવ કેટલો કિંમતી છે?

નારકીના અસંખ્યાત કાળ (પલ્યોપમ અને સાગરોપમના આયુષ્ય પસાર થાય ત્યારે મનુષ્યની એક મિનિટ મળે.) નારકીના અસંખ્યાત કાળ સુધી ભૂખનું દુઃખ સહન કરો. ત્યારે મનુષ્યભવમાં ભોજનનો મીઠો કોળિયો મળે.

ભગવતીસૂત્રમાં કહ્યું છે :

(૧) એક મનુષ્યભવની સામે નારકીના અસંખ્યાત ભવ.
(૨) એક નારકીના ભવની સામે અસંખ્યાતા દેવના ભવ.
(૩) એક દેવના ભવની સામે અનંતા તિર્યંચના ભવ.
(૪) અનંતા તિર્યંચના ભવની સામે સરેરાશ એક મનુષ્યભવ મળે.

નારકી, તિર્યંચ, દેવ ચારિત્ર ગ્રહણ કરી શકતા નથી. માત્ર મનુષ્ય ચારિત્ર લઈને મોક્ષ સુધી પહોંચે છે.

તત્ત્વાર્થ સૂત્રનો અમુલ્ય અર્ક એટલે કે સાર વિચારીએ તો

(૧) મોક્ષથી નજીક એટલે સમકિતી આત્મા :- સમ્યક્દર્શન એટલે ગેટ વે ઓફ જીનશાસન. સમ્યક્દર્શન એક આંખ છે. સમ્યક્દર્શન વિના અનંતા જીવો આ સંસારમાં ભટકી રહ્યા છે. સમ્યક્દ્રષ્ટિ આત્મા જે કાંઈ વિચારે તે આત્માને લક્ષ્યમાં રાખીને જ વિચારે.

(૨) વિષયથી વિરાગ :- પાંચ ઈન્દ્રિયના ૨૩ વિષયો ભયંકર છે. વિષયોમાં ક્યાંય લોભાવાનું નથી. વિષયો મનગમતા જીવને મળે તેમ-તેમ વિકારો વધે. જેમ-જેમ વિષયોને ભોગવો તેમ-તેમ મોહની પકડ વધતી જાય માટે તેનાથી બચવા પુરુષાર્થ કરો. હવે મારે અનંતકાળના વિષયોથી નિવૃત્ત થઈ જવું છે.

(૩) કર્મનો સ્વીકાર :- કરેલા કર્મ મારે જ ભોગવવાના છે. મારે જ ક્ષય કરવાના છે. તેની શ્રદ્ધા કરી તત્ત્વની પ્રાપ્તિ કરવાની છે. જે જીવ તત્ત્વને પ્રાપ્ત કરે તે નિમિત્તથી છૂટી જાય. નિમિત્તમાં ન ભળે તો નવા કર્મ બંધાતા નથી.

(૪) કષાય ત્યાગ :- તમે કષાયનું સેવન કરો કે ન કરો. પણ માત્ર તેનો વિચાર કરો તો પણ કર્મબંધનથી બંધાવો છો. તેના માટે થતા કષાયો ચાર ગતિમાં પરિભ્રમણ કરાવે છે.

(૫) સંસારમાં રહીને પણ ૧૨ વ્રત ધારી શ્રાવક બનો :- ભગવાનના આજ્ઞાના અર્થી બનો. જીવનમાં વ્રત, તપ, શ્રદ્ધા, નિયમ, સંયમ હોય તો સાધનાથી નજીક છો.

(૬) જીવનનું સાફલ્ય :- મોક્ષમાં જવું હોય, પરમગતિ પામવી હોય તો સંસારનું બધું જ સુખ છોડો. સંયમજીવનમાં મજબૂત બનો. ગૃહસ્થાશ્રમમાં કર્તવ્ય પરાયણ બન્યા પછી પણ ત્યાં જ અટકી ન જતાં સંતોષ ન રાખતાં મારે પણ સંયમ લેવો જ છે. લેવા જેવો સંયમ છે. સંયમ જીવન વિના કોઈનો ઉદ્ધાર નથી અને થવાનો પણ નથી. છેલ્લે સંયમ જ સ્વીકારવો છે. તેવો નિશ્ચય કરજો. આ ભવમાં દ્રવ્યથી સંયમ ન લઈ શકાય તો પણ ભાવમાં સંયમ ઘૂંટવો.

ત્યાગ વિના તૃપ્તિ નથી. સંયમ વિના શાંતિ નથી. વૈરાગ્ય વિના સમાધિ નથી. આ શ્રદ્ધા, સાધના, સુગતિ અને પરમગતિ સુધી એક દિવસ પહોંચાડશે. આપણે પણ સુજ્ઞ, પ્રાજ્ઞ બની પંડિત પ્રબુદ્ધ બની વહેલાં વહેલાં મોક્ષમાં પહોંચી જઈએ.

❑❑❑

# જ્ઞાન - દર્શન - મીમાંસા

**પ્રવર્તક મુનિશ્રી મૃગેન્દ્ર વિજય મ.**

कल्याणपादपाऽऽरामं, श्रुतगंगाहिमाचलम्।
विश्वाम्भोजरविं देवं, वन्दे श्रीज्ञातनन्दनम्।।

સર્વજ્ઞ-શાસનમાં જ્ઞાન-દર્શન-મીમાંસાનું જે નિરૂપણ - પ્રતિપાદન થયું છે તે અન્યત્ર દુર્લભ છે. વ્યવહારભાષામાં આપણે જેને જોવું અને જાણવું કહીને જે શબ્દપ્રયોગ કરીએ છીએ તેની આ દાર્શનિક વ્યાખ્યા - મીમાંસા.

सत् + चित्त + आनन्द માં चित्‌નો અર્થ જ્ઞાન થાય છે. એટલે આત્માના ચૈતન્ય જેવા અનેકગુણો પૈકી જ્ઞાન પણ એનો વિશેષ ગુણ છે જે આત્માથી અવિભાજ્ય છે. કારણ ગુણો તેના ગુણી દ્રવ્યથી અલગ હોઈ શકે જ નહિ. તેથી ગુણોનું પ્રતિપાદન કરતી ગાથામાં કહ્યું છે કે -

नाणं च दंसणं चेव, चरितं च तवो तहा!
वीरीयं उवओगो च, अेयं जीवस्स लवखणं।। (નવતત્ત્વ)

સ્વરૂપ સંવેદન રૂપ જ્ઞાન અને દર્શન, જ્ઞાનોપયોગ, દર્શનોપયોગ, આત્મવિચરણ રૂપ બ્રહ્મ-વિહાર, અનાહાર સ્થિતિ, અનંત શક્તિરૂપ વીર્ય અને ઉપયોગરૂપ જાગૃતિ, સંવેદન, આત્માના ગુણો છે. આત્મ દ્રવ્યને ઓળખવાના લક્ષણ છે.

મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ, કેવલજ્ઞાન - આ પાંચ જ્ઞાનનું વિસ્તૃત વિવેચન ૪૫ આગમો પૈકી ચૂલિકારૂપ નંદિ સૂત્રમાં મળે છે. કુલ ભેદ ૫૧ છે.

દશવૈકાલિક સૂત્રમાં જ્ઞાનની પ્રધાન્યતા બતાવતાં કહ્યું -

पढमं नाणं तओ दया, एवं चिट्ठइ सव्वसंजए।
अन्नाणी किं काही, किंवा नाही छेयपावगं।। (અધ્યયન ૪/૧૦)

કારણ અહિંસાનું આચરણ જીવના પરિજ્ઞાન વગર શક્ય નથી - માટે જ જ્ઞાનનું પ્રાધાન્ય છે.

તત્ત્વાર્થ સૂત્રની કારિકામાં ભગવાન ઉમાસ્વાતિજીએ કહ્યું છે

કે - જ્ઞાન, દર્શન અને ચારિત્ર્યની પ્રાપ્તિ થવાથી જ મનુષ્ય જન્મ શ્રેષ્ઠ છે - ઉપાદેય છે. અન્યથા જન્મ તો દુઃખરૂપ જ છે - 'दुःखनिमित्तमपि इदं, तेन सुलब्धं मवति-जन्म।'

અજૈન શાસ્ત્રોમાં ભગવદ્‌ગીતામાં -

'ज्ञानाग्निः सर्वकर्माणि, भस्मसात कुरुतेऽर्जुन।।' કહીને શ્રીકૃષ્ણે અર્જુનને ઉપદેશ કર્યો છે.

'ज्ञानान्मृतेन मुक्तिः' 'तमसो मा ज्योतिर्गमय'

જેવા વાક્યો જ્ઞાનનું સમર્થન કરે છે.

હવે 'દર્શન' એટલે શું? તે જોઈએ. વ્યવહારિક અર્થમાં દર્શન એટલે જોવું અર્થાત્ Vision.

અલગ-અલગ સૈધ્ધાંતિક દ્રષ્ટિકોણને પણ 'દર્શન' કહેવાય છે. ષટ્‌દર્શનમાં, નૈયાયિક, સાંખ્ય, વૈશેષિક, જૈમિનીય, બૌદ્ધ, જૈન એમ ૬ દાર્શનિક વિચારધારા છે.

જૈન પરિભાષામાં 'દર્શન'નો એક વિશિષ્ટ અર્થ સમ્યક્ત્વ એટલે શ્રદ્ધા છે. આને આચ્છાદિત કરનાર કર્મને 'દર્શનાવરણ' કહે છે તેના નવ પ્રભેદ છે - ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શનાવરણ, કેવલદર્શનાવરણ, નિદ્રા, નિદ્રાનિદ્રા પ્રચલા, પ્રચલાપ્રચલા, થીણદ્ધિ, જ્ઞાનઉપયોગની જેમ દર્શનઉપયોગ વિશેષ અને ગૌણ રૂપે હોય છે - જ્ઞાન, દર્શન પરિપૂર્ણ ચેતના છે. મહાન યોગીઓને દર્શન તથા જ્ઞાન ઉપયોગ યુગપત્ પ્રતિભાસિત હોય છે - જેમ દર્પણ અને પ્રતિબિંબ એક સાથે દેખાય છે - જ્યારે સંસારી જીવોને ઉપયોગ ક્રમિક હોય છે. તે સૂક્ષ્મ અને અલ્પકાલીન હોવાથી દુર્બોધ હોય છે. દર્શનાવરણના ક્ષયોપશમથી થતું અવલોકન તે દર્શન છે. દર્શન ઉપયોગ ચાર પ્રકારે છે. ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન, કેવલદર્શન, કેવલી-જ્ઞાની ભગવંતોને જ્ઞાન-દર્શન ઉપયોગ સાથે જ હોય છે.

વિવિધ દ્રષ્ટિકોણથી જ્ઞાન-દર્શનનું વિહંગાવલોકન કરવાથી તેના ભેદ-પ્રભેદો અત્રે પ્રસ્તુત છેઃ-

(૧) મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવલજ્ઞાન (તેના કુલ ભેદ ૫૧ છે)
(૨) શ્રુતજ્ઞાન, ચિંતાજ્ઞાન, ભાવનાજ્ઞાન,
(૩) પ્રત્યક્ષજ્ઞાન, પરોક્ષજ્ઞાન,
(૪) સાકાર ઉપયોગ (જ્ઞાનોપયોગ), નિરાકાર ઉપયોગ (દર્શનોપયોગ),
(૫) સમ્યગ્‌જ્ઞાન, મિથ્યાજ્ઞાન,
(૬) વિષયપ્રતિભાસ, આત્મપરિણત, તત્ત્વસંવેદન,
(૭) ભૂતજ્ઞાન, ભવિષ્યજ્ઞાન, વર્તમાનજ્ઞાન,
(૮) જ્ઞપરિજ્ઞા, પ્રત્યાખ્યાનપરિજ્ઞા,
(૯) સવિકલ્પજ્ઞાન, નિર્વિકલ્પજ્ઞાન,
(૧૦) ક્ષાયોપશમિકજ્ઞાન, ક્ષાયિકજ્ઞાન,
(૧૧) પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, શબ્દજ્ઞાન,
(૧૨) આગમ, નોઆગમ, તદ્વ્યતિરિક્ત,
(૧૩) મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, વિભંગજ્ઞાન,
(૧૪) સંશય, વિપર્યયજ્ઞાન, અનધ્યવસાય,
(૧૫) શ્રવણ, મનન, નિદિધ્યાસન,
(૧૬) અભિલાપ્ય, અનભિલાપ્ય,
(૧૭) નય, પ્રમાણ,
(૧૮) અન્વય, વ્યતિરેક,
(૧૯) ઉત્સર્ગ, અપવાદ, (નિશ્ચય, વ્યવહાર)
(૨૦) સૂત્ર, અર્થ, તદુભય,
(૨૧) નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ - (નિક્ષેપ)
(૨૨) દ્રવ્યાનુયોગ, કથાનુયોગ, ગણિતાનુયોગ, ચરણાનુયોગ,
(૨૩) ઔત્પાતિકી, વૈનયિકી, કાર્મિકી, પારિણામિકી,
(૨૪) વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા, ધર્મકથા,
(૨૫) સુશ્રૂષા, શ્રવણ, ગ્રહણ, ધારણ, અર્થવિજ્ઞાન, ઉહા, અપોહ, તત્ત્વરૂચિ,
(૨૬) સપ્તભંગી - ૧ સ્યાત્ અસ્તિ,
૨ સ્યાત્ નાસ્તિ,
૩ સ્યાત્ અસ્તિ-નાસ્તિ,
૪ સ્યાત્ અવક્તવ્ય
૫ સ્યાત્ અસ્તિ અવક્તવ્ય
૬ સ્યાત્ નાસ્તિ અવક્તવ્ય
૭ સ્યાત્ અસ્તિ-નાસ્તિ અવક્તવ્ય
(૨૭) અભીક્ષ્ણજ્ઞાનોપયોગ (તત્ત્વાર્થ સૂત્ર)
(૨૮) જ્ઞાન-દર્શન-ચારિત્ર-રૂપ રત્નત્રયી (તત્ત્વાર્થ સૂત્ર)

આ એક અતિસંક્ષિપ્ત વિશ્લેષણ મીમાંસા છે. આશા છે કે વિદ્વદ્‌જનોને ઉપયોગી થશે. સૂચન આવકાર્ય છે.

❑❑❑

સંપર્ક : ૯૯૨૦૩૭૨૧૫૬/૯૯૦૪૫૮૯૦૫૨.

આપણે અપરાધી ન હોઈએ અને આપણી પર કોઈ દોષારોપણ કરે તો ત્યારે વિચારવું કે, હું દોષિત નથી, સામી વ્યક્તિ ભૂલથી મારી પણ દોષારોપણ કરે છે, એથી આવી ભૂલ કરનાર પર ગુસ્સો કરવો મને શોભે ખરો? ભૂલનાર પર તો દયા રાખવી જોઈએ. કોઈએ આપણી પર કરેલું દોષારોપણ સાચું હોય, તોય ગુસ્સાને અવકાશ નથી. આવા અવસરે વિચારવું કે મારામાં જે ખામી છે, એને સામેથી બતાવનાર તો ગુરુ લેખાય. ગુરુનો તો ઉપકાર માનવો રહ્યો. જો આવી જીવન-કળા અપનાવવામાં આવે, તો મન ખૂબ જ સ્વસ્થ રહે.

**'ઉપવન' પુસ્તકમાંથી**

# અધ્યાત્મ રસ ઝરતી - દેવચંદ્ર ચોવીશી

પંન્યાસ ડૉ. અરૂણવિજય મહારાજ

*આચાર્ય શ્રી સુબોધસૂરિજીના શિષ્ય પંન્યાસ ડૉ. શ્રી અરૂણવિજયજી (એમ.એ. પી.એચ.ડી.) અનેક ભાષાઓના જ્ઞાતા, બહુમુખી પ્રતિભાસંપન્ન છે. એમના હિંદી, ગુજરાતી ભાષામાં અનેક મૌલિક ચિંતનાત્મક પુસ્તકો પ્રસિદ્ધ થયા છે. તેઓશ્રીની સચિત્ર શૈલીના પ્રવચનકાર તરીકે ખ્યાતિ સર્વત્ર પ્રસરી છે. દર વરસે તેઓ ગુજરાતી, હિંદી, સંસ્કૃત ભાષામાં સફળ જ્ઞાનસત્રનું આયોજન કરે છે. વર્તમાનમાં પુના-કાત્રજ ખાતે 'શ્રી મહાવીર રિસર્ચ ફાઉન્ડેશન, ધ્યાન યોગ સાધના કેંદ્ર, વીરાલયમ' ના તેઓ સ્થાપક છે.*

રાજસ્થાનની મરૂસ્થલીના સુપ્રસિદ્ધ બિકાનેર નગરમાં વિ.સં. ૧૭૪૬ માં જન્મેલા દેવચંદ્રે ફક્ત દસ જ વર્ષની બાલ્યાવસ્થામાં ઉપાધ્યાયજી દીપવિજયજી વાચક ગુરૂ પાસે ભાગવતી પ્રવૃજ્યા ગ્રહણ કરી સાચા અણગાર બન્યા. અદ્‌ભુત બુદ્ધિ પ્રતિભાના ધણી આ દેવચંદ્રજીએ બાલ્યકાળમાં અનેક ગ્રંથોનો અભ્યાસ કર્યો. પાષાણને તરાસનાર શિલ્પી જેમ તેમાંથી મૂર્તિ કંડારે છે તે રીતે ગુરૂએ આ બાળ સાધુને વિદ્વાન બનાવ્યા. સ્વ-પર-દર્શનોના અઠંગ અભ્યાસી આ મહાત્માની પોતાની જ લેખન પ્રતિભા એટલી બધી વિકસી કે તેઓ એક નહીં અનેક ગ્રંથોનું અનેક ભાષામાં સર્જન કરી શક્યા.

ધ્યાન દીપિકાથી માંડી અનેક ગ્રંથો લખ્યા. તેમાં દ્રવ્યપ્રકાશ નામનો ગ્રંથ તેમણે સાત ભાષામાં લખ્યો. જૈન ધર્મના Meta-physics દ્રવ્યાનુયોગનો આ મૂળભૂત ગ્રંથ સર્વે માટે પાયાના અભ્યાસનો ગ્રંથ છે. આ જ દ્રવ્યાનુયોગના પદાર્થો તેમણે ચોવીશીના સ્તવનોમાં ઉમેર્યા છે. સ્વધર્મ-દર્શન તેમજ પર-ધર્મ-દર્શનાદિ અનેક ગ્રંથોના વિદ્વાન હોવા સાથે-સાથે આગમોના પણ અઠંગ અભ્યાસી હોવા સાથે તેમનામાં પડેલી કવિત્વ શક્તિની પ્રતિભા પણ સોળે કળાએ ખીલી હતી. એના જ પરિણામે દાર્શનિક તેમજ તાત્વિક પદાર્થો - તત્ત્વોને પણ સહેલાઈથી દેશી ઢાળની ધૂનો-રાગમાં ગેય કાવ્યરૂપે સ્તવનોની રચનાઓ કરી.

ભક્તિયોગમાં ઓતપ્રોત થયેલા આ સત્તરમા સૈકાના મહાયોગીએ પ્રભુની ભક્તિ પણ ચમત્કારાશ્રિત, અથવા મહિમાશ્રિત આદિ સામાન્ય સ્તરની નથી કરી. માત્ર દુઃખ દૂર કરો અને સુખ આપોની યાચના સ્વરૂપ નિમ્નસ્તરની ભક્તિ ન કરતા... અર્થાત્ તેવા સ્તવનોની રચના ન કરતા સર્વજ્ઞ પ્રણીત સિદ્ધાંતો, તત્ત્વો, દ્રવ્યાનુયોગના પદાર્થોને નયવાદ - સ્યાદ્વાદની ભાષા શૈલીમાં વણીને સ્તવનો બનાવ્યા છે. તત્ત્વપ્રીતિને કેન્દ્રમાં રાખી છે.

સ્વયં અધ્યાત્મ યોગી હોવાના કારણે અધ્યાત્મ યોગની એવી પ્રક્રિયા આ ચોવીશીમાં રજુ કરી છે કે જેથી કોઈ પણ સાધક પોતાના ઉપાદાનને ઓળખે, અને એને પ્રગટાવવા માટે આવા સર્વજ્ઞ પરમાત્મા જે નિમિત્ત કારણ રૂપે મળ્યા છે, તેમને સારી રીતે સમજી લે, અને પ્રમાદવશ ઉપેક્ષા ન કરતા આવા પ્રબલ આલંબન વડે, પોતાનું ઉપાદાન પ્રગટ કરી લે, યથાપ્રવૃત્તિ કરણાદિ ત્રણેય કરણો કરીને સમ્યક્ત્વ બીજાધાન કરી લે. અને પોતાના આત્માને મોક્ષમાર્ગ ઉપર આરૂઢ કરી લે. પોતાનો ભવ સંસાર ઘટાડી દે. બસ.

વિ.સં. ૧૮૧૨ ભાદ્રપદની અમાવાસ્યાની રાત્રીએ દશવૈકાલિક અને ઉત્તરાધ્યયન સૂત્ર આગમ શાસ્ત્રોનું શ્રવણ કરતા-કરતા અને અરિહંત પરમાત્માનું ધ્યાન કરતા-કરતા જેઓ અમદાવાદમાં કાળધર્મ પામ્યા. આજે વર્ષો પછી પણ તેમની અનેક રચનાઓ - કૃતિઓ જિજ્ઞાસુઓના માટે ઉત્તમ માર્ગદર્શક બને છે. ૨૪ તીર્થંકર ભગવંતોના ૨૪ સ્તવનોમાં તેમણે જે તત્ત્વજ્ઞાનનો ખજાનો ઠાલવ્યો છે તે તત્ત્વજ્ઞ મરજીવાઓ જ ગોતાખોર બનીને શોધી શકે છે.

ચોવીશમું વીર પ્રભુનું સ્તવન જે આખી ચોવીશીનું સ્તર રૂપ સ્તવન છે. તેનું વિશદ વિવેચન અત્રે રજુ કરૂ છું. જેથી સાધકોને આ સ્તવનના રહસ્યો સમજતા - આખી ચોવીશીના સ્તવનોને સમજવાની દિશા મળી જાય. મૂળ ચાવી હાથ લાગી શકે છે. તેનો દિશાનિર્દેશ...

## દેવચંદ્રજી રચિત ચોવીશીનો આધારભૂત સાર તત્ત્વ (સારાંશ)

પરમાત્મભક્તિ વિષયક સ્તવનોની રચના કરનારા જૈન ઈતિહાસમાં પૂ. આનંદઘનજી, પૂ. દેવચંદ્રજી આદિ અનેક એવા મહાપુરૂષો ભૂતકાળમાં થઈ ગયા છે. જેમણે સ્તવનોના માધ્યમથી પરમાત્માની ભક્તિ તાત્ત્વિક રીતે કરી છે. ચોવીશી એટલે ચોવીશે તીર્થંકર ભગવંતોની સ્તવના - ગુણગાન ૨૪ સ્તવનોની રચના વડે કરી છે. કેટલાક મહાત્માઓએ છૂટા છવાયા થોડાક સ્તવનોની રચનાઓ પણ કરી છે. પરંતુ આખી ચોવીશી રચનારા પણ ઘણાં મહાત્માઓ છે.

એ બધા ચોવીશી રચનારા મહાપુરૂષોમાં અવધૂત યોગી પૂ. આનંદઘનજીની અને પૂ. દેવચંદ્રજી આ બે મહાત્માઓ એવા છે કે જેમણે જે ૨૪-૨૪ સ્તવનોની ચોવીશીઓની રચના કરી છે તે બીજા બધા કરતા સાવ જુદા જ તરી આવે છે. કારણ કે એમણે

સ્તવનોની રચના કરતી વખતે મુખ્ય કેન્દ્રબિંદુ - લક્ષ્ય (Main focus) પરમાત્મ તત્ત્વ, પરમાત્માના ગુણો, પ્રભુએ પ્રકાશિત કરેલા પદાર્થો, દ્રવ્ય, ગુણ, પર્યાયનો ત્રિપદી પૂર્વક થતી વ્યવસ્થા કાર્ય - કારણભાવ વગેરે મુદ્દાઓને પ્રાધાન્યતા આપી છે. જે ત્રૈકાલિક શાશ્વત સ્વરૂપ છે. તેને લક્ષ્યમાં રાખીને તાત્ત્વિક ભક્તિ કરી છે.

પૂ. દેવચંદ્રજી મહારાજે ૨૪ સ્તવનોની ચોવીશીની રચના જે કરી છે તેમાં ચોવીશમાં વીર પ્રભુના સ્તવનમાં પોતાનો હાર્દ-રચનાનો મુખ્ય હેતુ શું છે. Theme તે સ્પષ્ટ કરતા જણાવ્યું છે કે...

*સ્વામી દરિસણ સમો નિમિત્ત લઈ નિર્મલુ, જો ઉપાદાન એ શુચિ ન થાશે !*
*દોષ કો વસ્તુનો અહવા ઉદ્યમ તણો, સ્વામી સેવા સહી નિકટ લાશે ।।૪।।*
*સ્વામી ગુણ ઓળખી, સ્વામીને જે ભજે, દરિશન શુદ્ધતા તેહ પામે;*
*જ્ઞાન-ચારિત્ર-તપ વીર્ય ઉલ્લાસથી, કર્મ જીતી વસે મુક્તિ ધામે ।।૫।।*

ચોવીશમાં વીર પ્રભુના આ ચોવીશમા સ્તવનમાં આ બે ગાથામાં - આખી ચોવીશી (૨૪ સ્તવનો)નો સારભૂત આધાર રજુ કરતા પૂ. દેવચંદ્રજી મહારાજે સ્પષ્ટ કર્યું છે કે - આપણો આત્મા ઉપાદાન કારણ રૂપે છે અને પરમાત્મા નિમિત્ત કારણ રૂપે છે. જેમ માટીમાં ઉપાદાન છે. ઘડો બનવાની ક્ષમતા પૂરી છે - જો કે બધી જ જાતની માટીમાં નથી હોતી. પરંતુ જે જાતની માટીમાં છે તે પણ પોતાની મેળે તો ઘડો બની શકે તેમ નથી. તેને કુંભાર - ચાક વગેરે નિમિત્ત કારણની આવશ્યકતા અવશ્ય રહે છે. માટીમાં ઘડો બનવાની ક્ષમતા ચોક્કસ છે. પણ બનાવનાર કુંભાર રૂપી નિમિત્તની આવશ્યકતા વિના સંભવ જ નથી. આ દૃષ્ટાંતની રીતે આપણો આત્મા ભક્ત અને ભગવાનની વચ્ચે પણ વિચારીએ તો ઠીક એવો જ ઉપાદાન - નિમિત્ત કારણનો સંબંધ છે. મારા આત્મામાં પણ સિધ્ધ થવાની, ભગવાન બનવાની ક્ષમતા (યોગ્યતા કે પાત્રતા) ભવી હોવાના કારણે પૂરેપૂરી છે - પરંતુ આવી ઉપાદાન રૂપ પાત્રતા કે ક્ષમતાને પણ સર્વજ્ઞ તીર્થંકર પરમાત્મા રૂપી નિમિત્ત કારણની આવશ્યકતા અનિવાર્ય છે. જેમ જન્મ તો જીવાત્મા પોતે જ લે છે, પરંતુ માતા વિના જન્મ લેવો પણ જીવ માટે શક્ય નથી. માટીથી જ ઘડો બને છે પરંતુ કુંભાર વિના તે પણ સંભવ જ નથી. એવી જ રીતે આત્મા જ ભગવાન થાય છે - પરમાત્મા બને છે - સિદ્ધ-બુદ્ધ-મુક્ત બને છે પરંતુ સર્વજ્ઞ તીર્થંકર ભગવાનના નિમિત્ત વિના તો તે પણ સંભવ જ નથી. બસ આ રહસ્ય સમજાઈ ગયું છે માટે જ પરમાત્માની ભક્તિ, ગુણ ગાન ઉપાસના કર્યા વિના હવે છૂટકો જ નથી. બીજો કોઈ વિકલ્પ જ નથી. એટલા માટે જ આ શબ્દોનો પ્રયોગ કર્યો છે કે - સ્વામી દરિસણ સમો... નિમિત્ત લઈ નિર્મલો.

સ્વામી દર્શન - સ્વામી-જિન-જિનેશ્વર-સર્વજ્ઞ તીર્થંકર દર્શન ૨ પ્રકારના છે :- (૧) ક્રિયાવાચી દર્શનની વાત કરીએ તો સ્વામી એટલે સર્વજ્ઞ એવા જિન ભગવાનનું દર્શન - દેરાસરોમાં જઈ પ્રભુના દર્શન કરવા તે. તે પણ આપણા આત્માના ઉપાદાનને પ્રગટ કરનારૂ નિમિત્ત કારણ છે. માટે જિન દર્શન અનિવાર્ય ક્રિયા થઈ ગઈ છે. આત્માર્થી - આત્મલક્ષી આરાધક જે પ્રત્યેક ક્રિયા પ્રવૃત્તિમાં સર્વ પ્રથમ આત્મહિતનો જ લક્ષ્ય રાખે છે. જે કંઈ પણ આત્માના હિતને અર્થાત્ આત્માના ગુણને અનુલક્ષીને હોય તેવી જ ક્રિયા કરવી, તેવુ જ કાર્ય, તેવી જ પ્રવૃત્તિ કરવી. તે માટે ઉપકરણોનો ઉપયોગ કરવો. કારણ કે આત્મા માટે જે ઉપકારી અને ઉપયોગી છે તે જ ઉપકરણો છે. તે સિવાયના સંસારવર્ધક માત્ર અધિકરણો છે. આ ન્યાયે જિનપ્રતિમા - એ પણ જિન દર્શન માટે ઉપકરણ છે. તેનો ઉપયોગ સ્વ આત્માના ઉપાદાનને પ્રગટ કરવા ઉપકાર કરવા બરોબર છે. માટે જેઓ દેહાર્થી - પુદ્ગલના બનેલા પિંડ રૂપ દેહનું જ સાધનારા દેહાર્થી નથી તેવા આત્માર્થી આધ્યાત્મિક સાધનાના સાધકો માટે સર્વ પ્રથમ જિન દર્શનની ક્રિયા કરવાની રહે છે. સર્વ પ્રથમ દેહ માટે આહારાદિની ક્રિયા કરવી તેમના સાધ્યની પોષક નથી. માટે વર્જ્ય છે. એટલા માટે આરાધક આરાધકો માટે વ્રત-નિયમ રૂપ બંધનકર્તા ન હોવા છતા પણ સ્વૈચ્છિક - ભાવનિક નિયમનું રૂપ જ ધારણ કરી લીધું છે કે કોઈ પણ સાધુ-સાધ્વી દર્શન વિધિ કર્યા પછી જ મોઢામાં પાણી નાંખે તે પહેલા તો નહીં જ. હા, જેઓ મંદિર-મૂર્તિ માનતા જ નથી. અરે! માનવાની તો વાત જ ક્યાં રહી વિરોધક જ રહ્યા છે. તેમણે તો નવકારશીનું પચ્ચક્ખાણ પણ આવશ્યક ન માન્યું. પરિણામે સૂર્યનો ઉદય થતાની સાથે જ આહાર-પાણીની પ્રવૃત્તિ કરવા લાગી જાય છે. જ્યારે મંદિર-મૂર્તિનો સ્વપ્ને પણ વિરૂદ્ધ વિચાર સુદ્ધા ન કરનારા, અરે! વિચારને પણ માનસિક આશાતના માનનારા મંદિર-મૂર્તિને આરાધનાના કેન્દ્રબિંદુ રૂપ માનનારા આરાધકવર્ગે પોતાના ઉપાદાનને પ્રગટ કરવા માટે જિન પ્રતિમાને પરમાત્માનો દરજ્જો આપી તેમને નિમિત્ત કારણ માનીને જિન દર્શન - ભક્તિ - જાપ - સ્મરણ - આદિ ચૈત્યવંદન, દેવવંદનાદિને પ્રાથમિકતા આપીને અનિવાર્ય જ બનાવી લીધુ છે. સ્વૈચ્છિક રીતે ભાવનિક રૂપે આચરણમાં ઉતારી લીધો છે.

(૨) સ્વામી દરિશનનો બીજો અર્થ છે જિન દર્શન, જૈન દર્શન. જેને જૈન તત્ત્વજ્ઞાન સ્વરૂપે સમજવામાં આવે છે. સર્વજ્ઞ પ્રણીત સંપૂર્ણ તત્ત્વ જે જૈન ધર્મ સ્વરૂપે છે. તેને સ્વીકારવાની વાત છે. ''સ્વામી દરિસણ સમો... નિમિત્ત લહી નિર્મલો'' આ શબ્દોમાં રચનાકાર મહાત્માજીએ આ ઈશારો જૈન દર્શન - જૈન ધર્મ તરફ કર્યો છે. એટલે આવો નિર્મલ દર્શન જેને નિમિત્ત બનાવીને સ્વીકારવામાં અને આચરવામાં સુવ્યવસ્થિત રીતે આવે તો નિશ્ચિત રૂપે આપણું ઉપાદાન પરિપક્વ થાય. (૩) ત્રીજા અર્થમાં દર્શનને સ્વામી દરિસણને - સમ્યગ્ દર્શન રૂપે એ અર્થમાં લઈએ તો સમ્યગ્ દર્શન જે શ્રદ્ધાના અર્થવાળો છે તે અત્યંત નિર્મલ નિમિત્ત છે તેને પામીને પોતાના ઉપાદાનને પરિપક્વ કરી શકાય છે.

આ રીતે ત્રણેય અર્થોનો વિચાર કરીએ તો સ્પષ્ટપણે ખ્યાલ

આવશે કે... આપણા ઉપાદાનને પરિપક્વ કરવામાં આ ત્રણેયને અથવા આ અને આ અર્થવાળા ભાવને નિમિત્ત કારણ બનાવીને સાધકે પોતાના ઉપાદાનને પ્રગટ કરવાનો રહે છે. જો આ ત્રણેય અર્થોવાલા નિર્મલ નિમિત્તો ઉપલબ્ધ હોવા છતાં પણ આપણું ઉપાદાન પ્રગટ ન થાય તો પછી દોષ (ખામી) શેમાં રહી ગઈ? જો કુંભાર-ચાક-દંડ બધા જ નિમિત્તના પરિબળો હોવા છતા પણ માટીમાંથી માટલું ન બને કે ન થાય તો ખામી ક્યાં રહી ગઈ છે? શેમાં રહી ગઈ છે? એવી જ રીતે જિન મંદિર - મૂર્તિઓ ઉપલબ્ધ હોવા છતા, તેમના દર્શન અથવા જૈન દર્શન, અથવા આજે પણ સમ્યગ્ દર્શન થઈ શકે તેમ હોવા છતા પણ ભવ્યાત્માનું ઉપાદાન પ્રગટ જ ન થાય તો મોટી ખામી (દોષ) ક્યાં સમજવો? શેમાં શોધવો? જેમ કલાકો સુધી ગેસ - આગ ઉપર રાખવા છતા પણ કોરડુ મગ ન જ ચઢે તો દોષ કોનો કાઢવો? ગેસ-આગ-તપેલા-પાણી વગેરે કશાયનો દોષ ન કઢાય - કારણ કે બીજા હજારો મગના દાણાં સીઝે છે - ચઢે છે. ફક્ત કેટલાક જ કોરડા મગના દાણાં નથી સીઝતા. એમાં નિમિત્તનો દોષ નથી પણ મૂળ ઉપાદાન જ સાવ ખોટું છે. મગ જ કોરડાની જાતના છે. એવા કોરડા મગ મગ હોવા છતા પણ સામાન્ય મગની જાતથી જુદા પડી જાય છે. એવી જ રીતે અભવી જાતિ (દુર્ભવ્ય) ભવ્ય પણ જીવો જ હોવા છતાં પણ મોક્ષમાર્ગી એવા સામાન્ય ભવ્ય જીવો કરતા જુદા પડી જાય છે - ભવ્ય જીવોનું જ ઉપાદાન આવા બધા નિમિત્તોથી પ્રગટ થઈ શકે છે. પણ અભવ્યોને ભલે ને બધા નિમિત્તો મળવા છતા પણ તેમનું ઉપાદાન પ્રગટ ક્યારેય થતું જ નથી.

ચાલો... અભવ્યોની વાત જતી કરીએ પણ ભવ્ય જાતિના જીવોને બધા નિમિત્તો મળવા છતા તેમનું ઉપાદાન કેમ પ્રગટ થતુ નથી? ભવ્યત્વપણું પ્રગટ નથી કરવાનું. તે તો છે જ. પરંતુ સમ્યગ્ દર્શન પ્રગટ કરવાનું છે. સંસારી પર્યાયમાં ગુણો ચોક્કસ સત્તામાં પડ્યા છે, તેને નિરાવરણ કરીને પ્રગટ કરવાના છે. પણ તે માટે સર્વ પ્રથમ આવા સર્વ ગુણો જેનામાં પ્રગટ થઈ ગયા છે તેમને જોવા અને જાણવા-માનવા ખૂબ જ જરૂરી છે. પણ જો ન ઓળખતા - ન જાણતા - ન માનતા તેમનું યથાર્થ સ્વરૂપ જાણ્યા - સમજ્યા વિના એમને એમ માનવા - પૂજવામાં આવે તો ફળદાયી નથી થતું. ઉપર બતાવેલા દર્શનના ત્રણેય અર્થોમાંથી ત્રણેય અર્થોની સાર્થકતા કરતા તે રીતે તેવા દર્શન કરવામાં આવે તો સાર્થકતા ઠરશે. દર્શનથી જિનશાસન, જૈન ધર્મ - જૈન તત્ત્વોને જોવા સમજવા (૨) દર્શનથી સમ્યગ્ દર્શનરૂપ સાચી શ્રદ્ધા અને એવી જ રીતે (૩) જિન પ્રતિમાની પરમાત્મા સ્વરૂપે દર્શન ક્રિયા કરવી. આ બધા અર્થોમાં સમજી-વિચારીને દર્શન કરવાના છે. ૨૩ માં પાર્શ્વનાથ પ્રભુના સ્તવનમાં દેવચંદ્રજી સ્વયં કેવી જિન પ્રતિમાના દર્શન કરવા તેના માટેના શબ્દો રચે છે - 'ઉપશમ રસભરી સર્વજન શંકુરી, મૂર્તિ જિનરાજની આજ ભેટી'... ૨૩/૬ જગતના સમસ્ત નાના-મોટા બધા જીવોનું 'શં' - કલ્યાણ કરનારી, અથવા કલ્યાણ કરવામાં સમર્થ સક્ષમ એવા જિનરાજ-જિનેશ્વર પરમાત્માની પ્રતીક રૂપ પ્રતિમા જે પરમાત્માની જ પ્રતિકૃતિ સ્વરૂપ છે. જેમ આપણો ફોટો આપણા જેવો જ હોય છે તેવી જ રીતે પરમાત્માની પ્રતિમામાં પણ પરમાત્મભાવનું, બુદ્ધિનું આરોપણ કરવામાં આવ્યું છે. માટે વ્યક્તિ અને પ્રતિકૃતિમાં ફરક ન કરવો જોઈએ. એટલા જ માટે ગુણોનું આરોપણ કરીને કહેવામાં આવે છે કે - ઉપશમ રસભરી અર્થાત્ સર્વથા રાગ-દ્વેષ રહિત એવી વીતરાગતા ઝરતી જિનેશ્વરની પ્રતિમા છે - જેમ ઘીમાં તરબોળ - ઘી ઝરતી પુરણપોળી હોય તેવી જ રીતે જિન પ્રતિમા પણ એવી ઉત્તમ ધ્યાનસ્થાવસ્થાની છે કે જેમ જીવંતપર્યંત પરમાત્માની કેવી અદ્‌ભૂત વીતરાગભાવ વરસતી સૌમ્ય શાંતાકૃતિ હોય છે એવી જ ધ્યાનસ્થ સૌમ્ય - શાંતમુદ્રાવાલિ પ્રતિકૃતિરૂપ પ્રતિમા પણ બની છે - આવી જ પ્રતિમા જગતના સમસ્ત જીવોનું કલ્યાણ કરવામાં સક્ષમ-સમર્થ હોય છે. એવી મૂર્તિ 'આજ ભેટી' - આજે જોઈ છે - એવી પ્રતિમાને સાક્ષાત સ્વામી સમજી - માનીને જે તેમના દર્શનનો પરમ પવિત્ર નિર્મલ નિમિત્ત મેળવીને પણ જે આત્માઓ પોતાનું ઉત્કર્ષ - કલ્યાણ ન સાધી શકે તો શું સમજવું? પરમાત્મા અને તેમની પ્રતિમા જે ઉત્તમ નિમિત્ત કારણ રૂપે છે, તેમનું એવું ઉંચુ નિમિત્ત પામીને પણ જે જીવો પોતાનું ઉપાદાન પૂર્ણપણે પ્રગટ ન કરી શકે તો કોનો દોષ ગણવો? શું દોષ ઉભયપક્ષે છે? અર્થાત્ શું નિમિત્તરૂપે પ્રભુનો કે પ્રભુ પ્રતિમાનો વાંક છે? અથવા શું ઉપાદાનનો વાંક છે? અથવા આવા વીતરાગ પરમાત્માના દર્શન (શાસન) જેવુ ઉત્તમ નિર્મળ પુષ્ટાલંબન - પુષ્ટ નિમિત્ત મળવા છતા પણ જો મારી આત્મસત્તા પવિત્ર-શુદ્ધ ન થાય તો (વસ્તુ) - આત્માનો જ દોષ છે કે પછી મારા પુરૂષાર્થમાં કંઈક ખામી છે? ઉણપ છે?

નિમિત્ત કારણ રૂપે રહેલા પરમાત્મા - તેમની પ્રતિકૃતિ રૂપ પ્રતિમામાં દોષ શોધવો એ સૂર્ય સામે ધૂળ નાંખવા બરોબર છે. કારણ કે આ જ પરમાત્મા - પ્રતિમાના પ્રબળ નિમિત્ત વડે ભૂતકાળમાં અનંતાનંતાત્માઓનું ઉપાદાન શુદ્ધ-શુદ્ધતર થઈને તેમની મુક્તિ થઈ છે. માટે પરિણામ સિદ્ધિ - લક્ષ્યસિદ્ધિના પ્રબલ પૂરાવાના આધારે નિમિત્તમાં દોષ શોધવો ગલત સિદ્ધ થાય છે. બીજા નંબરે આપણા ઉપાદાનની વાત કરીએ તો ખ્યાલ આવશે કે ઉપાદાન ભવ્યત્વની કક્ષાવાળુ ઉત્તમ છે. માટીમાં જેમ ઘડો થવાની પાત્રતા છે તેમ ભવ્યાત્મામાં પણ સિધ્ધાત્મા થવાની પાત્રતા પૂરેપૂરી છે. કારણ કે ભવ્યાત્મા જ સિધ્ધાત્મા બને છે - થાય છે અને ભૂતકાળ જે અનંતાનંત વીત્યુ છે તેમાં અનંતાનંત ભવ્યાત્માઓ સિધ્ધાત્મા બન્યા જ છે - એ મોટું પ્રમાણ છે. અભવ્યાત્માનું ઉપાદાન જ અપાત્ર છે - અનંતાકાળમાં એક પણ અભવ્યાત્મા સિધ્ધ થયો જ નથી. એટલા મોટા પ્રમાણના આધારે સત્ય સિધ્ધ થઈ જ જાય છે કે અભવ્ય આત્માનું ઉપાદાન જ અયોગ્ય - અશુદ્ધ છે. જેમ માટીના બદલે

રેતીમાં કોઈ ઘડો બનાવવાનો પુરૂષાર્થ કરે તો તે જેમ પાણીવલોણું ગણાશે - નિરર્થક ગણાશે. સુયોગ્ય માટીમાંથી જ ઘડો બનાવવાનો પુરૂષાર્થ સાર્થક ગણાશે. ભવ્યાત્મા રૂપ ઉપાદાન તે જ નિમિત્તના સહયોગ વડે સિધ્ધાત્મા બનાવી શકાય છે. અભવ્યાત્માનું ઉપાદાન જ અયોગ્ય છે, અપાત્ર છે. માટે તેની કોઈ સંભાવના કોઈ કાળે બને જ નહીં.


પરંતુ હવે સવાલ એ છે કે પાત્ર પણ ભવ્યાત્મા જ સુયોગ્ય ઉપાદાનવાળુ છે અને નિમિત્ત કારણ રૂપે પરમાત્મા અને તેમની જ પ્રતિમા છે બન્ને સુયોગ્ય હોવા છતા પરિણામ કેમ નથી આવતુ? અર્થાત્ તેવો ભવ્યાત્મા સિધ્ધાત્મા બની કેમ નથી જતો? આ વાત કેવી છે? એક પારસમણિ જેવું નિમિત્ત લોખંડના ઉપાદાનને સુવર્ણ પર્યાયમાં પરિવર્તિત કરનારૂ પ્રબલ છે. એવો પારસમણિ લોખંડની જ ડબ્બીમાં વર્ષોથી છે. તો પછી તે લોખંડની ડબ્બી સોનાની બની કેમ નથી જતી? ઉપાદાન અને નિમિત્ત બન્ને સબળ-પ્રબળ હોવા છતા પરિણામ ન આવવા પાછળ કારણ માત્ર બન્નેનો યોગ થવામાં વચ્ચે કોઈ અવરોધક - આવરક હોવાની સંભાવના પૂરેપૂરી છે. બન્યું એવુ કે એ લોખંડની ડબ્બી ઘણાં વર્ષો પછી પ્રથમવાર ખોલીને જોવામાં આવી તો દેખાણું કે ૧૦૦ વાર કપડાના પડમાં લપેડવામાં આવેલી મળી. હવે વિચાર કરો કે કેવી રીતે પારસમણિનો સ્પર્શ લોખંડની ડબ્બીને થાય? અને સ્પર્શ ન થવાના કારણે ૧૦૦ વર્ષથી સાવરક સંયોગના કારણે પરિણામની સંભાવના બનતી જ નથી. બસ આ દ્રષ્ટાંત જેવી જ હકીકત ભવ્યાત્મા સાથે પણ ઘટે છે. ભવ્યાત્માના આત્મ પ્રદેશો ઉપર કર્માવરણના લેપ (લપેડા) એટલા બધા ભારે છે કે તેના બંધનમાંથી છૂટવા પ્રબલ નિમિત્ત પરમાત્મા કે પ્રતિમાનું હોવા છતા પરિણામ નથી આવતું. ભવ્યાત્માનું ઉપાદાન સુયોગ્ય સાચુ સક્ષમ હોવા છતા તેના આલક્ષ્ય-પ્રમાદના કારણે પ્રબલ નિમિત્તનો પણ પૂરતો લાભ તે ઉઠાવી નથી શકતો. જેમ ઘરમાં બલ્બ લાગેલો હોય છે અને તેના માટે સ્વીચ પણ છે. પરંતુ ઉભો થઈને સ્વીચ ઓન જ ન કરવામાં આવે તો અજવાળુ ક્યાંથી થવાનું છે? અંધારૂ જ રહેવાનું છે. આ અંધારાને દૂર કરવા માત્ર વ્યક્તિએ આળસ ખંખેરીને અર્ધી મિનિટ માટે ઉભા થઈને સ્વીચ ચાલુ કરવા જેટલો નજીવો જ પુરૂષાર્થ કરવાનો છે અને તે કરે એટલામાં અજવાળુ ઘણું વધારે પ્રગટે તેમ છે. કારણ કે બલ્બ ઘણો મોટો ૧૦૦૦ પાવરનો છે. ધોળા દિવસની બપોર જેવુ અજવાળુ થાય તેમ છે. પરંતુ આળસ-પ્રમાદના કારણે તે હાથવગુ પરિણામ મેળવી નથી શકતો. ભવ્યાત્માએ પણ આ સમજી જ લેવુ જોઈએ કે પરમાત્મા કે પ્રતિમા તો ૧૦૦૦ વૉટના ગોળા જેવું પ્રબળ નિમિત્ત છે અને પોતામાં પણ ઉપાદાન સિધ્ધાત્મા બનવાનું પૂરેપૂરું પડ્યું જ છે. તેમ છતા પણ માત્ર થોડાક જ પ્રમાદને ખંખેરીને પુરૂષાર્થ કરવામાં આવે તો પરિણામ ચોક્કસ આવે તેમ છે. પરંતુ આળસ-પ્રમાદ જો ન ઘટે તો નિમિત્ત ગમે તેટલુ પ્રબળ મળે તો પણ પરિણામ નથી આવતું. બસ એટલી જ વાત છે. ઉપાદાન આપણા આત્માનું છે. અને કારણિક નિમિત્તતા પરમાત્મામાં છે. પ્રતિમા દર્શનથી, તેમજ પરમ તત્ત્વરૂપ આત્મા જે પરમાત્મા છે તેમનું દર્શન એટલે તેમનો ધર્મ, તેમના વિષેની અતૂટ શ્રદ્ધા કરીને તેમના જ તત્ત્વજ્ઞાનને સ્વીકારીને શ્રદ્ધાન કરીને પણ પોતાના આત્માના ઉપાદાનને પ્રગટ કરવુ જ જોઈએ. આવા સર્વોત્તમ નિમિત્તને ચૂકી જવું એ મોટી મૂર્ખામી સિદ્ધ થશે. માટે જેટલુ શક્ય હોય તેટલુ વહેલુ સમજી લેવામાં ફાયદો છે.

શું કારણને કર્તા બનાવી લેવાય?

જ્યારે આપણા ઉપાદાનને ઉજાગર કરવા પ્રબળ નિમિત્ત કારણ રૂપે પરમાત્મા-પ્રતિમા છે, તો તે નિમિત્ત કારણને શું કર્તા બનાવી દેવાય? સર્વ સામાન્ય રૂપે લોકોને આપણે પોતે જાતે પુરૂષાર્થ કરવા કરતા આપણા માટે કોઈ બીજા જ પુરૂષાર્થ કરે તો જ ગમે છે. જેમ પતિને પત્ની બધુ જ કરી આપે, બધુ જ ગોઠવી આપે, પોતા માટે બધુ પહેલાથી જ તૈયાર રાખે એ જ વધુ ગમે છે. બાળકને પણ એવું જ ગમે છે કે માતા બધુ જ તૈયાર રાખે. બધુ માતા જ કરીને આપે. મારે કંઈ કરવુ જ ન પડે અને મારા માટે બીજા જ બધુ તૈયાર કરી રાખે, તૈયાર કરીને આપે. આવી જ માન્યતા ભક્તના મનમાં પણ ઘર કરી જાય છે. અલબત્ત ઉપર મુજબના સંસ્કારો વૃત્તિમાં રૂઢ થઈ જવાથી હમેશા માટે આવા સંસ્કારો, અથવા તો આવી વૃત્તિ મતિ-સ્મૃતિમાં રૂઢ-દ્રઢ થઈ જવાથી. અહીંયા પોતાના આત્માના માટે પણ નિમિત્ત કારણરૂપ પરમાત્માને પણ કારણ રૂપે જે છે તેમને પણ કર્તા બનાવી દે છે. હે ભગવાન! મારા માટે પણ તમે જ બધુ કરી આપોને. જ્યારે પ્રભુ-ભક્તને કહે છે કે ધર્મની વ્યવસ્થા તારા આત્મા માટે કરી છે. મેં માત્ર મારા માટે જ નથી કરી. મારા માટે જે ધર્મનું આચરણ મેં જાતે કર્યું છે, જેનાથી મને પરિણામ મળ્યું છે, જેનાથી મારૂ ઉપાદાન પ્રગટ થયું છે, તે જ સ્વરૂપ ધર્મ તત્ત્વનું મેં તારા (ભક્ત) માટે પ્રતિપાદિત કર્યું છે. અને હવે જ્યારે ભક્ત માટે પુરૂષાર્થ કરવાનો વારો આવ્યો ત્યારે ભક્ત પુરૂષાર્થ કરવાથી ડરીને અથવા અનિચ્છાથી અથવા આળસના કારણે સીધો ભગવાન ઉપર ઢોળી દે છે. હે ભગવાન! મારા માટે તમે જ કરી આપો. મારૂ ઉપાદાન પણ તમે જ પ્રગટ કરી આપો. આવી મનોવૃત્તિ કારણને કર્તા બનાવવા - અથવા માનવા પ્રેરે છે.


પરંતુ જો નિમિત્ત કારણરૂપ પરમાત્મા પોતે જ કર્તા બની શકતા હોત, બની શક્યા હોત તો ભગવાને સ્વયં બધા જ જીવોના મિથ્યાત્વને દૂર કરી દીધુ હોત. અને બધાને સીધા મોક્ષે પણ લઈ ગયા હોત. પરંતુ આ સંભવ બન્યું જ નથી. ક્યારેય નથી બન્યું. કોઈ પણ જીવ માટે નથી બન્યું. અનંતાનુબંધી કષાયોની આટલી નિબીડ ગ્રંથિ (ગાંઠ) જીવાત્માએ પોતે જ ઉપાર્જન કરી છે, બાંધી છે. બીજો કોઈ નથી આવ્યો કે બીજા કોઈએ આપણને બંધાવી નથી. ત્યારે જીવે પોતે જાતે જ ભારે - પ્રબલ પુરૂષાર્થ કરીને જ

બાંધી છે. ભલે ને કષાયની તીવ્રતા હતી એટલે પુરૂષાર્થ અવળો થયો છે. સાવ જ ઊંધો થયો છે. કારણ કે કષાયો મૂળમાં છે જ વિભાવ દશાની વૃત્તિ અને પ્રવૃત્તિ. કષાયભાવ આત્મગુણ જ નથી. આત્મગુણોથી સર્વથા વિપરીત ભાવથી પ્રવૃત્તિ હોવાના કારણે જ તેને વિભાવ કહેવાય છે. તે જ આત્મામાં વિકૃતિ લાવે છે. વૈભાવિક વૃત્તિ-પ્રવૃત્તિ જ જીવને અધર્મમાં પ્રવૃત્તિ કરે છે - પ્રેરે છે. એ રીતે જ જીવો કષાયાદિ અધર્માચરણ કરીને નિરર્થક કર્મ બાંધે છે. અને આવા કષાયોમાં અંતિમ કક્ષાની તીવ્રતા આવી જાય છે. તેને જ અનંતાનુબંધી કષાય કહેવાય છે. કષાયો કરી લેવા, અથવા કષાયો વડે તે તે સમયે પોતાનું કામ સાધી લેવુ અને વારંવાર આવી રીતે સિદ્ધિ-સફળતા મળે તો તેને જ મોટી સફળતા માની લેવી. અને પછી અંતરમાં તેવી જ ધારણા દૃઢ કરી લેવી કે જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે ત્યારે આવી રીતે જ કષાયો કરીને કામ સાધી લેવું. કાર્ય (લક્ષ્ય) સિદ્ધ થઈ જશે. વારંવારની સફળતાથી અંદર એક ગાંઠ બંધાઈ ગઈ છે. અર્થાત્ ધારણા દૃઢ મજબૂત થઈ જાય છે. કષાયો બહુ જ કામના છે. ખૂબ જ જરૂરી છે. એના વગર તો જીવી જ નહીં શકાય. અરે! દુનિયામાં રહેવુ હોય તો કષાયો તો પહેલા જરૂરી છે. એક વખત કદાચ ખાધા-પીધા વિના ચાલશે, પરંતુ કષાયો વિના તો નહીં જ ચાલે. એવી રીતે વારંવારના દૃઢ વિચારો લેશ્યાને વધુ ને વધુ અશુભ કરતા જ જાય છે. એનાથી અધ્યવસાયોની ધારા આર્ત-રૌદ્રની પરિણતિવાળી થતી જાય છે. આત્માનો જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ બન્ને રાગ-દ્વેષ કષાયોથી ખરડાઈને ખૂબજ વધારે અશુભ-અશુદ્ધ તેમજ અશુદ્ધતર બની જાય છે જેમ કાદવ-કીચડમાં ખરડાઈ જવાથી કપડા ખરાબ થઈ જાય છે તે દાગરૂપે રહી જાય છે તેવી જ રીતે આત્મપ્રદેશો ઉપર પણ ગાંઠ પડી જાય છે. તેનું નામ ગ્રંથિ છે. એને જ મિથ્યાત્વની ગાંઠ (ગ્રંથિ) કહેવાય છે. કેન્દ્રમાં મિથ્યાત્વની આ ગાંઠ રહે છે. અને એની ચારેય બાજુ અનંતાનુબંધી





કષાયોની દિવાલ બનેલી છે. જે બહુ જ મજબૂત હોય છે. ઘણી વખત એટલી ભારે મજબૂત હોય છે કે તેને અભેદ્ય દિવાલનો દરજ્જો આપી દેવામાં આવ્યો છે. ૯૯ ટકા જીવો આવી મજબૂત ગ્રંથિને ભેદવામાં અસમર્થ થઈ જાય છે. ગ્રંથિની દૃઢતા - તીવ્રતાની સામે તેમની મજબૂતી તેટલા પ્રમાણમાં નથી બનતી. તેના કારણે કેટલાય જન્મો સુધી આ ગ્રંથિ ભેદી શકાતી નથી. અભેદ્ય જ રહી જાય છે. પછી એને અનુરૂપ જ પ્રવૃત્તિઓ ચાલતી રહે છે. એનું નામ જ સંસાર છે. આ ગ્રંથિ મિથ્યાત્વની હોવાથી જીવોની બધી જ પ્રવૃત્તિ મિથ્યાજ થવાની છે. મિથ્યા એટલે સત્યથી સર્વથા વિપરીત. એવા મિથ્યાત્વી જીવો ત્રિકરણ યોગથી જે જે જેટલી પ્રવૃત્તિઓ કરશે - કરાવશે તે બધી મૂળભૂત સત્યથી સર્વથા વિપરીત જ રહેશે. અને વિપરીત કર્યા પછી પણ તીવ્ર કષાયભાવથી તેને જ સાચી-સારી કરી છે ની પક્કડ રાખશે. મિથ્યાત્વનું કામ વિપરીતિકરણનું છે. જ્યારે કષાયોનું કામ પક્કડ મજબૂત બનાવવાનું છે. એમાં વળી કષાયો અનંતાનુબંધીની કક્ષાના હોવાથી ભવોભવ - જન્મોજન્મ સુધી આ કષાયો તેની મજબૂત પક્કડથી બધી જ વાતોને પકડી રાખે છે. અસત્ય જ પકડાઈ જાય છે.

**મુમુક્ષુ અને મોક્ષપ્રાપ્તિની પાત્રતા -**




જેમ ચઢવાવાળા અને કોરડુ એમ બન્ને જાતના મગ છે. એક મગ કુકરમાં ચઢી જાય છે જ્યારે બીજો આખુ સિલિન્ડર ખાલી થઈ જાય તો પણ મગ ચઢે જ નહીં તે કોરડુ મગ કહેવાય છે, પરંતુ તે કાકડી કે પરવળ નથી. જાત તો મગની જ છે. એવી જ રીતે ભવી અને અભવી બન્ને છે, તે જીવ જ છે. એવું નથી કે એક ભવી જીવ જ છે અને બીજો અભવી કંઈ જડ-પુરૂષ છે એવું નથી. બન્ને દ્રવ્યની દ્રષ્ટિએ આત્મા જ છે. પરંતુ અભવીની મોક્ષ પ્રાપ્તિ યોગ્ય પાત્રતા નથી. જ્યારે ભવી જીવમાં મોક્ષ પ્રાપ્ત કરવાની પાત્રતા પૂરેપૂરી છે. જો કે ભવી જીવ હોવા છતા પણ મિથ્યાત્વનું આવરણીય કર્મ તેના ઉપર એટલુ ભારે હોય છે કે... મિથ્યાત્વના તીવ્ર ઉદયમાં તે અભવી જેવો જ લાગે છે. તેની જેમ જ વર્તે - પ્રવર્તે છે.




એનું મૂળ મરણ મિથ્યાત્વ મોહનીયની કર્મપ્રકૃતિ છે. યાદ રાખો ભવી કે અભવી કર્મ પ્રકૃતિ રૂપે નથી. આત્માના ગુણ રૂપે પણ નથી. કારણ કે અસંખ્ય પ્રદેશી આત્મ દ્રવ્ય સંસારના અનંતા જીવોમાં એક સરખા જ હોય છે. જેમ દ્રવ્ય ગત સમાનતા એકસરખી છે. એવી જ રીતે ગુણોની સમાનતા પણ સદાકાળ એક સરખી શાશ્વતપણે જ હોય છે. અભવી પણ મૂળમાં તો જીવ જ છે. તેથી જ્ઞાન-દર્શનાદિ સત્તાગત બધા ગુણો પણ એકસરખા - એક જેવા જ છે. ગુણોમાં તફાવત નથી. દ્રવ્યગત ગુણો છે, પરંતુ જે ભવ્યત્વ અને અભવ્યત્વપણાના ધર્મો છે તે પારિણામિકભાવે હોવાના કારણે સદાકાળ એક સરખા જ છે અને રહે છે. એમાં રતીભર પણ ફેરફાર થવો સંભવ જ નથી. ભલે ને હજારો તીર્થંકરો આવી જાય - થઈ જાય એ જીવને સમજાવે - શીખવાડે તેમ છતા પણ અંશ માત્ર પણ એમાં કંઈ જ ફેરફાર કરી નથી શકતા. અભવીને ભવી અથવા ભવીને અભવી બનાવી જ નથી શકતા.

આ ભવ્ય - અભવ્યપણાને ઉપાદાન રૂપે નથી ગણ્યા. પણ એના ઉપર આવેલા મિથ્યાત્વ મોહનીય કર્મ, અનંતાનુબંધી

કષાયાદિની જે કર્મ પ્રકૃતિઓ છે તે જે આત્માના ગુણોને પ્રગટ થવા જ નથી દેતી એવી ભારે ગાઢ તીવ્ર કર્મ પ્રકૃતિઓ જે ગુણ આવરક બની ગઈ છે તેના વડે આત્માના ગુણો જે અંદર જ દબાઈ ગયા છે - ઢંકાઈ ગયા છે તે પ્રગટ કરવાના છે. ઉપાદાન પ્રગટ કરવું અર્થાત્ આત્માના ગુણોને જ પ્રાપ્ત કરવાની વાત છે. ઉપાદાન એટલે જીવમાં પડેલી યોગ્યતા - પાત્રતા. પણ અયોગ્યતા - પાત્રતા ભવ્યપણા જેવી નથી. ભવ્યત્વપણું એટલે આત્મા મોક્ષે જઈ શકે, મુક્ત થઈ શકે એવી પાત્રતા. અને મિથ્યાત્વ મોહનીય કર્મનું આવરણ જો ખમે અને આત્માનું ઉપાદાન પ્રગટ થાય. અર્થાત્ સમ્યગ્દર્શન જો પ્રગટ થાય તો આત્માનું મોક્ષે જવાનું નિશ્ચિત થઈ જાય. મોક્ષ પ્રાપ્ત કરવાની જે પાત્રતા પડી છે તેને આગળ વધારીને જીવ એક ડગલું આગળ વધી શકે છે તેવી પાત્રતાની વાત છે. અને આત્માનું ઉપાદાન પ્રગટ થવામાં સર્વજ્ઞ એવા તીર્થંકર ભગવંતો નિશ્ચિતરૂપે નિમિત્ત કારણ બની શકે છે. જેમ ચુંબકમાં લોખંડને જ ખેંચવા - આકર્ષવાની શક્તિ રહેલી છે. તે લાકડાને નથી ખેંચી શકતો. જેમ પારસમણી લોહ ધાતુને જ સ્પર્શ વડે સુવર્ણ બનાવી શકે છે. લાકડાને નહીં. એવી જ રીતે તીર્થંકરો પણ ભવ્યાત્માના જ ઉપાદાનને પ્રગટ કરવામાં નિમિત્ત બની શકે છે, અભવ્યના નહીં. પારસમણી અને ચુંબક બન્ને જડ-પુદ્ગલ પદાર્થ જ છે. અને તે લોહ-લોખંડને જ સુવર્ણ બનાવી શકે અથવા આકર્ષી શકે છે, બીજાને નહીં - બન્ને પક્ષે જડ-જડ જ છે. જ્યારે અહીંયા ભવી-અભવી પણ જીવો છે અને તીર્થંકર પણ જીવ જ છે. બન્ને ચેતનાત્મ દ્રવ્ય છે.

ઉપાદાન અપ્રગટ જીવ સ્વરૂપ -

*દામ અવગુણભર્યો, જાણી પોતાતણો, દયાનિધિ દીન પર દયા કીજે,*
*રાગ-દ્વેષે ભર્યો, મોહ વૈરી નડ્યો, લોકની રીતિમાં ઘણુંય રાચ્યો*
*ક્રોધવશ ધમધમ્યો, શુદ્ધ ગુણ નવિ રમ્યો, ભમ્યો ભવ માંહી હું વિષયમાતો*
*આદર્યું આચરણ લોક ઉપચારથી, શાસ્ત્ર અભ્યાસ પણ કાંઈ કીધો;*
*સુદ્ધ સદ્ધાન વલી આત્મ અવલંબવિનુ, તેહવો કાર્ય તેણે કો ન સીધો ।।૩*

જે આત્માના સમ્યગ્ દર્શન, સમ્યગ્ ચારિત્ર, સમતા, નમ્રતા, સરળતા, સંતોષ, વિનય-વિવેકાદિ આત્મગુણો આત્મામાં સત્તામાં હોવા છતા પણ તે તે ગુણ ઉપરના આવરણીય કર્મ વડે આવરાઈ ગયા છે. ઢંકાઈ ગયા છે. તેવા જીવો સત્તાગત ગુણથી વિપરીત આચરણ કરે છે. જેમ દ્રષ્ટિ-જોવાની ક્ષમતા (આત્મામાં) આંખોમાં હોવા છતા પણ આંખો ઉપર કાળા ચશ્મા પહેર્યા પછી તેમાં ચોખ્ખુ સફેદ હોવા છતા દૂધ કાળુ દેખાય છે. એમાં કોનો દોષ છે - દ્રષ્ટિ કાળી નથી, ચશ્મા કાળા છે. માટે સફેદ-ધોળી વસ્તુ પણ કાળી દેખાય છે - એવી જ રીતે ચેતન આત્માના ગુણોમાં સમતા, ક્ષમા, ન્રમતા, સરળતા, શાન્તિ, સંતોષ આદિ બધા જ ગુણો સત્તામાં હોવા છતા પણ તે જીવ તેના ઉપરના તથા પ્રકારના આવરણીય કર્મોના ઉદયે ગુણથી વિપરીત આચરણ કરે છે - સત્તાગત ઉપાદાન હોવા છતા જીવ જે વિપરીત આચરણ કરે છે તેનું વર્ણન કરતા દેવચંદ્રજી મ.સા. આ ચોવીશમાં જિનના સ્તવનમાં જણાવે છે કે - દાસ અવગુણોથી ભરેલો છે, આ અને આવા અનેક અવગુણોના કારણે તેની પ્રવૃત્તિ રાગ-દ્વેષ ભરેલી થઈ ગઈ છે - મૂળમાં (સત્તામાં) વીતરાગતા હોવા છતા પણ વિપરીતભાવે રાગ-દ્વેષની પ્રવૃત્તિ કરે છે. મોહનીય કર્મ જે આત્માનો વૈરી-દ્વેષી છે તે વિપરીત રીતે જ વર્તન-વ્યવહાર વાણી-વિચારો કરાવે છે. કર્મો આત્માના રિપુ એટલે અરિ - શત્રુ છે. શત્રુ હમેશા સાનુકૂળ હોય જ નહીં - હોતા જ નથી - થતા જ નથી. તે સદા વિપરીત - વિરૂદ્ધ જ વર્તે છે. મોહનીય કર્મ વૈરી જેવો બનીને સાવ અને સર્વથા વિરૂદ્ધ વર્તન કરાવીને વાણી-વિચાર-વર્તન-વ્યવહાર બધા એવી રીતે વિપરીતભાવે વ્યવહાર કરાવે છે કે જેના કારણે જીવ સ્વયં પોતે પોતાનો જ શત્રુ બની જાય છે. તેથી વધુ ને વધુ રાગ-દ્વેષની જ પ્રવૃત્તિ કરે છે અને ફરી પાછા તેવા નવા કર્મો બાંધે છે. લોકરીતિ - એટલે સંસારની વૃત્તિ - પ્રવૃત્તિમાં ખૂબ રાચતો હોય છે. ક્રોધાધીન બનીને ધમધમતો હોય છે. પોતાનું રૌદ્ર સ્વરૂપ બીજાઓને દેખાડીને ડરાવતો હોય છે. દુ:ખી કરતો હોય છે. બુદ્ધિ-જ્ઞાનની ક્ષમતા ઓછી હોવાવાળા જીવો હમેશા બુદ્ધિ-જ્ઞાન વાપરીને સમસ્યાઓનું સમાધાન કાઢવાની જગ્યાએ બુદ્ધિ-જ્ઞાનના બદલે સ્વભાવ વાપરીને વધુ વકરાવે છે - બગાડે છે. હમેશા ક્રોધાદિ કષાયોમાં ધમધમતો જ રહે છે. અહીંયા વપરાયેલો ધમધમતો શબ્દ લેશ્યાની વધુ ને વધુ અશુભ કરતો જતો હોય છે - એવુ સૂચવે છે. અને લેશ્યાની અશુભવતા જેટલી વધારે વધતી જાય એની સાથે એટલી જ વધારે આર્ત-રૌદ્ર ધ્યાનની પરિણતિ પણ વધતી જ જાય છે. આ રીતે કષાયનો ગુણાકાર લેશ્યા સાથે અને પછી એ બન્નેનો ભેગો ગુણાકાર આર્ત-રૌદ્રધ્યાન સાથે થવાથી કર્મબંધમાં પણ રસ અને સ્થિતિમાં પણ ગુણાકાર વધતો જ જાય છે.

કષાયોની તીવ્રતાના આચરણના કારણે અને તે વખતે લોકો શુદ્ધ ગુણ ભૂલી જાય છે. શુદ્ધ ગુણ સમતા-ક્ષમા-સમતા આદિની સત્તા હોવા છતા પણ વિસ્મરણ થઈ જાય છે. ભાન ભૂલી જાય છે. પરિણામે વિષયક કષાયોની પ્રવૃત્તિઓમાં જ જીવો રાચતા ફરતા હોય છે. એમને એમ જીવન વીતાવતા હોય છે. આ ઉપાદાનની અશુદ્ધતા - વિકૃતિનું પરિણામ છે.


લોકાચારમાં આચરણ - દેવચંદ્રજી એવા જીવો વિષેનું વર્ણન કરતા સ્પષ્ટ લખે છે કે... એવા લોકો... લોક ઉપચારથી અર્થાત્ લોકોને દેખાડવા અથવા લોકોને રીઝવવા - રાજી કરવા પૂરતો થોડો ઘણો શાસ્ત્રાભ્યાસ પણ કરી લે છે અને શાસ્ત્રના નામો લઈને થોડી વાતો બોલી દેખાડે છે. પરંતુ પોતાની પરિણતિ પરિપક્વ નથી થતી અને લોકોને રીઝવવા થોડું-ઘણું આચરણ પણ સારૂ કરી લેતા હોય છે - આંતરિક પરિણતિની પરિપક્વતા - શુદ્ધતા પ્રગટેલી નથી હોતી માટે સ્વેચ્છાથી ભાવપૂર્વક તેવુ આચરણ

સ્વ ગુણાનુરૂપ નથી કરતા પણ લોક ઉપચારથી, કોઈ જોતા હોય તો, કોઈને દેખાડવા ખાતર તાત્પૂરતુ આચરણ સારૂ કરી લેતા હોય છે. પરંતુ આવું બધું કરીને લોકસન્માન મેળવી લેતા હોય છે. તેમને એ ખ્યાલ નથી હોતો કે આ બધુ દંભ સેવુ છું. માયા-મૃષાવાદમાં માયા પક્ષનું સેવન કરી રહ્યો છું, અને ઉપરથી નવા કર્મ બાંધી રહ્યો છું.

શુદ્ધ-સાચી શ્રદ્ધા ન હોવા છતા એવો દંભ કરે છે અને એવુ બોલીને દેખાડે છે કે જેનાથી લોકોને લાગે કે ઓહો! કેટલા શ્રદ્ધાળુ છે? અરે! વાહ કેટલા સાચા અને સારા સમ્યગ્ દ્રષ્ટિ મહાત્મા છે. એવી બીજા લોકોને પ્રતીતિ કરાવીને વાહવાહી લૂટાવી લે છે. બસ પોતાને પ્રસિદ્ધી મળી ગઈ. કાર્ય-લક્ષ સાધી લેવાયુ છે. હવે ફરી પાછા વ્યક્તિગત પરિણતિમાં હતા એવા ને એવા થઈ જાય છે. અંતર પરિણતિમાં નથી તો શ્રદ્ધા, નથી સાચી શ્રદ્ધા અને સાથે-સાથે નથી એવુ આત્માલંબન, નથી એવી આત્માનુભૂતિ, આત્મપ્રતીતિ કરી નથી હોતી. અને આત્મપ્રતીતિ વિના પણ પોતાને સમ્યગ્ દર્શન ઘણું સારૂ શુદ્ધ થયેલુ છે - નો અહંભાવ ધરાવીને લોકવ્યવહારમાં તેનું સ્વરૂપ દેખાડતા હોય છે. લોકોપચાર (લોકવ્યવહાર)થી આવશ્યક ક્રિયાદી પણ ક્યારેક સારી રીતે કરી લે છે. વળી પાછા હતા તેવા ને તેવા જ રહે છે. વિષ, ગરલ અને અન્યોન્યાનુષ્ઠાનોવાળી ક્રિયાઓ કરીને મેં ઘણી ક્રિયા કરી, ઘણી સારી ક્રિયાઓ કરી - ના સંતોષમાં રાજી થઈ ને રહી જાય છે. બસ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમે થોડો શાસ્ત્રાભ્યાસ પણ કરી લે છે. અને વાક્પટુતાથી જનસભાને આંજી પણ દે છે. પરંતુ શુદ્ધ સત્તાગત આત્મધર્મની શુદ્ધરૂચિ (શ્રદ્ધા) વિના, અને આત્મગુણના આલંબન વિના માત્ર બાહ્ય ક્રિયા વડે, અથવા આત્માના અનુભવ વિનાના શાસ્ત્રાભ્યાસ વડે સમ્યગ્ દર્શનની પ્રાપ્તિરૂપ કોઈ કાર્ય ચિન્હ થતું નથી.

સ્વામીના દર્શનથી જાગતુ ઉપાદાન -

*સ્વામી દરિસણ સમો નિમિત્ત લઈ નિર્મલું, જો ઉપાદાન એ શુચિ ન થાશે!*
*દોષ કો વસ્તુનો અહવા ઉદ્યમ તણો, સ્વામી સેવા સહી નિકટ લાશે!!૪*




આત્મ દ્રવ્ય સર્વથા ગુણ વિનાનો દ્રવ્ય જ નથી. અને માત્ર આત્મા જ નહીં બીજો કોઈ પણ દ્રવ્ય ગુણ રહિત દ્રવ્ય નથી. આત્મા સિવાયના બીજા ચારેય અજીવ દ્રવ્યોમાં કોઈના પણ ગુણો ઉપર આવરણ આવતા જ નથી. એક માત્ર આત્મા દ્રવ્યના જ્ઞાન-દર્શનાદિ સર્વ ગુણો ઉપર આવરણ આવી જાય છે. બસ તે આવરણને જ કર્મ સંજ્ઞા અપાઈ છે. પુદ્ગલ-આકાશાદિ બીજા કોઈ અન્ય દ્રવ્યને કર્મ બંધાતા જ નથી. એક માત્ર આત્માને જ કર્મો બંધાય છે. બીજા કોઈ પણ દ્રવ્યો સ્વગુણથી વિપરીત વર્તન-વ્યવહાર કરતા જ નથી. કેમકે અજીવ હોવાથી તે દ્રવ્યો નિષ્ક્રિય પણ છે. જ્યારે એક માત્ર આત્મદ્રવ્ય જ સક્રિય છે. પરંતુ સક્રિયતાનો અર્થ છે તે તે દ્રવ્ય પોતાના ગુણોને પ્રવૃત્ત કરવાની જ ક્રિયા કરે તેથી સક્રિય થાય તો પણ સ્વગુણોને જ પ્રવૃત્ત કરે. આકાશાદિ નિષ્ક્રિય દ્રવ્યો તો ક્રિયા જ નથી કરતા માટે પોતાના ગુણોને પણ પ્રવૃત્ત ક્યારેય કરતા જ નથી. માટે આકાશાદિ દ્રવ્યોના ગુણો સદા-સર્વદા સ્થિર સ્થાયી એકસરખા જ રહે છે. તેમના ગુણો તેમના પોતાના જ ઉપયોગમાં નથી આવતા. જ્યારે આત્મા આ આકાશાદિ સર્વ અજીવ દ્રવ્યોથી સાવ જુદો જ છે. સક્રિય દ્રવ્ય છે. સ્વ. ગુણોને અનુરૂપ જ તેણે ક્રિયા-પ્રવૃત્તિ કરવી જોઈએ. જેથી ગુણોને પ્રગટ કરવા રૂપ ક્રિયા પ્રવૃત્તિ એ જ આત્મધર્મ છે. અથવા એને જ બીજી ભાષામાં કહીએ તો આત્માના ગુણો ઉપર જે આવરણો આવી ગયા છે. આ આવરણીય કર્મ જ અરિરૂપે છે તેને જ હનન (ક્ષય-નાશ) કરવાની ક્રિયા - પુરૂષાર્થરૂપે આત્મા કરે તે જ આત્મધર્મ છે. આવી અનેક પ્રકારની ક્રિયા પ્રવૃત્તિમાં એક છે - 'સ્વામી સેવા' - તીર્થંકર પરમાત્મા જે સ્વામી રૂપે છે. તેમની સેવા, તેમના જ તત્ત્વોની સેવા, તેમની જ પ્રતિમાની સેવા પૂજા - ભક્તિ આરાધના આદિ અનેક રૂપે છે. એવા સ્વામીના દર્શન થાય, દર્શન કરવાની ક્રિયા - પ્રવૃત્તિ એ બધી ક્રિયાઓમાં સર્વ પ્રથમ ક્રમની છે. એવા સ્વામી-પ્રભુના દર્શનનું નિર્મલ-પવિત્ર નિમિત્ત લઈને જે જીવ પોતાનું સાધી લે તો કલ્યાણ નિશ્ચિત થઈ જાય તેમ છે. આ સ્વામીના દર્શનના બીજા પણ અર્થો છે. (૧) દેશભરમાં પ્રતિમા દર્શન (૨) અને બીજો અર્થ છે સ્વામી જે સર્વજ્ઞ છે તેમનું સ્થાપેલું દર્શનશાસ્ત્ર, સર્વજ્ઞે જે જોયું છે, જેવું જોયું છે, તે દર્શન, આત્મદર્શન, સર્વજ્ઞે સ્થાપેલા નવતત્ત્વરૂપ દર્શન, પદાર્થ દર્શન - પદાર્થોનું સ્વરૂપ જે ત્રિપદીથી સર્વજ્ઞ કેવળી ભગવંતોએ સ્થાપ્યું છે. સ્થિર તત્ત્વ દર્શન છે. એવા દર્શનનો અભ્યાસ કરીને તત્ત્વો સમજી લેવા વગેરે જે વિગત છે તે. સ્વામીદર્શનની ક્રિયા કરવા વડે પોતાનું દર્શન નિર્મળ થાય, શુદ્ધ થાય અને સર્વજ્ઞના આવા દર્શન વડે જીવાદિ તત્ત્વો રૂપી દર્શન જે આત્માને જ્ઞાન થાય. એવા સૌથી પવિત્ર નિર્મળ લઈને ભૂતકાળમાં અનંતા આત્માઓ પોતાનું તથા ભવ્યત્વ પરિપક્વ કરી શક્યા છે. અને એ જ માધ્યમ-આલંબનનો હું ઉપયોગ કરીને મારૂં ઉપાદાન પ્રગટ કેમ નથી કરી શકતો? અર્થાત્ શું અનંતા આત્માઓ જે પોતાનું મિથ્યાત્વ દૂર કરી શક્યા છે મિથ્યાત્વની ગ્રંથિ ભેદીને સમ્યકત્વ પામી શક્યા છે તો પછી હું એ જ કેમ સાધી નથી શકતો.

એ જ ડૉક્ટરના હાથે ઘણાંની રોગ-બિમારીઓ સારી થઈ ગઈ. ઘણાં સાજા થઈ ગયા છે અને હું પણ એ જ રોગથી ગ્રસ્ત છું. સ્વામી રૂપે એના એ જ તીર્થંકર ભગવાન મને પણ મળ્યા છે. એમનું જ નિર્મલ નિમિત્ત મને પણ મળ્યું છે. તો પછી મારી ગ્રંથિ કેમ નથી ભેદાતી? મારુ ઉપાદાન કેમ પ્રગટ નથી થતું? જે તીર્થંકર - સર્વજ્ઞના નિર્મલ નિમિત્તની પ્રાપ્તિથી અનંતા ભવ્યાત્માઓનું ઉપાદાન પ્રગટ

થયું છે, મિથ્યાત્વની નિબીડ ગ્રંથિ ભેદાઈ છે અને આત્મગુણ પ્રગટ થયા છે તો પછી મારૂ કેમ નથી થતું ? શું મારા આત્મદ્રવ્ય રૂપ વસ્તુ (દ્રવ્ય)માં જ કંઈ ફરક છે ? જેમ બધા મગ સીઝવા છતા પણ કોરડુ મગ જે નથી સીઝતુ. તેમાં કોનો દોષ છે ? કોરડા મગના કોરડાપણાનો જ દોષ છે. તો શું એવી રીતે મારૂ ઉપાદાન શું અભવ્યપણાનું છે ? અને જો હું અભવી હોઉં તો તો અનંતા તીર્થંકરો મળી જાય તો પણ અભવી જીવનું ઉપાદાન કોઈ કાળે પ્રગટ થઈ જ ન શકે. ચાલો, કદાચ હું અભવી નથી. ભવી આત્મા જ છું તો પછી હવે કેમ મારૂ ઉપાદાન પ્રગટ નથી થતું ? બીજામાં કારણ પોતાના પુરૂષાર્થનો સાવ અભાવ દેખાય છે. જેમ મગ ભલે ને સીઝવાની જાતનું હોય પરંતુ તે જો ઉકળતા પાણીમાં ગેસ-ચૂલાની અગ્નિ ઉપર ચઢાવવામાં ન આવે તો તો ડબ્બામાં પડ્યા - પડ્યા તો ક્યારેય સીઝવાના જ નથી. તેમ ભવી હોવા છતા પણ અને સર્વજ્ઞ એવા પવિત્ર નિર્મલ નિમિત્ત મળવા છતા પણ જો ભવ્યાત્માનું ઉપાદાન પ્રગટ ન થાય, અનંતાનુબંધી સતકની નિબીડ ગ્રંથિ ન તૂટે તો ચોક્કસ એવુ સમજવું કે એ જીવનું આળસ્ય-પ્રમાદ મોક કારણ છે. મૂળ પુરૂષાર્થનો જ અભાવ છે. આવા નાટક સર્વજ્ઞ તીર્થંકર પરમાત્મા મળવા છતા જીવ વિશેષ માત્ર પોતાના દુઃખ દૂર કરવા અને સુખ પ્રાપ્ત કરવા સુધી જ સીમિત રહ્યો. પરંતુ પોતાની ગ્રંથિ ભેદવાનું લક્ષ્ય જ નરાખ્યું. લક્ષ્ય જ સાવ બદલી નાંખ્યું પછી શું થાય ? આજે પણ આવી સ્થિતિ અનંતા જીવોમાં સ્પષ્ટ દેખાઈ રહી છે. ભગવાન મળે છે છતા પોતાની સુખ પ્રાપ્તિ અને દુઃખ નિવૃત્તિની વૃત્તિ જીવો બદલી શકતા નથી. એટલું જ નહીં, નિર્મલ અને સક્ષમ નિમિત્ત એવા તારક સર્વજ્ઞ તીર્થંકર ભગવંતો મળે, અથવા ઈતર ધર્મના મિથ્યાવૃત્તિવાળા રાગી-દ્વેષી ઈશ્વર-ભગવાનો મળે અથવા રાગી-દ્વેષી સમ્યગ્ દ્રષ્ટિ દેવી-દેવતાઓ મળે, મિથ્યાદ્રષ્ટિ એવા દેવી-દેવતાાો મળે, એવા ચારેય વિભાગના કોઈ પણ મળે અથવા સમ્યગ્ દ્રષ્ટિ વિરક્ત વૈરાગી - ત્યાગી - તપસ્વી ગુરૂઓ મળે, અથવા મિથ્યાત્વી સંન્યાસી બાવા-ફકીરો ગમે તે મળે તો પણ સ્વાર્થી વૃત્તિવાળાઓને તો કોઈ જ ફરક નથી પડતો. તેમને માત્ર સુખ મળે અને દુઃખ ટળે એના સિવાય બીજો કોઈ લક્ષ્ય જ નથી. એનું શું કરવું ? આમ કદાચ ૩ થોયો બોલશે. દેવ-દેવીને ટાળવા આવુ કરે, પરંતુ પાછા પોતાની માન્યતા જેને માનવા માટેની ગોઠવાઈ હોય તેવા ત્યાગી-વૈરાગી ગુરૂ ને પણ માત્ર સુખ પામવા, અને દુઃખ ટાળવા પૂરતો જ ઉપયોગ કરે છે. અજ્ઞાનતાવશ એવા જીવોને ગ્રંથિભેદ કે ઉપાદાન પ્રગટ કરવા આદિ કોઈ પણ મુદ્દા સાથે કંઈ જ સંબંધ નથી. એવા ઘણાં જીવો પામવા છતા પણ હારી જાય છે.

સ્વામી સેવા નહી નિકટ લાશે...

દેવચંદ્રજી મહારાજ દઢ વિશ્વાસ સાથે સચોટ શ્રદ્ધાભર્યા શબ્દો વાપરીને સાફ કહે છે કે સ્વામી એવા સર્વજ્ઞ તીર્થંકર પરમાત્માની જ સાચી સેવા જો કરવામાં આવશે તો જ સાધક જીવાત્માને નજદીક લાવશે ? કોની નજદીક... શું સ્વામીની નજદીક ? ના... સ્વામીની તો સેવા કરવાની છે. તે તો કારણ રૂપે છે. પરંતુ ગ્રંથિભેદ કરવા રૂપ ઉપાદાનને પ્રગટ કરવા માટે આત્માને ગ્રંથિ પ્રદેશ નજદીક લાવશે - લઈ જશે. જેથી યથા પ્રવૃત્તિકરણમાં ચરમ-અંતિમ યથાપ્રવૃત્તિકરણ સુધી આત્માને પહોંચાડશે. જેમ મધ દરિયેથી હોડકું કાંઠે પહોંચી જાય. હવે નાંવમાં બેઠેલ જેમ બચી જાય, ઉગરી જાય. તેમ સ્વામીની સેવા ભૂલે ચૂકે પણ છોડવી તો ન જ જોઈએ. આજે નહીં તો કાલે મારૂ ઉપાદાન જ્યારે પણ પ્રગટ થશે ત્યારે સ્વામીથી જ થશે. સ્વામી સેવાથી જ થશે. સ્વામી દર્શનથી જ શક્ય બનશે, નહીં તો નહીં.

દર્શનની રાહતા... સ્વામી ગુણ ઓળખી... સ્વામીને જે ભજે...

આ પાંચમી ગાથામાં સ્પષ્ટતા કરતા જણાવે છે કે... જે સ્વામી એવા સર્વજ્ઞ પરમાત્માને માત્ર સારી રીતે નહીં પણ સાચી રીતે જે ઓળખશે, જાણશે, સમજશે અને પછી તેમની શ્રદ્ધા બનાવીને તેમના તત્ત્વોને અનુસરવા, આચરવા જોઈએ. એ માટે ભગવાનને ભજવા પહેલા ભગવાનને ઓળખવા ખૂબજ અગત્યના છે. સારા અને સાચામાં તફાવત શું છે ? સારી રીતે ઓળખવા કે સાચી રીતે ઓળખવા ? આ બન્ને બાબતમાં તફાવત સમજી લેવો જરૂરી છે. સારી રીતમાં સાચી રીતનો સમાવેશ થાય અથવા ન પણ થાય ? પરંતુ સાચી રીતમાં સારી રીત ભળી જાય છે. ખરી-સારી રીતમાં ભક્ત ઘણી વાર પોતાના દુઃખો ટાળવા - દૂર કરવાની વાત, અથવા સુખ પ્રાપ્તિની યાચના પણ ઘણી સારી રીતે રજૂ કરતા હોય છે, પરંતુ એમાં સાચું કંઈ જ નથી હોતું કારણ કે માંગી લેવા માત્રથી બધુ સુખ મળી જશે ? અથવા બધુ દુઃખ ટાળવા અંગેની યાચના કરશું તો તે પણ ટળી જશે ખરૂ ? ભલેને કદાચ ઘણી જ સારામાં સારી રીતે રજુઆત કરી પણ હોય કદાચ. પણ તે સાચી રીત નથી. સાચુ સત્ય તો નથી જ નથી. બસ આટલુ રહસ્ય સમજાઈ જાય તો ઘણું થઈ ગયું. સુખ-દુઃખની વાત માત્ર વચ્ચે આવી જશે તો ઉપાદાન પ્રગટ કરવાની વાત અભરાઈ ઉપર રહી જશે.


અનંતા ભવોમાં અનંતીવાર સુખો મેળવ્યા છે અને દુઃખો પણ ટાળ્યા છે, ટળ્યા પણ છે. પરંતુ અપૂર્વકરણ અનંતા ભવોમાં ક્યારેય થયું નથી. તેથી ઉપાદાન પ્રગટ્યું નથી. ગ્રંથિભેદ થયો નથી. એ લક્ષ્યમાં રાખી તે ઘણી વાર સારી રીતે સ્વામીને ઓળખ્યા, ભજ્યા, આરાધ્યા પણ ખરા. પરંતુ હવે આ વખતે સાચી રીતે ઓળખવા ઉપર ભાર મૂકવો જરૂરી છે. સાધ્યને સાધવા માટેનો લક્ષ્ય રાખીને અર્થાત્ પરિણામલક્ષી પ્રયત્ન કરવામાં આવે તો ગ્રંથિભેદ થશે. ઉપાદાન પ્રગટ થશે. હવે આ ભવમાં મારે ભગવાનને સાચી રીતે જ ઓળખવા છે.


હું મારી જાતને પ્રશ્ન પૂછું ? કે.. શું ખરેખર ભગવાન જેવા છે તેવા સાચા સ્વરૂપમાં ભગવાનને ઓળખી શક્યો છું ? કે પછી મને જેવા અર્થમાં જેવા ભગવાન જોઈતા હતા તેવા અર્થમાં ઓળખી શક્યો છું ? ભક્ત ને જેવા જોઈએ છે તેવા અર્થમાં ઓળખે તે ઓળખ જ સાચી નથી. માત્ર સ્વાર્થી છે. ભક્ત ને એટલું જ્ઞાન જ નથી તો ક્યાંથી સાચી રીતે ઓળખે ? માટે પોતાના સુખ દુઃખના નિમિત્તોને આગળ કરીને ઓળખી લે છે. અને સંતોષ માની લે છે. પરંતુ હકીકતમાં ભગવાન ખરેખર કેવા છે ? એમના ગુણો કયા છે ? કેવા છે ? કેટલા છે ? બીજા બધા ભગવાનોથી સર્વજ્ઞ-વીતરાગી ભગવાન જુદા કેવી રીતે પડે છે ? શું તફાવત છે ? આ બધા મુદ્દા વિચારી-સમજી ને પછી પરમાત્માને સાચા ગુણોથી ઓળખે તો જ યોગ્ય છે.

ત્યાર પછી જે રાગી-દ્વેષી અસર્વજ્ઞ છે, તેમની સાથે સરખામણી કરીને ભેદ કરીને પછી ફરી ઓળખે. જેમ એક સાચો ઝવેરી જ સાચા હીરા અને નકલી કાચના ટુકડામાં તફાવત કરીને પરીક્ષા કરીને ઓળખે. જેથી ૧૦ રૂપિયાના કાચના ટુકડા માટે ૧૦ લાખ આપી ન દેવાય. એવી જ રીતે સાચા સર્વજ્ઞ વીતરાગીને ભગવાન જાણવા - માનવા - ભજવાના બદલે ખોટે ખોટા રાગી-દ્વેષી અલ્પજ્ઞને જ સાચા-સારા ભગવાન ૧૦૦ વર્ષની આખી જિંદગી સુધી માનીને આખી જિંદગી વેડફી ન દેવાય અને વધુ પડતુ મિથ્યાત્વ ગાઢ કરીને માત્ર વર્તમાન એક જ ભવનું નુકશાન તો શું કદાચ ભવિષ્યના અનેક ભવો બગાડી ન દેવાય. કારણ કે મિથ્યાત્વ મોહનીય કર્મ અને તેની સાથે અનંતાનુબંધી કષાય મોહનીય કર્મ બન્ને ભવોપગ્રાહી - ભવવર્ધક કર્મની પ્રકૃત્તિઓ છે. તેની દીર્ઘ સ્થિતિ બાંધવાથી ભવિષ્યના અગણિત ભવોનો સંસાર વધી જાય છે. અશાતા વેદનીય જેવા નાના-નાના કર્મો તો ઉદયમાં આવીને માત્ર માથુ-પેટ દુઃખાવીને, રોગ-બિમારીઓમાં પીડિત કરીને ખસી જશે. જ્યારે મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાય મોહનીયની કર્મ પ્રકૃતિઓ આમેય જે ભવોપગ્રાહી કર્મ પ્રકૃતિઓ છે અને અનેક ભવો - ભવભ્રમણ વધારીને સંસારના ચક્રમાં સતત ભટકાવી - રખડાવીને જે સજા આપે છે તે સજા ઘણી મોટી છે. બસ એમ સમજો કે એનાથી મોટી બીજી કોઈ સજા જ નથી. કારણ કે ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમની બંધસ્થિતિ આનાથી બંધાય છે. અને સંપૂર્ણ કર્મશાસ્ત્રમાં આનાથી મોટી બીજી બંધ સ્થિતિ જ નથી. એટલે છેલ્લામાં છેલ્લી બંધસ્થિતિ જો કોઈ હોય તો બસ આ જ છે અને આવી ઉત્કૃષ્ટ કક્ષાની બંધસ્થિતિ એક માત્ર મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયની ૩ + ૪ = ૭ અનંતાનુબંધી સપ્તકની કર્મ પ્રવૃત્તિથી જ બંધાય છે. બાકી બીજી બધી કર્મ પ્રકૃતિઓ સ્થિતિબંધમાં આનાથી નાની છે. જ્ઞાનાવરણીય - દર્શનાવરણીય આદિ કર્મ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ બંધસ્થિતિ માત્ર ૩૦-૩૦ ક્રોડાક્રોડી સાગરોપમની જ છે. જ્યારે નામ-ગોત્ર આ બન્ને કર્મોની ઉત્કૃષ્ટ બંધસ્થિતિ તો માત્ર ૨૦-૨૦ ક્રોડાક્રોડી સાગરોપમની જ છે. એનો મતલબ એ થયો કે એકલા મોહનીય કર્મની બંધસ્થિતિ ઉત્કૃષ્ટપણે જ્ઞાનાવરણીયાદિ બીજા બધા કર્મો કરતા તો ડબલ (બમણા)થી પણ વધારે છે - એનો કાળના ગણિતમાં અર્થ કરીએ તો એવી રીતે ખ્યાલ આવશે કે એક અવસર્પિણી અથવા ઉત્સર્પિણી કાળખંડ જ ૧૦-૧૦ ક્રોડાક્રોડી સાગરોપમનો છે. અને બન્ને મળીને એક કાળ ચક્ર જ ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમનો છે. જ્યારે આવા સાડા ત્રણ કાળચક્રો પૂરા થશે ત્યારે મોહનીય કર્મની બાંધેલી ઉત્કૃષ્ટબંધ સ્થિતિ પૂરી થશે. ૨૦ + ૨૦ + ૨૦ + ૧૦ આવા ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમ વર્ષોના કાળવાળા ૩ કાળ ચક્રો અને ઉપર એક અવસર્પિણી અથવા ઉત્સર્પિણી કાળખંડ ૧૦ ક્રોડાક્રોડી સાગરોપમ વર્ષોનો પૂરો થશે ત્યારે મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાય એવા સપ્તક વડે બાંધેલ મોહનીયકર્મની ઉત્કૃષ્ટબંધ સ્થિતિવાળો કર્મ તેની પ્રકૃતિ પૂરી થશે - સમાપ્ત થશે. થોડીક બુદ્ધિથી ગણિત બેસાડીને વિચાર કરો કે આટલા લાંબા કાળમાં જીવોના ભવો કેટલા થશે ? કારણ કે આયુષ્ય તો આટલા મોટા-મોટા હોતા જ નથી. તે તો છેલ્લામાં છેલ્લા ૩૩ સાગરોપમના જ થાય છે. અહીંયા સાગરોપમો સાદા છે. ક્રોડાક્રોડી સાગરોપમો નથી. એટલે કોઈ જીવ જો ૩૩ સાગરોપમોવાળા કેટલા ભવો કરે ત્યારે ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમનો આટલો લાંબોકાળ પૂરો થાય ? જ્યારે ૩૩ સાગરોપમના આયુષ્યવાળા સંસારમાં ફક્ત બે જ જીવો છે. એક તો અનુત્તરવિમાનવાસી દેવો, અને બીજા સાતમી નરક પૃથ્વીવાળા નારકી જીવો. અનુત્તરવિમાનવાસી દેવો તો એકાવતારી જ હોય છે. અર્થાત્ બસ હવે પછી મહાવિદેહ ક્ષેત્રમાં જઈને જન્મ લઈને તે ભવ પૂરો કરી તે સીધા મોક્ષે જતા રહેશે. અને મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાય સપ્તકની બાંધેલી કર્મ પ્રકૃતિવાળા જીવો તો અનુત્તર વિમાનમાં જઈ જ ન શકે. એવા જીવો એકાવતારી થઈ જ ન શકે ને ? આવી મિથ્યાત્વની ભારે પ્રકૃતિ બાંધેલા જીવોને તો ઘણાં ભવો સુધી સંસારમાં ઘણું ભટકવાનું હોય છે. હા, સાતમી નરક પૃથ્વીમાં વસતા ૩૩ સાગરોપમની આયુષ્ય સ્થિતિવાળા જીવો તો મિથ્યાત્વની આવી ગાઢ કર્મપ્રકૃતિવાળા જ હોય છે. તેઓ તો ક્યારેય એકાવતારી હોતા જ નથી. ઉપરથી ઘણાં બધા ભવો કરવાવાળા હોય છે. આવા ૩૩ સાગરોપમના દીર્ઘતમ આયુષ્યવાળા જીવો તરત પાછા આવા અને આટલા મોટા ભવો તો કરી જ નથી શકતા. કારણ કે અનુત્તર વિમાનવાળા દેવોનો આત્મા જે નિયમા એકાવતારી જ હોય છે તે મહાવિદેહ ક્ષેત્રોમાં નિશ્ચિતપણે મનુષ્યભવ જ ગ્રહણ કરીને મોક્ષે જશે. અને દેવગતિમાંથી આવેલો જીવ તરત જ પાછો દેવ ભવ કરી જ નથી શકતો. એવી જ રીતે નારકી જીવ પણ નરક ગતિમાંથી નિકળીને તરત જ બીજો ભવ નારકીનો કરી જ નથી શકતો. આનાથી એ સિદ્ધ થાય છે કે દેવ-નરકની બન્ને ગતિના ભવો પૂરા કરીને જીવો

સીધા મનુષ્ય અથવા તિર્યંચ ગતિમાં જ જઈને જન્મે છે. આ જ શાશ્વત નિયમ છે અને શાશ્વત વ્યવસ્થા છે. બીજો વિકલ્પ જ નથી.

મનુષ્ય અને તિર્યંચ ગતિમાં દેવ-નરક ગતિ જેટલા લાંબા આયુષ્ય સદાકાળ માટે હોતા જ નથી. મનુષ્ય ગતિમાં પ્રથમ આરામાં પણ જે આયુષ્યો થાય છે તે પણ માંડ પલ્યોપમોના જ થાય છે. જ્યારે દેવ-નરક ગતિમાં તો આયુષ્ય સાગરોપમોના છે. આ બન્ને કાળગણના માટેની ઉપમાવાલી સંજ્ઞા છે. પલ્યોપમ કરતા તો સાગરોપમ અનેક ગણો મોટો કાળ છે. બીજી બાજુ આયુષ્ય સિવાયના બીજા સાતેય કર્મોની ઉત્કૃષ્ટ બંધ સ્થિતિ... સાગરોપમની જ હોય છે, થાય છે. પલ્યોપમ કાળવાળી ઉત્કૃષ્ટ બંધ સ્થિતિ આયુષ્ય કર્મ સિવાય બીજા કોઈની પણ નથી. આયુષ્ય ભલે ને કદાચ નાના-મોટા ગમે તે બાંધે પરંતુ છેવટે તો મોહનીય આદિ કર્મોની મોટી-મોટી ભારે પ્રકૃતિઓ ક્ષીણ નહીં થાય ત્યાં સુધી કંઈ જ નહીં વળે. આયુષ્ય તો માત્ર એક ભવ પૂરતો જ હોય છે. ભલે ને તે પૂરો થઈ જાય તો પણ શું ફરક પડે છે? મોહનીયાદિ બીજા કર્મો હજી ભોગવવાના બાકી છે, ત્યાં સુધી મરતા પહેલા જીવો આગામી બીજા ભવોના આયુષ્ય બાંધીને પછી જ મરવાના છે. બીજી બાજુ કહેવાય ભલે ને આયુષ્ય કર્મ સ્વતંત્ર. પરંતુ બાંધવાના આશ્રવ હેતુઓ તો મોહનીય કર્મની પ્રકૃતિઓની પ્રવૃત્તિના આધારે જ બંધાય છે. વ્યાપકપણે એ જ જોવા મળે છે કે આયુષ્ય સિવાયના બીજા સાતેય કર્મો બાંધવા માટે આશ્રવરૂપ બંધ હેતુઓ તો એકલા મોહનીયકર્મની ૨૮ પ્રકૃતિઓની પ્રવૃત્તિઓમાંથી થાય છે. એ વિના તો બીજો એક પણ કર્મ બંધાતો જ નથી. આગ તો એક જ મૂળ જગ્યામાં લાગી છે. ત્યાંથી ધૂમાડો નીકળે છે. અને ધૂમાડો ચારેય દિશામાં પ્રસરી જાય છે. એક મૂળ બીજમાંથી એક જ થડ બને છે અને પછી વિવિધ શાખાઓ નિકળતા એક જ વૃક્ષ અનેક શાખા-પ્રશાખાવાલો ઘટાટોપ બની જાય છે. એવી જ રીતે એક જ મૂળભૂત મોહનીય કર્મની રાગ-દ્વેષ-કષાયોની પ્રવૃત્તિઓ કરવાથી એ આશ્રવ હેતુ - બંધ હેતુ બનીને બીજા-બીજા અલગ-અલગ કર્મો બંધાવે છે. તેને અલગ-અલગ સંજ્ઞા આપી છે. તેથી જ્ઞાનાવરણીય - દર્શનાવરણીય - અંતરાય - આયુષ્યાદિ કર્મ તરીકે ઓળખાય છે. પણ બધાના મૂળરૂપે તો માત્ર એક જ મોહનીય કર્મ છે. મોહનીય કર્મની કુળ ૨૮ અવાંતર પ્રકૃતિઓ છે. તેની જ પ્રવૃત્તિઓ આઠેય કર્મો બંધાવવા માટે આશ્રવ હેતુઓ અને બંધ હેતુઓ તરીકે ભાગ ભજવે છે. કામ કરે છે. સંસારમાં અનંતાનંત જીવોની બધી જ જાતની પ્રવૃત્તિઓ જોતા સ્પષ્ટ સમજાય છે કે... સંસારી જીવો સમસ્ત પ્રકારની પ્રવૃત્તિઓ આ ૨૮ કર્મ પ્રકૃતિઓના આધારે અને અનુસારે જ છે. એ ૨૮ માં પણ સૌથી મૂળભૂત તો મિથ્યાત્વ અને કષાયોની જ મુખ્ય છે. એટલે જ સ્પષ્ટપણે દેખાય છે કે કષાયો વગરનો એક પણ જીવ નથી, અને કષાયો વગરની એક પણ જીવની એક પણ પ્રવૃત્તિ નથી. આધારભૂત આ મિથ્યાત્વ અને કષાયોની પ્રવૃત્તિના આધારે જીવોને આઠેય પ્રકારની કર્મ પ્રકૃતિઓ બંધાતી જ રહેશે. બસ જીવો મિથ્યાત્વ છોડીને સમ્યક્ત્વમાં આવી ગયા છે. તેમની અનંતાનુબંધી સપ્તકની ૭ કર્મ પ્રકૃતિઓ ઓછી થઈ ગઈ છે. અર્થાત્ મિથ્યાત્વની ૩ અને કષાયોની ૧૬ મળીને ૧૯ છે. તેમાંથી ૭ ઓછી થતા ૧૨ રહી છે. આ ૧૨ જાતના કષાયો અનંતાનુબંધીની જાતના ૪ કષાયો કરતા ઘણી જ ઓછી તીવ્રતાવાળા છે. તેથી તેમના વડે બંધાતી બંધ સ્થિતિ પણ ઉત્કૃષ્ટ સ્થિતિ નથી રહેતી. અને મુખ્ય સાથીદાર મિથ્યાત્વ જે ભાગીદારીમાં સદા સાથે જ રહે છે ત્યારે ઉત્કૃષ્ટ બંધ સ્થિતિ ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમની બંધાતી હોય છે. અને તે નીકળી જતા સમ્યક્ત્વ આવી જતા અને સાથે અનંતાનુબંધીની પણ ચારેય ન રહેતા સાદી ૧૨ કષાયો વાડે બંધાતી સ્થિતિ અંતઃક્રોડાક્રોડી સાગરોપમની જ રહે છે. આ કેટલો મોટો ફાયદો છે. આ લાભ ગ્રંથિભેદ થઈ ગયા પછી સમ્યક્ત્વી આત્માને મળે છે. આ ગણિત જેને સમજમાં આવી જાય એને આ લાભનો આનંદ ઘણો મોટો ખ્યાલમાં આવશે. અને જેઓ સમ્યક્ત્વ નથી પામ્યા તેવા જીવાત્માઓને આ લાભ મેળવવાનો ભાવોલ્લાસ તીવ્ર થશે. તેઓ ગ્રંથિભેદ કરવા જરૂર ઉત્સુક થશે. પ્રબળ પુરુષાર્થ કરશે. અને પ્રબળ પુરુષાર્થ યથાપ્રવૃત્તિકરણાદિ ત્રણેય કરણો કરીને સમ્યક્ત્વ પામીને સદાના માટે આત્માને ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમની ઉત્કૃષ્ટી બંધ સ્થિતિ બાંધવાથી બચી જવાશે. અને માત્ર અંતઃક્રોડાક્રોડીની અંદરની જ બંધ સ્થિતિ બંધાશે. જેના આધારે ભવિષ્યમાં આટલા બધા ભવો તો નહીં વધે. સંસાર ઘટશે અને વળી આગળના ગુણસ્થાનો વ્રત-મહાવ્રતના હોવાથી તે ગુણસોપાનો ઉપર આરૂઢ થઈને પ્રવૃત્તિમાં જ આશ્રવ-હેતુઓ, બંધ હેતુઓ પૂરતા પ્રમાણમાં ઘટી જતા ભવિષ્યના સંસારના ભવો પણ ઘટશે, વધશે નહીં. અને આ રીતે આત્મા સંસારમાંથી વહેલો મુક્ત થઈ શકશે.




*સ્વામી ગુણ ઓળખી સ્વામીને જે ભજે, દરિશન શુદ્ધતા તેહ પામે।*
*જ્ઞાન-ચારિત્ર-તપ-વીર્ય ઉલ્લાસથી, કર્મ જીતી વસે મુક્તિ ધામે।।*

સ્વામી તીર્થંકર પરમાત્માના ગુણોને ઓળખીને જે પરમાત્માની ઉપાસના - સાધના કરે છે, તેનું સમ્યગ્ દર્શન શુદ્ધ-વિશુદ્ધ થાય છે. અને તેવો સાધક સ્વયં પણ પોતાના જ્ઞાનાવરણીય - દર્શનાવરણીયાદિ આવશ્યક કર્મોને ખપાવીને જ્ઞાન-દર્શન-

ચારિત્રાદિ ગુણો વિકસાવે છે, પ્રગટાવે છે. અને અંતે મુક્તિ પામે છે. સાધકે એજ મુખ્ય ઉદ્દેશ્ય રાખીને આ માર્ગને અનુસરવુ જોઈએ, આરાધવુ જોઈએ. જે માર્ગ પ્રભુ માટે છે. એ જ માર્ગ બીજા સર્વે માટે છે. મોક્ષમાર્ગ શાશ્વત જ છે. શાશ્વત હોવાથી અનંતાકાળ સુધી એક સરખુ અનંતા જીવોને ઉપલબ્ધ રહે છે, થાય છે. બધા સાધકે પોતાની યોગ્યતા - પાત્રતા પ્રગટ કરીને મેળવવાનું રહે છે. ઉપાદેય દરેકનું પોતામાં પડ્યું જ હોય છે. તેને જ પ્રગટ કરવાનું હોય છે. તે માટે તારક તીર્થંકર પ્રભુ નિમિત્ત કારણ રૂપે છે. એવા પરમાત્માનું નિમિત્ત કારણ મેળવીને અથવા મળી ગયું હોય તેમણે પ્રમાદ સેવવુ જ ન જોઈએ. ઉપેક્ષા કરવી જ ન જોઈએ. ઉપેક્ષા - પ્રમાદ કરનાર તક ખોઈ બેસે છે.

આ સ્તવનમાં સાર રૂપે પૂ. દેવચંદ્રજી મહારાજે આ તત્ત્વ રજૂ કર્યું છે. પ્રત્યેક સાધક આત્માને તેમાં પોતામાં પડેલા ઉપાદાનનું તેમને ભાન કરાવ્યું છે અને કેવા ગુણવાન પરમાત્મા અને તેમનું ઉત્તમ આલંબન - નિમિત્ત રૂપે મળ્યું છે તેનું પણ ભાન કરાવ્યું છે. માટે ચોવીશીની રચના કરી છે. અર્થાત્ ચોવીશ તીર્થંકર ભગવંતોના અલગ-અલગ સ્તવનોની રચના કરી છે. તીર્થંકરપણું જ મૂળમાં મુખ્ય રૂપે લક્ષ્યમાં રાખ્યું છે. ગુણો બધાના એકસરખા - એક જેવા જ છે. માત્ર નામો જ અલગ-અલગ છે. વ્યક્તિ ભિન્નતાના કારણે નામ ભિન્નતા છે, પરંતુ ગુણ સાદૃશ્યતાના કારણે સર્વાંશે એકસરખી સમાનતા છે. આ તત્ત્વ તાત્વિક દ્રષ્ટિએ પૂજ્યશ્રી દેવચંદ્રજી મહાત્માએ ચોવીશીમાં રજૂ કર્યું છે. તે સમજી - જાણીને સાધકોએ સાધીને સ્વ આત્માનું સાધવુ જોઈએ. એ જ કલ્યાણકારી માર્ગ છે.

❑❑❑

# વાર્તા ''શાસ્ત્રવાર્તાસમુચ્ચય''ની

**કલિકુંડ તીર્થોદ્ધારક પૂ. આ. વિ. રાજેન્દ્રસૂરીશ્વરજી મ.ના શિષ્ય પૂ. આ. વિ. રાજહંસસૂરિજી મ.**

શાસ્ત્રોની વાર્તાનો સંગ્રહ જેમાં છે, એની વાર્તા આજે આપણે કરવાની છે.

વાર્તા એટલે ચર્ચા, સંવાદાત્મક વાતો, અરસપરસની રજૂઆત, સત્ય સુધી પહોંચવાનો સંલાપ, વાર્તાલાપ.

આજે આપણે વાતો કરવાની છે-'શાસ્ત્રવાર્તા સમૂચ્ચય'ની.

આ એક એવો જીવ છે જેમાં શાસ્ત્રની વાતો છે, પણ બુદ્ધિની કસોટીએ પાસ થાય એવી...ભગવાને કહી દીધું એટલા માત્રથી સ્વીકારી લેવાની એમ નહીં, પણ ભેજામાં બેસે એવી વાતો છે માટે સ્વીકારવાની.

આ ગ્રંથની એક પણ વાત એવી નથી કે જેમાં બુદ્ધિનો ઉપયોગ ન કરવો પડે...પણ બુદ્ધિનો સો ટકા ઉપયોગ કરો તો જ આ વાતો-પદાર્થો સમજાય તેમ છે.

જ્ઞાનાવરણીય કર્મનો તીવ્ર ક્ષયોપશમ હોય તો જ આ પદાર્થો પલ્લે પડે તેમ છે...એટલે કે સમજાય તેમ છે.

અને દર્શન મોહનીયનો પ્રચંડ ક્ષયોપશમ હોય તો આ પદાર્થો પચે તેમ છે-જચે તેમ છે-રૂચે તેમ છે.

સાથે-સાથે ગુરુગમથી આ સંવાદાત્મક વાતોનું શરસંધાન થવું જરૂરી છે...અન્યથા અનર્થ થવાની શક્યતા નકારી શકાય તેમ નથી.

વળી, આ આકર ગ્રંથમાં જેમ-જેમ વિદ્યાર્થી આગળ વધતો જાય, તેમ તેમ જ્ઞાનાવરણીય કર્મનો પ્રબળ ક્ષયોપશમ કરતો જાય...દર્શન મોહનીય કર્મના પુદ્ગલોને મંદરસવાળા કરતો જાય.

જેમ જેમ દર્શનમોહનીયનો રસ મંદ થતો જાય અને જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ તીવ્ર થતો જાય, તેમ તેમ પરમાત્મા પ્રત્યે, સર્વજ્ઞ કથિત પદાર્થો પ્રત્યે અને ગ્રંથકાર પ્રત્યેની શ્રદ્ધા મજબૂત બનતી જાય.

અને જેમ જેમ શ્રદ્ધા ઘન બનતી જાય, તેમ તેમ ઘન નક્કર કર્મોનો સફાયો થતો જાય અને આત્મા સાફ-સ્વચ્છ થતો જાય અને આત્મા સાફ થાય તે પછી જ ચૌદ રાજલોકના માથે સાફાની જેમ તે શોભી ઊઠે.

મોક્ષના સોફા પર આવા શોભતા આત્માઓ જ બિરજમાન થઈ શકે તેમ છે.

અને એટલા માટે જ આ ગ્રંથના રચયિતા સૂરિપુરંદર હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજા ગ્રંથના આરંભમાં જ કહે છે કે આ ગ્રંથની રચના મોક્ષ સુખો મેળવવા માટે છે. જેનાથી આત્માનું હિત થાય છે. આ હિતબુદ્ધિથી જ આ ગ્રંથનું પ્રગટીકરણ કરવામાં આવ્યું છે.

આ ગ્રંથના સર્જક આચાર્યશ્રીએ (આમ તો) ૧૪૪૪ ગ્રંથોનું સર્જન કર્યું છે. પણ આ બધા જ ગ્રંથોનો શિરમોર જેવો ગ્રંથ હોય તો તે આ છે-**'શાસ્ત્રવાર્તા સમુચ્ચય'**.

શાસ્ત્રોની બૌદ્ધિક વાતોનો સરવાળો એટલે **'શાસ્ત્રવાર્તા સમુચ્ચય'**.

જેનાથી બુદ્ધિનો ગુણાકાર થાય એવો ગ્રંથ એટલે-**'શાસ્ત્રવાર્તા સમુચ્ચય'**.

'સંસારદાવા' જેવા સૂત્રસમૂહની રચના કરતા કરતા જેઓ શ્રીમદ્ પોતાના નશ્વર દેહને છોડે છે, તેવા સૂરિશ્વર હરિભદ્રસૂરિજી મહારાજે આ ગ્રંથને અગ્યાર ભાગોમાં વિભક્ત કહેલો છે. જેને વિદ્વાનો સ્તબક નામે ઓળખાવે છે.

અગ્યાર સ્તબકોમાં વહેંચાયેલ આ ગ્રંથની કારિકા-ગાથા તો માત્ર ૭૦૧ છે પણ અર્થગંભીર આ ગ્રંથમાં પદાર્થો ઢગલાબંધ છે.

તે કાલ અને તે સમયના પ્રચલિત તમામ ગ્રંથોનું પરિશીલન

આ ગ્રંથમાં પૂજ્યશ્રીએ કરી લીધું છે.

આ ગ્રંથની ૭૦૦ કારિકામાં જે વાતો કરી છે, તેના આધારે ૭૦૦ પંથો, વાદો, મતો, માન્યતાઓનું નિરસન થઈ જાય તેમ છે.

પૂજ્યાચાર્ય હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજાએ દરેક મતોનું ખંડન કર્યું છે, પણ કોઈને તોડી પાડ્યા કે ઉતારી પાડ્યા નથી... તે તે મતોની અશુદ્ધતા-અપૂર્ણતાનું દર્શન માત્ર કરાવ્યું છે.

તે તે ધર્મ દર્શનોની માન્યતામાં ક્યાં ક્યાં, શું શું ખામી છે, તે ખૂબ જ સારી રીતે દેખાડ્યું છે.

બુદ્ધિગમ્ય આ પદાર્થો બુદ્ધિથી બંધબેસતા નથી, તેનું દિગ્દર્શન માત્ર કરાવ્યું છે. એમના વચનો મુક્તિવાળા નથી, તે જ દર્શાવ્યું છે.

તેમના વચનો યુક્તિવાળા નથી, માટે જ મુક્તિવાળા પણ નથી. અને જે વચનો મુક્તિના હેતુભૂત બને નહીં, તે વચનો આત્માના હિત માટે નથી. એટલે જે વચનો ન થતા હોય, એ વચનો ગ્રાહ્ય નથી-માન્ય નથી-સન્માન્ય નથી.

એટલે જ પૂજ્યપાદ આચાર્ય હરિભદ્રસૂરિજી મહારાજ પ્રથમ સ્તબકની ૧૧૦મી કારિકામાં લખે છે કે વસ્તુ સ્થિતિની વિરુદ્ધ જતા પદાર્થો જ્ઞાનની વૃદ્ધિ કરનારા થતા નથી.

જિનદર્શનથી બાહ્ય સિદ્ધાંતો વસ્તુસ્થિતિની વિરુદ્ધમાં જાય છે માટે જ્ઞાનની વૃદ્ધિ નહીં, પણ અજ્ઞાનની વૃદ્ધિ થાય છે અને જ્ઞાનની હાનિ થાય છે.

આત્માના મૂળભૂત અને મુખ્ય લક્ષણ જ્ઞાનની હાનિ કરનારા તત્ત્વો કેવી રીતે ઉપાદેય બની શકે?

અગ્યારે અગ્યાર સ્તબકોમાં પૂજ્યશ્રીએ અજ્ઞાનની વૃદ્ધિ કરનારા આ સિદ્ધાંતોને છોડવાની વાત કરી છે.

જુદી-જુદી માન્યતાઓ અલગ-અલગ રીતે અજ્ઞાનની વૃદ્ધિ કરનારા છે. અજ્ઞાનની વૃદ્ધિ કરવામાં આ બધાં જ દર્શનો અજબનું કૌશલ્ય ધરાવે છે.

તેની સામે અજ્ઞાનની વૃદ્ધિ કરનારા આ દર્શનોમાં ક્યાં ક્યાં, કઈ કઈ ક્ષતિ છે, તેનું દિગ્દર્શન કરાવવામાં પૂજ્યપાદશ્રી પાસે ગજબની ક્ષમતા છે. ખૂબ સમતા અને સ્વસ્થતાથી તેમની ભૂલોને કબૂલ કરાવી જાણે છે.

તેમનું અજ્ઞાન છતું કરે છે,

અને જ્ઞાનની અછત કેટલી બધી છે તેમનામાં, તે પણ જણાવે છે.

સ્યાદ્વાદનો અંશ ન હોય તેવી એક પણ માન્યતાને માન્યતા ન આપી શકાય, તેની પર સત્યત્વની મહોર છાપ ન લગાડી શકાય, એ જ વાતને પૂજ્યશ્રી સમજાવી રહ્યા છે.

યાકિની મહત્તરાના પુણ્ય પ્રભાવે અને ગુરુદેવ આચાર્યશ્રી જિનભદ્ર જિનભટ્ટસૂરીશ્વરજી મહારાજના જ્ઞાનપ્રભાવે અનેકાંતવાદને વરેલા અને એકાંતવાદને વસેલા આચાર્યશ્રી હરિભદ્રસૂરિજી મહારાજ પ્રથમ સ્તબકમાં નાસ્તિકવાદનું ખંડન કરે છે.. પંચ ભૂતમાં ચૈતન્યનો સ્વીકાર કરનારા આ ભૂતચૈતન્યવાદનું ખંડ-ખંડ ખંડન કરે છે અને એને સાથે-સાથે સમજાવે છે કે આ વાત કોઈ પણ રીતે મગજમાં ઉતરે તેમ નથી...બુદ્ધિનો સહારો લેવામાં આવે તો તમે (ભૂતચૈતન્યવાદીઓ) હારો જ...અનેક પ્રમાણોથી નહીં, અપિતુ બધા જ પ્રમાણોથી આત્મા સિદ્ધ થાય જ છે. એનો સ્વીકાર કર્યે જ છૂટકો. માત્ર પ્રમાણોથી નહિ, આપણા જીવનના સીધા-સાદા વ્યવહારોથી પણ આત્માનો સ્વીકાર કરવો પડે તેમ છે.

ત્યારબાદ આત્મા વિષયક અનેક મત-મતાંતરોનું પણ પૂજ્યની ખંડ-ખંડ ખંડન કરે છે. આત્મા અને કર્મનો બંધ અને સંબંધ પણ માનવો પડે તેમ છે.

અત્યારે વર્તમાનકાળે પર્યુષણમાં ગણધરવાદના પ્રવચનમાં આત્મસિદ્ધિના ઘણાં દૃષ્ટાંતો સાંભળીએ છીએ. જાતિસ્મરણ, જન્માંતરીય સહજ સંસ્કાર આદિ અનેક દાખલાઓથી થતી આત્મસિદ્ધિ તથા દેહ અને આત્માની ભિન્નતા, ઇન્દ્રિયો અને આત્માની જુદાઈ આદિ અનેક પદાર્થોના મૂળ તપાસીએ તો 'શાસ્ત્રવાર્તાસમુચ્ચય' સુધી જવું જ પડે.

બૌદ્ધોની બદચલન ચાલના ભૂચાલમાં ફસાઈને અકાલે કાલકવલિત થયેલા પોતાના શિષ્યો હંસ અને પરમહંસની યાદમાં ૧૪૪૪ ગ્રંથોની રચના દ્વારા મુનિહંસ અને જ્ઞાનહંસ બનેલા પૂજ્યાચાર્ય હરિભદ્રસૂરિજી મહારાજાએ ૧૪ પૂર્વ નહિ પણ ૧ પૂર્વના કેટલાક અંશો જે બચેલા હતા, તેને સંકલિત કરવાનું ખૂબ સરાહનીય કાર્ય કર્યું છે. અને એમણે જે આ રાહ પકડ્યો, તેથી જૈનશાસન આજે ઘણા બધા પદાર્થોથી સમૃદ્ધ છે.

જો પૂજ્ય હરિભદ્રસૂરિજી મહારાજાએ આ પ્રશંસનીય કાર્ય ન કર્યું હોત તો આજે આપણે ઘણા બધા પદાર્થોથી અવગત થયા ન હોત...કારણ કે તે બધા જ પદાર્થો વિલુપ્ત થઈ ચૂક્યા હોત.

માટે આપણે પૂજ્યશ્રીના શબ્દો જ એક શબ્દના ફેરફાર સાથે કહેવા જ પડે...

हा अणाहा रुहं हुंता, जइ न हुन्तो हरिभद्दो।

જો હરિભદ્ર સૂરિ ન મળ્યા હોત, તો અનાથ એવા અમે શું કરત?

પૂજ્ય હરિભદ્ર સૂરિજી મહારાજાએ આ શબ્દો જિનાગમો વાંચ્યા પછી પોતાના આનંદને અને પ્રભુ પ્રત્યેના આભારને અભિવ્યક્ત કરવા માટે વાપર્યા હતા.

તેઓશ્રીમદથી જન્મ પામેલા આ શબ્દો હતા-

हा अणाहा रुहं हुंता, जइ न हुन्तो जिणागमो।

જો આ જિનાગમ હું ન પામ્યો હોત, તો અનાથ એવા મારું શું થાત?

કારણ કે તેઓ દીક્ષા પૂર્વે એક ભટ્ટ હતા...અને જિનધર્મના દ્વેષી હતા.

અન્ય શાસ્ત્રોની જડ પકડ એવી હતી કે જિનામગ હાથમાં પકડવામાં પણ પાપ સમજતા હતા.

પણ જ્યારે જિનાગમ હાથમાં પકડ્યું, જિનાગમ પરની પકડ તે પર મજબૂત થઈ ગઈ...મજબૂરીથી પકડેલ જિનાગમ મજબૂતીથી પકડી રાક્યું.

કારણ હવે તેમને સમજાઈ ગયું હતું કે આત્માનો સર્વાંશે સ્વીકાર કરવામાં જિનાગમ જ સબળ અને સફળ પૂરવાર થઈ શકે એમ છે...અને આ જ વાત તેઓશ્રીમદે 'શાસ્ત્રવાર્તા સમૂચ્ચય' નામે ગ્રંથમાં ૧૧૨ કારિકા પ્રયાણ પ્રથમ સ્તબકમાં કરી છે.

આત્માનો ખાત્મો બોલાવવો હોય તો જ નાસ્તિકવાદને અડજો, તમારા દિલમાં જડજો.

આત્માનો સર્વાત્માએ વિકાસ કરવો હોય તો અરિહંત શાસનના આસન પર બિરાજમાન થજો...સિદ્ધાસન મળીને જ રહેશે.

એટલે જ હવે તેઓશ્રી નિશ્ચિંત અને નચિંત થઈ ગયા છે.

પણ ચિંતા એ વ્યક્ત કરી કે જો જિનાગમ ન મળ્યું હોત તો શું થાત?... જેમ અન્ય દર્શનીઓ આત્મગુણથી દૂર-દૂર થઈ રહ્યા છે, એમ હું પણ દૂર-દૂર થઈ ગયો હોત! હરિભદ્ર ભટ્ટની જેમ અભિમાની થઈને ફરતો હોત!

આ ગ્રંથ પર એક ટીકા કવિરત્ન પૂ. આ. નેમિસૂરિ સમુદાયના મહારાજે પણ બનાવી છે. જેનું નામ છે 'સ્યાદ્વાદવાટિકા'... જે પ્રસિદ્ધિમાં નથી.

'શાસ્ત્રવાર્તા સમૂચ્ચય' એ એક એવો ગ્રંથ છે, કે જે ગ્રંથ ઉપર ગ્રંથકાર મહર્ષિએ સ્વયં પણ એક 'દિક્પ્રદા' નામે ટીકા લખી છે, પણ તે છતાં પ્રસિદ્ધ ટીકા છે 'લઘુહરિભદ્ર' બિરૂદને ધારણ કરનારા ન્યાયાચાર્ય પૂજ્ય મહામહોપાધ્યાય યશોવિજયજી મહારાજ વિરચિત 'સ્યાદ્વાદ કલ્પલતા' નામની.

તેઓ પણ ચાર્વાકમત અંતર્ગત આવતા અનેકાનેક મતોનું ખંડન ખૂબ જ તાર્કિક રીતે કરે છે...બુદ્ધિશાળી વ્યક્તિએ તે વાતનો સ્વીકાર કરવા સિવાય કોઈ છૂટકો જ નથી હોતો.

તેમાંથી કેટલાક ઉદાહરણ જોઇએ...

(૧) અંધકાર પણ એક અલગ દ્રવ્ય છે, નહીં કે પ્રકાશનો અભાવ માત્ર એ જ અંધકાર છે. કારણ અંધકારનો સ્પર્શ થાય છે.

અંધકાર અને પ્રકાશનો સ્પર્શ આદિ જન્ય ભેદ જાણનારા કેટલાક બુદ્ધિશાળી પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓ તથા આંખે પાટા બાંધીને જ્ઞાન જાણનારી કેટલીક બૌદ્ધિક વ્યક્તિઓ કહી આપતા હોય છે કે અત્યારે અહીં પ્રકાશ છે અથવા તો અહીં અંધકાર છે.

(૨) જ્ઞાન સ્વપ્રકાશી છે, જેમ દીપક સ્વપ્રકાશી છે.

(૩) પરમાણુઓથી જ સ્થૂલદ્રવ્યની ઉત્પત્તિ છે.

(૪) ચાક્ષુષપ્રત્યક્ષ થવામાં મૂળભૂત અને મુખ્ય કારણ છે- દર્શનાવરણીય કર્મનો ક્ષયોપશમ.

આવા તો અનેક પદાર્થોનું સ્પષ્ટ સ્પષ્ટીકરણ પૂજ્ય હરિભદ્રજી અને લઘુહરિભદ્રજીએ કર્યું છે.

આ ગ્રંથ અત્યંત ઉપયોગી છે...આ ગ્રંથના અભ્યાસ વિના ભારતીય દર્શનોનો અભ્યાસ અધૂરો છે. આની મધૂરપ એટલી છે કે આના વિના ગમે તેટલું ભણો તે છતાંય ત્યાં અધૂરપ જ જણાય.

આ ગ્રંથ ઉપર એક હિન્દી અનુવાદ પણ તૈયાર થયેલ છે. મૂળ ૭૦૧ કારિકા અને એ કારિકાનો હિન્દી અનુવાદ તથા કેટલેક સ્થળે ટિપ્પણ પણ મૂકેલ છે. આના અનુવાદક છે-કૃષ્ણકુમાર દીક્ષિત.

આ હિન્દી ગ્રંથના પ્રધાન સંપાદક જિતેન્દ્રભાઈ બી. શાહ (લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર-અમદાવાદ) પોતાના પ્રકાશકીયમાં લખે છે કે-'भारतीय दर्शन के अभ्यास के लिए यह ग्रंथ अत्यंत उपयोगी तथा नई दृष्टि प्रदान करनेवाला होने के कारण भारत के विभिन्न विश्व विद्यालयों के पाठ्यक्रम में इस ग्रंथ को समाविष्ट किया गया है।'

આ જ હિન્દી અનુવાદની પ્રસ્તાવનામાં આ ગ્રંથની તુલના બૌદ્ધ કૃતિ 'તત્ત્વસંગ્રહ' સાથે કરી છે. બૌદ્ધ દર્શનના વિદ્વાન શાન્તરક્ષિતે કારિકાબદ્ધ આ ગ્રંથની રચના કરી છે અને એના ઉપર 'કમલશીલ' નામના વિદ્વાને 'પંજિકા' નામે ગદયાત્મક ટીકા લખી છે.

'શાસ્ત્રવાર્તા સમૂચ્ચય'ની વિશેષતા એ છે કે એના પર ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજે ટીકા લખી છે તો સ્વયં ગ્રંથકારે પણ એક ટીકા લખી છે.

આ વિશેષતામાં એવું કંઈ વિશેષ નથી.

પણ વિશેષ વિશેષતા તો એ છે કે 'તત્ત્વસંગ્રહ'માં અન્ય દાર્શનિક ગ્રંથોની જેમ વિરોધીઓના મંતવ્યોની આલોચનાત્મક સમીક્ષા સિવાય બાજું કંઈ જ નથી, જ્યારે 'શાસ્ત્રવાર્તા સમૂચ્ચય'માં માત્ર વિરોધીઓનું ખંડન જ નથી...પણ સમજાવટ પણ છે. માત્ર તોડી પાડવાની ઉદ્ધતાઈ કે સખ્તાઈ નથી, પણ સત્યાંશ સાથે જોડવાની ઉદાત્ત ઉદારતા પણ છે.

એમણે તો વિરોધીઓને ત્યાં સુધી જણાવ્યું છે કે તમારી માન્યતા મને સ્વીકાર્ય છે, પણ એમાં આટલો ઉમેરો કરવાની જરૂર છે.

દરેક દર્શનોની માન્યતાનું મૂળ તો જિનદર્શન જ છે. સ્યાદ્વાદના મહાસાગરમાં જ આખરે બધી જ દાર્શનિક માન્યતાઓની સરિતાઓ સમાવિષ્ટ થઈ જાય છે. અવશિષ્ટ કશું રહેતું જ નથી.

'સાગરમાં સઘળી તટિની મહી'

એટલે આચાર્ય હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ એ જ કહે છે કે મને તમારા મન્તવ્ય સાથે કોઈ વાંધો નથી. એ અત્યારે નિર્વસ્ત્ર છે. સ્યાદ્વાદનું શ્વેત અંબર પહેરાવી દ્યો એટલે એકાંતવાદનું એકાંત દિગંબરત્વ આકાશમાં અલોપ થઈ જાય. જડવાદની નાગાઈ મરી પરવારે...

કહેવાનો તાત્પર્ય એ છે કે 'શાસ્ત્રવાર્તા'ની તુલના કોઈ સાથે થઈ શકે એમ નથી એનું પલ્લું ઉપર જ રહેવાનું છે.

એલ.ડી.માથી પ્રકાશિત આ પુસ્તકમાં માત્ર મૂળ દ્વારિકાનો જ અનુવાદ છે, જ્યારે દિવ્યદર્શન ટ્રસ્ટ-કલિકુંડ-ધોળકા દ્વારા પ્રકાશિત કરનાર કુમારપાળભાઈ વી. શાહે તો આ ગ્રંથનું કારિકા વત્તા 'કલ્પલતા' ટીકાનું હિન્દી વિવેચન પ્રકાશિત કર્યું છે.

ન્યાયદર્શન તત્ત્વજ્ઞ પૂ.આ.વિ. ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના અભિવીક્ષણ તળે સંપૂર્ણ ગ્રંથનું હિન્દી વિવેચન કર્યું છે. પંડિતશ્રી બદરીનાથ શુકલે બનારસની સંસ્કૃત કૉલેજના જે ભૂતપૂર્વ પ્રથમ અધ્યાપક હતા. તથા સંપૂર્ણાનંદ સંસ્કૃત વિદ્યાલયના ન્યાયવિભાગના જેઓ આચાર્ય તથા અધ્યક્ષ હતા..જેમણે આ ગ્રંથના અગ્યારે અગ્યાર સ્તબકનું વિસ્તૃત વિવેચન લખ્યું છે.

આઠ ખંડ, ૧૧ સ્તબકમાં ૧૮૦૦ થી વધુ પાના ભરીને વિવેચન લખનાર પંડિત બદરીનાથ શુકલ પણ પૂજયાચાર્ય હરિભદ્રસૂરિજીના સદ્ભાવ અને સમભાવથી પ્રભાવિત થઈને પોતાના વિવેચન ગ્રંથના 'હિન્દી વિવેચનકાર કે દો શબ્દ'માં લખે છે-'आचार्यश्री ने इस ग्रन्थ में आस्तिक नास्तिक सभी दर्शनों की अनेक मान्यताओ का विस्तार से वर्णन किया है और यथासम्भव अत्यन्त निष्पक्ष और निराग्रहभाव से सभी के युक्तायुक्तत्व की परीक्षा कर अनेकान्तवाद का विजयध्वज फहराने का पूर्ण एवं सफल प्रयत्न किया है।'
મતલબ સાફ છે કે પૂજ્યશ્રી પ્રતિ પક્ષપાતની આશંકા કોઈને ય નથી.

જિનધર્મનો કટ્ટર દ્વેષી માણસ એટલે કે 'હાથીના પગ નીચે કચડાઈ મરવું સારું પણ જિનમંદિરમાં પગ ન મૂકવો'-આવી કટ્ટર વિદ્વેષમાંથી જન્મેલી અને મૃત્યુ મુખવાળી પ્રતિજ્ઞા ધારણ કરનાર માણસ સ્યાદ્વાદનો અશરણશરણ્ય તરીકે પડધમ વગાડીને સ્વીકાર કરે, એ માણસમાં નિષ્પક્ષતા તો હોય જ ને!

ઉપરોક્ત હિન્દી વિવેચનને સાદ્યંત સંશોધનાત્મક રીતે તપાસી જોનાર મુનિશ્રી જયસુંદર વિજયજી મહારાજ (વર્તમાનમાં આચાર્યશ્રી) પોતાની ભૂમિકામાં પૂજ્ય હરિભદ્રસૂરિજી વિશેનો અભિપ્રાય આપતા એક મહાશયનું અવતરણ આપે છે-

હરિભદ્રે જે ઉદાત્ત દૃષ્ટિ, અસામ્પ્રદાયિકવૃત્તિ અને નિર્ભય-નમ્રતા પોતાની ચર્ચાઓમાં દાખવી છે, તેવી તેમના પૂર્વવર્તી કે ઉત્તરવર્તી કોઈ જૈન-જૈનેતરે વિદ્વાને બતાવેલી ભાગ્યે જ દેખાય છે.'

આ વાતની સત્યતા કોઈ પણ અભ્યાસુ-વાચક આ ગ્રંથના પઠન દ્વારા જાણી શકે છે.

વળી, ઉપરોક્ત ભૂમિકાના લેખકશ્રી પણ આ ગ્રંથ અને ગ્રંથલેખકની મહત્તા બતાવતા કહે છે-'आत्मवाद के क्षेत्र में प्रचलित दर्शनों के तत्त्व सिद्धान्तों का तथा उनकी समीक्षा का प्रकाश प्रसारित करने के उद्देश्य से आचार्यश्री ने 'शास्त्रवार्ता समुच्चय' नामक एक महान ग्रन्थ की रचना की। इस ग्रन्थ में न केवल जैनशास्त्र के विषयो का विवेचन ही है अपितु जैनेतर संप्रदायों और शास्त्रों के प्रतिपाद्य विषयों का संकलन, यथासम्भव तर्कों द्वारा उनका प्रतिपादन और उनके सभी पक्षों का विस्तार के साथ समर्थन देकर अत्यन्त निष्पक्ष भाव से उनकी समीक्षी की गई है।

उन शास्त्रों के सिद्धान्तो में जो त्रुटियां प्रीतत होती है उनके परिमार्जन के लिए जितने भी तर्क हो सकते है उन सभी को प्रस्तुत करते हुए उनका खोखलापन दिखाकर बडी स्पष्टता से यह सिद्ध किया गया है कि उन सिद्धान्तो में ये त्रुटियाँ वास्तविक है और उनका कोई परिहार नहीं हो सकता।

जैन सिद्धान्तों की चर्चा के (સાતમા સ્તબકમાં પૂજ્યશ્રી જૈન સિદ્ધાંતની વાર્તા કરે છે.) प्रसंग में भी उनके प्रति कोई पक्षपात नहीं दिखाया गया है। उन्हें त्रुटिपूर्ण बताने के लिए जो भी तर्क सम्भव हो सकते है न सभी को सामने खडा कर उनकी असतर्कता (अयोग्यता) बतायी गयी है और यह प्रमाणित किया है कि जैन सिद्धान्तो में जिन त्रुटियों की परिकल्पना की जा सकती है उनका कोई आधार नहीं है।'

જૈન સિદ્ધાન્તોની વાર્તા-ચર્ચામાં પણ ઊભા થતા એકેય તર્કો નથી છોડ્યા, એ વ્યક્તિને પક્ષપાતી કહેવાની હિંમત કયો બહાદુર કરે?

પ્રથમ સ્તબકમાં તેઓશ્રીએ મુખ્યતયા આત્મસિદ્ધિની વાર્તાકરી છે, જ્યારે અંતિમ સ્તબકના અંતિમ તબક્કામાં તેઓશ્રીએ મોક્ષની વાર્તા કરી છે...આત્મા સિદ્ધ (સાબિત) થાય પછી જ આત્મા સિદ્ધ (મુક્ત) થાય...

આત્મસિદ્ધિથી પ્રારંભી આત્માની સિદ્ધિ (મુક્તિ) સુધીની સફર એટલે શાસ્ત્રવાર્તા સમુચ્ચય...

હવે સંક્ષેપમાં 'શાસ્ત્રવાર્તા'ના પદાર્થોની વાતો...

૧૧૨ કારિકા પ્રમાણ પહેલા સ્તબકમાં ભૂતચૈતન્યવાદના ખંડનની આત્મા તથા કર્મના સંબંધમાં મતમતાંતરની, આત્મસિદ્ધિના અનેક તર્કોની અનેક વાતો ગુંફિત છે.

ભૌતિકવાદીઓની માન્યતા છે કે આ જગતમાં ચેતન જેવું કંઈ છે જ નહીં, જે છે તે ભૌતિક તત્ત્વો જ છે...જેને જગત આત્મા કહે છે, તે તો પંચ મહાભૂતમાંથી પેદા થયેલું ભૌતિક તત્ત્વ જ છે...

સૂરિજીએ આ માન્યતાને મૂળમાંથી ઊખેડી દીધી છે અને સાથે-સાથે આત્માની ખેતી પણ ખેડી દીધી છે.

૮૧ કારિકા પ્રમાણ દ્વિતીય સ્તબકમાં પુણ્ય-પાપ અને બંધ-મોક્ષ સંબંધિત કેટલાક પ્રશ્નોની ચર્ચા છે અને ત્યારબાદ કાલવાદ, સ્વભાવવાદ, નિયતિવાદ, કર્મવાદ, કાલાદિસામગ્રીવાદની ચર્ચા

કરવામાં આવી છે. તો એની અંતર્ગત યજ્ઞીયહિંસાની ત્યાજ્યતા, વેદ અપ્રમાણ્ય વગેરેની પણ વાતો કરી છે...

કાલવાદી માને છે કે આ જગતમાં જે કોઈ થાય છે, તે પોત-પોતાનો કાળ પાકે ત્યારે જ થાય છે...

સ્વભાવવાદી એમ માને છે કે આ જગત કાળથી નહીં, સ્વભાવથી ચાલે છે...ગમે તેટલો કાળ થાય પણ કોરડું મગ ન જ સીઝે...

નિયતિવાદીનું કહેવું એમ છે કે કાળ-સ્વભાવ આદિ બધાં જ બાજુ પર રાખો...જેની જે નિયતિ હોય તે જ થાય...

તો કર્મવાદી કહે છે કે કર્મ પ્રમાણે જ કાર્ય થાય છે...

સૂરિજી આ બધાં જ એકાંતવાદીને કહે છે કે એકાંતવાદ છોડો...એક-એકથી કંઈ કામ નથી થતું...અનેકાંતવાદ અપનાવો..બધાં જ સહકારી કારણો છે...બધાં ભેગા થાય તો જ કાર્ય થાય છે...

૪૪ કારિકા પ્રમાણ તૃતીય સ્તબકમાં ઈશ્વરવાદ તથા પ્રકૃતિ-પુરુષવાદની ચર્ચા કરી છે...અર્થાત્ ન્યાય-વૈશેષિક દર્શનને માન્ય ઈશ્વરવાદનું ખંડન અને સાંખ્યદર્શનને માન્ય પ્રકૃતિ-પુરુષવાદનું ખંડન કર્યું છે.

ન્યાય-વૈશેષિકોની આ દૃઢ માન્યતા છે કે આ જગત ઈશ્વરે બનાવ્યું છે. ઈશ્વર જ આ જગત ચલાવે છે-'ઈશની ઈચ્છા વિના ઝાડનું પાંદડું ય ના ફરકે'-ઈશની ઈચ્છાથી જ આવું બોલનારા ઈશ્વરવાદીઓને અનેક દોષોનું પારદર્શી દર્શન સૂરિપુરંદર કરાવે છે...ઈશ્વરને જગતકર્તા માનવા જતા તો માન્યતામાં ભયંકર ભૂકંપ સર્જાય છે...અંતર્ગતની અનેક માન્યતાઓનું દટ્ટન-પટ્ટન થઈ જાય છે.

છેવટે ઈશ્વરનો પણ કોઈ કર્તા માનવાની આપત્તિ સાથે જ આ માન્યતાની દફનવિધિ કરવામાં આવે છે...

પ્રકૃતિ-પુરુષવાદી સાંખ્યદર્શનીઓને પણ પોતે માનેલા પચ્ચીસ તત્ત્વોમાં કેટલી બધી આપત્તિ આવે છે તેનું દિગ્દર્શન કરાવી સત્યદર્શન કરાવ્યું છે. સૂરિજીએ આ ત્રીજા સ્તબકમાં...

૧૩૭ કારિકાપ્રમાણ ચોથા સ્તબકમાં ક્ષણિકવાદની વાર્તા કરવામાં આવી છે...

ચોથા-પાંચમા અને છઠ્ઠા એમ ત્રણ સ્તબકમાં બૌદ્ધદર્શનની પર્યાલોચન કરવામાં આવી છે. અર્થાત સૌથી વધુ પરિશ્રમ સૂરિજીએ બૌદ્ધદર્શનીને સમજાવવા ખેડ્યો છે...૧૧ સ્તબકમાંથી આખા ત્રણ સ્તબક માત્ર બૌદ્ધ દર્શનને આપ્યા છે.

કુલ ૭૦૦ કારિકામાંથી ૨૩૯ (લગભગ બે તૃતીયાંશ કરતાંય કંઈક વધુ ભાગ) કારિકા બૌદ્ધદર્શનના ભેદો-પેટાભેદોનું ખંડન કરવામાં વપરાઈ છે.

ચોથા સ્તબકમાં સૌત્રાન્તિક નામે બૌદ્ધ-મતની ક્ષણિકવાદ પર વિચારણા કરવામાં આવી છે...

એમનું એવું માનવું છે કે દરેક સ્થળે દરેક ક્ષણે કોઈ ને કોઈ નવા પદાર્થનો જન્મ થાય છે...દરેક વસ્તુ ક્ષણસ્થાયી જ હોય છે.

'શાસ્ત્રવાર્તા' પણ આમ તો ક્ષણિકવાદ સ્વીકારે છે, પણ તે કથન આ રીતે છે-દરેક સ્થળે પ્રત્યેક ક્ષણે કોઈ ને કોઈ સ્થાયી પદાર્થમાં કોઈ ન કોઈ નવા ધર્મનો જન્મ થાય છે.

અને આગળ વધતા કહે છે કે વૈરાગ્યભાવની તીવ્રતા માટે તથા સંસાર પ્રતિ ઉદાસીન થવા માટે આ ક્ષણિકવાદ 'ધર્મ પર્યાય'ની અપેક્ષાએ આદેય છે, 'દ્રવ્ય' અપેક્ષયા નહીં... 'દરેક પદાર્થ ક્ષણભંગુર છે' આ વાક્ય પણ ઉપરોક્ત વાતને જ યથાર્થ ઠેરવે છે.

'ભાવ અભાવ થઈ જાય છે' આ વાતનું પણ ખંડન આમાં છે અને 'અભાવ ભાવ થઈ જાય છે' આ વાતનું પણ ખંડન આમાં છે...

વળી ક્ષણિકવાદ માનવામાં સામગ્રી કારણતાવાદની અનુપપત્તિ થાય છે, વાચ્ય-વાસકભાવની અનુપપત્તિ થાય છે, કાર્ય-કારણ જ્ઞાનની પણ અનુપપત્તિ થાય છે. અન્ય પણ અનેક અનુપપત્તિઓની ઉપપત્તિ અહીં પ્રદર્શિત કરવામાં આવી છે.

ધર્મકીર્તિ, શાન્તરક્ષિત, પ્રભાકર આદિ અનેક વિદ્વાનોનો ઉલ્લેખ કરીને તેમના મતની વિસંગતિઓ દૂર કરે છે.

અને છેલ્લે તો બુદ્ધવચનો દ્વારા જ ક્ષણિકવાદનું ખંડન કરીને સત્ય સમજાવે છે.

૩૯ કારિકા પ્રમાણ પાંચમા સ્તબકમાં વિજ્ઞાનાદ્વૈતવાદ નામે બૌદ્ધમતની વિચારણા કરવામાં આવી છે. યોગાચાર બૌદ્ધ દાર્શનિકો જેવા કેટલાક સંપ્રદાયોની આ માન્યતા છે કે ઈન્દ્રિયપ્રત્યક્ષ, અનુમાન આદિ જ્ઞાનના સાધનોની સહાયતાથી જે વસ્તુઓનું જ્ઞાન થાય છે, તે વસ્તુઓ વાસ્તવિક નથી, પણ મિથ્યા છે...જ્યારે વાસ્તવિક સત્તા તો ઈન્દ્રિયાતીત ભાનનો વિષય છે અને આ વસ્તુ-સત્તાનું નામ યોગાચાર-બૌદ્ધોએ 'વિજ્ઞાન' આપ્યું.

એવા જ બીજા દાર્શનિક માધ્યમિક બૌદ્ધોએ આ વસ્તુ-સત્તાનું 'શૂન્ય' આપ્યું છે.

તો અદ્વૈત-વેદાંતીઓ અને 'બ્રહ્મ' નામથી સંબોધ્યું છે.

આ ત્રણેય દાર્શનિકોની વાર્તા ક્રમશઃ પાંચમા, છઠ્ઠા અને આઠમા સ્તબકમાં કરવામાં આવી છે.

વિજ્ઞાનાદ્વૈતવાદીની જે માન્યતા છે કે જગતમાં દેખાતાં દરેક ભૌતિક પદાર્થો મિથ્યા છે, માત્ર વિજ્ઞાન-ચૈતન્ય જ વાસ્તવિક છે, એ માન્યતા અવાસ્તવિકતાના પાયા પર રચાયેલી છે...માન્યતા ચૈતન્યવિહિર્ણ છે.

સૂરિપુરંદરશ્રી કહે છે કે જેમ ચૈતન્ય વાસ્તવિક છે, તેમ દેખાતા પદાર્થો પણ વાસ્તવિક છે.

૬૩ કારિકા પ્રમાણ છઠ્ઠા સ્તાબકમાં માધ્યમિક બૌદ્ધ દાર્શનિકોના શૂન્યવાદને શૂન્ય કરી નાંખવામાં આવ્યો છે.

જગતની દરેક વસ્તુઓ મિથ્યા માનનાર શૂન્યવાદીના ગાલે

જોરદાર તમાચો મારતો સવાલ સૂરિપુરંદરશ્રીએ પૂછયો છે...શૂનન્યવાદીનો શૂન્યવાદ પ્રસ્તુત કરતો તર્ક, તેને માનવાવાળા, સાંભળવાવાળા બધાં જ મિથ્યા છે ને?

અને જો કહેવા-સાંભળવાવાળા તથા તર્ક-દર્શન મિથ્યા નથી તો બધી વસ્તુઓ મિથ્યા નહીં થાય.

આ સ્તબકમાં શૂન્યવાદની ચર્ચા તો માત્ર છેલ્લી ૧૦ કારિકામાં જ કરી છે. તે પૂર્વેની ૫૩ કારિકામાં, ચોથા સ્તબકમાં સૌત્રાંતિક બૌદ્ધ દાર્શનિકોના ક્ષણિકવાદની જે વાર્તા બાકી હતી તેની વાર્તા પૂરી કરી છે.

ક્ષણિકવાદની સિદ્ધિ માટે બૌદ્ધોએ કેટલાક તર્કો આપ્યા છે- જેમકે-

(૧) દરેક વસ્તુ ક્ષણિક છે, કારણ કે તેના નાશ થવામાં કોઈ કારણનો સંભવ નથી.

(૨) ક્ષણિક પદાર્થ જ અર્થક્રિયા સંગત બની શકે તેમ છે.

(૩) પદાર્થ ક્ષણિક છે, કેમકે તેમાં રૂપ-રૂપાંતરણ જણાય છે, પરિવર્તનશીલતા જણાય છે.

(૪) દરેક પદાર્થ અંતે તો નષ્ટ થાય છે, એનાથી એ સ્પષ્ટ થાય છે કે પદાર્થ પ્રથમ ક્ષણમાં જ નષ્ટ થઈ ગયો હતો, જણાયો નહોતો...

આ બધાં જ તર્કોનો ક્ષણવારમાં સૂરિપુરંદરશ્રીએ સફાયો કરી નાંખ્યો. ક્ષણિક પદાર્થ-તર્ક આખરે ટકે કેટલો?

૬૬ કારિકા પ્રમાણ સાતમા સ્તબકમાં સૂરિપુરંદરશ્રીએ જૈન સિદ્ધાંતોનું પ્રતિપાદન કર્યું છે...

પદાર્થ ન એકાંતે નિત્ય છે, ન એકાંતે અનિત્ય..દરેક વસ્તુમાં નિત્યાનિત્યત્વ છે.

પદાર્થના નિત્યત્વમાં પણ અનેકાંત છે, અને એના અનિત્યત્વમાં પણ અનેકાંત છે.

ખૂબ જ બખૂબી રીતે અનેકાંતવાદને યાકિનીમહત્તરાસુનશ્રીએ સમજાવ્યો છે. મા જેમ બાળકને રમાડતા-રમાડતા ભણાવી જાય તેમ આ યાકિની મહત્તરાસુન નામની મા એ આ પદાર્થ પણ સમજાવ્યો છે.

એકાંત કોઈ વસ્તુમાં ન જોઇએ...

અનેકાંત પણ અનેકાંતથી જોડાયેલો છે.

આ વિષયમાં પણ વિરોધીમુખત્વેન જેટલા તર્કો ઉઠાવી શકાય તેટલા તર્કો સૂરિજીએ ઉઠાવ્યા છે. સ્યાદ્વાદમાં જેટલા દોષો ઉઠાવી શકાય એટલા દોષો ઉઠાવ્યા છે. અને તે બધાંનું ખૂબ જ સરસ રીતે નિરાકરણ પણ કર્યું છે.

સ્યાદ્વાદ સિવાય જગતનો ઉદ્ધાર નથી. કારણ કે મોક્ષ મેળવવા માટે સ્યાદ્વાદ અપનાવવો અત્યંત આવશ્યક છે.

સ્યાદ્વાદ વિના કોઈ પણ પદાર્થનું જ્ઞાન સર્વાંશ સંપૂર્ણ થતું નથી. તથા સર્વ અંશનું પણ નથી થતું. અને સંપૂર્ણ પણ થતું નથી.

એકાંતવાદીઓનું જ્ઞાન અલ્પાંશ અને અપૂર્ણ હોય છે.

અહીં અંત એટલે ધર્મ. એક કે એકાદ ધર્મનું જ્ઞાન હોય તે પૂર્ણ ક્યાંથી હોય? અને અનેક અર્થાત્ અનંત ધર્મ યુક્ત જ્ઞાન હોય તે અપૂર્ણ ક્યાંથી હોય?

અનંત ધર્મ, અનંત અંશ વાળું જ્ઞાન જ સર્વાંશ સંપૂર્ણ કહેવાય.

સપ્તભંગી સહિત અનેક ધર્મયુક્ત વાર્તા આ સ્તબકમાં સમાવવામાં આવી છે.

૧૦. કારિકા પ્રમાણ આઠમા સ્તબકમાં બ્રહ્માદ્વૈતવાદનું ખંડન કરવામાં આવ્યું છે.

'ब्रह्म सत्यं जगन्मिथ्या' -'બ્રહ્મ જ સત્ય છે, બાકી આખું જગત મિથ્યા છે'નું સૂત્ર રટનારા બ્રહ્માદૈતવાદીઓ બ્રહ્મ સિવાય આ સૂત્રને પણ સત્ય માનતા છતાં પોતાના જ પગ પર કુઠારાઘાત કરે છે.

વળી, આ બ્રહ્માદ્વૈતવાદનો સ્વીકાર કરનારા અદ્વૈત-વેદાન્તીઓનું કહેવું છે કે જે આ જગત દેખાય છે, તે અવિદ્યાના કારણે.

આ અવિદ્યાની કલ્પનાના કારણે જે અવિદ્યા તેમના મગજમાં ફેલાઈ છે, તેને દૂર કરવાની વિદ્યા વિદ્યાપ્રદાતા સૂરિપુરંદર આપી રહ્યા છે.

તેઓશ્રી કહે છે કે અવિદ્યાને બ્રહ્મથી જો ભિન્ન માનશો તો બે વસ્તુ માનવા તમારા અદ્વૈતવાદનો કચ્ચરઘાણ નીકળી જશે.

અને જો અવિદ્યાને બ્રહ્મથી અભિન્ન સ્વીકારશો તો કાં તો જગતની વૈવિધ્ય પ્રતીતિમાં અવિદ્યાની જેમ બ્રહ્મને પણ કારણ માનવું પડશે અથવા તો બ્રહ્મની જેમ અવિદ્યાને પણ જગદ્વૈવિધ્યપ્રતીતિ પ્રતિ કારણની કલ્પનામાં અવકાશ નહીં આપી શકાય.

છેવટે છેલ્લે પરમકૃપાળુ સૂરિદેવ સમજાવતાં કહે છે કે સમભાવને જાગૃત કરવા માટે આ વસ્તુસ્થિતિ પ્રદર્શિત કરવામાં આવે છે...બધી જ વસ્તુ બ્રહ્મરૂપ છે-એકરૂપ છે માટે મોહ ન કરતા સમભાવ રાખો અને આચારક્ષેત્રે આગળ વધો.

સૂરિદેવની સમજાવવાની છટા અને ઘટા ન્યારી છે. દરેક વસ્તુને સ્યાદ્વાદથી તોલી સમાધાનનો પ્રકાશ પાથરે છે.

૨૭ કારિકા પ્રમાણ નવમા સ્તબકમાં મોક્ષ વિષયક શાસ્ત્રની વાર્તા કરવામાં આવી છે.

જેમ આત્માના અસ્તિત્વ બાબતમાં અલગ-અલગ દર્શનોના અલગ અલગ મત છે, તેમ મોક્ષ વિષયક પણ દરેક દર્શનની ભિન્ન-ભિન્ન માન્યતા છે.

દરેક માન્યતાનું વ્યવસ્થિત વર્ણન પહેલા કરવામાં આવે છે અને ત્યારબાદ તે તે માન્યતામાં શું ત્રુટિઓ છે, તે સામેની વ્યક્તિને તોડી પાડ્યા વગર જણાવવામાં આવે છે.

આત્મા છે અને સ્યાદ્વાદના સિંહાસન પર ફીટ બેસે એવો આત્મા છે. એ વાસ્તવિકતા જણાવવામાં જેટલી મહેનત પડી એટલો

પરિશ્રમ, મોક્ષ છે અને અનેકાંતવાદના સિદ્ધાસન પર બિરાજમાન થાય એવો જ મોક્ષ માનવામાં સાચી મુક્તિ મળી શકે એમ છે, એ જણાવવામાં નથી પડી.

૬૪ કારિકાપ્રમાણ દશમા સ્તબકમાં સર્વજ્ઞતાને ન સ્વીકારનાર મીમાંસક અને ધર્મકીર્તિ જેવા કેટલાક બૌદ્ધોની ચર્ચા કરવામાં આવી છે.

આ બન્ને દર્શનોનું કથન છે કે કોઈ વ્યક્તિ સર્વજ્ઞ ન હોઈ શકે, અર્થાત્ કોઈ સર્વજ્ઞ વ્યક્તિની સત્તા આ જગતમાં છે જ નહીં. કારણ કે સર્વજ્ઞ-સાધક કોઈ પ્રમાણ છે જ નહીં.

સૂરિપુરંદરશ્રી એકેએક પ્રમાણથી સર્વજ્ઞતાની સિદ્ધિ કરી આપે છે...

સૂરિજી કહે છે કે સર્વજ્ઞ વ્યક્તિની સત્તાનો નિષેધ કરનાર શું દરેક વ્યક્તિને ઓળખે છે? જો એ નથી જાણતો તો એને નિષેધ કરવાનો કોઈ અધિકાર નથી-અને જો એ સૌને જાણે છે, તો એની સ્વયંના ગળે સર્વત્તવ્યક્તિની સત્તાની માળા પહેરાઈ ગઈ.

આપણા આગમો-શાસ્ત્રો સર્વત્ત વ્યક્તિની સત્તા સિવાય અપૂર્ણ કહેવાય. પૂર્ણ શાસ્ત્ર તો સર્વજ્ઞકથિતનું જ હોય.

યેન કેન પ્રકારેણ પણ સર્વજ્ઞસત્તા અપરિહાર્ય છે.

છેલ્લે ૫૮ કારિકા પ્રમાણ અગ્યારમાં સ્તબકમાં ત્રણ વસ્તુની વાર્તા છે.

પહેલી તો શબ્દાર્થ સંબંધને ન સ્વીકારનારા ક્ષણિકવાદી બૌદ્ધોની વાર્તા છે. શબ્દ અને અર્થ (પદાર્થ) વચ્ચે કોઈ જાતનો સંબંધ નથી, એમ તેઓનું સ્પષ્ટ માનવું છે.

સૂરિપુરંદરશ્રી ૨૯ કારિકા દ્વારા બંને વચ્ચેનો સંબંધ પ્રસ્થાપિત કરી આપે છે.

સંબંધ વિના બોધ અશક્ય છે.

અને તે પછીની ૧૮ કારિકામાં જ્ઞાન અને ક્રિયા વચ્ચે પ્રાધાન્ય અને અપ્રાધાન્યની ચર્ચા કરવામાં આવી છે.

કેટલાક કહે છે કે, મોક્ષ માટે માત્ર જ્ઞાન જ જરૂરી છે.

તો કેટલાક દૃઢપણે કહે છે કે ક્રિયા જ મોક્ષ માટે આવશ્યક છે.

આમ જ્ઞાન અને ક્રિયાને જ કારણ તરીકે સ્વીકારનારા ક્રમશઃ જ્ઞાનવાદી અને ક્રિયાવાદીને ક્રિયા અને જ્ઞાનની પણ કારણતાની આવશ્યકતા સમજાવવામાં આવી છે.

માત્ર સ્ત્રી અને ભક્ષ્યના જ્ઞાનથી ભોગ નથી થતો, ક્રિયા પણ જરૂરી છે અને માત્ર ચાલવાથી કોઈ મંજિલ નથી મળતી, સાચી દિશાનું જ્ઞાન પણ આવશ્યક છે.

અંધ ચાલી શકે છે, પણ રસ્તો જાણી નથી શકતો માટે દવદગ્ધ વનમાં મૃત્યુ પામે છે.

પંગુ રસ્તો જાણી શકે છે, પણ ચાલી નથી શકતો, માટે દવદગ્ધ વનમાં મૃત્યુ પામે છે.

જ્યારે અંધના ખભા પર બેસીને રસ્તો દેખાડતો પંગુ સ્વયંને ય બચાવે છે અને અંધને પણ બચાવે છે.

માટે જ્ઞાન અને ક્રિયા બંને ગૌણ-મુખ્ય ભાવે જરૂરી છે.

અને તે પછી મોક્ષનું સ્વરૂપ દર્શાવ્યું છે.

આત્માથી શરૂ કરેલી યાત્રા મોક્ષે જઈને અટકે છે.

આત્માથી મોક્ષ સુધીની શબ્દયાત્રા એટલે 'શાસ્ત્રવાર્તા સમુચ્ચય'

સૌ જીવોને તારવાના ઉદ્દેશથી ઊભી થયેલી કલમ એટલે-'શાસ્ત્રવાર્તા સમુચ્ચય'

જડજ્ઞાનને દૂર કરી જીવજ્ઞાન પમાડવાની કળા એટલે શાસ્ત્રવાર્તા સમુચ્ચય ૭૦૦ કારિકા દ્વારા અનેક મત-મતાંતરનું વર્ણન કર્યું, તે એનો સાચો બોધ પ્રાપ્ત કરવા માટે.

સત્ય બોધથી સત્ય ક્રિયા થાય છે અને છેવટે સત્ય મોક્ષની પ્રાપ્તિ થાય છે.

મોક્ષની સત્યતા મેળવવા જ્ઞાનમાં સત્યતા પણ જરૂરી છે.

સમરાઈચ્ચકહા, પંચાશક, ષોડશક, પંચવસ્તુ, યોગદૃષ્ટિસમુચ્ચય, યોગશતક, યોગબિંદુ, યોગવિંશિકા, સર્વજ્ઞસિદ્ધિ, અનેકાંતજયપાતાક, લલિતવિસ્તરા, ઉપદેશપદ, અષ્ટક, ધર્મબિંદુ, ધર્મસંગ્રહણી, ષડ્દર્શનસમુચ્ચય, લગ્નશુદ્ધિ, લોકતત્ત્વ નિર્ણય, ધૂર્તાખ્યાન, યતિદિનકૃત્ય, વિંશતિવિંશિકા, બ્રહ્મપ્રકરણ, જીવાભિગમલઘુવૃત્તિ, તત્ત્વાર્થ લઘુવૃત્તિ, નંદીસૂત્રટીકા, શ્રાવકપ્રજ્ઞપ્તિવૃત્તિ, ધ્યાનશતકવૃત્તિ, દશવૈકાલિક બૃહદ્વૃત્તિ, દશવૈકાલિક લઘુવૃત્તિ, અનુયોગદ્વારલઘુવૃત્તિ, પિંદનિર્યુક્તિટીકા, લઘુક્ષેત્રસમાસવૃત્તિ, પંચસૂત્રપંજિકા, ન્યાયપ્રવેશકટીકા, હિંસાષ્ટકઅવચૂરિ આદિ ઉપલબ્ધ સાહિત્ય સહિત ૧૪૪૪ ગ્રંથોની રચના કરવા દ્વારા જિનશાસનને જ્ઞાનથી અત્યંત સમૃદ્ધ કરનારા આચાર્યશ્રી હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજા શાસ્ત્રવાર્તા સમુચ્ચયના અંતે કહે છે-

कृत्वा प्रकरणमेतद् यदवप्तं किल्चिदिह मया कुशलम्
भवविरहबीजमनध, लभतां भव्यो जनस्तेन।।

આ ગ્રંથ દ્વારા જે પુણ્ય મને પ્રાપ્ત થાય, તેના દ્વારા આ જગતના જીવોને મોક્ષમાં સહાયક બનો.

'ભવવિરહ' શબ્દ મૂકીને તેઓશ્રી પોતાનું પરમ કર્તવ્ય જણાવે છે.

ભવનો વિરહ મને અને આખા જગતને થાઓ.

ભવનો વિરહ જ જરૂરી તત્ત્વ છે.

તેઓશ્રી પોતાના પ્રત્યેક ગ્રંથને અંતે 'ભવવિરહ' શબ્દ લખે છે.

પોતાના પરમ કર્તવ્યની જાણ જગતને થાય અને પોતાના કર્તવ્યથી જ જગત પોતાને જાણે-એમ બે ય વાર્તા જણાવવા માંગે છે. સૂરિદેવ આ શબ્દ દ્વારા.

❑❑❑

# આચાર્ય હેમચન્દ્રસૂરિનું 'ધાતુપારાયણમ્'

મુનીચંદ્ર મહારાજ સાહેબ

'ધાતુપારાયણમ્નું સંપાદન કાર્ય હાથમાં લીધું ત્યારે અનુભવ શૂન્ય હતો.

દેવ-ગુરુની કૃપા અને કાર્ય કરવાનો ઉત્સાહ આટલી મૂડીથી સંપાદન કાર્યનો પ્રારંભ થયો.

બનાસકાંઠાના વાવ તાલુકાના બેણપ ગામે વિ. સં. ૨૦૨૮માં પ્રતિષ્ઠા પ્રસંગે જવાનું થયું. ત્યાં કબાટમાં ધૂળખાતા 'ધાતુપારાયણમ્'ના છપાયેલા ફર્મા કાઢી એની ધૂળ ખંખેરી.

બેણપ સંઘના ભાઇઓએ કહ્યું, અમારા ગામના એક મુનિરાજ હતા. મુનિ હર્ષવિજય વિદ્વાન હતા. આવા ગ્રંથોના કાર્યો કરતા હવે એ છે નહીં. આનું જ કરવું હોય તે કરો.

આચાર્ય ભગવંત ૐકારસૂરિ મહારાજ કહે, આ ગ્રંથ અધૂરો છે તે તમે પૂર્ણ કરો. આચાર્ય ભગવંતની આજ્ઞા તહત્તિ કરી કામ કેવી રીતે કરવું તે વિષે વિચાર-વિમર્શ થયો.

સંસારી વડીલ બંધુ પૂ. મુનિરાજ યશોવિજયજી મ.સા. (હાલ આચાર્ય) એ જણાવ્યું કે આ છપાયેલા ફર્મા વર્ષો સુધી ધૂળ, હવા, ભેજના કારણે જિર્ણ થઈ ગયા છે. એકવાર આ ફર્માઓ આજ સ્વરૂપે પ્રગટ કરી દેવાય. અને આગળના સંપાદનમાં પૂર્ણગ્રંથ પ્રકાશિત કરાય તે ઉચિત લાગે છે.

એ પ્રમાણે કરવાનું નક્કી થયું.

છપાયેલા ફર્મા અને પ્રકાશકાય, મુખપેજ વગેરે બાઈન્ડીંગ કરવા પાલીતાણાના બાઈન્ડરને સોંપ્યા. બાઇન્ડરે પણ કેટલાક વિશિષ્ટ અનુભવોનો બોધપાઠ આપ્યો.

બેણપથી વિહાર કરી શંખેશ્વરતીર્થે આવ્યા. આગમ પ્રશ્ન પૂ. મુનિરાજશ્રી જંબૂવિજય મ.સા.ના દર્શન થયા. પૂજ્યશ્રીનું સંસારી મોસાળ અમારા ત્યાં. સંસારી સંબંધે કાકા થાય. અમે 'ધાતુપારાયણમ્ ના સંપાદન માટે માર્ગદર્શન માંગ્યું.

પૂ. જંબુવિજય મ.સા. કહેઃ જે પણ ગ્રંથનું સપાદન સંશોધન કરવું હોય એ વિષયના જે કોઈ ગ્રંથો મળે એને સામે રાખવા જોઇએ. કોઈ પણ ગ્રંથકાર જે વિષયનો ગ્રંથ રચે ત્યારે તે વિષયના એના પુરોગામી ગ્રંથકારોના ગ્રંથોના અવશ્ય અભ્યાસ કરે જ. અને એની અમુક અસર નવા ગ્રંથકાર ઉપર પડે જ. આ રીતે આગળ વધો અને કંઈ પણ મૂંઝવણ હોય તો હું બેઠો જ છું.

પૂજ્યશ્રી પાસેથી માર્ગદર્શન અને હૈયાધારણ મેળવી અમે ચાતુર્માસ માટે પાલીતાણા પહોંચ્યા.

'ધાતુપારાયણમ્' ધાતુપાઠ ઉપર કલીકાલ સર્વજ્ઞથી હેમચન્દ્રસૂરિ મ.એ રચેલી સ્વાપક્ષ વૃત્તિ છે. એટલે આવી ધાતુપાઠની બે વ્યાખ્યાઓ ક્ષીરતરંગિણી અને 'માધવીયા ધાતુવૃત્તિ' બે મંગાવી.

'ધાતુપારાયણમ્' વર્ષો પૂર્વે જર્મન વિદ્વાન જોહ દ્રિષ્ટેએ સંપાદિત કરી 'હૈમધાતુપારાયણમ્ના નામે સંપાદિત કરેલ. ઘણાં જ્ઞાનભંડારો લાયબ્રેરીઓમાં તપાસ કરતાં આ. વિજય દાનસૂરીશ્વર જ્ઞાનમંદિરમાંથી પુસ્તક મળ્યું.

'ધાતુપાઠ' સંસ્કૃત વ્યાકરણનું મહત્ત્વનું અંગ હોવાથી યુધિષ્ઠિર મીમાંસકે લખેલ. 'સંસ્કૃત વ્યાકરણ સાહિત્ય કા ઇતિહાસ'ના બધા ભાગો વાંચ્યા.

ધાતુપાઠની વિવિધ પરંપરાઓ પાણીનીય તંત્રમાં પણ ધાતુપાઠની જુદી જુદી પરંપરાઓ વિષે વિગતો મળી. એ પણ જાણવા મળ્યું કે સંસ્કૃત વ્યાકરણના પાંચ અંગો સૂત્ર, વૃત્તિ, ધાતુપાઠ, ઉણાદિ, લિંગાનુ શાસન વગેરે પાંચેય કોઈ એક જ ગ્રંથકારની રચના હોય તેવું એકજ વ્યાકરણ તંત્ર છે અને તે છે સિદ્ધહેમચન્દ્ર શબ્દાનુશાસન. આ કારણે સિદ્ધહેમ.માં જેટલી સ્પ્ટતા અને લાઘવ છે તેવું અન્ય કોઈ વ્યાકરણમાં નથી.

પાણિનીય તંત્રમાં સૂત્ર પાણિનીએ રચેલા છે. એમાં ખૂટતી બાબતો માટે વાર્તિક પાછળથી રચાયા છે. કાશિકાવૃત્તિકાર એ પછી થયા છે. ધાતુપાઠ પાણિનીયતંત્રમાં બે-ત્રણ પ્રકારનો આજે ઉપલબ્ધ થાય છે. (૧) 'ધાતુપ્રદીપ'માં મૈત્રેય વગેરેએ સ્વીકારેલ પાઠ પૌર્વધાતુપાઠ તરીકે જાણીતો છે. (૨) 'ક્ષીરતરઙ્ગિણી'માં ક્ષીરસ્વામિએ આપેલો પાઠ અને (૩) ભટ્ટોજી દીક્ષિતે સિદ્ધાન્ત. કૌમુદીમાં આપેલો પાઠ.

'ધાતુપાઠ' એ વ્યાકરણનું અતિ મહત્ત્વનું અંગ છે. 'પૂજ્યપાદ', 'દેવદન્દી', 'કાતન્ત્ર્', 'ચન્દ્ર', 'શાકટાયન' વગેરે બધા વૈયાકરણોએ પોતાના વ્યાકરણમાં ધાતુપાઠો આપ્યા છે.

ખરેખર તો ધાતુપાઠ, ગણપાઠ વગેરેનું સ્થાન વ્યાકરણની વ્યાખ્યામાં જ હોય છે. પણ એના કારણે એનું કદ વધી જતું હોવાથી પાછળથી એને અલગ કરી દેવામાં આવ્યા છે.

'ધાતુપારાયણમ્'ના પ્રારંભમાં જ આ હેમચન્દ્રસૂરિજી જણાવે છે કે-'શ્રી સિદ્ધ હેમચન્દ્ર વ્યાકરણમાં સ્થાપેલા સ્વકૃત ધાતુઓની આ. હેમચન્દ્ર વ્યાખ્યા કરે છે.' જો કે સિદ્ધહેમ.ની બૃહદ્વત્તિમાં દિવાદિધાતુઓનો ઉલ્લેખ છે પણ એના અર્થ નથી આવ્યા. ભ્વાદિમાં તો એક હજારથી વધુ ધાતુઓ છે એટલે ભ્યાદિગણના ધાતુઓનું પુરું વિવરણ જ નથી મળતું.

સંપૂર્ણ સાથે ધાતુપાઠની સ્વતંત્ર પ્રતિઓ જ મળે છે.

ડૉ. નેમિચન્દ્ર શાસ્ત્રીના શબ્દોમાં કહીએ તો 'શબ્દાનુશાસનની પ્રક્રિયામાં પાણીનીય વૈયાકરણોની આખી પેનલ દ્વારા જે કામ થયું છે તે એકલા આ. હેમચન્દ્રસૂરિ મહારાજે કર્યું છે.' (आचार्य हेमचन्द्र और उनका शब्दनुशासन:एक अध्ययन पृ. ६७)

એક જ કર્તાએ શબ્દાનુશાસનના પાંચેય અંગો અને એની વ્યાખ્યા

કરી હોવાથી અન્યત્ર જે મતભેદો-મતાંતરો ઉભા થયા છે તેવું સિદ્ધ હેમશબ્દાનુશાસનમાં બિલકુલ નથી.

આ હેમચન્દ્રસૂરિએ 'ધાતુપારાયણમ્'માં સ્પષ્ટપણે ધાતુપાઠ એનો અર્થ બતાવ્યો જ છે. સાથે સાથે અન્ય ગ્રન્થાકારોનો આ બાબતમાં જ મતભેદ જોવામાં આવ્યો હોય તેની ક્યારેક તે ગ્રંથકારના નામોલ્લેખ પૂર્વક અને ઘણીવાર 'एके' 'अन्ये' એવા ઉલ્લેખ સાથે નોંધ આપી છે. વળી જે તે ધાતુ व થી શરૂ થતો હોય તો એ ब થી શરૂ થતો હોય એવી ગેરસમજ ન થાય એ માટે આ औष्ठयादिः न दन्त्यौष्ठयादिः જેવું સ્પષ્ટ નિદર્શન કર્યું છે. એવી જ રીતે सकंरादि ધાતુ શકારાદિ સમજવાની ગેરસમજ ન થાય એ માટે પણ दन्त्यादि આ છે. તાલવ્યાધિ નથી એવી સ્પષ્ટ સૂચના આપી છે.

ધાતુના વિવરણમાં જે તે ધાતુ પરસ્મૈપદી છે કે આત્મનેપદી કે ઉભયપદી એ સ્પષ્ટ કરી એ ધાતુને લગતા જે તે વિશેષ સૂત્ર લાગતા હોય તે સૂત્રોના નિર્દેશ પૂર્વક થતા વિશેષરૂપ બતાવે છે.

પછી તે ધાતુથી કૃદંતના પ્રત્યયો લાગી બનતા કૃદંતના શબ્દની વિગતો અને ઉણાદિના પ્રત્યયોથી બનતા શબ્દોની વિગત સસૂત્ર ઉલ્લેખ કરે છે.

સામાન્ય રીતે વ્યાકરણ તંત્રમાં પાણિનીય વ્યાકરણ જાણીતું છે અને પાણિની એ ધાતુપાઠને ૧૦ ગણમાં વિભાજિત કર્યું છે. આપણે ત્યાં જેનો સંસ્કૃતના અધ્યયનના પ્રારંભમાં વ્યાપક પ્રચાર છે તે સિદ્ધહેમ પ્રવેશિકા મધ્યમા (પહેલી બુક, બીજી બુક)માં પણ ૧૦ ગણમાં ધાતુપાઠનું વિભાજન કર્યું છે.

વાસ્તવમાં પાણિની કરતાં પણ પ્રાચીન કાશકૃત્સ્ન વગેરે વૈયાકરણોએ ધાતુપાઠનું નવ ગણમાં વિભાજન કરેલું છે. આ. હેમચન્દ્રસૂરિજીએ પણ નવ ગણમાં વિભાજન કર્યું છે. આ વાતની બહુ ઓછા લોકોને ખબર હશે. સામાન્ય રીતે પાણીનીય વગેરેમાં अदामि બીજો ગણ છે. जुहोत्यादि ધાતુઓનો ત્રીજો ગણ છે. दिवादि ચોથો ગુણ છે. જ્યારે કાશકૃત્સ્ન-આ. હેમચન્દ્રસૂરિજી આદિએ जुहोत्यादि ધાતુઓને अदादि માં અન્તર્ભાવ કર્યો છે. વિવાદ ત્રીજો ગણ છે. એટલે નવ ગણો છે.

આમ હેમચન્દ્રાચાર્ય પાણિનીના ચીલેચાલે ચાલ્યા નથી. પોતાની રીતે જ પધ્ધતિ પસંદ કરી છે.

'धातुपारायणम्' પ્રસિદ્ધ થયાને આડત્રીસ વર્ષ થયા. આ ગ્રંથ વર્ષોથી દુર્લભ બન્યો છે. આ ગ્રંથ મહત્ત્વના જ્ઞાનભંડારોમાં સુલભ બને તે માટે 'अहो श्रुतज्ञानम्' ગ્રંથાવલી કે જેમાં આવા દુર્લભ ગ્રંથોની મર્યાદિત નકલો 'મુદ્રિત' કરાવી જ્ઞાનભંડારોમાં મૂકવામાં આવે છે-આ ગ્રંથાવલીમાં આ વર્ષે 'ધાતુપારાયણમ્'નું પુનર્મુદ્રણ કરવાનું નક્કી થયું છે. અને જે તે જ્ઞાનભંડારોમાં મુકવામાં આવશે.

ધાતુપારાયણમ્ ગ્રંથ 'હેમધાતુપારાયણમ્' નામે ઈ. સ. ૧૮૯૯માં જર્મન વિદ્વાન જોહ કિર્સ્ટ દ્વારા થયું ત્યારથી આ ગ્રંથ ધાતુપાઠ સમજવા માટે વિદ્વાનોમાં જાણીતો છે.

એક વાત ખાસ મહત્ત્વની છે કે-પાણિનીય અષ્ટાધ્યામી અને એની કાશિકા ટીકા વ્યાકરણના મહત્ત્વના ગ્રંથો છે. પણ જ્યારથી ભટ્ટોજી દીક્ષિતે 'સિદ્ધાન્ત કૌમુદી' નામે પ્રક્રિયા ક્રમે વ્યાકરણ રચ્યું ત્યારથી પ્રક્રિયા ક્રમે અધ્યયન વધવા લાગ્યું. અષ્ટાધ્યાયી ક્રમ અને કાશિકાટીકાની સરિયામ ઉપેક્ષા થઈ.

સિદ્ધહેમ પણ અષ્ટાધ્યાયી ક્રમે છે. સિદ્ધહેમ.ના વિદ્યાર્થીઓમાં પણ પ્રક્રિયા ક્રમની માંગ થવા માંડી. આ સમયે ઉપાધ્યાય વિજય મ.સ.એ 'હેમ બૃહત્પ્રક્રિયા' અને એની વિસ્તૃત વ્યાખ્યા 'હેમપ્રકાશ'ની રચના કરી. 'હેમપ્રકાશ'નો ઉત્તરાર્ધ એ 'ધાતુપારાયણમ્'નો જ સંક્ષિપ્ત અવતાર હોય એવું જણાય છે.

સિદ્ધહેમના પ્રચાર-પ્રસારમાં ઉપા. વિનય વિજયજીનું પણ મોટું યોગદાન છે. એ ભૂલવું ન જોઇએ.

મુદ્રણ શરૂ થયા પછી સિદ્ધહેમ.નું પ્રથમ પ્રકાશન શાસન સમ્રાટ આ. ભ. શ્રી નેમિસૂરીશ્વરજી મ. એ સંપાદિત કર્યું છે. એ પછી મુનિ હિમાંશુ વિજયજી આ. દક્ષસૂરીશ્વરજી વગેરે ઘણા મહાત્માઓએ સિદ્ધહેમ. અને એના અંગોનું વિવેચન પ્રસિદ્ધ કરી સિદ્ધહેમના અધ્યયનનો માર્ગ પ્રશસ્ત કર્યો છે. આ બધા મહાત્માઓને વંદન.

❑❑❑

# વ્યાકરણના અધ્યયનની પરિપાટી વિકસિત કરવાના પ્રયાસ

**આ. શ્રી વિજયશીલચન્દ્રસૂરિ શિષ્ય મુનિ ત્રૈલોક્યમંડન વિજય**

'વહી રહેલાં વર્ષો એ પરંપરાલોપના વર્ષો છે. સમાજ અને જીવનના તમામ સ્તરે પરંપરાનો ત્યાગ, ખરેખર તો હ્રાસ થઈ રહ્યો છે, એવું કોઈ પણ, પરંપરાનો ચાહક કે જાણકાર, અવશ્ય કહી શકે. ધર્મના, જૈન સંઘના ક્ષેત્ર માટે પણ આ વિધાન કરી શખાય તેમ છે, અને અધ્યયન-અધ્યાપનની પરિપાટી પરત્વે પણ આ વાત અનુભવી શકાય તેમ છે.

શાસ્ત્રો, આગમો એ આપણો પ્રાણ છે. આપણું, આપણા ધર્મનું તેમજ ધર્મસંઘનું અસ્તિત્વ જ આ શાસ્ત્રગ્રંથોને આભારી છે. આ ગ્રંથો મુખ્યત્વે પ્રાકૃત અને પછી સંસ્કૃત ભાષામાં છે. એ ભાષાઓને સમજવા માટે અથવા એ ભાષામાં આલિખિત શાસ્ત્રોને સમજવા માટે વ્યાકરણનું અધ્યયન અનિવાર્યપણે આવશ્યક હોવાનું, પરંપરાથી સ્વીકારાયું છે. વ્યુત્પત્તિ શીખવા માટે, કયું પદ કઈ રીતે બન્યું તે જાણવા માટે વ્યાકરણનું જ્ઞાન જરૂરી ગણાયું છે. વૃદ્ધોએ કહેલું સુભાષિત સમજાવે છે કે 'વ્યાકરણની પદની સિદ્ધિ-પદજ્ઞાન પ્રાપ્ત થાય છે પદના જ્ઞાનથકી અર્થનો નિર્ણય થાય-થઈ શકે. સાચો અર્થનિર્ણય તત્ત્વજ્ઞાન તરફ આપણને દોરી

જાય છે અને તત્ત્વજ્ઞાન પરમ કલ્યાણનું કારણ બને છે.'

આવા તો અનેક સુવચનો છે જે વ્યાકરણનો મહિમા તો ગાય છે જ, વ્યાકરણના જ્ઞાનની આવશ્યકતા પણ સમજાવે છે. આ બન્ને બાબતોને લક્ષ્યમાં રાખીને જ, આપણા પૂર્વ મહાજ્ઞાનીઓએ એક-બે નહિ, પણ ૧૮-૧૮ વ્યાકરણો રચ્યા હતા. અરે, ખુદ ભગવાન મહાવીરપ્રભુએ પરકાશેલા નિયમોને વર્ણવતું જૈનેન્દ્ર વ્યાકરણ પણ આપણે ત્યાં હોવાનું આપણને જાણવા મળે છે.

વર્તમાનમાં આપણે ત્યાં બે વ્યાકરણોનો વિશેષ પ્રચાર છે. પાણિનિ વ્યાકરણ તથા સિદ્ધહેમશબ્દાનુશાસન. તેમાં પણ આપણા જૈન વર્ગમા સિદ્ધહેમ વ્યાકરણનો વધુ પ્રચાર છે. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યે અઢારે વ્યાકરણોમાંથી સાર તત્ત્વ સારવીને રચેલ આ વ્યાકરણ સરળ છે, પ્રસાદમધુર છે અને સર્વાંગીણ વ્યુત્પત્તિ-બોધ કરાવવામાં સક્ષમ છે. પરિભાષાઓ અને શાસ્ત્રાર્થોની જટિલતાથી મુક્ત આ વ્યાકરણનું અધ્યયન-અધ્યાપન આપણે ત્યાં ૮૫૦ વર્ષોથી નિરંતર અને વ્યાપક રૂપે ચાલતું રહ્યું છે. તેને વધુ ને વધુ સુગમ બનાવવા માટે સૈકે સૈકે વિવિધ વ્યાકરણવિદ મુનિવરો તથા વિદ્વાનો દ્વારા અનેકવિધ પ્રયત્નો પણ થયા છે. અવચૂરિ, ઢુંઢિકા, ચન્દ્રપ્રભા, હેમપ્રકાશ, હેમલઘુપ્રક્રિયા, ધર્મદીપિકા, હેમપ્રભા, સિદ્ધપ્રભા, હેમબૃહત્પ્રક્રિયા જેવા અનેક વ્યાકરણ-ગ્રંથો તથા હેમવિભ્રમ, ક્રિયારત્નસમુચ્ચય, ન્યાયસંગ્રહ, શબ્દમહાર્ણ-વન્યાસાનુસન્ધાન, હૈમધાતુમાલા, ધાતુરત્નાકર, ઉણાદિગણ-વિવૃત્તિ, દ્વયાશ્રય કાવ્ય, ધાતુપારાયણ જેવા વિવિધ સાધન ગ્રંથોની રચના તે આ પ્રયત્નોના ભાગરૂપ જ ગણાય.

પાછળના સમયમાં આ વ્યાકરણના ભાષાંતરો પણ ખંડશઃ કે સંપૂર્ણતઃ થયાં છે. તો તેના આધારે ગુજરાતી બુક-હેમસંસ્કૃત પ્રવેશિકા વગેરેને પણ રચના થઈ છે. આપણે ત્યાં સાધુ-સાધ્વીવર્ગમાં સેંકડો વર્ષોથી સિદ્ધહેમ વ્યાકરણ ભણાવવાની પરંપરા ચાલી આવે છે. ભણી શકે તેવી ક્ષમતા ધરાવતા કોઈ પણ દીક્ષિત/દીક્ષાર્થીને વ્યાકરણ ભણાવવામાં આવે જ. વ્યાકરણનો પાયો પાકો નંખાય, પછી જ અન્યાન્ય શાસ્ત્રોના અભ્યાસમાં તેને પ્રવેશ મળે, એ આપણી શિષ્ટ પ્રથા રહી છે.

છેલ્લા કેટલાક દાયકાથી સીધો વ્યાકરણ-પ્રવેશ કરાવવાને બદલે પ્રથમ સંસ્કૃતપ્રવેશ કરાવવામાં આવતો થયો. તે માટે ઉપયુક્ત સાધન તરીકે ડૉ. ભાંડારકરની બે બુક-માર્ગોપદેશિકા તથા પ્રવેશિકા વ્યાપકરૂપે ચલણી બની. તે ભણ્યા પછી, ભણનારની ક્ષમતા, ક્ષયોપશમ તથા રુચિ અનુસાર તેને વ્યાકરણમાં પ્રવેશ કરાવવામાં આવતો. સંસ્કૃતના સુદૃઢ અને સ્પષ્ટ બોધ માટે ભાંડારકરની બે બુક બહુ ઉપયોગી સાધન બની હતી.

પરંતુ થોડા વર્ષો અગાઉ એક નવો પ્રવાહ એવો શરૂ થયો કે આ તો અજૈન અને મિથ્યાત્વીની બનાવેલી ચોપડી છે. એ આપણે શા માટે ભણવી જોઇએ? આપણું પોતાનું વ્યાકરણ છે, તેને આધારે જૈન બુકો ન બનાવી શકાય? પરિણામે જૈન ચોપડીઓની રચના થઈ અને તેનું અધ્યયન વ્યાપક બનતાં ભાંડારકરની બુકો વીસરાઈ ગઈ. ફલતઃ  વિદ્યાર્થીને પ્રાપ્ત થવા જોઇતા બોધમાં પણ નોંધપાત્ર ફરક પડી જ ગયો! અસંખ્ય નિયમોની ભરમારમાં વિદ્યાર્થી અટવાય; યાદ ન રાખી શકવાને કારણે આવડે નહિ તેથી કંટાળે; અને છેવટે કાં તો વ્યાકરણની દિશા ત્યજી દે, કાં ઉપેક્ષાપૂર્વક જ ભણે-આ સ્થિતિ આજે વ્યાપક બની ગઈ છે. બુક ભણનારને વ્યાકરણ માટેની ઝંખના-જિજ્ઞાસા જાગવી જોઇએ, તેને બદલે અરુચિ પેદા

મહેસાણા પાઠશાળામાં સિદ્ધહેમ ભણવાની પરંપરા હજી જળવાઈ છે. શિષ્યવૃત્તિ આપીને પણ ત્યાં તેનું અધ્યાપન થાય છે. કેટલાક, ગણ્યાગાંઠ્યા જ કહીએ, અધ્યાપકો, જેઓ મહદંશે મહેસાણા પાઠશાળામાં તૈયાર થયેલા છે, તેઓ પણ યથામતિ સિદ્ધહેમનું અધ્યયન કરાવે છે. આવા અધ્યાપકો દ્વારા ચાલતી પાઠશાળામાં કે ખાનગી રાહે કેટલાંક સાધુ-સાધ્વીઓ અને વિદ્યાર્થીઓ વ્યાકરણ ભણતાં જોવા મળે છે; તેમાંના ઘણાંક તો હેમપ્રવેશિકા ભણીને અટકી જાય છે, તો કેટલાંક આગળ પણ વધે છે. પરંતુ સંયમી વર્ગમાં ગુરુઓ દ્વારા જે વ્યાકરણનો અભ્યાસ કરાવાતો હતો તે લગભગ, જૂજ અપવાદોને બાદ કરતાં, નામશેષ થઈ ચુક્યો છે. પંડિત કે અધ્યાપકનો જોગ મળે તો બુક કે વ્યાકરણ ભણવાના; અન્યથા તેવો જોગ મળવાની પ્રતીક્ષા કરતાં રહેવાનું. આથી, સંયમી વર્ગમાં વ્યાકરણનો સઘન કે સામાન્ય અભ્યાસ વિરલ બની ગયો છે.

ઘણાં સાધ્વીજી તો પૂછે છેઃ અમારે વ્યાકરણ ભણીને શું કરવાનું? અમારે કાંઈવ્યાખ્યાનાદિ પ્રયોજન તો હોય નહિ, તો વૃથા સમય બગાડવાથી શો ફાયદો?

જવાબ શો આપવો આવાસ્શ્નનો? મોટી મૂંઝવણ છે. ખરેખર તો વ્યાખ્યાનાદિ પ્રયોજન હોય તેવા લોકો પણ ક્યાં હવે વ્યાકરણ ભણે છે? તેમના માટે પણ ગ્રંથોના ભાષાંતરોનો વિપુલ જત્થો ઉપલબ્ધ છે, તદુપરાંત આજના આપણે ત્યાં ચાલી રહેલા ભાષાંતરયુગમાં તેમજ વ્યાખ્યાનોપયોગી આલેખનોનાં ઢગલાબંધ 'રેડીમેડ' પ્રવચન-પુસ્તકોના યુગમાં, વ્યાખ્યાનાદિ ખાતર પણ, પ્રાકૃત-સંસ્કૃત વાંચવાની તથા વ્યાકરણ ભણવાની એમને શી ગરજ કે જરૂર હોય?

ન ભણવાના નુકાસન પણ રોકડાં છેઃ જે ગ્રંથનું ભાષાંતર ન હોય તે વાંચી નહિ શકાય. ભાષાંતર પણ જેવું હોય તેવું-તેટલા જ શબ્દો અને વાક્યોમાં સ્વીકારવાનું રહે; પોતાની રીતે કે ખરૂં કે ખોટું, તેનો નિર્ણય કરી ન શકાય; સુધારા કે ફેરફાર કરી ન શકાય. ખોટું હોય તોય ખબર ન પડે, અને તો કદીક જાણકારોની સામે ખોટા-ભોંઠા પડવાનું થાય. વળી કાળના બદલાઈ જતા પ્રવાહમાં અને ભાષાપરિવર્તનની સ્થિતિમાં ભાષાંતરો અપ્રસ્તુત અથવા

કઠિન પણ થઈ જવાનાં. કેમ કે ૧૫મા-૧૬ સૈકામાં થયેલ ભાષાંતરો, ડબા અને બાલાવબોધ, આજે કોને વાંચવા ફાવે? કોણ ઉકેલે તેમ છે? તે જ રીતે છેલ્લાં પચાસેક વર્ષોમાં થયેલ ભાષાંતરો આગામી દાયકાઓમાં ઉકેલવા-સમજવાનું અઘરૂં થવાનું જ. એવા સંજોગોમાં તે તે સમયે પ્રવર્તમાન દેશ-કાળને અનુરૂપ નૂતન ભાષાંતરો જરૂરી થવાના જ. તે કામ કોણ કરશે? કેમકે મૂળ ગ્રંથો સાથેનો અનુબંધ તો ક્યારનોય છૂટી ગયો હોવાનો! વધુમાં મૂળ, ગ્રંથોના વાંચનમાં ગુરૂગમનની જરૂર પડે; તે રીતે વાંચવામાં આવે તો બે પંક્તિઓની વચ્ચેના અર્થો, રહસ્યો, સંદર્ભો પણ ગુરુગમ દ્વારા જાણવા મળી શકે તેવો લાભ ભાષાંતર થકી તો નહિ જ થાય.

ભાષાંતરોનું વધતું ચલણ અને વ્યાકરણ ભણવાનું ઘટતું જતું મહત્ત્વ-આ બે ને લીધે એક આખી પરંપરા હવે લુપ્ત થવામાં છે. અત્યારે ભણાવનારા અધ્યાપકો છે, તે પણ આવતા સમયમાં નહિ હોય. નવા અધ્યાપકો નીપજવાની શક્યતા ઘટતી જાય છે, અને જે નીપજે છે તે પણ નબળા જ; સક્ષમ કે સમર્થ નહિ જ હોય. અને સમયમી વર્ગમાં તો ઉપર નિર્દેશ્યું તેમ, ગુરુપરંપરાપ્રાપ્ત અધ્યયન-પર્થા લગભગ નામશેષ થવામાં છે. એ સ્થિતિમાં આપણે, ગઈ સદીના સ્થાનકમાર્ગી અને તેરાપંથી સમાજની માફક જ થોકડાયુગમાં અથવા ભાષાંતરયુગમાં પાછા પહોંચી જઈશું; અને આપણી મૂળભૂત ઘણી ઘણી બાબતોથી લગભગ વંચિત થઈ પડીશું. વાસ્તવિકતાનું આ ચિત્રણ કોઈને અતિઉક્તિ જેવું લાગે; કોઈને નિરાશાવાદ લાગે, તો એ બનવાજોગ છે. પરંતુ આવું ઉડાઉ અવલોકન કરી દઈને વસ્તુસ્થિતિની ઉપેક્ષા પણ ન જ કરી શકાય. બલ્કે, ખરેખર તો આપણે આજે જ ચેતી જવું પડે. અધ્યયનના, વિશેષતઃ વ્યાકરણના અધ્યયનના ફાયદા, સંઘ અને સંયમી વર્ગની નવી પેઢીને ગળે ઊતારવા પડટે. તે લોકોને પ્રેરણા આપીને એ ભણવા તરફ વાળવા-દોરવા પડે. અને પરંપરા-અધ્યયનની પરંપરાથી અભિજ્ઞ એવી પેઢીને જે થોડાક પણ સુજ્ઞજનો ઉપલબ્ધ છે તેમનો લાભ લઈને એ પરંપરા પાછી વિકસિત થાય અને ચિરકાળજીવી બને તેવા પ્રયાસો આદરવા જ જોઇએ. **(उदाहरणकोश-प्रस्तावना)**

ઉપરના શબ્દો પૂજ્ય ગુરુભગવંત આચાર્ય શ્રી વિજયશીલચન્દ્રસૂરિજી મ.ના છે. તેઓશ્રીની વ્યાકરણના અધ્યયનની પરિપાટી પુનઃ વિકસિત થાય તેવા પર્યાસો આદરવા જોઇએ તેવી આંતરિક ઇચ્છા અને પ્રેરણાને અનુસરીને તેઓશ્રીના શિષ્યવર્ગ દ્વારા જે કાર્યો થયાં તેમાં ત્રણ મુખ્ય છે.

**૧. सिद्धहेमलघुवृत्त्युदाहरणकोशः**

ભારતવર્ષની લગભગ બધી જ પ્રાચીન અને પરંપરાગત જ્ઞાનશાખો, પછી એ વ્યાકરણ-સાહિત્ય જેવી શૈક્ષણિક હોય કે ન્યાય-દર્શન જેવી તત્ત્વજ્ઞાનવિષયક હોય અથવા જ્યોતિષ-આરોગ્ય જેવી જીવનસંબંધી હોય અથવા તો સંગીત-નાટ્ય જેવી કળા જોડે નિસ્બત રાખનારી હોય, પણ દરેક દરેક વિદ્યાશાખામાં આપણા પૂર્વજોના પ્રતિભા-પરિશ્રમ-તપને લીધે ખરેખર વિપુલ અને સમૃદ્ધ સાહિત્ય સર્જાયું છે. વિશેષ આનંદની વાત તો એ છે કે સાહિત્ય સર્જનનો આ દોર આજ સુધી લંબાયો છે પરંતુ એની સામે આજના મનુષ્યની મંદ ગ્રહણશક્તિ, અલ્પ ધારણાશક્તિ, ઓછી ધીરજ, સમયની અછત વગેરેને ધ્યાનમા લઈએ તો એવું વિધાન કરવાનું મન થાય છે કે- 'આજના યુગમાં નવા સાહિત્યની જેટલી જરૂર છે, તેના કરતાં ક્યાંય વધારે જરૂર છે-જૂનાને વધુ ઉપયોગી અને ઉપાદેય બનાવવાની, એનો મહત્તમ લાભ ઉઠાવી શકાય એ રીતે એને રજૂ કરવાની.'

સૃષ્ટ સાહિત્યને વધુ લાભદાયી બનાવવાની આ પ્રક્રિયામાં-સમીક્ષિત વાચના તૈયાર કરવી, એક ગ્રંથના વિષયોની અન્ય ગ્રંથોના વિષયો જોડે તુલના કરવી, સરળ વિવેચન કરવું, ચોક્કસ વિષયને નિરૂપનારા ગ્રંથાંશોનો સંગ્રહ કરવો, અલગ લાગતી બાબતોનો સમાન દૃષ્ટિબિંદુએ સમન્વય કરવો, કોષ્ટકો બનાવવા, વિવિધ સૂચિઓ તૈયાર કરવી-જેવા અનેકા-અનેક પ્રકલ્પોને સમાવી શકાય. આ તમામ પ્રકલ્પો ગ્રંથને અનેકગણો વધુ ઉપયોગી બનાવ તે નિઃશંક છે. અમરકોશની સાથે આપવામાં આવતા શબ્દકોશની જરૂરિયાત કોનાથી અજાણી છે? જોકે આ પ્રકારનું કાર્ય વર્ષોથી ધીમે ધીમે થતું જ રહ્યું છે, પરંતુ વર્તમાનયુગની પરિસ્થિતિ જોતાં તો આ દિશામાં બધા સાહિત્યઉપાસકોએ મચી પડવાની જરૂર લાગે છે.

પ્રસ્તુત ગ્રંથ આ જ દિશામાં મંડાયેલું એક પગલું છે. કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્ય ભગવંતે રચેલા સિદ્ધહેમશબ્દાનુશાસનનું પઠન-પાઠન પ્રાયઃ લઘુવૃત્તિના જ સહારે કરવામાં આવે છે. વ્યાકરણના પ્રારંભિક અભ્યાસી માટે જરૂરી તમામ બાબતોનો આ વૃત્તિમાં સમાવેશ થયો હોવાથી વિદ્યાર્થીઓમાં એ અતિપ્રિય રહી છે. આ વૃત્તિના ઉદાહરણ-પ્રત્યુદાહરણોની સંખ્યા બૃહદ્વૃત્તિના પ્રમાણમાં ઘણી ઓછી હોવા છતાં, એ ઉદા. પ્રત્યુદા. જાણે ચૂંટીચૂંટીને પસંદ કર્યા હોય તેમ, પ્રારંભિક અભ્યાસમાં પર્યાપ્ત બની રહે છે. પ્રસ્તુત કોશમાં લઘુવૃત્તિના તમામ ઉદાહરણ-પ્રત્યુદાહરણ (૧૩,૦૦૦ કરતાંય વધારે) અકાશદિક્રમથી સમાવવામાં આવ્યા છે.

આ કોશની ઉપયોગિતા અનેકવિધ છે-

કોઈક ગ્રંથના વાંચન દરમિયાન कानीन શબ્દ આવ્યો. कानीन એટલે? નથી ખબર. વ્યાકરણમાં ક્યાંક આ શબ્દ ઉદા. રૂપે આવે છે એવું યાદ છે, પણ શોધવા માટે કેટલાં પાનાં ફેરવવા પડે? એ વખતે જો આ કોશ હાથવગો હોય તો कानीन ના સ્થાન સુધી પહોંચવાનું, એનો અર્થ સમજવાનું ચોક્કસ સહેલું થઈ પડે.

यम् નું क्ति પ્રત્યય પરનું રૂપ शम् ના शान्ति ની જેમ यान्ति થાય કે गम् ના गति ની જેમ यति થાય? પણ એ માટે તો शान्ति અને गति કરનારા

સૂત્રો જોવા પડે. હવે જો આ કોશ હાથવગો હોય તો એ સૂત્રો પણ જલ્દી હાથવગાં થાય.

अपीपचत् ની સાધનિકા કઈ રીતે કરવાની? જો આ પ્રકારના પ્રયોગોમાં લાગતા તમામ સૂત્રોની વૃત્તિમાં ઉદા. તરીકે अचीकरत् જેવા પ્રયોગો આવે છે એટલું ધ્યાનમાં હોય તો એ તમામ સૂત્રો આ કોશની મદદથી સહેલાઈથી શોધી શકાય.

એક જ नादेय પ્રયોગ કેટલા અર્થોમાં થાય છે તે જાણકારી પણ આ કોશ આપે.

ટૂંકમાં, આ કોશ વ્યાકરણના ક્ષેત્રમાં ભોમિયાની ગરજ સારે તેમ છે. આ કોશનું સંકલન મુનિ શ્રી ધર્મકીર્તિવિજયજી અને મુનિ શ્રી ત્રૈલોક્યમંડનવિજયજી દ્વારા થયું છે.

આ કોશમાં અભ્યાસીઓની માંગ પ્રમાણે મહત્ત્વના ઉદા.ની સાધનિકા, સમાસવિગ્રહ વગેરે આપવાની પણ યોજના હતી. તે કાર્ય આરંભેલું પણ ખરું. પરંતુ તે દરમિયાન મુનિ શ્રી વિમલકીર્તિવિજયજીએ, બૃહદ્વૃત્તિના લગભગ તમામ ઉદા.ની સાધનિકા-વિગ્રહ વગેરે દર્શાવતી ઢુંઢિકા ટીકાનું સંપાદન આરંભ્યું. તેથી લઘુવૃત્તિના તમામ ઉદા. આ ટીકામાં સમાઈ જતાં હોવાથી, બિનજરૂરી પુનરાવર્તન કરવાનું જરૂરી ન લાગતાં, ફક્ત ઉદાહરણસૂચિનો જ ઉપક્રમ રાખી, સાધનિકા વગેરેની યોજના જતી કરી છે. આ ઢુંઢિકાનો પરિચય હવે પછી આપ્યો છે.

**૨ सिद्धहेमशब्दानुशासन-बृहद्वृत्ति-ढु ण्ढिका-भाग-१-७**

સિદ્ધહેમશબ્દાનુશાસનની સ્વયં કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય રચિત બૃહદ્ વૃત્તિમાં સમાવિષ્ટ ૩૦,૦૦૦ કરતાં પણ વધારે ઉદાહરણ-પ્રત્યુદાહરણોની તેમજ શબ્દાનુશાસનગત તમામ સૂત્રોમાં રહેલા મૂળ શબ્દોની સાધનિકા દર્શાવતી એક વૃત્તિની રચના સં. ૧૫૯૧ (ઈ. સ. ૧૫૩૫)માં સૈભાગ્યસાગર નામના વ્યાકરણ વિશારદ મુનિએ કરી છે, જે 'ઢુંઢિકા'ના નામે ઓળખાય છે. વ્યાકરણના અભ્યાસીઓ માટે આ એક મહત્વર્પૂણ સહાયક સાધન છે.

આ વૃત્તિમાં સૂત્રગત દરેક પદમાં તેમ જ દરેક દૃષ્ટાંતમાં કયો મૂળ શબ્દ કે ધાતુ છે, કયા અર્થમાં કયો પ્રત્યય લાગ્યો છે, કયા કયા અનુબંધોનો લોપ થયો, પ્રત્યય લાગ્યા પછી ક્રમશઃ તે સૂત્રોથી કયા કયા ફેરફારો થયા, સમાસ-વિભક્ત-સંધિ-ન્યાય વ. સર્વાંગ સંપૂર્ણ માહિતી આપવામાં આવી છે. આ સાધનિકાની સહાયથી વિદ્યાર્થી એકદમ સરળતાથી વ્યાકરણમાં ગતિ કરી શકે છે.

આ મહાકાય ગ્રંથનું સંપાદન મુનિ શ્રી વિમલકીર્તિવિજયજીએ સં. ૨૦૪૫માં આરંભ્યું હતું. કાર્ય ગંજાવર અને સંસ્થાકીય શ્રમને બદલ્વ્યૂક્તિગત સ્તરે જ શ્રમથી કાર્ય સાધવાનું. હસ્તપ્રત ઉકેલવાથી માંડીને પ્રૂફ જોવા સુધીના બધા જ કામ જાતે કરવાના. એટલે સમય તો લાગે જ. લગભગ પચ્ચીસ વર્ષે, ૭ ભાગમાં લગભગ ૨૫૦૦ પાનામાં ગ્રંથ પ્રકટ થઈ શક્યો. દરેક ભાગમાં, તે તે ભાગમાં સમાવિષ્ટ ઉદાહરણ-પ્રત્યુદાહરણની સૂચિ પણ ઉમેરાઈ.

આ સંપાદનને મળેલા બહોળા પ્રતિસારે આ સંપાદન પાછળનું પરિશ્રમનું સાટું વાળી આપ્યું. ઉમળકાથી છલકાતા પ્રતિભાવપત્રો કે આશીર્વાદપત્રોની જ વાત નથી કરતો, પણ જૈન શ્રીસંઘમાં વ્યાકરણના અધ્યપનમાં આ ગ્રંથ એક અનિવાર્ય સાધન તરીકે વપરાતો થયો. ઘણા-ઘણા અભ્યાસીઓનો વ્યાકરણ ભણવાનો ઉતિસાહ આ ગ્રંથની મદદથી વધ્યો. પાણિનિ-વ્યાકરણના અભ્યાસીઓને સિદ્ધહેમશબ્દાનુશાસનની ગતિવિધિ સમજવા માટે એક સવલિયત ઊભી થઈ. જાણવા મળ્યા પ્રમાણે એક બહેન 'ઢુંઢિકાવૃત્તિ વ્યાકરણ અભ્યાસમાં પ્રદાન' એવા વિષય પર પીએચ.ડી. પણ કરી રહ્યા છે.

આમ તો, સામાન્યતઃ જૈન શ્રમણ સંસ્થા દ્વારા થતાં કોઈપણ સ્તરના વિદ્યાકાર્યોમાં જૈનેતર વિદ્વાનો ઝાઝો રસ નથી દાખવતા હોતા. પણ ઉપરોક્ત બંને કાર્યો- ઉદાહરણકોશ અને ઢુંઢિકાને કેન્દ્રમાં રાખીને શ્રી હર્ષવદનભાઈ ત્રિવેદીએ 'સિદ્ધહેમનો ઉદાહરણ-કોષઃ યુનિવર્સિટીના બરનું કાર્ય, સાધુઓએ ટાંચા સાધનો વડે કર્યું.' એવો એક લેખ પણ તૈયાર કર્યો. જે 'શબ્દસૃષ્ટિ'ના જૂન, ૨૦૧૬ના અંકમાં પ્રસિદ્ધ થયો. જે અમારા માટે આનંદપ્રદ ઘટના બની રહી. આ લેખમાં શ્રી હર્ષવદનભાઈએ બંને કાર્યોની મૂલ્યવત્ત વિશે વિગતે વાત કરી છે. તો બંને કાર્યોની કેટલીક મર્યાદાઓનો યોગ્ય રીતે નિર્દેશ પણ કર્યો છે. આ પ્રકારના કરવા તેવા અન્ય કાર્યો અંગેના એમના નિર્દેશો મહત્ત્વપૂર્ણ છે. જો શ્રમણનો વિપુલ સંખ્યા આવા કાર્યોમાં જોડાય, અને તેમાં આવા વિદ્વાનોનો સાથ-સહકાર મેળવવામાં આવે તો કલિકાલસર્વજ્ઞને અંજલિરૂપ એક માતબર કાર્ય થઈ શકે. અને સિદ્ધહેમના અધ્યયનની પરિપાટીને દૃઢમૂળ પણ કરી શકાય.

આ ઉપરાંત સિદ્ધહેમ-પ્રાવૃત્તવ્યાકરણ (સિદ્ધહેમશબ્દાનુશાસન-અષ્ય અધ્યાય)ના અધ્યયનમાં સહાયક બને તેવા 'પ્રાકૃતબોધ' નામના ગ્રંથનું પણ પ્રકાશન કરવામાં આવ્યું છે.

આ ગ્રંથના કર્તા ચલધાર ગચ્છના શ્રી નરેન્દ્રસૂરિજી (વિક્રમનો ૧૪મો સૈકો) છે અને તેનું સંપાદન આચાર્ય શ્રી વિજયશીલચન્દ્રસૂરિજી મ.ના માર્ગદર્શનમાં વિદુષી સાધ્વીજી શ્રી દીક્ષિતપરજ્ઞાશ્રીજીએ કર્યું છે.

આ ગ્રંથમાં કર્તાએ સિદ્ધહેમ-પ્રાકૃત-વ્યાકરણની વૃત્તિમાં ઉદાહરણરૂપે સમાવિષ્ટ પ્રયોગોની રૂપસિદ્ધિ દર્શાવી છે. વૃત્તિના પ્રારંભે જ કર્તાએ '**सिद्धहेमाष्टमाध्याये रूपसिद्धिर्विधीयते**' એમ કહીને, વ્યાકરણ પર પાંડિત્યપૂર્ણ વિવરણનો નહિ, પણ વિદ્યાર્થીઓની સુગમતા ખાતકફક્ત રૂપસિદ્ધિ જ દર્શાવવાનો પોતાનો આશય સ્પષ્ટ કરી આપ્યો છે. વૃત્તિના અંતે પણ તેઓ આ વૃત્તિ રચવા પાછળનો હેતુ દર્શાવતા જણાવે છે કે 'જુદા જુદા વિદ્વાનોએ પોતાની મતિકલ્પનાથી જટિલ બનાવી દીધેલી સઘળીયે

રૂપ પ્રક્રિયાને જોઈને, શિષ્યવર્ગથી પ્રાર્થના કરાયેલા નરચંદ્રસૂરિએ પરંપરાને નજર અંદાજ કર્યા વગર રૂપસિદ્ધિ દર્શાવવાનો આ પ્રયત્ન કર્યો છે.

વિદ્યાર્થીલક્ષી આ રચનામાં જો કે વ્યાકરણના બધાં સૂત્રો નોંધાયેલા બધા જ પ્રયોગોની સાધનિકા નથી દર્શાવવામાં આવી. કર્તાને જ્યાં જ્યાં, જે ઉદાહરણોમાં અભ્યાસીઓને તેની સાધના કઠિન પડશે એમ લાગ્યું, ત્યાં ત્યાં લાગુ પડવામાં સૂત્રો તેમણે ક્રમબદ્ધ ટાંક્યાં છે. તે પણ ખાસ સૂત્રો જ. બાકીની સામાન્ય પ્રક્રિયા તો અભ્યાસી પોતે જ શોધી શકે તેવો તેમનો ખ્યાલ લાગે છે. અને તે સમુચિત પણ છે. કેમ કે આને લીધે આ ગ્રંથનું કદ અપેક્ષાએ ઘણું હળવું રહી શક્યું છે. અને તેમ છતાં અત્રે સિદ્ધ કરવામાં આવેલા પ્રયોગો પર પૂરતું ધ્યાન આપનાર અભ્યાસી અન્ય તમામ પ્રયોગો સહેલાઈથી સિદ્ધ કરી જ શકે છે.

સિદ્ધહેમશબ્દાનુશાસન વ્યાકરણ તરીકે સર્વોત્કૃષ્ટ હોવા છતાં પઠન-પાઠનમાં એનો પ્રમાણમાં અલ્પ પ્રચાર કેમ? એ ખરેખર મૂંઝવનારો પ્રશ્ન છે. આ પ્રશ્નના વિદ્યાર્થીઓ તરફથી જે જવાબો આજ સુધીમાં મળ્યા છે તેમાં એક એ પણ હતો કે 'આ વ્યાકરણના અભ્યાસમાં સહાય પૂરી પાડે તેવું સાહિત્ય મળતું નથી.' આમ તો આ વ્યાકરણ સ્વયં એટલું વ્યવસ્થિત છે કે એને સહાયક સાહિત્યની, અન્ય વ્યાકરણને જેટલી જરૂર છે તેટલી ન જ રહે, છતાંય થોડીક જરૂર તો છે જ એ વાત નકારી શકાય તેમ નથી. તે વખતે મનોરથ થયો હતો કે આ પ્રકારનું સાહિત્ય અવશ્ પૂરું પાડીશું. આ ગ્રંથોરૂપે એ મનોરથ આંશિક રીતે પૂરો થયો છે. આ સિવાય પ્રાકૃત વ્યાકરણ-ઢુંઢિકાનું અને કલિકાલસર્વજ્ઞશ્રીની હયાતીમાં જ લખાયેલી તાડપત્રપ્રતિના આધારે પ્રાકૃત વ્યાકરણની શુદ્ધ વાચનાનું સંપાદન પ્રવર્તમાન છે.

ઉપરોક્ત ગ્રંથો મેળવવા માટે સરસ્વતી પુસ્તક ભંડાર,
૧૧૨, હાથીખાના, રતનપોળ,
અમદાવાદ-૩૮૦૦૦૧.
(૦૭૯-૨૫૩૫૭૬૯૨.)

❑❑❑

## 'પ્રબુદ્ધ જીવન' હવે ડિજિટલ સ્વરૂપે ઉપલબ્ધ

૧૯૨૯ થી માર્ચ ૨૦૧૫ સુધી 'પ્રબુદ્ધ જીવન'ના બધાં જ અંકો સંસ્થાની વેબસાઈટ www.mumbai jainyuvaksangh.com ઉપર આપ વાંચી શકશો. તેમજ ડી.વી.ડી. સ્વરૂપે પણ આ બધાં અંકો ઉપલબ્ધ છે. જિજ્ઞાસુ અને પુસ્તકાલયોને આ ડી.વી.ડી. **વિના મૂલ્યે** અમે અર્પણ કરીશું.

આ ડી.વી.ડી. ના સૌજન્યદાતા

૧. ફોરમ ઑફ જૈન ઈન્ટેલેક્ચ્યુઅલ
હસ્તે-અંજના રશ્મિકુમાર ઝવેરી અને મયૂર વોરા.

૨. નિર્મળાનંદ જ્યોત, રેખા-બકુલ નંદલાલ ગાંધી

**સંપર્ક : સંસ્થા ઑફિસ - ૦૨૨-૨૩૮૨૦૨૯૬**

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલ અનુદાનની યાદી

### સંઘ ડોનેશન

| રૂપિયા | નામ |
|---|---|
| ૫,૦૦,૦૦૦/- | શ્રી સી. કે. મહેતાસાહેબ |

### પ્રબુદ્ધ જીવન નીધિ ફંડ

| | |
|---|---|
| ૩,૫૦૦/- | શ્રીમતિ ડૉ. રશ્મિબેન ભેદા |
| ૯૦૦૦/- | શ્રીમતિ ઈલાબેન ચંપકલાલ મોદી |
| ૧૨૫૦૦/- | |

### જમનાદાસ હાથિભાઈ મહેતા અનાજ રાહત ફંડ

| | |
|---|---|
| ૧૦,૦૦૦/- | શ્રી શશિકાન્ત એમ. મહેતા (જ્યોતિ આઈસ્ક્રીમ) |
| ૧૫,૦૦૦/- | શ્રી મનોજ જયંતિલાલ ખંડેરિયા હસ્તે : રમાબેન મહેતા |
| ૨૫૦૦૦/- | |

### ભાનુ ચેરિટિ ટ્રસ્ટ અનાજ રાહત ફંડ

| | |
|---|---|
| ૨૦૦૦/- | જ્યોતિબેન સંઘવી |

### કિશોર ટિમ્બડીયા કેળવણી ફંડ

| | |
|---|---|
| ૧૦,૦૦૦/- | શ્રી મનોજ જયંતિલાલ ખંડેરિયા હસ્તે : રમાબેન મહેતા |

### સંઘ નવા આજીવન સભ્ય

| | |
|---|---|
| ૫,૦૦૦/- | શ્રી કિરણ રતિલાલ શેઠ |

### પ્રબુદ્ધ જીવન સૌજન્ય દાતા

| | |
|---|---|
| ૨૫,૦૦૦/- | ડૉ. ભરત જે. ભીમાણી - ભાવનગર હસ્તે : શ્રીમતિ ઈન્દિરા ટી. પટેલ એપ્રિલ સૌજન્ય) |
| ૨૫,૦૦૦/- | |

જે જોઈએ તે મેળવીને જ જંપવું, એ કદાચ સફળ જીવનની નિશાની હશે, પણ જે મળ્યું હોય એમાં સંતુષ્ટ રહેવું, એ તો સંતોષી-જીવનની નિશાની છે. સફળ જીવન કરતાંય સંતોષી જીવન વધુ શ્રેષ્ઠ છે.

**'ઉપવન' પુસ્તકમાંથી**

# ભુતાન પ્રવાસના સંસ્મરણો : ૭

કિશોરસિંહ સોલંકી

(ગતાંકથી ચાલુ...)

### ૧૦. પુનાખા જોન્ગ

ડોચુ લા એક એવું સ્થળ છે કે જ્યાં બેઠા બેઠા હિમાલયનાં શિખરોને માણ્યા જ કરીએ. પણ અમે તો પ્રવાસી હતા. ડોચુ લાનો ઢોળાવ ઉતરીને પુનાખા વેલીમાં પ્રવેશવાનો રોમાંચ હતો. ગાઢ જંગલ, વળાંકોવાળા રસ્તા અને ઉપર ઝબૂંબી રહેલાં તોતિંગ વૃક્ષો! વચ્ચે વચ્ચે આવતાં પાણીનાં વ્હેણ... આ વેલીમાં સંતરાં, સફરજન, કેળાં અને કેકટ્સ પુષ્કળ માત્રામાં જોવા મળ્યાં. ફૂલો પણ આકર્ષક હતાં.

થિમ્ફુથી લોબેસા ૬૫ કિ.મી. થાય છે. લોબેસાથી પુનાખા અને વૉન્ગડ્યુના રસ્તા જુદા પડે છે. આ વિસ્તારમાં ચીડનાં વૃક્ષોનું પ્રમાણ ઘણું છે. ત્યાં નજીકમાં એક મંદિર આવેલું છે એને ચીમે લાખાન્ગ કહે છે. ૧૯૯૮-૯૯માં એનો જીર્ણોદ્ધાર કરાવેલો. ભુતાનમાં જે કોઈ સ્ત્રીઓને બાળક થતું ન હોય તે અહીં આવીને માનતા માને છે. અહીંયાં નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ એગ્રીકલ્ચર આવેલી છે. ત્યાંથી રસ્તો ઉત્તર તરફ ફંડાય છે. અમે વળાંકમાં વળ્યાં ત્યાં અમારી બીજી ગાડી ઊભેલી હતી. તપાસ કરતાં જાણવા મળ્યું કે, અહીં રાજમાતા લોકોની ખબર અંતર પૂછવા આવ્યાં છે. એકદમ સાદાઈમાં, કોઈ ભાર કે ભભકો નહિ, સામાન્ય માણસની જેમ. એટલે જ ભુતાનની પ્રજા પોતાના રાજાને ભગવાનની જેમ પૂજે છે. રાજા-રાણી વિશે એક શબ્દ પણ ઘસાતો બોલો તો તમારી ખેર નથી! દેશનો રાજા જ ત્રણ રૂમના સાદા મકાનમાં રહેતો હોય, પછી પૂછવું શું ?

લોબેસા પછી ૧૨ કિ.મી. નો વિસ્તાર સૂક્કો લાગ્યો. છતાંય ભૂતાનની હરિયાળી તો ખરી જ. ખેતરોમાં ડાંગર લહેરાય છે, ઘઉં પણ ઊભા છે. ખેડૂતો કામ કરતાં જણાય છે. આ બધું નિરખતાં નિરખતાં બપોરે આવી ગયાં પુનાખા.

સૂરજ માથે હતો. ગરમી પ્રમાણમાં ઘણી હતી. અમે ઉતરીને અમારા ગાઈડની સૂચના મુજબ પુનાખા જોન્ગ જોવા તૈયાર થયા. પુનાખા ૧૩૫૦ મી. ની ઊંચાઈએ વસેલું છે. પચાસ વર્ષ પહેલાં ત્યાં માત્ર એક જ જોન્ગ હતો. ધીમે ધીમે એ શાળાની શરૂઆત થઈ. ૧૯૮૦ના દાયકામાં એનો વિસ્તાર વધ્યો. પુનાખાનો વિસ્તાર નાનો હોવા છતાં નવાઈની વાત એ છે કે, ૩૦૦ વર્ષ સુધી એ ભુતાનનું શિયાળાનું પાટનગર રહ્યું અને દેશના ઈતિહાસમાં એની મહત્ત્વની ભૂમિકા રહી.

પુનાખા જોન્ગની સ્થાપના ઈ.સ. ૧૬૩૭માં સાબડુંગ ગવાન્ગ નામગ્લેએ કરી હતી. એની પહેલાં પણ અહીં ઈ.સ. ૧૩૨૮માં નગાગી રિન્ચેન નામના સંતે એક મંદિરનું નિર્માણ કર્યું હતું. તે આજે પણ આ જોન્ગની સામે જ છે, સ્થાનિક ભાષામાં એને 'જોન્ગ ચુંગ' (નાનો જોન્ગ) કહે છે. આ જોન્ગને ૮મી સદીમાં ગુરૂ રિપૉચેના આશીર્વાદ પ્રાપ્ત થયા હતા. એમણે આ સ્થળની મુલાકાત લઈને ભવિષ્યવામી કરેલી કે 'નામગૅલ'નામનો એક માણસ હાથની સૂંઢ જેવા દેખાતા પર્વતની ધાર ઉપર એક કિલ્લેબંધ ઈમારતનું નિર્માણ કરશે.

સાબડુન્ગ નામગ્વેલ ફો (Pho) અને મો (Mo) નદીના સંગમ સ્થળે આવ્યો ત્યારે તેણે ત્યાં છાવણી નાખી અને એ જ રાત્રે એને સ્વપ્ન આવ્યું કે જાણે ગુરૂ રિપૉચે ભવિષ્યવાણી કરી રહ્યા છે. એણે એ જ સમયે, એ જ સ્થળે જોન્ગ નિર્માણ કરવાનો સંકલ્પ કર્યો અને તિબેટની તેની સાથે લાવેલા એક પવિત્ર અવશેષ (સ્થાનિક ભાષામાં રાન્જુંગ કારસાયાની)ની સ્થાપના કરવાનું નક્કી કર્યું. આ રાન્જુંગ કારસાયાની એ તિબેટના દુક્પા ધાર્મિક સંપ્રદાયના સ્થાપક સૉન્ગપાગ્યારેની અંતિમ વિધિ દરમ્યાન તેમની પાંસળીઓમાંથી ચમત્કારિક રીતે અવલોકિતેશ્વરની પ્રતિમા પ્રગટ થઈ હતી. આ પ્રતિમા એટલી બધી પવિત્ર માનવામાં આવે છે કે તેને પાછી મેળવવા માટે તિબેટના લોકોએ પુનાખા જોન્ગ પર આક્રમણ કર્યું, પરંતુ તેમાં તેઓ સફળ થયા નહિ. ભૂતાનના વિજયની યાદમાં દર વર્ષે શિયાળાના અંતમાં એક વાર્ષિક તહેવાર પુનાખા શેરડા ઉજવવામાં આવે છે.

પુનાખા જૉન્ગમાં પ્રવેશ માટે વચ્ચે ફો નદી આવે છે એના ઉપર લાકડાનો બ્રીજ બનાવ્યો છે. એ ઓળંગીને અમે અંદર પ્રવેશ્યા, ત્યારે એની ભવ્યતાનો અમને ખ્યાલ આવ્યો. પુનાખા ભુતાનની શિયાળાની રાજધાની છે. સાડુન્ગે તેને એટલા માટે બનાવેલી કે અહીંયા શિયાળામાં પણ વાતાવરણ હૂંફાળું રહે છે. ૧૯૫૦ સુધી દર વર્ષે શિયાળામાં રાજ વહીવટનું સંચાલન શિયાળામાં થિમ્ફુથી પુનાખા ખસેડાતું. આ જોન્ગના સ્થાપક સાડુન્ગ નામગ્યેલ સમાધિ અવસ્થામાં જ ઈ.સ. ૧૬૫૧માં મૃત્યુ પામેલા. આજે આ જોન્ગમાં અંદર આવેલા એક મંદિરમાં એમનું શરીર સાચવવામાં આવ્યું છે. આજે પણ શિયાળામાં સાધુઓ થિમ્ફુથી છ માસ માટે અહીં આવીને રહે છે.

આ જોન્ગનું મહત્ત્વ એટલા માટે છે કે, ભુતાનના પ્રથમ રાજા યુગેન ઉન્ગચુનો રાજ્યાભિષેક ૧૭ ડિસે. ૧૯૦૭ના રોજ આ જ પુનાખા જોન્ગમાં થયો હતો. ભિક્ષુઓ માટેનો સભાખંડ બીજા ધર્મરાજા (૧૬૫૩-૧૬૬૭)એ નિર્માણ કરેલ. છ વખત આગ લાગવાથી, એકવાર ધરતીકંપ અને એકવાર પૂરથી આ જોન્ગની

ઈમારતને નુકસાન થયું હતું.

અત્યારે એને ઊંચાઈ પર નિર્માણ કરેલ છે. આપણે પગથિયાં ચડીને ઉપર જવું પડે છે. એના દરવાજાની સામે જ નાનો જોન્ગ છે. જતી વખતે ડાબા બાજુએ શાળાનું મકાન આવે છે જેમાં બાળ લામાઓ ભણે છે. આ જોન્ગમાં કુલ ૨૧ મંદિરો આવેલાં છે. આ પુનાખા જિલ્લો એ ભુતાનનો સૌથી મોટો જિલ્લો છે અને આ જૉન્ગમાંથી એનો વહીવટ કરવામાં આવે છે.

અમને ત્યાંના સ્થાનિક વિદ્યાર્થીઓએ આ જોન્ગ, અને ભીંતે ચીતરેલાં ચિત્રો વિશે સમજ આપી. એ ચિત્રોનો પણ એક ઈતિહાસ હોય છે. માત્ર ચિતરામણ નથી પણ એમાંય બૌધિઝમની સરવાણી ફૂટતી અનુભવાય છે. અમે એમાંથી બહાર નીકળીને બપોરના ભોજન માટે જ્યાં બંને નદીઓનો સંગમ થાય છે એના કિનારા પાસે બનાવેલા બગીચામાં ગયા. ત્યાં ભોજન વ્યવસ્થા કરવામાં આવી હતી. બધાં શાંતિથી જમ્યાં. એ રોડની સામેની બાજુએ એક સેન્ટ્રલ સ્કૂલ હતી. થોડા વિદ્યાર્થીઓ અહીં-અહીં આંટા મારતા હતા.

ભોજન પછી ત્યાંથી ૧૦ કિ.મી. દૂર ગેન્ગ નામની ટેકરી આવેલી છે કે જેના પર રાજમાતાએ દેશની સુરક્ષા માટે ત્રણ માળનું સ્મારક બનાવ્યું છે. નદીના કિનારે જતા રોડ દ્વારા અમે આગળ વધી રહ્યા હતા. ત્યાં ડાબી બાજુ ખેડૂતોનાં મકાનો છૂટાં છવાયાં જોવા મળ્યાં. ખેતરોમાં પીળી પડી ગયેલી ડાંગર લહેરાતી હતી. નદી અને રેતાળ પ્રદેશ જોવા મળ્યો.

૧૯૧૯ના ડિસે. માં સામાન્ય લોકો માટે ખુલ્લું મૂકાયેલું આ સ્મારક તેનાં ચિત્રો માટે જાણીતું છે. આ ચિત્રોમાં અલગ અલગ ભગવાનનું આલેખન કરવામાં આવ્યું છે અને એવું માનવામાં આવે છે કે, આ ચિત્રોની જાદુઈ તાકાતથી દુશ્મનો પર વિજય મેળવી શકાશે. દુરિત તત્ત્વો દૂર રહેશે અને સમગ્ર દેશમાં શાંતિ-સંવાદિતાનું વાતાવરણ સર્જાશે.

રાજમાતાએ જે સ્મારક બનાવ્યું છે અને ભોંયતળિયે દોરજી ફૂરપાના અલગ અગલ અવતારોનાં ચિત્ર જોવા મળે છે. પ્રથમ માળમાં દોરજી ફૂરપાના બધા જ અવતારોમાં સૌથી પ્રભાવશાળી એવા ખાપસુન્ગ નૉન્ગેલન સમર્પિત છે. બીજો માળ દોરજી ફૂરપાના બીજા અવતાર નામ્પાર ગ્વાલવાને સમર્પિત છે. અહીં વિશાળ ગુંબજ નીચે એક બુદ્ધ શાક્યમુનિની પ્રાચીન મૂર્તિ આવેલી છે. જે પુનાખા જોન્ગ તરફથી ભેટ આપવામાં આવેલી છે.

અમારા કેટલાક મિત્રો નદીમાં રાફ્ટીંગ માટે જોડાયા. અમે ગાડીમાં ગોઠવાયા અને આગળ આઠેક કિ.મી. પછી એ મિત્રોને સાથે લીધા. પુનાખાથી નીકળીને રવાના થયા થિમ્ફુ.. જે રસ્તે આવ્યા હતા એ જ રસ્તે પાછા...

❑❑❑

'ઋત' ૪૩, તીર્થનગર, વિ૦૧, સોલા રોડ,
ઘાટલોડીયા, અમદાવાદ - ૩૮૦૦૬૨.
મો. ૯૮૨૫૦૯૮૮૮૮

# સલાહશિખામણ ઉપદેશ

રમણ સોની

લગભગ એક જ અર્થના આ ત્રણ શબ્દો સલાહ, શિખામણ, ઉપદેશ બહુ છૂટથી હરતાફરતા હોય છે. અંકધારા, વણ અટક્યા, નૉન સ્ટોપ; ને એનું નિશાન બનનારા સતત ફફડે છે. ભાગી જવાય તો ભાગી છૂટે છે, ભાગી ન જવાય તો આંખો ખુલ્લી રાખીને કાન બંધ કરી દે છે, સલાહનું પોટલું ન છૂટકે સ્વીકારી તો લે છે પણ પછી બહાર જઈને ખંખેરી દે છે - હાશ, છૂટ્યા.

શિકારે નીકળેલાને શિકાર તો મળી રહેતા હોય છે - ગામમાંથી બહાર ભણવા જવા નીકળેલા કોઈ કિશોર, પરણીને સાસરે જતી કન્યા વધૂ નોકરી કરવા જતો યુવક, ઝટ લઈને ભોળવાઈ જતો મુગ્ધ ભક્ત - એ બધા મિષ્ટ શિકાર હોય છે. નાના હોવું, શિષ્ય હોવું, પુત્ર હોવું, જિજ્ઞાસુ હોવું - એ શિકાર બનવાની ઉત્તમ લાયકાત છે. પછી પેલા શિકારી એમના પર શિખામણનો મારો ચલાવે છે.

અને આપણે જાણીએ છીએ આ શિકારીઓ કોણ હોય છે તે. અકાળે પક્વ થઈ ગયેલા, જિંદગીમાં કદી સક્રિય નહીં થઈ શકેલા, કદી પ્રભાવક નહીં બની શકેલા, શરીરથી જ નહીં મનથી પણ અશક્ત બનેલાઓ જ મોટે ભાગે સલાહ શિખામણનો મારો ચલાવે છે, કાગારાંળ કરી મૂકે છે : જુઓ, આ કરો, આ રીતે કરજો, આનું ધ્યાન રાખવું, સત્યં વદ, ધર્મં ચર, સાંભળ્યું ?, સમજ્યા ? આજ્ઞાર્થ ક્રિયાપદોની ટાંકણીઓ ઘોંચ્યા કરવામાં એમને અપાર આનંદ મળે છે, એમનો સમય અઢાક સુખમાં પસાર થાય છે. પણ સામેનાનું શું ?

ખરા અનુભવીઓ ને સાચા જાણકારો કદી સલાહો આપવા બેસી જતા નથી. એ લોકો માને છે કે હજુ પોતાને ય વધુ અનુભવની, વધુ જાણકારીની જરૂર છે, ને જાતે ઠેબાં ખાધા સિવાય અનુભવ કે જ્ઞાન મળતાં નથી. વધી, તૈયાર readymade અનુભવ નામની કોઈ ચીજ હોતી નથી. એટલે માગળા આવનારને ય એ સલાહ નથી આપતા, બહુ બહુ તો માર્ગદર્શન કરાવે છે કે, જો, પેલો રસ્તો, ત્યાંથી આગળનો તારે ખોળી લેવાનો.' એ લોકો તમારી સાથે સાથે, તમને આંગળીએ વળગાડીને ફરતા નથી, બહુ જીભ ચલાવતા નથી, કેમકે એ ટોળાંને ઘુમાવનાર ટુરીસ્ટ ગાઈડ નથી હોય - હોય છે આછો સંકેત કરનાર, માત્ર ઈંગિત કરનાર.

આપણા ઘણાખરા શિક્ષકો ને આપણા ધર્મગુરુઓને એમ હોય છે કે પોતે ઉપદેશ આપવા માટે અવતાર ધારણ કર્યો છે ને એમના ઉપદેશ વિના આ જગત એકેય ડગલું આગળ ચાલી શકવાનું નથી. એમની પાસે મોટે ભાળો શું હોય છે. એમની પાસે વિચારોના કોથળા હોય છે, ને એ વળી, મોટે ભાળો તો એમણે પણ અગાઉ કોઈ શિક્ષક કે ધર્મગુરુ પાસેથી મેળવ્યા હોય છે. શિખામણ ગાંઠે બંધાવી એમ કહેવાય છે ને? એ આ જ. કશું છોડવાનું જ નહીં, એમનું એમ આગળ પધરાવવવું! પણ જ્ઞાન એ કંઈ કોથળો નથી, એ તો વહેતી અને વધતી જતી શક્તિ છે. એટલે ખરેખરો શિક્ષક ને ખરેખરો ધર્મગુરુ તો ઉપદેશક નહીં પણ પ્રેરક હોય, રસ્તો ચીંધનારો હોય. શિષ્યના ચિત્તમાં વિચારનો એક તણખો એવો મૂકે કે એ એની ચેતનામાં પ્રસરતો જાય, એ એક વિચાર એવો ઉત્તેજક હોય કે બીજા ચાર નવા વિચાર શિષ્યના મનમાં જન્મે. જ્ઞાન એ નિર્જીવ વારસો નથી - ડેડ સ્ટૉક નથી, આપણા શરીરના જીવતા કોષોની જેમ એનું સંવર્ધન થાય છે. એટલે જ શિષ્યો સવાયા થાય છે. ને એવો ગુરુ જ કહી શકે છે - પુત્રાત્ શિષ્યાત્ પરાજયઃ

ઉપદેશનું એક લક્ષણ એ છે કે એ ગળે ઊતરતો નથી હોતો. ઠાંસીને ઘુસાડવામાં આવે છે. ઉપદેશ ભાગ્યે જ આપણે પ્રેમથી સ્વીકાર્યો હોય છે. 'સોનેરી સલાહો'ને એવું બધું કહેવાય છે ખરું, પણ એ બધો મહિમા સલાહ આપનારે ઊભો કરેલો હોય છે. પોતાની વાત બીજાના મનમાં નાખવાની ત્રણ રીતો હોય છે : શિખામણ, વિનંતી અને પ્રેમ. કાવ્ય એટલે શું - એની ઓળખ આપતાં સંસ્કૃતના એક કાવ્ય-વિચારકે કહ્યું છે - એ કાન્તાસસ્મિત ઉપદેશ કરે છે. પછી વિવરણમાં કહે છે : શાસ્ત્રો અને વડિલો આજ્ઞાપૂર્વક ઉપદેશ કરે છે; મિત્રો અને સ્નેહિઓ વિનંતી અને સમજાવટથી કામ લે છે. પણ બને કે આ બંને બાબતો માણસના મનમાં ઝર ન ઊતરી જાય. એટલે પેલો રસિક સંસ્કૃત વિદ્વાન કહે છે કે કાન્તાસમ્મિત - એટલે કે પ્રિય પત્નીના વચનની જેમ કવિતા એનો ઉપદેશ, ઉપદેશ શાનો? - એનો મર્મ વાચકના હૃદયમાં પ્રેમથી સરકાવે છે. ઈષ્ટ વાણી પણ મિષ્ટ રીતે - પ્રેમપૂર્વક - આપણા તરફ આવે તો આપણે સ્નેહથી સ્વીકારીએ. કશું પણ આપવા માટે ને લેવા માટે વિશ્વાસનો સેતુ સૌથી વધુ કામનો હોય છે. હિતેચ્છુ હોય તે જકડી કે આક્રમક ન હોય, બીજી શક્યતા, બીજાનો વિચાર ધ્યાનમાં રાખતો હોય તો પછી સલાહ શિખામણ ઉપદેશને આપણો દેશવટો આપીએ તો પણ ચાલે. કદાચ વધારે સારું ચાલે.

❑❑❑

મો.૯૨૨૮૨૧૫૨૭૫

## સ્વ. શ્રી ચમનભાઈ ડી. વોરા (ઘાટકોપર) ના જીવન-કવનને નમન સહ શ્રધ્ધાંજલિ

''યથા નામ તથા ગુણ'' ના ન્યાયે શ્રી ''ચમનભાઈએ'' પોતાના નામને પોતાની સત્કાર્યો દ્વારા સાર્થક કરી બતાવ્યુ. જેમ મહેકતા ફૂલોના બગીચામાં જે કોઈ જાય તેને ફૂલોની સુગંધનો આસ્વાદ પ્રસાદ રૂપે મળ્યા વગર રહે નહીં તેમ જે કોઈ પણ પરિચિત કે અપરિચિત વ્યક્તિ તેઓની સમીપ જાય તે વ્યક્તિ તેઓના કલ્યાણકારી સત્કાર્યોમા જોડાઈને પ્રફુલ્લિત અને પ્રભાવિત બન્યા વગર રહે નહી.

તેઓ યુવાનને પણ શરમાવે એવો સ્ફુર્તિલી કાર્યશક્તિનું અત્ર-તત્ર-સર્વત્ર જીવતું જાગતુ ઉદાહરણ હતા. કોઈપણ સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક કે વ્યવહારિક કામ તેઓના માટે સહજ હતું. વિવિધ સમાજોમાં ક્રાંતિકારી પરિવર્તન લાવીને તેના અમલીકરણ માટે તીવ્ર રસ લઈ નવા નવા પ્રોજેક્ટોનું આયોજન કરતા હતાં.

પ્રખર સમાજ સેવક શ્રેષ્ઠીવર્ય સ્વ. શ્રી દુર્લભજીભાઈ ખેતાણીએ આ ચીથરે વિટળાયેલ રત્નને પારખી લઈ શ્રી હીંગવાલા લેન - ઘાટકોપર સ્વયંસેવક મંડળનો ભાર સોંપી ચેરમેન પદે સ્થાપ્યા હતા.

રાષ્ટ્રસંત પ. પૂ. નમ્રમુનિજીના મુંબઈના પ્રથમ ચાતુર્માસ શ્રી ઘાટકોપર હીંગવાલા સંઘમા તેઓના (ચમનભાઈના) પ્રમુખ-પદના નેજા હેઠળ યાદગાર, યશસ્વી, તેજસ્વી ઓજસ્વી અને ઐતિહાસિક બની ગયુ હતું.

તેઓ ઘાટકોપરની રત્નચિંતામણી શાળા, કોલેજ, જૈન આધ્યાત્મિક સ્ટડી સર્કલ ઘાટકોપર, રાજકોટ જૈન મિત્ર મંડળના પ્રાણ સમાન હતા અને હર ઘડી હર પલ એના ઉત્થાન માટે તત્પર રહેતા હતા. પોતાનું કાર્ય પોતેજ કરવુ તેવું માનતા હતા અને તેમની પાસે આવનારને સાંભળી યોગ્ય પ્રતિસાદ આપવો તે તેમનો ગુરુમંત્ર હતો.

તેઓ એ સ્વબળે શૂન્યમાંથી સર્જન કરી વ્યવસાય ક્ષેત્રે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી. પોસ્ટ-ઓફિસ બચતખાતાએ તેઓને ઘણાં જ એવોર્ડથી નવાજ્યા હતા.

આવા પરમ-કલ્યાણ મિત્ર અને સુજ્ઞ સલાહકાર હળુ કર્મી જીવ ના જીવનમાંથી અસ્ખલિત પ્રેરણા મળતી રહે અને આ દિવ્ય આત્માને પરમ-ગતિ પ્રાપ્ત થાય તેવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના સહ શ્રધ્ધાંજલીના સુમન અર્પણ.

**સુરેશભાઈ સી. પંચમીઆ**
**ઘાટકોપર**

# ઉપનિષદમાં મહાસંહિતાવિદ્યા

ડૉ. નરેશ વેદ

**સા**માન્ય રીતે વર્ણોના સંયોજિત સમૂહને સંહિતા કહેવામાં આવે છે. આચરણ સૂત્રોના સંયોજિત સમૂહને આચરણ સંહિતા કહેવામાં આવે છે. એ રીતે જ્યારે લોક, જ્યોતિ, વિદ્યા, પ્રજા અને શરીર - એમ એકમોના સંયોજિત સમૂહોનો ઉલ્લેખ કરવો હોય ત્યારે ઉપનિષદના સ્રષ્ટાઓ એને ઋણસંહિતા વિદ્યા કહીને ઓળખાવે છે. ઋક્, યર્જુર્, સામ અને અથર્વ - એ ચાર વેદો એ ચાર મહાસંહિતાઓ છે. એમાં વેદવિદ્યા, સૃષ્ટિવિદ્યા, દેવવિદ્યા અને આત્મવિદ્યાનું નિરૂપણ થયેલું છે. આ નિરૂપણ ઋષિમુનિઓના સમયની ભાષામાં અને તત્કાલીન રીતપદ્ધતિએ થયેલું છે, એટલે આજે આપણી સમજમાં આવતું નથી. પરંતુ ઉપનિષદના ઋષિએ ભલે સંક્ષિપ્તમાં સૂત્રરૂપે એ રજૂ કરેલ છે, પણ આપણે જ્યારે એની ભાષા અને પદ્ધતિને આજની ભાષા અને અભિવ્યક્તિની તરાહમાં ઢાળીએ છીએ ત્યારે એ ગૂઢ જણાતી વિદ્યાનું રહસ્ય આપણી સમક્ષ પ્રગટ થાય છે. વેદ સંહિતાઓ અને ઉપનિષદોનું અધ્યયન જો આપણે પાંચ દૃષ્ટિએ કરીએ તો આ આખી બાબત આપણી સમજમાં આવે એમ છે.

આ મહાસંહિતા એટલે શું અને કયાં કેવી રીતે રજૂ થયેલી છે એવો પ્રશ્ન મનમાં ઊઠે તો એનો ઉત્તર છે : 'તૈતિરીય ઉપનિષદ'ના ત્રીજા અનુવાકમાં એ જોવા-સમજવા મળે છે. પહેલા એના મૂળ રૂપમાં જોઈએ અને પછી આજની ભાષા પદ્ધતિએ એને સમજીએ.

अथात्तः संहिताया उपनिषदं व्याख्यास्यामः। पंच्चस्वधिकरणेषु। अधिलोकम् अधिज्यौतिषम् अधिविद्यम् अधिप्रजम् अध्यात्मम्। ता महासिंहिता इत्याचक्षते। अथाधिलोकम्। पृथिवी पूर्वरूपम्। द्यौरुत्तररूपम्। आकाशः संधिः।।१।। वायुः संधानम्। इत्यधिलोकम्। अथाधिज्यौतिषम्। अग्निः पूर्वरूपम्। आदित्य उत्तररूपम्। आयः संधिः। वैद्युतः संधानम्। इति अधिज्योतिषम्। अथाधिविद्यम्। आचार्यः पूर्वरूपम्।।२।। अन्तेवास्युत्तररूपम्। विद्या संधिः। प्रवचनम् संधानम्। इतिधिविद्यम्। अथाधिप्रजम्। माता पूर्वरूपम्। पितोत्तररूपम्। प्रजासेधिः। प्रजननम् संधानम्। इतिधिप्रजम्।।३।। अथाध्यात्मम्। अधरा हनुः पूर्वरूपम्। उत्तरा हनुरुत्तररूपम्। वाकःसंधिः। जिव्हा संधानम्। इति अध्यात्मम्। इतीमां महासंहिताः। य एपमेता महासंहिता व्याख्याता वेद।

હવે અમો પાંચ અધિકરણોમાં સંહિતાની વ્યાખ્યા કરીએ છીએ. એ પાંચ અધિકરણ - અધિલોક, અધિજ્યૌતિષ, અધિવિદ્ય, અધિપ્રજ અને અધ્યાત્મ છે. વિદ્વાન લોકો એને મહાસંહિતા કહે છે. હવે અધિલોક સંબંધી સંહિતાનું વર્ણન કરીએ છીએ. તેમાં પૃથ્વીલોક પૂર્વરૂપ એટલે કે પહેલું સ્વરૂપ છે, દ્યુલોક (સ્વર્ગ) ઉત્તરરૂપ એટલે કે ઉપરનું સ્વરૂપ છે, અંતરિક્ષ તે બેનું સાંધણ છે અને વાયુ તેને સાંધનારો છે.

હવે જ્યોતિ સંબંધી સંહિતાનું વર્ણન કરીએ છીએ. (પૃથ્વીમાં રહેલ) અગ્નિ, પૂર્વરૂપ છે, (દ્યુલોકમાં રહેલ) આદિત્ય (સૂર્ય) ઉત્તરરૂપ છે. જળ એ બંનેયમાં સંધિરૂપ છે અને વીજળી તે બેને સાંધનારી છે.

હવે વિદ્યા વિશેની વાત. તેમાં ગુરુ પૂર્વરૂપ છે, શિષ્ય ઉત્તરરૂપ છે, વિદ્યા સે બેનું સાંધણ છે અને પ્રવચન (શિક્ષણ) તે બેને સાંધનારું છે.

હવે પ્રજા (સંતતિ) વિશેની વાત. તેમાં માતા પૂર્વરૂપ છે, પિતા ઉત્તરરૂપ છે, બાળક (સંતાન) તે બેનું સાંધણ છે અને બાળકની ઉત્પત્તિ એ બેને સાંધનારી છે.

હવે શરીર (આત્મા) વિશેની વાત. તેમાં નીચેનું જડબું પૂર્વરૂપ છે, ઉપરનું જડબું ઉત્તરરૂપ છે, વાણી એ બેનું સાંધણ છે અને જીભ એ બેને સાંધનારી છે.

જોઈ શકાશે કે એમાં ઉપાદાન કારણ, નિમિત્ત કારણ, બંનેનું સંયુક્તરૂપ અને એને સાંધનાર સંયોજક - એ ચારની વાત કરવામાં આવી છે. એ પાંચ અધિકરણમાં બ્રહ્માંડથી પિંડ સુધીની, સમષ્ટિથી વ્યષ્ટિ સુધીની વાત આવરી લેવામાં આવી છે. એટલું જ નહિ, એ બધાંને અંદરો અંદર અને અન્ય સાથે પારસ્પરિક સંબંધ છે, એની વાત પણ કરી દેવામાં આપી છે. કેવી રીતે તે હવે જરા વિગતે સમજીએ.

ધરતી (પૃથ્વી), આકાશ (દ્યૌ) અને અંતરિક્ષથી કોઈ પણ લોક બને છે. અનંત કોટિ બ્રહ્માંડમાં અને માનવદેહમાં આ ત્રણેય લોકનું અસ્તિત્વ છે. જેમ કોઈ દડા જેવી એક ગોળ વસ્તુના બે ભાગ કરવામાં આવ્યા હોય એવું જ પૃથ્વી અને સ્વર્ગનું છે અને તે બંનેને જોડનાર અંતરિક્ષ છે. સાધારણ અર્થમાં તો પૃથ્વી માટીપથ્થરનો ગોળો છે અને આકાશ (દ્યૌ) જાણે કે અવકાશ (ખાલીપણું) છે. પણ એવું નથી. પૃથ્વી માતાનું અને દ્યૌ પિતાનું સ્વરૂપ છે. દુનિયામાં જે માતૃત્વ કે માતૃભાવ છે એ બધાંનું પ્રતીક પૃથ્વી છે. જોવા જઈએ તો ઘાસના તણખલાથી માંડી ઈશ્વરના અવતાર સુધીનું કોઈપણ અસ્તિત્વ એવું નથી કે જેના જન્મ માટે માતાની જરૂર ન હોય. પૃથ્વી આવી માતા છે અને તે જળ, અગ્નિ વાયુ એમ અન્ય ભૂતોનું પ્રતીક છે. પૃથ્વી છે તો એ બધાં છે. જ્યારે દ્યુ (આકાશ/સ્વર્ગ) એ પ્રાણોનું પ્રતીક છે. જેટલા દેવો છે તે બધા દ્યુલોકનાં સંતાનો છે, કહો કે સ્વર્ગલોકની દિવ્ય શક્તિઓ છે. સ્થળ, જળ, અગ્નિ, વાયુ, આકાશના જે જે દેવતાઓની કલ્પના કરી આપણે એમની તસ્વીરો અને મૂર્તિઓ બનાવી છે તે વાસ્તવમાં તમામ જીવોને મળેલી શક્તિઓ (ક્ષમતાઓ) છે. આપણી જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો જે

કાંઈ કાર્યો કરી શકે છે તે એ દિવ્ય શક્તિઓના પ્રતાપે છે. અંધાપો કે બહેરાશ આવતાં એટલે જ આપણે એમ બોલીએ છીએ કે આંખના દેવ કે કાનના દેવ રૂઠયા છે.

પૃથ્વી, સ્વર્ગ અને અંતરિક્ષ એ ત્રણેય લોકમાં અગ્નિ, આદિત્ય અને વાયુ એમ ત્રણ જ્યોતિઓ આવેલી છે. આ ત્રણ જ્યોતિઓએ તેમના મૂળભૂત રૂપમાં એક ઊર્જાના જ ત્રણ સ્વરૂપો છે. એટલે 'त्रिणी ज्योतींषि' અથવા 'त्रिरोचन' કહીને ઓળખાવવામાં આવેલ છે. સમસ્ત બ્રહ્માંડમાં રહેલો વૈશ્વાનર અગ્નિ અને માનવદેહમાં રહેલો પ્રાણાગ્નિ આ જ્યોતિ (ઊર્જા) જ છે. માનવશરીરમાં એ પ્રાણ, અપાન અને વ્યાનના રૂપમાં સંચારિત થઈ શ્વાસોચ્છવાસ, ચયાપચય, ઉત્સર્ગ જેવી ક્રિયાઓ કરે છે. પોતાની ઊર્જા વડે એ શરીરમાં જે શક્તિ ઉત્પન્ન કરે છે, તેના વડે જ શરીરયંત્ર અનેકવિધ કામો કરે છે. પૃથ્વીમાં આ જ્યોતિ અગ્નિરૂપે અને દ્યુલોકમાં આદિત્યરૂપે ક્રિયાશીલ રહેતી દિવ્યશક્તિ છે. તેમને જોડનાર ઈંધણરૂપ કોઈ પ્રજ્વલિત વિદ્યુતશક્તિ ન હોય તો પૃથ્વી પરનો અગ્નિ પેલા સ્વર્ગલોકનાં અમૃતતત્ત્વોને પોતાના ક્ષેત્રમાં લાવી ન શકે. એ દિવ્ય અમૃતતત્ત્વ માનવદેહમાં અને અન્ય યોનિના જીવોમાં પ્રાણાગ્નિરૂપે કાર્ય કરી સૌને જીવાડે છે. અગ્નિ અને સૂર્યને પવિત્ર માની એની પૂજાઅર્ચના થાય છે અને એની સાક્ષીએ બધાં શુભ કાર્યો કરવામાં આવે છે તે આ કારણે.

ત્રીજું અધિકરણ 'અધિવિદ્યા' છે. જ્યાં સુધી સમસ્ત બ્રહ્માંડમાં કામ કરતાં સત્ અને ઋત જેવા, પુરુષ અને પ્રકૃતિ જેવા, આકર્ષણ અને અપાકર્ષણ જેવા, બળ અને ગતિ જેવા, સત્ત્વ, રજસ, તમસ જેવા ગુણો વિશેના, ચેતનાની ચાર અવસ્થાઓ વિશેના, જન્મ-પુનર્જન્મ જેવા પાપ-પુણ્ય જેવા, કર્મ અને કર્મફળ જેવાં સનાતન ધોરણો કે નિયમોને જાણીએ નહીં, ત્યાં સુધી વ્યષ્ટિ અને સમષ્ટિમાં જેની રમણા છે એને સમજી શકાય નહીં. તેથી જ્ઞાનવિદ્યાના સર્જન અને વિસ્તરણની પ્રવૃત્તિ જરૂરી બને. એ પ્રવૃત્તિ ગુરુ, શિષ્ય અને શિક્ષણપ્રક્રિયા દ્વારા થઈ શકે. એક બાજુ ગુરુની પ્રજ્ઞા અને મેધા અને બીજી બાજુ શિષ્યની શ્રદ્ધા અને સંપત-એ બંનેના સંપર્કમાં આવવાથી જ્ઞાનાર્જનની પ્રક્રિયા અને પ્રવૃત્તિ સફળ અને ચરિતાર્થ થાય. આ વાત એમાં દર્શાવવામાં આવી છે.

ચોથું અધિકરણ 'અધિપ્રજ' છે. જીવનમાં એક મહત્ત્વની પ્રવૃત્તિ જેમ જ્ઞાનાર્જનની છે, તેમ બીજી મહત્ત્વની પ્રવૃત્તિ પ્રજનનની છે. આમ તો માનવીની શોધનાં સાત મુખ્ય કેન્દ્રો છે : (૧) શક્તિ (૨) શાંતિ (૩) જ્ઞાન (૪) પ્રેમ (૫) સૌંદર્ય (૬) આનંદ અને (૭) અમરત્વ. આ અમરત્વની શોધમાં એ પ્રજનન પ્રક્રિયામાં આગળ વધે છે. પોતાને નામ છે એટલે પોતે નાશવંત છે. પરંતુ એક યા બીજારૂપે પોતે ટકવું છે, અમરત્વ પામવું છે એવી ઈચ્છાથી માનવી પ્રજનનની પ્રવૃત્તિમાં જોડાય છે. પ્રજાતંતુ અવિચ્છિન્ન રહે, પોતાના કુળ અને વંશનું સાતત્ય જળવાય, પોતાનું લોહી જેમાં વહેતું હોય એવાં ફરજંદ પ્રાપ્ત કરવાની ઈચ્છાને કારણે પ્રજનનની પ્રવૃત્તિ થાય છે. જીવસૃષ્ટિનું વિજ્ઞાન જાણવું જરૂરી છે. એ સમજાવવા માટે આ અધિપ્રજનો મુદ્દો ઋષિઓએ ઉઠાવ્યો છે. જીવસૃષ્ટિના પાયામાં માતા (માદા), પિતા (નર) અને સંતાન એનું ત્રિક્ રહેલું છે. શરીર અને એમાં વ્યાપ્ત પ્રાણની ભૂમિકાએ માતા (માદા) અને પિતા (નર)ના સંયોગથી સંતાનરૂપી નવો જીવ જન્મ ધારણ કરે છે. વાસ્તવમાં એ પણ ઊર્જા/શક્તિરૂપ અગ્નિનો તણખો છે. જે ફરી આ સૃષ્ટિમાં નવા જીવના અવતરણ માટે અધિભૂત બની શકે છે. આ આખી વાત 'અધિપ્રજ' રૂપે સમજાવવામાં આવી છે.

પાંચમું અધિકરણ 'અધ્યાત્મ' કહ્યું છે. અધ્યાત્મની વાત અહીં માનવના શરીર અને આત્મા બંને સાથે સંકળાયેલી છે. મનુષ્યનો દેહ બ્રહ્માંડના સનાતન ધારાધોરણો અનુસાર બ્રહ્માંડના જ અંશો પોતાનામાં ધારણ કરીને યંત્રરૂપે કાર્ય કરી રહ્યો છે. જે કાંઈ બ્રહ્માંડમાં છે, તે બધું જ મનુષ્યદેહમાં પણ છે. કહો કે માનવદેહ બ્રહ્માંડનો જ અદલોઅદલ નમૂનો છે. માણસનું શરીરયંત્ર પોતાની અંદર રહેલા સમષ્ટિધોરણો જેવા સનાતન નિયમો દ્વારા જ શ્વાસોચ્છવાસ, રૂધિરાભિસરણ, ચયાપચય, ઉત્સર્ગ, ચિંતન-મન-વિમર્શણ જેવી અગિયાર પ્રક્રિયાઓ કરી શકે છે. મનુષ્યના શરીરમાં જે કાંઈ બની રહ્યું છે તે તેનો સ્વ-ભાવ છે. આ સ્વ-ભાવ એટલે આત્માનો ભાવ. આત્માના ભાવમાં રહેવું એટલે અધ્યાત્મમાં જીવવું. પરમાત્મા સિદ્ધ થાય તર્કના આધારે પણ આત્મા સિદ્ધ થાય સ્વાનુભૂતિને આધારે. હૃદયગ્રંથિનો છેદ કરે, સત્ય પ્રેમ અને કરુણાના ભાવો સ્થિર કરે અને જડ તથા ચેતન બધાંમાં એક જ આત્મા વિલસી રહ્યો છે એ અનુભૂતિને દૃઢ કરે તે સાચો સ્વ-ભાવ અથવા ખરું અધ્યાત્મ છે. યજ્ઞ, તપ અને દાનની પ્રવૃત્તિ વડે મનુષ્ય જ્યારે માણસ જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ જેવી ત્રણ અવસ્થામાંથી તુરીય અવસ્થામાં ગતિ કરે, સત્ત્વ, રજસ, તમસ અને અંધતમસની ગુણપ્રકૃતિમાંથી મુક્ત થઈ ગુણાતીત અવસ્થામાં પ્રવેશે ત્યારે તે અધ્યાત્મને પામે છે, એ વાત ઋષિએ સમજાવી છે.

આમ, આ મહાસંહિતા વિદ્યામાં અધિભૂત, અધિદૈવ અને અધ્યાત્મ એમ ત્રણેય દૃષ્ટિઓનો સમન્વય કરી જીવ, જગત અને જગદીશ્વરની વાત સમજાવવામાં આવી છે. વ્યષ્ટિ કે સમષ્ટિ, એની અંદરનાં સત્ત્વો અને તત્ત્વો, પ્રવૃત્તિઓ અને પ્રક્રિયાઓ એકમેકથી અલગ કે સ્વતંત્ર નથી, પરંતુ સાવયવ સંબંધથી જોડાયેલી સાપેક્ષ છે એ જાણવું જરૂરી છે, અને એ વાત સંઘાણ, જોડાણ કે યોગની વાત વડે આ વિદ્યા શીખવે છે. આ બ્રહ્માંડ (cosmos) એક organic whole છે, એમાં કયાંય અસ્તવ્યતતા (caos) નથી, સામંજસ્ય (harmony) છે, એમની વચ્ચે સજીવ અને પ્રાણમય સંબંધો છે. એ સંબંધોને જે જાણે અને સમજે છે, તે જીવનમાં સફળ થાય છે. ❑❑❑

કદમ્બ બંગલો, ૩૫, પ્રોફેસર્સ સોસાયટી,
મોટા બઝાર, વલ્લભ વિદ્યાનગર -૩૮૮૧૨૦
ફોન : ૦૨૬૯૨-૨૩૩૭૫૦/ મો. ૦૯૭૨૭૩૩૩૦૦૦

# ભાવ-પ્રતિભાવ

પ્રબુદ્ધ જીવન વિશેના ભાવ-પ્રતિભાવ આપવાનો આ મારો પ્રથમ પ્રયાસ છે. ડૉ. સેજલબેનના દરેક લેખ ખુબ અર્થસભર, અગાધ, ચિંતનયુક્ત, સાહજીક જીવન જીવતા મનુષ્યના માનસને જગાડનાર મહામુલી જીંદગીના અમૂલ્ય આયામોને ઉજાગર કરે એવા છે. સુબોધીબેનના દરેક લેખ ખૂબ સુંદર છે. ફેબ્રુઆરીના લેખમાં 'આભ્યંતર તપ' અંતર્ગત સ્વાધ્યાય-ધ્યાનના ભાવો ખુબ સુંદર રીતે છણાવટ કરી સરળતાથી સમજાય એવી રીતે આલેખ્યા છે. કર્મની થિયરી, સમતાભાવ, સામાયિકભાવ, સંવેદના આદિ સાધનાના પાયાના મહત્ત્વના મુદ્દા ખુબ સુંદર રીતે આલેખ્યા છે. સામાન્ય માણસ પણ સરળતાથી કરી શકે એવા શ્વાસોશ્વાસનું આલંબન લઈ ધ્યાન-સ્વાધ્યાય આંતરિક યાત્રા આધ્યાત્મિક પથ પર પગ મુકવા સક્ષમ બની શકે છે. આશ્રવ-સંવર-નિર્જરા-ઉદીરણા જેવા ભારેખમ લાગતા શબ્દોને ગળે શીરો ઉતરી જાય તેવી સરળ ભાષામાં સમજાવી સમાજ ઉપર ખુબ મોટો ઉપકાર કર્યો છે. બીજું વિપશ્યના વિશેના જે ખોટા ખ્યાલો હતા તે દૂર કર્યા છે અને તેના વિશેના ખુબ ઊંડાણથી સમજાય તેવા ભાવો રજુ કર્યા છે. વિપશ્યનાની સાધના, મહત્ત્વ ફાયદા અને કઈ રીતે સિદ્ધ કરી શકાય તે પણ સહજતાથી સમજાય તેવા ભાવો છે. સાથે કર્મોની નિર્જરા-ક્ષય કરી શાશ્વત-નિત્ય-ધ્રુવ તત્ત્વને પામી શકાય છે.

–રેણુકા સંઘવી, અમદાબાદ

●●●

શુદ્ધ, બુદ્ધ, નિત્ય અને મુક્તાત્માને ને પરમ્ તત્ત્વ તરફ દોરી જાય તે યોગ સમજાયું પરમ્ એટલે બીજો બને શ્રેષ્ઠ, બીજાં બે દ્વારા શ્રેષ્ઠતા તરફ પ્રયાણ કરવું, તે યોગ. શોષણને સ્થાને પોષણ, એક આત્મામાં રહેલી અનેકતાને સમજવી. એકાંતમાં એક નો ય અંત આવી જાય, તે યોગ.

'યે દિલ મૂઝે ઐસી જગહ લે ચલ, જહાં કોઈ ના હો !' અસંભવ. જ્યાં જ્યાં જઈશું, ત્યાં ત્યાં, આપણે તો હોવાનાં જ સુત્રે મણિગણા ઇન। આત્માનાં તમામ મણકા ને એક દોરામાં પરોવવાનાં રહે છે. પૂર્વજો ગયા, અનુજો આવતાં રહેવાનાં જ પ્રકૃતિ, પુરુષનું બીજ ગ્રહણ કરીને ખીલતી ખુલતી રહેવાની જ. તેમની વચ્ચેનું આકર્ષણ પણ સૃષ્ટિનાં વિકાસનું નિમિત્ત બનતું રહેવાનું જ.

ધરતી અને આકાશનું મિલન, તે યોગ સૃષ્ટિને વિકસાવતી દૃષ્ટિ તે યોગ. કર્મમાં કુશળતા, ધ્યાન, પ્રેમ અને સમર્પણ તે યોગ. સૂર્યનાં કિરણો કે વર્ષાઋતુની જલધારા આ યોગની સાધના જ કરતી રહે છે. સૂર્યની ઉષ્મા, ઉકળતું કે ઠંડુ પાણી તે યોગનું જ પરિણામ ગણાય. કુદરતી બર્ફ તે Snow. ઉકળતા દરિયાનાં પાણીની વરાળ, અને તેમાં ભળતાં રજકણ, વાદળનું બંધાતું અને વરસવું તે યોગ. ઉપર ભૂમિમાં પણ ઉગી નીકળતું ઘાસ, ચોમાવામાં પથરાતી લીલી-ચાદર, તે પણ યોગનું જ પરિણામ. યોગથી જીવમાત્રનો વિકાસ બધાતો રહે. ધરતીને ફળાવતો રહે તે પ્રેમ યોગ, તેને સંગ બનતો અટકાવવો રહ્યો, અસ્તુ.

હરજીવન થાનકી, પોરબંદર

●●●

ફેબ્રુઆરી-૧૮ નો અંક અમારા પરમપૂજ્ય મુ. શ્રી રસિકભાઈ શાહ તરફથી મળ્યો. આભાર.

''જૈન ધર્મ અને અન્ય પરંપરાઓમાં યોગ'' વિશેષાંક 'પ્રબુદ્ધ જીવન' ખરા અર્થમાં જીવન પ્રબુદ્ધ બની રહે એવા પ્રયત્નો અને સંપાદન છે. તંત્રીશ્રીને અભિનંદન.

પ્રથમ તો 'પરમ સુખાય: યોગ પંથ' તંત્રીશ્રીનો અત્યંત માહિતીસભર અને ઉપયોગી છે. સાવ સીધી સરળ ભાષામાં સુપાચ્ય છે.

ત્યારબાદ જૈન અને જૈનેતરમાં યોગ શું છે તેની વિષદ ઘણાવટ કરી લેખકોએ યોગ વિશેષો સાચી સમજ આપી છે. અત્યંત સુચિકર તો લેખ ડૉ. કુમારપાળ દેસાઈનો ''આનંદઘન અને યોગ-માર્ગીય રહસ્ય' છે. આનંદઘનની કેટલાક સંદર્ભ માટે કવિતાઓ આપી લેખકે ચિત્ર પ્રદાન કરી દીધું.

આમ તો યોગ પહેલાં જાતને ઓળખાવતી વાત આવે. 'ધાય નો સેલ એટલે બધુંજ સાધ્ય છે. એ વાત સંક્ષેપમાં પણ માર્મિક રીતે પી.જે. પટેલ સાહેબે - ''આપણા સ્વભાવને બરાબર ઓળખો એજ ધર્મ''માં કરી છે.

આજીવન વાંચવા અને હૃદય-પટારીમાં સંઘરી રાખ્યા જેવો અંક તૈયાર કરવા બદલ ધન્યવાદ. મ. સાહેબો, લેખકો, તંત્રીશ્રીઓ. તથા સમગ્ર ટીમને સાદર વંદન. જય જીનેન્દ્ર, આભાર.

રવજીભાઈ કાચા, અમરેલી


**વિશ્વમાં પ્રથમવાર**

**''જૈન ધર્મની આગમકથાઓ''નું**

**શ્રાવ્ય રૂપાંતર web પર**

**પરમ પૂજ્ય આચાર્ય શ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી *લિખિત* ''જૈન ધર્મની આગમકથાઓ''નું શ્રાવ્ય રૂપાંતર થયું છે તે વડોદરાના કોમ્પ્યુટર એન્જીનીયર શ્રી નિસર્ગ સમીરભાઈ રાવલ દ્વારા**

**http://desikitab.herokuapp.com/**

**પર નિ:શુલ્ક સાંભળવા મળશે.**

**જૈનશાસનના ગૌરવ સમાન આ સમાચાર વધુમાં વધુ પ્રસારો અને આ ધર્મકથાઓ સાંભળીને ધર્મનો મર્મ પામો.**

# JAINISM THROUGH AGES

Dr. Kamini Gogri

Samprati was a Mouryan Emperor who was Grandson of Emperor Ashok and disciple of Jain Acharya Suhasti. According to Nishithvisheshchurni, Samprati had sent his men to various regions including Maharashtra to make a way for Jain monks to wander.

Pratishthan (also known as Paithan) in Aurangabad district of Maharashtra was a great center of Jains. A lot of incidents related to Jains and Jainism happened in this city. According to one tradition, it was the birthplace of the famous Jain Acharya Bhadrabahu. In 2nd century BCE this city became capital of Satvahan kings, who were originally from Andhra Pradesh. According to Kalakacharya's story, on request of the Satvahan King, the Acharya changed the date of Paryushan by one day. After it a festival called Samanpuja was being celebrated in Maharashtra. The King is mentioned as Param Shravak i.e. the best follower of Jainism.

Jnaneshwari, the famous sacred book of Maharashtrian Hindus mentions Jain monks. This book was written by the famous saint Jnaneshwar in 13th century.

Many Jain scholars of Maharashtra wrote various books in Marathi language on Jainism, in the period of 14th to 18th century. Before that period, Jain literature was written in Maharashtri Apbhransh language. Some of the famous Jain scholars were Mahakavi Pushpadant, Chimna Pundit, Meghraj, Kamraj, Mahichandra etc.

Many words, phrases and idioms in Marathi language show that Jainism was an influential religion in Maharashtra.

**The Bhattarak Tradition**

Bhattaraks, a type of Jain ascetics, have a special place in Jains of South India. The Bhattarak tradition primarily flourished in Karnatak. Later this tradition got a place in Maharashtra also. There were four major seats of Bhataaraks in Maharashtra. The Jinsen Jain Math at Nandani in Kolhapur district, the Laxmisen Jain Math of Kolhapur, Vishalkeerti Jain Math of Latur and Karanja Jain Math. All these seats have a history of several centuries. The Bhattaraks did a good job for Jain community in the decline period of Jainism. The first two Jain seats are still in existence, while latter two are closed.

**Jainism and Royal Dynasties in Maharashtra**

As you know, Jainism was a prominent religion of Kshatriya (Warriors) community in India. The most of the royal families in Maharashtra also were followers of this faith. Major parts of Maharshtra were ruled by various dynasties like Kadambs, Rashtrakuts, Chalukyas, Ratts, Kalchuris, Shilahars, Yadavs and others in different periods. All the dynasties mentioned above had affiliation with Jainism.

Kadambs were supporters of Yapaniya sect of Jainism. Kadambs built many Jain temples. They ruled from Banvasi in Karnataka.

Rashtrakuts: According to A.S. Altekar, Jainism was the religion of masses in the period of Rashtrakuts. Shivlilamrut, a Marathi religious book of Hindus supports this fact.This book mentions that the people of all classes and castes were following Jainism in the period of Adi Shanakaracharya. This book also mentions that Adi Shanakaracharya, the famous reformist of Vedics, visited the city of Kolhapur, where he had a conflict with Jains of Kasar caste. Interestingly, Kolhapur is still a stronghold of Kasar Jains.

Rashtrakuts ruled from Malkhed (Manykhet) in present day Gulbarga district of Karnatak. They ruled over a wide region including entire south India and up to Malva in north. Rashtrakut King Indra II built the famous caves of Ellora, situated in Aurangabad district of Maharashtra. 4 out of the 34 caves there belong to Jainism. Another Rashtrakut King Amoghvarsh was a staunch follower of Jainism and a disciple of Jain Acharya Jinsen. Another Jain Acharya Mahaveer of this period was a famous mathematician. Mahaveera-charya is called one of the 10 great ancient mathematicians of the world. Amoghvarsh's successor Krishna II was pupil of Jain Acharya Gunbhadra. Gunbhadra compiled last five chapters of Jinsen's incomplete Uttarpuran. Indra II, the last king of this dynasty took vow of Sallekhana, the Jain way of death.

Jainism flourished in the period of Rashtrakuts all over Deccan and during this period many Jain scholars wrote their masterly works. In this period, the education system of masses was in the hands of Jain monks.

Chalukyas: The first capital of Chalukyas was at Kundal in present day Sangli district. Ruins of Chalukyan forts are found in the town of Kundal. Kundal is a pilgrimage center of Jains and there are cave temples on the hill near Kundal. The Chalukyas were supporters of Jainism. According to several copper plates and rock inscriptions, their family religion was Jainism. Chalukyas migrated to Badami and ruled from there for about two and half century. A branch

of Chalukyas migrated to Gujarat. The famous Emperor Kumarpal, who was disciple of Jain Acharya Hemchandra promoted Jainism in large scale in Gujarat.

Sinds, was a minor dynasty of medieval Maharashtra. According to a copper plate, the first ancestor of this dynasty was Ajanbahu, who was the son of Dharnendra and Padmavati of Ahichhatra in Uttar Pradesh. As you know, Dharnendra and Padmavati were chief disciples of Parshwanath, the 23rd Jain Teerthankar. Ajanbhahu came to Maharashtra and found his kingdom. Several rock inscriptions indicate this dynasty's affiliation with Jainism.

Ratts ruled from Belgavi. They too were Jains and Jainism flourished in Sangli, Kolhapur and Belgavi region in their reign. Ratts were feudatories of Rashtrakuts. Kamalbasti, at the famous Jain temple in Belgavi fort was built by Ratts.

Shilahar was another major dynasty supporting Jainism. The main branch of Shilahars ruled from Kolhapur, which was a major Jain center in 9th to 13th century.

Shilahar Kings Marsinh, Gandraditya, Vijayaditya were great patrons of Jainism. Shilahar king Bhoj II and his mighty General Nimbaras were disciples of Jain Acharya Maghnandi. An inscription at Kolhapur says about Nimbaras '.... He erected Jain temples everywhere. He filled all the villages with gentlemen and sweet speaking Jains and made the region full of Jains'. Nimbaras was seriously wounded while fighting with Kalchuri King Bijjal. Nimbaras took the vow of Sallekhana on the battlefield. Thus he lived and died as a true Jain.

Shilahar Princess Chandralekha was a staunch Jain and the administrator of 7000 villages. She was married to Chalukya emperor Vikramaditya VI.

In the period of later Shilahars, many Jain families of Bijapur & Koppals districts of present day Karnataka migrated to Kolhapur and Sangli region of Maharashtra.

Kalchuries were contemporaries of Shilahars. According to Jain and Veershaivite literature, the famous Kalchuri king Bijjal was a Jain. Historically this dynasty was savior of Jains in Tamil Nadu.

Yadavs came into Maharashtra from Gujarat. Their first capital was Anjaneri near Nasik. They were closely related to Jainism. Drudahpahar, one of the yadav kings was born into a Jain temple. Many of the Yadav Generals and queens were staunch Jains. One can see Jain ruins at Yadav capitals like Anjneri, Devgiri and Sindkhedraja.

**People**

All the ancient archeological evidences and literary references indicate that Maharashtra was stronghold of Digambar Jains from ancient period. However there was some influence of Shwetambars and Yapaniya Sangha. Shwetambars Jainism made some place for it in North West Maharashtra while Yapaniya Sangha was a prominent sect in South Maharashtra and Marathwada region for a long period. Later this sangh was absorbed by Digambar sect.

Many literary and sociological evidences denote that Jainism was popular in common people. Many Hindu castes of today's Maharashtra were followers of Jainism in medieval period. According to Kolhapur Gazetteer (1885), people like Barbers, Washermen and others were followers of Jainism. There was a time when Jainism was a prominent religion amongst Marathas, the major caste of Maharashtra.

The oldest inscription in Marathi language is at the feet of the giant statue of Gomateshwar at Shravanbelgola. This place is far away from the Marathi speaking area. This inscription was carved in 981 C.E.. The same inscription is in Kannad and Tamil language too. Writing the inscription in Marathi language also proves that a large number of Marathi speaking Jain pilgrims were visiting this place. Obviously they were from Maharashtra.

**Decline of Jainism**

Jainism was most important religion of Deccan in medieval age. But after 13th century, in Maharashtra and other parts of the country started to decline. Most of the medieval Jains of Maharashtra got converted to other religions after 13th century because of political and social situations. The main reason were the rise of Warkari, Mahanubhav and veershaivite faiths. The code of conduct in these three faiths was just like Jainism, but in easy way and practical. Masses were attracted to these faiths. Another reason was anti Jain activities by Vedic Brahmins, which took place in Later Yadav rule. In Peshava rule, there were restrictions on Jainism and most of Somvanshi Kasar Jains in Western and north Maharashtra got converted to other faiths.

Probably present day Saitwals, Jain Kasars and Somvashi Kshatriya Kasars are the remnants of medieval Jains as many of their surnames are like other older communities in Maharashtra. All other Jain communities in present Maharashtra are migrants from South and North India.

**To Be Continued In The Next Issue**

❑❑❑

76-C, Mangal Flat No. 15,
3rd Floor, Rafi Ahmed Kidwai Road,
Matunga, Mumbai-400019.
Mo : 96193 / 79589 / 98191 79589.
Email : kaminigogri@gmail.com

(અનુસંધાન કવર પાનું ૧૨૪ થી) **જો હોય મારો અંતિમ પત્ર તો...**

છે. 'ધ્યાન'ના વિષયમાં પણ તદ્દન અજ્ઞ છું, શૂન્ય. વળી, એક જવાબદાર સાધુ તરીકે, શાસન તથા સંઘ માટે જે કરવું જોઇએ તે કરવામાં હું મહદંશે અસફળ અને અસમર્થ સિદ્ધ થયો છું. સંઘ અને સમાજે મારા માટે જે કર્યું છે તેનું વળતર ચૂકવવામાં હું ઊણો ઊતર્યો છું એવી લાગણી સતત દિલમાં ઘુંટાયા કરે છે. વધુમાં, પાર વિનાની નબળાઈઓ તો વળી મોઢું ઉઘાર પાસું.

જાહેર વ્યવહારોના ક્ષેત્રમાં, અન્યાય અને જૂઠનો સામનો કરવાનો આવે, ત્યારે હું ભારોભાર અસહિષ્ણુ બની રહે તો હોઉં છું. અન્યાય કે જૂઠનો પ્રતિવાદ-પ્રતિકાર કર્યા વિના ન જ રહી શકાય. આ ટેવને કારણે કાણાને કાણો કહેવાની પ્રકૃતિ વિકસી ગઈ. જો કે આ ઉપરથી કેટલાક મિત્રો મને 'નેગેટિવ માઈન્ડ' ધરાવતા માણસ તરીકે વર્ણવે છે. અન્યાય-અસત્ય ચલાવી લેવા તે પોઝિટિવિટી-હકારાત્મક વલણ અને તેને ચલાવી ન લેવા તે નેગેટિવિટી-નકારાત્મક વલણ, આવી તેમની માન્યતા સાથે મારો મેળ નથી. પડતો. જોકે આ પ્રકૃતિને કારણે સ્થૂલ ભૂમિકાએ ફાયદા કરતાં નુકસાન વધારે થાય છે. દુનિયામાં બધે થાય છે તેમ જ. પરંતુ તે બદલ કોઈ અફસોસ નથી થતો. બલ્કે આનંદ જ થાય કે આપણે અંગત માન અને લાભની લાલચમાં નથી તણાયા અને સહન કરવાનું સ્વીકારીને પણ આપણે અન્યાય-અસત્યને વશ નથી થયા.

સંબંધો વિષે થોડી વાતો કરું. માણસ એ સામાજિક પ્રાણી છે, અને તે એકાંકી રહી કે જીવી શકતો નથી-એ સમાજશાસ્ત્રનો નિયમ લાગુ ન પડતો હોય એવો માણસ કોણ હશે? હું પણ નથી. સંબંધો રચાય, વિકસે, જળવાય, એ મને ગમે છે. મારી સામાન્ય છાપ અતડા અને કડક માણસ તરીકેની છે એ કબૂલ, પરંતુ જેઓ મારી સાથે લાગણીના સંબંધે જોડાય છે તેમને મારી અસલિયત વિષે પૂરી ખબર છે. સંબંધો રચાયા પછી છેક સુધી, અથવા સામેની વ્યક્તિ દગો ન કરે કે તોડે નહિ ત્યાં સુધી, તેને જાળવવાની મારી ખાસિયત ખરી.

મોટા ભાગના મારા સંબંધોમાં લાગણીનું તત્ત્વ પ્રચુર માત્રામાં ધબકતું હોય છે. 'લાગણી' એ કદાચ સૌરાષ્ટ્રની ધરતીનો વિશે પદાર્થ છે. લાગણી વગરના સંબંધો રચવા-રાખવામાં ભાગ્યે જ રસ પડે. લાગણી ન હોય ત્યાં માત્ર ઔપચારિકતા નિભાવવી પડે, ને હું ઔપચારિકતાનો માણસ જરાય નથી.

સંબંધોમાં મોટું નડતર હોય તો તે એક જઃ અપેક્ષા. જે સંબંધમાં કશીક કે કશાકની અપેક્ષા હોય છે તને તૂટતાં-બગડતાં વાર લાગતી નથી સંબંધોનું સાચું સૌંદર્ય તો સામા માણસ માટે કશુંક કરી છૂટવામાં અને આપણું સઘળું ન્યોચ્છાવર કરી દેવામાં જ અનુભવાતું હોય છે. તમે કશુંક કરો અને પછી વળતરની અપેક્ષા રાખો ત્યારે સંબંધનું સૌંદર્ય સ્વયંમેવ નંદવાતું હોય છે. 'મેં આના માટે આટલું કર્યું, પણ એણે અણીના ટાંકણે મારા માટે કાંઈ ન કર્યું. આવી ફરિયાદ મેં ક્યારેય નથી કરી; અને એવી ફરિયાદ મારા માટે કોઈએ કરી હોય તો તે સંબંધ પર આપમેળે પૂર્ણવિરામ મૂકાઈ ગયું હોય છે.

સંબંધોમાં બીજું જરૂરી પરિબળ છે કૃતજ્ઞતા અને તેની ઉચિત અભિવ્યક્તિ. મને સ્મરણ છે ત્યાં સુધી કૃતજ્ઞતા કરવામાં મારા પક્ષે ક્યારેય ભૂલ કે વિલંબ થતાં નથી હોતા. સારાંશ એ જ કે તે જે સંબંધમાં અપેક્ષા નથી, ફરિયાદ નથી, તેવા સંબંધ જેને સાંપડે તે માણસ જીવનમાં કાંઈક ખાટી જવાનો! જો કે આ બાબતમાં મારી સ્થિતિ મિશ્ર પ્રકારની રહી છે. બહુ ખોયું નથી, તો ખાસ ખાટ્યો પણ નથી.

સંબંધ તો ઘણા બંધાયા, અને તૂટ્યાં પણ ખરા. ચિત્ત તો એકલતા જ અનુભવે. જીવનમાં ક્યારેક એક પ્રશ્ન પીડ્યા કરતોઃ મારુ કોણ? 'આ પ્રશ્ન-પીડામાં છૂપાયેલી ઝંખના કે અતૃપ્તિ સંબંધો બાંધવા પ્રેરતી હોવાનું આજે સમજાય છે. ઝંખના હોય ત્યાં પીડા જ નહિ, હતાશા પમ આવવાની આ બધાંને ખંખેરતા અને એમાંથી બહાર આવતાં બહુ વાર લાગી. સમજણના વિકાસ વગર બહાર કેમ અવાય?

બીજું, સંબંધોની સૃષ્ટિમાં એક બાબત મને કાયમ અઘરી લાગી છેઃ પોતાના હોય એવા લોકો જ જ્યારે છેહ દે ત્યારે બહુ વસમું પડે. જેને માટે આપણે ભોગ આપ્યો હોય, જેના વિકાસમાં જીવ રેડી દોધો હોય, જેનું ભલું કરવામાં અંગત નુકસાનની પણ પરવન કરી હોય, એવા લોકો જ જ્યારે દગો, કપટ કે વિશ્વાસભંગ કરે, વિપરીત ચાલે, આપણા હિતને જોખમાવે, આપણા દોષ જુએ અને ઉપેક્ષા કરવા લાગે, ત્યારે સહનશીલતા ટૂંકી પડતી અનુભવી છે, અનુભવાય છે. આપણામાં સમજણનો વિકાસ ન હોવાને કારણે, આ સ્થિતિમાં દિગ્મૂઢ અને સ્તબ્ધ જ થવાનું આવે છે. આપણા એક નામી શાયરનો એક બહુ જાણીતો શે'ર છેઃ

'જીવનની સમી સાંજે મારે, જખમોની યાદી જોવી'તી
બહુ થોડાં પાનાં જોઈ શક્યો, બહુ અંગત અંગત નામ હતાં'

આ પંક્તિઓ મારા સંબંધો અને સંબંધીઓ પરત્વે લાગુ પડી શકે. જોકે આમાં પણ એક રીતે સમાજશાસ્ત્રનો નિયમ જ કામ કરતો હોય છેઃ સંબંધોને જેમ બંધાવાની ટેવ છે, તેમ તૂટી જવાની પણ આદત હોય. એનો કઢાપો ન થવો જોઇએ, છતાં થયો છે; ઘણી વાર તો હાંફી જવાય. કારણઃ સંબંધોમાં મોહનું કે આસક્તિનું ભળેલું તત્ત્વ. નિર્મળ અને અહેતુક સંબંધ પામવો એ તો માનવ્યની શ્રેષ્ઠ ઉપલબ્ધિ છે, જે કોઈકને જ નસીબ હોય.

પરંતુ, પછીથી જેમ જેમ સમજણ વિકસતી ગઈ તેમ તેમ આ બધું ઘટતું ગયું અને સંબંધો પીડામુક્ત થતા ગયા. ધીમે ધીમે સંબંધોની મધ્યમાં પણ એકલા રહેવાનું ગમવા માંડ્યું. સંબંધ બંધાય ત્યારે અન્યનું કાંઈક ભલું થાય તો તેનો આનંદ રહે, અને તે તૂટે તો પણ મન તો હળવું જ રહે. સંબંધોનો ભાર ન રહ્યો. બધા વચ્ચે રહેવાનું, કર્તવ્ય બજાવવાનું અને છતાં અંદરથી અળગા-એકલા-અલિપ્ત રહેવાનું, આ સ્થિતિ ભારે રાહત આપનારી બની. આનો

અર્થ એ નહિ કે આ નિર્લેપભાવની કે સાક્ષીભાવની સાધના હતી. ના, એવું કહું તો નર્યો ઢોંગ જ થશે. મારે તો માત્ર lonelyness ને બદલે Aloneness નો અહેસાસ મળતો થયો. એટલું જ અસ્તુ.

અને હવેઃ હવે પછી શું? મારા પછી શું?

જીવનમાં કરવાનું જેવું કે કરવા ધારેલું બધું જ કરીને જાય, કાંઈ જ બાકી રાખીને ન જાય, એવો માણસ હજી સુધી તો મને જડ્યો નથી. દરેક માણસને, મારા પછી અને મારી પાછળ આમ થાય-થવું જોઇએ અને આમ ન થાય તો સારું. આવી વાસના ઓછે-વધતે અંશે રહેવાની જ. માણસને જ્યારે અમર થવાની ચળ ઉપડે ત્યારે તે સંસ્થાઓની અને પરંપરાની સ્થાપના કરે છે. તો મર્યા પછી પણ માલિકીના હક્ક-દાવાના વળગાડ હોય ત્યારે તે વિલ-વસિયત લખતો હોય છે.

નજર સામે મોટા મોટા સંસ્થાપકો, નિર્માતાઓ અને પ્રતિષ્ઠિતોને પસાર થતાં જોયા છે. કોઈ કશું જ સાથે લઈ ગયાનું જોયું નથી, અને જે પોતાની પાછળ છોડી ગયા હોય તેમાં પણ અણકલ્પી અને અનુચિત ઉથલપાથલો ને હોનારતો થતી જોવા મળ્યા કરે છે. ગયેલા કોઈ જોવા કે પૂછવા આવતા નથી. રહેલા પાસે જાળવવાની ત્રેવડ, ઘણીવાર, નથી હોતી. સદ્‌ગતોની ભાવનાના ને વિલ-વસિયતોના લીરેલીરા ઉડતાં નજરે જોવા મળે છે.

આમ છતાં, આપણને, મને પણ થાય કે મારા પછી આનું આમ કરવાનું; આ બધું ફલાણાને સોંપવાનું; મારો પરિવાર આમ વધવો ને વિકસવો જોઇએ; આ બધું મારા પરિવારના હાથમાં જ રહેવું જોઇએ, વગેરે વગેરે.

આ પળે મને સ્પષ્ટ સમજાય છે કે આ બધું જ મિથ્યા છે. મોટા મોટા ધુરંધરો ને મહાત્માઓ પણ બધું જ મૂકીને ચાલ્યા ગયા છે. તેમના શબ્દો ઉપર મોટા તાંડવો મચે છે, અને તેમની ભાવનાઓ નષ્ટ ભ્રષ્ટ થાય છે-તેમના જ વારસાદારોના હાથે, આવું સર્વત્ર જોવા મળે છે. તેમના મનમાં હશે તેવા પોતાના પરિવાર વિશેના, જાતજાતના ઊંચા અરમાનો પણ, તેમની સાથે જ રાખમાં ભળી ગયા હોય છે. પાછળવાળાઓ માટે તે અરમાનોનો, પોતાનો વ્યવસાય ચાલુ રાખવામાં કે આગળ ધપાવવામાં તે કામ લાગે તે સિવાય કોઈ જ ખપ કે ઉપયોગ નથી હોતો.

મારા ગુરુજનો ગયા, અને મારે પણ ગમે ત્યારે ચાલ્યા જવાનું છે. આમાં મારા કરેલા વિલ-વસિયતનો કે ભલામણોના અને વ્યવસ્થાના પત્રોની કિંમત કેટલી, તે સમજવું કઠિન છે. એક સાધુ તરીકે મારા સાથીદારોને હું એટલું જ કહેવાનું વિચારું કે ક્યારેય કોઈ સંસ્થા, ટ્રસ્ટ કે આશ્રમનું નિર્માણ કરશો નહિ, કોઈ સંસ્થા જોડે બંધાશો નહિ, કોઈ કારણસર ક્યાંક જોડાવું પડે તોય ત્યાં મમત્વ કે માલિકી-અધિકારના બંધન સ્વીકારશો નહિ. સંયમ, સત્ય, સદાચરણ એ જ આપણો ગુરુવારસો છે, અને તેની રક્ષા ને વૃદ્ધિ જ આપણા રસનો વિષય હોય. પરંપરા વધારવાનું મન ભલે થાય, પરંતુ તે માટેની આસક્તિ તેમ જ પ્રપંચો, કાવાદાવા, ખોટા માર્ગ તથા અશુદ્ધ સાધનો-આ બધાંથી દૂર રહેજો. એક સૂત્ર અપનાવજો. મોક્ષ ગુરુ થકી મળે, શિષ્યો થકી નહિ.

ઘણાં મિથ્યાભિમાની લોકો એમ માનતા જોવા મળે છે કે અમારી પરંપરા જ અઢાર હજાર વરસ ચાલવાની છે. તો ઘણા વળી પોતાની પરંપરા ચલાવવા-વધારવા માટે અનેક અનુચિત માર્ગો અપનાવતા પણ જોવા મળે છે. મારી દૃષ્ટિએ આ બધા જ આડે રવાડે છે, ઉન્માદનો ભોગ બનેલા છે. સમજુ અને વિવેકી મનુષ્યોએ યાદ રાખવાનું છે કે આવા ઉન્માદો તથા ઉન્મત વ્યવહારો ને માન્યતાઓનું મૂલ્ય શૂન્યથી અધિક નથી. માટે આપણે આવા કોઈ જ ઉન્માદનો ભોગ ન બનવું, એવી ભલામણ કરવી મને ગમે.

એક વિશેષ ભલામણ એ પણ કરવી છે કે સાધુતા દૂષિત થાય એવા કોઈ વ્યવસાય, વ્યવહાર કરશો નહિ. મારા જીવનકાળમાં મોટામાં મોટી વિડંબના કોઈ જોઈ હોય તો તે સાધુજનો દ્વારા થતાં મલિન, ગલત, અનુચિત વ્યવહારોની છે. મહત્ત્વાકાંક્ષા, ઈર્ષ્યા અને ક્ષુદ્ર વાસનાઓથી ઘેરાયેલા તથા પ્રેરાયેલા લોકોના અંગત અને જાહેર જીવન અને વ્યવહારોની આવી બાબતો વિશે જોવા-જાણવાનું નિરંતર બન્યા કર્યું છે. પરનિંદા કે પંચાતમાં બિલકુલ રસ ન હોવા છતાં આવી વાતોમાં, શાસનરક્ષા કે શાસનહિતની દૃષ્ટિએ સડોવાવું પડે તેવા અનેક પ્રસંગો બન્યા છે. આવે વખતે અસાધુજનોચિત વર્તન-વ્યવહાર વિશે જાણીને ઘેરા આઘાત, વેદના તથા આક્રોશ અનુભવ્યા છે.

મેં ભૂલો નથી કરી એવો દાવો નથી જ. પરંતુ કરેલી ભૂલો વિષે દંભ કર્યાનું અથવા પોતાની ભૂલોને છાવરવા માટે બીજાની ભૂલોને ઉઘાડી પાડવાનું અને કોઈને દબાવવા-દબડાવવાનું અનિષ્ઠ સ્વપ્નમાંયે આચર્યું નથી. ભૂલો કરી હોય તો તે પણ જવાબદારીના પૂરા ભાન સાથે ને ખોટું કરવાના ડંખ સાથે કરી છે. આ સ્થિતિમાં દંભી, મતલબી અને અયોગ્ય લોકોના અછાજતા વ્યવહારો પરત્વે, અને તે કર્યા પછી લાજવાને બદલે ગાજવાની તેઓની પદ્ધતિ પરત્વે મનમાં આક્રોશ જાગે, તો તે વધુ પડતું નથી. માટે જ ભલામણ કરીશ કે મારો પરિવાર આ પ્રકારના અનિષ્ટનો ભોગ બને નહિ. સાધુતા એ તો પરમાત્માનું અલૌકિક વરદાન છે. થોડાક પુણ્યના ઉપભોગ માટે થઈને સાધુતાને ઓળંગવાની કે ચાતરવાની જરૂર નથી. પુણ્ય વડે પ્રાપ્ત થતાં લાભોમાં સર્વોત્તમ લાભ કોઈ હોય તો તે સાધુતાનો-સાધુપદનો લાભ છે. બીજો એક પણ લાભ તેની તોલે આવી શકે નહિ. કદીક ભૂલ થાય તો પણ તેનો બયાન કે તે માટે દંભ કરશો નહિ. કેમ કે દંભ કરવાથી આપણી સાધુતા જ ખોરવાતી હોય છે. આ છે મારો ભલામણપત્ર.

બાકી એક વાતે હું નિષ્ફળ રહ્યો છું. મારી ભૂલો વિષે કોઈ જાણે, પછી મને હડધૂત કરે અથવા તિરસ્કારની નજરથી જુએ, તેવે વખતે હું શું કરું? પોતાના ઉપર પડેલા ખોટા કલંકને હસતાં રમતાં સ્વીકારી લેનારા અને નિર્દોષતા સાબિત થયા પછીયે તેવા

જ નિર્લેપ અને નિર્મળ રહેનારા પેલા સંતની માફક હું આ બધું સહન કરી શકું કે નહિ? કે પડી જ ભાંગું? આવો સંશય મનમાં હંમેશાં પ્રવર્ત્યો છે. ભય પણ લાગે છે. ટૂંકમાં કહું તો સાધુતાને સંતત્વની કસોટી પર ચડાવવાની હજી બાકી રહી છે. સાથે જ, વિષમ સ્થિતિમાં પણ સાધુતાની મોજ માણી જાણે તે જ સાચો સંત-એવી સમજણ વધુ સ્પષ્ટ બની છે.

મનમાં બાઝેલા આગ્રહો-સત્યના પણ-હવે ઢીલા પડી રહ્યાનું અનુભવાય છે. માન્યતાઓ અને મમત નબળી પડવા લાગી છે. મને વહેમ પડે છે કે હું હવે પરિપક્વ બની રહ્યો છું. સમયના વહેવા સાથે, સમજણના વિકસવા સાથે અને સંજોગોના બદલાવ સાથે, આગ્રહોની તથા માન્યતાઓની પકડ ઢીલી પડતી જાય, તે પરિપક્વતાની નિશાની ગણાય, એવી સમજણ મને મળેલી છે, એટલે આવો વહેમ પડવા માંડ્યો છે. ભૂલચૂક, લેવી-દેવી. બાકી હું જોઉં છું કે હવે ઇચ્છાઓ શમીત જાય છે. ખોટાનો સામનો કરવાની, પડકારવાની ને સહન કરી લેવાની વૃત્તિઓ વિરમવા માંડી છે. સારું-સાચું લાગે તે, જરૂરી જણાય તો, કોઈને કહેવાનું; પણ પછી તે ન માને ને ધાર્યું જ કરે અને પછી હેરાન થાય, તો ત્યાં સર્વત્ર મધ્યસ્થભાવે જ વર્તવું-એવી વૃત્તિ રોજિંદા અને સામાન્ય વ્યવહારોમાં પણ વધતી જાય છે. 'સ્વીકાર' અને 'નકાર' નહિ, એમ જીવવાની મજા આવે છે.

મૃત્યુના મહાસાગરને કિનારે ઊભો ઊભો આ વિચારો કરી રહ્યો છું. લાગે છે કે આ મહાસાગરમાં ડૂબકી મારવાની ક્ષણ સુધી આમ જ વિચારવાનું ચાલતું રહેશે. મૃત્યુની વાર જોવી ગમે છે; 'હવે મોત આવે તો સારું.' એ અર્થમાં નહિ, પરંતુ મૃત્યુને આવકારવાના મૂડમાં વાટ જોવાની છે.

એ ક્યારે આવશે? ખબર નથી. ક્યાંથી, ક્યારે, કંઈ રીતે ને કેવા સ્વરૂપે આવશે? ખબર નથી. મને ઘણીવાર સવાલ થયો છે કે આપણને કેન્સર થાય તો આપણી હાલત કેવી થાય? આપણે તેને કેવી રીતે લઈએ? તેનો સ્વીકાર કરીએ કે રોકકળ? સમાધિ જળવાય કે નહિ? મારી જાતને, અનેક વાર, મનોમન, મેં કેન્સર જેવા વ્યાધિથી ગ્રસ્ત સ્થિતિમાં મૂકી છે અને મારી માનસિક પ્રતિક્રિયાનું નિરીક્ષણ કર્યા કર્યું છે. હું સમજું છું કે સાક્ષાત્ તેવી સ્થિતિ ન આવે ત્યાં સુધી ડાહી વાતો જ થાય. કોઈ આવા રોગથી પીડાતું હોય ત્યારે તેને શાતા-સમાધિ પમાડવા માટે શાસ્ત્ર-આધારિત વાતો ખૂબ કરું, પણ તે ક્ષણે એક જ સવાલ થયા કરે કે આવું આપણને થાય તો આપણે સમાધિ ટકાવી શકીએ ખરા? સવાલ બહુ અઘરો છે. જવાબ સહેલો નથી. અને જો રોગના સ્વીકારમાં ગલ્લાંતલ્લાં હોય તો મૃત્યુના સ્વીકારમાં શું થાય? એ વળી બીજો અઘરો સવાલ.

મૃત્યુ અકસ્માત બનીને આવશે, રોગના રૂપે આવશે કે સહજ આવશે? તે આવે ત્યારે હું ક્યાં હોઇશ? હૉસ્પિટલમાં કે અન્યત્ર? કોમામાં કે ભાનમાં? વેન્ટિલેટર પર, આઈ.સી.યુ.માં લાચાર કે સ્વસ્થ? તે પળે ચિત્તમાં મૃત્યુનો ડર હશે, વેદનાની વ્યાકુળતા હશે કે સમાધિ હશે? આવા આવા પ્રશ્નો મનમાં ઊગી રહ્યા છે.

અમારે ત્યાં સમાધિનો અને સમાધિ-મૃત્યુનો બહુ મહિમા છે. સમાધિ ન પણ રહી હોય તોય સાધુ મૃત્યુ પામે તો તેને સમાધિમરણ કહેવાનો રિવાજ છે. કેટલાક આપણા જમાનાના મહાન કે શ્રેષ્ઠ મનાયેલા મહાત્માઓના વિષયમાં આવો રિવાજ ચરિતાર્થ થતો જાણ્યો-જોયો છે. મને સહજ વિચાર આવે કે મારે તો આવું નહિ બને ને?

માંગ્યું મોત અથવા ઈચ્છામૃત્યુ પામવા જેટલી આંતરિક નિર્મળતા હજી સધાઈ નથી. એટલે જ્યારે, જ્યાંથી, જે રીતે અને જે પણ સ્વરૂપે મૃત્યુ આવે તેનું સ્વાગત કરવાનું સામર્થ્ય અને સભાનતા મળજો તેવી આશંસા માત્ર રાખી શકું.

મૃત્યુ પછી થતાં ગુણાનુવાદો, મૂર્તિ-સ્મારકો, સ્મૃતિગ્રંથો અને એવું બધું આપણા યુગની નીપજ છે. મને સમજાયું છે કે આ બધું નિઃવસાર છે, અનાવશ્યક છે. આપણા જેવા સામાન્ય માણસ માટે આ બધું થાય તો તે અતિશયોક્તિ જ ગણાય. આથી જ મારું વર્તમાન ભૌતિક સ્વરૂપ ન રહે ત્યારે, પાછળ આ પ્રકારના મૃતકાર્યો ન કરવા, એવી ભલામણ ખાસ કરીશ.

મારા દોસ્ત,

હવે પત્ર પૂરો કરવો જોઇએ તે કરતાં કરતાં છેલ્લો મનોરથ પ્રગટ કરી દઉં. છેલ્લો મનોરથ એક જ છે; નિર્વાણ પામવાનો. આપણે ત્યાં બે શબ્દો અદ્ભુત છેઃ ૧. કાલધર્મ, ૨. નિર્વાણ. મૃત્યુનો પર્યાય છે કાલધર્મ. શરીર ભૌતિક પદાર્થ છે. પાંચ ભૂતોનું સર્જન છે તેનો ધર્મ યોગ્ય કાળે પુનઃ પાંચ ભૂતોમાં વિલીન-વિસર્જિત થવાનો છે. એટલે સાધુ મરે ત્યારે તે કાળના ધર્મને જ અનુભવે છે. કાલ ધર્મ પ્રાપ્ત કરે છે. અને નિર્વાણ એટલે મુક્તિ-છૂટકારો. નિર્વાણ એટલે હોલવાઈ જવાની ક્રિયા. આત્માનો સંસાર હોલવાય ત્યારે જે સ્થિતિ નીપજે તે છે નિર્વાણ. મારી સમજણ પ્રમાણે આત્માના પુદ્ગલાધીન તેમજ સંયોગાધીન સુખ અને દુઃખ સમાપ્ત થાય ત્યારે તેની જે સ્થિતિ નીપજે તેનું નામ મુક્તિ, નિર્વાણ. આ સ્થિતિ પામવાનો મનોરથ આ પળે ચિત્તમાં પ્રવર્તી રહ્યો છે.

ચિત્ત જેમ જેમ સરળ બનતું જાય, આશય જેમ જેમ ઉદાર, વિશાળ, વિશુદ્ધ બનતો જાય, સમજણની દશા જેમ જેમ ઉઘડતી જાય, તેમ તેમ ભવનો અંત નજીક આવતો જાય, એવી મારી પ્રતીતિ થઈ છે. કુટિલતા, પ્રપંચ અને સંકુચિતતા જેમ જેમ વધે તેમ મોક્ષ વેગળો, અને તે બધાં જેમ ઘટે તેમ મોક્ષ પામે. આવી મનઃસ્થિતિ કેળવવી ગમે છે તે દિશામાં હંમેશાં સભાન પ્રયત્ન થતો રહ્યો છે. હવે આ મનઃસ્થિતિ ખૂબ વિકસે અને ખૂબ વેગપૂર્વક વિકસે એ જ આ જીવનનો ને આ જીવનો અંતિમ મનોરથ છે.

અસ્તુ.

૨૫-૩-૨૦૧૮


❑❑❑

# અતીતની બારીએથી આજ

બુભુક્ષિત: કિં ન કરોતિ પાપં। ભુખ્યો માણસ કયું પાપ કરતો નથી!

માંસ મચ્છીના આહાર તેમ જ વ્યાપાર ઉદ્યોગોને ખૂબ ઉત્તેજન આપી રહેલ ભારત સરકારની નીતિ વિષય ઉપરની ટિકા માર્ચ ૧૯૬૧ના તંત્રીલેખ અને તેના પ્રતિભાવમાં 'કરૂણાવિચાર વિરૂદ્ધ ઉપયુક્તાવાદ' શિર્ષક હેઠળ ચર્ચાપત્ર વત્સલા મહેતા, કાકાસાહેબ કાલેલકર, સ્વામી સત્યભક્ત દલસુખભાઈ માલવણિયા, મુનિશ્રી નથમલજી, મુનિશ્રી સંતબાલજી, રતિલાલ મફતભાઈ શાહ ચીમનલાલ ચકુભાઈ શાહ, પ્રાણલાલ કાલીદાસ, ભંવરમલ સિંઘી, અપ્પાસાહેબ પટવર્ધન ગૌરીશંકર ભટ્ટ, લવણપ્રસાદ શાહ, રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદના વિચારો અને ઉપસંહાર માર્ચ ૧૯૬૧ થી નવેમ્બર ૧૯૬૧ સુધીના અંકોમાં પ્રસ્તુત થયા છે.

અહિંયા વિષયક વિચારણામાં હિંદુત્વની ભાવનાના પાયામાં સજીવ સૃષ્ટિનું ક્ષેત્ર માનવ અને પશુથી આગળ વધીને સુક્ષ્મમાં જીવજંતુથી પણ આગળ વનસ્પતિ સુધી વિસ્તૃત છે. જ્યારે યુરોપ અમેરિકા અને બીજા દેશોમાં માનવ સિવાયના જીવો ઉપભોગ અને ઉપયોગના સાધન છે તેવી ભાવના રહી છે. માંસાહારી અને નિરામિષ આહારના વિવાદમાં દયા-કરૂણા-અનુકંપા ઉપર ભાર મુકી અન્નાહાર તરફ પલડું નમાવવામાં જૈન ધર્મે મહત્ત્વનું યોગદાન આપેલ છે. વર્તમાન રાજકારણમાં ગૌરક્ષા અને બીફનો વિવાદ ઉભો કરનારા માટે કરૂણા  અને અનુકંપાનું વિસ્તૃત ક્ષેત્ર પારેવાને ચણ, કુતરાને રોટલા, કીડી માટે કીડીયારૂ, બિલાડી-સર્પને દુધની પ્રવૃત્તિઓ તરફ લઈ જાય છે. વિદ્વાનોના તમામ લેખો અને ચર્ચા પત્રો (માર્ચથી સપ્ટેમ્બર ૧૯૬૧) ખાસ કરીને તંત્રીશ્રી પરમાનંદભાઈનો ઉપસંહાર (ઓક્ટોબર-નવેમબર ૧૯૬૧) વાચકોની વિચાર પ્રક્રિયાને સમૃદ્ધ બનાવશે. For all monthly issue from March 1961 to November 1961 visit www. Prabuddhjivan.in.



To,

Registered with registar of Newspaper under RNI No. MAHBIL/2013/50453 - Postal Registration No. MCS/147/2016-18. WPP Licence No. MR/TECH/WPP-36/SOUTH/2018. & Published on 16th of Every Month & Posted on 16th of every month at Patrika Channel Sorting Office, Mumbai - 400 001.



# જો હોય મારો અંતિમ પત્ર તો...

આચાર્યશ્રી વિજયશીલચન્દ્રસૂરિ

પ્રિય દોસ્ત,

મૃત્યુના મહાસાગરના ઓવારે આવીને ઊભો છું. ગમે તે પળે એ મહાસાગરમાં ખાબકવાનું છે. એ 'પળ' નક્કી છે, પણ 'કઈ પળ' તેની મને જાણ નથી. એ અજાણી પળ વિષે દિલમાં ભારે કુતૂહલ છે, રોમાંચ પણ; જો તેની જાણ હોત તો આ રોમાંચ ન હોત. એ પળની પ્રતીક્ષાનો રોમાંચ ! એ પળ આવશે ત્યારે મારી પ્રતિક્રિયા કેવી હશે તેનો રોમાંચ! હા, પ્રતિક્રિયામાં હાયવોય પણ હોઈ શકે અને સ્વીકારની શાન્તિ પણ હોઈ શકે. ખરેખર તો એ પ્રતિક્રિયામાં જ જીવનભર કરેલા કૃત્યોનું પ્રતિફલન હોય છે. એટલે એમ થાય કે એ પળ આવે ત્યારે હું કોમામાં કે બેભાન ન હોઉં, અને દેહથી ક્ષીણ છતાં સભાન હોઉં તો કેવું મજાનું ! મારી અંતિમ પળનો હું સાક્ષી બનું એવી મારી તૃષ્ણા સેવવી ગમે.

મૃત્યુના મહાસાગરમાં ડુબી જવા આડે હવે થોડીક જ પળો બાકી રહી હોવાનું અનુભવું છું. એ બાકી પળો દરમ્યાન ચિત્ત ચકડોળે ચડ્યું છે. ઘડીકે વીતેલા જીવન તરફ દૃષ્ટિપાત કરૂં છું, તો ઘડી પછી આસક્તિ-પરવશ ચિત્ત 'મારા પછી શું'ના વિચારોમાં અને વ્યવસ્થામાં અટવાવા માંડે છે. તો સાથે સાથે, જીવન દરમ્યાન બાંધેલા અસંખ્ય સંબંધો અને તેની પાછળ કામ કરતી લાગણીઓ વિષે તેમજ તેની યોગ્યાયોગ્યતા વિષે પણ ચિંતન-વલોણું ચાલતું રહે છે.

મારી નમ્ર સમજ છે કે માણસનું જીવન એટલે અનેક દ્વન્દ્વોનો સરવાળો. થોડોક લાભ અને વધુ નુકસાન; થોડાક ગુણ અને વધારે દોષો; અલ્પાંશે સમતા ને મહદંશે વિષમતા- આવા વિવિધ દ્વન્દ્વો આપણા જીવનમાં પ્રગટતા જ રહે છે. હું પણ આ પ્રકારનો એક સરેરાશ મનુષ્ય જ છું. મારું જીવન પણ આવા દ્વન્દ્વોથી ઉભરાતું રહ્યું છે. જાત પ્રત્યે પૂરી પ્રમાણિકતા દાખવી શકું તો હું સ્વીકારીશ કે મારા જીવનમાં દોષોની કે ભૂલોની માત્રા ઘણી વધારે છે, અને તેની સામે ગુણોનું પ્રમાણ નહિવત્. આ બયાનમાં કૃત્રિમ નમ્રતા નથી, વાસ્તવનું જ પ્રતિપાદન છે.

મારા જીવનની મોટી ઉપલબ્ધિ એ છે કે મને, મારા તમામ-અગણિત દોષો સાથે, સ્વીકારી લેનારા ને હેત કરનારા ગુરુઓ મળ્યા છે. સાથી-સોબતીઓ પણ મળ્યા છે. કદીક હું એમની નજરમાંથી ઊતરી ગયો હોઉં તોય એમણે મને હુકરાવ્યો નથી; સ્વીકાર્યો જ છે. જો એ બધાએ મારી નબળાઈઓને પણ નિભાવી કે સ્વીકારી ન હોત તો, હું 'હું' ન હોત. એમ આજે લાગી રહ્યું છે. તેઓ સૌની આ સ્વીકૃતિને કારણે જ મને વારંવાર મારા દોષો પ્રત્યે, મારી દુર્બળતાઓ પ્રત્યે વિશેષ લક્ષ્ય આપવાનું મન થતું રહ્યું છે, અને તેના નિવારણ માટે હું નિરંતર કાળજી લેતો થયો છું. અલબત્ત, તેમાં બધો વખત હું સફળ થયો છું એવું નથી. પરંતુ પોતાના દોષો વિષે સભાનતા તથા જાણકારી, તેના નિવારણ અંગે સતત ચિંતા અને તેમ ન થાય તો ઊંડો પરિતાપ, આટલું તો અવશ્ય કર્યું છે, કરૂં છું.

જીવનના ઘાટ-ઘડતરની બાબતે મારો ખ્યાલ કંઈક આવો છે: માણસ પોતાનું ઘડતર ઘણીવાર પોતાની જાતને કેન્દ્રમાં કે ધ્યાનમાં રાખીને કરે છે; અને ઘણીવાર 'બીજા શું માનશે ? બીજાને કેવું લાગશે ?' તેવી ચિંતાને કેન્દ્રમાં રાખીને કરે છે. મને લાગે છે કે મને કોઈ મારા વિષે શું ધારે તેની નહિ, પરંતુ હું મારી જાતને સામે કેવા લાગીશ અથવા મારી જાત પોતાના વિષે શું ધારશે-તેની દરકાર રાખવાનું, કાયમ ગમ્યું છે.

વીતેલા જીવનમાં અથવા જીવનના વહી ગયેલા વર્ષોમાં, યોગ્ય કે અયોગ્ય જે કાંઈ પણ કર્યું છે, તે વિષે મને કશી જ ફરિયાદ કે અસંતોષ હોય તેવું લાગતું નથી. જીવનના બે પાસાં છે: જમા અને ઉધાર. જમા પાસાનો વિચાર કરતાં લાગે છે કે મેં ક્યારે પણ, કોઈ વાતે, કોઈનીયે ઈર્ષ્યા, અદેખાઈ, સરખામણી નથી કરી. કોઈને પણ ઉતારી પાડવાની, પછાડવાની કે પાછળ પાડી દેવાની વૃત્તિ-પ્રવૃત્તિમાં રસ નથી લીધો. વળી, જાણીબૂઝીને કોઈનું પણ અશુભ કે અહિંત કર્યું હોય તેવું મને યાદ નથી. અલબત્ત, અજાણપણે, ક્યારેક કોઈ સંજોગવશ, કોઈનું અહિંત થઈ ગયું હોય તો તે અશક્ય નથી; પરંતુ કોઈનું ખરાબ કરવાની દાનત કે આશયથી તેમ કર્યું હોય તેવું તો નહિ જ, એવું અસંદિગ્ધપણે કહીશ. મારું ચાલ્યું છે ત્યાં સુધી, જ્યારે પણ તક મળી છે ત્યારે, અન્યનું ભલું થાય તે માટે જ સઘળી શક્તિ પ્રયોજી છે, એ વાતે પૂરો સંતોષ છે.

ઉધાર પાસાની વાત કરૂં. તપશ્ચર્યાના ક્ષેત્રે હું સાવ શૂન્ય રહ્યો છું. જ્ઞાનના વિષયમાં પણ મારી સ્થિતિ અજ્ઞાનબદલ છે. 'ખંડ ખંડ પાંડિત્ય'ને કારણે સમાજમાં મારી છાપ ભલે જ્ઞાની અથવા વિદ્વાનની હોય, પરંતુ તે 'સૂંઠને ગાંગડે ગાંધી' જેવી છાપ છે. જ્ઞાનના ક્ષેત્રે ઘણું બધું પ્રાપ્ત કરવાનું મારે બાકી જ રહ્યું છે. હા, જ્ઞાનનો રસ અને જિજ્ઞાસા ઘણાં છે, પરંતુ પહોંચ બહુ થોડી

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૧૨૦)

Postal Authority : If Undelivered Return To Sender At : 926, Parekh Market, 39, J.S.S. Rd., Opera House, Mumbai -400004.

**Printed & Published by :** Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh & Published from 385, SVP Rd., Mumbai - 400004. Tel. 23820296 **Printed at** Rajesh Printery, 115, Pragati Industrial Estate, 316, N.M.Joshi Marg, Lower Parel (E), Mumbai - 400 011. Tel. 40032496 / 9867540524. **Editor : Sejal M. Shah**
**Temporary Add.: 926, Parekh Market, 39, J.S.S. Rd., Kennedy Bridge, Opera House, Mumbai -400004.**